## :: અનુક્રમણિકા ::


| ક્રમ | વર્ષ | અંક | વિષય | પે.નં. |
|---|---|---|---|---|
| ૧. | ૯ | ૩૧ | એક આવશ્યક સૂચના | ૧ |
| ૨. | ૯ | ૪૭ | ચોરવૃત્તિને દૂર કરો ! (લે.૧) | ૨ |
| ૩. | ૧૧ | ૨૦ | દાનધર્મ પહેલો કેમ ? | ૪ |
| ૪. | ૧૨ | ૨૬ | કાળલબ્ધિ કઈ ? : ભાવલબ્ધિ અરિહંતને હાથ | ૬ |
| ૫. | ૧૩ | ૨૧ | આત્માના દેદાર કેમ ફરે ? (લે.૨) | ૮ |
| ૬. | ૧૩ | ૨૨ | આત્માના દેદાર કેમ ફરે ? (લે.૩) | ૧૦ |
| ૭. | ૧૩ | ૨૪ | દાન-ભક્તિનું ઊંચું ફળ ક્યારે ? | ૧૨ |
| ૮. | ૧૩ | ૨૫ | ઈર્ષ્યા કેમ ભયંકર ? ઈર્ષ્યાથી દુર્લભ બોધિ ! | ૧૪ |
| ૯. | ૧૩ | ૨૭ | અંધ ગતાનુગતિકતા અને ધર્મશિક્ષણની ઉપેક્ષા | ૧૬ |
| ૧૦. | ૧૩ | ૨૯ | રોજિંદા જીવનમાં સુયોગ્ય ભાવ અને વિચારણા | ૧૭ |
| ૧૧. | ૧૩ | ૩૦ | વિષયોમાંથી સુખની ભ્રાન્તિ કેમ ટળે ? (લે.૧) | ૧૯ |
| ૧૨. | ૧૩ | ૩૧ | વિષયોમાંથી સુખની ભ્રાન્તિ કેમ ટળે ? (લે.૨) | ૨૧ |
| ૧૩. | ૧૩ | ૩૮ | 'જહા લાહો તહા લોહો, લાહા લોહો પવડ્ઢઈ' | ૨૩ |
| ૧૪. | ૧૪ | ૫ | કાયા ધર્મમાં સાથે દિલ ધર્મનું. (લે.૧) | ૨૫ |
| ૧૫. | ૨૪ | ૮ | ક્ષમા એ કમાવવાની ઉત્તમ વસ્તુ છે. | ૨૭ |
| ૧૬. | ૨૫ | ૫ | પુત્ર પ્રાપ્તિનો મોહ | ૨૯ |
| ૧૭. | ૨૫ | ૬ | ભગવાન સાથે વાતચીત | ૩૨ |
| ૧૮. | ૨૫ | ૭ | જિનોપદેશનો સાર (લે.૨) | ૩૪ |
| ૧૯. | ૨૫ | ૯ | જિનોપદેશનો સાર (લે.૩) | ૩૫ |
| ૨૦. | ૨૫ | ૧૨ | આત્માની ખરાબીઓ ટાળવાનું એક સૂત્ર | ૩૭ |
| ૨૧. | ૨૫ | ૧૩ | ધર્મ કરવાનો ભાવ કેમ જાગે ? | ૩૯ |
| ૨૨. | ૨૫ | ૧૫ | ઉત્થાનની ચાવી : 'એવા પ્રભુ નહિ મળે' | ૪૧ |
| ૨૩. | ૨૫ | ૧૬ | ધર્મક્રિયામાં રસ કેમ નથી જાગતો ? | ૪૩ |
| ૨૪. | ૨૫ | ૧૭ | જૈનધર્મનો અનન્ય મૈત્રીભાવ | ૪૫ |
| ૨૫. | ૨૫ | ૩૬ | વાસનાનું મૂળ વિષયો : વિષયાસક્તિની ખરાબીઓ | ૪૭ |
| ૨૬. | ૨૫ | ૩૭ | પ્રીતિ વિષભરી અને નિર્વિષ | ૪૯ |
| ૨૭. | ૨૫ | ૩૮ | જીવવું શા માટે ? | ૫૧ |
| ૨૮. | ૨૫ | ૩૯ | જૈનશાસન કેવા હૈયામાં વસેલું છે ? | ૫૪ |
| ૨૯. | ૨૫ | ૪૩ | ભદ્રસૂરીશ્વર-જિનવાણી સૂત્ર-૧ | ૫૭ |
| ૩૦. | ૨૫ | ૪૪ | ભદ્રસૂરીશ્વર-જિનવાણી સૂત્ર-૨ | ૬૦ |
| ૩૧. | ૨૫ | ૪૫ | ભદ્રસૂરીશ્વર-જિનવાણી સૂત્ર-૩ | ૬૨ |
| ૩૨. | ૨૫ | ૪૬ | ભદ્રસૂરીશ્વર-જિનવાણી સૂત્ર-૪ | ૬૫ |
| ૩૩. | ૨૫ | ૪૭ | ભદ્રસૂરીશ્વર-જિનવાણી સૂત્ર-૫ | ૬૮ |
| ૩૪. | ૨૫ | ૪૮ | ભદ્રસૂરીશ્વર-જિનવાણી સૂત્ર-૬ | ૭૧ |
| ૩૫. | ૨૭ | ૪૬ | ધાર્મિક શિક્ષણ અને સંસ્કરણ | ૭૩ |
| ૩૬. | ૩૨ | ૧૧/૧૨ | પાર્શ્વનાથજીવ મરુભૂતિ-શ્રાવક : સુદર્શનજીવ નોકર | ૭૬ |
| ૩૭. | ૩૨ | ૨૩ | રોગમાં હાયવોય અટકાવવા શું કરવું ? :... | ૮૦ |
| ૩૮. | ૩૩ | ૧૪ | એકાન્તવાદ સામે લાલબત્તી : અનન્ય જૈનધર્મ (લે.૧) | ૮૪ |
| ૩૯. | ૩૩ | ૧૫ | એકાન્તવાદ સામે લાલબત્તી : અનન્ય જૈનધર્મ (લે.૨) | ૧૦૦ |
| ૪૦. | ૩૩ | ૧૬ | એકાન્તવાદ સામે લાલબત્તી : અનન્ય જૈનધર્મ (લે.૩) | ૧૧૨ |
| ૪૧. | ૩૩ | ૨૩ | ઈષ્ટફલસિદ્ધિની પહેલાં ભવનિર્વેદ કેમ માગ્યો ? | ૧૨૩ |
| ૪૨. | ૧ | ૧ | **પ્રવચન પત્રિકા** | ૧૨૭ |
| ૪૩. | ૧ | ૧ | ઘોર તિમિરમાં દિવ્ય દર્શન | ૧૨૮ |
| ૪૪. | ૧ | ૨ | દિવ્ય દર્શન | ૧૩૫ |
| ૪૫. | ૧ | ૩ | દિવ્ય દર્શન | ૧૩૯ |
| ૪૬. | ૧ | ૫ | દિવ્ય દર્શન | ૧૪૨ |
| ૪૭. | ૧ | ૬ | દિવ્ય દર્શન | ૧૪૭ |
| ૪૮. | ૧ | ૭ | દિવ્ય દર્શન | ૧૪૯ |
| ૪૯. | ૧ | ૮ | દિવ્ય દર્શન | ૧૫૨ |
| ૫૦. | ૧ | ૧૦ | દિવ્ય દર્શન | ૧૫૬ |
| ૫૧. | ૧ | ૧૧ | દિવ્ય દર્શન | ૧૬૧ |
| ૫૨. | ૧ | ૧૨ | દિવ્ય દર્શન | ૧૬૭ |
| ૫૩. | ૧ | ૧૩ | દિવ્ય દર્શન | ૧૭૩ |
| ૫૪. | ૧ | ૧૪ | દિવ્ય દર્શન | ૧૭૫ |
| ૫૫. | ૧ | ૧૫ | દિવ્ય દર્શન | ૧૮૨ |

| ક્રમ | વર્ષ | અંક | વિષય | પે.નં. |
|---|---|---|---|---|
| ૫૬. | ૧ | ૧ | ગણધરવાદ-૧ | ૧૮૮ |
| ૫૭. | ૧ | ૩ | ગણધરવાદ-૨ | ૧૯૧ |
| ૫૮. | ૧ | ૫ | ગણધરવાદ-૩ | ૨૦૨ |
| ૫૯. | ૧ | ૭ | ગણધરવાદ-૪ | ૨૦૫ |
| ૬૦. | ૧ | ૮ | ગણધરવાદ-૫ | ૨૧૧ |
| ૬૧. | ૧ | ૧૦ | ગણધરવાદ-૬ | ૨૧૩ |
| ૬૨. | ૧ | ૧૧ | ગણધરવાદ-૭ | ૨૧૭ |
| ૬૩. | ૧ | ૧૨ | ગણધરવાદ-૮ | ૨૨૦ |
| ૬૪. | ૧ | ૧૩ | ગણધરવાદ-૯ (આત્મસિદ્ધિનાં અનુમાન) | ૨૨૩ |
| ૬૫. | ૧ | ૧૪ | ગણધરવાદ-૧૦ | ૨૨૫ |
| ૬૬. | ૧ | ૧૬ | ગણધરવાદ-૧૧ | ૨૩૪ |
| ૬૭. | ૧ | ૧૭ | ગણધરવાદ-૧૨ | ૨૩૮ |
| ૬૮. | ૧ | ૧૮ | ગણધરવાદ-૧૩ | ૨૪૧ |
| ૬૯. | ૧ | ૨૦ | ગણધરવાદ-૧૪ | ૨૪૪ |
| ૭૦. | ૧ | ૨૨ | ગણધરવાદ-૧૫ | ૨૪૭ |
| ૭૧. | ૧ | ૨૩ | ગણધરવાદ-૧૬ (બીજા ગણધર શ્રી અગ્નિભૂતિ)... | ૨૫૧ |
| ૭૨. | ૧ | ૨૫ | ગણધરવાદ-૧૭ કર્મ (ભાગ્ય) સંબંધી ચર્ચા | ૨૫૩ |
| ૭૩. | ૧ | ૨૬ | ગણધરવાદ-૧૮ | ૨૫૫ |
| ૭૪. | ૧ | ૨૭ | ગણધરવાદ-૧૯ | ૨૫૭ |
| ૭૫. | ૧ | ૨૮ | ગણધરવાદ-૨૦ | ૨૫૮ |
| ૭૬. | ૨ | ૨૫ | અમૃતક્રિયા અને મનની કેળવણી-૧ | ૨૬૫ |
| ૭૭. | ૨ | ૨૬ | અમૃતક્રિયા અને મનની કેળવણી-૨ | ૨૭૭ |
| ૭૮. | ૨ | ૨૭ | અમૃતક્રિયા અને મનની કેળવણી-૩ | ૨૯૫ |
| ૭૯. | ૫ | ૪ | આંતરદર્શન | ૨૯૯ |
| ૮૦. | – | – | રસાસ્વાદનો અનુવાદ | ૩૧૧ |

# ૧ એક આવશ્યક સૂચના

આગળના જમાનામાં મહર્ષિઓ, મુનિઓ વિદ્વાનો કે પંડિતોના અભિપ્રાયને જ વજન અપાતું અને રાજ્ય તથા સમાજદ્વારા તેનો જ પ્રચાર થતો. તેથી નિયત થયેલા આચાર પરત્વે લોકોની બુદ્ધિ વ્યવસ્થિત રહેતી અને સમાજનું ધોરણ સારી રીતે જળવાઈ રહેતું. પરંતુ આજે તો ગમે તે કોટિનો મનુષ્ય લખી બોલીને પોતાના વિચારોનો પ્રચાર કરી શકે છે, પછી તે વિચારો ગમે તેવા સ્વચ્છંદી, હાનિકારક કે ભૂલભરેલા કાં ન હોય ! એનું પરિણામ એ આવ્યું છે કે જે આચારો અત્યંત ઉત્તમ હતા અને જેના લીધે ભારતીય સમાજ પોતાનું ગૌરવ ટકાવી શક્યો હતો, તે આચારો પ્રત્યેની લોકોની શ્રદ્ધા ડગમગી ગઈ છે અને સ્વચ્છંદાચાર કૂદકે અને ભૂસકે આગળ વધવા લાગ્યો છે. આ અધઃપતન ક્યાં જઈને અટકશે, તે કહેવું મુશ્કેલ છે, પણ સુજ્ઞજનો એટલું અવશ્ય કરી શકે છે કે બેજવાબદારીથી લખાતા અને બોલાતા કોઈ પણ અભિપ્રાયોથી અંજાઈ ન જતાં, તે સંબંધી ઊંડાણથી વિચાર કરવો અને આપણા ત્યાગી-વિરાગી મહાત્માઓએ તથા ધર્મનિષ્ઠ વિદ્વાનોએ તે સંબંધમાં શું કહેલું છે ? તેની તટસ્થ ભાવે તુલના કરવી.

થોડાં વર્ષો પહેલાં ભારતીય સંસદમાં અનાજની તંગીનો પ્રશ્ન ચર્ચાઈ રહ્યો હતો, ત્યારે એક માનનીય પ્રધાને કહ્યું કે 'આજે અનાજની ખૂબ તંગી પ્રવર્તે છે, માટે લોકોએ માછલાં ખાવાનું શરૂ કરવું જોઈએ.' આ શબ્દો તે જ માનનીય પ્રધાનદ્વારા બોલાયા હતા કે જેઓ રાજનીતિમાં પણ અહિંસાની હિમાયત કરનારા હતા અને અહિંસક સમાજની રચના કરવાની ભાવનાવાળા સર્વોદયના સિદ્ધાંતને સ્વીકારનારા હતા. તેમના આ અભિપ્રાયથી કેટલા વનસ્પત્યાહારી કે શાકાહારી મનુષ્યોએ માછલાં ખાવાનું શરૂ કર્યું ? તે સમાચારની પ્રસિદ્ધિના અભાવે જાણી શકાયું નથી, પણ સામાન્ય અક્કલના કોઈ મનુષ્યો તેનાથી દોરવાઈ જઈને તેવું કૃત્ય કરે તે છેક ન બનવાજોગ નથી. હવે તે માનનીય પ્રધાને પ્રથમ તો અનાજની ખૂબ જ તંગી પ્રર્વતે છે, એવું જે વિધાન કર્યું, તે એવા સરકારી આંકડાઓ પર વિશ્વાસ રાખીને કર્યું હતું કે જે મોટા ભાગે ખોટા હોવાનો સંભવ હતો. આંકડાઓની આ ઈન્દ્રજાલમાં ન ફસાતાં વાસ્તવિક સ્થિતિનો અભ્યાસ કરવા માટે તેમને વારંવાર અનુરોધ થયો હતો અને ઘણું અનાજ છૂપાયેલું પડ્યું છે, એ હકીકત પર તેમનું લક્ષ દોરવામાં આવતું હતું, છતાં તેમણે આ વિધાન કર્યું હતું અને તેના ઉપાય



તરીકે તેમણે માછલા ખાવાની સલાહ આપી હતી !

આ સલાહ આપવામાં તેમણે ગંભીર વિચારણા કરી હશે ખરી ? અથવા પોતે શું કહી રહ્યા છે, તેની જવાબદારીનો કંઈ ખ્યાલ રાખ્યો હશે ખરો ? જે લોકોને માછલાનાં ટોપલાં નજીકમાંથી પસાર થતાં હોય તો પણ નાકે કપડું આડું રાખવું પડે, તે એનું ભક્ષણ કરી શકે ખરા ? અને માની લો કે એ ભક્ષણ કરવાને તત્પર થાય તો પણ એ આહારથી તેમનું સ્વાસ્થ્ય જળવાય ખરું ? પ્રકૃતિ અને રુચિની વિરુદ્ધ આહાર ગ્રહણ કરતાં સ્વાસ્થ્ય બગડે છે અને રોગચાળા ફાટી નીકળે છે, એ વાતનો માનનીય પ્રધાને કંઈ વિચાર કર્યા હશે ખરો ? વળી આહાર પરત્વે સ્થાન, સંયોગો, સત્ત્વ એ બધાનો વિચાર કરવાની જરૂર ખરી કે નહિ ? તથા જે લોકો ધર્મનાં પાલન માટે મરવાનું પસંદ કરે અથવા દિવસોના દિવસો સુધી ઉપવાસ કરવા તૈયાર હોય, તેમને આ રીતે પોતાના ધાર્મિક સિદ્ધાંતોનો ત્યાગ કરીને અભક્ષ્ય ખાવાની સલાહ આપવી એમાં કયા પ્રકારનું ડહાપણ ? કયા પ્રકારનું સૌજન્ય ? કયા પ્રકારનું કર્તવ્યપાલન ? તાત્પર્ય કે એ વચનો તદ્દન બેજવાબદારીથી બોલાયેલાં હતાં.

આવી જ પરિસ્થિતિ આધુનિક લેખકોની છે. તેઓ વૈજ્ઞાનિકોનાં મુખેથી કોઈ પણ નવો વિચાર સાંભળે છે કે તરત જ તેની હિમાયત કરવા લાગી જાય છે. પણ એક સમાજ પર તેનો પ્રયોગ કરવામાં કેવી અને કેટલી જવાબદારીઓ રહેલી છે, તેની ગંભીર વિચારણા કરતા નથી. વાસ્તવમાં કોઈપણ નવા વિચારનું ખૂબ પરીક્ષણ થયા પછી જ તેનો સ્વીકાર કરવો કે નહિ તેનો તોલ બાંધવો જોઈએ. જેઓ એક વિચાર નૂતન હોવાના કારણે જ સ્વીકાર કરે છે, તેઓ આખરે પસ્તાય છે, કારણ કે નવીનતા એ જ સત્યનું પ્રમાણ નથી.

''દિવ્ય-દર્શન''-''અગ્રલેખામૃત'' વર્ષ-૯,અંક-૪૭,તા.૧૯-૮-૧૯૬૧

# ૨ ચોરવૃત્તિને દૂર કરો ! (લેખાંક-૧)

જગતના બધા જ ધર્મોએ ચોરવૃત્તિની ગણના એક દુષ્ટવૃત્તિમાં કરેલી છે અને તેનું દમન કરવામાં જ આત્માનું શ્રેય માનેલું છે; આમ છતાં આ વૃત્તિ આજે જોર પકડી રહી છે અને તેનાં સ્થળે સ્થળે દર્શન થાય છે. વધારે ખેદની વાત તો એ છે કે જેમને આપણે શાણા, સમજુ, ખાનદાન કે પ્રતિષ્ઠિત કહીએ છીએ, તેઓ પણ આ દુષ્ટ વૃત્તિના દાસ બન્યા છે અને સર્વ શિષ્ટ સંમત ન્યાય-નીતિનો લોપ



E:/Divya-Darshan(part-11).pmd/prf.5

કરી રહ્યા છે ! એ તો સ્વાભાવિક છે કે જે આચરણ મોટા કરે, તે જ આચરણ નાના કરે, એટલે આ વસ્તુનું અનુકરણ સામાન્ય મનુષ્યો પણ મોટા પાયે કરી રહ્યા છે અને તેથી સમાજનું નૈતિક માળખું ખૂબ હાલી ગયું છે.

એક મનુષ્યના જીવન વ્યવહારમાં ચોરવૃત્તિ અનેક સ્થળોએ છૂપાઈ રહેલી જણાય છે; આમ છતાં તેને 'ચોર' કહેવામાં આવે તો તે ગરમ થઈ જશે, રાતો-પીળો થઈ જશે અને લડવા માટે બાંયો ચડાવશે. શું આ અત્યંત વિચિત્ર નથી ? જે મનુષ્ય ચોર શબ્દ સાંભળવા તૈયાર નથી, તે ચોરવૃત્તિ સાથે મહોબ્બત શી રીતે કરી શકે છે ? અહીં નિખાલસપણે કહેવું જોઈએ કે આ બધો દંભાચાર છે, કપટક્રિયા છે. બીજાને છેતરીને પોતાની પ્રતિષ્ઠા ટકાવી રાખવાનો એક અનિચ્છનીય અખતરો છે.

જે વસ્તુ આપણી માલીકીની નથી, જે વસ્તુ પર આપણે હોઈ હક કે અધિકાર પહોંચતો નથી, તે લઈ લેવાની વૃત્તિ એ ચોરવૃત્તિ છે, પછી તેનું સ્વરૂપ ગમે તે પ્રકારનું હોય.

ધાડ પાડવી, લૂંટ ચલાવવી, વાટ આંતરવી, ખાતર પાડવું, તાળાં તોડવાં, ખીસ્સાં કાતરવાં, નજર ચૂકવીને વસ્તુ ઉઠાવી લેવી, માલિકની ગેરહાજરીમાં તેના પેટી-પટારા ઉઘાડી તેમાંની વસ્તુ તફડાવી લેવી, કે કોઈપણ યુક્તિ-ઠગાઈ કરીને બીજાનું ધન પડાવી લેવું એ તો ચોરી છે જ, પણ તેના બીજા પ્રકોરોય સમજવા જેવા છે.

એક માણસ આઠ કલાક નોકરી કરવાનું કબૂલ કરે છે અને એ શરતે તેને અમુક પગાર આપવામાં આવે છે. હવે તે મનુષ્ય જો આઠ કલાકને બદલે છ કે સાત કલાકનું જ કામ કરે અને બાકીનો વખત આરામ લેવામાં કે ગપ્પાં-સપ્પાં મારવામાં વેડફી નાખે તો તેના શેઠની ચોરી જ કરે છે, કારણ કે તે બે કલાક કે એક કલાકનો પગાર અણહકનો લે છે.

એક માણસ વસ્તુનો ભાવ પૂછે છે, તેને એમ કહેવામાં આવે કે 'આ વસ્તુ બે રૂપિયે શેર છે અથવા બે રૂપિયે વાર છે.' પછી બે રૂપિયા લઈને કંઈપણ ઓછું આપવું એ ચોરી જ છે. તે જ રીતે શેરનો ભાવ કહીને તેમાં પોણો શેર સાચી વસ્તુ અને પાશેર ભળતી વસ્તુનો ભેળ કરીને શેર પૂરી કરવી, એ પણ ચોરી જ છે.

એક માણસ પાસેથી અમુક વસ્તુ ખરીદવાની છે. તેનો ભાવ મુકરર થાય છે, પછી તે વસ્તુ તેટલા જ મૂલ્યમાં વધારે લઈ લેવાની વૃત્તિ રાખવી અને તે માટે ખોટાં તોલ-માપનો ઉપયોગ કરવો કે દાંડી ચડાવવી આદિ યુક્તિ અજમાવવી એ પણ ચોરી જ છે.



ચોરીના આ પ્રકારો આજે ખૂબ વધી રહ્યા છે. પૂરો પગાર લઈને ઓછું કામ કરવાની ચોરીવૃત્તિને લીધે ઑફિસો, પેઢીઓ પોતાનું ધાર્યું કાર્ય કરી શકતી નથી. તે જ રીતે કણિયો અનાજના કાંકરા ભેળવે છે, અથવા સારાં ધાન્યમાં હલકાનો ભેગ કરે છે, આટો વેચનાર આટામાં ચોક વગેરે ભેળવે છે; ઘી વેચનાર ઘીમાં વેજીટેબલ ભેળવે છે અને દૂધ વેચનાર દૂધમાં સારી રીતે પાણી રેડે છે. અહીં જરાય વિચાર થતો નથી કે આ શું કરી રહ્યા છીએ ? અમે ચોરવૃત્તિથી અમારું મનન તો કરી રહ્યા છીએ, પણ સાથે પોતાની સંતતિને તેવો પાઠ ભણાવીને એનું તથા પ્રજાનું પતન પણ કરી રહ્યા છીએ. જે પ્રજાને શુદ્ધ-સાત્ત્વિક ખોરાક ન મળે તેનું પતન થાય એ સ્વાભાવિક છે.

આજે ઘણા માણસો ચોરવૃત્તિ ધારણ કરી રહ્યા છે, તેથી તે ન્યાયમુક્ત ઠરતી નથી, એ વૃત્તિ દુષ્ટ છે અને તેનું પરિણામ ઘણું ભયંકર છે. તેનાથી મનુષ્યને આ ભવમાં પણ દુઃખ પ્રાપ્ત થાય છે અને પરભવમાં પણ દુઃખ પ્રાપ્ત થાય છે. 'કાચો મારો ખાવું અન્ન, તેવું છે ચોરીનું ધન' એ કહેવત ઘણા અનુભવ પછી ઉચ્ચારાયેલી છે, એટલે તેમાં શંકા કરવા જેવું નથી.

"દિવ્ય-દર્શન"-"અગ્રલેખામૃત" વર્ષ-૧૧,અંક-૨૦,તા.૧૬-૨-૧૯૬૩

## ③ દાનધર્મ પહેલો કેમ ?

દાન-શીલ-તપ-ભાવ, એ ચારમાં દાનધર્મને પહેલો મૂક્યો છે, એનું રહસ્ય સમજવા જેવું છે, જેથી એની ઉપેક્ષા ન થાય, અગર એને મહત્ત્વ ઓછું ન અપાય.

ધર્મસાધનાની સફળતાનો આધાર ધર્મની માયા-મમતા પર છે. અભવી દુર્ભવી જીવોને ધર્મ તરીકે ધર્મની મમતા નથી, આત્મહિત સાધન તરીકે નહિ પણ દુન્યવી સુખના સાધનમાત્ર રૂપે એને એ ઉપયોગી ગણે છે; તેથી એની કઠોર પણ ધર્મસાધના અંતે નિષ્ફળ નીવડે છે. માટે સાધનાને સફળ કરવા ધર્મની મમતા પહેલી જરૂરી છે. એ જેટલી વધુ સતેજ, તેટલી સાધના વધુ જોરદાર રહેવાની. પ્રભુદર્શનની ક્રિયા એની એજ, પરંતુ દર્શન જો ધર્મની અને દેવાધિદેવની ભારે મમતા-બહુમાનથી કરાય, તો તે અતિ જ્વલંત દર્શન સાધના બને છે.

આ ધર્મમમતાની સામે લક્ષ્મીની, સુખની, શરીરની અને પરિવાર વગેરેની મમતા વિઘ્નરૂપ બને છે. માટે લક્ષ્મીની મમતા કાપવા દાન, સુખની મમતા કાપવા

શીલ-વ્રતો, કાયાની માયા ઘટાડવા તપ અને પરિવારાદિની મમતા મોળી પાડવા ભાવધર્મની યોજના છે.

આમાં પણ ગૃહસ્થને લક્ષ્મીની મમતા એવી પીડે છે કે એ ધર્મની અંતરંગ મમતાને જામવા દેતી નથી. ગૃહસ્થ પૈસાને તો ૧૧ મો પ્રાણ ગણે છે. દસે ય પ્રાણ, અને સુખ શરીર, પરિવાર, વગેરે બધાનો ટકાવ પૈસા પર માને છે. આવા સર્વાધારરૂપ માનેલ ધન ઉપર ગાઢ મમતા હોય ત્યાં ધર્મ ઉપર મમતાને રહેવા જગા જ ક્યાં મળે ? કેમકે ધર્મ તો પૈસાનો પ્રતિપક્ષી છે. એ તો લક્ષ્મીની મમતા કંઈક કપાય તો ધર્મની મમતા જામે. માટે એને પહેલી કાપવી પડે, મોળી પાડવી પડે.

તેથી લક્ષ્મીની મમતાને કાપવા, મંદ પાડવા જ્ઞાનીઓએ દાનધર્મ પહેલો બતાવ્યો. જ્ઞાની કહે છે, 'પરસેવો ઉતારીને ભેગા કરેલા પણ પૈસામાંથી દાનમાં વહેવડાવ, તો એની મમતા કાંઈકે ઓછી થશે અને ધર્મ સાથે સગાઈ થશે, ધર્મ પર મમતા લાગશે.'

વાત પણ સાચી છે. ધન જો એટલું બધું ગમે છે કે,

(૧) દેવ-ગુરુના અમાપ ઉપકારની કિંચિત્ કૃતજ્ઞતા બજાવવા પણ,

(૨) સામે આવેલા દુઃખીના લેશ દુઃખ નિવારવા ય, અથવા

(૩) તરણ તારણ ધર્મસ્થાન-ધર્મક્ષેત્ર-ધર્મઅંગોથી મળતા વિપુલ પુણ્ય સામે થોડું ય દેવા

મન થતું નથી, જો પૈસા આટલા બધા ગમે છે તો પછી ધર્મ શી રીતે ગમવાનો હતો ? ધર્મમમતા ક્યાંથી આવવાની ? ત્રણેય વસ્તુ મહત્ત્વની છે,

**૧. દેવાધિદેવના ઉપકારની કૃતજ્ઞતા,**

**૨. દુઃખી પ્રત્યે આર્દ્રતા, અને**

**૩. ધર્મક્ષેત્રો તરફથી પુણ્ય મળે છે તેની કદર,**

આની સામે એકાંત ધનરાગ ઊભો રહે, તો માયા ધનની રહેશે, ધર્મની નહિ.

એ તો કંઈક પણ ધનનો ભોગ આપતા રહેવાય, તો ધર્મનું મમત્વ જામે; ને ધર્મના મમત્વ સાથે ધર્મ સાધના થાય એ લેખે લાગે. એટલા માટે દાનધર્મને પહેલો મૂક્યો છે.

આમ, દાનધર્મનું ખૂબ મહત્ત્વ છે. એનો અનુભવ પણ થાય છે. પરમાત્માની પૂજાભક્તિ પોતે પૈસા ખરચીને લાવેલા દૂધ, કેશર, વરખ, ફૂલ વગેરે ઉત્તમ દ્રવ્યોથી કરી હોય છે તો એનો ભાવોલ્લાસ જુદી જ કોટિનો થાય છે. સુંદર



વ્યાખ્યાન સાંભળવા મળ્યું એની કદર રૂપે આઠ આના શુભ ખાતાની પેટીમાં નાખ્યા હોય તો અનુમોદના સારી થાય એવી સ્મૃતિ થયા કરે છે. દેવ-ગુરુ-ધર્મને હૈયાંના સગાં કરવા માટે દાન યાને પૈસાનો ભોગ પોતાની શક્તિની ચોરી કર્યા વિના, કરવાનું અતિ આવશ્યક છે.

(૧) લક્ષ્મીની મમતા કાપવા દાનધર્મની જેમ, (૨) સંસારસુખોની આસક્તિ કાપવા શીલ-વ્રતનિયમો, (૩) શરીર સુખશીલતાનો રસ કાપવા તપસ્યા, અને (૪) મોહાંધ પરિવાર પરની ઘેલી મમતા કાપવા ભાવના ધર્મ ખૂબ ખૂબ સેવવાની જરૂર છે. એ પાપ મમતાઓ કપાયા વિના ઊંચા ગુણસ્થાનકે ચઢી શકાતું નથી.

''દિવ્ય-દર્શન''-''અગ્રલેખામૃત'' વર્ષ-૧૨,અંક-૨૬,તા.૭-૩-૧૯૬૪

## (૪) કાળલબ્ધિ કઈ ? : ભાવલબ્ધિ અરિહંતને હાથ

ઉપા૦ યશોવિજયજી મહારાજ પ્રભુને સ્તવતાં કહે છે,-

**'કાળલબ્ધિ મુજ મત ગણો, ભાવલબ્ધિ તુમ હાથે રે.'**

અર્થાત્ 'હે નાથ ! તમારા ખજાને ખોટ નથી; અનંત જ્ઞાનાદિસમૃદ્ધિ ભરી પડી છે, તો મને વાંછિત આપો. અગર આપ કહો કે તું કાળલબ્ધિથી યાને આ કાળયોગ્ય સાધનાથી એ મેળવી લે, તો મારું એમ કહેવું છે કે મારી કાળલબ્ધિને ગણતરીમાં ન લો; કેમકે એ ભાવલબ્ધિ વિના કારગત નથી. અગર આપ કહેશો, ભાવલબ્ધિ પ્રગટ કરી લે; પણ હકીકત એ છે કે એ લબ્ધિ આપના હાથમાં છે.' અહીં બે પ્રશ્ન વિચારવાના છે :

પ્રશ્ન **(૧) કાળલબ્ધિ કઈ ?**

**(૨) ભાવલબ્ધિ શી અને પ્રભુના હાથે કેમ ?**

(૧) પહેલાં પ્રશ્નના ઉત્તરમાં, **કાળલબ્ધિ એટલે** (i) વર્તમાન પંચમ કાળમાં લભ્ય એવા, ને ધર્મ-આરાધના કરવા યોગ્ય (અ) આલંબનો અને (આ) સાધનાઓ; તથા (ii) જીવને સંસારકાળમાં આ જીવનમાં પ્રાપ્ત થયેલ ધર્મયૌવનકાળ અને પુરુષાર્થકાળ.

(i-અ) આમાં પહેલામાં વર્તમાન પંચમ કાળની **આલંબન-લબ્ધિમાં** શ્રી અરિહંત પરમાત્મા, નવ પદ, નિર્ગ્રન્થ ગુરુ મુનિઓ, જિનશાસન, જિનાગમ, તીર્થો, મંદિરો, ધર્મક્ષેત્રો, સંઘ, તપસ્વીઓ, જ્ઞાની, વ્રતનિયમવાળા, અર્હદ્ભક્તો,



E:/Divya-Darshan(part-11).pmd/prf.5

ક્ષમાશીલો, નમ્ર નિસ્પૃહીઓ, શુદ્ધ સેવા-ભક્તિકારકો...વગેરે, આ કાળલબ્ધિ છે. એના આલંબને કેટલીય ઉત્તમ ધર્મસાધના થઈ શકે. **(એ આલંબનો હાથવેંતમાં છતાં ધર્મારાધના ગુમાવવી એ મહામૂર્ખાઈ છે.)**

(i-આ) ત્યારે, વર્તમાન કાળની **સાધના-લબ્ધિમાં મુનિને** છઠ્ઠા-૭ મા ગુણસ્થાનકની સાધનાઓ દા.ત. ૧૬ ગુણ, મહાવ્રતો-પંચાચાર-સમાચારી-આવશ્યક ક્રિયાઓ-સમિતિગુપ્તિ-પરિસહજય-જિનાગમમગ્નતા-બ્રહ્મચર્યની ૯ વાડ-દ્રવ્યક્ષેત્રકાળભાવના અભિગ્રહો વગેરે લભ્ય છે. **શ્રાવકને** સમ્યક્ત્વના ૬૭ વ્યવહાર, ૨૧ ગુણ, ૧૨ વ્રત, જિનેન્દ્રભક્તિ, તીર્થયાત્રા, સાધુસેવા, દાન, દયા, અભિગ્રહ નિયમો, તપસ્યા, આચાર-અનુષ્ઠાનો, વગેરે લભ્ય છે. **બંનેને** માર્ગાનુસારી ગુણો, ૧૦ સંજ્ઞાનિરોધ, ૧૨ ભાવનાઓ, ૪ મૈત્રી આદિ, નવકાર મહામંત્ર, પ્રણિધાનાદિ ૫ આશય, યોગદૃષ્ટિઓ, અધ્યાત્માદિ યોગ, યોગબીજ, યોગ-પૂર્વસેવા, વગેરે લભ્ય છે. આ સાધનાઓ કરી શકાય એવી આજે કાળલબ્ધિ છે. **(એની કદર કરીને સાધી લેવાનું ન કરાય એ વેપારની ધુમસીઝનમાં વેશ્યાવાડે પડી રહેવા જેવું છે.)**

(ii) હવે આ સંસારકાળની દૃષ્ટિએ જોઈએ તો બાળકની ધૂળના ઘર બનાવવાની જેમ જીવની વિનશ્વર અને કર્માધીન જડ પદાર્થ અને પરિવાર સંબંધી મન-વચન-કાયાની પ્રવૃત્તિ રૂપ બાળચેષ્ટા કરવામાં જ સર્વસ્વ માનવાનો ભવ-બાળકાળ વીત્યો; હવે અહીં આત્મહિતની પ્રવૃત્તિનો ધર્મયૌવન-કાળ આવી મળ્યો. એમ સમગ્ર માનવજીવન ધર્મ સાધવાનો પુરુષાર્થકાળ પ્રાપ્ત થયો. એ કાળલબ્ધિ મળી આવી છે. **(આ પુરુષાર્થકાળનો પુરુષાર્થ વિના નાશ કરવો એ મહા અપરાધ છે.)**

પણ કવિ પ્રભુને કહે છે, 'એ કાળલબ્ધિ મને પ્રાપ્ત છે કરીને આપ છૂટી ન જાઓ; કેમકે એ બધી ય કાળલબ્ધિ જ્યાંસુધી મારા અંતરમાં એના ભાવ નથી જાગ્યા ત્યાંસુધી ક્યાંથી આરાધાવાની હતી ? અને કદાચ એમજ આરાધું તો પણ એમાં યોગ્ય ભાવના વણાટ વિનાની એ દ્રવ્યક્રિયાથી શું વળે ? મૂળમાં ભવવિરાગ, મોક્ષની ઉત્કટ અભિલાષા, દાન-શીલ-તપ-આવશ્યક ક્રિયાઓને અનુરૂપ ભાવ હોય તો જ દ્રવ્યલબ્ધિની સાધનાઓ આરાધાય અને ફળે. માટે ભાવલબ્ધિની અતિશય જરૂર છે

અથવા કાળથી તો એ બધી લબ્ધિઓ ઉપસ્થિત છે, પરંતુ જ્યાંસુધી આત્મા એને અપનાવે નહિ, 'લભ્'નો ભાવાર્થ અંતરાત્મામાં પ્રાપ્ત કરે નહિ, અર્થાત્ ભાવલબ્ધિરૂપ ન બનાવે, ત્યાંસુધી 'મને આ કાળમાં આવા દેવાધિદેવ મળ્યા છે, આવું વિશ્વશ્રેષ્ઠ ધર્મશાસન મળ્યું છે...' વગેરે કોરું ગૌરવ લઈને શું કરવાનું ?

(૨) કવિ કહે છે 'પ્રભુ ! આપ કદાચ એમ કહો કે તો તું ભાવથી લબ્ધિ-



પ્રાપ્તિ કરી લે, તો મારું કહેવું છે કે એ તો 'તુમ હાથે' આપના હાથમાં છે. આપ પ્રાપ્તિ કરાવો તો થાય. આપના વિના મારા એકલાનું કોઈ ગજું નથી'

કવિના કથનનો ભાવ એ છે કે ભવવિરાગાદિ ભાવ યા પૂર્વોક્ત બધીય આ કાળે ઉપસ્થિત સાધનાએ અંતરાત્માને વિષે ફરસવામાં અરિહંત પ્રભુ અસાધારણ કારણ છે; કહો અરિહંતદેવ જેમ અભયદાતા, ચક્ષુદાતા...,એમ સર્વ ભાવલબ્ધિના દાતા છે. એટલે 'ભગવાન તો વીતરાગ છે, કશું કરતા-દેતા નથી, ભક્તને તારતા નથી નિંદકને દંડ દેતા નથી,' એટલું જ યાદ રાખી ભગવાનનો આજે પણ વિદ્યમાન સર્વસુકૃતમાં અસાધારણ નિમિત્તકર્તૃભાવ યાને ઉપકાર ભૂલવાનું કરવું ઠીક નથી. અરિહંત ભગવાનના આલંબને જ સમસ્ત કાળલબ્ધિઓ ભાવથી પ્રાપ્તિરૂપ સિદ્ધ થાય છે. સાધનામાંથી અરિહંત વીતરાગને સ્વરૂપદેહ અને અક્ષરદેહ (વાણીદેહ) રૂપે બાજુએ મૂકો, વિસારી દો, તો એમાંનું કશું સિદ્ધ ન થાય.

કવિ કહે છે, 'લડથડતું પણ ગજબચ્ચું ગાજે ગયવર સાથે રે' નાનું હાથીનું બચ્ચું હજી સીધું સ્થિર ઊભું રહી શકતું ન હોય, લથડતું-પડતું હોય, છતાં મોટા હાથીના ગાજવા-નાચવાનું દેખી એને ય તાન ચઢી જઈ, સાથે એ ય ગાજવા-નાચવા માંડે છે. એ જોસમાં સ્વપુરુષાર્થ કરતાં હાથીનું આલંબન જ પ્રધાન કારણ છે; કહો હાથી જ એને ગાજવા નાચવાનો જોસ આપે છે. એમ અહીં અરિહંતના આલંબને જ કાળલબ્ધિઓથી ભાવલબ્ધિ કરવાનું જોમ-જોસ-સામર્થ્ય આવે છે, માટે અરિહંત એના દાતા ગણાય.

પ્રભુના આ ઉપકારને ભૂલે, ન સ્વીકારે, એ કૃતજ્ઞ ન ગણાય. કૃતજ્ઞ નહિ એટલે સત્યનો સ્વીકારનારો નહિ. એવો માણસ મોક્ષ-મોક્ષમાર્ગ માટે નાલાયક છે. તેથી (૧) એ માટે એમનું વારંવાર ગદ્ગદ દિલે શરણ સ્વીકારી પ્રાર્થના પણ કર્યા કરવી અતિ જરૂરી છે; તથા (૩) એમ માની-કરીને દ્રવ્યલબ્ધિઓના પ્રાપ્ત મોંઘેરા પુરુષાર્થકાળને પ્રખર અવિરત પુરુષાર્થ દ્વારા સફળ કરી લેવો જોઈએ.

"દિવ્ય-દર્શન"-"અગ્રલેખામૃત" વર્ષ-૧૩,અંક-૨૧,તા.૧૩-૨-૧૯૬૫

## (૫) આત્માના દેદાર કેમ ફરે ?

### (લેખાંક-૨)

આત્માના દેદાર ફેરવવા એક વાત આ થઈ કે જે કોઈ પણ નાની કે મોટી ધર્મ-સાધના થાય, એ આત્માના કોઈ ચોક્કસ દોષ ટાળવાનું અને ગુણમાં આગળ



E:/Divya-Darshan(part-11).pmd/prf.5

વધવાનું લક્ષ્ય જાગતું રાખીને થાય, જેથી એની છાયા બાકીના સમગ્ર જીવન પર પડે. દરેક સાધનામાં એ કરવાનું શોધી જ કાઢવાનું અને પછી એની અસર સાંસારિક જીવનમાં રાખવાની.

આત્માના દેદાર ન ફરવાનું એક કારણ આ હોય છે કે સંસારવાસમાં દિલને કોઈ રંચ નથી; એનો ભય નથી કે 'આમાં મારા આત્માનું શું થશે !' જંગલમાં રહેતા હરણિયાં ખાય છે, પીએ છે, મજા કરે છે, પણ સદા ભયમાં રહે છે, કે ક્યાંકથી વાઘ વરુ આવ્યું તો ? એવા ભયની નીચે પાંદડાનો સહેજ ખડખડાટ થતાં શંકામાં પડે છે, સાવધાન બને છે, ઉત્ત્રસ્ત બની લગભગ દોડતા રહે છે. સંસારવાસમાં રહેલી ભયજનક વિટંબણાઓ, જેવી કે દુર્ગતિની ફસામણ, કુસંસ્કારોની પકડ, રાગાદિ આંતર વિકારોના વિપાક, એ વિકારોમાં થઈ રહેલ ઉત્તમ માનવ ભવની તકની બરબાદી, શબ્દ-રૂપ વગેરે વિષયોરૂપી મોહજાળની લલચામણનાં દારુણ પરિણામ, વગેરે વગેરેનો સદા ભય નહિ એટલે જીવ એ બધામાં આંધળિયા કરીને પ્રવર્તે છે. એમાં ધર્મરહિત સ્થિતિ કરતાં ધર્મ મળ્યા પછીના દેદારમાં ફરક ક્યાંથી પડે ? સંસારની એ ભયંકર વિટંબણાઓ છે, એ ખ્યાલ નહિ, એનો ભય નહિ, એટલે જીવ આંખ મીંચીને હિંસાદિ પાપો અને ક્રોધાદિ દુર્ગુણો સેવ્યે જાય છે. તાત્ત્વિક દૃષ્ટિએ પશુ-જીવન કરતાં કોઈ વિશેષતા નહિ.

માટે આત્માના એ પાશવી દેદાર ફેરવવા હોય તો, આ પણ જરૂરી છે કે સંસારમાં ગમે તેવાં માન-પાન અને સુખ-સગવડ મળતા હોય, પણ અંતરના ઊંડાણમાં ઉપરોક્ત સંસાર-વિટંબણાઓનો ભય જાગતો રહેવો જોઈએ. જીવને એક પ્રકારની વ્યાકુળતા, ઉદ્વિગ્નતા, નફરત રહે. એની અસર પાપસેવન ને દુર્ગુણપોષણ પર પડવાથી પાપો અને દુર્ગુણો અંકુશમાં આવે. રોજ પ્રભુ પાસે 'ભવ નિવ્વેઓ' માગવાનું રહસ્ય આ છે. ભવના બંધનનો ભય નહિ એવા ભવાભિનંદી જીવો ચારિત્ર લે તો પણ એના આત્માના દેદાર ફરતા નથી. એ સૂચવે છે કે ભવનિર્વેદ અર્થાત્ સંસારવાસની વિટંબણા પ્રત્યે જાગૃતિ સાથે ભયોદ્વિગ્ન રહેવું પડે.

આત્માના દેદાર ફેરવવામાં આ પણ એક અતિ જરૂરી અંગ છે કે પોતાની પ્રવૃત્તિથી બીજાને કષ્ટ તો નહિ પહોંચે ને ? એનો સદા જાગતો ખ્યાલ રહે. આની જો પરવા નથી હોતી, તો માણસ એકલી સ્વાર્થાંધતા અગર બિન જવાબદાર પ્રમાદી જીવનમાં દોડ્યો જાય છે. કદાચ ધર્મ પણ કરશે તો ય એવી આંધળિયા રીતે કે બીજાનાં કષ્ટનો વિચાર જ નહિ. દેવાધિદેવનાં દર્શન-પૂજા કરવા એવી રીતે ભગવાનને ઢાંકીને ઊભો રહેશે કે એની પાછળ ઊભેલાને પ્રભુ-દર્શન થાય જ નહિ. આ દોષની આવૃત્તિ સાંસારિક જીવનમાં પણ ચાલુ રહે છે. જમણવારમાં



જમવા ગયો તો પાછળવાવાળનો વિચાર જ નહિ કે 'અહીં મારી બેઠક આગળ ગંદવાડ કરી મૂકીશ તો પાછળવાવાળ અહીં શી રીતે બેસી શકશે ? અગર બેસવું પડશે તો કેવા ખાટાં દિલથી ?' આ ખોટું છે, બીજાના કષ્ટનો વિચાર જોઈએ જ.

વડિલે નાનાનો અને નાનાએ વડિલનો તેમજ સરખે સરખાનો વિચાર અવશ્ય રાખવો પડે. એના નહિ હોય તો જીવન બેજવાબદારી ભર્યું રહેવાથી વર્ષોની ઉંમર વીતવા છતાં આત્માના દેદાર એવા ને એવા રહે છે. વિચાર તો ત્યાં સુધીનો જોઈએ કે 'મારી કોઈ અનિચ્છનીય પ્રવૃત્તિ હશે તો બીજા એનું અનુકરણ કરવાથી એ ય અસત્ પ્રવૃત્તિમાં પડી જીવન બગાડશે.' આ વિચાર જાગતો રાખવાથી અનિચ્છનીય પ્રવૃત્તિ કરતાં સંકોચ થશે. એમ આત્માનો દેદાર ફરવા માંડશે.

આ ઉત્તમ મનુષ્ય જીવન આત્માના દેદાર ફેરવવાનું સુંદર પ્રયોગ-જીવન છે. માટે એમાં દોષ-નિવારણનું લક્ષ્ય, સંસાર વિટંબણાઓ પ્રત્યે ભય, નફરત અને બીજાને પોતાનાથી ઊભી થતી આપત્તિનો વિચાર રાખી દેદાર ફેરવવા માટે પાકો જાગૃતિ અને પુરુષાર્થ જોઈએ.

"દિવ્ય-દર્શન"-"અગ્રલેખામૃત" વર્ષ-૧૩,અંક-૨૨,તા.૨૭-૨-૧૯૬૫

## ⑥ આત્માના દેદાર કેમ ફરે ?

### (લેખાંક-૩)

એવી કેટલાયની ફરિયાદ સાંભળવા મળે છે કે અમને ક્યારેક ઉપદેશ સાંભળતાં કે કોઈ સારું વાંચન કરતાં અમારા ખરાબ સ્વભાવ, યા અસત્ય-માયા-મદ-રસલાલસા વગેરે પર ઘૃણા તો થઈ જાય છે, એમ દાન-શીલ-વ્રત વગેરે ધર્મનો ઉત્સાહ તો આવી જાય છે, પણ પછી અવસરે કેમ એ અસર દેખાતી નથી, ને એ જ ખરાબ સ્વભાવ જૂઠ વગેરે કે દાનાદિ ધર્મનો નિરુત્સાહ કેમ ઝળક્યા કરે છે ?

આના ઉત્તરમાં એકાંતે એવું ન કહી શકાય કે એ દોષઘૃણા ને ધર્મોત્સાહની અસર બનાવટી જ હતી; કેમકે એ વખતે તો ખરેખર એનો અનુભવ થતો હતો, દિલ ઊછળી પડતું હતું. છતાં અવસરે એ અસર ઉપયોગી ન થવાનું યા જાગતી ન રહેવાનું કારણ એ છે કે સાંભળ્યા-વાંચ્યા પછી એવા જ ભાવથી મનમાં એની સતત રટણા ચાલવી જોઈએ તે નથી. આ ટેવ ન હોવાનું ફેરવવુ જોઈએ.

આત્માના દેદાર ફેરવવા માટે આ એક અત્યંત જરૂરી સાધન છે કે મન સારી વિચારણામાં સતત રમતું રાખવું જોઈએ; તે ય એવી તકેદારી સાથે કે કોઈ



E:/Divya-Darshan(part-11).pmd/prf.5

ખરાબ વિચાર-વિકલ્પ ઊઠે નહિ; તેમજ સારી વિચારણા પણ વગર-સંબંધના આડા અવળા વિચારોની નહિ, કિંતુ વ્યવસ્થિત એક સરખી એક ગુણની સારી વિચારણા હોવી જોઈએ આપણને જે દોષ, જે ખામી બહુ નડતી હોય એના પ્રતિપક્ષી એટલે કે વિરોધી ગુણના મહત્ત્વની વિચારણા, લાભની વિચારણા, ને આવશ્યક્તાની વિચારણા કરવાની. એમ દોષ-ખામીની ભયંકરતાની ને એનાથી થતા અનર્થની વિચારણા જોઈએ.

આ શુભ વિચારણા-ભાવનાનું કાર્ય સતત ચાલતું જ રહેવું જોઈએ; કેમકે જીવને અનંતાનંત કાળથી દોષ દુર્ગુણો-દુષ્કૃત્યોનો જે ગજબનો અભ્યાસ છે, એથી આત્મામાં જે મજબૂત અને ઊંડુ કુસંસ્કરણ થયેલું છે એ કાંઈ, એની સામેની પ્રબળ શુભ વિચારણા વિના, મોળું પડે નહિ. સારું શ્રવણ-વાંચન કર્યું એટલે તો દોષ-દુષ્કૃત્યોની ખરાબીનો માત્ર ખ્યાલ આવ્યો, કદાચ એનો સંતાપ-પશ્ચાત્તાપ થયો, મનને એ હવે ન ચલાવવાની ભાવના કે નિર્ણય પણ થયો, કિન્તુ એ ખ્યાલ-સંતાપ અને ભાવના પછીથી પણ વારંવાર ન ચાલ્યા કરે અને ઊલટું એના બદલે જુગજુની આદત મુજબ ખામીઓના પોષક વિચારો-તરંગો ચાલ્યા કરે તો શું એનું જોર વધે કે ઘટે ? શું દોષ-દુષ્કૃત્યોની અનંતકાળની રૂઢ વાસના પોષાયા કરે કે ઘસારે પડતી જાય ?

એ તો એના પર સતત શુભ ભાવના-વિચારણાના ઘા પડ્યા જ કરે, પડ્યા જ કરે, તો એ કુવાસનાઓને ઘસારો લાગ્યા કરે, એની ખરાબીની જાગૃતિ-સાવધાની રહ્યા કરે. પછી મોકો આવતાં એ સેવવાની ઊલટ ન ઊછળી આવે, સેવતાં જીવ થંભી જાય, અગર ભારે મુંઝવણમાં હોય કે આ મારે કેટલું ખરાબ સેવવાનો અવસર આવ્યો ! ક્યાંસુધી હું આવી કમનસીબી ચલાવ્યા કરીશ ? ક્યાંસુધી મારા કિંમતી આત્મવીર્યને આ દોષ-દુર્ગુણ-દુષ્કૃત્યનાં આત્મનાશક આચરણમાં બરબાદ કર્યા કરીશ ?' આ મૂંઝવણ, આ જાગૃતિ જો રહ્યા કરે તો એ ખામીનું સેવન જોરદાર પ્રયત્નથી નહિ થાય, આંધળિયા કરીને આવેશભર્યું નહિ થાય, પણ બળાપા સાથે અને મર્યાદિત હળવું સેવન થશે. કેટલાક પ્રસંગોમાં તો, પેલી શુભ ભાવના-વિચારણાના સતત પ્રવાહને લીધે, ખામીનું સેવન અટકાવી જ દેવાશે.

બસ, ચિત્તમાં જેમ આડાઅવળા અંટસંટ મેલા વિચારોનો ઘસારો રહ્યા કરે છે એજ રીતે એના બદલે ચોક્કસ ધ્યેયના લક્ષ સાથે ચોક્કસ પ્રકારની શુભ ભાવના-વિચારણા ધોધબંધ વહ્યા કરવી જોઈએ, ચાહીને વહેતી રાખવી અતિ આવશ્યક છે.

આ ટેવ, આ અભ્યાસ, જો ચાલુ રખાય, તો પછી સારાં શ્રવણ કે વાંચન યા તેવા કોઈ પ્રસંગ-દર્શનથી જાગેલી સારી વૃત્તિને આવી ધારાબદ્ધ શુભ વિચારણા-



સ્મરણ-મંથન ચાલુ રાખી પોષી શકાશે. પછી શું મજાલ છે કે અવસર પર એ ભૂલાઈને દોષ-દુર્ગુણ-દુષ્કૃત્યનું સેવન પૂર્વવત્ આંધળિયા આવેશ સાથે થાય ? સારાંશ આત્માના દેદાર ફેરવવા માટે આ શુભ ભાવના-વિચારણાનો સતત પ્રવાહ અતિ જરૂરી છે.

''દિવ્ય-દર્શન''-''અગ્રલેખામૃત'' વર્ષ-૧૩,અંક-૨૪,તા.૧૩-૩-૧૯૬૫

## ⑦ દાન-ભક્તિનું ઊંચું ફળ ક્યારે ?

અર્હદ્ભક્તિ, સુપાત્રદાન, સાધુસેવા વગેરે સુકૃત માત્ર અમુક પુણ્યલાભ ને શુભ સંસ્કરણ કરાવી ચરિતાર્થ થાય છે એમ નહિ, કિન્તુ ઉત્કૃષ્ટ પુણ્યલાભ અને ઉત્કૃષ્ટ સંસ્કરણ કરાવવા સમર્થ છે, એટલું જ નહિ પણ પછી ય એ પુણ્ય અને સંસ્કારના ગુણાકાર કરી આપવાની તાકાત ધરાવે છે. સાધકની પોતાની સ્થિતિ સામાન્ય હોવાને લીધે કદાચ એ અર્હદ્ભક્તિ આદિનું પ્રમાણ સામાન્યરૂપનું હોય તો પણ એ આ અતિ ઉત્કૃષ્ટ ફળ લાભ કરાવી શકે છે; કિન્તુ ક્યારે ?

ચાલુ ઉત્તરમાં એમ કહેવાય છે કે 'ભાવ જેટલા ઊંચા હોય એટલા પ્રમાણમાં લાભ ઊંચો થાય છે.'

કિન્તુ પ્રશ્ન એ છે કે એ ઉચ્ચ ભાવમાં શું આવે ?

એમ કહીએ કે નિઃસ્વાર્થ-નિરાશંસભાવ; તો એ તો એક નક્કી કરી દીધું કે 'મારે આ ભક્તિ, આ દાન, આ સેવાના બદલામાં કશું જોઈતું નથી, માત્ર કર્મક્ષય થાય, મળેલી તન-મન-ધનની પુણ્ય શક્તિ લેખે લાગે, એટલે બસ;' તો હવે આ ભાવમાં અધિકાધિક ઉચ્ચતા શી કરવાની ?

અલબત્ત આ ભાવની જરૂર છે, તેમજ એમાં ઉત્કર્ષ લાવવા એમ પણ ભાવી શકાય છે કે 'હું આવા ભક્તિ આદિ કરવાના પ્રસંગ વધુ ને વધુ મેળવું ! ક્યારે એવો ધન્ય દિવસ આવે કે હું મારું સર્વસ્વ આ અર્હદ્ભક્તિ આદિમાં અર્પિત કરી દઉં !' છતાં આ ભાવનામાં 'હું' અને 'મારું' જે તગતગ્યા કરે છે, એ આપણને ગફલતમાં નાખી દે છે. ક્યારેક મેં આટલું કર્યું એવો ગર્વ લાવી દે છે, તો વળી ક્યારેક જે ઓછું કરતા હોય કે ન કરતા હોય, એના પર તુચ્છકારનો ભાવ પણ ઊભો કરે છે. આ સ્થિતિમાં ભાવની ઉત્કૃષ્ટતા અને ફળરૂપે ઉત્કૃષ્ટ પુણ્યલાભ, ઉત્કૃષ્ટ શુભ સંસ્કરણ, તેમજ ઉપરાંત એના ગુણાકાર શી રીતે નીપજે ?

હા, આનાથી બચવા, એમ કહી શકાય કે, નજર સામે પૂર્વ પુરુષોએ જે

અતિ ઉચ્ચ અર્હદ્દ્ભક્તિ વગેરે કરેલ છે એ રાખવાથી પોતાનો નમ્રભાવ રહી શકે, તેમજ કરેલા સુકૃતની પુનઃ પુનઃ મનોમન અનુમોદના થવાથી પુણ્યલાભ આદિની વૃદ્ધિ થતી રહે, પરંતુ જ્યાં સુધી અલ્પ પણ પોતે કાંઈક કર્યું એ વસ્તુ તરફ દૃષ્ટિ છે, ત્યાં સુધી એ ભયસ્થાન છે કે જો નથી ને તેવા કોઈ પૂર્વના પ્રબળ અશુભના ઉદયે તેવી કોઈ ભારે આપત્તિ-દુઃખ-પીડામાં મૂકાવું પડ્યું, તો ત્યાં મનને એવું લાગી આવવાનો સંભવ છે કે 'મેં આટઆટલી અર્હદ્દ્ભક્તિ, સુપાત્રદાન, સાધુસેવા વગેરે કર્યું છતાં મારી આટલી બધી વિટંબણા ?' આ મન બગડવાનું ભયસ્થાન છે. એમ કદાચ એવી કોઈ આપત્તિ તો નહિ, પણ સામેથી વારંવાર એવું સાંભળવા મળે કે 'આ કશું કરતો નથી, કશું કરતો નથી,' તો ય એથી મન દુભાવાનું પણ ભયસ્થાન છે.

માટે, આ ભયસ્થાન નિવારવા, ગર્વ-તુચ્છકાર-મનોદુઃખ વગેરેને રોકવા, તથા ભાવને ઉચ્ચ, વધુ ઉચ્ચ બનાવવાનો સુંદર ઉપાય આ છે કે

**'પાત્રની જ વડાઈ માનવી, પાત્રનું મહત્ત્વ જોયા જ કરવું.'**

પ્રભુને લાખ રૂપિયાનો મુગટ પહેરાવીએ ત્યાં પહેરાવનાર આપણી વડાઈ નથી, પણ પહેરનાર પ્રભુની વડાઈ છે. 'આપણે પ્રભુની શોભા કરી' એમ નહિ, કિન્તુ 'પ્રભુએ આપણને આ સુકૃતનો મહાન લાભ આપ્યો ! અહો ! પ્રભુ કેવા ઉપકારી !' આ ભાવ જીવતો જાગતો રાખવો જોઈએ. એમ કોઈ 'ઉત્સવ-શાંતિસ્નાત્ર વગેરેનો મને લાભ મળ્યો' એમ નહિ, કિન્તુ 'પ્રભુએ આટલું મારું લેખે લગાડવાની મહાન કરુણા કરી' એવો ભાવ જાગતો રહે. એવું જ સુપાત્રદાન-સાધુસેવા-ધર્મક્ષેત્રપોષણમાં પણ 'આ મુનિરાજ વગેરેની કેટલી બધી મારા પર કૃપા, કે મારું આટલું સ્વીકાર્યું ! સ્વીકારીને મને તાર્યો !' એ જ ભાવ મનમાં રમ્યા કરે. 'કેવા એ ઉત્તમ ગુણનિધિ ! કેવા દયાળુ ! કેવા નિઃસ્વાર્થ ઉપકારી !' ઇત્યાદિ ભાવ રહે એટલું જ નહિ. પણ સુકૃત થઈ ગયા પછી પણ મનમાં એનું જ સવિશેષ આવર્તન ચાલે અને વારંવાર એમના ભારે અહેસાન માથે ચડાવ્યા કરવાનું થાય.

ધનાજી-શાલિભદ્રના જીવ, મૂળદેવ, કુમારપાળ વગેરેએ એ કર્યું,-'અહો ! કેવા ઉપકારી આ ગુરુ ! મને દાન કરાવી તાર્યો ? કેવા પરોપકારી દેવાધિદેવ ! મારી આટલી પૂજા-ભક્તિ સ્વીકારી ! પ્રભુ ! ગુરુદેવ ! તમારો કેટલો આભાર માનું ! અહાહા ! તમે તો મારું ખૂબ ભલું કર્યું ! આવા તમારા જેવા મહાદયાળુ વિના બીજું કોણ આ દયા કરે ?...'

બસ, મુખ્ય દૃષ્ટિ પોતાની જાત કે પોતે આપેલા ભોગ પર નહિ, કિન્તુ સામા પાત્ર ઉપર, પાત્રની વડાઈ ને પાત્રનાં મહત્ત્વ પર રાખવાથી ભાવમાં ઘણી



ઘણી ઉચ્ચતા આવે છે. એનો પુણ્યાનુબંધી પુણ્ય-લાભ તથા શુભ સંસ્કરણ પણ એવું જ ઉચ્ચ નીપજે છે. તેમ સુકૃત પત્યા પછી એ પાત્ર-વડાઈની અનુમોદના અને વારંવાર એમનો આભાર-સ્વીકાર ચઢતા રંગે કરાય, એ સુકૃતથી થયેલ પુણ્યલાભાદિના ગુણાકાર કરી દે છે તેમજ ગર્વ-મનોદુઃખ-તુચ્છકાર, આપત્તિમાં દીનતા વગેરેને અવકાશ મળતો નથી.

''દિવ્ય-દર્શન''-''અગ્રલેખામૃત'' વર્ષ-૧૩,અંક-૨૫,તા.૨૭-૩-૧૯૬૫

## (૮) ઈર્ષ્યા કેમ ભયંકર ? ઈર્ષ્યાથી દુર્લભ બોધિ !

ઈર્ષ્યા એ ભવાભિનંદીપણાનું એક લક્ષણ છે. ભવાભિનંદીપણું એટલે ભવનો આનંદ, સંસાર અને સંસારની વસ્તુનો જ પક્ષપાત; એવો કે જે મોક્ષની વાત રુચવા ન દે, યોગદૃષ્ટિ-ધર્મદૃષ્ટિમાં પેસવા ન દે, અનાદિકાળથી ચાલી આવતી ઓઘદૃષ્ટિમાં રમાડ્યા કરે. એના ક્ષુદ્રતા આદિ આઠ લક્ષણો પૈકીની એક ઈર્ષ્યા છે.

મનથી આપણે માન્યા કરતા હોઈએ કે 'મને મોક્ષ ગમે છે, હું દેવ-ગુરુ-ધર્મ પર શ્રદ્ધાવાળો છું, ધર્મ ક્રિયા કરું છું એટલે ધર્મી છું...' વગેરે, પરંતુ જો ઈર્ષ્યા ભરી પડી છે, બીજાનું સારું સાંખી શકાતું નથી, એને ઉતારી પાડવા એનું ચાંદુ શોધાય છે, એ ચાંદુ મળતાં એના પર તૂટી પડાય છે, એનું સારું નષ્ટ થતાં કે ઓછું થતાં રાજીપો ને કલેજે ઠંડક થાય છે, ઇત્યાદિ ઈર્ષ્યાના ઘરની વૃત્તિ-પ્રવૃત્તિ થાય છે, તો પેલી મોક્ષરુચિ અને ધર્મશ્રદ્ધા નામની રહેવાની, વાસ્તવિક નહિ.

આનું કારણ સ્પષ્ટ છે, ઈર્ષ્યાના ભાવો વખતે સામાના પુણ્ય અને એ પુણ્યને ઊભું કરી આપનાર પૂર્વના ધર્મ ઉપર દૃષ્ટિ નથી. નહિતર તો મનને સહેજે થાય કે 'ભલે એને સારું મળ્યું ! એનું પુણ્ય છે એટલે મળે જ. તે પણ પૂર્વે એણે કાંઈક ધર્મ કર્યાનો આ પ્રભાવ છે. તો શું મારે એના સારા ઉપર બળતરા કરીને પરંપરાએ પુણ્ય અને ધર્મ ઉપર બળતરા લઈ જવી ? એવી મૂર્ખાઈ હું ન કરું. ઊલટું એણે પૂર્વે કરેલ ધર્મ સુકૃતની અનુમોદના જ શું ન કરું કે જેથી મારામાં સાચો ધર્મપ્રેમ ટકે ?'

પરંતુ આ વિચાર નથી એટલે અનાદિ સુલભ ઈર્ષ્યામાં તણાઈ જવાય છે. જ્ઞાનીઓ સંસારને, સંસારની વસ્તુને અસાર કેમ કહે છે ? એનું આ એક કારણ છે કે એ એવી ખતરનાક છે કે એનાથી પોતાનો સ્વાર્થ સરી ગયો હોય તો પણ બીજાની પાસે એ અધિક હોવાનું દેખતાં કે સાંભળતાં બળતરા કરાવે છે ! જીવનો



E:/Divya-Darshan(part-11).pmd/prf.5

આ ઝેરી સ્વભાવ જુગજુના કાળથી ચાલ્યો આવે છે કે બીજાનું અધિક સારું સાંખી શકે નહિ, એના પર ઈર્ષ્યા-અસૂયા, અસહિષ્ણુતા-બળતરા થઈ આવે. એટલે જ પછી એવુ બને છે કે કાં પોતાને અધિક પરિગ્રહ મળે અને પેલો નીચો પડે, યા પેલાને નુકસાન થઈ ઓછું થાય, તો કલેજે ઠંડક થાય છે.

આમાં પોતાનું વધવામાં લોભ-મમતાનો દુર્ગુણ વધે છે, અભિમાન વધે છે, તેમ સામાની નુકસાનીમાં રાજીપો થવા પર નિર્દયતા, ક્રૂરતા, નિષ્ઠુરતા, હિંસકભાવ વધે છે. ઈર્ષ્યાના આ પરિણામ માની લીધેલી દેવ-ગુરુ-ધર્મની શ્રદ્ધાને પોકળ બનાવી દે, જીવમાં દોષ-દુર્ગુણોનો ઉકરડો વધારી આપે, સાનુબંધ-સબીજ-ચિકણાં પાપકર્મના થોક જમાવી દે, અને ભવાંતરમાં એ દોષ-દુર્ગુણોની પરંપરા નક્કી કરી મૂકે, એમાં શી નવાઈ ?

આટલેથી ય પતતું નથી. બીજાનું દુન્યવી સારું સાંખી નહિ શકવાનો અને તે પર બળતરા કરવાનો સ્વભાવ પાછો, જઈને ધર્મક્ષેત્રમાં નડે છે. ત્યાં ય પેલા ઝેરી સ્વભાવને લીધે પોતાના દાન-શીલ-તપ-ધર્મક્રિયા-શાસ્ત્રબોધ-અર્હદ્‌ભક્તિ પૂજા વગેરે કરતાં બીજાના દાનાદિ અધિક દેખતાં બળતરા થઈ આવે છે કે 'આણે શાનું વધારે દાન દીધું ? કેમ મારા કરતાં વધારે દીધું ? કેમ એણે અધિક વ્રત લીધા ? કેમ મોટો તપ કર્યો ? એ વળી કેમ વધુ શાસ્ત્ર ભણી ગયો ? લોકો વળી એને મોટો વિદ્વાન શાનો કહે છે ?...' આવી આવી ઈર્ષ્યા થઈ આવે છે.

હવે જોવા જેવું છે કે આ ઈર્ષ્યા માત્ર સામી વ્યક્તિ પર જ ન ઠરતાં ઠેઠ એના ધર્મ પર પહોંચી ! અને એણે સાધેલો ધર્મ એટલે વસ્તુ તો ધર્મ જ છે, તેથી હકીકત એ આવીને ઊભી રહી કે ઈર્ષ્યા ધર્મ ઉપર પહોંચી ! ધર્મ પર ઈર્ષ્યા, બળતરા, ઝેર એ કેટલી બધી ખતરનાક ? ત્યાં પછી પોતાને શુદ્ધ ધર્મ માટે પ્રેમ ક્યાં રહ્યો ?

શુદ્ધ ધર્મ પર પ્રેમ એટલે તો ચાહ્ય પોતે સાધી રહેલ ધર્મ કે બીજાઓ દ્વારા સધાતો ધર્મ, ધર્મ માત્ર પર પ્રેમ થાય, અલબત એ જિનવચનાનુસારી જ હોવો જોઈએ. પણ પોતાના ધર્મ પર પ્રેમ ને બીજાના ધર્મ ઉપર નહિ, એ પ્રેમ તો ખરેખર ધર્મ પર નહિ, કિન્તુ પોતાપણા પર પ્રેમ થયો ! ખરેખર ધર્મ પર પ્રેમ એટલે તો ભલેને પોતાના દુશ્મનનો હોય, છતાં એ ધર્મ ઉપર તો પોતાના કરતાંય અધિક પ્રેમ થવો જોઈએ. ત્યારે જ પોતાનો લઘુભાવ જાળવી શકાય, અને 'ધર્મ એટલે ધર્મ, બસ મને ધર્મ જ ગમે, પાપ નહિ', આ શુદ્ધ ધર્મરુચિ ટકી શકે.

જો એ નથી, ને ઈર્ષ્યાવશ બીજાના ધર્મ પર, ગુણ પર બળતરા થાય છે, તો એ ધર્મ દ્વેષરૂપ બનશે ! એનાં ફળમાં જીવ દુર્લભ બોધિ બને છે. દુશ્મને



જિનેન્દ્રભક્તિ ઉત્સવ કરવા પર જો એમ બોલ્યા કે 'જોયો જોયો એનો ઉત્સવ ! શું રાખ ઉત્સવ ?' તો એ ધર્મ દ્વેષરૂપ બની જીવને દુર્લભ બોધિ બનાવે છે, ભવાંતરે જૈનધર્મનું મુખ ન દેખવા દે !

ઈર્ષ્યાની આવી આવી ભયંકરતા વિચારી બીજાનું સારું ન સાંખી શકવાનો સ્વભાવ જ બદલી નાખવો હિતાવહ છે.

"દિવ્ય-દર્શન"-"અગ્રલેખામૃત" વર્ષ-૧૩,અંક-૨૭,તા.૧૦-૪-૧૯૬૪

## ⑨ અંધ ગતાનુગતિકતા અને ધર્મશિક્ષણની ઉપેક્ષા

જીવનના અનેક ક્ષેત્રોની જેમ દાનની બાબતમાં પણ આજે એક અંધ-ગતાનુગતિકતા ચાલી પડી છે કે ધર્મી ગણાતા શ્રીમંતોને ય હાઈસ્કૂલ-હોસ્પિટલોમાં હજારો રૂપિયા ખરચવાનું આવડે છે, પણ ગામની એક ધાર્મિક પાઠશાળા સંગીન અને આકર્ષક રીતે ચલાવવાનું નથી આવડતું ! કાળની બલિહારી જ માનવી રહી ! નહિતર આજે સ્પષ્ટ છે કે છોકરાઓને સ્કૂલ-કૉલેજોમાં તો ધર્મનું શિક્ષણ કે સંસ્કરણ તદ્દન બંધ છે; તેમ ઘરોમાં ય મોટા ભાગના કુટુંબોમાં એ માટે કોઈ ખબરદારો નથી, તો મુનિ મહારાજાઓ પાસે આજે કોણ આવી ધર્મશ્રવણ કરે છે એ ય ઉઘાડું છે, આમાં નવી પ્રજાનું ભાવી કેવું ?

ત્યારે આ પણ કેટલું દુઃખદ છે કે સ્કૂલ કૉલેજોમાં હજારો રૂપિયાનાં દાન થાય, પણ ભારતભરમાં ધાર્મિક શિક્ષણ માટે નજર નાખવા લાયક જે એકમાત્ર મેસાણા-પાઠશાળા, એને ઊંચી લાવવા એ દાતારોમાંના એકને ન સૂઝે ? જૈન સંઘમાં કે જ્યાં હજારો લખપતિઓ અને સેંકડો કરોડપતિઓ છે, ત્યાં એક મેસાણા-પાઠશાળાને ઊંચે લાવવી શી કઠિન હતી ? આખા સંઘ માટે છે ને એ ? પણ સંઘમાંથી એક માડી જાયો હજી સુધી નીકળ્યો સાંભળ્યો નથી કે જેણે એને કહી દીધું હોય કે 'લો આ લાખ રૂપિયા, ત્રણ વરસમાં ખરચી જ નાખવા રૂપે એને વાપરજો, પણ છોકરાઓને સારામાં સારા ધર્મ-શ્રદ્ધાળુ, ક્રિયા-આચાર ચુસ્ત અને આજના સમાજમાં ઊભા રહી શકે એવા વિદ્વાન બનાવો. ભલે દસ પંદર જ વિદ્યાર્થી તૈયાર થાય, પણ ખ્રિસ્તીઓના સેવાભાવી મીશનરી જેવા જૈન ધર્મના ચુસ્ત શ્રદ્ધાળુ અને એની સેવાનો ભેખ લેનારા બનાવો.' છે કોઈ આવા દાતાર માડીના લાલ ? ત્યારે ગામે ગામ સાંભળવા મળે છે કે આણે અહીં પચાસ હજાર હાઈસ્કૂલમાં આપ્યા અને લાખ રૂ. કૉલેજમાં દીધા ! સાઠ હજાર હોસ્પિટલમાં દઈ

દીધા ! અથવા ફાળા થયા એમાં કોઈએ પાંચ હજાર કોઈએ સાત, કોઈએ અગિયાર હજાર આપ્યા ! સ્કૂલ-કૉલેજ-હોસ્પિટલમાં આ સૂઝે છે, ધર્મની પાઠશાળામાં નહિ. કેમ ? (૧) 'પોતાના ઉપર ધર્મનો કેટલો અપરંપાર ઉપકાર છે ! એની કૃતજ્ઞતા અદા કરું ! એ ધગશ નથી. તેમ (૨) નવી પ્રજા અરે ! પોતાના જ સંતાન, એની પણ ભાવદયા નથી કે 'આ બિચારાનું આજના જડવાદમાં તણાઈ ગયે શું થશે !'

તો શું એ ખબર છે કે આજના નવા જડવાદી યુગપ્રવાહમાં નવી પ્રજા કેવી તણાઈ રહી છે ? છતી શક્તિએ એનો ઉદ્ધાર કરવાની સંસ્થાઓ અને યોજનાઓમાં સાથ નહિ આપીને અને આધુનિક ધર્મનાશક જડવાદ વધારનારી યોજનાઓમાં સાથ પૂરીને પ્રાપ્ત જિનશાસન પ્રત્યે ઘોર બેપરવાઈ કરાઈ રહી છે, એમ અમને લાગે છે. પૂર્વજોએ તો આપણા સુધી જિનશાસન, શાસ્ત્રાધ્યયનપ્રવાહ, ધર્મ સંસ્કૃતિ, વગેરે પહોંચાડવાનો મહાન ઉપકાર કર્યો ! પણ આપણે એનો વહેલો નાશ કરવાના ઘોર પાતકમાં પડશું જો છતી શક્તિએ આ ટકાવવાની ઉપેક્ષા અને આના વિધ્વંસ કે પરિબળો પોષવાની હોંશ, મહેનત અને ખર્ચ કરીશું. આનાથી વધુ ભયંકર કૃતઘ્નતા બીજી શી હોઈ શકે ? આપણી જ પ્રજાનો ઘોર વિશ્વાસઘાત બીજો કયો કહેવાય ? જાણી જોઈને વાઘ વરુની બોડની નજીકમાં પોતાનાં ઘેટાં ચરાવનાર ભરવાડ એનું જેવું ઘાતકી કૃત્ય ગણાય, એવું આજની ધર્મ-સંસ્કૃતિ લોપક એકલી શિક્ષણાદિ યોજનાઓમાં જ પોતાના પનારે પડેલા છોકરા-છોકરીઓને જોડવાનું કે પૈસાનો ભોગ આપી એને ઉત્તેજન આપવાનું કૃત્ય ઘાતકી નહિ ગણાય ? અરે ! એ ભરવાડની બેપરવાઈ તો હજીય ઓછી કે આશ્રિતોના માત્ર એક જ ભવનો નાશ કરે, પણ ધર્મશિક્ષણ-સંસ્કરણની સરાસર ઉપેક્ષા તો એને મૃત્યુની પરંપરામાં અજાણ્યે હડસેલી દેવાનું જ કરે છે કે બીજું કાંઈ ?

"દિવ્ય-દર્શન"-"અગ્રલેખામૃત"		વર્ષ-૧૩,અંક-૨૯,તા.૨૪-૪-૧૯૬૫

## (૧૦) રોજિંદા જીવનમાં સુયોગ્ય ભાવ અને વિચારણા

જગતની વચ્ચે રહેતા જીવને આજુબાજુનું જોતા રહેવા અને એમાં ભળવા માટે અપરંપાર સંયોગો મળે છે; પરંતુ એ જોવા-ભળવાને લીધે પોતાના આત્માનું જોવા-સંભાળવાનું ચૂકી જાય છે એ એક મહાદુઃખનો વિષય છે. પોતાના આત્માનું જોયા-સંભાળ્યા વિના ન એ અહીં સાચી સુખ-શાન્તિ અનુભવી શકે, કે ન એ પરલોકને સુધારી શકે, એ હકીકત છે. માટે જ **'ભવભાવના' નામના શાસ્ત્રમાં**



**પ્રારંભે સ્વોપકાર સાધવાનું મુખ્ય બતાવી પરોપકાર પોતાની શક્તિના પ્રમાણમાં કરવાનું કહ્યું છે. બાકી સ્વનું ભૂલી પરની ખોટી ચિંતા કરવાનું તો વિવેકીને હોય જ નહિ.**

અનુભવ એમ કહી રહ્યો છે કે જીવને બીજાનું ડહાપણ ડહોળવામાં ખૂબ રસ છે, પ્રવૃત્તિ છે, અનંતાકાળનો અભ્યાસ છે. એટલે તો દા.ત. અહીં કોઈ બે માણસ લડ્યા એ જોવામાં અને એના પર ઊતરી પડવામાં જીવ એટલો બધો ગુંથાઈ જાય છે કે ત્યાં 'પણ આથી મારે પોતાને શું ? મારું સુધારવાનું કેટકેટલું બાકી છે ?' એનો કોઈ જ ખ્યાલ એને રહેતો નથી. બસ ધ્યાન આ જ, કે 'આ કેમ લડે છે ? આમાં ફલાણા ભાઈ તો ભારે ગુમાની છે, બીજાને દબાવવાની જ વાત ! કેમ જાણે એમને જ બધો હક છે ! જુઓને કેટકેટલું બોલે છે, કેટલું અભિમાન ભર્યું છે !' અથવા, 'બંને એવા લડવાડિયા તે વારે ને વારે લડવા જ જોઈએ છે ! આવાઓ શું સારું કરી રહ્યા છે ? કેવા એમના રેઢિયાળ જીવન !' આવા આવા વિચારમાં પોતાનું વિચારવાને અવકાશ જ ક્યાં રહે ?

એમ, ઘરની બહાર નીકળ્યા તો જ્યાં ને ત્યાં ડાફોળિયાં, 'આ આવું ને આ તેવું,...આની પાસે બંગલો સારો. મોટર સારી, પણ કૃપણ ભારે...! પેલો ઉદાર ખરો, પણ મિજાજી બહુ ! ઈર્ષ્યાળુ ઘણો !...ફલાણાને ધરમનો ખપ જ નહિ ! કોઈ દિ કાંઈ ધરમ કરવો છે ? શું કામ કરે ? સારું મળ્યું છે તે એમાં જ મસ્ત રહેવું છે !...આ મિઠાઈઓ સરસ ! આ કાપડ તકલાદી ! આજે બધું બહુ મોઘું બહુ !...' આવું ને આવું પરમાં જ માથું ઘાલ્યા કરવામાં ને ડહાપણ ડહોળવામાં જીવનની મોંઘેરી ક્ષણો-ઘડીઓ અને દિવસોના દિવસો ચાલ્યા પાણીના રેલે ! પોતાના આત્માને શું ?-એનો વિચાર જ નથી આવતો. આ નિરર્થક ભાંજગડ કૂટવાથી શું મળવાનું હતું ? મન કેવું મેલું ને મેલું રહેશે, એનું લક્ષ જ નહિ ! તેમ જીવનનો કિંમતી સમય આ પરપંચાતમાં વેડફી નાખતાં સ્વાત્માનું વિચારવાની જગા જ ક્યાં રહે ?

ડહાપણ હોય તો ઉક્ત પ્રસંગોમાં એ વિચારી શકાય છે કે 'પેલા લડવાડિયા છે, પણ હું ય પોતે ક્યાંય સ્વાર્થભંગ થતાં ક્યાં ઊછળતો નથી ? પેલો ગુમાની છે પણ મને ય બીજી બાજુનાં ગુમાન ક્યાં ઓછા છે ? વળી કોઈ લડવાડિયા, કોઈ અભિમાની...ઇત્યાદિ સ્થિતિ તો દુષ્ટ સંસારનો સ્વભાવ છે. એમાં મારા વિચારની દખલથી શું વળવાનું હતું ? 'અગ્નિ બાળનારો બહુ !' શું એવા વલોપાતથી એ પોતાનો સ્વભાવ બદલશે ? ના, તો એ જ પ્રમાણે સંસારના ભાવો પોતાના સ્વભાવે કામ કરતા હોય એમાં મારે વ્યર્થ મગજમારી શા સારુ કરવી ? જડ કે



E:/Divya-Darshan(part-11).pmd/prf.5

જીવ એના સ્વભાવે ચાલે, એમાં ડહાપણ ડહોળ્યા વિના કે એના તરફ નજર પણ લઈ ગયા વિના મારા આત્માની પરિસ્થિતિ જ જોવા-વિચારવા દે; એનાં કર્તવ્યની જ ચિંતા રાખું.' આ વિચારી મન-વચન-કાયાનાં કેટલાય સુકૃતો શક્ય છે; શુભ યોગમાં પ્રવર્તવાનું કેટલું ય સુલભ છે; કેટલાય ક્ષમા-વિનયાદિ સદ્‌ગુણોનો અભ્યાસ વધારી શકાય એમ છે. આ છોડીને ભળતી વાતોમાં ડૂબવાની શી જરૂર છે ?

કદાચ નજર સામે આવેલા ઉપર જ લક્ષ જાય છે તો ત્યાં ય એ વિચારવું જોઈએ કે 'આમાંથી કેવા શુભ ભાવની મારે તક છે ? 'દા.ત. પેલા લડતા માણસો જોઈ દયા આવે કે 'બિચારા ! માનેલા બહારના શત્રુને દબાવવામાં અંતરના કષાય શત્રુઓને પુષ્ટ તાજા-તગડા કરી રહ્યા છે, જે એમને ભવોભવ વિડંબશે !' એમ કોઈની શ્રીમંતાઈ દેખાતાં, એની ભાવ દયા ઊભરાય કે "આ બિચારો, **'પરિગ્રહભાર ભર્યા પ્રાણી, પામે અધોગતિ દુઃખખાણી,'** એ ન્યાયે કેવો પીડાશે !" અગર એનામાં ધર્મ અને સદ્‌ગુણો દેખાય તો અનુમોદના થાય કે 'ધન્ય છે આને કે આવાં પ્રલોભન વચ્ચે ધર્મ કરે છે ! ગુણિયલ બન્યો રહે છે ! હું ધડો લઉં.' ત્યારે જડ ચીજો પ્રત્યે નજર જતાં પુદ્‌ગલના ખેલ વિચારી સમભાવ, ઉદાસીનભાવ, અનિત્ય ભાવના, વૈરાગ્ય, વગેરે શુભ ભાવની પુષ્ટિ કરાય.

સારાંશ, પોતાના આત્માને શું ? આત્માનાં કયા કયા કર્તવ્યપાલન અને અકૃત્યત્યાગ કરવાનાં ઊભા છે, એનો વિચાર અને પુરુષાર્થ તથા નજરે ચડતા પદાર્થ-પ્રસંગમાંથી એક યા બીજા શુભ ભાવને શોધી કાઢી એનો અભ્યાસ એ જ જીવન બની જવું જોઈએ, અને અનાદિની અવળી રીતરસમ, સચોટ લક્ષ રાખી પળે પળે અટકાવવી જોઈએ.

"દિવ્ય-દર્શન"-"અગ્રલેખામૃત" વર્ષ-૧૩,અંક-૩૦,તા.૧-૫-૧૯૬૫

## (૧૧) વિષયોમાંથી સુખની ભ્રાન્તિ કેમ ટળે ?

### (લેખાંક-૧)

કપિલ કેવળી ભગવાને ૫૦૦ ચોરોને પ્રતિબોધ કરી સંસાર ત્યાગી બનાવ્યા તે આ મુદ્દા ઉપરના ઉપદેશથી કે સંસારની કેદ રાગના મૂળ ગુન્હા પર છે. એ રાગ ઈન્દ્રિયોના વિષયભોગથી પોષાય છે. ત્યારે જીવ એ ભોગમાં લપટાય છે તે સ્વહિતના મતિભ્રમના કારણે, કે 'વિષયભોગમાં સુખ છે.' જ્યાં સુધી વિષયોમાં સુખની ભ્રાન્તિ બેઠી છે ત્યાં સુધી એ વિષયોના ત્યાગમાં આત્મહિત શી રીતે દેખે ? ભોગ



ક્યાંથી ઓછા થાય ? રાગનું દબાણ શી રીતે ઓછું થાય ? મૂળમાં આ મતિભ્રમ ટાળવા જેવો છે.

તો આ પ્રશ્ન છે કે વિષયોમાંથી સુખનો ભ્રમ કેમ ટળે ? સ્પષ્ટ અનુભવ તો એ થાય છે કે સારાં રૂપ અને રૂપાળી વસ્તુઓ જોતાં સુખ થાય છે, મીઠા રસથી આનંદ આવે છે. કોકિલકંઠના મધુરાં ગીત મજા આપે છે...વગેરે. હવે આમાં સુખ નહિ, પણ ભારોભાર દુઃખ છે, એ શી રીતે મનમાં બેસે ? પરંતુ આ બેસાડવાના ઉપાય છે. દા.ત.

(૧) **'વિષય હળાહળ વિષ તિહાં શી અમૃત બુદ્ધિ રે'** સર્વજ્ઞ ભગવાનનું પ્રત્યક્ષ અનંત જ્ઞાને જોયાનું આ વચન છે કે 'વિષયો હળાહળ ઝેરથી ભૂંડા છે, એમાં સુખ શું ? વિષ તો ખાતાં મારે, પરંતુ વિષયો તો કલ્પના લાવતાં પણ મારે છે.' સંગ્રહણીવાળાને 'વાલ વટાણા ઝેર રૂપ' એવા વૈદ્ય વચન પર ભારોભાર શ્રદ્ધાથી મીઠા પણ એ વાલ આદિ સુખરૂપ નથી લાગતા; એમ ઉપરોક્ત સર્વજ્ઞ વચન પર અથાગ શ્રદ્ધા હોય તો વિષયોમાં સુખની કલ્પના નહિ થાય. અલબત આ સર્વજ્ઞ વચનની વારેવારે ભાવના કરવી જોઈએ, જેથી એના દૃઢ કરાયેલ સંસ્કાર પછી વિષયોમાં દુઃખનાં જ દર્શન કરાવે. એવી, હવે દર્શાવતા બીજા ઉપાયોમાં પણ ભાવના વારંવાર જરૂરી છે, 'પુરુષ વિશ્વાસે વચન વિશ્વાસ.' સર્વજ્ઞ શ્રી અરિહંત ભગવાન ઉપર અનન્ય રાગ છે તો એમનાં એ વચન ઉપર પણ અવિહડ વિશ્વાસ થવાથી વિષયો દુઃખરૂપ દેખાશે.

(૨) વિષયોમાં સુખ દેખાય છે તે ખરેખર તો વિકારની ખણજરૂપી દુઃખનો કામચલાઉ પ્રતિકાર માત્ર છે, સુખ નહિ. ખણજની આ કામચલાઉ નિવૃત્તિ પણ આગળ, 'વાઘે લોહી ચાખ્યા'ની જેમ, ખણજને જાલિમ વધારે છે. તો ખરજવાની ખણજને ચળવાના દેખાતા આનંદ પર એની વધતી ખણજના દુઃખની જેમ વિષયોના વિકારની વધતી ખણજના હિસાબે વિષય સંપર્કમાં ખરેખર સુખ ન કહેવાય.

(૩) એકનો એક હોશિયાર રળતો-કમાતો પરણાવેલો રૂપાળો દીકરો મરી જવા પર એના વિયોગના ભારે દુઃખના લીધે મેવા-પકવાન્ન, શણગાર-અલંકાર, બંગલો-ગાડી વાડી બધું જ ખાવા ધાય છે, એમ જો આપણને વહાલા વીરપ્રભુના થયેલા વિયોગનું ભારોભાર દુઃખ હોય તો મોટા છ ખંડની ઠકુરાઈના વિષયો પણ કશું ય સુખરૂપ ન લાગે, ખાવા ધાય. માત્ર, પ્રભુના વિયોગથી હૃદય ભારે ઉદ્વિગ્ન જોઈએ.

(૪) ગમે તેવા ઊંચા દેવતાઈ વિષયો પણ અંતે આપણને તરછોડનારા છે, એકલા, અટુલા નિરાધાર ચાલી જતા કરનારા છે, માટે એ સુખરૂપ નથી. ગરીબને



E:/Divya-Darshan(part-11).pmd/prf.5

પત્ની તરીકે મળેલી અને મોટર, કેશ, દાગીના વગેરે સાથે આવેલી કરોડપતિની કન્યા જો રોજ ટોણાં મારતી હોય કે 'આમ કરશો તો હું મારા બાપને ઘેર બધું લઈને ચાલી જઈશ. આમ કરશો તો હું ચાલી જઈશ,' ને નિશ્ચિત લાગતું હોય કે એ અધવચ્ચે તરછોડી ચાલી જશે, તો એ અને એની મોટર-મિલકત વગેરેમાં સુજ્ઞ સહૃદયને ક્યાં સુખ લાગે છે ? નફફટની વાત જુદી. ત્યાં તો કદાચ પ્રપંચ કરીને એની માલમિલકત દ્વારા રળેલું ખાનગી સંગ્રહિત કરી રાખવા પર સુખ લાગે. કેમકે પેલીના ચાલી જવા છતાં એ હાથ પર બચે છે; પરંતુ અહીં તો સંસાર પ્રવાસમાં અધવચ થતા મૃત્યુ વખતે કશું જ બચાવી સાથે લઈ જઈ શકાતું નથી. એવા નિશ્ચિત તરછોડનારા વિષયોમાં શું સુખ ?

(૫) શ્રીમંતને કોક એવી જ પત્ની મળી હોય કે જે એને આગ્રહ કરી કરી પાસે બેસાડી રાખીને, એનાં અનેક કારખાનાં પેઢીઓ વગેરે લખલુટ કમાઈ આપે એવા ધંધાના સ્થળો પર ન જવા દેતી હોય, તો એ ગમે તેવી રૂપાળી ચાલાક ચાટુબોલી પણ સ્ત્રી ધનના લોભી એને સુખરૂપ નથી લાગતી, એમ વિષયો પણ આત્માને લોભાવીને અહીં મહાન સાધ્ય પરમાત્મ-લીનતા, મહાત્યાગ, અનુપમ નિર્વિકારદશા અને તત્ત્વચિંતનની તન્મયતા નથી કમાવા દેતા, માટે વિષયોમાં શું સુખ લાગે ? વિષયો આકર્ષે છે એટલે જ પરમાત્મદર્શન કે એમનાં નામસ્મરણ-નવકારવાળીમાં ચિત્ત એક સરખું ચાલતું નથી. સારા દુન્યવી વિષયો ધન-માલ-પરિવાર અને સુંવાળી કાયાનાં આકર્ષણ જ વ્રત-નિયમ-ચારિત્રરૂપી મહાત્યાગથી વંચિત રાખે છે; જીવને નિર્વિકાર ન થવા દેનાર વિષયો જ છે. ધારાબદ્ધ તત્ત્વચિંતન અને તત્ત્વદૃષ્ટિ ન ટકવા દેનાર આ વિષયોની દખલ જ છે. તો આ મહા કમાઈમાં અંતરાયરૂપ થતા વિષયોમાં સુખ શું ?

(૬) કોઈ મોટા કરોડપતિને બધી સંપત્તિ ગુમાવી દીધા બાદ લેણિયાત પાસેથી થોડું ખાવા-પીવા પહેરવા મળતું હોય એમાં, પેલા વૈભવ નાશના દુઃખને લીધે, સુખ શાનું લાગે ? એમ આત્માએ નિજની અનંત સમૃદ્ધિ ગુમાવી દીધાના દુઃખ પર વિષયોમાં શું સુખ મળવાનું ?

''દિવ્ય-દર્શન''-''અગ્રલેખામૃત'' વર્ષ-૧૩,અંક-૩૧,તા.૧૫-૫-૧૯૬૫

## (૧૨) (લેખાંક-૨)

(૭) વિષયોમાં સુખ છે એવી ભ્રમણાથી બચવા માટે એક ઉપાય આ છે કે એ જોવું કે જીવને જ્યાં શમ, સંવેગ-નિર્વેદ, ક્ષમા-નમ્રતા-નિર્મલતા-કૃતજ્ઞતા-



પરાર્થકરણ, મૈત્રી-પ્રમોદ-કરુણા વગેરે કોઈ ગુણની કમાઈનો અવસર આવે કે ત્યાં આ ઇન્દ્રિય-વિષયો આડા આવીને પોતાનામાં જીવને તાણી ગુણોપાર્જન ને ગુણાભ્યાસ દૂર મૂકાવી દે છે. તો પછી એવા આ માનવ ભવને ઉજ્જ્વળ અને આત્માને સમૃદ્ધ કરનાર ગુણકમાઈ આડે પથરો મૂકનાર વિષયોમાં સુખ કેમ મનાય ? દા.ત. પરદેશ વેપાર અર્થે ગયેલાને મળેલો રંગરાગી શ્રીમંત મિત્ર ભલે વેપાર કરવા જવા ય દે, પણ એમાં જ્યાં તેજીમાં નફાનો સોદો કરવાનો અવસર આવે ત્યાં એ પડતો મૂકાવી રંગરાગમાં તાણી જતો હોય તો એ રંગરાગ ગમે તેવા મીઠા છતાં આને સુખરૂપ નહિ લાગે. એમ અહીં કોઈ વિષયના સ્વાર્થનો ભંગ કરનાર પર ગુસ્સો થયો ત્યાં ક્ષમાની કમાઈ કરવાનો મળેલો અવસર વિષયનાં આકર્ષણે ચૂકાવ્યો, ક્ષમા ભૂલાવી દીધી. એમ કૃતજ્ઞતા બજાવવાના અવસરે વિષયરાગ એ ચૂકાવે છે...વગેરે. આમ જીવન આખું ય ગુણકમાઈ વિના વેડફી નખાવનારા વિષયોમાં સુખ કેમ મનાય ?

(૮) વિષયો અનંતકાળ પેંધેલા રહી જીવને ભૂખારવો બનાવી રાખનારા છે, તો એ સુખરૂપ કેમ મનાય ? દા.ત. જુગારના વ્યસનમાં ફસેલાને એ વ્યસન જુગારનો ભૂખ્યો ને ભૂખ્યો રાખે છે. તો ભલે એ જુગાર પૈસા કમાવી આપતો હોય, તો ય ડાહ્યા માણસ એને સારો માનતા નથી, એમ આ વિષયો સારા સુખરૂપ માનવા જેવા નહિ.

(૯) વિષયો પુણ્યને પરાધીન છે, તેમ અનિયત છે; માટે એમાં સુખ શું માનવું ? દા.ત. કોઈ ગરીબ માણસને કરોડપતિની એકની એક કન્યા પરણવા મળી અને એ પત્ની બાપના ઘરની સમૃદ્ધિથી આને વિવિધ સગવડ પણ પૂરી પાડતી હોય, પરંતુ તે પોતાની સ્વતંત્ર ઇચ્છા મુજબ અભિમાનથી અને અનિયત રીતે; તેથી આની ઇચ્છાની પરવા કર્યા વિના ઘડીમાં કાંઈ ને ઘડીમાં બીજું ! ક્યારેક કશું જ ન આપે ! આપે તે ય રોફ બજાવીને, અને આને એક સ્વતંત્ર નોકર કરતાં ય હલકો ટકે પાઈ તોલુનો ઠરાવીને આપે ! તો શું આ એનો પતિ એ સગવડોમાં સુખ માને ? ના, એમ પુણ્ય આગળ ગરીબડા જીવે, પુણ્યની સ્વતંત્ર ગણતરીએ, અનિયતપણે અને જીવની ઇચ્છા-ગણતરીની પરવા વિના મળતી સગવડોમાં, સુખ શું માનવાનું ?

(૧૦) જીવ કર્મનો એક કંગાળ કેદી છે, ત્યાં જેમ રાજ્ય જપ્ત થઈ નજરકેદી બનેલા કોઈ રાજાને બંગલો-બગીચો-રાજશાહી ખાનપાન-મશરૂમની ગાદી પલંગ સંગીત-શ્રવણ વગેરે મળતું હોય છતાં પોતાના નાના પણ રાજ્યના એક સ્વતંત્ર રાજવીપણાની આગળ આ બંગલાની કેદમાં એક ગુલામ તરીકે પૂરાયા રહી મળતી

બાદશાહી સગવડો દુઃખરૂપ જ લાગે છે, એમ કર્મકેદી જીવે કેદમાં રહ્યા મળતા મીઠા રળિયામણા પણ વિષયોમાં સુખ શું માનવાનું હોય ?

(૧૧) જીવના માથે અનંતા કર્મ અને રાગાદિ અનંતા દોષોનો ભાર છે એ ગુન્હારૂપ છે. એથી સજારૂપે ભવોની જેલમાં ભ્રમણ, અનુચિત ચેષ્ટા અને ત્રિવિધ તાપસહન કરવા પડે છે. હવે આ ઉત્તમ ભવમાં એ કર્મ અને એ દોષોનો ભાર હેઠો ઉતારવાની ચિંતા ભારે ઊભી છે. ત્યાં એવા કોઈ ભારે રાજકીય ગુન્હાઓમાં સપડાઈ ગયેલ ખાનદાન માણસને રાત દિવસ એ ગુન્હાના ભાર ઊતારી નાખવાની ચિંતામાં સારું મજેનું ખાવું-પીવું-ભોગવવું કશું સુખરૂપ ન લાગે, એની જેમ જીવને વિષયોના સંપર્ક શા સુખરૂપ લાગે ? મન પર એ કર્મ-દોષોનો ભાર જોઈએ.

(૧૨) એ જ કર્મ અને રાગાદિ દુશ્મનોના ઘેરાવા વચ્ચે, જાલિમ શત્રુરાજાઓથી ઘેરાયેલ રાજાની જેમ એની ચિંતામાં મીઠાં પણ વિષયો સુખરૂપ ક્યાંથી લાગે ?

(૧૩) આપણા વિષયોમાં સુખ બીજા કેટલા ય જીવોના પાપોદય પર ઊભા થાય છે, ગરમાગરમ મીઠાં ભોજન અસંખ્ય સ્થાવર જીવોના સંહાર પર મળે છે. એ ભોજનાદિમાં સુખ શું માનવું ? કસાઈને અનેક પશુની હિંસા પર મળતા સંપત્તિ-સુખ લોહીના લાડુ જેવા કહેવાય છે. એને કોઈ સુજ્ઞ સુખરૂપ ન લેખે.

(૧૪) વિષયો એ એકેન્દ્રિય જીવોનાં કલેવર છે. મડદાં પર તો ગીધડાં ઉજાણી માને. બીજાથી એ કલેવર પર સુખ કેમ મનાય ?

(૧૫) વિષયો પાપોર્જક અને ભવવર્દ્ધક છે. એની કકળતી ચિંતા હોય તો ભારે વધી રહેલ દેવાની ચિંતાવાળાની જેમ વિષયો કશા ય સુખરૂપ ન લાગે. સારાંશ, આ મુદ્દા લક્ષમાં રાખવાથી વિષયોમાં સુખની ભ્રાન્તિ નહિ રહે. એ ભ્રાન્તિ ઊડવાથી વિષયભોગ પર કાપ સુલભ થાય, તેથી રાગનાં પોષણ ઓછાં થાય.

"દિવ્ય-દર્શન"-"અગ્રલેખામૃત" વર્ષ-૧૩,અંક-૩૮,તા.૩-૭-૧૯૬૫

## (૧૩) 'જહા લાહો તહા લોહો, લાહા લોહો પવડ્ઢઈ'

શ્રી ઉત્તરાધ્યયન સૂત્રનું આ વચન કહી જાય છે કે 'જેમ લાભ થાય તેમ લોભ થાય છે, લાભથી લોભ વધે છે.' આ વચન શ્રી કપિલ કેવળી ભગવાનનું ચોરોને ઉદ્દેશીને કહેવાયેલું છે.

વાત એમ હતી કે કપિલ નામના એક બ્રાહ્મણ વિદ્યાર્થીને પોતાના ગામમાં



રાજમાન્ય સ્વર્ગસ્થ પંડિત પિતાની ઈર્ષ્યાથી બીજા પંડિતો ભણાવતા નહિ, તેથી પરદેશમાં જઈ પિતાના મિત્ર પંડિતને ત્યાં ભણતો હતો. પરંતુ જ્યાં એક શાહુકારને ત્યાં જમતો, ત્યાં પીરસનારી દાસી સાથે પ્રેમમાં પડ્યો અને પ્રેમવશ એના કુંડળ માટે રાજા પાસેથી સોનું લાવવા વિચાર કર્યો. રાજા પોતાને મંગલશ્લોકથી જે જગાડે એને બે માસા સોનું આપતો. કપિલ ધૂનમાં પાછલી રાત્રિએ ચાલ્યો. કોટવાળે પકડ્યો, સવારે રાજા પાસે ખડો કર્યો. સાચી વાત કહેતાં રાજાએ માગવાનું કહ્યું. એમાં કપિલને લોભ લાગ્યો કે બે માસા માગું કે ચાર ? ૪ કે ૮ ? ૧૦, ૨૦, ૫૦ ?...એમ કરતાં ક્રોડ સુધી મન પહોંચી ગયું ! ત્યાં પોતે ચોંકી ઊઠે છે કે 'અરે ! જીવની આ તૃષ્ણા કેટલી ? એનો અંત ક્યાં ?' હવે એ ચિંતન-ઊહાપોહમાં પૂર્વજન્મનું સ્મરણ થઈ આવે છે, અને વિરાગી બની ચારિત્ર લઈને ત્યાંથી જ નીકળી પડે છે. છ મહિનામાં કેવળજ્ઞાન પામે છે ! ધન્ય સાધના ! ધન્ય સત્ત્વ ! જંગલમાંથી જતાં ૫૦૦ ચોરો ઘેરી વળે છે. એમની માગણી પર કપિલ કેવળી ભગવાન રાસડો ગાય છે ! પણ રાસડો ભરચક ઉપદેશભર્યો ! એમાં આ વસ્તુ કહે છે કે 'જેમ લાભ વધે છે તેમ લોભ વધે છે.'

માણસને લોભમાં દોડતાં જો સો રૂપિયાની પ્રાપ્તિ થાય છે, તો પછી મનને એમ થાય છે કે 'હવે તો થોડી મૂડી હાથ પર આવી છે, એટલે ધંધો વધારું તો ધીરે ધીરે રૂા. ૫૦૦|- નો લાભ થાય.' આ લોભ વધ્યો. એમાં હવે લાભ કરવા તરફ દોડે છે. એ થતાં વળી આગળ લોભ વધે છે, ને એથી નવા લાભની ધાંધલ વધારે છે. અનંતા કાળથી આ જ ચક્રાવો કે લાભમાંથી લોભમાં, અને લોભથી લાભ તરફ ! વળી એ લાભમાંથી લોભમાં, અને એ લોભથી લાભ તરફ...! એમ લાભ-લોભના વર્તુલમાં જીવ ચકરડી-ઘુમરડી કર્યા કરે છે ! આ જીવનનો એવો જ સહજ અનુભવ સૂચવી રહ્યો છે કે પૂર્વે એ જ કર્યા કર્યું છે. હવે અહીં પણ એજ ચાલુ રાખવાનું હોય તો એનું પરિણામ સ્પષ્ટ છે કે આગળ શું દેખવાનું મળશે. કીડ-પશુનાં જીવન એજ બતાવી રહ્યા છે. તો લાભ-લોભના ચક્રાવામાંથી ક્યારે બહાર નીકળવાનું ? ખૂબી તો એ છે કે લોભ વધીને લાભ માટે દોડવા છતાં લાભ થાય જ એવો નિયમ નથી, છતાં એની લત મૂકાતી નથી.

પરંતુ આની સામે જો ધર્મના લાભ અને લોભનો પરસ્પર ટેકો ઊભો કરવામાં આવે, અર્થાત્ જ્યાં થોડોક ધર્મનો લાભ થયો ત્યાં અધિક ધર્મ લોભ વધે, એ વધવાથી વધુ ધર્મ-લાભ માટે પ્રયત્ન થાય, એ લાભ થતાં વળી ધર્મ-લોભ સતેજ બને...તો જીવનની ગાડી ઊંધા પાટેથી સીધા પાટે આવવા લાગે, પાપના લાભ લોભને ધક્કો પહોંચે.



E:/Divya-Darshan(part-11).pmd/prf.5

ત્યારે સવાલ આ ઊભો થાય છે કે થોડો ધર્મ-લાભ થવા પર અધિક ધર્મ-લોભ વધે છે ખરો ? કે ઊલટું ધરાઈ જઈ અરુચિ સાથે માંડવાળ થાય છે ? બે પૈસાનું દાન કર્યું, સામાયિક કર્યું, માળા ગણી, કોઈ નિયમ કર્યો કે બે દહેરે દર્શન કર્યા; પછી દાન વગેરેનો લાભ વધે છે ખરો ? કે નિરાંત થાય છે કે 'હાશ ! આજનો ભાર માથેથી ઊતર્યો ? હવે બસ, વધુ નહિ ?'

પૌદ્‌ગલિક લાભ પાછળ એનો લોભ વધે અને ધર્મના લાભ પર ધર્મનો લોભ ન વધે એનું શું કારણ ? આ જ કે પહેલા લાભમાં અનહદ આનંદ છે ત્યારે બીજામાં એ નથી નહિતર ધર્મના લાભ પર ખરેખર આનંદ ઊછળતો હોય તો એનો લોભ વધવાનું કેમ ન બને ? અલબત્ત એ વધવા છતાં સંયોગવશ અધિક ધર્મ-લાભ માટે પ્રયત્ન ન થઈ શકે એ બનવા જોગ છે; પરંતુ ત્યાં તો પછી ધર્મલાભને બદલે પાપમાં પડવું પડતું હોય એની હૈયાને ભારે વ્યથા હોય ! બે પૈસા કમાયા પછી વધુ કમાઈનો લોભ જાગ્યો હોય છે તો ભલે તાવ આદિ કારણે અધિક ધનલાભનો પ્રયત્ન અટકી જાય તો પણ એને ભારે ખેદ તો થાય જ છે.

એટલે વાત આ છે કે ધર્મનો લોભ, ધર્મની અભિલાષા વધતી રાખવા માટે, મળેલ ધર્મ-લાભ પર વિશુદ્ધ અનહદ આનંદ બન્યો જ રહેવો જોઈએ. થોડો પણ ધર્મનો લાભ થવા પર દિલને ભારે હર્ષ છે એનું આ માપકયંત્ર છે કે 'આગળ એનો લોભ વધે છે,' એ દેખાય.

"દિવ્ય-દર્શન"-"અગ્રલેખામૃત" વર્ષ-૧૪,અંક-૫,તા.૯-૧૦-૧૯૬૫

## (૧૪) કાયા ધર્મમાં સાથે દિલ ધર્મનું.

### (લેખાંક-૧)

પૂર્વ ત્રીજા અંકમાં 'ધર્મ ત્રણ કારણોએ દુર્લભ' વાળા અગ્રલેખામૃતમાં 'કાયા તો અનંતીવાર ધર્મમાં જોડી ધાર્મિક કરી, પરંતુ દિલ ધર્મનું ન બનાવ્યું ત્યાં આત્માની ઉન્નતિ શે થાય ?' એ પ્રતિપાદન પર એક ભાઈનો પ્રશ્ન આવ્યો કે તો પછી એમ અહીં પણ ધર્મક્રિયાઓ કરી એમાં કેટલી ય વાર દિલમાં બીજી ત્રીજી આશંસાઓ, વાસનાઓ, વિચારો રમાડ્યા કર્યા હશે, તો એ તો એળે ગઈ ! ત્યારે હવે અમારે દિલ ધર્મનું રાખવાનો ક્યાં અવસર રહ્યો ?'

પ્રશ્ન હૃદયની મુંઝવણનો છે, પરંતુ એ રીતે હતાશ થઈ બેસવાની જરૂર નથી, કેમકે જો આજે પણ એમ લાગવા માંડ્યું છે કે 'હાય ! દિલ બીજી ત્રીજી



દુન્યવી અપેક્ષાઓ, માનપાન-વાહવાહની લોભ-લાગણી કે ભળતા જ વિચારો કરી કરીને આ મેં તો જીવનનો અમૂલ્ય ધર્મકાળ પણ એળે ગુમાવ્યો !' તો સમજવાનું છે કે આવી સાચી ચોંકામણ પાછળ દિલમાં એક વસ્તુ તો તરવરી રહી કે 'ખરેખર ! આ દુન્યવી આશંસાઓ, લાગણીઓ, વિચારો મલિન છે, આત્મહિતના ઘાતક છે, અને તે હટાવવા જ જોઈએ.' આમ આત્મનિંદા સાથે એ આશંસાદિમાં દુષ્કૃત્યપણાની ભાવના જે જાગી, તેમજ હવે એ હટાવવા માટે આંતર અભિલાષા જે ઊઠી, એમાં ભવનિર્વેદ, દુષ્કૃત-ગર્હા અને ધર્મનું આછું પ્રણિધાન જાગ્યું. એ દિલ ધર્મનું બનવામાં પહેલું પગથિયું ચડી રહ્યા છીએ એમ સમજવાનું છે.

દિલ ધર્મનું કરવા, શાસ્ત્રકાર ભગવંતોએ પાયાની કેટલીક ખાસ આવશ્યક્તાઓ બતાવી છે. દા.ત. પ્રભુ પાસે રોજ 'જયવીયરાય સૂત્ર' માં પહેલી માગણી-આશંસા ભવનિર્વેદની કરીએ છીએ, તો આ ભવનિર્વેદને જગાવવાની અને વધુ ને વધુ સતેજ કરવાની ખાસ જરૂર છે. યાદ રહે કે ગણધર ભગવાને તીર્થંકર ભગવાન પાસેથી ત્રિપદી તત્ત્વ પામ્યા પછી એ જ વખતે રચેલું આ સૂત્ર છે. તીર્થંકર ભગવાન અને ગણધર મહારાજ પર જો આપણે પાકો વિશ્વાસ ધરતા હોઈએ, તો એમણે પ્રથમ નંબરમાં જરૂરી બતાવેલ ભવનિર્વેદ વિના ધર્મમાં પ્રવેશ ન થઈ શકે એ ચોક્કસ સમજી રાખવું જોઈએ. દિલ ધર્મનું બનાવવાને બન્યું રાખવા માટે ભવનિર્વેદ જીવતો જાગતો રહેવો જોઈએ.

ભવનિર્વેદ એટલે સંસાર પર ઉદ્વેગ, કંટાળો, સંસાર પર અકર્તવ્યપણાની બુદ્ધિ. એ સંસાર બે પ્રકારે છે, (૧) બાહ્યથી ઈન્દ્રિયોને મીઠાં મીઠાં લાગતા વિષયો એ સંસાર, અને (૨) આંતરથી એની આશંસાઓ, તૃષ્ણા-આસક્તિ, સાથે સેવાતા રાગ-દ્વેષ, કામ-ક્રોધ, માન-મદ, માયા-લોભ, ઈર્ષ્યા-દીનતા, વગેરે અશુભભાવો તથા અના પોષક વાણી-વિચાર-વર્તાવના આત્મપુરુષાર્થ એ સંસાર. આ બંને પ્રકારના સંસાર પર આત્માને ઘૃણા-ગ્લાનિ થાય, સુગ ચઢે, નીસાસો પડે, ને 'કેમ એ હવે છૂટે, ઓછો થતો આવે' એવી દિલની ધગશ જાગે, એ ભવ-નિર્વેદ છે. એની વારંવારની ભાવનાથી દિલમાં એને દઢ કરવો જોઈએ, દિલ એનાથી ભાવિત કરી દેવું જોઈએ; જેથી ધર્મસાધના વખતે શું, કે તે વિનાના સમયમાં શું, પણ અંદરખાને એ બાહ્ય આભ્યન્તર ભવ ઉપર અરુચિ રહ્યા કરે.

ખાસ ધ્યાનમાં રહે કે એકલા બાહ્ય સંસાર પર અરુચિથી કામ નહિ પતે, સાથે આભ્યન્તર મલિન ભાવોરૂપી સંસાર ઉપર પણ પાકો અણગમો, તિરસ્કાર, દુઃખની લાગણી જોઈશે; તો જ એ મલિનભાવ ઓછા થતા આવશે, અને ભવની પરંપરા એવી નહિ વધે. ત્યારે, એ પણ સાચું છે કે બાહ્ય સંસાર, પૈસા ટકા-



E:/Divya-Darshan(part-11).pmd/prf.5

હાટહવેલી-વિષય સુખો અને આરંભ-સમારંભ વગેરે, ઉપર પણ ગ્લાનિ, ખેદ, અણગમા વિના નહિ ચાલે; કેમકે નહિતર બાહ્ય સંસાર કડવો ખેદકારી લાગ્યા સિવાય આભ્યન્તર સંસાર પર સાચો ઉદ્વેગ-નિર્વેદ નહિ રહે, એ રહ્યાનો દંભ થશે ! સારાંશ, બંને પ્રકારના સંસાર ઉપર અરુચિ-નિર્વેદ જીવંત જાગ્રત જોઈએ.

આ ભવનિર્વેદ જાગવા પર જ, અગર એ જગાડવા માટે જ, કરાતી દેવદર્શન આદિ ધર્મક્રિયા વખતે દિલ ધર્મનું બનશે.

''દિવ્ય-દર્શન''-''અગ્રલેખામૃત'' વર્ષ-૨૪,અંક-૮,તા.૧-૧૧-૧૯૭૫

## (૧૫) ક્ષમા એ કમાવવાની ઉત્તમ વસ્તુ છે.

**ક્રોધ એ પશુની વડાઈ. ક્ષમા એ મનુષ્યની વડાઈ.**

**ક્રોધમાં માણસ આંધળો બને છે, ક્ષમામાં દેખાતો રહે છે.**

**ક્રોધમાં ટૂંકી દૃષ્ટિ છે, ક્ષમામાં દીર્ઘ દૃષ્ટિ છે.**

**ક્રોધ એ કમાવવાની વસ્તુ નહિ, એમાં ગુમાવવાનું થાય છે. ક્ષમા એ કમાવવાની વસ્તુ છે.**

ક્રોધ અને ક્ષમાના આવા મહાન તફાવત જો ધ્યાનમાં લઈએ તો આ ઉચ્ચ માનવજીવનમાં અવસરે અવસરે ક્ષમા કમાઈ લેવા તરફ ચોંટ રહે. ક્રોધના તામસ ભાવને પડતો મૂકી ક્ષમાના સાત્ત્વિક ભાવને જ કમાઈ લેવાનું દિલ રહે.

મહાવીર ભગવાને પોતાના જીવનમાં ક્ષમા જ કમાઈ લેવાનો ભેખ લીધો. અને એમાં પારંગત થયા, તેથી જ 'મહાવીર' તરીકે પ્રસિદ્ધ થયા. મૂળ એમનું નામ વર્ધમાનકુમાર, પરંતુ ક્ષમાથી પોતાના આત્મા પર વિજય મેળવવાની અનેરી વીરતા કેળવી તેથી મહાવીર કહેવાયા.

મહાવીર પ્રભુએ જગતને પણ આ શીખવ્યું કે સંગ્રામમાં જે એકલો પણ હજારો સુભટને જીતે એના કરતાં જે જીવનસંગ્રામ ખેડી પોતાના આત્મા પર વિજય મેળવે, એ ખરેખરો પરાક્રમી છે. સાચો વીર છે. હજી હજારોને જીતવા એ સહેલું છે, પરંતુ પોતાના આત્મા પર પોતાના મન પર વિજય મેળવવો કઠિન છે. કઠિનને સાધે એ વીર કઠિનમાં હારી જાય એ કાયર. ક્રોધી એ બીજાને દબાવે છે, પણ ક્ષમાશીલ જાતને દબાવે છે, ને એજ સાચો વીર છે.

જગતમાં ક્ષમાશીલ પંકાઈ ગયા, ક્રોધી નહિ. ક્ષમાથી જાતે તો સજ્જન બન્યા, પણ દુર્જનનેય સજ્જન બનાવી ગયા.



એક વખત એક કાશીનરેશ એવા ક્ષમાશીલ-ધીર-ગંભીર અને પરોપકારી કે એની પ્રશંસા કોશલ દેશના રાજાના દરબારમાં પણ થવા લાગી, કોશલનરેશથી આ સહન ન થયું, 'હેં મારા દરબારમાં મારા નહિ, ને કાશીનરેશના ગુણ ગવાય ? આ અસહિષ્ણુતાથી એ મોટું લશ્કર લઈ કાશીનરેશને પદભ્રષ્ટ કરવા યુદ્ધ માટે ચાલ્યો,' 'કાશીનરેશ રાજા હોય તો લોકો એના પરોપકાર વગેરેને ગાય ને ? બસ, એને ઉખેડી નાખું,' આ ધૂનમાં કાશી રાજ્યની નજીક પહોંચવા થયો.

અહીં કાશીનરેશને આ ખબર પડતાં ક્ષમા અને પરોપકારથી છલકાતા હૃદયે એણે મંત્રી મંડળને કહ્યું 'જુઓ, આમાં આપણે લડી શકીએ છીએ પરંતુ એ ચડસમાં પ્રજાને હેરાનગતિ થશે. કોશલનરેશ આમ તો પ્રજા માટે સારો રાજા છે. તેથી હું રાજા ન હોઉં તે એ રાજા હોય એમાં પ્રજાને શોષાવાનું નહિ રહે, નહિતર મોટી સેના સંપત્તિવાળો એ લડાઈમાં અંતે જીતે તો પછી ખુનસમાં પ્રજા પર જુલ્મ કરે. માટે હું જંગલમાં ચાલ્યો જાઉં છું, ને તમે કોશલનરેશની સામે જઈ એને વધાવી લાવો ને કાશીની ગાદી પર બેસાડી દો.'

કાશીનરેશનો મક્કમ નિર્ધાર જોઈ મંત્રીઓએ એમ કર્યું, કાશીનરેશ જંગલમાં જઈને પરિવાર સાથે રહ્યો, આમ છતાં કોશલનરેશને કાશીની ગાદી પર બેસી આજ લોકપ્રશંસા સાંભળવા મળતી કે 'વાહ ! કાશીનરેશની કેવી ઉદારતા અને પ્રજાવત્સલતા !' એ એનાથી કેમ સહન થાય ? તેથી ઢંઢેરો પીટાવ્યો કે કાશીનરેશનું માથું કાપી લાવે એને હજાર સોનૈયા ઈનામ. કેમ જાણે કાશીનરેશનું અસ્તિત્વ જ નહિ રહે. પછી લોક એને ગાશે નહિ. જંગલમાં કાશીનરેશને આની ખબર પડી ગઈ છતાં પોતે સ્વસ્થ છે.

પછી એવું બન્યું કે એક ગરીબ બ્રાહ્મણ પોતાની કન્યા પરણાવવા માટે જરૂરી રૂપિયા લેવા જુના કાશીનરેશને જ રાજા સમજતો કાશી તરફ જઈ રહેલો તે આ જંગલમાંથી પસાર થતાં સાદાવેશમાં રહેલા કાશીનરેશને હું કાશીનરેશ પાસે કન્યા-લગ્નના ખર્ચ માટે રૂપિયા લેવા જાઉં છું. રાજાને થયું આ બિચારો ભ્રમમાં કૂટાશે નવો કાશી નરેશ કોને ખબર આને કાંઈ પરખાવે કે કેમ ? એટલે દયાથી આને કહે' ચાલો મારે કાશીનરેશ સાથે ઓળખાણ છે. એટલે તમારી સાથે આવી તમને રૂપિયા અપાવું.

બસ બ્રાહ્મણ સાથે કાશીનરેશ કોશલરાજના દરબારમાં જઈ એને બ્રાહ્મણની જરૂરિયાત સમજાવી કહે છે 'હું પોતે જ કાશીનરેશ છું, તમારા ઢંઢેરા મુજબ હું પોતે જ મારું માથું આપવા આવ્યો છું, તો તે કાપી લઈ આ ગરીબ બ્રાહ્મણને હજાર સોનૈયા દઈ દો.'



E:/Divya-Darshan(part-11).pmd/prf.5

કોશલનરેશની આ મજાલ છે. આ સાંભળી શકે ? એના હોશ-કોશ ઊડી ગયા. સીધો સિંહાસનેથી ઊતરી કાશીનરેશના પગમાં પડી જાય છે, કહે છે. 'લોકો તમને જે વખાણે છે તે યોગ્ય જ છે. હું નિર્ગુણી ઈર્ષ્યાથી ફોગટ બળી રહ્યો છું. ધિક્કાર છે મારા આ અવતારને !' કહે તો ચોધાર આંસુએ રડી સભાને રડાવી રહ્યો છે. અંતે કાશીનરેશનો પોતે જ રાજ્યાભિષેક કરી એને સલામી ભરે છે.

કોશલરાજે કાશીનરેશને દબાવી પદભ્રષ્ટ કરવો; એ સહેલું હતું, પરંતુ પોતાના ઈર્ષ્યાળુ દ્વેષિલા મનને દબાવી પદભ્રષ્ટ કરવું કઠિન હતું. સજ્જનવીર કાશીનરેશે એ કર્યું, ને એ એની વીરતા સજ્જનતાએ દુર્જન કોશલરાજને સજ્જન બનાવ્યો.

મહાવીર પરમાત્માએ ઢગલાબંધ જીવતાના મડદા પાડનાર મહા ઝેરી ચંડકોશિક સર્પની સામે જઈ એના દંશ સહીને પણ ક્ષમા દાખવી કરુણાથી 'બુઝબુઝ ચંડકોશિક'ના મધુર વચને એને શાંત કરી મહાક્ષમાશીલ કર્યો, એવો કે પછી કીડીઓએ સર્પને કરડી કરડી ચાલણી જેવો કર્યો છતાં એણે કીડીઓ પર લેશ પણ ક્રોધ ને એને કચરવાનું ન કર્યું. ક્ષમાશીલ મહાવીરનું ધ્યાન ધરી ક્ષમાશીલ બન્યો, મરીને ત્યાં દેવલોકમાં દેવ થયો, ક્ષમામાં બંને કમાયા.

જે તુચ્છ સત્તા-સંપત્તિ-માનખાતર, ક્રોધ-દ્વેષ કરાય છે તે તો અંતે નષ્ટ થાય છે. તો ક્રોધમાં સરવાળે શું કમાયા ? માનવભવની ઉત્તમતા ઉત્તમ ક્ષમા કમાઈ લેવામાં છે, પશુ સુલભ ક્રોધ કરી લેવામાં નહિ. ક્ષમાથી જ આત્મવિજય મળે છે. છેવટે જઈને વાર્ષિક પ્રતિક્રમણ પહેલાં આપણા અપરાધીને દિલથી ક્ષમા કરી ક્ષમા કમાઈ લેવાનો અને સાચા વીર બનવાનો ધન્ય અવસર મળે છે.

"દિવ્ય-દર્શન"-"અગ્રલેખામૃત" વર્ષ-૨૫,અંક-૫,તા.૨-૧૦-૧૯૭૬

## (૧૬) પુત્ર પ્રાપ્તિનો મોહ

કેટલાય અપુત્રિયા માણસો આજે ઓરતો રાખી રહ્યા છે કે 'અમને પુત્ર ક્યારે મળે ?' એ ઝંખનામાં અડધા થઈ જાય છે. સ્ત્રીઓને અજ્ઞાનમૂઢ પુત્રવતી બાઈઓ ટોણાં-મેણાં મારે છે, 'લે વાંઝણી રહી ? ધણી બિચારો તને પરણ્યો. તે આ માટે ? ઘડપણે તારું કોણ કરશે ?' અથવા કેટલાક અબુઝ ધણી પોતે જ સારી પણ વાંઝણી પત્ની પર દ્વેષ કરે છે, અભાવ કરે છે. કેમ જાણે પોતાના બીજની કે પુણ્યની ખામી નહિ ? આ સ્થિતિમાં વંધ્યા સ્ત્રીઓ વલખાં મારે છે, જિંદગી નીરસ સમજે છે, ત્યારે પુરુષો પણ કેટલાક અપુત્રિયાપણા પર ઉદ્વિગ્ન રહેતા



સ્ત્રીઓના સમજાવ્યા સમજતા નથી. આ મહાઅજ્ઞાનતા છે.

અહીં ભગવાન શ્રી મહાવીર પરમાત્માની પરમ શ્રાવિકા સુલસાએ આ અંગે પોતાના પતિને આપેલી સમજુતી યાદ આવે છે. પતિ નાગરથિક રાજા શ્રેણિકનો એક અંગત પુરુષ. કોક હવેલી આગળ કિલકિલાટ કરતા ભૂલકાં વચ્ચે શેઠને મસ્ત બેઠેલો જોઈ પોતાને પુત્ર ન હોવા પર ખિન્ન બની ગયો. સુલસાને કહે 'શું આ પુત્ર વિનાનું મસાણ જેવું ઘર !' સુલસા કહે 'મારું એ પુણ્ય નથી લાગતું. તમે બીજી પરણી લો. એને મારી સગી બેનની જેમ સાચવીશ.' પતિ કહે 'એ ન બને. તારી સાથેના લગ્ને જ બીજી સ્ત્રીને ન અડવાની પ્રતિજ્ઞા છે.' પછી જે સુલસાએ પતિને પુત્રનો ખોટો મોહ મૂકી દેવા સમજાવ્યું એ અને એના સંબંધી બીજી સમજુતીઓ આ પ્રમાણે છે,-

(૧) સંતાન પ્રાપ્તિ એ મુખ્યતાએ પુરુષાર્થને નહિ પણ પૂર્વ ભવનાં ઉપાર્જેલાં પુણ્યને આધીન છે. એ ભૂલીને ખોટી ભ્રાન્તિમાં એ માટે જ પુરુષાર્થ કરવા જતાં એકેક સંયોગમાં ૨ થી ૯ લાખ માનવોની હત્યા થાય છે. સંતાન થાય કે નહિ એ નક્કી નથી. થાય તો પુત્ર જ થાય એ ય નક્કી નથી.

(૨) સંતાનથી આપણી સદ્‌ગતિ નક્કી થતી નથી, સદ્‌ગતિ દિલમાં દેવ-ગુરુ-ધર્મ રાખ્યાથી થાય છે. તો સંતાનનો મોહ શો ? બ્રહ્મદત્ત-સુભુમ ચક્રવર્તીને હજારો પુત્ર છતાં એ સાતમી નરકે ગયા. કોઈ પુત્રે બચાવ્યા નહિ.

(૩) સંતાન કેવું નીવડે એનો ય ભરોસો નથી, કુલદીપક બને કે કુલાંગાર બને એનું શું કહેવાય ? એકનો એક પુત્ર પણ માતાથી જુદો રહે છે. તેથી કહેવાય કે સંતાનને લીધે જ માતાને ક્લેશનો પાર નથી. વંધ્યા હોત તો સુખી હોત, એમ લાગે છે.

(૪) સંતાનના મોહમાં એ ભૂલી જવાય છે કે સંતાન થયું એટલે પછી એનાં સંતાન, વળી એના સંતાન,...એમ જે પરંપરા ચાલશે એમાં કુલ ભવિષ્યમાં લાખો-કરોડોની સંખ્યા થાય, એ બધા ૧૮ પાપસ્થાનક અને ષટ્‌કાયજીવકત્લ તથા વિષય-વિલાસ કરતા રહેવાના. એમાં એકેક સંતાન પોતાના જીવનમાં હજારો દિવસ સુધી રોજની ૨ થી ૯ લાખ ગભર્જ મનુષ્યોની હત્યા કરતા રહેવાના. તો એકેકાથી થતી આખા જીવનમાં કુલ હત્યા કેટલાની ?

૧૦૦ દિવસમાં ૨ થી ૯ ક્રોડ થાય, ૧૦૦૦ દિવસમાં ૨૦ થી ૯૦ ક્રોડ (લગભગ એક અબજ) ૫૦-૬૦ વરસમાં ૨૦ અબજ ઉપરની હત્યા, આ એકથી થતી હિંસા...એવા ભાવી પરંપરાના કુલ લાખો-ક્રોડોથી થનારો સંહાર-કચ્ચરઘાણ કેટલા પરાર્ધો માનવોનો ?



E:/Divya-Darshan(part-11).pmd/prf.5

આ બધામાં નિમિત્ત થવું છે તમારે ? આ તો આ હિંસાની વાત, પણ સંસાર ખટલો ચલાવવા એ સંતાનો બીજી કેટલી હિંસાઓ કરશે ? વિષય વિલાસમાં કેવા તિર્યંચ-નરકગતિના પાપ બાંધશે ?

શા સારું ઘેલા લોકોના ટોંણાપર કે વર્તમાન જીવનની પાછલી અવસ્થામાં સુખના ખોટા ભરોસા પર જંગી પાપ કારખાનાઓનાં નિમિત્ત બનવું ? તેમ આપણે પણ શા સારું આ ચારિત્રને જ યોગ્ય માનવ જીવનમાં પશુના ખેલ, ક્રોડોની હત્યા...અને કુસંસ્કારોનો સંગ્રહ કરવો ?

આ ભવમાં વિષયોના સેવક બનવાનું કે ભગવાનના સેવક ?...

વિષયોના સેવક બન્યા રહેવામાં, આંતર દૃષ્ટિથી જુએ તો દેખાય કે અનાર્ય મનુષ્યોની ચાલ સિવાય કશી વડાઈ નથી. એમાં ય પુણ્ય કાચું અને બીજાઓને વધુ સારા વિષયો મળતા દેખાય, એ સહન નહિ થાય એટલે બળી બળીને ખાખ થવાનું.

આ તો જડ વિષયોની વાત. પણ દુન્યવી માણસોના સેવક બનવામાં કેવી પંચાત ?

આજે માણસ સ્વમાનમાં તણાય છે. એને એમ લાગે છે કે બધું સહન થાય, પણ સ્વમાન ઘવાય એ કેમ સહન થાય ? ખરી રીતે જ્યાં દુનિયાના માણસોની મનમાં અપેક્ષા છે, 'મારે સારી સ્ત્રી જોઈએ, સારો પુત્ર જોઈએ. સારો શેઠ જોઈએ, સારો મુનિમ જોઈએ...,' આવા બધા અભરખા રહે છે. એમાં એ ખબર નથી કે આ બધા મળ્યા પછી એની સેવામાં સંભાળમાં તારું સ્વમાન કેટલું સાચવી શકવાનો ? પુત્રનો ઓરતો કર્યો, ને મળી ગયો, પછી એ શું બધી વાતે તારો તાબેદાર રહેશે ? કોઈ દિ' અપમાન અવગણના નહિ કરે ? અરે ! માતાનો ખેંચાયો બાપને, કે બાપનો ખેંચાયો માતાને નહિ અવગણે ? સામો નહિ જવાબ દે ? ત્યાં ક્યાં સ્વમાન જળવાશે ?

ત્યારે જો આ બધાના સેવક બનવાને બદલે ભગવાનનો સેવક બની જાય, તો તો ભગવાનનાં વચનને જ આગળ કરનારો થાય. પછી ત્યાં ખોટાં સ્વમાનના ખ્યાલ પડતા મુકાય, એટલે સ્વમાનહાનિનું દુઃખ જ નહિ. વળી લોકવાયકા 'વાંઝિયા છે અભાગિયા છે,' વગેરે તરફ કોઈ પરવા નહિ. અજ્ઞાન લોક બોલે તેની શી કિંમત ? ઊલટું એમ લાગશે કે સંતાન નથી એટલે એની પાછળના પાપના થોક, દુર્ધ્યાનના પોટલા, ખોટા સંકલ્પ-વિકલ્પો અને હૈયા ઊચાળા વગેરેની લપથી બચ્યા, અને ભગવદ્ ભજન-પૂજન વગેરે મસ્તીથી થાય છે. સારાંશ, પુત્રનો મોહ અનુચિત છે.





## ⑰ ભગવાન સાથે વાતચીત

પરમાત્માનાં રોજ દર્શન કરીએ છીએ, પૂજન-સ્તવન કરીએ છીએ ત્યારે ત્યારે ખરેખર ભગવાન સાથે વાતચીત કરીએ છીએ ખરા ? એમ લાગે ખરું કે સામે ખરેખર ભગવાન બિરાજમાન છે ? અને ભગવાનની આંખમાં આંખ મિલાવી એમને આપણા પરમ સ્નેહી યા પરમ દીનદયાળ દેખી આપણી હૈયાની વાત કરીએ છીએ ખરા ?

જરા કંઠ સારો હોય તો સ્તવન ટેસથી બોલાય છે. એમાં સમય પણ લેવાય છે; કિંતુ એ વખતે જાણે સાક્ષાત્ પ્રભુ સામે છે અને પ્રભુની આંખમાં આંખ મિલાવી પ્રભુની સાથે જ આપણે વાત કરી રહ્યા છીએ એવું લાગે ખરું ? ના, ત્યાં તો રાગ અને આલાપ પર ધ્યાન હોય છે કે એ બરાબર સચવાય છે ને ? પ્રભુને આપણા દિલની આરજુ કહેવામાં લીન હોઈએ, ને એ પ્રમાણે આપણા દિલમાં સંવેદન થતું હોય, ગદ્ગદતા હોય, પ્રભુને મનાવવા લાખ વાનાં કરતા હોઈએ, એવું છે ક્યાં ? નહિતર સ્તવન પછી 'જયવીયરાય' સૂત્રમાં તો બધા દ્રવ્ય-ભાવ પૂજનના ફળમાં ચોક્ખી ભવ-નિર્વેદ વગેરેની માગણી કરાય છે, એ વખતે પ્રભુની આંખ સામે તાકીને પ્રભુને આપણી એકેક માગણી અલગ અલગ ગણાવતા ન હોઈએ ?

માણસ તીર્થમાં મહિનો રહેવા જાય, તો ત્યાં પહોંચતાં જ ધર્મશાળાના મુનિમ પાસે જઈ એની આંખમાં આંખ મિલાવી કહે છે,-'જુઓ મહેતાજી ! અમારે સારી રૂમ જોઈએ, ગાદલાં જોઈએ, ગોદડાં જોઈએ, વાસણમાં તપેલીઓ, થાળી, વાટકા...ઇત્યાદિ બધું ગણાવાય છે તે મુનિમને બરાબર ઠસાવતો હોય એમ ગણાવે છે. એવી રીતે અહીં પ્રભુ સાથે સીધી વાત કરવા અને પ્રભુને ઠસાવવા રૂપે 'જુઓ ભગવાન્ ! મારે તમારા પ્રભાવથી ભવનિર્વેદ જોઈએ, માર્ગાનુસારિતા જોઈએ, ઈષ્ટ ફળ સિદ્ધિ જોઈએ,... આ રીતે માગણી પ્રભુની આંખમાં આંખ મિલાવીને સંભળાવાય છે ખરી ?

ના, **'જયવીયરાય'** બોલતાં ગાડી જ ગબડાવાય છે. વિધિમાં જયવીયરાય વગેરે સૂત્ર બોલવા પડે માટે બોલી કાઢવાના. પ્રભુની સાથે વાત કરવાની છે ક્યાં ? કેમ આમ ? કારણ કે સ્તવનમાં પણ પ્રભુ સાથે રૂબરૂ વાત કરવાનું રાખ્યું જ ક્યાં છે ? એ પૂર્વે 'નમુત્થુણં' જેવા મહાન સ્તોત્રમાં ય એકેક પદે 'અહો

પ્રભુ ! તમે અરિહંત તમને નમું છું, તમે ભગવંત તમને નમું છું, તમે આદિકર તમને નમું છું...' આ રીતે પ્રભુની આંખમાં આંખ મિલાવી પ્રભુને કહેવાનું ક્યાં કરાય છે ? નહિતર તો એક નમુત્થુણં બોલતી વખતે પ્રભુનાં ૩૭ વિશેષણ સાક્ષાત્ સંભળાવતાં પ્રભુ સાથે વાત કરવામાં પાણી પાણી થઈ જઈએ.

પુત્રે માતાને વર્ષો સુધી ધુત્કારી હોય, અલગ રાખી હોય, એના સામું ય ન જોયું હોય, પણ પોતાને કે પોતાની પત્નીને કોઈ ભયંકર અકસ્માત્ નડ્યો હોય યા ભયંકર બિમારી આવી હોય, ને બીજું કોઈ સેવા કરે એમ ન હોય, અને માતા આપમેળે આવી ચોવીસ કલાકનાં જાગરણ કરીને ખડે પગે સેવા કરે, ને સાજા થઈ જવાય, પછી માતાની આંખમાં આંખ મિલાવી 'બા ! કેટલી તારી ઉદારતા ! કેવી રહેમ નજર ! મારા જેવા નરાધમ ઉપર કેવો તારો ઉપકાર !...' આમ કહેતાં પાણી પાણી થઈ જવાય છે ને ?

તો પછી પ્રભુને આપણે અનંતો કાળ ધુત્કાર્યા, પ્રભુથી અળગા રહ્યા, પ્રભુના સામે જોયું નહિ, છતાં પ્રભુની કૃપાએ આવા ઊંચા મનુષ્ય ભવે આવ્યા, આર્યદેશ આર્યકુળ પામ્યા, શાસનની સમૃદ્ધિ પામ્યા તો પ્રભુને હવે 'હે અરિહંત ! હે ભગવંત ! હે આદિકર ! હે તીર્થંકર !...' એમ પ્રશંસતાં પાણી પાણી ન થઈ જઈએ ?

પરંતુ મૂળ પાયાની વાત આ છે કે પ્રભુની સાથે આંખમાં આંખ મિલાવીને રૂબરૂ વાત કરી લેવાનું રાખ્યું જ નથી. કારણ,-

(૧) સામે જાણે માત્ર પાષાણની મૂર્તિ દેખીએ છીએ એટલે જીવંતની જેમ મૂર્તિ સાથે શાની વાત કરવાની હોય ? અથવા

(૨) 'મંદિર જવાનું તે દર્શન-પૂજા કરવા અને ચૈત્યવંદન કરવા જવાનું, પરંતુ પ્રભુની સાથે વાત કરવા મંદિરે જવાનું' એવું પહેલેથી મનમાં નથી. યા

(૩) સમજી મૂક્યું છે કે પ્રભુ તો વીતરાગ, એ આપણું કશું કરવાના નથી. પછી પ્રભુ સાથે વાત શાની કરવાની હોય ?

આવા બધા ખોટા ખ્યાલ હોય એટલે પ્રભુની સાથે વાત કરવાનું બનતું નથી. તો પછી એવા દર્શનાદિનું ફળ પણ ક્યાંથી એવું સારું અનુભવાય ? ખરેખર તો (૧) જો મૂર્તિ આપણા મનથી સાક્ષાત્ ભગવાન હોય તો રુડી વાતો થઈ શકે. એમ (૨) ઘરેથી દર્શન-પૂજા માટે નીકળ્યા તે મુખ્ય તો પ્રભુ સાથે વાત કરવા નીકળ્યા હોઈએ તો ખાસી વાત થાય. (૩) 'વીતરાગનાં આલંબને જ બધું નીપજે છે, માટે બધું એ જ પમાડનારા કહેવાય' એમ માની રાખ્યું હોય તો એમની સાથે ખાસી વાત થાય.



સારાંશ, આત્મસમૃદ્ધિની મહા ગરીબીવાળા આપણે મહાતવંગર મહાદયાળુ પ્રભુની આંખમાં આંખ મિલાવી પ્રભુ સાથે ખૂબ વાત કરવાનું રાખવું જોઈએ.

"દિવ્ય-દર્શન"-"અગ્રલેખામૃત" વર્ષ-૨૫,અંક-૭,તા.૧૬-૧૦-૧૯૭૬

## (૧૮) જિનોપદેશનો સાર

### (લેખાંક-૨)

માનવજીવન એ માસ્ટરજીવન છે; ઝાડ-પાન, કીડા-મંકોડા, પશુ-પંખી વગેરેનાં જીવન કરતાં અનેરું જીવન માનવ બનાવી શકે એવો એનો અવતાર છે, એવો એનો દેહ છે, એવી એની બુદ્ધિશક્તિ-વચન-શક્તિ-પુરુષાર્થશક્તિ છે. પુણ્યની આ બક્ષીસ મોટા દેવતા પાસે નથી, તેથી એનાં જીવન પણ માનવનાં જીવનની કોટિએ ન આવી શકે. તાત્પર્ય, માનવજન્મ એ માસ્ટરજન્મ છે અને એથી જ માનવ માસ્ટર-જીવન-શ્રેષ્ઠ જીવન બનાવી શકે છે.

આવું માસ્ટર જીવન જીવવાની મઝા પણ અનેરી છે. એવું જીવન જીવનાર એના ગમે તેવા સંયોગોમાં મસ્ત હોય છે એને દુન્યવી સારા સંયોગોમાં સુખ-સુખ નથી, નરસામાં દુઃખ નથી, સારામાં હરખ નથી, નરસામાં ઉદ્વેગ નથી. એ પોતાની જીવનગાડી ઉદાસીનતા-મધ્યસ્થતા-પરાયિતાની સડક પર ચલાવ્યે જાય છે. જીવન જીવતાં દુન્યવી સારા સંયોગો પ્રત્યે શું કે નરસા પ્રત્યે શું એ પરાયાપણું લેખે છે, 'મારે આનાથી શું ? આ તો પરાયા.'

**પ્ર.**- આ તો મહાન યોગી જેવી વૃત્તિ; એ શી રીતે આવે ?

**ઉ.**- યોગશાસ્ત્રના ચોથા પ્રકાશમાં આનો ઉપાય બનાવ્યો છે. કહ્યું છે,

**'आत्मानमात्मना वेत्ति मोहत्यागाद् य आत्मानि ।'**

અર્થાત્ જે મોહ-અજ્ઞાનતાને હટાવી સ્વયં પોતાના આત્માના કર્મબંધનો વચ્ચે પોતાના આત્માને શુદ્ધજ્ઞાનાદિમય જાણે છે. એટલે કે એ શુભાશુભ કર્મોનાં સંપત્તિ-વિપત્તિરૂપ ફળથી એને પોતાના આત્મામાં કશું વધતું-ઘટતું દેખાતું નથી પછી સંપત્તિ સારી, વિપત્તિ ખરાબ એવું મનને બગાડવાનું રહે શાનું ?

મુનિમને બાંધ્યો જ પગાર મળતો હોય અને એમાં પોતે સંતોષી હોય પછી શેઠના ચોપડા લખતાં પચાસ હજારનો નફો તારવે તો એને હરખ નથી; કે એટલું નુકસાન તારવતાં એને ખેદ નથી થતો, કેમકે એ સમજે કે 'આ તો પારકી-પરાયી તારવણી; એમાં પચાસ હજારના નફાથી મારે પગારમાં વધવાનું નથી, તેમજ



E:/Divya-Darshan(part-11).pmd/prf.5

એટલા નુકસાનથી મારો પગાર કપાવાનો નથી.' બસ, એ રીતે ઉપર કહ્યું તેવો આત્મજ્ઞાની સમજે છે કે કર્મજનિત સંપત્તિ-વિપત્તિ તો પારકી-પરાયી; એમાં આ નાશવંત સંપત્તિથી મારા આત્માના શુદ્ધ જ્ઞાનાદિ સ્વરૂપમાં કશો વધારો થતો નથી, કે વિપત્તિથી એમાં કશો ઘટાડો થતો નથી. મહાત્માઓને શારીરિક વ્યાધિ કે ઉપદ્રવની આપત્તિ આવી એમા ક્યાં એમના જ્ઞાનાદિમાં ઘટાડો થઈ ગયો હતો ?

પોતાના છોકરા સાથે ઘરમાં બીજા છોકરા રમવા આવતા હોય, એમાં કોક છોકરો રૂપાળો આવે, ને કોઈક કદ્રૂપો આવે; એમાં માણસ પોતે ક્યાં ખુશ-નાખુશ થાય છે કે 'અહોહો ! આ કેવો સારો રૂપાળો આવ્યો ! પેલો છોકરો બરાબર રૂપાળો નહિ 'આવું એને નથી થતું કેમકે સમજે છે કે 'મારે મારા છોકરા સાથે નિસ્બત, બાકી રૂપાળા-કદ્રુપા તો પરાયા એનાં આવવા જવાથી મારે શું વિશેષ ? બસ, આત્મજ્ઞાનીને દુન્યવી સંયોગોમાં કશું ખુશ-નાખુશ થવાનું ન હોય.

અંગ પર લાખોના ઝવેરાત સાથે માણસ કોઈની કેદમાં પકડાયો હોય, ત્યાં સામો ભારે સગવડ સન્માન આપે તેથી કાંઈ પોતે ખુશી નહિ થાય, અથવા પેલો અપમાન કરે તેથી, જો અંગ પરના ઝવેરાતની સલામતી નિશ્ચિત છે, તો નાખુશ નહિ થાય, એમ કર્મફાંસલાની વચ્ચે પોતાની અનંતાજ્ઞાનાદિ સમૃદ્ધિને અકબંધ જુએ છે, તો નાખુશ નહિ થાય. આમ, પોતાના શુદ્ધ પૂર્ણ આત્માને જાણનારને દુન્યવી પ્રસંગો-પદાર્થો પર રાગ-દ્વેષ કરવાનો હોતો નથી. સમસ્ત જિનોપદેશનો સાર આ કર્તવ્ય છે.

''દિવ્ય-દર્શન''-''અગ્રલેખામૃત'' વર્ષ-૨૫,અંક-૯,તા.૧-૧૧-૧૯૭૬

## (૧૯) જિનોપદેશનો સાર (લેખાંક-૩)

### સાધના બળ વધારો

ગયા લેખમાં એ જોયું કે પોતાના આત્માને કર્મ અને એનાં ફળના ફાંસલાની વચ્ચે પૂર્ણ શુદ્ધ જ્ઞાનાદિમય દેખે તો દુન્યવી સંપત્-વિપત્ પર રાગ-દ્વેષ કરવાના રહે નહિ; કેમકે એ કાંઈ આત્માની પોતાની જ્ઞાનાદિ સમૃદ્ધિમાં વધારો-ઘટાડો કરતા નથી.

પરંતુ આ રાગ-દ્વેષ ન કરવાનું સહેલું નથી. અઢાર પાપસ્થાનકમય સંસાર એમજ ચલાવ્યે રાખીએ ને ઢોંગી નિશ્ચયવાદીની જેમ માત્ર પોતાના આત્માને શુદ્ધ દેખવાનો ડોળ કરીએ એટલા માત્રથી રાગ-દ્વેષ ઓછા ન થાય. એ તો તો જ



ઓછા થાય કે એવા પાપસ્થાનકમય સંસારની ભાંજઘડમાથી બહાર નીકળી આત્માના શુદ્ધ જ્ઞાનદર્શન-ચારિત્રધર્મ સ્વરૂપની નિકટ લઈ જાય એવી ધર્મસ્થાનકોની સાધનામાં ઓતપ્રોત થઈએ.

ધર્મસ્થાનકો એટલે ૧૮ પાપસ્થાનકોની સામેના સદ્ગુણ-સુકૃતો; દા.ત. હિંસા-આરંભસમારંભની સામે અહિંસા-દયા-વિશાળ પ્રભુભક્તિ. પરિગ્રહની સામે ત્યાગ-દાન-સંતોષ...વગેરે વગેરે.

આ સદ્ગુણ-સુકૃતોની સાધનામાં જેટલા ઓતપ્રોત રહેવાય એટલા પાપસ્થાનકોથી આઘા રહેવાનું થાય, ને એના નિમિત્તના રાગ-દ્વેષ ઓછા થાય. અલબત્ત સાધનાનો ઉદ્દેશ પવિત્ર દા.ત. નિજનું શુદ્ધ જ્ઞાનાદિ સ્વરૂપ પ્રગટ કરવાનો રહેવો જોઈએ. ત્યાં જો પૌદ્ગલિક માલ કે માન મેળવવા વગેરેનો ઉદ્દેશ આવ્યો, તો તો ઊલટું રાગ-દ્વેષ પોષાવાના.

સાધનામાં ઉદ્દેશ પવિત્ર હોય એટલું જ નહિ, પણ ચાલુ સાધના વખતે એમાં જ તન્મયતા જોઈએ, ત્યાં ઉદ્દેશનો ય વિચાર નહિ. અલબત્ સાધના શરુ કરવા પૂર્વે ઉદ્દેશ નિશ્ચિત કરી લેવાનો, કિંતુ સાધનાના સમયમાં વચમાં ઉદ્દેશના વિચાર નહિ જોઈએ. નહિતર મન ઉદ્દેશના વિચારમાં જતાં સાધનાનો વેગ અને તન્મયતા દુબળી પડી જાય. દા.ત. ભગવાનનાં દર્શન-પૂજા કરતી વખતે એ ક્રિયામાં જ તન્મયતા જોઈએ. વીતરાગનાં દર્શન એટલે બસ દર્શન, એમાં વીતરાગ કેવા, વીતરાગ બનવા કેવા પરાક્રમ કર્યા, વીતરાગ બની કેવા ઉપકાર કર્યો, ઈત્યાદિ ચિંતવવાનું હવે આની વચમાં જો ઉદ્દેશનો વિચાર લાવે કે 'મારે આ સાધનાથી શુદ્ધ આત્મસ્વરૂપ પ્રગટ કરવું છે, મારે મોક્ષ જોઈએ છે,' તો દર્શનની સાધના જોમવાળી ને તન્મયતાવાળી શી રીતે થાય ? સાધના ઓતપ્રોત થઈને ઊછળતા ભાવોલ્લાસ સાથે શી રીતે બને ? તો તે વિના ઉચ્ચ ઉદ્દેશ-ફળ શી રીતે સિદ્ધ થાય ?

જુઓ, અર્ણિકાપુત્ર આચાર્યને પુષ્પચૂલા કેવળજ્ઞાની સાધ્વીએ કહ્યું 'મુંઝાશો નહિ, તમને ગંગા પાર કરતાં કેવળજ્ઞાન થશે,' એટલે એ તરત ઊડ્યા, ગયા ગંગા કિનારે, હોડકામાં બેસી ગંગા પાર કરી રહ્યા છે. ત્યાં પૂર્વના પૈરી દેવતાએ પ્રવાહને ક્ષોભાયમાન કરી હોડકું ડોલમડોલ કર્યું, ને લોકોને ભ્રમિત કર્યા કે આ માથાગુડિયાના અપશુકનથી આ બન્યું છે તે જો જાય તો તોફાન શમે, નહિતર બધા ય મરશું.' એ ભ્રમણાથી લોકોએ આચાર્યને ઊંચકી બહાર ઊછાળ્યા. ત્યાં જ દેવે ભાલા પર લીધા. ભાલો પેટમાં સોંસરો પેઠો, આચાર્ય અહીં કેવળજ્ઞાન પામે છે.

ત્યારે અહીં આચાર્ય મહારાજે શાનો વિચાર કરે, કર્યો હશે તો કેવળજ્ઞાન પામ્યા ? કેવળજ્ઞાનરૂપી ફળનો ? કે સાધનાનો ? 'મારે કેવળજ્ઞાન જોઈએ છે'

એવા વિચારમાં તો (૧) કેવળજ્ઞાનનો અતિ રાગ રહેવાથી વીતરાગતા જ ન આવે, તેમજ (૨) સંયમની સાધનામાં ચિત્ત ન હોવાથી એ જોમવાળી ન બને તેથી પણ વીતરાગતા ન આવે, તો કેવળજ્ઞાન શાનું જ પમાય ?

માટે કહો, એમણે ફળમાં ચિત્ત લઈ ગયા વિના, સંયમની સાધનામાં મનનું જોમ લગાડ્યું. સંયમ-સાધના આ, (૧) ક્ષમાદિ ૧૦ યતિધર્મ, અને (૨) સકલસત્ત્વ (જીવ) હિતાશય, એમણે પહેલામાં ક્ષમા અહિંસા આદિ ભાવ સજ્જડ પકડી રાખી; ને બીજામાં સર્વજીવહિતાશય એટલે પોતાના હાથે કોઈ પણ જીવનું અહિત ન થઈ જાય એની સાવધાની, તો આ અંગે એ વિચાર્યું કે 'અરેરે ! આ મારું શરીર કેવું ગોઝારું કે (૧) કોઈને ભાલો મારવાના પાપમાં એટલે પર-અહિતમાં નિમિત્ત બની રહ્યું છે ને (૨) શરીરનું લોહી પાણીના અસંખ્ય જીવોના મરણાન્ત દુઃખમાં (પર-અહિતમાં) નિમિત્ત થઈ રહ્યું છે ! ધન્ય છે તે સિદ્ધ પરમાત્માઓને કે એમને શરીર જ નથી તો કોઈને એ પાપમાં કે દુઃખમાં નિમિત્ત બનતા નથી. આમ ક્ષમાદિ અને સકલસત્ત્વહિતાશયની સાધનામાં તન્મય બન્યા, તો કેવળજ્ઞાન પામ્યા.

જિનોપદેશનો સાર સાધનાની તન્મયતા રાખી રાગ-દ્વેષને ઘસારે પાડવાનો છે. ઢોંગી નિશ્ચયપંથી આ સાધના વિના શી રીતે તરી શકે.

"દિવ્ય-દર્શન"-"અગ્રલેખામૃત" વર્ષ-૨૫,અંક-૧૨,તા.૨૭-૧૧-૧૯૭૬

## (૨૦) આત્માની ખરાબીઓ ટાળવાનું એક સૂત્ર

કંઈક પણ ધર્મ સમજેલા જીવને પોતાના આત્માની ચિંતા હોય છે. આત્માની ચિંતા હોય એ આત્માર્થી જીવ કહેવાય. એ જ સાચો આસ્તિક છે. જેને પોતાના આત્માની ચિંતા નથી, પછી ભલે એ કહેતો હોય કે હું આત્માને માનું છું, તો એ બોલવા પૂરતું જ છે. એ પ્રચ્છન્ન નાસ્તિક છે, છૂપો નાસ્તિક છે.

માણસને ઘર પર મમતા હોય છે તો ઘરની ચિંતા રહે છે; કુટુંબ પર મમતા છે તો એની ચિંતા રહે છે. અરે ! શરીર પર મમતા છે, તો શરીરની ચિંતા રહે છે. કે 'સરખું ખાધા વિના એ દુબળું પડે તો ? કેમ સરખી ભૂખ નથી લાગતી ? કાંઈક રોગ છે તો લાવ ડાક્ટરને બતાવું.' શરીરની મમતા આવી આવી ચિંતા કરાવે છે. તો જો આત્માની મમતા હોય તો શું એની ચિંતા ન થાય કે 'એને સરખી આત્મહિતની પ્રવૃત્તિ અને સરખી શુભ ભાવનાઓ નહિ મળે તો એ દુબળો પડશે ? એને કેમ ધર્મની ભૂખ નથી લાગતી ? લાવ, સાધુ મહારાજને પૂછું કે મને



કયો વિશિષ્ટ રોગ નડે છે ? જેમ શરીર સરખી ભૂખ વિના અને સરખા ખોરાક વિના દુબળું પડતું પડતું મોત દેખે, એમ આત્મા ધર્મની ભૂખ વિના અને ધર્મની પ્રવૃત્તિ તથા શુભ ભાવો વિના દુબળો પડતો પડતો અનેક દુર્ગતિઓનાં જનમ-મરણ દેખે.' આવી આત્માની ચિંતા ન થાય ? એ ચિંતા વિના આત્માર્થીપણું શું ?

ત્યારે આજે એવા ખરેખરા આત્માર્થી જીવો છે કે જેમને ચિંતા રહ્યા કરે છે કે 'મને વિષયો બહુ સતાવે છે, સારાં સારાં રૂપ બહુ ગમે છે, સારાં ખાન-પાનમાં મન તલ્લીન બની જાય છે, સ્ત્રીનો રાગ ઠેઠ હૃદયના ઊંડાણમાં ઊતરી ગયો છે. પૈસા એટલે તો શી વાત એમ લાગે છે. મારું શું થશે ? આ મારી નબળાઈઓ કેમ મટે ?' આવી સ્વાત્માની ચિંતા થાય છે.

તેમ એ પણ ચિંતા રહે છે કે 'જરા કશો પ્રસંગ આવતાં મને ગુસ્સો થઈ આવે છે, અભિમાન તો જાણે રૂંવાડે રૂંવાડે વ્યાપી ગયું છે, મોકો મળતાં ઝટ મારી વડાઈ ગાવા બેસું છું, તુચ્છ વાતમાં ય સારો દેખાવા કે સ્વાર્થ સાધવામાં માયા-દંભ કરતાં આંચકો નથી આવતો, ત્યારે લોભ-તૃષ્ણા-મમતા-આસક્તિ વગેરે તો ફાલ્યા ફૂલ્યા રહે છે. કોઈનો બંગલો મોટર જે મને કદી વાપરવા નથી મળવાના એ જોતાં ય મને રાગ થઈ આવે છે, ઝટ સર્ટિફીકેટ ફાડું છું કે 'બંગલો બહુ સરસ ! મોટર હાઈક્લાસ !' શી જરૂર છે આવા રાગ-આકર્ષણ કરવાની ? શો લાભ છે એથી ? આવા બધા કષાયો ડગલે ને પગલે કરી કરીને મારું શું થશે ?' આત્માર્થીને આવી પોતાની આત્માની ચિંતા રહ્યા કરે છે.

મનને એમ પણ થાય છે કે 'આ નબળાઈઓ અને ખરાબીઓ આ મનુષ્ય જનમમાં નહિ ટાળું તો પછી કયા ભવમાં આ બની શકવાનું હતું ? રુડો ધર્મ મળ્યો છે, દેવ-ગુરુ-શ્રેષ્ઠ મળ્યા છે, એમનાં પડખાં સેવું છું છતાં આ મારી વિટંબણા ?

આત્માર્થીની આ ચિંતા તો જ હળવી થાય કે જો એ જડ વિષયોનાં આકર્ષણ થવાની નબળાઈ અને કષાયોની ખરાબીઓ મોળી પડે. એ મોળી પાડવા માટે આ એક ઉપાય છે, આત્મ સ્વરૂપનો ખ્યાલ કરતા રહેવું આ સૂત્ર જ વારે વારે લગાવ્યા કરવાનું.

**'મારા આત્મ-સ્વરૂપમાં આ છે ?'**

જ્યારે જ્યારે વિષયોનો રાગ-આકર્ષણ ઊઠવા જાય કે તરત જ જોવાનું. 'આ મારા આત્મ-સ્વરૂપમાં છે ?' એમ જ્યારે જ્યારે ગુસ્સો અભિમાન વગેરે ઊઠવા જાય, કામવાસના જાગવા જાય કે આ સૂત્ર લગાડવાનું કે 'આ મારા આત્મ-સ્વરૂપમાં છે ?' એ સૂત્ર લગાડતાં ઝટ મનને થશે કે 'આ ક્રોધ કરવા જાઉં છું એ મારા આત્મ સ્વભાવમાં છે ? આ કામવાસનામાં તણાઉં છું એ મારા આત્મ



E:/Divya-Darshan(part-11).pmd/prf.5

સ્વભાવમાં છે ? ના, આત્માનો શુદ્ધ સ્વભાવ તો દર્પણની જેમ સ્વચ્છ અને સ્વચ્છ રહી જગતનાં પ્રતિબિંબ લેવાનો અર્થાત્ માત્ર એને જોવા જાણવાનો છે કશો જ ઉકળાટ કરવાનો નહિ, કે આકર્ષિત થવાનો નહિ. નહિતર જો ઉકળાટનો સ્વભાવ હોય તો સૌના પ્રત્યે ઉકળાટ કેમ નથી થતો ? તેમ ઉત્કૃષ્ટો ભયંકર ઉકળાટ કેમ નથી થતો ? ઉકળાટનો સ્વભાવ એટલે સ્વભાવ; વહાલાની પ્રત્યે ય ઉકળાટ થવો જોઈએ. અગ્નિ બીજાને બાળે તેમ એને જન્મ આપનાર બાઈ પણ જો એમ અંદરમાં હાથ ઘાલે તો એને ય બાળે છે. કેમકે એનો બાળવાનો સ્વભાવ છે. એવી રીતે જો જીવને કામ વાસનાનો સ્વભાવ જ હોય તો માતા પ્રત્યે બેન પ્રત્યે પણ એ જાગવી જોઈએ ! પરંતુ એમ નથી થતું, **એ સૂચવે છે કે મારો આત્મસ્વભાવ ક્રોધ કે કામનો નથી.** માટે શા સારુ મારે એને પોષવા ?'

એવી રીતે અભિમાન, લોભ તૃષ્ણા જે મને ઊઠવા જાય છે એ મારા આત્મ-સ્વભાવમાં નથી તેથી શા સારુ મારે એને વિકસાવવા ? પોષવા ?'

આમ, અનેક જાતના સાંસારિક ભાવોને દબાવવા **'આ મારા આત્મસ્વભાવમાં છે ?'** એ સૂત્ર લગાડવું. એ વારે વારે લગાડવાથી આત્માની નબળાઈઓ અને ખરાબીઓ મોળી પડતી આવશે.

"દિવ્ય-દર્શન"-"અગ્રલેખામૃત" વર્ષ-૨૫,અંક-૧૩,તા.૪-૧૨-૧૯૭૬

## (૨૧) ધર્મ કરવાનો ભાવ કેમ જાગે ?

આર્યકુળનો માનવ જનમ ઊંચો ગણાય; પણ એ જનમ ઊંચું જીવન જીવાય તો ઊંચો ? કે ન જીવાય, અધમ જીવન જીવાય તો પણ ઊંચો ? કોઈ શાણો માણસ અધમ જીવન ઉપર જનમને ઊંચો ન કહે. ઊંચો ન્યાયાધીશનો હોદ્દો મળ્યો હોય પરંતુ લાંચ-રુશ્વત લેવાના ધંધા કરી પકડાય, જેલમાં જાય, તો એથી હોદ્દો ઊંચો ઠીક મળ્યો ન ગણાય, માથે ઊંચા હોદ્દા તરીકેનો ભાર રાખ્યો ન ગણાય. એમ હલકું જીવન જીવવા ઉપર ઊંચા માનવ જનમ તરીકેનો ભાર માથે રાખ્યો ન ગણાય. માથે આ ભાર ઉચ્ચ જીવનથી જ રાખ્યો ગણાય.

એટલા જ માટે આ જનમની વડાઈ સારા રંગરાગ અને ભોગને યોગ્ય શરીર મળ્યાથી નથી, પણ ઊચ્ચ કોટિના જીવનથી છે.

તો હવે સવાલ આ આવે છે કે ઉચ્ચ કોટિનું જીવન શેને ગણાય ? સહજ વાત છે કે પાપ જીવનને ઉચ્ચ કોટિનું જીવન ન ગણાય, પણ ગુણમય જીવન-ધર્મ-



જીવનને જ ઉચ્ચ કોટિનું જીવન ગણાય. દુનિયામાં હિંસક અને જુઠા બોલા માણસનું જીવન ઊંચું નથી ગણાતું, પણ દયાળુ અને સાચા બોલા માણસનું જ જીવન ઊંચું ગણાય છે. બહુ લોભિયા માયાવી અનીતિખોર વિશ્વાસઘાતી અને લંપટના જીવનને ઉચ્ચ કોટિનાં નહિ, પણ અધમ કોટિનાં જીવન ગણાય છે. ત્યારે સંતોષી-પરોપકારી-નિષ્કપટ-નીતિમાન-વિશ્વાસપાલક અને સંયમીનાં જીવન ઉચ્ચ કોટિનાં ગણાય છે.

આ બતાવે છે કે ધર્મજીવન-ગુણમય જીવન એ ઉત્તમ જીવન છે, અને પાપજીવન એ અધમ જીવન છે. જીવદયા-દાન-શીલ-તપ-ભાવના, પરમાત્મ ભક્તિ, સાધુસત્સંગ, સામાયિક, જ્ઞાનોપાસના, મહાપુરુષ ચરિત્ર વાંચન વગેરે આચરાય, એ ઊંચું ધર્મજીવન છે. એની સામે નિર્દયતા-કઠોરતા, 'હાય પૈસા !' વાહ પરિવાર !' મજેનાં ખાન પાન-વિષયોનાં જ આનંદમંગળ, ધંધાધાપામાં ઓતપ્રોતતા, વિકથા-કુથલી, મોહાંધ-વિષયાંધોના સંપર્ક વગેરે, એ અધમ પાપજીવનના ખેલ છે.

આટલો ધર્મજીવન અને પાપજીવનો વિવેક જાગ્યા પછી પણ આજે કેટલાય ભવી જીવોની ફરિયાદ છે કે અમને ધર્મ કરવાનો ભાવ કેમ જાગતો નથી ?

આની પાછળ બીજાં કારણ હોય છે, પણ એક અગત્યનું કારણ આ છે કે જીવન લક્ષ્યના વિચાર વિનાનું જીવાય છે.

**લક્ષ્યના વિચાર વિનાનું જીવવું એ કેટલી બધી મૂઢતા ગણાય !**

માણસ બજારે જાય તો લક્ષ્યનો વિચાર હોય છે કે મારે માલ ખરીદવા જવું છે. ધંધે જાય તો પૈસા કમાવાનું લક્ષ્ય હોય છે. દવાખાને જતાં દવા લેવાનું લક્ષ્ય નજર સામે રહે છે. બહાર ફરવા જાય તો આરોગ્ય સાચવવાનું લક્ષ્ય ધ્યાનમાં રાખીને. આ બધે લક્ષ્યનું ધ્યાન રહે છે. પરંતુ આશ્ચર્ય છે કે 'આટલું કિંમતી માનવ જીવન જીવાય છે એ શા માટે ?' કયા લક્ષ્યને સિદ્ધ કરવા માટે એનો વિચાર જ નહિ ! પશુને જીવનના લક્ષ્યનો વિચાર નહિ, એમ શું માનવને પણ ? તો પશુ જીવનથી શી વિશેષતા રહી ?

એક ઉચ્ચ માનવપ્રાણી તરીકે જનમ્યા અને એમાં ખાધું પીધું પૈસા કમાયા, સુખ ભોગવ્યા વગેરેનું જીવન જીવ્યા, પણ એ બધું કયું લક્ષ્ય સિદ્ધ કરવા, એનો જો ધર્મી આત્મા વિવેક પૂર્વક વિચાર કરે તો આ સમજાય કે 'ઉત્તમ માનવ જીવન શક્ય એટલા પાપ ઓછા કરવા અને શક્ય ધર્મસુકૃત-સદ્ગુણો સાધી લેવા માટે છે. **જીવન જીવીએ એનું લક્ષ્ય પાપવિરામ અને ધર્મસિદ્ધિ છે.'**

માનવ જીવનનું આ લક્ષ્ય વારંવાર નજર સામે હોય તો વાતે વાતે એ જોવાય કે આમાં કાંઈ પણ પાપનિવૃત્તિ-પાપત્યાગ સધે છે ને ? કાંઈ પણ ધર્મસિદ્ધિ થાય છે ને ? બેઠો ત્યાં એ ખ્યાલ, ઊઠ્યો ત્યાં એ ખ્યાલ; ખાય ત્યાં એ, પીએ

ત્યાં એ, ધંધો નોકરી કરે ત્યાં એ, પૈસા લાવે ત્યાં પણ એ, ને પૈસા સંઘરે ત્યાં ય એ, ને ખરચે ત્યાં પણ એ, સ્નેહી સાથે વાતચીત કરતો કે આરામ કરે યા કુટુંબનો-સમાજનો-સંસ્થાનો વડેરો થાય, ત્યાં પણ એ જ લક્ષ્ય કે આમાંથી પાપત્યાગ અને ધર્મ-સિદ્ધિ સધે છે ને ?

માનવ જીવનની દરેક દુન્યવી ઘટનાઓમાં જો આ લક્ષ્યનો પાકો ખ્યાલ રખાય અને એને સિદ્ધ કરવા મથાય, તો પછી દુન્યવી પ્રવૃત્તિમાંથી શક્ય એટલી વધુ નિવૃત્તિ લઈને ધાર્મિક પ્રવૃત્તિ ધર્મસાધના કરવાનો ભાવ જાગે એ સહજ છે. સારાંશ, ધર્મ કરવાનો ભાવ કેમ જાગે ? તો કે ઉપરોક્ત જીવન લક્ષ્ય સતત ખ્યાલમાં રાખ્યાથી.

''દિવ્ય-દર્શન''-''અગ્રલેખામૃત'' વર્ષ-૨૫,અંક-૧૫,તા.૧૮-૧૨-૧૯૭૬

## (૨૨) ઉત્થાનની ચાવી : 'એવા પ્રભુ નહિ મળે'

માનવનો અમૂલ્ય અવતાર આત્માના ઉત્થાન માટે છે, પતન માટે નહિ. એમાં ય આર્ય માનવ-અવતાર તો ઉત્થાન માટે જ છે. અનાર્યને બચારાને તો પશુની જેમ આત્માની ગતાગમ જ નથી, પછી એને મન આત્માનું ઉત્થાન શું અને પતન શું ? આર્ય મનુષ્ય આત્માને માને છે માટે એને આ વિચાર વારંવાર રહેવો જોઈએ કે 'પૂર્વના અનંતા ભવોમાં મેં મારા આત્માનાં પતન જ કર્યા છે, તો હવે આ સમજવાળા ઉત્તમ ભવમાં મારા આત્માનું ઉત્થાન કરું. આ ભવ પછીનો ભવ કોને ખબર કેવો મળ્યો, ત્યાં ઉત્થાન શું કરી શકવાનો ?'

આત્માનું ઉત્થાન (૧) સર્વ જીવો પ્રત્યે સ્નેહભાવ અને દુ:ખી જીવો પ્રત્યે દયાભાવથી શરૂ થાય છે, (૨) ઘોર સંસાર અને સંસારસુખો પ્રત્યેના હૃદયોદ્વેગથી શરૂ થાય છે; (૩) ભગવાન શ્રી જિનેશ્વરદેવો પ્રત્યેના અને એમનાં વચન પરના અથાગ અનન્ય રાગથી શરૂ થાય છે.

આ થાય એટલે સહેજ પરોપકાર, દયા, જિનભક્તિ, જિનોક્ત ધર્મસાધના સહેજે સહેજે થાય, અને પાપો મુકાતા આવે. આનાથી આત્માનું ઉત્થાન થાય છે.

આમ આત્માનું પાયાનું અને ઉપરનું ઉત્થાન કરવા માટે સાધુસમાગમ વગેરે અનેક ઉપાયો છે, એમાં એક મહાન ઉપાય 'એવા પ્રભુ નહિ મળે' એવો જીવંત ખ્યાલ છે.

મનને એમ થવું જોઈએ કે 'દુનિયામાં જોઈએ તો, પશુ પંખી અને કીડા-



કીડી આદિ અસંખ્ય જીવોને બાજુએ મૂકો, પણ ક્રોડો મનુષ્ય એવા છે કે જેમણે માથે પ્રભુ ભગવાન જ રાખ્યા નથી. ત્યારે ક્રોડો એવા છે કે જેમણે રાગી દ્વેષી દેવને ભગવાન માન્યા છે, યા પરમાત્માનાં સાચાં સ્વરૂપ વિનાનાને ઈશ્વર તરીકે સ્વીકાર્યા છે. પરંતુ બહિરાત્મભાવ છોડી, અંતરાત્મભાવમાં આવીને એમાં સ્થિર થઈ, વીતરાગ સર્વજ્ઞતામય પરમાત્મભાવ પામેલા તથા સુરાસુરેન્દ્રોને પૂજ્ય બની જગતને યથાર્થ તત્ત્વબોધ અને વાસ્તવિક મોક્ષમાર્ગ આપનાર પ્રભુ આજે કેટલા મનુષ્યોને મળ્યા છે ? કહો, આજની શોધાયેલી દુનિયાના ૩૦૦-૩૨૫ ક્રોડ માનવોમાંથી માત્ર એક ક્રોડ માનવોને ય નથી મળ્યા.

ત્યારે એવા સુરાસુરેન્દ્રોથી પૂજાયેલા વીતરાગ સર્વજ્ઞ શ્રી તીર્થંકરદેવ આપણને મળ્યાનું આપણું કેટલું મોટું સદ્ભાગ્ય ! તે ય જે આ આર્ય જૈન કુળના જન્મથી એવા પ્રભુ મળ્યા તે જૈન કુળનો માનવભવ પામવો કેટકેટલો અત્યંત દુષ્કર દુર્લભ ! જગતમાં સુલભ તો બીજા અવતાર છે, ત્યાં એવા પ્રભુ ક્યાંથી મળે ? માટે આ વારંવાર વિચારવું ઘટે કે **'એવા પ્રભુ નહિ મળે.'**

આ વિચાર જીવતો જાગતો હોય તો એનો પ્રભાવ એવો પડે કે જ્યાં બીજાઓ પ્રત્યે વૈર વિરોધ મનમાં ઊઠે ત્યાં જ મનને એમ થાય કે 'જે પ્રભુએ ભયંકર જીવલેણ કષ્ટદાયી વૈરી જીવો પ્રત્યે પણ વૈર-વિરોધને નથી કર્યો, ને છતી શક્તિએ સામનો ન કરતાં અથાગ સ્નેહ અને કરુણા ઊભરાવી છે, પોતે એવો જીવન-આદર્શ મને આપ્યો છે, તેમજ ઉપદેશ પણ એનો જ આપ્યો છે, કલ્યાણ એનાથી જ કહ્યું છે. તો એવા પ્રભુને પામી મારાથી વૈર-વિરોધાદિ કેમ જ કરાય ? સ્નેહ અને દયા ભાવ જ ઊભરાવવા જોઈએ. આવા ઉચ્ચ આદર્શરૂપ અને ઉપદેશવાળા પ્રભુ મળ્યા પછી પણ જો આ ન ઊભરાવું, તો પછી જ્યાં એ નહિ મળે ત્યાં એ સ્નેહભાવાદિ શું ઊભરાવી શકીશ ? જીવ ! ધ્યાન રાખ કે બધું મળશે પણ એવા ખરેખરી દીવાદાંડી જેવા પ્રભુ નહિ મળે.'

એમ, સંસારના સુખો મનને લલચાવવા જાય, 'એ જ સર્વેસર્વા' એમ મન માનવા જાય, ત્યાં પણ આ સૂત્ર લગાડવાનું. મનને એમ થાય કે 'પ્રભુની પાસે સંસાર સુખ-સન્માનની શી કમીના હતી ? છતાં એમણે એ છોડ્યાં, તો જ ભગવાન બની શક્યા અને તો જ આપણે એમને તારણહાર ભગવાન તરીકે માનીએ છીએ, વળી એમણે સંસાર સુખોને હળાહળ ઝેરથી ય ભૂંડા કહ્યા, નરકાદિ દુર્ગતિના દાતાર તરીકે ઓળખાવ્યા. હવે જાતે સંસાર-સુખો ત્યજી જગતને પણ એના ત્યાગનો જ કલ્યાણ માર્ગ તરીકે ઉપદેશનારા પ્રભુને પામી શા સારું હું એ સંસારસુખોથી ન ઊભગું ? કેમ એના પર ઉદ્વેગ ન ધરું ? આવા પ્રભુ મળ્યા પછી જો આ ઉદ્વેગ

વૈરાગ્ય નહિ ધરું તો બીજા ભવે એવા પ્રભુને ગુમાવ્યા પછી શું કરી શકવાનો ? ઝટ એવા પ્રભુ નહિ મળે.'

એમ અથાગ રાગ કરવા માટે દુનિયા તો બહુ મળી, પણ એવા પ્રભુ ક્યાં મળ્યા છે ? એ મળવા છતાં એમના પર અથાગ અનન્ય રાગ ન કરું તો એ કેટલી મોટી મૂર્ખાઈ ? રાગ કરવા માટે એવા પ્રભુ નહિ મળે.

એમ જગતમાં અત્યંત વિશ્વસનીય વચન હોય તો એક માત્ર વીતરાગ સર્વજ્ઞ પ્રભુનું. એવા પ્રભુ મળ્યા છતાં એમના વચન પર અનન્ય શ્રદ્ધા ન કરું ? એમણે કહેલ ધર્મ ન સાધું ? એમણે કહેલ પાપ-ત્યાગ-કષાયત્યાગ ન કરું ? ફરીથી એવા પ્રભુ જલ્દી નહિ મળે.'

બસ, આ સૂત્રથી જીવન ઉત્થાન થાય.

"દિવ્ય-દર્શન"-"અગ્રલેખામૃત" વર્ષ-૨૫,અંક-૧૬,તા.૨૫-૧૨-૧૯૭૬

## (૨૩) ધર્મક્રિયામાં રસ કેમ નથી જાગતો ?

(એક ઉપધાનવાહીના 'ક્રિયામાં હજી રસ કેમ નથી જાગતો' વગેરે ફરિયાદોનાં સમાધાન માટે પૂ.આચાર્યદેવશ્રી તરફથી લખાયેલ ઉત્તરનો મજકુર.)

અત્રેની ઉપધાનની આરાધનાથી તમારા આત્મામાં પરિવર્તન આવ્યું એ તમારી યોગ્યતા અને પૂર્વભવની આરાધનાના સંસ્કારનું બળ સૂચવે છે. તો હવે એવા સંસ્કારની મૂડી વધારવા માટે વિશેષ ધર્મ આરાધનામાં અહીં મળેલી કિંમત તન-મન-વાણી બુદ્ધિની શક્તિઓ ખૂબ કામે લગાડવી જોઈએ, જેથી આગળ પણ પરભવે વિશિષ્ટ યોગ્યતા અને આરાધના મળે.

**અહીં મળેલી કિંમતી શરીરશક્તિ, વિચારશક્તિ, વાણીશક્તિ, અને બુદ્ધિશક્તિનો ભગવાન શ્રી જિનેશ્વરદેવની આજ્ઞાના પાલનમાં સદુપયોગ કરવા સિવાય બીજો શો ઉપયોગ છે ?** ક્રિયામાં મન નથી લાગતું એ સ્થિતિ હટાવવા આ જ વિચાર રાખશો કે શરીરની કિંમતી શક્તિનો આ તારણહાર ક્રિયામાં જ વિનિયોગ થાય એ જ એની સાચી સફળતા છે. એનાથી રૂપાળું બીજું શું ? જો સંસાર ક્રિયાઓને આપણી કિંમતી શરીરશક્તિ ખેંચવા-તાણવાનો અને વેડફી નાખવાનો હક છે, તો શું મારા ભગવાને બતાવેલી તારક ધર્મ ક્રિયાઓનો શરીરશક્તિને તાણવાનો અને લેખે લગાડવાનો હક નથી ?

એ પણ ધ્યાનમાં રહે કે જીવમાં અનંત અનંત કાળનો 'હરામહાડકા'નો દોષ



છે, રોગ છે, એનું ઔષધ આ ક્રિયાઓ જ છે, પ્રતિક્રમણ કરવાને બદલે માત્ર સ્તુતિ-સ્તોત્ર ગાવા, કે જેમાં કાંઈ હાડકા હલાવવા પડતા નથી, એ એનું ઔષધ નથી. જેવો રોગ તેવી દવા ન લઈએ, તો એ રોગ શી રીતે જાય ?

ધર્મક્રિયાથી મનનું જે ઘડતર થાય છે, એ માત્ર સ્તોત્ર પાઠથી કે જાપથી નથી થતું. એ પણ ખ્યાલમાં રહે...

'ક્રિયાઓ તો મોટા ગણધર મહારાજે ઉપદેશી છે. અને મોટા આચાર્યો અને ચંદનબાળા સાધ્વીનેતા જેવાએ આચરી છે. મને એ કરવા મળી, એ મારું કેવું અહોભાગ્ય છે ! મને ક્યાંક મિથ્યા ધર્મમાં ફસાઈ પડવાનું મળ્યું હોત, તો આવી એકાંતે તારક અને પવિત્ર ક્રિયાઓ મળવાની જ ક્યાં હતી ?' એ પણ વિચારતા રહેવું અને ધર્મની ક્રિયા કરવા પહેલાં અને પછી અહોભાગ્ય માનવું કે 'ધન્ય ભાગ્ય મારા કે મને આવી પવિત્ર ક્રિયા કરવા મળે છે !'

વૈરાગ્યભાવ વધારતા રહેવું, ત્યાં સુધી કે એ ઠેઠ વીતરાગભાવે પહોંચાડે. એ માટે સંસારના વિષયોને ભયંકર દુઃખદાયી દેખવા, એટલું જ નહિ પણ એ જીવને મોહ-મૂર્ચ્છા-સનેપાતગ્રસ્ત અને પાપાસક્ત કરાવનારા દેખવા.

**વૈરાગ્ય દૃઢ કરવા માટે બાવા-ફકીર જીવન જીવવું; અર્થાત્ ત્યાગમય અને અત્યંત સાદું તથા અત્યલ્પ જરૂરિયાતવાળું જીવન જીવવું.**

ક્રોધ અભિમાનને તો ભયંકર ટી.બી. કેન્સર જેવો રોગ સમજી એને નામશેષ કરવા મથવું. વળી એ માટે **'અનંતા કર્મના ગુલામ એવા આપણને ક્રોધ-માન કરવાનો શો અધિકાર છે ? ગુલામ આપણે કયા મોંઢે એ કરી શકીએ ?'** એ પણ વિચાર રાખ્યા કરવો.

એવો જ કામવાસના એ ભયંકર રોગ હોવાનો પ્રતિપળ ખ્યાલ રાખવો. ટી.બી. ફર્સ્ટ સ્ટેજમાંથી વિકસતાં વિકસતાં થર્ડ સ્ટેજમાં પહોંચતાં માઝા મૂકે છે, ત્યાં કોઈ જ બચાવ નથી રહેતા, એમ આ વાસના રોગને ફસ્ટ સ્ટેજમાં જ જો ન દબાવી દીધો તો એ વિકસતાં એવો વિફરે છે કે ત્યાં પછી ઉપરના સ્ટેજમાં કોઈ પ્રતિકાર નથી રહેતો. એ ધ્યાનમાં રાખી એ કામનો નાનો પણ 'આ રૂપ સ્પર્શ સુંદર...' એવો વિચાર જ ઊઠવા ન દેવો.

વાસનાના પાપમાં સામે નરકની ભઠ્ઠી વગેરે મહાદુઃખો નજરમાં તરવરતાં રાખવા.

જ્ઞાન-દર્શન-ચારિત્ર-તપની ખૂબ સુંદર નિર્મળ આરાધના કરતા રહો એ જ શુભેચ્છા.



E:/Divya-Darshan(part-11).pmd/prf.5

# (૨૪) જૈનધર્મનો અનન્ય મૈત્રીભાવ

માનવ જનમના ઉચ્ચ લક્ષ્યભૂત મોક્ષને પ્રાપ્ત કરવા માટે પાયામાં જગતના તમામ જીવો પ્રત્યે સ્નેહ ભાવ મૈત્રીભાવ જરૂરી છે. જીવો પ્રત્યેના દ્વેષભાવને તિલાંજલી આપ્યા વિના ન વીતરાગ બનાય, ન મોક્ષ મળે. અલબત્ત અન્ય ધર્મો પણ મૈત્રી ભાવ જરૂરી બતાવે છે, કિન્તુ એમણે બતાવેલ મૈત્રીભાવ કરતાંય જૈન ધર્મનો મૈત્રીભાવ અનોખો છે.

કારણ ?

મૈત્રીભાવ એ દરેક જીવોના પ્રત્યે સ્નેહભાવરૂપ છે. જો તમે બધાના પ્રત્યે સ્નેહભાવ રાખતા હોવા છતાં પણ કોઈ એકાદ બેની ઉપર દ્વેષભાવ-વૈરભાવ રાખતા હો તો તમારા અંતરમાં શુદ્ધ મૈત્રીભાવ નહિ આવી શકે. આ પ્રામાણિકતાદિ બીજા ગુણની માફક છે. દા.ત. સરકારી ઓફીસર ૧૦૦ જેટલા કામોમાં પ્રામાણિકતા રાખીને એકાદ કાર્યમાં લાંચ ખાઈ લે ત્યારે એના હૈયામાં પ્રામાણિકતાગુણ નહિ ગણાય. એજ રીતે શીલ-સદાચાર, વફાદારી, સત્યભાષિતા, ધર્મપ્રેમ, રાષ્ટ્રપ્રેમ, વગેરેમાં છે. એમાં ક્યાંય પણ ત્રુટિ ન ચાલે. એમ, મૈત્રીભાવના વિષયમાંથી એક પણ જીવ બાદ ન જોઈએ. વિશ્વના સૂક્ષ્મ સ્થૂલ સમસ્ત જીવો પ્રત્યે સ્નેહભાવ હોય તો જ એ મૈત્રીભાવ છે.

જ્યારે મૈત્રીભાવમાં નિર્વિવાદ બધા જ જીવો પ્રત્યે સ્નેહભાવ જરૂરી છે, ત્યારે એ નક્કી થાય છે કે જો તમે તમારા સગાસંબંધીઓ ઉપર સ્નેહભાવ રાખતા હોવા છતાં પણ પાડોશી કે બીજા પ્રત્યે દ્વેષભાવ રાખતા હો, તો તમારામાં મૈત્રીભાવ નથી. એમ પોતાના દેશવાસીઓ ઉપર પ્રેમભાવ રાખવા છતાં પણ જો પરદેશીઓ પ્રત્યે દ્વેષભાવ રાખ્યો, તો તમારામાં મૈત્રીભાવ નથી. આના ઉપર પ્રશ્ન ઊભો થાય છે કે,

**પ્ર.**- હા, સ્નેહભાવ જ રાખવો. ખોટો દ્વેષભાવ નકામો છે, આનો એ અર્થ નથી કે આપણા ધન અને સંસ્કૃતિનું થતું ખોટું શોષણ સહન કરી લેવું 'કિન્તુ સ્નેહભાવ-મૈત્રીભાવ રાખીને એનો પ્રતિકાર કરવો' પ્રતિકાર કરવામાં મરદાનગી છે. ખોટા દ્વેષના બફારા કાઢવામાં મરદાનગી નથી. પ્રતિકાર કરતાં મૈત્રીભાવ આ રીતે રાખવો 'કે બિચારા આ લોકો આવું શોષણનું મહાપાપ કરી પોતાનું જ બગાડે છે. પરંતુ અમારા પ્રતિકારથી એ પાપમાંથી બચી એમનું ભલું થાઓ' આવી રીતે



આપણે જોરદાર પ્રતિકાર કરી જરૂર પડ્યે એવા જલદ ઉપાયો કરીનેય પેલા લોકોને મહાપાપ કરતા અટકાવી શકીએ, જેથી તેમનું ભલું થાય.

હવે આગળ વધીને, માનવમાત્ર ઉપર તો સ્નેહભાવ રાખ્યો. પણ જો પશુઓની ઊપર દ્વેષભાવ રાખ્યો તો તમારા અંતરમાં મૈત્રીભાવ રહેતો નથી. જેમકે આજે પશુઓની હિંસા કરનારા કરાવનારાઓમાં ને એવી હિંસાઓના પ્રશંસકોમાં તથા હિંસાજન્ય પદાર્થોના આનંદથી ઉપયોગ કરવાવાળાઓના અંતરમાં પશુ પ્રત્યે દ્વેષભાવ છે, મૈત્રીભાવ નથી. ધ્યાનમાં રહે કે જો પશુઓ ઉપર સ્નેહભાવ છે તો તેની હિંસા ન જ કરી શકે. એ એવું નહિ કહી શકે કે 'પશુઓને મરણાંત કષ્ટ આપી અમે એનું ભલું કરીએ છીએ' કેમકે પશુઓ એમ મરતાં અતુલ વેદના અને અસમાધિ અનુભવી નરકાદિમાં જઈ પડે છે. ભલાની જ્યાં ભાવના નથી ત્યાં સ્નેહભાવ નથી, મૈત્રીભાવ નથી.

પશુઓ પ્રત્યે સ્નેહભાવ હોય તો હિંસાજન્ય વસ્તુઓનો ઉપયોગ આનંદથી કરાય કેમ ?

તમે તમારામાં ધર્મનો મૂળભૂત મૈત્રીભાવ ઇચ્છો છો ? તો પશુ-હિંસા અને હિંસાજન્ય વસ્તુઓની અનુમોદનાને આનંદભેર વપરાશથી દૂર રહો.

હવે આગળ વિચારો. માનવ અને પશુઓ પ્રત્યે સ્નેહભાવ રાખવા છતાં પણ કીડી-કીડા-માંકડ માખી-મચ્છર-ઉંદર વગેરે ઉપર દ્વેષભાવ રાખ્યો, તો હૈયામાં મૈત્રીભાવ ન રહે. એટલે જ આજના આ જંતુઓના વિનાશના ચાલી રહેલા યોજિત કાર્યક્રમોથી સાવધાન રહેવા જેવું છે.

ડી.ડી.ટી. આદિ જંતુનાશક દવાઓના ઉત્પાદન, એના વેપાર, ને એના વપરાશમાં મૈત્રીભાવ ક્યાં આગળ ટકવાનો ?

હજુ આગળ, મૈત્રીભાવ સમસ્ત જીવોના પ્રત્યે સ્નેહભાવરૂપ છે. હવે માનવ-પશુ કીડા આદિ ઉપર તો સ્નેહભાવ રાખ્યો, પણ વનસ્પતિકાય જીવો તથા જલ, તેજ, વાયુ જે પ્રત્યેક અસંખ્ય જીવમય છે, અને અનંતકાયિક કંદ આદિ જે અનંત જીવમય છે, એ જીવો પ્રત્યે દ્વેષભાવ રાખ્યો, તો સર્વ જીવ પ્રત્યે સ્નેહભાવરૂપી મૈત્રીભાવ ક્યાંથી આવવાનો ?

જગતમાં એક માત્ર જૈનધર્મ જ એવો છે કે જે એકેન્દ્રિયથી માંડીને પંચેન્દ્રિય સુધીની જીવવ્યવસ્થાને બતાવે છે, જે પૃથ્વીકાયાદિમાં અસંખ્ય અને અનંતકાળમાં અનંત જીવોનાં દર્શન કરાવે છે. એનાથી સમસ્ત જીવોનું જ્ઞાન થતાં સમસ્ત જીવો પ્રત્યે સ્નેહભાવસ્વરૂપ મૈત્રીભાવ લાવી શકીએ છીએ. જો આ જીવોનું જ્ઞાન જ ન હોય, તો એમના પ્રત્યે સ્નેહભાવ શી રીતે આવી શકે ?

અન્ય ધર્મોમાં આ જાતના જીવ-વિજ્ઞાનનો જ અભાવ હોવાથી ત્યાં શુદ્ધ મૈત્રીભાવ નથી. આથી જ કહેવાય છે કે જૈનધર્મનો મૈત્રીભાવ અનોખો છે.

"દિવ્ય-દર્શન"-"અગ્રલેખામૃત" વર્ષ-૨૫,અંક-૩૬,તા.૨૧-૫-૧૯૭૭

## (૨૫) વાસનાનું મૂળ વિષયો : વિષયાસક્તિની ખરાબીઓ

મનને બીજા વિચારમાં રોકી દઈએ તો એ મન ઇંદ્રિયોના વિષયો તરફથી હટી જાય, ને તેથી જ વાસના પર નિયંત્રણ આવે; કેમકે વાસનાના ઉદયનું મૂળ વિષયો છે, ને વિષયો પરથી મન હટી ગયું એટલે વાસના અટકી પડે.

વિષયો પરથી મન તો જ હટે કે એ વિષયો પ્રત્યે મનને લાલ આંખ થાય, તિરસ્કાર છૂટે. એ માટે વિષયોની ને વિષયાસક્તિની અનેકાનેક ખરાબીઓ નજર સામે તરવરતી રાખવી ઘટે.

**વિષયોની ખરાબીઓ :-**

(૧) દા.ત. નજર સામે જાણે દેખાય કે વિષયોમાં લુબ્ધ થવાથી નરકમાં અગ્નિની ભટ્ઠીઓમાં શેકાવાનું, અગ્નિ ધીખતી પુતળીઓને ભેટવાનું...વગેરે ભયંકરતાઓ સર્જાય છે,...તિર્યંચ ગતિમાં માછલાની જીવતા જીવે ચામડા ઉઝરડાય છે, પછી ભજિયાંની જેમ તેલમાં તળાય છે...વિષયો આપણને આવી પીડામાં ફેંકે છે, એ જોતાં જોતાં વિષયો પર તિરસ્કાર છૂટે.

(૨) વીર્યનાશ નુકશાન :- બીજી બાજુ એ વિચાર કરવા જેવો છે કે શરીરનો રાજા વીર્ય છે. શરીરની એ છેલ્લી ધાતુ છે. એની જાહોજલાલીમાં જ સારી સ્ફૂર્તિ, સારી શક્તિની બોલબાલા હોય છે, કામવાસનાની રમતમાં એની ખુવારી થાય છે. પછી ઇંદ્રિયોનાં તેજ હણાય, કાયા રોગની ભોગ બને, ઘડપણ વહેલું આવે, વગેરેની નવાઈ નહિ. શા માટે આપણા જ હાથે આપણા જીવન-સત્ત્વનો નાશ કરવો ? યાદ રહે કે સ્ત્રીનાં રૂપ-ગાત્ર-સૌંદર્ય પર દૃષ્ટિ, ને એના વિચાર પણ વીર્ય નાશ કરે છે. તો એ ય શા સારું કરવા ? અલબત આ તો ખોટી રીતે મોહને માથે ચડાવવાનું થાય છે; છતાં એને રોકવા ચાહતા હોઈએ તો આ ઉપાય છે કે વાસનાને પોષવાની ઈચ્છા જ ન કરીએ. ખરી રીતે કેટલીય વાર આપણે કંઈ ઈચ્છતા હોઈએ છીએ માટે જ ઈચ્છાની વસ્તુ આપણને પરવશ કરે છે. અંતરથી ઈચ્છા થાય કે 'આ મારે જોઈએ જ નહિ,' તો વસ્તુ છૂટતા વાર નહિ લાગે. એમ 'વાસના પાછળનાં પાપ અને વિષયો છૂટી ય જશે, એની ઈચ્છા છૂટવી સહેલી છે. એ ભયંકરતાને સમજવા



માટે એનાં રકમબંધ નુકસાન હૈયે વસી જવા જોઈએ, પૂર્વે વાસનાના નુકસાનો ગણ્યા ઉપરાંત (૧) ગુલામગીરી...(૨) વિહ્વળતા...(૩) વિષયરસથી કપાતો ધર્મરસ...(૪) ક્ષયાદિ રોગો...(૫) નવ લાખ જીવોનો નાશ...વગેરે વગેરે કેઈ નુકસાન છે.

**વિષયાસક્તિ પાછળ ખરાબીઓ :-**

જોવા-વિચારવાની ફુરસદ અને તમન્ના જોઈએ, તો જરૂર દેખાય કે ઇંદ્રિયોનાં વિષયો તરફ આકર્ષાવામાં, આસક્ત બનવામાં કેટકેટલી ખરાબીઓ છે. (૧) ગુલામગીરી એ મોટી ખરાબી છે. દુનિયામાં જેણે વિષયોનાં આકર્ષણ છોડ્યાં એને એવી ગુલામી નથી, એને વિષયો અને એના દેનારાઓની ચાપલુસી, ઓશિયાળાં, આજીજી કશું કરવું નથી પડ્યું. અરે ! થોડા પ્રમાણમાં આસક્તિ છોડી તો એટલા પ્રમાણમાં એ માતબર થઈને ફરે છે. માનો ને કે એને ખાનપાનાદિની આસક્તિ છે, પરંતુ સ્ત્રીનું આ આકર્ષણ છોડ્યું છે તો એને સ્ત્રીની ગુલામી નહિ કરવી પડે. ત્યારે એ આકર્ષણવાળા કેટલાયની આજે દુદર્શા નજરે દેખાય છે. દેવીના એ દાસ થઈને રહે છે. ખાવાના લાલચુ માણસ ખવરાવનારની ખોટી હા...જી...હા અને ગદ્ધા-ગુલામી કરે છે...(૨) ત્યારે વિષયાસક્તિમાં ચિત્તની વિહ્વળતા ભારે રહે છે. વિષય મનગમતા મળે તો ય રખેને એ હવે ચાલ્યા ન જાય, સ્ત્રી રિસાઈ ન જાય, એવી એવી ભયની વિહ્વળતા રહે, અને ન મળે તો ક્યારે મળે, કેમ મળે, ઈત્યાદિ સંતાપની વિહ્વળતા ! શંકા-કુશંકા તો હાલતાં ને ચાલતાં ઊભી થાય છે. સારા-નરસા વિષયોની તુલના કર્યા કરવામાં ચિત્ત વિહ્વળ જ રહે છે, શાંત નહિ. આવી વિહ્વળતામાં શાંતિથી સુખ ભોગવવાની વાત બાજુએ રહી જાય...(૩) ત્યારે વિષયોના ભરપૂર રસમાં ધર્મનો રસ કપાઈ જાય છે, ટલ્લે ચડે છે. એક તો અનાદિનો વિષયસંગ, અને એમાં વળી અહીં એનો રસ ભળે, પછી શું બાકી રહે ? મનમાં એ રસની બોલબાલા, એટલે પછી ધર્મ રસભર્યો લાગતો નથી. બે સામસામે છે;

**ધર્મનો રસ હોય તો વિષયો કૂચા લાગે, વિષયોનો રસ હોય તો ધર્મ મામુલી લાગે.**

વિચારવા જેવું છે ધર્મનો રસ જગાડવા એકમાત્ર ઉત્તમભવ મનુષ્યનો, તેમાં એ ન જગાડાય તો પછી એ ક્યાં જગાડી શકાશે ? વિષયોનો રસ મુકાતો નથી માટે ધર્મનો રસ જાગી શકતો નથી. અહીં એ ન જાગે એ કેટલી મોટી નુકસાની ! કોઈ પૂછે કે 'અહીંથી મરણ બાદ શું લઈ જવાના ?' તો જવાબમાં 'વિષયરસ જ ને ?' હૃદય તામસ-રાજસ ભાવથી ઘેરાયેલું રહે છે ત્યાં ઇંદ્રિયોનાં



E:/Divya-Darshan(part-11).pmd/prf.5

વિષયોમાં જ મઝા અને નિરાંત લાગે છે. એ પેલા કાળાભાવને પાછા પોષ્યા જ કરે છે. ઠેઠ જૈન શાસન અને વીતરાગ અરિહંત દેવ પામવા સુધી આવી પહોંચ્યા પછી પણ ધર્મરસ ન જાગે અને વિષયરસ અકબંધ વહે એ કેવી ભારે નાલેશી-નુકસાની અને કમનસીબી !....

(૪) **ક્ષય આદિ રોગો :-** વિષયોની ઈચ્છા દાબવા માટે વિષયોનાં નુકસાનોમાં આ પણ એક નુકસાન નજર સામે રાખવા જેવું છે કે એની આસક્તિમાં શરીરના વીર્યનો નાશ થતો આવે છે, તેથી ક્ષય, શરદી જેવા રોગો ચડી બેસે છે. શરીરમાં વીર્યનો સારો સંગ્રહ હોય ત્યાં સુધી એ રોગ સામે એક Resisting Power સામનો કરવાની શક્તિ છે. રોગને ચઢી બેસવા દેતું નથી. પણ એ ખત્મ થાય તો રોગો ચઢી બેસે એમાં નવાઈ નથી. કહે છે 'હવા બગડે છે તેથી રોગના કીટાણું શરીરમાં પેસી મંદવાડ લાવે છે. મેલેરિયાની હવાથી મેલેરિયા તાવ આવે છે.' પરંતુ ખરી સ્થિતિ એ હોય છે કે શરીરની અંદર મળદોષ-વાયુદોષ વગેરે કારણે રોગના કીટાણુનો સામનો કરવાની શક્તિ કમ થઈ ગઈ છે. તેથી રોગ ચઢી બેસે છે; નહિતર તો એ બગડેલી હવામાં રહેનાર બધા જ માણસોને કેમ રોગ નથી લાગુ પડતો ? આજની પદ્ધતિમાં આ મૂળ કારણ નથી જોવાતું તેથી ભળતા ઉપાયે રોગ અંદર દબાવાય છે, જે આગળ જઈને પાછી એક યા બીજી તકલીફ ઊભી કરે છે. ખરું તો આ જોવા જેવું છે કે શરીરનું વીર્ય Ditality નષ્ટ થવાથી રોગોને સ્થાન મળી રહે છે. (૫) આ નુકસાનો ઉપરાંત વિષય સેવનમાં એકેક પ્રસંગમાં નવલાખ પંચેન્દ્રિય જીવો મરે છે, એનું પાપ...વગેરે પણ નુકસાન છે. માટે વાસનામાં અંધ ન બનવું; તેથી સ્ત્રીને પુરુષના ને પુરુષને સ્ત્રીના ખોટા મોહમાં તણાવાનું નહિ થાય.

"દિવ્ય-દર્શન"-"અગ્રલેખામૃત" વર્ષ-૨૫,અંક-૩૭,તા.૨૮-૫-૧૯૭૭

## (૨૬) પ્રીતિ વિષભરી અને નિર્વિષ

જ્ઞાનીઓનો ઉપદેશ છે કે 'જગતની સાથે પ્રીતિ શું કરો ? પ્રીતિ પરમાત્મા સાથે કરો.' કારણ સ્પષ્ટ છે. જગત સાથે પ્રીતિ કરવામાં જગતમાં ભટકવાનું મળ્યું, પરમાત્માની સાથે પ્રીત કરવામાં પરમાત્મામાં ભળવાનું મળે. **પરમાત્મામાં ભળ્યા એટલે આપણે પરમાત્મા બની ગયા,** પછી જગતમાં ભટકવાનું નહિ, જનમ-મરણની વિટંબણા નહિ. ત્યારે જગત સાથેની પ્રીતિમાં વારંવાર જનમ-મરણ કરવા પડે



એટલું જ નહિ. એ પ્રીતિમાં અહીં પણ પ્રીતિનાં પાત્ર તરફથી અવસરે અપમાન-અવગણના-તિરસ્કારનો સંભવ, અરે ! દ્રોહ-વિશ્વાસઘાતનો ય સંભવ. દુનિયા પર દૃષ્ટિ નાખતાં આવું બધું બહુ દેખાય છે કે પ્રીતિ-પ્રેમ માંડ્યા પછી કેટલીય વાર હૈયાના બળાપા ઊભા થાય છે. સ્નેહ લગનનાં ભગન કેવા જોવા મળે છે ! કદાચ ઠેઠ સુધી પ્રીતિ જાળવી રાખી તો ય બંનેમાંથી એકના ઉપર રોગ વગેરે આપત્તિ આવતાં અને લાખ પ્રયત્ન છતાં એ નહિ ટળતાં, બંનેને કેવા કલ્પાંત ચાલે છે ! બહુ પુણ્યના યોગે કદાચ એવી આપત્તિ ન આવી તો અંતકાળે તો હૃદયાઘાત અને રુદન કેટલા જોરદાર ઊભા રહે છે ! આ ઠામઠામ દેખાઈ રહ્યું છે.

ત્યારે જે ભાગ્યવાન આત્મા દુનિયા સાથેની પ્રીતિને વિટંબણાભરી અને દુઃખદ તરીકે ઓળખી લઈ હૃદયમાં એવી પ્રીતિ રાખવાનું મૂકી દઈ પરમાત્મા સાથે જ પ્રીતિ રાખે છે, એને પછી આ જીવનમાં ક્યારે ય એ અવગણના એ હતાશા એ દ્રોહ-તિરસ્કાર-વિશ્વાસઘાત વગેરેની વેદના અનુભવવી પડતી નથી. **કેમકે જેમની સાથે પ્રીતિ માંડી એ પરમાત્મા ક્યારે ય અવગણના વગેરે કરતા જ નથી.**

કદાચ સંસાર-વ્યવહારમાં બેઠો સંસારી જીવો સાથે બહારથી પ્રીતિના વ્યવહાર કરવા પડે છે, ને એ સંસારીઓ અવગણના-અભાવ-તિરસ્કાર જેવું કાંઈક કરે છે તો પણ આને અંદરખાને એમના પર પ્રીતિ નથી, અને પરમાત્મા પર જ પ્રીતિ છે, એટલે ઝટ મનને આવું આવું સમાધાન કરી લે છે કે,

મારા ભગવાને મને સંસારીઓની આ ઓળખ આપેલી જ છે કે એમનાં પ્રેમ-પ્રીતિ-સોપાધિક છે, અમુક અમુક સ્વાર્થ સરવાની રુચિ સાથે સંકળાયેલી ગંઠાયેલી છે. તેથી સ્વાભાવિક છે કે એમનો એ સ્વાર્થમાં ભંગ પડતો દેખાય, સ્વાર્થ સરતો ન દેખાય, એટલે પ્રીતિ ઊડી જઈને અપ્રીતિ-અભાવ-અવગણના આવી ઊભી રહે. આ સ્વાભાવિક બનતી સ્થિતિ પર મારે ખેદ કરવાનું શું કામ ? મારે મારા પ્રીતિપાત્ર પરમાત્મા મારા હૈયામાં અખંડ ઊભા છે ને ? પછી શી ચિંતા ?

સીતાને મન એક રામ, એમ મારે મન એક અરિહંત પરમાત્મા. એ જો સો ટચનું સોનું છે, તો કાચના ટૂકડાસમા બીજાઓના પ્રેમ-સ્નેહ-સદ્ભાવ આવ્યા-ગયાની શી બહુ ગણના ? માટે તો ભગવાન સલામત તો સબ સલામત. હૃદયની સાથે જેના સંબંધ બાંધ્યા એની જ પ્રીતિ અને સલામતી મારે જોવાની.

વળી મારા ભગવાન કહે છે કે જગતની જડ કે ચેતન વસ્તુની અનુકૂળતા મળે કે પ્રતિકૂળતા, એ બધું તો મારા શુભ અશુભ કર્મનાં નાણાં પ્રમાણે ચાલે છે **કર્મનું નાણું કમતી(ઓછું) હોય ત્યાં અધિક માલ ન મળે, એથી રોવાનું શું ?** કર્મજનિત વિટંબણામાં મારે મનને ઓછું લાવવાની જરૂર નહિ. નહિતર હું મૂર્ખ



E:/Divya-Darshan(part-11).pmd/prf.5

બનું. ભગવાન જેવી ઊંચી મૂડી ઊંચી સમૃદ્ધિ મળ્યા પછી કર્મસત્તા કૂતરાને ટૂકડો ફેંકી નચાવે એમ જો મને નચાવે-હસાવે-રોવરાવે, તો એ મારી કૂતરા જેવી કરુણ દશા છે, અજ્ઞાનતા-મૂઢતા છે.

વળી ભગવાન કહે છે જગતના સંયોગો વિયોગમાં પરિણમનારા છે માટે સંયોગના હિસાબે જીવ અંતે દુઃખી જ થાય છે. તો સંસારીઓની પ્રીતિનો સંયોગ પણ એવો જ અંતે દુઃખદ હોઈ મારે પહેલેથી જ એ પ્રીતિની કશી કિંમત આંકવાની નહિ, એ પ્રીતિનું કાચનું ભાજન નંદાઈ જવા પર કશું દુઃખ કરવાનું નહિ.

આવી આવી રીતે મનને સમાધાન કરી લેવાથી સંસાર વ્યવહારમાં બેઠા સંસારીઓ તરફથી અવગણના-તિરસ્કાર જોવાના આવે, એની પરમાત્મા સાથે પ્રીતિ જોડનારને કશી મુંઝવણ કે હાયવોય નહિ.

હવે અહીં મુખ્ય આ વિચારવાનું છે કે આપણે પરમાત્મા સાથે પ્રીતિ કેમ જોડીએ ? જો એટલા માટે કે એ પ્રભુ આપણને દુનિયાનું સારું સારું આપે, તો એ પ્રીતિ ખરેખરી પ્રીતિ નહિ પણ એક સોદાબાજી થશે. સ્વાર્થ સાધવાની વૃત્તિના પાયા પર ઊભેલી પ્રીતિ મનની પવિત્રતા અને પ્રશાંતતાનો નાશ કરે છે; કેમકે પરમાત્મ-પ્રીતિના બદલામાં પ્રાપ્ત કરી લેવાના સ્વાર્થનો રાગ મનને અપવિત્ર અને વધુ અશાંત બનાવે છે, આમ તો સ્વાર્થની વસ્તુ ધન-માલ-સન્માન-વાહવાહ વગેરેનો રાગ સામાન્ય હોય, પરંતુ એમ લાગે કે 'પરમાત્મા પર પ્રીતિ કરવા પૂર્વક એમની સેવા કરીએ તો આ સ્વાર્થની વસ્તુ સારી સિદ્ધ થાય છે' એટલે પછી એ પ્રીતિપૂર્વકની પ્રભુસેવા કરતાં એ સ્વાર્થની વસ્તુનો રાગ જોરદાર બને છે. તેથી સામાન્ય રાગમાં મન સામાન્ય અસ્વસ્થ હતું તે હવે જોરદાર રાગમાં જોરદાર અસ્વસ્થ બને છે, અને એ જ વધુ અ-શાંતતા; ને આ સ્વાર્થલગન પ્રભુ જેવાને ગૌણ બનાવે એ મનની અપવિત્રતા છે. તેથી મનની પ્રશાંતતા-પવિત્રતાનો નાશ કરનાર દુન્યવી સ્વાર્થની માયા એ ઝેર છે, વિષ છે. પ્રભુની પ્રીતિ આવી વિષભરી હોય એ ભવનાં ભ્રમણ ઘટાડી ન શકે, પણ વધારી દે. માટે પ્રીતિ કરવી તે વિષભરી નહિ, પણ નિર્વિષ.

''દિવ્ય-દર્શન''-''અગ્રલેખામૃત'' વર્ષ-૨૫,અંક-૩૮,તા.૪-૬-૧૯૭૭

## ૨૭ જીવવું શા માટે ?

માણસ જીવન જીવી રહ્યો છે, પણ શા માટે જીવી રહ્યો છે, એનો વિચાર બહુ ઓછાને હોય છે. તેથી જ 'જીવીને સારું કરી લઉં' એ વિચાર



મુખ્ય રહેતો નથી.

માનો કે આજે કોઈ પૂછે 'શા માટે જીવી રહ્યા છો ?' તો શું કહીએ ? 'ખાવા માટે ?' ના, એવું કહેવાય નહિ, કેમકે જો એમ જ હોય તો ચોવીસે કલાક કેમ ખા-ખા નથી કરતા ? જીવવાની ક્રિયા તો સતત ચાલુ જ છે, તો એનું પ્રયોજન જો ખાવાનું હોય તો ખાવાનું સતત ચલાવવું જોઈએ ને ? જેમ માલ પેદા કરવો એ ચાલુ મશીનરીનું પ્રયોજન છે, તો ચોવીસે કલાક મશીનરી શા માટે ચલાવ્યે રાખે ? માલ પેદા કરવા. તો પછી માલની બનાવટની ક્રિયા વિના ચાલે ત્યાં સુધી એક કલાક પણ મશીનરી ખાલી ફરતી કોઈ ન રાખે. બસ, એ રીતે અહીં ખાવાની ક્રિયા સિવાય ખાલી જીવવાનું કેમ કરાય, જો જીવવું ખાવા માટે જ હોય તો ?

**પ્ર.**- એવું કરીએ તો લોકમાં લાજીએ અને માંદા પડાય.

**ઉ.**- તો પછી એમ કહો કે જીવવું તે ખાવા માટે નહિ. પણ લોકમાં આબરૂ જળવાય અને આરોગ્યનું સુખ બન્યું રહે તે માટે. પણ આમાં ય વાંધો પડશે. કેમકે આબરૂ કે આરોગ્ય જો જતા રહે છે તો ય માણસ જીવવાનું છોડતો નથી.

**પ્ર.**- તો શું મરાય ?

**ઉ.**- તો કયા કયા કામ માટે જીવવું, હવે એ કહો. કુટુંબ નભાવવા ? ના કેટલાકનાં કુટુંબ સ્વતઃ નભે છે. ઊલટું કુટુંબી આને નભાવે છે. છતાં આ જીવે છે. કેમ જીવે છે ?

**પ્ર.**- મરવું નથી માટે જીવે છે એમ કહેવાયને ?

**ઉ.**- ના, કેમકે તો શું મરણ અટકે છે ? જો એ બનતું નથી, તો પછી જીવનનું એવું પ્રયોજન શા માટે ધરવું કે જે અંતે સરે જ નહિ ? તો બોલો જીવવું શા માટે ? એમ કહો કે કોઈ ચોક્કસ પ્રયોજન, લક્ષ્ય, હેતુ, નક્કી કર્યા વિનાની દોડધામ આ ઉત્તમ આર્ય માનવ બુદ્ધિના ભવે ? કાંઈ વિચાર કે શરમ નથી આવતી ? ચોક્કસ કોઈ સારું પ્રયોજન નક્કી નથી કર્યું. વારંવાર મન પર એ આવતું નથી, માટે જ કેટલું ય જીવવાનું વેડફી નખાય છે, ને બાકીનું ઊંધા વેતરણમાં વપરાય છે. માનવબુદ્ધિનો આ સદુપયોગ નથી. અહીંની બુદ્ધિશક્તિ તો ઊંચામાં ઊંચી મૂડી છે. જબરદસ્ત વેપાર એના પર કરી શકાય, કરવો જ જોઈએ. આ ભવ અને બુદ્ધિ ખોવાઈ ગયા પછી શું વળશે ?

કહે છે, 'ફરજો અદા કરવા જીવીએ છીએ.' કેવી ફરજો અદા કરી રહ્યા છો ? જે કરવામાં જાતને અને સામાને ભવસાગરમાં અત્યાર સુધી ડૂબતા હતા એમ ડૂબતા જ રહેવાનું બને એવી ? કે તરવાનું બને એવી ?



E:/Divya-Darshan(part-11).pmd/prf.5

વળી મૃત્યુ તો આવવાનું જ છે, તો ત્યાંસુધી જીવીને માતા, પિતા, પત્ની, પુત્ર, પુત્રી વગેરે પ્રત્યેની ફરજો પૂરી અદા થઈ જશે ને ? ના, તો શું મર્યા પછી ફરીથી અહીં આવી પૂરી કરશો ? એ તો બનવાનું નથી, પછી જીવવાનું પ્રયોજન ફરજો અદા કરવા જેવું શા માટે નક્કી કરવું કે જે અધુરું રહે અને રોવરાવે ? ઊલટું શું એમ નથી લાગતું કે જે માનેલી ફરજો જે રીતે અદા કરો છો એમાં તો સામાને પોતાના જીવવાના પ્રયોજનોની ઉપાધિ વધી જાય છે ? એ એથી વધુ ખતરામાં પડે છે, અને પોતાની ભવમંજીલને યાને સંસાર-પ્રવાસને લાંબો લચક વધારે છે, એવું નથી લાગતું ? તેમ તમારી માનેલી ફરજો અદા કરતાં એ લોકોનો મોહ વધવાથી તમારા વિયોગમાં એમને ઘેલું રોવાનું બને છે ને ?

સારાંશ, **માનેલી ફરજો અદા કરવાનું જીવન પ્રયોજન એ અજ્ઞાનતાના ઘરનું છે.** અને ખરી રીતે તો અંતરાત્માને પૂછો કે જીવન જીવતાં શું આ જ એક લક્ષ્ય રાખ્યું છે ખરું કે ફરજો જ અદા કરવી ? ના, એ તો ઓઠું છે, અગર બહુ ગૌણ રાખ્યું છે, ને મુખ્ય તો સ્વાર્થ-સગવડ સહેલ-સપાટી વિષયલંપટતા...વગેરે પોષવાનું જ રાખેલું છે, માટે ફરજ અદા કરવાના ખોટાં બહાનાં છે.

**સાચી ફરજ :-** વસ્તુ સ્થિતિએ તો ફરજ એવી કોઈ અદા કરવી જોઈએ કે જાતને અને બીજાને ભવમાં ડૂબતાં ન રાખે, પણ એથી પાર ઉતારે. સામાને વધારે લાલસાની ઉપાધિમાં, ખતરામાં ન નાખે, પણ હોય એમાંથી ઓછી કરાવી એને એની જાતનું ઉત્થાન કરાવે.

જીવવાનું ખરું પ્રયોજન એવું જોઈએ કે જે અનિચ્છાએ મરવું પડે છે એ સ્થિતિને બદલી નાખે. જે વારંવારના જન્મ-મરણ જન્મ-મરણની આપદા ઓછી કરી આપી આગળ વધતાં સર્વથા અજર અમર બનાવી દે.

પૂછે કોઈ 'શા માટે જીવો છો ?'

તો કહીએ કે જન્મ-મરણની આપદામાંથી છૂટવાની કરણી કરી શકાય એ માટે. મર્યા પછી એ કરવાનું મળવું મુશ્કેલ છે. એટલે જ જીવતાં એ જ કરણી કરી લેવી છે.

**સારી કરણીમાં પહેલી અમી દૃષ્ટિ આવે :-** જન્મ મરણ ફેડવાની કરણીમાં શું શું કરવાનું આવે ? પહેલું તો દૃષ્ટિ સુધારવાનું, દૃષ્ટિમાંના ઝેર કાઢી નાખી એમાં અમી ભરવાનું આવે, કેમકે બીજી બધી જન્મ-મરણ ટાળનારી સારી કરણીનો આધાર અમી ભરી દૃષ્ટિ ઉપર છે, અને એ બધી કરણી કરીને છેવટે આ અમીનો વિકાસ કરતાં ઠેઠ વીતરાગતારૂપી અમી સુધી પહોંચવવાનું છે. એટલે જ કહી શકાય કે,



**જીવવું શા માટે ? તો કે અમી ભરી દૃષ્ટિ ઊભી કરવા. વિકસાવવા-વધારવા અને પૂર્ણ અમીદૃષ્ટિએ પહોંચવા.**

દેવ-દર્શન-પૂજા કરો, સામાયિક કરો, વ્રત-નિયમ-ત્યાગ-તપસ્યા કે દાનાદિ કરો, તે દૃષ્ટિમાં અમી વસાવવા કરો, વધારવા કરો, દૃષ્ટિના ઝેર ઓછા થઈ અમી વધતું આવે છે ને ? એ પર ખાસ ધ્યાન દો, મથો ત્યાં સુધી કે દૃષ્ટિના મૂળભૂત ઝેર રાગદ્વેષ નષ્ટ થઈ વીતરાગતાનું અમી પૂર્ણ ને શાશ્વતરૂપે ઝગમગી ઊઠે.

"દિવ્ય-દર્શન"-"અગ્રલેખામૃત" વર્ષ-૨૫,અંક-૩૯,તા.૧૧-૬-૧૯૭૭

## (૨૮) જૈનશાસન કેવા હૈયામાં વસેલું છે ?

**લક્ષ્મી ઉપર ગર્વ ખોટો છે...**

અશુભકર્મો રુઠે છે ત્યારે કેવી આપત્તિ આવે છે ! કેવા કપરા દહાડા ! કેટલો કારમો સમય ! પુણ્ય-પાપ વચ્ચે ઝોલા ખાતા સંસારી જીવનમાં આવા ય દિવસો જોવાના આવે છે...માટે જ સારા સમયે અભિમાન કરવા જેવું નથી... 'બસ ! શી ફીકર છે ? આપણે બાદશાહ છીએ...' આ ગર્વ કરવો ફજુલ છે... મૂર્ખતા છે...'જડના સંયોગ ચંચળ છે, વિનશ્વર છે...' એનો પુરો ખ્યાલ રાખવા જેવો છે...મોટા ચક્રવર્તી પણ બધું પડતું મૂકીને મર્યા છે...મોટા કરોડપતિઓ પણ માલ ભર્યા વહાણ દરિયામાં ડૂબતા ચિંથરેહાલ બન્યા છે ! લક્ષ્મીના શા ભરોસા ? આજ છે ને કાલે ન હોય...માટે એના ગર્વ ખોટા છે. દિલમાં જિનશાસન વસેલું હોય, તો આવા ગર્વ ન થાય.

**જૈન શાસન ક્યાં વસેલું છે ?...**

જિનવચન હૈયે પરિણામ પામ્યા હોય તો કોઈ અયોગ્ય વિચાર કરવાની મનની તાકાત નથી. મન હૈયાના પરિણામ પર મસ્તાન બને છે. હૈયું જ જો ચોર છે, પાપી છે, તો મન પછી એવા જ વિચાર કરે છે...ખરેખર આપણા હૃદયમાં ઊંડે ઊંડે શું છે એ તપાસવા જેવું છે...એ તપાસી, જો એનું શુદ્ધિકરણ કરીશું, તો પછી મનમાં ઉમદા વિચારોનો પ્રવાહ વહેશે, હલકા વિચાર રવાના થઈ જશે...

હૈયું કહો, દૃષ્ટિ કહો, એક જ ચીજ છે. દૃષ્ટિમાં લક્ષ્મી-લાડી-હાટ-હવેલી વગેરે જો સારા અને સુખકારી તરીકે વસ્યા હશે, મીઠા-મજેના લાગતા હશે, તો દૃષ્ટિમાં એ અમી નહિ, ઝેર છે; અને તેના લીધે મન ખોટા વિચારો કરવામાં બાકી નહિ રાખે. એમ દૃષ્ટિમાં 'ફલાણો મારો દુશ્મન, મારું લૂંટનારો, મારું અપમાન



E:/Divya-Darshan(part-11).pmd/prf.5

કરનારો,'...વગેરે વગેરે ઝેર ભર્યું હશે, તો મન દ્વેષિલા-ક્રોધિલા વિચારમાં બળ્યા કરશે...

મંદિર-ઉપાશ્રયે માત્ર દોડધામ કરે, માત્ર બે પૈસા શુભ કાર્યમાં ખરચી કાઢે, કે અમુક વ્રત-નિયમ માત્ર લઈ લે, પણ 'કુટુંબ-કામિની કેમ ? તો કે એ મારા સાચા સગા.' જરા પ્રતિકૂળ કરનાર કેવો ? તો કે 'મારો દુશ્મન !' ત્યાં જિનશાસન દિલમાં છે ? દુઃખ-આપત્તિ અપમાન વખતે કેવા રહેવાનું ? 'ઊકળતા ?' આનામાં જૈનશાસન વસ્યું છે ?

સંઘ મોટો કાઢ્યો પણ યાત્રિકો જરાય વધારે ખાઈ ન જાય, બહુ ખર્ચ ન કરાવી નાખે, એ લક્ષ રાખ્યું કેમકે 'યાત્રા સસ્તી, સંઘભક્તિ સસ્તી, પૈસા મોંઘા છે.' આવો હિસાબ રાખ્યા કર્યો; પછી એમાં સાધર્મિકને ધૂત્કાર, ત્રાસ અને તકલીફ થવા દીધી,...એનામાં જૈન શાસન વસ્યું છે ?

જૈન નામ લઈને ફર્યા, પણ દુશ્મન તો શું કિન્તુ જેની સાથે પોતાને કોઈ લેવડ-દેવડ નથી એવા ય સાધર્મિકની અને યાવત્ સાધુ-સાધ્વીની નિંદા કરી, હલકાઈ ગાઈ, એનામાં જૈન શાસન વસ્યું છે ?

વીતરાગ જિનેશ્વર દેવનું શાસન ક્યાં વસેલું કહેવાય ? કહેવું જ પડશે કે અમીભરી દૃષ્ટિમાં વસેલું છે; ઝેર ભરેલીમાં નહિ ! 'જય વીયરાય' સૂત્ર કહે છે,

**જીવનમાં ભવનિર્વેદ, તત્ત્વાનુસારિતા, ઈષ્ટ ફલસિદ્ધિ, લોક સંકલેશ-ત્યાગ, ગુરુ જનપૂજા અને પરાર્થકરણ આવવા પર જૈન શાસન આવે છે.**

**દુઃખ એ ઉત્સવ :-**

સ્નેહીને પૂછવાનું મન થાય. 'કેમ ભાઈ ! કાંઈ દુઃખમાં પડ્યા છો ?' ત્યારે આ કહે 'કર્મ ઓછા થઈ રહ્યાનો ઉત્સવ ચાલે છે...' શું ? જિનશાસનની સમજ છે માટે ઉત્સવ !! સમજ્યા ને ? માનતા નહિ કે 'બોલવાનું છે'...

જુઓ કર્મનો ઉદય કોઈના ટાળ્યા ટળે છે ? ના ! પછી શા માટે એના પર દુઃખ કરવું ? તકલીફ ભોગવ્યા વિના તો એ કર્મ જવાનું જ નથી, અને તકલીફ ભોગવ્યા પછી એ રહેવાનું નથી, જવાનું જ છે; તો પછી માનોને, લુંટારા ગામમાંથી જાય અને ઉત્સવ થાય એમ આત્મ ઘરમાંથી કર્મલૂંટારા ગયાનો ઉત્સવ થયો ! **આફતના પ્રસંગને અશુભ કર્મના કચરા ઓછા કરનાર તરીકે જ લેખવા-વધાવવાનું ધોરણ, એ દૃષ્ટિમાં એક સુંદર અમી છે.**

**તકલીફ એ ધર્મસાધના :-**

ધર્મસાધના શા માટે કરવાની ? પાપકર્મનો નાશ કરવા જ ને ? એમ કર્મનાશ થતાં થતાં સર્વ કર્મનો નાશ થઈ મોક્ષ મળે એ માટે જ ધર્મસાધના છે.



ત્યારે જો ધર્મસાધના કર્મનાશ માટે છે, તો પછી તકલીફ આનંદથી વેઠીએ એમાં પણ કર્મનાશ ક્યાં કમ છે ? એમ કહો કે દુઃખ-તકલીફને સહર્ષ વેઠ લેવી એ પણ એક જાતની ધર્મસાધના જ છે; તે ય રોકડા ફળવાળી ધર્મસાધના ! વેઠી કે તરત એટલા કર્મો ગયા !'

વીતરાગ ભગવાનના શાસને આ દિવ્ય દૃષ્ટિ આપી છે. કે દુઃખ-તકલીફને ઉત્સવ માનો. એમાં અચૂક કર્મનાશ થઈ રહ્યો છે. નરકના જીવોને કારમા દુઃખ ભોગવીને કર્મનાશ તો થાય જ છે, પરંતુ સાથે એ જીવો સમાધિ ન રાખતાં ઘોર કષાયો સેવે છે; તેથી નવી ભારે કર્મ-ભરતી થાય છે. **બાકી શાન્તિથી સહન કરનાર તો કર્મનાશ કરતો કરતો મુક્તિની નિકટ જઈ રહ્યો છે...**

ધર્માત્માને બિમારી રહેતી હોય તો અફસોસી થાય છે કે 'આ હું કેવો કમનસીબ કે આ બિમારીને લીધે તપ નથી કરી શકતો !' પણ એ જોવું જોઈએ કે **બિમારી ભોગવતાં પણ અશાતા વેદનીય કર્મ ઓછાં થઈ રહ્યા છે.** આ ઓછી કમાણી છે ? શરત માત્ર એટલી કે **બિમારીમાં કર્મક્ષય થવાનો ઉત્સવ મળ્યો માનીને બિમારી વગેરેને સહર્ષ ભોગવી લેવાની.** એટલે કષ્ટ-બિમારીમાં ઓછી આરાધના સમજતા નહીં. મહાત્માઓ કષ્ટ ભોગવવાની આરાધનામાં તો કેવળજ્ઞાન અને મોક્ષ પામ્યા છે ! તો કષ્ટ સહર્ષ ભોગવી લેવાં એ પણ ધર્મની આરાધના જ થઈ ને ? એ માટે શું કરવાનું ?

**(૧) વસ્તુને જ્ઞાનની દૃષ્ટિએ જોવી. (૨) પ્રસંગને આત્મલાભમાં ઉતારવા :-**

આ એક દિવ્ય દૃષ્ટિ છે કે વસ્તુ સ્થિતિને જ્ઞાનીની સલાહ અનુસાર જોવાનું રખાય. એમ આત્મલાભમાં કેમ ઊતરે એ જ હિસાબે વસ્તુ કે પ્રસંગને અપનાવાય, અવલોકાય; એ લક્ષ પણ દિવ્ય દૃષ્ટિ છે.

**આત્માના લાભમાં ઉતારવા માટે :-** આત્માના લાભમાં ઉતારવું એ પણ જીવનમાં એક બહુ સુંદર અમી છે. જીવન જીવવું તો છે જ અને પ્રસંગો કે પદાર્થો સામે આવવાના પણ ખરા જ; તો હવે એ બધું આત્માના લાભમાં ઊતરે એવું કાયમ ધોરણ કાં ન રાખવું ? મન સાબુત રાખીએ તો કાંઈ કઠિન નથી.

દા.ત. (૧) પૈસા કમાયા, હવે એને આત્માના લાભમાં ઉતારવા માટે પહેલું તો શક્તિ અનુસાર દાનમાં યોજવા, કોઈ અર્હદ્ભક્તિ, ગુરુસેવા, જ્ઞાનસેવા, સાધર્મિકની ભક્તિ-ઉદ્ધાર, દુઃખીની દયા એવા કાર્યમાં જમા કરાવી દેવા.

(૨) બાકી જે રૂપિયા પોતાના તરીકે રાખ્યા એને પણ આત્મલાભમાં ઉતારવા માટે 'ચાલો આટલી સગવડ થઈ છે તો અસમાધિ ઓછી કરી ધર્મપ્રવૃત્તિમાં ચિત્ત વધારે સ્થિર કરું; ધર્મપ્રવૃત્તિ કાંઈક વધારું' એમ કરી તે પ્રમાણે પ્રયત્ન આદરાય.

(૩) એમ એ વિચારી શકાય કે 'આ પૈસા મળ્યા અને રાખ્યા તો ખરા, પણ એ પૂર્વની પુણ્ય મૂડીમાંથી ઉપાડ કર્યો છે, અને સાથે એ પૈસા ષટ્કાય જીવની વિરાધના તથા લોભ...વગેરે પાપસ્થાનક આચરવા દ્વારા આવ્યા છે, એટલે પૂર્વ પુણ્યક્ષય અને નવીન પાપોપાર્જન એમ બેવડી નુકસાની વહોરી છે; માટે પૈસા પાપ છે.

(૪) વળી **'आरम्भाः परिग्गहमूलाः'** આરંભ-સમારંભ પરિગ્રહ ઉપર જન્મે છે. એટલે આ મળેલા પૈસાથી આરંભ-સમારંભો થવાના, ને વિષય વિલાસો પણ થવાના; એ પણ દુઃખદાયી છે. માટે જીવ ! વિશેષ જાગ્રત રહેજે કે પૈસાને સર્વસ્વ ન મનાય, એમાં ભગવાનને ન ભૂલાય, ધર્મ ન ચૂકાય, શ્રાવકને તો 'ધર્મે ધનબુદ્ધિઃ' અર્થાત્ **'ધર્મ એજ ખરું ધન છે...'** એવી સદા દૃઢ માન્યતા હોય. **માટીનું ધન તો જીવને દુર્ગતિ ખરીદવા કામ લાગે છે;** એને સાચું ધન કહેવાય જ કેમ ?' આવી આવી ભાવના કરાય. જિન શાસન હૈયે વસ્યાથી આવી આવી દૃષ્ટિ આવે, અને એ પ્રમાણે હૈયાના ભાવ ચાલે.

"દિવ્ય-દર્શન"-"અગ્રલેખામૃત" વર્ષ-૨૫,અંક-૪૩,તા.૨૩-૭-૧૯૭૭

## ૨૯ ભદ્રસૂરીશ્વર - જિનવાણી સૂત્ર-૧
## સર્વજીવદયા વિના જિનભક્તિ પૂર્ણ નહિ.

સ્વ.પૂ.આચાર્ય ભગવંત શ્રી વિજય ભદ્રસૂરીશ્વરજી મહારાજા ચારિત્ર લેવા માટે ઉજમાળ બની ગયેલા તે આ સૂત્ર પર **'કોઈ પણ જીવને દુભવીએ નહિ તો જ જિનભક્તિ પૂરેપૂરી થાય.'** ગૃહસ્થપણે ભગવાનની ભક્તિ એમને બહુ ગમતી. એમાં વિશેષ તલ્લીન બનતા. એક દિવસ આ વિચાર આવ્યો કે 'જે આ અરિહંત ભગવાનની ભક્તિ કરું છું, એમણે પોતે સર્વ જીવોને પોતાના જીવ જેવા ગણી પોતાના તરફથી અભયદાન આપી જગતને પણ એ જ શીખવ્યું કે કોઈપણ પ્રાણીને દુભવશો નહિ.' તો હું તો સંસારમાં બેઠો પૃથ્વીકાય-અપકાય...વગેરે સ્થાવર જીવોની દયા પાળતો નથી, તો ભગવાનનો પૂરો ભક્ત શાનો ? કોઈને પણ દુભવતો રહું ત્યાંસુધી ભગવાનની પૂરી ભક્તિ થાય નહિ.' આ વિચારથી પોતે સંસારમાંથી ઊઠીને ચારિત્રમાર્ગે નીકળેલા.



ત્યારે, આ સૂત્ર કેટલું સરસ છે ! કોઈને ય દુભવવાનું બંધ કર્યા વિના જિનભક્તિ પૂર્ણ થાય નહિ. આના ય મૂળમાં ભગવાન જિનેશ્વરદેવ ઉપર અથાગ રાગ અને એમની ભક્તિ, એ જ જીવનમાં ખરું કર્તવ્ય લાગતું હતું. એવી ભક્તિ હોય તો જ એ પૂરેપૂરી બનાવવા વિચાર થાય છે. જિનભક્તિ પહેલાં હોવી જોઈએ વાત સાચી છે. રાગ કરવો હોય તો તે વીતરાગ સર્વજ્ઞ ભગવાન જિનેશ્વરદેવ શ્રી અરિહંત પરમાત્મા પર જ કરવા જેવો છે. કારણ,

જો આપણને વારંવારના જન્મ-મરણ વગેરે વિટંબણાઓનો ત્રાસ લાગ્યો હોય, ને 'હવે ક્યાં સુધી આ વિટંબણાઓના ભોગ બન્યા રહેવું' એમ એનો કંટાળો આવ્યો હોય, તો એ જનમ-મરણાદિ સરજનારી કામ-ક્રોધ-લોભ માન-મદ-હર્ષ વગેરે આપણા વિકારોનો આપણી ખરાબીઓનો અંત લાવવા વિચાર થાય. એ અંત લાવવાનું સહેલું નથી. એના માટે પહેલાં તો એ વિકારો-ખરાબીઓનો અંત કર્યો હોય એમનું નજર સામે આલંબન તરવરતું રહેવું જોઈએ, આ પહેલું જરૂરી એટલા માટે છે કે આપણે કાંઈ એવા સહજ સદ્બુદ્ધિ-સદ્બોધવાળા નથી કે એ ખરાબીઓ આપણા પોતાના આત્માની ખરાબી તરીકે આપણને આલંબન વિના સહેજે સહેજે ઓળખાય; તેમ એવા સત્ત્વવાળા નથી કે એ ખરાબીઓનો અંત લાવવા માટે આપણને આલંબન વિના સ્વતઃ જોમ પ્રગટે, ત્યારે જિનેશ્વર ભગવાન એવા સમર્થ જ્ઞાની અને ઉપદેશક છે કે એમના આલંબને એ ખરાબીઓનો ખ્યાલ આવે; અને પ્રભુ એવા સ્વયં અતુલ પરાક્રમથી સ્વવિકારોનો સંપૂર્ણ નાશ કરી વીતરાગ બનેલા છે કે એમનું આલંબન ધરતાં અર્થાત્ એમની ઉગ્ર સાધનાઓને નજર સામે રાખતાં આપણને આપણી ખરાબીઓ તોડી નાખવાનું જોમ વિકસી ઉઠે.

આપણને વીતરાગ ભગવાન આલંબન તરીકે મળ્યા છે એ આપણું અહોભાગ્ય છે, જેથી એમને નજરમાં રાખી આપણે કામ-ક્રોધાદિ ખરાબીઓ કાઢવા યત્નશીલ રહીએ. પરંતુ પ્રભુને નજરમાં રાખવા હોય તો પ્રભુની વારંવાર ભક્તિ કરી પ્રભુના ભક્ત બનવું જોઈએ. તો જ પ્રભુ નજરમાં રહ્યા કરે. શેઠના ભક્તને શેઠ નજર સામે રહ્યા કરે છે ને ? પણ ભક્ત કાંઈ, કશી ભક્તિ કર્યા વિના એમ જ બનાય છે ? એ તો જેમ જેમ અધિક ભક્તિ થાય તેમ તેમ એટલા નિકટના ભક્ત બનાય છે, દિલ માને છે કે હું પ્રભુનો ભક્ત.

પૂર્વે મોટા રાજામહારાજા, શેઠ-શાહુકારો,...યાવત્ રંક પણ પ્રભુના ભક્ત બન્યા છે, એ પણ જિનભક્તિનો ભારે પુરુષાર્થ કરીને બન્યા છે, એ લક્ષમાં લઈએ

તો પણ જિનભક્તિને જીવનમાં વણી લેવા મથાય; અને એ સારામાં સારી સંપૂર્ણ સ્વરૂપની વણી લેવી હોય તો આ યાદ રાખવાનું છે કે 'સર્વ જીવોને અભયદાન દીધા વિના પૂરેપૂરી જિનભક્તિ નહિ થાય.'

આનું હાર્દ આ છે કે ભગવાનની ભક્તિ કરીએ તે ભગવાન તારણહાર માનીને કરીએ, અને ભગવાન ભવસાગરથી તરવાનું પ્રથમ સાધન આ કહે છે કે 'કોઈ પણ સૂક્ષ્મ કે મોટા જીવને દુભવો નહિ. એની મન-વચન-કાયાથી હિંસા કરો નહિ, કરાવો નહિ, કરતાને સારા માનો નહિ, તો જ ભવપાર થઈ શકાશે.' ભગવાન આ રીતે તારણહાર છે માટે એમની ભક્તિ કરીએ, એમના ભક્ત બનીએ, એનો અર્થ એ, કે જેટલા પ્રમાણમાં જીવોને દુભવવાનું બંધ કરીએ એટલા પ્રમાણમાં પ્રભુના ભક્ત બન્યા. પૂરેપૂરા ભક્ત બની સંપૂર્ણ ભક્તિ કરવી હોય તો સમસ્ત જીવોની હિંસાનો ત્યાગ કરવો જોઈએ. જ્યાં સુધી થોડા પણ જીવોને ય દુભવતા હોઈએ ત્યાં સુધી સર્વ જીવોને અભયદાન દેનારા પ્રભુના આપણે પૂરા ભક્ત શાના ? અરિહંત પરમાત્મા સ્વયં સર્વ પરિગ્રહ ને સર્વ આરંભના ત્યાગી છે, તેમજ જગતને પણ આ જ ઉપદેશ કરે છે કે તમારું કલ્યાણ આનાથી જ છે. 'એક તણખલાનો પણ સંગ્રહ ન રાખો. એની મમતા ન ધરો, અને કોઈ પણ નાના કે મોટા પ્રાણીને દુઃખ પહોંચે એવો આરંભ-સમારંભ કરશો નહિ. અરે ! એવા આરંભ-સમારંભનો એક શબ્દ પણ ન બોલતા, ને વિચાર પણ કરતા નહિ; ભવિષ્ય માટે મનમાં એની અપેક્ષા પણ રાખતા ના. એ માટે અમારા સામે જોઈને એના ત્રિવિધ ત્યાગની પ્રતિજ્ઞા જ રાખજો' પ્રભુનો આ ઉપદેશ છે, 'સર્વ આરંભ-પરિગ્રહ તજો.'

હવે જો પ્રભુને ગમતી આ વાત છે, અને આપણે એ સર્વ ત્યાગ નથી કરતા, તો દિલમાં એટલી મમતા અને હિંસાની અપેક્ષા બેઠી છે; એનો અર્થ એ, કે એટલી પ્રભુની મમતા અને અપેક્ષા દિલમાં વસાવવી બાકી છે. પેલી મમતા અપેક્ષા સર્વેસર્વા નીકળી જાય તો પ્રભુની મમતા અને અપેક્ષાને દિલમાં સંપૂર્ણ સ્થાન મળે અને તો જ પ્રભુની ભક્તિ જિનભક્તિ દિલમાં પૂરી પૂરી આવી જાય.

કહે છે ને કે 'હૈયો ભૈયો બંને ન સચવાય.' એમ જીવોની હિંસાની અપેક્ષા અને પરિગ્રહની મમતા ય દિલમાં હોય અને પ્રભુભક્તિ ય દિલમાં પૂરી વસી હોય, એ બંને ન બની શકે. દિલમાં પ્રભુભક્તિને સંપૂર્ણ વસાવવી હોય તો લેશમાત્ર હિંસાની અપેક્ષા અને પરિગ્રહ મમતા ન રખાય. એને તો ત્રિવિધ ત્રિવિધે વોસિરાવી દેવી જોઈએ.





## (૩૦) ભદ્રસૂરીશ્વર જિનવાણી સૂત્ર-૨
## ખોટનો ધંધો શું કરવા કરવો ? પરદોષ ગાઈ શું મળે ?

સ્વ.પૂ.આચાર્યદેવ શ્રી વિજય ભદ્રસૂરીશ્વરજી મહારાજા બીજાના ગુણ જ જોવાના આગ્રહવાળા હતા; તેથી કોઈ નિંદાની વાત લઈ આવે તો કહેતા કે **'ભાઈ ! ખોટનો ધંધો શું કરવા કરવો ? બીજાના દોષ જોવાથી કે ગાવાથી આપણને શું મળે ? શો લાભ થાય ?'** કેવું સરસ સૂત્ર !

**'ખોટનો ધંધો શું કરવા કરવો ?' આ સૂત્ર માત્ર નિંદાથી બચવા જ નહિ, પરદોષદર્શનથી જ બચવા નહિ, પણ કોઈ પણ ફજુલ અશુભ વિચાર-વાણી-વર્તાવથી બચવા માટે પ્રેરક સૂત્ર છે.**

**'ખોટનો ધંધો' એટલે પાપકર્મ બંધાવે એ, પાપસંસ્કાર નાખે તે.** આસ્તિક એટલે કે હૃદયથી આત્માને માનનાર; એને પાપસંસ્કાર ને પાપનો ભય મોટો હોય. કેમકે એ સમજે છે કે આ જિંદગીનો કાળ બહુ ટૂંકો છે, ૬૦-૭૦-૮૦ વરસ; ત્યારે પોતાના આત્માને માટે પછીનો કાળ બહુ લાંબો છે. એમાં જો નિર્ભયતાથી અહીં પાપ કર્યા, તો પછીના ભવે એનાં પાપકર્મ દુઃખ જાલિમ લાવે, અને એનાં પાપસંસ્કાર જીવન પાપિષ્ઠ બનાવે, જેથી આગળ દુઃખ-પાપિષ્ઠતાની પરંપરા ચાલ્યા કરે ! **નિર્ભયતાથી સેવેલાં પાપદુષ્કૃત સાનુબંધ પાપકર્મ બંધાવે છે. 'સાનુબંધ' એટલે બીજશક્તિવાળાં.** તેય અશુભ અનુબંધવાળાં છે એટલે પાપસંસ્કારવાળાં પાપકર્મ બંધાવે છે. **એ પાપસંસ્કાર જીવને જનમ-જનમ પાપિષ્ઠ બનાવે છે.**

ત્યારે, કોઈનો દોષ જોવાય છે એમાં જીવને અફસોસી નથી હોતી કે 'અરે ! ક્યાં હું એના ગુણને મૂકી દોષ જોવામાં પડ્યો !' ભય નથી હોતો કે 'હાય ! આ પરદોષ જોઈ મારું શું થશે ! કેવાં નીચ ગોત્રાદિ કર્મ બંધાય ! અને કેવા ભંગીકુળ આદિમાં જનમ મળે ! અને ત્યાં કેવી પાપરક્તતા ! જાતે પરદોષ જોવામાં જો આ, તો બીજાની આગળ પરદોષને ગાવામાં અર્થાત્ નિંદા કરવા-સાંભળવામાં તો પૂછવાનું જ શું ? **'પ્રશમરતિ' શાસ્ત્ર કહે છે કે સ્વોત્કર્ષ-સ્વવડાઈ અને પરનો અપકર્ષ હલકાઈ કરવાથી નીચગોત્ર કર્મ બંધાય.**

**ત્યારે બીજાની હલકાઈ ચિંતવવા-ગાવામાં એકલું નીચગોત્ર જ થોડું જ બંધાય છે ? એમાં હૈયામાં અશુભ ભાવ હોવાથી 'ઉપદેશમાળા' અને કર્મશાસ્ત્રમાં કહ્યા**

**મુજબ અશુભ કર્મોનો સમૂહ બંધાય છે; જેવાં કે નીચ ગોત્રકર્મની સાથે અશાતાવેદનીયકર્મ, અપયશનામકર્મ, દૌર્ભાગ્ય-અનાદેય વગેરે નામકર્મ પણ બંધાય, અને જ્ઞાનાવરણ અંતરાયકર્મ વગેરે પણ ઉગ્ર રસવાળા બંધાય.**

વળી, એકલો પાપકર્મનો બંધ જ નહિ, કિન્તુ એમાં પૂર્વે બાંધેલા શુભકર્મ-પુણ્યકર્મનો સંક્રમ પણ થાય. અર્થાત્ આત્માની સિલિકમાં પડેલા પુણ્યકર્મોમાંથી કેટલાકનું અત્યારે અશુભ ભાવવશ બંધાતા પાપકર્મોમાં સંક્રમણ પણ થાય; અને એથી એ પૂર્વબદ્ધ પુણ્યો આમાં ભળીને પાપરૂપ થઈ જાય ! એટલે નવાં પાપ બાંધ્યા, અને જ્ઞાનાવરણ અંતરાયકર્મ વગેરે પણ ઉગ્ર રસવાળા બંધાય.

વળી, એકલો પાપકર્મનો બંધ જ નહિ, કિન્તુ એમાં પૂર્વે બાંધેલા શુભકર્મ-પુણ્યકર્મનો સંક્રમ પણ થાય. અર્થાત્ આત્માની સિલિકમાં પડેલા પુણ્યકર્મોમાંથી કેટલાકનું અત્યારે અશુભ ભાવવશ બંધાતાં પાપકર્મોમાં સંક્રમણ પણ થાય; અને એથી એ પૂર્વબદ્ધ પુણ્યો આમાં ભળીને પાપરૂપ થઈ જાય ! એટલે નવાં પાપ બાંધ્યા તો બાધ્યા, પણ જુનાં પુણ્યને ય ફેરવીને પાપરૂપ કરી પાપોની વૃદ્ધિ કરી ! આ ઉપરાંત,

પરદોષ યાને બીજાની હલકાઈ જોઈ-ગાઈ, ઇત્યાદિથી અંતરમાં ઊભા કરેલ અશુભ ભાવના લીધે પૂર્વે બાંધેલા પાપકર્મના રસમાં વૃદ્ધિ અને પૂર્વબદ્ધ શુભકર્મ-પુણ્યકર્મના સારા રસમાં હ્રાસ-ઘટાડો પણ થાય છે આને ક્રમશઃ ઉદ્વર્તના-અપવર્તના કહે છે.

ત્યારે પાપનો ભય રાખ્યા વિના સેવેલા એટલે કે નિર્ભયતાથી સેવેલા અશુભ ભાવો, ઉપર કહ્યું તેમ આત્મામાં પાપાનુબંધ-પાપસંસ્કાર નાખે છે; અર્થાત્ તેવાં તેવાં તીવ્ર મોહનીયકર્મ ઊભાં કરે છે જે આગળ પર જીવને પાપિષ્ઠ-પાપરક્ત બનાવે છે.

નાસ્તિકને ચિંતા નહિ, પણ આસ્તિકને મન આમાં કેટલી મોટી ખોટ જણાય ? પરદોષ જોયા ને ગાયા એમાં લાભ દેખાય તો કેટલો ? અને આ ખોટ કેવી જંગી ખોટ ! એટલે કે સ્વ.પૂ.આચાર્યદેવ કહેતાં કે 'ખોટનો ધંધો શું કરવા કરવો ? બીજાના દોષ જોવાથી શું મળવાનું હતું ?' એમાં (૧) નકરું અભિમાન પોષાય, જે ભવાભિનંદી-સાંસારિક જીવનો પહેલો દુર્ગુણ છે.

ખોટનો ધંધો શું કરવા કરવો ?' એ સૂત્ર અનેક સ્થળે યાદ રાખવા જેવું છે, દા.ત. (૧) ભોજન-કથા-સ્ત્રીકથા-દેશકથા વગેરે વિકથા કરવી, એથી આગળ વધીને (૨) કોઈની ધર્મશ્રદ્ધા ભાંગે, દેવગુરુ પરનું બહુમાન ઘવાય, ત્યાગ-તપ વગેરેની ભાવના પડી જાય એવી પાપકથા કરવી, એમાં પણ મોટો એમ (૫) ડાફોળિયાં



માર્યા કરવાં, (૬) મફતિયું બોલ બોલ કરવું, (૭) પાનાબાજી ખેલવી, (૮) છાપાં ચોપડી વગેરેમાં અંટસંટ કે વિલાસ-ઉન્માદ-આવેશ ને જગાવનારું વાંચવું,... વગેરેમાં પણ રાગ-દ્વેષાદિ જ પોષાયા કરતા હોઈ નકરો ખોટનો ધંધો છે.

"દિવ્ય-દર્શન"-"અગ્રલેખામૃત" વર્ષ-૨૫,અંક-૪૫,તા.૬-૮-૧૯૭૭

## (૩૧) ભદ્રસૂરીશ્વર - જિનવાણી સૂત્ર-૩
## ગુરુ વિરહમાં વિશેષ સાવધાની

વર્તમાન યુગના મહર્ષિ સ્વ. આચાર્ય ભગવંત શ્રીમદ્ વિજય ભદ્રસૂરીશ્વરજી મહારાજાને સંસારિપણે નાની ઊંમરમાં પિતાનો વિયોગ થયો, અને સાધુપણામાં દોઢેક વરસના ચારિત્રપર્યાયે ગુરુજી શ્રી વિનયવિજયજી મહારાજનો વિયોગ થયો ત્યારે એઓશ્રીએ જીવનસૂત્ર બાંધ્યું કે **વડિલના-ગુરુના વિરહમાં વિશેષ સાવધાન બની જવું;** કેમકે આત્મહિતના નિકટના આત્મીય પ્રેરક અને ભુલ પર ટોકણી કરનાર ગયા, તો હવે એ પ્રેરણા-ટોકણી વિના જીવ સ્વતઃ શી રીતે દોષોથી બચે ? અને સ્વતઃ શી રીતે આગળ વધી શકે ? માટે વિશેષ સાવધાન બની જવું પડે કે હવે જાતે બચીશ તો જ બચાશે, જાતે આગળ વધીશ તો વધાશે. માટે વિશેષ સાધનામાં લાગ.

આ સૂત્ર પર એઓશ્રીએ સંસારીપણે માત્ર બાર વર્ષની ઉંમરથી જિનભક્તિ ખૂબ વધારવા માંડી, અને સાધુપણામાં સંયમ-સાધુતા અને સ્વાધ્યાયની સાધનામાં, બીજે ક્યાંય મન લઈ ગયા વિના, જોરદાર મન લગાવી દીધું.

આ એક મોટો હિસાબ છે કે જ્યારે જીવ આપણો અબુઝ સ્વચ્છંદ, બાહ્યપ્રેમી અને કષાયદુષ્ટ છે, ને એ આપમેળે એ દોષો ટાળવા અને સજ્ઞાન-આજ્ઞાબદ્ધ, અંતર્મુખ અને ઉપશાંત, તથા સાધનારક્ત બનવા સમર્થ નથી, તો એના માથે કોઈ સારાનો અંકુશ કોઈનું વર્ચસ્વ જોઈએ, જે પેલા દોષોમાં જતા આપણને રોકે ટોકે, નિવારે તથા સજ્ઞાન અને સદ્-આશ્રિત બનવા, તેમજ અંતર્મુખ અને ઉપશાંત બનવા, તથા સાધનામાં સવિશેષ લાગ્યા રહેવા સાથે પ્રગતિશીલ બનાવવા પ્રેરણા કરે; અને આ કામ ગુરુનું છે.

ગુરુ સિવાય બીજો કોણ આ કરી શકે ? જેવી છાયા ગુરુની પડે, મન પર જેવો ભાર ગુરુનો હોય, એવી છાયા બીજાની ન પડે, મન પર એવો ભાર બીજાનો



E:/Divya-Darshan(part-11).pmd/prf.5

ન હોય. તેથી જ હિતમાં પ્રેરણા ગુરુની જેવી ઝીલાય એવી બીજાની ન ઝીલાય; ને અહિતથી નિવારણ માટે ગુરુના બોલ જેવા અસરકારક બને એવા બીજાના ન બને. માટે જ હિતના અર્થી અને અહિતથી બીનારાને મન ગુરુની મોટી કિંમત હોય છે.

માટે જ જ્યાંસુધી ગુરુનો સંયોગ છે ત્યાંસુધી ગુરુસંયોગની ભારે કદર રહેવી જોઈએ. મનને એમ થાય કે 'મારાં કેવાં અહોભાગ્ય છે કે મને દુર્ગતિભ્રમણથી બચાવનાર અને સદ્‌ગતિમાં પ્રેરનાર ગુરુ મળ્યા છે ! તો પછી એમના બોલ બ્રહ્માના બોલ સમજું; અને ગુરુનો સંયોગ હયાત છે ત્યાંસુધી ગુરુના બોલ ઝીલી ઝીલી હિતમાં પ્રવર્તવા અને અહિતથી દૂર રહેવા ભગીરથ પુરુષાર્થ કરું. ગુરુનો સંયોગ નહિ હોય ત્યારે બીજું કોણ ગુરુના જેવી મમતા રાખીને ને ગુરુના જેવા હિતૈષી બનીને વાતે વાતે હિતપ્રવૃત્તિ અને અહિત નિવારણ અર્થે પ્રેરણા કરવાનું હતું ? અને હિતપ્રવૃત્તિ અને અહિતથી નિવૃત્તિ કર્યા વિના મારો ઉદ્ધાર પણ ક્યાં છે ? સંસારમાં બીજું બધું મળે, માનસન્માન મળે, કીર્તિના ડંકા વાગે, શિષ્ય પુત્રાદિના પરિવાર મળે, પરંતુ હિતપ્રવૃત્તિ અને અહિતનિવૃત્તિ વિના મારા આત્માનો ઉદ્ધાર નથી. માનપાનાદિમાં એ કાંઈ તાકાત નથી કે દુર્ગતિપતન-દુર્ગતિભ્રમણથી બચાવી શકે અને સદ્‌ગતિમાં સ્થાપિત કરી શકે. એ તો માત્ર હિતપ્રવૃત્તિ અને અહિતનિવૃત્તિ જ કરી શકે; ને એ કામ ગુરુનું છે. માટે ગુરુસંયોગ છે ત્યાંસુધી એ ખૂબ કરી લઉં.'

જેને મન હિત-પ્રવૃત્તિ અને અહિત-નિવૃત્તિની મોટી કિંમત છે, એનું જ મુખ્ય અર્થીપણું છે, એને માટે આ વાત છે. એટલે જ આ હિસાબે ગુરુની મહાકદર કરનારને જો કદાચ અશુભોદયે ગુરુનો કાયમી વિરહ જ પડી ગયો તો એ વિશેષ સાવધાન થઈ જાય. એ સમજે કે હવે મને વારે વારે હિતમાં પ્રેરનારા અને અહિતથી બચવાનું, જાતે કરીશ તો જ બચાશે. માટે હવે સાવધાન થઈ જવા દે. અને ભગીરથ પુરુષાર્થ એ માટે લગાવવા દે. યુગમહર્ષિ શ્રી વિજય ભદ્રસૂરીશ્વરજી મહારાજ આ સમજતા હતા, તેથી દીક્ષા પછી તરત જેવામાં ગુરુનો વિરહ પડતાં એઓશ્રી ખૂબ સાવધાન બની ગયેલા, અને ભારે પુરુષાર્થ સાધનામાં લાગી જવા માટે કરેલો. એનું એ પરિણામ હતું કે એ સંયમ જીવનના મહાઆરાધક બનીને ધર્મ અને શાસનના પ્રભાવક બનેલા.

સ્યાદ્‌વાદ છે, જેમ ગુરુસંયોગ મહાઉપકારક છે. એમ અવસરે ગુરુવિરહ, પણ મહાઉપકારક બની જાય છે. કેમકે ગુરુવિરહના આલંબને જ વિશેષ સાવધાની



અને સાધનામાં ભારે પુરુષાર્થ પ્રગટી જાય છે. આ હિસાબે જે એકલો શોક બતાવે છે કે 'હાય ! મારે ગુરુ ગયા, કેવો કમનસીબ' અને સાધનામાં વિશેષ પુરુષાર્થ નથી લગાવતા, એમનો શોક શો લાભ કરે ? આવો શોક કરનારને પૂછવું જોઈએ કે 'ગુરુ હયાત હોત તો સારું એવું જ લાગે છે તે શાથી લાગે છે ?

શું ગુરુ હોત તો એમના પુણ્યપ્રભાવે બધે સન્માન અને સારી અનુકૂળતા મળતી રહે તે એટલા માટે ? તેથી ગુરુ ગયા એટલે કોઈ ભાવ પૂછતું નથી એ ખટકે છે ? તો તો એનો અર્થ એ, કે તમને અસલમાં પ્રેમ ગુરુ ઉપર નહિ, પણ એમની હયાતીના હિસાબે મળતા સન્માનાદિ પર છે. તેથી જ શોક ગુરુવિરહનો નહિ, પણ ખરેખર તો હવે સન્માનાદિ મળતાં અટકે છે એનો છે. આમાં જ્ઞાનદર્શન-ચારિત્રનો ખરેખરો પ્રેમ ક્યાં ઊભો રહે.

ત્યારે જો હિતમાં પ્રેરણા અને અહિતથી બચાવ કરનાર ગુરુ ગયા એટલા માટે ગુરુવિરહનો શોક થાય છે તો એનો અર્થ એ, કે આમાં અસલમાં પ્રેમ હિત પ્રેરણા અને અહિત નિવારણ ઉપર છે. તો તો હવે ગુરુ જતાં ખાસ સાવધાન થઈ જવું જોઈએ, અને એ શોકનાં રોદણાં ન કરતાં સ્વતઃ વિશેષ હિત સાધના અને અહિત નિવારણની ચોકસાઈ રાખવી જોઈએ.

આવું જ 'આજે અહીં વિચરતા તીર્થંકર ભગવાન નહિ, કેવળજ્ઞાની-અવધિજ્ઞાની નહિ, ચૌદ પૂર્વધર નહિ, કમનસીબ, શું કરીએ ?' એમ શોક થતો હોય, તો હૈયાને પૂછો 'ભગવાન વગેરે અહીં વિચરતા હોત તો એ હોઈને તારે શું કરવું હતું ? એ જ કે વિશેષ હિત પ્રેરણા મળત તો વિશેષ હિતપ્રવૃત્તિ અને અહિતનિવૃત્તિ થાત.' એમ લાગે છે, તો એનો અર્થ એ કે એ બહુ ગમે છે. તો તો પછી ભગવાન વગેરેના વિરહમાં સાવધાન થઈ જા, અને તને ગમતા હિતમાં સ્વતઃ વિશેષ પ્રવૃત્તિ રાખ, અને અણગમતા અહિતથી વિશેષ આઘો રહેવા પ્રયત્ન રાખ. તો જ તને એ ભગવાન વગેરેની સાચી કદર છે એમ ગણાય. સ્વ. વિજય ભદ્રસૂરીશ્વરજી મહારાજને આ કદર હતી એટલે ગુરુવિરહે સાધનામાં વિશેષ ઉજમાળ બની ગયેલા. એટલે તો એમણે શુદ્ધ બ્રહ્મચર્ય માટે ય પૂર્ણ તકેદારી રાખેલી. ગુરુની હાજરીથી બ્રહ્મચર્યમાં સારી દઢતા રહે એ સમજનાર ગુરુની ગેરહાજરીમાં વિશેષ સાવધાન અને ચોક્કસ થઈ જાય એ સહજ છે. એટલે જ વિશેષ નિયંત્રણો રાખે.

## (૩૨) ભદ્રસૂરીશ્વર - જિનવાણી સૂત્ર-૪
## 'આંખ ગઈ તો જગતના સંબંધ ઓછા થયા'

સ્વ. આચાર્યદેવશ્રી વિજય ભદ્રસૂરીશ્વરજી મહારાજને મોતિયા-ઝામરના ઓપરેશનમાં આંખ ગઈ, તો એમને બીજા શું આશ્વાસન આપે ? એ બીજાને આશ્વાસન આપતાં કહે,-'ભાઈ ! **ચામડાની આંખ બંધ થઈ, પણ જ્ઞાનચક્ષુ તો ખુલ્લા છે ને ?'**

કેવી સુંદર સમાધિ ! કેવી સુંદર જાગૃતિ ! **કર્મજનિત આપત્તિ બરદાસ્ત તો કરવી જ પડે છે,** સહી જ લેવી પડે છે. એમાં ગમે તેટલા ધમપછાડા કરો કે કલ્પાંત કરો, કશો સુધારો થતો નથી, ગયેલું પાછું મળતું નથી, પછી એવા ખોટા ધમપછાડા અને બાલિશ કલ્પાંતનો શો અર્થ ? આર્તધ્યાનના કાળા વિકલ્પોથી મન કાળું થાય અને **'અટ્ટેણ તિરિયગઈ' એ શાસ્ત્ર વચનથી આર્તધ્યાનના યોગે તિર્યંચગતિનાં કર્મ બંધાય.**

ત્યારે ત્યાં કરવું આ જોઈએ કે જેમ પૂ. આચાર્યદેવશ્રીએ ચર્મચક્ષુ ખોવાઈ જવા પર આંખને Equivalent આંખને બરાબર બીજું બચતમાં સારું શું છે એ જોયું. ચર્મચક્ષુ બંધ થયા, પણ જ્ઞાનચક્ષુ તો ખુલ્લાં છે, એટલે બસ એનો વધુ ઉપયોગ કરવાનો એમ નક્કી કર્યું. એથી બાહ્યચક્ષુથી જે સારાં કાર્ય થાત, દા.ત. દેવદર્શન, શાસ્ત્રવાંચન...વગેરે એની ખોટ જ્ઞાનચક્ષુથી પૂરી લેવાનું નક્કી કર્યું. પછી ચર્મચક્ષુની ખોટ ન લાગે.

**જ્ઞાનચક્ષુનો વધુ ઉપયોગ એટલે ?** આ, કે

(૧) મોહદૃષ્ટિ દૂર જ રાખી જ્ઞાનદૃષ્ટિનો જ ઉપયોગ રાખવાનો. બાહ્યચક્ષુ ખુલ્લી હોય કદાચ ગફલતમાં મોહદૃષ્ટિ આવી જાય, તે હવે ન જ લાવવા પાકો નિર્ધાર અને જ્ઞાનદૃષ્ટિનો સતત ઉપયોગ રાખવાનો. દા.ત. મનને એમ થવા જાય કે દુનિયામાં માનવંતુ જીવીએ તો જીવનની કિંમત છે,' તો એ મોહદૃષ્ટિનો વિચાર છે. ત્યાં તરત એને અટકાવી આ વિચારવું કે 'માનવંતુ જીવ્યા તેથી આત્માનું શું વળ્યું ? એ તો ખોખાને માન છે, આત્માને નહિ. **આત્માના ભલા માટે જિનાજ્ઞાવંતુ જીવન જીવીએ તો જ જીવનની કિંમત છે.'** આ વિચાર જ્ઞાનદૃષ્ટિનો છે. હવે ગુરુ હતા ત્યારે ય આ જ્ઞાનદૃષ્ટિ. જ્ઞાનચક્ષુનો ઉપયોગ હતો. પરંતુ ગુરુ ગયે એનો વધુ ઉપયોગ કરવાનો, અર્થાત્ જ્ઞાનદૃષ્ટિ વધુ સતેજ બનાવવાની, જેથી એમાં વિચારેલું



સારું અમલી બને, વધુ ક્રિયાન્વિત થાય, વધુ સક્રિય બને.

(૨) જ્ઞાનચક્ષુનો બીજો વધુ ઉપયોગ એ કે શાસ્ત્રનાં વચનોને વધારે ને વધારે યાદ કરી (i) એને અનુસારે કષાયોની પરિણતિ વધુ ને વધુ ઘટાડતા રહેવું. (ii) આર્તધ્યાનના વિકલ્પ પર વધુ ને વધુ અંકુશ આમ મૂકતા ચાલવું કે 'એવો વિકલ્પ ઊઠ્યો કે દબાવો.' (iii) ચિત્તના હરખ-ખેદના ભાવ અટકાવી સમાધિ-સ્વસ્થતાનો જોરદાર અભ્યાસ કેળવવો, તથા (iv) રૂપ-રસાદિ વિષયોમાં તણાઈ જતી ઈન્દ્રિયો પર વધુ ને વધુ સંયમન કેળવતા જવું. આ બધા માટે જ્ઞાનચક્ષુનો વધુ ને વધુ ઉપયોગ કરતા રહેવું. (v) વીતરાગ પ્રભુમાં મનને અધિકાધિક ભક્તિથી ઠારવું, ઠરતું કરવું. **મન પ્રભુમાં ઠરે એટલે દેહની ખણજ અને દેહની બાધા-પીડાઓ તરફ લક્ષ ન જાય.** એ પરથી મન પ્રભુમાં ઠરવાનું માપ કાઢી શકાય.

આચાર્ય મહર્ષિ વિજય ભદ્રસૂરીશ્વરજી મહારાજે બાહ્યચક્ષુ બંધ થતાં 'જ્ઞાનચક્ષુ ખુલ્લા છે ને ?' એમ મન વાળી લઈ એના આ બે મહાન ઉપયોગ પર મન લગાવી દીધેલું.

એઓશ્રીએ બાહ્યચક્ષુ જવા ઉપર બીજી રીતે મન આમ વાળી લીધું કે 'આંખ જતાં જગતની સાથે સંબંધ એટલો ઓછો થવાથી અંતરમાં વધારે ઠરવાની તક મળશે અને સાધનામાં વધુ તન્મય થવાશે.' કેવું અદ્ભુત સૂત્ર ! સચોટ અંતર્મુખતા !

સામાન્ય માણસ આંખ જતાં દીન બની રોદણા રોયા કરે કે 'હાય ! મારી આંખ ગઈ ! હવે હું પરાધીન થઈ ગયો ! ચાલતાં કે પગથિયા ઊતરતાં હવે મારે કેટલું જોખમ !...' અલબત્ત આમાં 'મારે સારું સારું જોવાનું ગયું ! ખાનપાનની વસ્તુ સારી સારી જોઈને લેવાનું ગયું !' આવો શોક નથી એટલું સારું છે, તો પણ પેલી પરવશ પડવાની અને પડવા-આખડવાના જોખમની દીનતા અને રોદણાં છે એ નકામા નિષ્ફળ છે. એ કરવામાં કશું વળતું તો નથી, ઊલટું જે કાંઈ હજી સારી બચત છે, દા.ત. ધર્મના અનુષ્ઠાન, ત્યાગ, તપસ્યા, દેવ-ગુરુ-ધર્મ પર રાગ શ્રદ્ધા બહુમાન, શાસ્ત્રસ્વાધ્યાય, સંયમ-વ્રત-નિયમ, ઈત્યાદિની અનુમોદના-સંતોષ-ગૌરવ નહિ અનુભવી શકે. આ મહાલાભ ગુમાવવાનું થશે. તેમજ ખુલ્લી આંખે જે ડાફોળિયાં બિનજરૂરી દર્શન, પરસ્ત્રીદર્શન અને તજ્જનિત રાગ-દ્વેષ, તથા આંખ બહારમાં ગયાથી સાધનામાં તન્મયતાને ધક્કો, આ બધાં નુકસાન પર મન નહિ જાય અને એનો ખેદ થવાને અવકાશ નહિ રહે. આંખ ગયે દીન હીન બનવાથી અને રોદણાં રોવાથી શું વળ્યું ? કર્મે તો આંખ ઝુંટવી લીધી, પણ મહાલાભો ગુમાવવાનું અને નુકસાનો વહોરવાનું તો પોતે જાતે જ કરી રહ્યાં છે ! જાતે જ આ



E:/Divya-Darshan(part-11).pmd/prf.5

દુર્દશા સરજી રહ્યો છે.

એટલે જ આ દુર્દશા નિવારવા આ સૂત્ર બહુ ઉપયોગી બહારની આંખ ગઈ તો જગતને દેખવાનું બંધ થયું એથી દેખવા દ્વારા જગતની સાથે એટલા સંબંધ ઓછા થયા. તો સારું થયું કે હવે એ દેખવા અને એની પાછળ ઊભી થતી પ્રવૃત્તિ કરવા પર જીવ જે બહારમાં જતો હતો એ અટક્યું, અને એટલા રાગ-દ્વેષ ઓછા થશે. તેમ સાધનામાં સારું મન લાગશે.

આ અનુભવ-સિદ્ધ વસ્તુ છે કે આંખ છે તો જ કેટકેટલાં ડાફોળિયાં મરાય છે ! કેટલું ય મફતિયું જોવાય છે ! અરે ! ધર્મક્રિયા ચાલતી હોય તો ય આંખ આડી અવળી જાય છે. આમ એકેક દિવસમાં આંખ કેટલું ય જોઈ નાખે છે ! ને એ જોવામાં દિલમાં રાગ-દ્વેષનો તરંગ-લાગણી લગભગ ઊભી થાય છે. આંખ છે તો આ બધું જોવાય છે. એમાં શું કમાયા ? બાહ્યભાવ, ખોટી જિજ્ઞાસાઓનાં પોષણ રાગ-દ્વેષ, બિનજરૂરી પ્રવૃત્તિ, અને એટલો જોવાનો સમય ધર્મ-આરાધનાનો ચોરાઈ ગયો એ.

આ જો વિચારવામાં આવે તો પછી આંખ કદાચ ગુમાવી તો હૈયે ધરપત થાય કે 'હાશ ! હવે પેલા બાહ્યભાવનાં ને જોવા પર ક્ષમા રાગદ્વેષનાં તોફાન ગયાં, અલબત્ત આપણે ઇચ્છવાનું નથી કે 'મારી આંખ જાઓ,' કેમકે એ દેવદર્શન-ગુરુદર્શન-શાસ્ત્રવાંચન-જીવદયા વગેરે માટે બહુ ઉપયોગી છે. પરંતુ અશુભના ઉદયે કદાચ આંખ ગઈ તો આ વાત છે કે મનને એમ થાય કે 'ચાલો, આંખ હતી તો જગતનું જોઈ જોઈ એમાં તણાતા હતા, ને આત્મા-પરમાત્મા અને ધર્મસાધના ભૂલતા હતા, તે હવે આંખ જતાં જોવાનું બંધ; એટલે જગત સાથે એટલા સંબંધ નહિ થાય, તો આત્માનો અને પરમાત્માનો વિચાર રહેશે, ધર્મસાધનામાં મન સ્થિર રહેશે અને તન્મયતા થશે.

પૂ.સ્વ.આચાર્ય મહર્ષિએ બાસઠ વરસની ઉંમરે આંખ જતાં આ ધરપત કરેલી. જેને પોતાના અંતરાત્મા તરફ જ દૃષ્ટિ હોય, એનું કેમ સુધારવું, એ માટે બાહ્ય જગતના સંબંધ કેમ ઓછા રહે, ધર્મસાધના કેમ જોરદાર ચાલે અને પરમાત્મામાં અને એમનાં વચનોમાં કેમ વધુ ને વધુ ચિત્ત ભળેલું રહે, એ તમન્નાઓ હોય, એને મન બહારમાં જાય એ ખટકે, સંસારનું કશું જોવા જેવું જ ન લાગે, અને એ જોવાથી બચાતું હોય એટલું ધન્ય જીવન માને.





## (33) ભદ્રસૂરીશ્વર - જિનવાણી સૂત્ર-૫
## ખાઈ ખાઈને ઘણા ભવ બગાડ્યા, આ ભવમાં સાધના પહેલી.

પૂ.સ્વ.મહાયોગી વિજય ભદ્રસૂરીશ્વરજી મહારાજ પોતાની સંયમ સાધનામાં એટલા બધા દૃઢ રહેતા કે તબીયત ચાલી ત્યાંસુધી વરસોના વરસો નિત્ય એકાસણું કરતા; તે પણ રાતના બે વાગે જાગી જઈ પોતાનું ગણવાનું સ્વાધ્યાય-જાપ-ચિંતન કરતા, તે પ્રભાતે પૂરું ન થયું હોય તો પ્રભાતે પ્રતિક્રમણ-પડિલેહણ પછી પણ કરીને પૂરું થાય પછી જ પચ્ચક્ખાણ પારવાની ને આહાર પાણી લેવાની વાત. કદાચ ક્યારેક તબીયત અસ્વસ્થ હોય તો બપોર સુધી જાપ-ધ્યાન-ચિંતન ચાલતું. એમાં ઠેઠ સાંજે ય પચ્ચક્ખાણ પારવાનો અવસર આવેલો ! ત્યાં બપોરે બાર પછી સાધુ કહે 'મહારાજજી ! ગોચરી આવી ગઈ છે, પચ્ચક્ખાણ પારો,' તો એઓશ્રી કહેતા,-

'ભાઈ ! મારે હજી ગણવાનું પૂરું થયું નથી. પૂરું થયે વાત.

**ખાઈ ખાઈને ઘણા ભવ બગાડ્યા, આ જનમમાં તો સાધના પહેલી.'**

કેવી સુંદર આત્મજાગૃતિ ! માનવભવનું કેવું ઊંચું મૂલ્યાંકન ! કેટલો અદ્‌ભુત સાધનાનો રંગ ! કેવી ખાનપાન પર ઘૃણા !

કાયાના ખોખાને બદલે અંદરના આત્મા તરફ ધીખતી દૃષ્ટિ હોય ત્યારે દુઃખદ અને પાપભર્યા પૂર્વભવો તરફ દૃષ્ટિ જાય; અત્યારસુધી હજી મોક્ષ નથી પામ્યા એટલે પૂર્વના ભવોને બગાડ્યા લાગે; અને તે પણ ખાસ તો ખાઈ ખાઈને ભવો બગાડ્યાનું લાગે.

આ જગતમાં જોઈએ તો દેખાય છે કે નરકના જીવો તો બિચારા ભયંકર પાપના ઉદયે ખાવાનું જ પામતા નથી; છતાં પણ એમને ભૂખ એટલી કારમી કે જાણે જગત આખાનું ધાન્ય ખાઈ જાઉં ! એમ તીવ્ર આહારસંજ્ઞા થાય છે. દેવતાઓને તીવ્ર શાતાનો ઉદય છે એટલા પૂરતું તૃપ્તિ જેવું રહે છે. બાકી એ પુણ્ય પૂરું થતાં નીચે મનુષ્ય તિર્યંચના અવતારમાં ઊતરતા, પહેલા સમયથી જ 'ખાઉં-ખાઉં'ની સંજ્ઞા ઊભી થાય છે. તો તિર્યંચના કેટલાય કીડા-કીડી-મંકોડા-મચ્છર-માખી વગેરેના જનમમાં જીવો દિનભર કે રાત્રિભર ખાવાનું લેવા પાછળ ભટકે છે. આ ખાવાની ગોઝારી સંજ્ઞામાં વાઘ-વરુ-માછલા-ગિરોલી-બિલાડી વગેરે તો જીવતા જ જીવો



E:/Divya-Darshan(part-11).pmd/prf.5

મારી ખાવાની લતમાં પડેલા છે.

ત્યારે અનાર્ય મનુષ્યો માંસાહારમાં અને આર્ય મનુષ્યો અન્નાહારમાં 'સો કામ પડતા મૂકી ભાઈ ! ખાવાની વાત પહેલી' એ લતમાં રહે છે. અરે ! પેટ ભરીને ખાઈ લીધું પછી પણ સારી ખાવાની વસ્તુ આવી તો એને એમ નહિ થાય કે 'ચાલો પેટપૂર ખાઈ લીધું છે, તો હવે આ છોડો.' ના, આવું ન થતાં મનને ખેદ થાય છે કે 'હાય ! મેં ક્યાં ખાઈ લેવા ઉતાવળ કરી !' 'વાહ ! આ કેવું સુંદર ખાવાનું ? પણ મેં, શું કરું, ખાઈ લીધું તે પેટ ભરાઈ ગયું છે ! નહિતર આ ખાવાની કેવી સરસ મજા આવતે ?' આ શું બતાવે છે ? ગોઝારી આહારસંજ્ઞા.

કદાચ કહો કે 'આ ક્યાં આહારસંજ્ઞા છે ? આ તો રસસંજ્ઞા છે,' ના, એકલી રસસંજ્ઞા હોત તો તો જીભેથી ચાખીને મૂકી દેત. પરંતુ જીવને એ ચાખવા ય જોઈએ છે, ને પેટમાં ઉતારવા પણ જોઈએ છે. એ સૂચવે છે કે રસસંજ્ઞાની પાછળ આહારસંજ્ઞા ઊભી જ છે. એથી જીવ જનમ જનમ ભટકતો રહ્યો છે.

પૂ.આચાર્ય મહારાજ ખરું કહેતા હતા કે **'ખાઈ ખાઈને ભવોના ભવો બગાડ્યા.'** આ જો ધ્યાનમાં રહી જાય તો મનને ત્યાગની અને તપની વૃત્તિ ઊભી થઈ જાય. મનને એમ થાય કે ખાવાના બહુ સ્વાદનો શો ઉપયોગ છે ?' ઊતર્યું ઘાટી, થયું માટી' ગળાની નીચે ઊતરતાં એ સ્વાદ પણ ગયો અને સુંદરતા પણ ગઈ; ખાધેલું માટી થઈ ગયું. કદાચ એ ઉબકો આવીને બહાર નીકળી જાય તો ચાખવાનું શું, જોવાનું મન ન થાય એવું બિભત્સ બની ગયું હોય. તો પછી વિવિધ રસો ખાવામાં ખુશી શું થવાનું ? ઊલટું એનાથી રસસંજ્ઞા દઢ થાય છે, જેની જાલિમ સજા ભવાંતરે ભૂંડી ! ભવે ભવે હલકા ભવોમાં રસસંજ્ઞા માર્યા જ કરે.

એમ આહારસંજ્ઞા પણ બિચારી ખા-ખા કરવાથી પુષ્ટ બને છે. એના ભવાંતરે તો કટુ ફળ છે જ, પરંતુ આ ભવમાં પણ એ સાધનામાં મન સ્થિર રહેવા દેતી નથી. ધર્મસાધનાર્થે શરીર ટકાવવા આહાર એ સાધન છે, પરંતુ આહારસંજ્ઞા આહારને સાધ્ય બનાવી દે છે; કેમ જાણે આ જનમ અને શરીર ખાવા માટે જ મળ્યા છે ! અજ્ઞાનીઓના આ હિસાબ છે કે 'સો કામ પડતા મૂકી ખાવાનું કામ પહેલું કરો.'

ત્યારે સ્વ. આચાર્ય મહર્ષિએ હિસાબ માંડ્યો હતો કે **'ખાવાનું પહેલું નહિ, આ ઊંચા જનમમાં તો સાધના પહેલી.'** વાત સાચી, જનાવર કીડી-મંકોડાના અવતારે તો ખાવાનું કામ મુખ્ય હતું, પરંતુ આ જનમ જેટલો ઊંચો એટલો એનો ઉદ્દેશ



ઊંચો, એનું સાધ્ય ઊંચું હોવું જોઈએ ને ? **આ માનવ જન્મ પશુ સમાન નહિ પણ પશુ કરતાં ઊંચો ગણાય, ને જનમનો ઉદ્દેશ પશુના સમાન ? આ કેમ ચાલે ? ઉદ્દેશ પણ ઊંચો જ રખાય.**

આ સૂત્ર જો ધ્યાનમાં રખાય કે જનમ ઊંચો તો ઉદ્દેશ ઊંચો જ રખાય,' તો તો પહેલી તો વિચારસરણી જ ફરી જાય, ને એનાથી વાણી-વર્તાવમાં નવો ઓપ આવે, તેમજ જીવનની કેટલીય સમસ્યાઓ ઊકલી જાય. કારણ કે,

આ સૂત્રના હિસાબે ઉદ્દેશ ઊંચો રાખવામાં આ વિવેક આવે કે કામ-ક્રોધ-લોભ-માન-મદ-હર્ષ એ છ આંતર શત્રુઓની સાધના એ નીચો અધમ ઉદ્દેશ છે. ત્યારે બ્રહ્મચર્ય-ક્ષમા-નિર્લોભતા નમ્રતા-લઘુતા-વૈરાગ્ય-કર્મશ્રદ્ધા એ ઉત્તમ ઉદ્દેશ છે. એમ ખાનપાન-વિષયાકર્ષણ-પરિગ્રહ એ નીચા ઉદ્દેશ છે, અને તપ-પ્રભુપ્રેમ-શીલ-દાન એ ઊંચા ઉદ્દેશ છે. એમ વૈર-વિરોધ-કઠોરતા-ઈર્ષ્યા-પરદોષદૃષ્ટિ એ નીચા ઉદ્દેશ છે, તો મૈત્રી-કરુણા-પ્રમોદ-માધ્યસ્થ્યની સાધના એ ઊંચો ઉદ્દેશ છે. મોજશોખ-ગપસપ-વિલાસ-સુખશીલતા એ અધમ ઉદ્દેશ છે, ને પ્રભુભક્તિ-સાધુસેવા-શાસ્ત્રસ્વાધ્યાય, જાપ-સામાયિક-પ્રતિક્રમણ વ્રત નિયમાદિ ધર્મની સાધના એ ઊંચો ઉદ્દેશ છે.

આ વિવેક અને એના પર ઊંચા ઉદ્દેશનું લક્ષ હૈયે બેસી જાય, એટલે વિચારસરણી એને અનુકૂળ ઉચ્ચ ઉમદા કોટિની જ ચલાવાય. એ ચાલતી રહે એટલે પછી વાણી અને વર્તાવ સહેજે એવી ઊંચી વિચારસરણીને અન્યચક્ષુરૂપ ચલાવાય.

આનાથી ગરીબી, અપમાન, આપત્તિ, બીજાના દિલમાં આપણા પ્રત્યે અસદ્‌ભાવ, વગેરે સમસ્યાઓ ઊકલી જાય. એ રીતે ઊકલે કે એક બાજુ વિચારસરણી હવે ક્ષમા-મૈત્રી આદિ તથા કર્મશ્રદ્ધા વગેરે શુભભાવ ભરી ચાલે, અને બીજી બાજુ એ તથા ધર્મસાધનાઓ દ્વારા પુણ્ય વધતું જાય; એટલે પછી પેલી સમસ્યા દુઃખદ જ ન લાગે. કેમકે (૧) એક તો પુણ્ય પાપને ઠેલે; ને (૨) બીજું મનથી દુઃખ, મનથી સુખ. ગરીબી આદિ સમસ્યા દુઃખદ જ ન લાગે એટલે એનો ઉકેલ આવી ગયો.



E:/Divya-Darshan(part-11).pmd/prf.5

## (૩૪) ભદ્રસૂરીશ્વર - જિનવાણી સૂત્ર-૬
## પ્રભુના ચીંધેલા માર્ગે અશાતા શાની હોય ?

યુગપુરુષ સ્વ. આચાર્ય ભગવંત શ્રીમદ્ વિજય ભદ્રસૂરીશ્વરજી મહારાજાને ક્યારેક શરીરે બિમારી આવી જતી ત્યારે ભક્ત પૂછે 'સાહેબજી ! સુખશાતા છે ?' તો એઓશ્રી કહેતા,

**'ભાઈ ! આ (સંયમ) માર્ગ જ શાતાનો છે. પ્રભુના ચીંધેલા માર્ગે અશાતા શાની હોય ?'**

અરે ! ૬૨ વર્ષની ઉંમરે એઓશ્રીની આંખોનું તેજ ગયું પછી સાધુના સહારે ચાલતા; એમાં ૮૫ વર્ષની વયે એકવાર સાધુની ગફલતથી પગથિયું ચૂક્યા. પડી ગયા હાડકાનુ ફ્રેક્ચર થયું, છતાં એઓશ્રીને સુખશાતા પૂછો તો આ જ ઉત્તર કે 'આ (સંયમ) માર્ગ જ શાતાનો છે, પ્રભુના માર્ગે અશાતા શાની ?'

કેટલી બધી સહિષ્ણુતા ! કેવો ઉચ્ચ વિવેક ! કેટલી ધીરતા ! કેવીક સમતા-સમાધિ ! એ માટે કેવું મજેનું સૂત્ર 'સંયમ માર્ગ જ શાતાનો છે ! પ્રભુના માર્ગે અશાતા શાની હોય ?' કેવું સંયમનું ગૌરવ !

આશ્ચર્ય થાય કે એક બાજુ વ્યાધિની વેદના, છતાં અનુભવ શાતાનો ! હા, પરંતુ આ સમજવા માટે ધ્યાનમાં રાખવાનું છે કે વેદના-પીડા શરીરના ઘરની છે, ત્યારે શાતા-અશાતા એ મનના ઘરના છે. શરીર સાજું પણ હોય કિન્તુ જો મનને લાગી ગયું કે 'હું માંદો છું, મારું શરીર બરાબર ચાલતું નથી,' અગર કોઈ ડાક્ટર-વૈદે ખોટો વહેમ ઘાલી દીધો કે 'તમને રોગ છે,' તો શરીરે અશાતા નહિ છતાં મન માની લે છે કે 'હું માંદો;' તો શરીરે અશાતા નહિ છતાં મનને અશાતા અશાંતિ રહે છે. આ હિસાબે મનની શાતા આગળ શરીરની તંદુરસ્તી કે વ્યાધિનું બહુ મૂલ્ય નથી. માટે જ પૂર્વે મહર્ષિઓ અને મહાન શ્રાવકોએ ભારે વ્યાધિ કે ઉપસર્ગ-પરીસહોમાં મનની શાતા-સ્ફૂર્તિ-પ્રસન્નતા ભારે રાખેલી.

**મનની શાતા કેમ મહત્ત્વની ?** આટલા જ માટે કે (૧) શરીરની શાતા-અશાતા કર્માધીન છે. (૨) નવાં કર્મનો બંધ શારીરિક શાતા-અશાતાના આધારે નથી. ઘાણીમાં પીલાવાની ઘોર અશાતા છતાં મુનિઓ મોક્ષ પામેલા. (૩) શરીરની અશાતા સંયમાદિ બગાડે જ એવો નિયમ નથી. (૪) શારીરિક અશાતા એ ગુન્હો નથી.



ત્યારે મનની શાતા-અશાતા બહુ મહત્ત્વની છે. (૧) એ આપણને આપણા વિવેકને આધીન છે. કેવો વિવેક એ આગળ પર જોઈશું. (૨) મનની અશાતામાં પાપકર્મ અને શાતામાં શુભ કર્મ બંધાય છે. (૩) માનસિક અશાતા સંયમાદિને બગાડે છે. (૪) મનની અશાતા એ ગુન્હો છે.

માટે **મનની શાતા મહત્ત્વની છે.**

અશાતાએ મનનો હિસાબ રાખ્યો એટલે પછી શરીર જો સ્વસ્થ છે તો મનને શાતા નથી, શરીર અસ્વસ્થ છે છતાં મન જો સ્વસ્થ છે, તો મનને શાતા જ છે. તેથી જ બિમાર પણ મુનિને પૂછો 'સ્વામી ! સુખશાતા ? તો એ કહે છે 'દેવગુરુ પસાયે.' શું દેવગુરુ પસાયે ? દેવગુરુના પ્રસાદથી અશાતા તો કહેવાય નહિ 'એમાં તો દેવગુરુ પ્રત્યે કચવાટ આવ્યો' આવો એમનો પ્રસાદ કે અત્યારે અશાતામાં છીએ. પરંતુ દેવગુરુના ભક્તથી આવું મનાય પણ નહિ અને બોલાય પણ નહિ. હૈયું આ માને છે દેવગુરુના પસાયે સુખ શાતા જ છે કેવા હિસાબ પર ? મનના હિસાબ પર. દૃષ્ટિ મન પર છે. જુએ છે, 'મનને શું છે ? શાતા જ છે, અશાતા નથી.'

મનની સામે બે છે, શરીર અને આત્મા. એમાં શરીરને લેખામાં ન લેતાં, આત્મા પર દૃષ્ટિ રાખીને કહે છે 'શાતા જ છે.' સદ્ગત આચાર્યદેવશ્રીની આ દૃષ્ટિ હતી, તેથી બિમારીમાં પણ શાતા.

**બિમારીમાં આત્માને શાતા આ રીતે,-**

(૧) શારીરિક અશાતામાં એટલાં કર્મકચરા ભોગવાઈને ક્ષય પામે છે. તેથી કર્મકચરા સાફ થવામાં આત્માને શાતા ને શાતા હોય નિરાંત હોય. એને તો કર્મ બેડીઓ, વધતે આશાતા થાય.

(૨) આત્મા પાસે સંયમ છે, સંયમ એ સાચું ધન છે, સાચી સંપત્તિ છે; જેમ જેમ સંયમ પળાતું જાય, તેમ તેમ સંયમ પર્યાયોની સંપત્તિ વધતી જાય છે, ને એનો આત્માને પરમ આનંદ રહે છે. ત્યાં પછી શારીરિક તકલીફ, આત્માને સંયમની ભરચક કમાણી ચાલુ હોયે, શી એવી વિસાતમાં લાગે કે એ દિલને દુઃખ લગાડે ? તાવવાળો વેપારી દુકાન પર બેઠે જો નાણાની ભરચક કમાણી કરી રહ્યો હોય છે તો એના મનને મહા આનંદ-શાતા જ હોય છે; ત્યાં ક્યાં એને શારીરિક અશાતા દિલને અડે છે ?

સંયમ જીવન સ્વીકાર્યા પછી પણ જો શરીરની સુખાકારિતામાં પડી જવાય અને સંયમનાં મહામૂલ્યથી આત્માને રોજ ને રોજ જો ભાવિત કરતા રહેવાનું ન કરાય, તો એને બિમારીમાં એમ થાય છે કે 'આટલી બિમારીમાં તે શાતા ક્યાંથી



E:/Divya-Darshan(part-11).pmd/prf.5

રહે ?' સંયમના મહા આનંદનો એને અનુભવ નથી એટલે એ બિચારો બિમારીમાં ય એના આનંદને અશક્ય દેખે છે. એ તો જે જગતના વૈભવ-વિલાસના આનંદ, માનસન્માનનાં આનંદ, અને તગડેબાજ શરીરના આનંદને ગોઝારા દેખે એને સંયમની અનંત કલ્યાણકારિતા પર પેલા કરતાં અનંતગુણા આનંદને અનુભવતો હોય, એને બિમારીમાં પણ મનને શાતા જ શાતા લાગે.

આચાર્ય મહારાજ આ અનુભવમાં રહેતા તેથી વ્યાધિ છતાં કહેતાં 'અહીં સંયમમાં અશાતા શાની હોય ? પ્રભુના માર્ગમાં શાતા જ હોય.'

**સંયમ એ પ્રભુનો બતાવેલો માર્ગ છે. એમાં શાતા આનંદ શાથી ?**

(૧) અનંત સંસારનો ઉચ્છેદ કરનારી જિનાજ્ઞા પાળવાની મળે છે એ મહાસૌભાગ્ય પર આનંદ !

(૨) સંયમમાં મહા દુઃખદાયી તૃષ્ણાઓ-આસક્તિ રાગ-મમતા વગેરેથી બચવાનું મળે છે માટે આનંદ !

(૩) સંયમ જીવનમાં શાસ્ત્રોના સ્વાધ્યાય એટલા ઊંચા મળે છે કે એમાં લયલીન બન્યો રહેનારો એક ચક્રવર્તી કરતાં પણ અધિક સુખનું સંવેદન કરે છે, માટે સંયમમાં મહા આનંદ.

(૪) સંયમમાં સાંસારિક ચિંતાઓ નહિ માટે મહા આનંદ.

આમ, **પ્રભુના માર્ગમાં શાતા જ હોય.**

"દિવ્ય-દર્શન"-"અગ્રલેખામૃત" વર્ષ-૨૭,અંક-૪૬,તા.૨૮-૭-૧૯૭૯

## (૩૫) ધાર્મિક શિક્ષણ અને સંસ્કરણ

ધાર્મિક શિક્ષણ અને સંસ્કરણ એ આજે મહત્ત્વનો પ્રશ્ન છે, કેમકે આજે ભૌતિક શિક્ષણ અને સંસ્કરણ અને તેના પ્રદાનના જંગી પ્રયોગો થાય છે. જીવને અનાદિ કાળથી પુદ્ગલનો રસ છે, એના પર તેનું શિક્ષણ અને સંસ્કરણ મળે, એ વાંદરાને દારૂ પિવડાવવા જેવી વાત છે.

આ ધાર્મિક શિક્ષણ ખોળિયે માનવ પણ હૈયે જનાવર જેવાને હૈયાથી માત્ર માનવ નહિ, પણ મહામાનવ બનાવે છે; માત્ર મહામાનવ નહિ, દેવાધિદેવ બનવાની ભૂમિકા ઊભી કરી આપે છે.

ધાર્મિક શિક્ષણ ને સંસ્કરણના પાયામાં જીવને ધર્મની અગત્યતા સમજાય છે. તે સમજતાં આત્માનાં ચક્ષુ ખૂલે છે કે 'હું કોણ છું ? આ સંસાર શું છે ? મારો



ને સંસારનો સંબંધ કેવા પ્રકારનો છે ?-આવા પ્રશ્નો ઊઠે છે, ત્યારે જીવને થાય છે કે અંદર જે સુષુપ્ત આત્મા છે, તે જાગ્રત થાય ક્યારે ? તેને વિશિષ્ટ કોટિનાં તત્ત્વો મળે, તેની પ્રેરણા મળે અને જે ૨૦ સ્થાનકથી તીર્થંકરપણાનું પુણ્ય બંધાય તે એક યા બીજાં સ્થાનકોનો અભ્યાસ તેને દેવાધિદેવ બનવાની ભૂમિકા બનાવી આપે છે. આવી ભૂમિકા તૈયાર કરવાનો મહા લાભ ધાર્મિક શિક્ષક અને શિક્ષિકાને મળી શકે એમ છે.

પણ જો ધાર્મિક શિક્ષક-શિક્ષિકા શિક્ષણ વ્યવસાયને એ રીતે અપનાવે તો ફળશ્રુતિ આવે. આમ તો વ્યવસાય એટલે વેપાર; પણ અહીં વ્યવસાય એટલે વેપાર નહિ, પણ વ્યવસાય એટલે ભેખ. શિક્ષણ સંસ્કરણનો ભેખ લેવાય, જેમ દેશસેવકોએ દેશસેવાનો ભેખ લીધો છે.

ભેખ સ્વેચ્છાથી, ધગશથી લેવાય છે, તો પછી પ્રશ્ન રહે કે રોટલા-પાણીનું શું ? પણ સેવાની અવાંતરમાં સહજ રીતે તે પ્રશ્નનો ઉકેલ આવી જાય છે-એટલે એની ચિંતા રહેતી નથી. પગાર શિક્ષણનો નથી એટલે પગાર સામે કામ મપાતું નથી કે થોડા પગારમાં વધુ કામ શી રીતે થાય ?

દેશસેવકો કદાપિ કહેતા નથી કે આટલો જ પગાર ? ને આટલું બધું કામ ? તેઓ દેશની સેવા કરવા ભેખ લે છે, ત્યારે દેશના મહાન સર્જનનું કાર્ય કરી શકે છે, તો આ ધાર્મિક શિક્ષક-શિક્ષિકા ધર્મસેવક છે, તેઓ એ ધર્મશિક્ષણ અર્થે ભેખ લીધેલ મહાન આત્માઓ છે.

સંઘ તેમનું માન-સન્માન-બહુમાન એવું કરે કે તેમને થાય કે 'અહો ! અમારું અહોભાગ્ય ! અમોને આવો શ્રેયસાધક ગૌરવવંતો વ્યવસાય મળ્યો !'

'શિક્ષક-શિક્ષિકા એટલે પંતુજી માસ્તર, પગારદાર, માસ્તર'...આ દૃષ્ટિ જ્યાં સુધી ન સુધરે ત્યાં સુધી તેમના દ્વારા જે અપાવું જોઈએ તે નહિ આપી શકાય.

અમે જે પાટ પર બેસી જે આપીએ છીએ અને શિક્ષક તે આપે છે, તેમાં ફરક શો પડે છે ?

પહેલાં શિક્ષક ને અમારામાં ફરક છે.

કોણ આપે છે ?-તે લેનારા સમજે છે કે આ ગુરુ પગારદાર નથી, તેથી જે દૃષ્ટિ સાધુ-ગુરુ પ્રત્યે ઊભી થાય તે શિક્ષકો માટે ઊભી થતી નથી, પણ આ દૃષ્ટિ જો સંઘ તરફથી શિક્ષકોનું ગૌરવ કરી ઊભી કરાય તો ભારે ચમત્કારી કાર્ય થાય.

સંઘ જો તેમને પંતુજી નહિ પણ સંઘના વિદ્વાન નેતા સમજે, સંઘની સેવા માટે ભેખ લેનારા માને, તો વિદ્યાર્થીઓ તેમ સમજશે.

નેતા એટલે શું ? નેતા એટલે સ્થિતિથી પૈસાદાર, મોટરમાં આવે, આમ



E:/Divya-Darshan(part-11).pmd/prf.5

તેમ જુએ ને ચાલ્યા જાય તે ?

આ આજની low class mentality છે, હલકી મનોવૃત્તિ-તુચ્છ માનસ છે. સંઘમાં તેમાં સુધારો કરવાની જરૂર છે. આ ધાર્મિક શિક્ષકો સંઘના નેતા છે, ભોગ આપનાર અગ્રણીઓ છે. તેવો ભાવ સંઘના ટ્રસ્ટીઓમાં-સંચાલકોમાં હોવો જોઈએ. તેવાઓએ અવારનવાર ૦| કલાક પણ ધાર્મિક શિક્ષક પાસે જવું જોઈએ, બહુમાન જાળવવાપૂર્વક શિક્ષક પાસે બેસવું-ધાર્મિક શિક્ષણ અંગે વિચારણા કરવી અને થોડું ધાર્મિક અધ્યયન કરવું.

ભગવાને પહેલો માર્ગ જ્ઞાનનો આપ્યો, પછી ચતુર્વિધ સંઘની સ્થાપના કરી. શિક્ષકો તે જ્ઞાન આપનારા આપણા નેતા છે, તેથી શિક્ષક પાસે ૦| કલાક બેસતા હોય, બે લીટીની ગાથા લેતા હોય તો વિદ્યાર્થીઓ પર કેવી સુંદર છાપ શિક્ષકો અંગે પડે ? 'આ મારા બાપુજી આ પંડિતજી સાહેબની પાસે ગાથા લે છે !'

પુરુષ વિશ્વાસે વચન વિશ્વાસ.

**पुरुष गौरवे पुरुष गौरवम्**

પુરુષનું ગૌરવ જેટલું થાય, તેટલું તેમના વચનનું ગૌરવ થાય. સંઘના આગેવાનો શિક્ષકનું બહુમાન કરશે, તો તેમનાં બાળકો તેવું કરશે.

ધાર્મિક શિક્ષક-શિક્ષિકાનું આ ગૌરવ કરવા માટે તમારા જેવાએ સમય કાઢવો જોઈએ અને જ્ઞાનની ભૂખ ઊભી કરવી જોઈએ.

**જ્ઞાન એ સાચું ધન છે, પૈસા નહીં.**

જ્ઞાનની ભૂખ ઊભી થાય તેવી રીતે શિક્ષણ આપવું. જ્ઞાનનું મહત્ત્વ બતાવવા પ્રયત્ન કરો. મુંબઈ માધવબાગમાં એક વાર એક સંન્યાસીએ ભાષણમાં કહ્યું : "ધનદાન કરતા જ્ઞાનદાન મહત્ત્વનું છે, કેમકે **પૈસાનું દાન કરશો તો બદલો તો મળશે, દા.ત. મોટર, બંગલાનું દાન કર્યું તો બદલામાં કૂતરા થઈને પણ મોટર, બંગલો ભોગવવા મળે, પણ માનવ થવાનું નક્કી નહીં.**

**જ્ઞાનનું દાન કરશો તો કર્મને મનુષ્ય દેહ આપવો જ રહ્યો, કેમકે માનવ દેહે જ જ્ઞાન મળે.**

**કૂતરાના અવતારે જ્ઞાન ન મળે."**

જ્ઞાનના સંસ્કાર મનુષ્યભવ અપાવે છે, આગળ પ્રકૃતિ માર્ગ કરી આપે છે.

શી રીતે ભણાય ?

ગાથા ગોખવી - તે એક પ્રકાર છે.

ગાથા ચઢતી નથી, તેમાં શક્તિનો અભાવ નથી, પણ ગાથા શીખવાની રીત (method) બરાબર નથી.





## (૩૬) પાર્શ્વનાથજીવ મરુભૂતિ-શ્રાવક : અને સુદર્શનજીવ નોકર

મન નાજુક છે. એ જો સહેજ આર્તધ્યાનમાં પડ્યું તો ત્યાં શુભધ્યાન અટકીને બંધ થઈ જશે, પરિણામ ? જો એ જ વખતે આયુષ્ય કર્મ બંધાતું હશે તો એ તિર્યંચ-આયુ બાંધી તિર્યંચગતિમાં રવાના થશે ! પછી ભલે આમ ધર્મ કરતો હશે.

મહાન સાધકોએ પણ **'મન નાજુક છે'** આ ખ્યાલ જો ગુમાવ્યો તો જીવનભરની શુભધ્યાનની સાધના છતાં કોઈ અણધારી પળે એમનું નાજુક મન આર્તધ્યાનમાં ઘસડાઈ ગયું ! અને એ એમને એકવાર તો તિર્યંચગતિમાં તાણી ગયું.

પાર્શ્વનાથ ભગવાનનો જીવ પહેલા ભવમાં મરુભૂતિ એ મહાન શ્રાવક ધર્મની સાધના કરનારો હતો. બ્રાહ્મણ કુળમાં જનમવા છતાં એને પાછળથી જૈનધર્મ નવો મળેલો, એટલે એને એની હૈયે ભારે કદર હતી, અને તેથી જ શ્રાવકના ઊંચા આચાર-વિચાર અને વ્રતનિયમોની સુંદર આરાધના કરતો. એમાં શુભધ્યાન વારંવાર રહ્યા કરતું. એનો જ એક પ્રભાવ એવો પડ્યો કે પોતાની જ સ્ત્રી સાથે કુકર્મ કરનાર પોતાના ભાઈ કમઠને રાજા શિખામણ આપે એ માટે મરુભૂતિએ રાજાને વિનંતિ કરી. રાજાએ શિખામણ આપવા જતાં કમઠે ઉદ્ધતાઈ બતાવી, તો રાજા એને નગર બહાર વનમાં કઢાવી મૂક્યો, કમઠ બહાર વનમાં તાપસ થયો...!

આચારપાલન દ્વારા સધાતા શુભધ્યાન શુભભાવનાનો પ્રભાવ જુઓ કે આમાં મરુભૂતિનો જરાયે વાંક ન હતો છતાં એના મનને લાગ્યું કે "અરે ! મેં આ રાજાને કહ્યું અને રાજાએ કમઠને નગર બહાર કઢાવ્યો, ને કમઠ કષ્ટમાં પડ્યો. તેથી એના કષ્ટમાં હું નિમિત્ત બન્યો, માટે હું એની ક્ષમા માગી લઉં. ક્ષમા ન માગું તો મારા દિલમાં ઉપશમ ન રહે, શલ્ય રહી જાય, હું વિરાધક થાઉં, ને તેથી મારો પરલોક બગડી જાય." કેવી સુંદર શુભ વિચારસરણી !

કમઠ અયોગ્ય હતો એટલે રાજાએ મરુભૂતિને એની પાસે જવા સલાહ ન આપી. છતાં પાપના અત્યંત ભયવાળો મરુભૂતિ ગયો કમઠ પાસે ક્ષમા માગવા. જ્યાં એ કમઠના પગમાં પડી ક્ષમા માગે છે, ત્યાં કમઠે મોટી પત્થરની શિલા ઉઠાવી મરુભૂતિના મસ્તક પર ઠોકી ! માથું ફૂટ્યું, અને મરુભૂતિને મરવાની ઘડી આવી. અહીં કસોટીનો કાળ હતો, નાજુક મનને સાચવવાનું હતું. પરંતુ વર્ષોનો



E:/Divya-Darshan(part-11).pmd/prf.5

સારો ધર્મસાધક અને શુભધ્યાનનો ખપી મરુભૂતિ અહીં ભૂલો પડી ગયો ! ખોપરી ફૂટવાની ભયંકર વેદનામાં એ વિહ્વળ થઈ ગયો. હવે તો મરવાને ક્ષણવારનો સોદો હતો, છતાં એટલામાં વેદનાનો 'હાય'કારો આવ્યો, વેદનાનું આર્તધ્યાન લાગ્યું, ને શુભધ્યાનને જગા જ ન રહી ! મરુભૂતિ આ આર્તધ્યાનમાં મરી વિંધ્યાચલની અટવીમાં હાથણીના પેટમાં હાથી તરીકે ઉત્પન્ન થયો.

તીર્થંકરનો જીવ, તે ય સમ્યગ્દર્શન પામેલો, અને વર્ષો સુધી ઉત્તમ વ્રત-નિયમોથી સુશોભિત શ્રાવકજીવન જીવનારો, તેમજ શુભધ્યાનના સારા અભ્યાસવાળો, એ ય અણધારી પળે જો આર્તધ્યાનમાં ફસાઈ પડે, ને શુભધ્યાનને ગુમાવે, ત્યારે મનની કેવી નાજુક સ્થિતિ ! તેમ

આર્તધ્યાનની હયાતીમાં શુભધ્યાનના કેવા ફાંફા ?

ત્યારે વિચારવા જેવું છે કે જેને એકલો ધ્યાનમાર્ગ પસંદ પડે છે, અને ધર્મમાં પૈસા ખરચવાના અખાડા કરવા છે, કાયાને કષ્ટ આપવાના વાંધા છે, થોડા પણ ખાનપાન છોડી તપ કરવો હરામ છે, વેપારધંધામાં પાકું લક્ષ છે, બીજી મોજમજાહ ખપે છે, એ સહેજે એના આર્તધ્યાનમાં ફસેલો હોય, એ શુભધ્યાન શું કરશે ?

એટલે શુભધ્યાન લાવવું હોય, ધ્યાન સાધના કરવી હોય, તો પહેલું આ જરૂરી છે કે આર્તધ્યાન અટકાવવું જોઈએ. એ અટકાવવા એનાં કારણો ઓછાં કરવા અત્યંત જરૂરી છે. કારણો એ જ; અત્યંત ધનરાગ, વિષયરાગ, બહુ બાહ્યભાવ, બહુ આરંભ-સમારંભ...વગેરે.

**પૂણિયા શ્રાવકે આર્તધ્યાન રોકવા શું કર્યું ? :-**

કહે છે પુણિયો શ્રાવક પહેલાં પૂરણચંદ શેઠ હતો, સારો ધાર્મિક ક્રિયારુચિ જીવ. સાધુને કહે 'સાહેબ ! બધું કરું છું, પરંતુ મન એમાં સ્થિર નથી રહેતું, આડાઅવળા વિચારો બહુ આવે છે. શું કરું ?" સાધુ કહે, "જીવનમાં ધન-વિષય-આરંભ-સમારંભાદિની બહુ લપ રાખવાથી મન પર એના ભાર, એનાં આકર્ષણ રહે છે. તેથી મન એમાં તણાઈ જઈ એના વિચારો ને આર્તધ્યાન કરે છે. એ લપ ઓછી કર્યા વિના આર્તધ્યાન અને ફજુલ પાપવિચારો ઓછા નહિ થાય."

શ્રાવકને વાત ગળે ઊતરી, એણે જોયું કે 'પૈસા સારા રાખ્યા છે, ને એ મહત્વનાં માન્યાં છે, માટે જ બીજાના પૈસાનો જ વિચાર આવે છે, એવું બીજી જડ બાબતોમાં. માટે હવે તો આ પૈસા વગેરે જડની લપ જ કાઢી નાખું.' બસ, મોટું મકાન સુદ્ધાં બધું ધર્માર્થ કરી દઈ, નાના ભાડુતી મકાનમાં રહી રૂની પુણિયો વણી રોજના ૧૨॥ દોકડા કમાવાનું, અને એના પર જ જીવન જીવવાનું રાખ્યું. માટે



નામ પુણિયો શ્રાવક પ્રસિદ્ધ થયું. હવે આર્તધ્યાનનાં ઘણાં કારણો છુટી જવાથી આર્તધ્યાન બંધ જેવું થઈ ગયું. તેથી સ્થિર મનથી સામાયિક અને શુભધ્યાન એવાં સારાં ચાલવા લાગ્યાં કે પ્રભુએ એને પ્રશંસ્યો.

વાત આ છે,- ધ્યાન પસંદ પડે છે, પણ આર્તધ્યાન અને એનાં કારણ ઓછા કરવાની તત્પરતા છે ?

**સુદર્શન જીવ-નોકર અને મરુભૂતિ વચ્ચે અંતર :-**

પાર્શ્વનાથ ભગવાનનો જીવ પ્રથમ ભવમાં મરુભૂતિ શ્રાવક વર્ષોનો ધર્મસાધક અને શુભધ્યાનનો અભ્યાસી તેમજ પોતે નિર્દોષ છતાંય કમઠની ક્ષમા માગવા ગયેલો, તો પણ દ્વેષિલા ભાઈ કમઠે એના માથે શિલા મારતાં મરુભૂતિએ શુભધ્યાન ગુમાવ્યું ! વેદનાના આર્તધ્યાનમાં પડ્યો ને મરીને જંગલનો તોફાની હાથી થયો.

ત્યારે સુદર્શન શેઠનો જીવ પૂર્વભવે એ જ ઘરમાં ઢોરા ચરાવી આવનાર નોકર. એને મહાત્મા પાસેથી 'નમો અરિહંતાણં' પદ સાંભળવા મળેલ, એની ખૂબ શ્રદ્ધાથી માત્ર એ પદની રટણા કરવાનો જ ધર્મ સાધેલો. પરંતુ એકવાર નદીના પેલે પાર જવા માટે જ્યાં એણે ખડક પરથી નદીમાં ઝંપો માર્યો, ત્યાં જ એકાએક નદીની અંદર ખૂંચેલો લાકડાનો ઊભો ખૂંટો એનું પેટ ફાડી અંદર પેસી ગયો !... પણ ખૂબી કેવીક થઈ કે એણે ત્યાં વેદનાનું આર્તધ્યાન ન કરતાં "નમો અરિહંતાણં"ની એ રટણા જ રાખી, અને એથી જ શુભધ્યાન રાખી રહ્યો, તો મરીને એ જ ઘરના શેઠ અર્હદ્દાસનો પુત્ર સુદર્શન થયો. એ સુદર્શન કેવો ? મહાસદાચારી, રાણીને માર ન પડે એ માટે જ પોતાની ઉપર રાણીએ ચડાવેલ ખોટા આરોપનો રાજા આગળ પોતે ખુલાસો ન કરવાના સત્ત્વવાળો, યાવત્ શૂળિની સજાને વધાવી લેવાના તથા ઠેઠ શૂળિએ ચડી જવાના મહાસત્ત્વવાળો ! આ નોકર અને મરુભુતિ, બંને વચ્ચે કેવું અંતર ! અંતે વેદના બંનેને એકાએક આવી પણ અણપઢ અને નવકાર-પ્રથમપદની જ સાધનાવાળો પણ અંત સમયે મરણાંત વેદનામાં સત્ત્વપૂર્વક આર્તધ્યાન રોકી "નમો અરિહંતાણં" પદના શુભધ્યાનમાં લીન બનનારો નોકર સુદર્શનનો અવતાર અને એમાં આટલા ઊંચા સત્ત્વ સુધી પહોંચ્યો ! ત્યારે મરુભુતિ વર્ષોનો મહાન ધર્માત્મા શ્રાવક, પણ અંત સમયે સત્ત્વહીન બની મરણાંત વેદનાના આર્તધ્યાનમાં પડ્યો, તો જંગલી તોફાની હાથીનો અવતાર પામ્યો !

આ પરથી એ નથી વિચારવાનું કે "તો પછી જો અંતે આર્તધ્યાન આવતું હોય તો જીવનભરની સાધનાનો શો અર્થ ?" સાધનાનો અર્થ છે. પેલા નોકરે જીવનમાં "નમો અરિહંતાણં" પદની ખૂબ રટણા કરેલી, તેથી જ અંતે એ રટણા પેટ ચિરાઈ જવાની ભયંકર વેદના વખતે ય આવીને ઊભી રહી. જીવનમાં



E:/Divya-Darshan(part-11).pmd/prf.5

જો એની ખૂબ રટણારૂપી સાધના ન હોત, તો અંતે એ ક્યાંથી યાદ આવત ? પ્રશ્ન થાય,

મરુભૂતિ ભૂલ્યો કયા કારણે ? :-

**પ્ર.**- તો મરુભૂતિને તો જીવનમાં શ્રાવકપણે નવકારની સારી રટણા ઉપરાંત બીજાં ય ઘણાં સત્કાર્યોનો સારો અભ્યાસ હતો, તો એને કેમ અંતે નવકારની રટણા ન આવી ? ને પેલા નોકરને પીડા એવી જ ભયંકર છતાં નવકાર પ્રથમપદની રટણા આવી ?

**ઉ.**- બંનેના સંયોગો પરથી અંતિમ સ્થિતિમાં બંને વચ્ચે પડેલા ફરકમાં આ કારણનું અનુમાન થઈ શકે,-

(૧) સુદર્શન શેઠના જીવ નોકરને "નમો અરિહંતાણં" પદની રટણા એવી લાગેલી કે એમાં, એને ઢોરો ચરાવનાર નોકરપણાની ગરીબ સ્થિતિને લીધે કાયાનાં સુખસાધનોમાં મહાલવાની મમતા નહોતી, તેથી અકસ્માત્ જાગેલાં મરણાંત કષ્ટમાં એવું કાય-મમત્વ નડ્યું નહિ કે જે હાયવોય ને આર્તધ્યાન કરાવે. મરુભૂતિ મહાન ધર્માત્મા શ્રાવક ખરો, પણ પુણ્યવંતો હોઈ સુખસાધનની સગવડવાળો, તેથી એ ભોગવતાં છુપી સામાન્ય પણ કાયમમતા પોષાઈ હોય, જે મમતા અંતિમ સમયે એકાએક આવી પડેલી વેદનાના કાયકષ્ટ વખતે હાયવોય અને આર્તધ્યાન કરાવી ગઈ.

(૨) બીજું કારણ આ હોઈ શકે કે બંનેને કષ્ટ આવ્યું ખરું, એકને ખોપરી ફૂટી, ને બીજાને પેટ ફાટ્યું, પરંતુ મરુભૂતિને, જે ગુનેગારની પણ પાસે ક્ષમા માગવા ગયો, એના તરફથી ખોપરી ભંગાઈ, તેથી "હું ક્ષમા માગું છું, ને આ આમ કરે છે ? મારું માથું ફોડે છે ?" એમ સહેજે કચવાટ આવ્યો હોય, અહંત્વ નડ્યું હોય, કે "તું ભારે ગુનેગાર, અને હું તારા કષ્ટમાં સહેજ નિમિત્ત બનવારૂપે ગુનાવાળો બન્યો ખરો, પણ આમ તો સદાચારી અને તને રાજા પાસે સજા કરાવવા કશું કહેનારો ય નહિ, અરે ! એવું ચિંતવનારો ય નહિ, એવા મને તું આમ કરે ?" આવી રીતે, મરુભૂતિની સામે પીડા આપનારો કમઠ ચેતન જીવ હોઈ, અભિમાન ઉઠ્યું હોય તેથી મન અશુભધ્યાનમાં પડી ગયું. ત્યારે પેલા નોકરને પીડા જડ લાકડાના ખૂંટાથી આવી; એ જડની સામે અભિમાન જાગવા અવકાશ ન રહ્યો, તેથી એ નિમિત્તે અશુભધ્યાન થતું અટક્યું.

(૩) બાકી ત્રીજું કારણ એ હોઈ શકે કે નોકરે નવકાર પહેલા પદની રટણા સતત જે અહોભાવ, ગદ્ગદભાવ, રોમાંચ ખડા, તથા તન્મયતાથી કરેલી, એવા અહોભાવ, સતત ગદ્ગદતા, વગેરેથી નિરંતર નવકાર-સ્મરણની રટણા ન હોય,



તો અંતકાળે ફરક પડી જાય એ સંભવિત છે.

(૪) છેલ્લે, ચોથું કારણ એ કહેવાય કે કાયા પર એકાએક આવી પડેલી વેદનામાં તત્કાલ હાય કે વોય ન થાય એવા જીવો જગતમાં વિરલ. એ વિરલમાં નોકરનો નંબર લાગ્યો; મરુભૂતિનો નહિ. એ હિસાબે મરુભૂતિ ભૂલો પડે એમાં નવાઈ નથી. છતાં એ જ પાછો પછીના હાથીના ભવે, એ જ રાજા અરવિંદ જે અવધિજ્ઞાની મુનિ બનેલ એમનાથી "બુજ્ઝ બુજ્ઝ મરુભુઈ !"ના અનેકવારના ઉદ્બોધનથી પૂર્વ જન્મનું સ્મરણ પામી પ્રતિબોધ પામ્યો, તો પછી સાવધાની એવી આવી કે આગળ જલચર સાપે એને જોરથી ગંડસ્થલમાં ડંસ માર્યો, મરણની ઘોર પીડા આવી. છતાં તત્ત્વના ચિંતન પર એણે આર્તધ્યાન ન કરતાં શુભધ્યાન રાખ્યું, ને એ મરીને દેવ થયો.

આ પરથી સમજાય એવું છે કે વેદનામાં હાયવોય જ થાય' એવું નથી. તત્ત્વદૃષ્ટિ જ્ઞાનદૃષ્ટિ તત્ત્વચિંતન એ હાયવોય અટકાવી શકે છે...!

"દિવ્ય-દર્શન"-"અગ્રલેખામૃત" વર્ષ-૩૨,અંક-૨૩,તા.૧૮-૨-૧૯૮૪

## (૩૭) રોગમાં હાયવોય અટકાવવા શું કરવું ? : મુનિ દવા કેમ લે ?

**જીવનનું અમૂલ્ય ધન સમાધિ, સ્વસ્થ ચિત્ત. એથી અહીં સુખ, ને પરભવે સદ્ગતિ. પરંતુ રોગ આવતાં હાયવોય વ્યાકુળતા થાય છે, ને એથી સમાધિ નથી રહેતી. આ હાયવોયને અટકાવવા તત્ત્વચિંતન-તત્ત્વદૃષ્ટિ જરૂરી છે. એટલા જ માટે મુનિઓ રોગાદિ પીડામાં તત્ત્વચિંતન-તત્ત્વદૃષ્ટિ રાખી હાયવોય-આર્તધ્યાનથી બચી શકે છે.**

**તત્ત્વચિંતન-તત્ત્વદૃષ્ટિમાં શું આવે ? :-**

તત્ત્વદૃષ્ટિ આ, કે (૧) 'પૂર્વે બાંધેલા કર્મ અહીં તપથી નષ્ટ ન કર્યા, તો ભોગવવા જ પડે છે. પછી વ્યર્થ હાયવોય શા માટે કરવી ?' પોતાના જ બાંધેલા પોતે ભોગવી લેવામાં શાહજોગ વ્યવહાર છે.

(૨) વેદનાથી ભોગવાય છે એટલા પાપકચરા સિલિકમાંથી ઓછા જ થાય છે. કચરો સાફ થાય એ તો દિવાળી, એમાં ખેદ શાને ?

(૩) રોગાદિ એ તો શરીર-પુદ્ગલની ખરાબી છે; એમાં આત્માની નિર્મળ જ્ઞાનાદિ સંપત્તિને કશી હાનિ નથી. ઊલટું હાયવોય કરવામાં અશુભ ધ્યાનથી આત્મામાં ખરાબી પેસે છે...! એ તો જાતે પેસાડી તો જ ખરાબી પેસે. પછી કર્મે

ખરાબ કર્યું એના પર હવે હાથે કરીને જાતે ખરાબ શા માટે થવું ?

(૪) રોગાદિ પ્રતિકૂળમાં જ સત્ત્વ ખીલે છે; જે સત્ત્વ પર જ અંતે વીતરાગ બનાય છે. હાયવોયમાં સત્ત્વનો નાશ થાય છે. તો શા માટે એ કરવી ?

**મુનિ દવા લે એમાં ચાર મહાન હેતુ :-**

હવે મુનિ રોગાદિમાં તત્ત્વચિંતન-તત્ત્વદૃષ્ટિ રાખી હાયવોય નથી કરતા, ત્યારે પ્રશ્ન થાય કે તો પછી મુનિ દવા શા માટે કરે છે ? શાસ્ત્ર કહે છે, મુનિ આ ભાવના કરે છે,-

**काहं अछित्तिं, अदुवा अहिस्सं, तवोवहाणेसु य उज्जमिस्सं ।**
**गणं च नीतिं अणुसारवेस्सं, सालंबसेवी समुवेई मोक्खं ॥**

અર્થાત્ (૧) 'હું શાસન અને શ્રુતની પરંપરા અવિચ્છિન્ન વહેતી રાખીશ;' અથવા (૨) 'હું સ્વાધ્યાયમાં લીન રહીશ;' યા (૩) 'તપ-યોગ-ઉપધાનનો ઉદ્યમ કરીશ;' અથવા (૪) 'મુનિગણની શાસ્ત્રનીતિ મુજબ સંભાળ કરીશ'... આવા કોઈ આલમ્બને (હેતુએ) જ મુનિ દવાદિ અપવાદ માર્ગ સેવે, એ પણ મોક્ષની નિકટ થાય છે.

**આમાં ઔષધોપચાર માટે ચાર આલમ્બન બતાવ્યા,-**

(૧) શાસન-શ્રુતનો-અવિચ્છેદ; (૨) સ્વાધ્યાય-અધ્યયન; (૩) તપ-ઉપધાન, અને (૪) ગણ-રક્ષા.

મુનિ આ ચાર આલમ્બન પૈકી કોઈ પણ એક આલંબનના હિસાબે દવા વગેરે અપવાદ સેવે, તો એ મોક્ષના રસ્તા પર છે, મોક્ષ તરફ એનું આગે પ્રયાણ છે, પરંતુ પીછેહટ નહિ.

**પ્ર.**- મુનિને રોગ સહન કરવામાં જો વાંધો નથી, જો વેદનાની હાયવોય નથી, તો સહન જ કરી લે ને ?

**ઉ.**- ના, સહન કરી લેવામાં જે કર્મનિર્જરા કર્મક્ષયનો લાભ છે, એના કરતાં શાસન-શ્રુતટકાવ, શ્રુતસ્વાધ્યાય, તપયોગાદિ સાધના, અને ગણરક્ષામાં વધુ કર્મનિર્જરા અને બીજા લાભો છે.

આ એટલા માટે કહેવાય છે કે રોગાદિ પીડા એવી છે કે જેમાં આ મહાન કાર્ય થઈ શકતા નથી. તે જો રોગ શમે તો જ થાય. દા.ત.

**(૧) શ્રુતટકાવ :-** તાવ વગેરે ધીખતો હોય તો, અન્ય વિદ્વાન મુનિ પાસેથી લેવાતું વિશિષ્ટ ઊંચું શ્રુતજ્ઞાન લેવાનું અટકી જાય. તે વળી ઉચ્ચ શાસ્ત્રનું - શ્રુતનું જ્ઞાન બીજા મુનિ ગ્રહણ કરી શકે એવા ન હોય, અને આ બિમાર મુનિ પણ



રોગમાં ઠેઠ સુધી અશક્ત રહ્યે ન મેળવી શકે, તો એ શ્રુત પેલા વિદ્વાનના મૃત્યુની સાથે લુપ્ત થઈ જવાથી એની આગળ પરંપરા ન ચાલે; તો ભાવી-શ્રમણસંઘને એ શ્રુતની ખોટ રહે. ત્યારે રોગની દવા કરી લઈ સ્વસ્થ થયાથી એ નીરોગી બનેલ મુનિ શ્રુત ગ્રહણ કરી શકે; અને પછી આગળ પોતાનાં શિષ્યોને એ આપી શકવાથી એની પરંપરા ચાલી શકે. એથી ઘણાનું કલ્યાણ થાય. આ બધો લાભ એકલો રોગ સહી બેસી રહેવાથી ન થાય.

**(૨) અધ્યયન :-** એમ, ભલે કોઈનામાં વિશિષ્ટ શ્રુત લેવાની શક્તિ ન હોય, છતાં જો એ રોગમાં જ પડ્યા રહે, તો પોતાનો શ્રુત-સ્વાધ્યાય અને એ નવું નવું અધ્યયન રટીને ન કરી શકે. ત્યારે સિદ્ધયોગીની વાત ન્યારી કે એ રોગી છતાં એમની પાસે એટલું બધું અગાધ શ્રુત છે કે એનું પારાયણ-ચિંતન કરવામાં પોતે મગ્ન રહી શકે; એ માટે એમને શ્રુતની ખોટ નથી. તેમજ એ સારા અભ્યસ્તયોગી હોવાથી એમના સબળ ચિત્તમાં રોગમાં વિકલ્પો આવવાને જગા નથી, પરંતુ યોગના અભ્યાસીને તો ભરચક શ્રુતમાં જ પરોવાયા રહેવાનું હજી કેળવવાનું છે. એ માટે હજી શ્રુતબળ એકત્રિત કરવાનું છે. અર્થાત્ ભરચક આગમશાસ્ત્રો રટેલાં તૈયાર જોઈએ. તેથી એ રોજ રટવાનું છે, ને રોજ પુનરાવર્તન કર્યે જ જવાનું છે.

શાસ્ત્ર-વ્યવસાયમાં પરોવાયા રહેવાથી, (i) મનમાં રોગનો વિકલ્પ ઊઠવાને જગા ન રહે; તેમજ (ii) નવું નવું જ્ઞાન મળ્યે જવાથી સંવેગ-વૈરાગ્ય વધતો રહે; વળી (iii) વિશેષ વિશેષ તત્ત્વદર્શન થતું રહે, (iv) એ આત્મામાં સહિષ્ણુતા-સમભાવાદિ યોગબળ વધારતું રહે છે. શ્રુતનાં નવાં નવાં અધ્યયન-પારાયણનાં આ લાભ છે. એકલા રોગને સહી લઈ બેસી રહેવામાં શ્રુત સ્વાધ્યાય-અધ્યયન ન થઈ શકવાથી આ બધા લાભ ક્યાંથી પમાય ?

એટલે હવે કહો, કે ચિત્ત કલાકોના કલાકો, દિવસોના દિવસો, અરે ! મહિનાના મહિના, ને વર્ષોના વર્ષો જો શ્રુત યાને આગમશાસ્ત્રોમાં જ પરોવાયું રહી શકે; એમાં ય એવાં શાસ્ત્રોથી સૂક્ષ્મ બોધ વધતાં જો મન એમાં વિશેષ પકડાયું રહે; તો રોગાદિ અને શરીર-સ્વસ્થતાદિના વિકલ્પ ન ઊઠે.

એટલે 'અમારું મન સ્થિર નથી રહેતું' 'રોગમાં હાયવોય થાય છે' આ ફરિયાદ ટાળવાનો આ રામબાણ ઉપાય છે કે શાસ્ત્રનાં રટન-અધ્યયનમાં રચ્યા-પચ્યા રહેવું.

એનાથી મન સ્થિર રહેવા સાથે ઉપરોક્ત લાભો પણ છે. મુનિ હાયવોય વિના રોગ સહી તો શકે છે, પણ એમ કરવા જતાં એવો ધીખતો શ્રુતવ્યવસાય અને એના ભરચક લાભ ક્યાંથી પામી શકે ? માટે એ રોગની દવા કરે છે.

(૩) **યોગ-ઉપધાન :-** એવા શાસ્ત્ર વિસ્તાર અને સૂક્ષ્મ પદાર્થનાં અધ્યયન કરવાની શક્તિ ન હોય એને પણ તપના અનેક પ્રકાર, યોગોદ્વહન કરવાની ને આચાર્યાદિની વૈયાવચ્ચ કરવાની શક્તિ હોઈ શકે છે. તેથી જો દવાદિ ઉપચાર કરી લઈ રોગ મટાડી એમાં લાગી જાય તો એના પણ લાભ અપરંપાર છે. લાભો કેવા ?

(૧) વિશિષ્ટ તપથી અપૂર્વ કર્મક્ષય; (૨) સ્વેચ્છાકૃત વિશિષ્ટ ત્યાગ અને કાયકષ્ટથી અપૂર્વ સત્ત્વવૃદ્ધિ; (૩) વિશિષ્ટ વિનયથી અથાગ બહુમાન વૃદ્ધિ; (૪) આચાર્યાદિના વૈયાવચ્ચથી જબ્બર કર્મનિર્જરા, અને એમના અલૌકિક ગુણોનું વૈયાવચ્ચમાં બીજાધાન, અપ્રતિપાતી ગુણાનુવૃત્તિ, અર્થાત્ ભવાન્તરે પણ વૈયાવચ્ચની સળંગ ધારા ચાલે... યાવત્ તીર્થંકરનામકર્મનું ઉપાર્જન, (૫) વિશિષ્ટ ધ્યાન કાયોત્સર્ગથી આત્મસ્વરૂપ-રમણતા, (૬) યોગ-ઉપધાનથી શ્રુતારાધના અને જિનાજ્ઞા-બહુમાન વૃદ્ધિ... વગેરે... વગેરે...

આ બધા લાભો માટે વિશિષ્ટ ત્યાગ-તપ-કાયકષ્ટ-વિનય-વૈયાવચ્ચ-ધ્યાન-કાયોત્સર્ગ વગેરે જ સાધવા જોઈએ. પણ જો રોગાદિ-પીડા છતે આ બધું કરવાનું ન થઈ શકતું હોય, તો એ લાભો ક્યાંથી પામી શકે ? હાયવોય વિના રોગાદિ સહીને બેસી તો રહેવાય; પરંતુ એકલા બેસી રહેવા માત્રથી આ લાભો ન પમાય. માટે મુનિ રોગની દવા કરે છે, ને રોગ શમ્યે આ બધી સાધનામાં લાગી જઈ અપૂર્વ લાભો ઉપાર્જે છે.

(૪) **ગણરક્ષા :-** એમ મુનિ જો મહાન આચાર્ય, ઉપાધ્યાય કે ગણાવચ્છેદક-ગણાનુવર્તક વગેરે હોઈ મુનિ-સમુદાયના સંયમ-જ્ઞાનાદિની સંભાળ કરનારા હોય, તો એના માટે એમણે પોતાના રોગાદિ મિટાવવા દવા-ઉપચાર કરાવવા જ જોઈએ. એ ગચ્છ-સંભાળના વળી અદ્ભુત લાભો છે. દા.ત. એ મુનિઓ જે જ્ઞાનાદિની સાધના કરે, ઉન્માર્ગથી બચે, આરાધક બની ઠેઠ મોક્ષ સુધીની સદ્ગતિની પરંપરા સર્જે, એ મહાન લાભ છે,- એમ એ મુનિઓ વળી જે બીજા મુનિઓને પકવી એમને આરાધક બનાવે, સદ્ગતિની પરંપરાના સર્જક બનાવે,.... એમ જે શ્રમણ-પરંપરા અવિચ્છિન્ન ચાલે, એથી જે જન-સમૂહમાં પણ ધર્મસાધના ચાલે... આ બધાનાં નિમિત્ત બનવાનો લાભ કેટલો અદ્ભુત !

પરંતુ જો એ ગણ સંરક્ષક મુનિ તેવા રોગાદિની પીડામાં શરીરે નરમ પડ્યા હોય તો આ મહાલાભદાયી ગણરક્ષા ક્યાંથી કરી શકે ? ભલે પોતે સાત્ત્વિક હોઈ રોગમાં દવા-ઉપચાર ન કરતાં પોતે હાયવોય વિના રોગાદિ શાંતિથી સહી લઈ આરાધક તો બની શકે; પણ પોતાના જેવી ગણરક્ષા કરનાર બીજા કોઈ સમર્થ ન



હોઈ એ ગણરક્ષા અટકવાથી, એ ગણનું શું ? આગળ સુવિહિત (આચારબદ્ધ)ની પરંપરા ક્યાં ? માટે, મુનિ ગણરક્ષાર્થે રોગાદિમાં દવા-ઉપચાર કરી લે...

આ પરથી એ સૂચિત થાય છે કે

(૧) રોગાદિ પીડામાં તત્ત્વચિંતન અને તત્ત્વદૃષ્ટિ રખાય, તથા દવાદિ ઉપચાર કરવામાં ઉપરોક્ત જેવા ઊંચા ઉદ્દેશ હોય તો હાયવોય અને આર્તધ્યાન અટકી શકે છે. તેમજ (૨) જીવનને એવા ઉચ્ચ ઉદ્દેશ રાખી મહાન લાભ કમાઈ લેવામાં સફળ કરી શકાય છે.

"દિવ્ય-દર્શન"-"અગ્રલેખામૃત" વર્ષ-૩૩,અંક-૧૪,તા.૧૫-૧૨-૧૯૮૪

## (૩૮) એકાન્તવાદ સામે લાલબત્તી : અનન્ય પ્રભાવવંતો જૈનધર્મ :

આપણું જૈન શાસન એવું અદ્ભુત છે કે જે માત્ર પંડિતો યા સમર્થોનું જ નહિ, કિન્તુ સમસ્ત ચૌદરાજ લોકવર્તી મંદબુદ્ધિ યા અમસર્થ એવા પણ તમામ જીવોનું હિત થાય એવો ઉત્તમ ધર્મ, મોક્ષમાર્ગ અને તત્ત્વોને દેખાડનારું છે. 'નમુત્થુણં' સૂત્રમાંના લોગહિયાણં પદની વ્યાખ્યા કરતા સમર્થ શાસ્ત્રકાર આચાર્ય ભગવાન શ્રી હરિભદ્રસૂરિજી મહારાજે શ્રી લલિતવિસ્તરા શાસ્ત્રમાં 'લોક' શબ્દનો 'પંચાસ્તિકાય લોક' એવો અર્થ કરીને એનું હિત કરનારા એટલે કે 'એના યથાર્થ પ્રરૂપક' એવો અર્થ કર્યો છે. પદાર્થનું યથાર્થ નિરૂપણ એ જ એનું સાચું હિત છે. એવો ત્યાં હેતુ બતાવવામાં આવ્યો છે. આ હિસાબે 'ભગવાન અને ભગવાનનું શાસન એકેન્દ્રિયાદિ જીવોનું શું હિત કરે ?' આવા પ્રશ્નનું સમાધાન થઈ જાય છે કે એની સાચી ઓળખ કરાવવી એ એનું હિત જ છે. જેમકે એની સાચી ઓળખ કરાવ્યાથી ભવ્ય જીવો મન-વચન-કાયાથી એ એકેન્દ્રિયાદિ જીવોની દયા-રક્ષા-જયણા-અહિંસા પાળે છે.

તદ્દન સત્ય વાત છે કે અનંત અનંત કાળથી સંસાર પરિભ્રમણમાં દુઃખોથી રીબાતા જીવો એવા ગોઝારા સંસારથી કેમ મુક્ત થાય અને પોતાના સહજ અનંત સુખોના ભોક્તા કેમ બને એ જૈનશાસનનો મુખ્ય ઉદ્દેશ છે અને એ સિદ્ધ કરવા માટે ધર્મ જ એક સમર્થ સાધન છે. એટલે 'જેને કોઈને સંસારથી મુક્ત થવાની અર્થાત્ મોક્ષ પામવાની ઇચ્છા હોય એને જૈનધર્મની આરાધના એ જ જીવન-કર્તવ્ય છે, તથા, સાથે સાથે જીવનમાં આધિ-વ્યાધિ-ઉપાધિઓની ઊભી થતી પીડાઓનાં નિવારણ માટે પણ જૈનધર્મનું જ આલંબન લેવા યોગ્ય છે,' એવું જૈન શાસ્ત્રો ઠામ



E:/Divya-Darshan(part-11).pmd/prf.5

ઠામ ઉપદેશે છે. ધર્મની શ્રદ્ધાવાળો જીવ ભલે મોક્ષનો અભિલાષી છે છતાં જ્યાં સુધી મોક્ષ ન મળે ત્યાં સુધી ઊભી થતી એ પીડાઓના નિવારણ માટે અરિહંતદેવ અને એમના ધર્મનું આલંબન ન કરે તો શું મિથ્યાદેવ-દેવી કે અસત્ય અનીતિ અને પાપ પ્રપંચોનું આલંબન કરે ? 'જીવ સંસારમાં બેઠો છે ત્યાં સુધી ઊભી થતી જરૂરિયાતો સિદ્ધ કરવા માટે પણ ધર્મનો જ આશ્રય કરે, નહિ કે પાપ પ્રપંચોનો.' એવું જૈન શાસ્ત્રકારો ફરમાવે છે. દેશના-સમયે બધા પ્રકારના જીવોનું ધ્યાન રહે તે માટે ખાસ.

**ષોડશક શાસ્ત્ર શું કહે છે ?**

ષોડશક શાસ્ત્રમાં જીવોને કેવો ધર્મોપદેશ કરવો એ માટે સંસારી જીવોની ત્રણ પ્રકારની કક્ષા બતાવી બાળ-મધ્યમ અને બુધ. અને ત્યાં કહ્યું; જે કક્ષાનો જીવ હોય એને એ કક્ષા યોગ્ય જ દેશના અપાય, એના બદલે જો માત્ર ઉપરની કક્ષાવાળાને યોગ્ય ઉપદેશ જ નિમ્નકક્ષાવાળાને આપ્યા કરે તો એ દેશના અસ્થાન દેશના યા પરસ્થાન દેશના થાય અને પરસ્થાન દેશનાને આ શાસ્ત્રકારે પાપ દેશના કહી છે...

હવે જ્યાં બાળ-મધ્યમ અને બુધ ત્રણે પ્રકારના જીવોની સભા હોય ત્યાં જૈનશાસનને પામેલા તથા ભાવનાજ્ઞાનની ઉચ્ચ ભૂમિકા પર પહોંચેલા મહાત્માઓની તમામ પ્રવૃત્તિ બાળ-મધ્યમ-બુધ સર્વ જીવોની વાત-કામનાથી ઓતપ્રોત હોવાના કારણે એમનો ઉપદેશ પણ એ બધા જીવોનું હિત સધાય એ પ્રકારનો હોય છે.

**પ્ર.- 'ભાવનાજ્ઞાનની ઉચ્ચ ભૂમિકા ઉપર પહોંચેલા' એટલે શું ?**

**ઉ.-** શ્રીમદ્ હરિભદ્રસૂરિ મહારાજે ષોડશક શાસ્ત્રમાં ત્રણ પ્રકારનાં જ્ઞાન ઉપદેશ્યા છે. શ્રુતજ્ઞાન, ચિંતાજ્ઞાન અને ભાવનાજ્ઞાન. પહેલું જ્ઞાન વાક્યાર્થમાત્ર વિષયક હોય છે. બીજું જ્ઞાન મહાવાક્યાર્થાવલમ્બી હોય છે કે જેમાં **અનેકાન્તવાદ**ના આધારે સૂક્ષ્મ યુક્તિઓથી વિચારવામાં આવે છે. ત્રીજું જ્ઞાન તાત્પર્યસ્પર્શી હોવા સાથે ઉપાદેયમાં વિધિપૂર્વક પ્રયત્ન કરાવનારું હોય છે. સમસ્ત જ્ઞેય વિષયોમાં સર્વજ્ઞ ભગવંતની આજ્ઞા જ એમાં મુખ્ય કારણરૂપે ભાસતી હોય છે.

આ ત્રણેય જ્ઞાનોનું ફલ દર્શાવતાં શાસ્ત્રકાર ભગવંત ષોડશક શાસ્ત્ર (૧૧-૧૦/૧૧)માં ફરમાવે છે કે પહેલા શ્રુતજ્ઞાનથી જીવોને **'આ મેં કહ્યું છે, એ જ પ્રમાણભૂત છે, અમારો મત જ સારો છે અને બીજાનો સારો નથી' આવો આગ્રહ એટલે કે ખોટો પક્ષપાત જન્મે છે.** ચિન્તામયજ્ઞાનથી એવો આગ્રહ નિવૃત્ત થઈ જાય છે. નયાદિગર્ભિત સિદ્ધાન્તોનો સાર જાણવામાં આવવાથી પોતાના કે બીજાના



મતમાં કહેલી યુક્તિયુક્ત પોતાનો સ્વીકાર થાય છે. ભાવનાજ્ઞાનથી 'ચારિ સંજીવની ચરક ન્યાય' અનુસાર સર્વજીવો પ્રત્યે અનંતકારી પ્રવૃત્તિ થાય છે.

**ધર્મબિન્દુ શાસ્ત્ર શું કહે છે ? :-**

**પ્ર.-** 'ચારિ સંજીવની ચરક ન્યાય' એટલે શું ?

**ઉ.-** ધર્મબિંદુ શાસ્ત્ર કહે છે,- 'ચારિ સંજીવની-ચરક-ન્યાય' એટલે કે જે પુરુષ કોઈક ઔષધિના ભક્ષણથી પુરુષમાંથી બળદ બન્યો છે અને ઘાસચારો ખોઈને દિન વ્યતીત કરે છે, પણ સંજીવની નામની ઔષધિ ચરતો નથી, તે પુરુષની પત્ની તેને સંજીવની ઔષધિવાળા ક્ષેત્રમાં લઈ જાય છે. ત્યાં અનેક જાતની ઔષધિ ઊગેલી છે. એમાંથી સંજીવની કઈ એની એને ખબર નથી. પણ બીજી બધી ચારિ ચરતાં ચરતાં પેલી સંજીવની પણ એના ચરવામાં આવી જવાથી તે બળદ મટીને પુરુષ બની ગયો.

આ રીતે ભાવનાજ્ઞાની મહાપુરુષો સમજે છે કે-ઉત્તમ પુરુષો સહજ રીતે મોક્ષની અભિલાષાથી ધર્મપ્રવૃત્તિ કરે છે, પરંતુ બાળ અને મધ્યમ જીવો એટલી કક્ષાએ નહિ પહોંચ્યા હોવાથી સાંસારિક વસ્તુના આશયથી પણ ધર્મનો આશરો લે છે, એવા જીવોને જો એમ કહીએ કે ''ધર્મ મોક્ષ માટે જ થાય, ને મોક્ષની અપેક્ષાના બદલે આલોકના પદાર્થની અપેક્ષાથી ધર્મ કરવામાં આવે તો એમાં ભાવ મલિન બને છે; અને મલિન ભાવથી ધર્મ કરાય તો દુર્ગતિ થાય અને ભવના ફેરા વધે'' તો આવા ઉપદેશથી એ બાળ-મધ્યમ જીવો સહેજે ભડકે અને દુર્ગતિથી ભડકીને ધર્મ છોડી દે એવું બને' 'ધર્મ કરીએ અને ભવના ફેરા વધે એના કરતા ધર્મ ન કરવો સારો. સાંસારિક વસ્તુની કોઈ જ ઈચ્છા મમતા નહિ હોય ત્યારે ભાવ ચોક્ખા થશે, અને ત્યારે ધર્મ કરીશું બાકી અત્યારે તો ધર્મ કરવામાં જોખમ છે.' એમ એના મનને થાય એ સંભવિત છે. આમ એ થોડો ઘણો ધર્મ કરતો હોય એ છોડી દે એમ બને. એનું પરિણામ એ આવે કે એ પાછો અર્થ-કામના પુરુષાર્થમાં ગળાબૂડ ડુબ્યો રહેવાનો !

આ ભયસ્થાનને લીધે એ ભાવનાજ્ઞાની મહાત્માઓ સમજે છે કે એવા બાળ-મધ્યમ જીવોને **ધર્મના ઉદ્દેશની શુદ્ધિ પર બિનજરૂરી વધુ પડતો ભાર મૂકવાને બદલે પ્રારંભમાં ધર્મની પ્રવૃત્તિ પર ભાર મૂકવો અત્યંત જરૂરી છે.** કેમકે જો એ ખાસ ધર્મ જ નહિ કરતા હોય તો એમને ઉદ્દેશની શુદ્ધિ ગોખાવાનો શો અર્થ રહેવાનો ? જીવનમાં સારી રીતે ધર્મ કરતા થાય, સર્વત્ર ધર્મને મુખ્ય બનાવે, તો હવે એને ઉદ્દેશની શુદ્ધિ કરવાની ભૂમિકા ગણાય જીવનમાં જો ધર્મને એવું સ્થાન

જ નથી તો એવાને ધર્મ કરતાં જો મોક્ષ સિવાયનું બીજો આશય રાખશો તો ભવમાં ભટકતા થઈ જશો' એવું કહેવાનો શો અર્થ રહે ?

આમ ભાવનાજ્ઞાની મહાત્માઓ સમજે છે કે 'જીવોને જીવનમાં એકવાર ધર્મને મુખ્ય કરવા દો, એમાં મોક્ષના આશયથી પણ ધર્મ કરે છે અને કદાચ સાંસારિક વસ્તુની સિદ્ધિ માટે પણ ધર્મ કરે છે. એમ જીવનમાં ધર્મને પ્રધાન-પ્રધાન કરતો રહેશે એટલે એ કર્મલઘુ યાને લઘુકર્મી બનીને મોક્ષના આશયને જ મુખ્ય કરનારો ઉત્તમ પુરુષ બનશે. એટલે જ,

**પંચાશક શાસ્ત્ર શું કહે છે ? :-**

ભાવનાજ્ઞાની મહાત્માઓ ધર્મના વ્યવહારોનું ખૂબ પાલન કરાવવા માટે ભાવ-પ્રધાન નહિ કિન્તુ વ્યવહાર-પ્રધાન દેશના આપે છે; અને વચમાં વચમાં શ્રોતાઓની યોગ્યતા પ્રમાણે ભાવ તરફ-નિશ્ચય તરફ ધ્યાન દોરતા હોય છે. આ દેશના સર્વજીવ-હિતકારી નિશ્ચય-પ્રાપક વ્યવહારનય-મુખ્યતાવાળી હોઈને જિનાજ્ઞા વિહિત દેશના છે, દા.ત. **પંચાશક શાસ્ત્રમાં** (૧૯/૨૭) વ્યાખ્યાકાર શ્રી અભયદેવસૂરિજી મહારાજ પણ જણાવે છે કે "મુગ્ધ લોકો (ઉત્તમ કક્ષાએ નહીં પહોંચેલા જીવો) રોહિણી આદિ દેવતાના ઉદ્દેશથી શરૂઆતમાં એ રીતે પ્રવૃત્ત થયેલા અભ્યાસાદિ દ્વારા કર્મક્ષયના ઉદ્દેશથી પણ પ્રવૃત્ત થાય છે, **'પણ શરૂઆતથી જ એ કાંઈ કર્મક્ષયના ઉદ્દેશથી પ્રવર્તી શકે તેમ હોતા નથી.''** આ હકીકત હોવાથી જો બાલાદિ તમામ જીવોને મોક્ષ માટે જ ધર્મ થાય એવો એક જ સરખો ઉપદેશ, એકાંત ગર્ભિત ઉપદેશ આપીએ તો એ પંચાશક શાસ્ત્રના કથન સાથે શું સંગત થાય ? કે શાસ્ત્રથી વિરુદ્ધ પડે ? એ વિચારવું જોઈએ.

આપણા સર્વ જીવોના હિતૈષી કોઈ પૂર્વાચાર્ય મહર્ષિએ એવા એકાન્તવાક્યોનું ઉચ્ચારણ કર્યું નથી. તેઓએ જેમ ઉત્તમ જીવોને મોક્ષ માટે ધર્મ કરવાનો ઉપદેશ કર્યો છે, તેમ બાલાદિ બધા જીવોની સભામાં ભાવીમાં તેઓ મોક્ષાર્થી બને એ હેતુથી આલોક પરલોક સુધરે એ માટે પણ ધર્મ કરવાનો સ્પષ્ટ દીવા જેવો ઉપદેશ આપ્યો જ છે. દા.ત.

**શ્રી 'સિરિવાલકહા' શાસ્ત્ર શું કહે છે ? :-**

(૨) શ્રીપાલ કથામાં જ્યારે ચારણમુનિ શ્રીપાલનો પરિચય મદનમંજુષાના પિતાને આપતા પહેલાં ધર્મોપદેશ આપે છે ત્યારે સૌ પ્રથમ જ કહે છે (શ્લો.૫૫૯)

**'भो भो महाणुभावा । सम्मं धम्मं करेह जिणकहियं ।**
**जइ वंछह कल्लाणं इहलोए तहय परलोए ॥'**

અર્થ :- હે મહાનુભાવો ! જો આલોક અને પરલોકમાં હિતને ઈચ્છતા હો,



તો જિનેશ્વરદેવનો કહેલો સાચો ધર્મ બરાબર કરો.

શું આ ચારણમુનિને ખબર નહીં હોય કે 'ધર્મ મોક્ષ માટે જ કરવાનો ઉપદેશ કરાય ? ઈહલોકાદિ માટે નહિ ?' જે રાજા (મદનમંજુષાના પિતા) 'દહેરાસરમાં દીકરીના વરની ચિંતા ના થાય' એવું જાણતો હતો તે શું સાવ બાળ હશે કે જેથી એની આગળ ચારણમુનિએ ઈહલોકના કલ્યાણની વાંછાથી પણ ધર્મ કરવાનો ઉપદેશ કર્યો ? તદુપરાંત

**ષોડશક દીક્ષા પ્રકરણ શું કહે છે ?**

(૩) બારમા ષોડશકમાં શ્રી હરિભદ્રસૂરિજી મહારાજ દીક્ષામાં નામાદિ સ્થાપના કરવાનું ખાસ વિધાન કરે છે. એના ઉપર પ્રશ્ન થાય કે દીક્ષા અવસરે નામાદિ સ્થાપનામાં મહાન આદર કરવાનું કેમ કીધું ? તેના ઉત્તરમાં શ્લો. ૯માં જણાવે છે કે-

**'कीर्त्यारोग्य-ध्रुवपदसम्प्राप्तेः सूचकानि नियमेन ।**
**नामादीन्याचार्या वदन्ति तत्तेषु यतितव्यम् ॥'**

અર્થ :- **નામ વગેરે કીર્તિ, આરોગ્ય. ધ્રુવ પદની પ્રાપ્તિના નિયમા સૂચક હોવાથી તેમાં પ્રયત્ન કરવો જોઈએ...**

**ઉપા૦ યશોવિજયજી મ. શું કહે છે ? :-**

અહીં વ્યાખ્યાકાર ઉપા૦ શ્રીમદ્ યશોવિજયજી મહારાજ સાફસાફ જણાવે છે કે "સાર્થક નામના કીર્તનમાત્રથી શબ્દાર્થ સ્પષ્ટ ભાસે છે, એનાથી વિદ્વાનો અને સામાન્ય લોકોને પ્રસન્નતા ઉપજે છે. તેનાથી એ દીક્ષા લેનારને અનેક લોકો દ્વારા ગુણગાન સ્વરૂપ કીર્તિ પ્રાપ્ત થાય છે. તથા ભાવગર્ભિત પ્રવૃત્તિદ્વારા રજોહરણ-મુહપત્તિ ધારણ કરવા સ્વરૂપ સ્થાપનાથી **આરોગ્ય** પ્રાપ્તિ થાય છે." આ રીતે કીર્તિ-આરોગ્યાદિ માટે નામાદિન્યાસનું વિધાન કરનારા શ્રી હરિભદ્રસૂરિ મહારાજ કે ઉપા૦ શ્રી યશોવિજયજી મહારાજને વિષાદિ અનુષ્ઠાનની ગતાગમ નહીં હોય ? અને દીક્ષા આપનાર કે લેનાર શું બાળ કે મુગ્ધ છે કે જેથી તેમને કીર્તિ-આરોગ્ય માટે નામાદિન્યાસ કરવાનું વિધાન કરવું પડે ? આનાથી તો એ ફલિત થાય છે કે 'ઈહલોકાદિની કામનાથી મુગ્ધલોકો જ ધર્મ કરે, પ્રબુદ્ધ નહી' આવો એકાન્ત આગ્રહ શાસ્ત્રજ્ઞ મહાપુરુષોએ રાખવો જોઈએ નહિ.

અલબત આ કહેવાનો એ આશય નથી કે "બાળજીવો આગળ પણ મોક્ષની વાત નહિ કહેવી." એવા જીવો આગળ પણ જીવનમાં ધર્મની જરૂરિયાત બતાવવા માટે પ્રારંભે આવું જ કાંઈ બતાવવાનું હોય છે કે સંસાર દુઃખરૂપ છે, દુઃખફલક છે, દુઃખાનુબંધી છે, જીવ મોક્ષ પામે ત્યારે જ આવા સંસારનો અંત આવે છે; અને



E:/Divya-Darshan(part-11).pmd/prf.5

એ મોક્ષ પામવા માટે એકમાત્ર તારણહાર ધર્મ જ સાધન છે. આવા ઉત્તમ આર્ય મનુષ્યભવમાં એ ધર્મ સુલભ બને છે, એની જો સાધના ન થાય તો ભવ એળે જાય છે. કેમકે ધર્મના પીઠબળ વિનાના જીવને આ ભવ પછી દીર્ઘ સંસાર-ભ્રમણ પાછું ચાલુ થઈ જાય છે...' આમ બાળજીવો આગળ પણ મોક્ષનો અંતિમ ઉદ્દેશ બતાવવામાં આવે છે; અને વાત પણ સાચી છે કે અંતે તો મોક્ષ પામ્યા વિના સુખાર્થી જીવનો કોઈ છુટકો નથી. આમ છતાં એ જીવો જીવનમાં ધર્મને વ્યાપક બનાવે એ માટે જ્ઞાનીઓ એ પણ કહે છે કે 'મોક્ષ ન મળે ત્યાં સુધી પણ તમારે જો સુખી રહેવું હોય તો ધર્મ વિના કોઈ આરો-વારો નથી; માટે જીવનમાં મુખ્યપણે ધર્મને આરાધવો'...

**ઉપમતિ શાસ્ત્ર શું કહે છે ? :-**

(૪) ઉપમતિ ભવપ્રપંચ કથાકાર શ્રી સિદ્ધર્ષિગણિ મહારાજ અર્થ-કામ અને ધર્મ પુરુષાર્થનું વર્ણન કર્યા પછી (જુઓ ભા. ૧ પૃષ્ઠ ૪૨) સ્પષ્ટ સ્પષ્ટ ફરમાવે છે કે

**'अर्थकामार्थिभिः पुरुषैः परमार्थतो धर्म एवोपादातुं युक्तः'**

**અર્થકામના અર્થી પુરુષોએ પરમાર્થથી ધર્મ જ કરવો યોગ્ય છે'** અર્થાત્ અર્થ-કામ ઈચ્છો છો ? તો એ માટે પણ ધર્મ જ કરો. અર્થ-કામ માટે થતા ધર્મને જો શ્રી સિદ્ધર્ષિગણિ મહારાજ સર્વથા 'ભૂંડો' માનતા હોત તો આવું લખત ખરા ? શું એ ભવભીરું ન હતા ? હજુ આગળ જોઈએ-

**પુષ્પમાલા શાસ્ત્ર શું કહે છે ? :-**

(૫) મલધારી શ્રી હેમચંદ્રસૂરિજી મ. પુષ્પમાલા ગ્રન્થમાં શ્લો. ૪૭૫માં સ્પષ્ટ જણાવે છે કે 'જો વિષયતૃપ્તિ આદિ સુખો તું ઈચ્છતો હોય તો પણ ધર્મમાં જ ઉદ્યમ કર.

**'वरविसयसुहं सोहग्ग-संपयं, पवररुव जसकित्तिं ।**
**जइ महसि जीव ! निच्चं, ता धम्मे आयरं कुणसु ॥'**

અર્થ :- **હે જીવ જો તને સુંદર વિષયસુખ, સૌભાગ્ય, સંપત્તિ સુંદરરૂપ તથા યશ-કીર્તિની ઈચ્છા હોય તો હંમેશા ધર્મમાં આદર કર !**

શું આવો ઉપદેશ કરનારા શ્રી હેમચંદ્રસૂરિજી મહારાજે આપોપદેશ કર્યો એમ કહેવાની દુષ્ટતા આપણે કરશું ? શું એમને મૂળભૂત જૈન સિદ્ધાન્તોની ગતાગમ નહીં હોય ? અભિનિવેશ છોડીને શ્રી જિનશાસનના શાસ્ત્રોનું અવગાહન કરનારને તો આવાં પુષ્કળ વિધાનો ઉપલબ્ધ થઈ શકે છે. તથા

**કલ્પસૂત્રટીકા શાસ્ત્ર શું કહે છે ? :-**



(૬) દરવર્ષે કલ્પસૂત્રના કરાતા શ્રવણમાં આપણને સાંભળવા મળે છે કે ઉપા૦ વિનયવિજયજી ગણિ મહારાજ ખરાબ સ્વપ્નના ફળથી બચવા માટે તેમજ સારા સ્વપ્નનું ફળ મેળવવા માટે જિનપૂજા વગેરેમાં પ્રયત્નશીલ બનવાનું સ્પષ્ટ લખે છે એ કોણ નથી જાણતું ? પ્રશ્ન થાય,

**પ્ર.-** આગમ શાસ્ત્રમાં ક્યાંય મોક્ષ સિવાયના આશયથી ધર્મ કરવાનું વિધાન છે ?

ઉ.- એ પણ ઉપલબ્ધ છે. દા.ત. જુઓ,

**ઉત્તરાધ્યયન-આગમ શું કહે છે ? :-**

(૭) ઉત્તરાધ્યયન સૂત્રના સાતમાં અધ્યયનમાં ૨૩માં શ્લોકમાં 'સાગરજળ જેટલા દેવતાઈ ભોગોની સામે માનવીય ભોગો ઘાસના અગ્રભાગે રહેલ જળબિંદુ જેટલા જ છે' એમ કહ્યા પછી કહ્યું.

**'कुसग्गमित्ता इमे कामा संनिरुद्धंमि आउए ।**
**कस्स हेउं पुराकाउं जोगक्खेमं न संविदे ॥२७॥'**

આ શ્લોકની વ્યાખ્યામાં પૂ. આચાર્ય વાદિવેતાલ શ્રી શાંતિસૂરિજી મહારાજે કહ્યું - "માનવીય ભોગો અત્યલ્પ કુશાગ્રજળબિંદુ જેટલા ને તે પણ 'સંનિરુદ્ધ એટલે કે અતિ ટૂંકા સોપક્રમ આયુષ્ય પૂરતા જ ભોગો મળ્યા છે, (પણ નહિ કે અસંખ્ય વર્ષના દિવ્યભોગો), તો પછી કયા કારણને લઈને માણસ યોગક્ષેમને અર્થાત્ ધર્મની પ્રાપ્તિ અને પ્રાપ્ત ધર્મના પાલનને ધ્યાન પર નહિ લેતો હોય ? ન લેવામાં કારણભૂત એની (ઇહલૌકિક) ભોગોની આસક્તિ જ છે ને ? પણ તે ભોગો તો ધર્મથી પ્રાપ્ય દિવ્ય ભોગોની અપેક્ષાએ આવા જળબિંદુ જેટલા છે, તેથી

**વાદિવેતાલ શાંતિસૂરિજી શું કહે છે ? :-**

**तत्त्यागतो विषयाभिलाषिणापि धर्मे एव यतितव्यम्-**

અર્થાત્ **અહીંના ભોગોનો ત્યાગ કરીને વિષયાભિલાષીએ** અર્થાત્ દેવતાઈ સુખના અર્થીએ પણ **ધર્મમાં જ યત્ન કરવો જોઈએ.** એ સૂત્રકારનો અભિપ્રાય છે."

જે લોકો એવી વાતો કરે છે કે 'આવું તો ક્યાંક ક્યાંક જ કહ્યું છે, બધે નહિ' એ વાત ગળે ઉતરે એવી નથી...

**શ્રાદ્ધવિધિ-ધર્મસંગ્રહ શાસ્ત્રો શું કહે છે ? :-**

(૮) શ્રાવકે શું કરવું જોઈએ, એ બાબત ઉપર વિશદ પ્રકાશ પાથરનારા શ્રી રત્નશેખરસૂરિજી મહારાજ શ્રાદ્ધવિધિગ્રંથમાં તથા ઉપા૦ માનવિજય મહારાજ ધર્મસંગ્રહ ગ્રન્થમાં શ્રાવકોને ખાસ ધર્મને પ્રધાન કરવાનો ઉપદેશ આપતાં ફરમાવે છે કે


E:/Divya-Darshan(part-11).pmd/prf.5

**''समुदिकक्रय-विक्रयादिप्रारम्भे चाडधिध्नेनाभिमतला भादिफार्यसिद्धयंर्थ पंचपरमेष्ठिस्मरण-श्रीगौतमादिनामग्रहण-कियत्तद्वस्तु श्रीदेवगुवांधुपयोगित्व-करणादि कर्तव्यं, धर्मप्राधान्येन सर्वत्र साफल्यभावात्''**

અર્થ :- ''જથ્થાબંધ (અથવા અનેકની ભાગીદારીમાં) ખરીદ-વેચાણનો પ્રારંભ કરતાં પૂર્વે નિર્વિઘ્નપણે ઈષ્ટલાભ આદિ કાર્યસિદ્ધિ માટે પંચપરમેષ્ઠિ ભગવંતોને યાદ કરવા, શ્રી ગૌતમસ્વામીજી આદિનું નામ લેવું, લાભમાંથી અમુક ભાગ દેવ-ગુરુના ઉપયોગમાં લેવા સંકલ્પ કરવો. **કારણ કે ધર્મને પ્રધાન કરીએ તો જ સફળતા મળે.''**

શું આવો ઉપદેશ કરનારા શ્રાદ્ધવિધિકાર તથા ધર્મસંગ્રહકારે પાપોપદેશ કર્યો ? શું તેઓ શાસ્ત્રોના મૂળભૂત સિદ્ધાન્તોથી અજાણ્યા હશે ?

**પ્ર.**- શાસ્ત્રોમાં તો ઘણું લખ્યું હોય પણ બધું શ્રાવકોને કહેવાનું હોય ?

ઉ.- શ્રાવકોને માટે જ ખાસ જે ગ્રન્થોની રચના થઈ હોય તેની વાત શ્રાવકોને નહીં કહેવાની, તો કોને કહેવાની ? શ્રાવકોને આવી વાતો ના કહેવાય એવું માનનારા જ્યારે ઉપરોક્ત શાસ્ત્ર શ્રાવકોને સંભળાવશે ત્યારે ઉપરના શાસ્ત્રપાઠોને ક્યાં મૂકી આવશે ?

**ઉપા૦ યશો૦ મહારાજ શું કહે છે ? :-**

'શ્રાવકે શું કરવું જોઈએ ?' એ વાત ઉપર પ્રકાશ પાડતી વખતે જે લોકો ઉપરોક્ત શાસ્ત્રપાઠ ઈરાદાપૂર્વક છુપાવી રાખે તેઓને શું પૂ. ઉપા૦ યશોવિજયજી મહારાજનું નિમ્નોક્ત વચન બરાબર લાગુ નહિ પડે ?

**''કેઈ નિજ દોષને ગોપવા, રોપવા કેઈ મત કંદ રે,**
**ધર્મની દેશના પાલટે સત્ય ભાખે નહીં મંદ રે.''**

તદુપરાંત, 'મુગ્ધ લોકો સિવાય બીજાઓને અર્થાદિ માટે ધર્મ કરવાનું કહેવાય જ નહીં' આવો એકાન્ત કદાગ્રહ ધારણ કરનારાઓ પણ ઉપરોક્ત શાસ્ત્રપાઠો સામે તો ચૂપ જ છે. શ્રાવકો માટે રચાયેલા આ શાસ્ત્રોની વાતો શ્રાવકો આગળ છુપાવીને ખરેખર એ શાસ્ત્રકારોની અને એ શાસ્ત્રોની અવગણના કરી રહ્યા હોય તેવું જણાય છે.

મહાન શાસ્ત્રકારોની ધરાર અવગણના કરીને જ્યારે એવો સ્વૈચ્છિક ઉપદેશ દેવાતો હોય કે 'મોક્ષ સિવાય બીજા કોઈ આશયથી ધર્મ કરાય જ નહીં, ધર્મ કરીને એના ફળરૂપે મોક્ષ સિવાય બીજું કશું ઇચ્છાય જ નહીં' ત્યારે આવો ઉપદેશ એ શાસ્ત્રવિરુદ્ધ સ્વકલ્પિત ઉપદેશ છે, એ બતાવવા પૂરતાં જ 'આ લોકના કાર્ય સિદ્ધ



કરવા માટે પણ ધર્મનું વિધાન કરતા જુદા જુદા શાસ્ત્રોના પાઠો' રજુ કરી બતાવવામાં આવે છે કે જ્ઞાની શાસ્ત્રકાર ભગવંતોએ ક્યાં ક્યાં મોક્ષ સિવાયના આ લોકના કાર્યો સિદ્ધ કરવા પણ ધર્મનો જ આશ્રય લેવાનું કહ્યું છે !!

આ કહેવાય ત્યારે જે લોકો એવો આક્ષેપ કરે છે કે 'તમે તો મોક્ષ માટે ધર્મનો ઉપદેશને બાજુ પર મૂકીને સંસાર માટે જ ધર્મ કરવાનું કહો છો.' આવો જુઠો આક્ષેપ કરવો એ નરી વક્રતા છે. આ લોકના કાર્ય માટે પણ ધર્મનો આશ્રય લેવાય ત્યાં ધર્મ કરવામાં આ લોકના કાર્યની સિદ્ધિ કરવાનો આશય હોય, એવા થોકબંધ શાસ્ત્રોપાઠો રજુ કરવાનો હેતુ 'મોક્ષ સિવાયના બીજા કોઈ આશયથી ધર્મ થાય જ નહીં' એવા એકાન્તગર્ભિત ઉપદેશને શાસ્ત્રવિરુદ્ધ ઠરાવવાનો છે, પણ નહીં કે સંસાર માટે જ ધર્મ કરવાનું વિધાન ગોખાવવાનો ! મોક્ષ માટે તો ધર્મ કરવાનો જ છે, પરંતુ મોક્ષ સિદ્ધ ન થાય ત્યાં સુધી સંસારમાં પણ ધર્મને વ્યાપક બનાવવાનો છે. આમ સંસાર માટે જ ધર્મનું વિધાન કરવાનો હેતુ જ નથી, પછી એવો આક્ષેપ આંખો મીંચીને અણસમજ વિના કોણ કરે ? કેમકે જગત જાણે છે કે મોક્ષ માટે ધર્મનો ઉપદેશ અમે કરીએ જ છીએ, આ તો 'ભગવાન કે ધર્મ પાસે મોક્ષ સિવાય બીજું કશું મંગાય જ નહિ, ઇચ્છાય જ નહીં.' એવો જૈનશાસ્ત્રોથી વિરુદ્ધ એકાન્તગર્ભિત ઉપદેશ ડિંડિમ વગાડી વગાડીને દેવાતો દેખાયો ત્યારે એની શાસ્ત્રવિરુદ્ધતા બતાવવા માટે શાસ્ત્રપાઠો અને એના પર શાસ્ત્રાનુસારી વિચારણા રજુ કરવામાં આવે છે. બાકી 'મોક્ષના અંતિમ ઈષ્ટ માટે પણ ધર્મ જ શ્રેયસ્કર છે, ધર્મ કરીને આખરે તો આજ ઇચ્છવા જેવું છે કે આપણા જનમ મરણની પરંપરાનો અંત આવે'... એવું તો આજ સુધી અમારા દ્વારા અનેકવાર કહેવાયું જ છે. કેમકે જીવને વારંવાર જનમ-મરણ જેવું બીજું દુઃખ નથી, બીજી વિટંબણા નથી, નાલેશી નથી,...આ ઉત્તમ આર્ય માનવભવ આ જનમ-મરણની નાલેશી હટાવવા માટે છે. **મનુષ્ય જિંદગીનું જનમ-મરણના કાયમી અંત લાવવા જેવું કોઈ ઊંચું પ્રયોજન નથી.** આ જિંદગી જો આ પ્રયોજન માટે જીવાઈ જાય તો ખરેખર જિંદગી સફળ થઈ ગઈ. કારણ એક જ, સંસારના સમસ્ત દુઃખો આ જન્મ-મરણના દુઃખની પાછળ જ સિદ્ધ થયેલા છે. ત્યારે આ જનમ-મરણાદિના દુઃખ નિવારવા અને જ્યાં કદી પણ જનમ-મરણ નથી એવું મોક્ષનું શાશ્વત સ્થાન પમાડવા માટે એકમાત્ર ધર્મ જ સમર્થ છે. તેથી જન્મ-મરણનો અંત લાવી મોક્ષ પામવા માટે આ ઉત્તમ ભવમાં ધર્મ જ કરવો જોઈએ. મોક્ષ ન થાય ત્યાં સુધી ધર્મ ભલે સ્વર્ગાદિનાં સુખ દેખાડે. પરંતુ હંમેશા માટે આપણી કામના ધર્મ કરીને મુખ્યપણે જન્મ-મરણના અંત અને મોક્ષ માટેની રાખવાની; કેમકે સ્વર્ગાદિ સંસારસુખમાં અટવાઈ જવામાં તો મોક્ષ



E:/Divya-Darshan(part-11).pmd/prf.5

દૂર થઈ જાય છે. આમ ધર્મથી મુખ્યપણે મોક્ષ, મેળવવાનો છે,' એવો તો અમારો કાયમનો ઉપદેશ રહે છે જ.

પરંતુ જ્યાંસુધી મોક્ષ ન મળે ત્યાંસુધી જીવનમાં ઠેર ઠેર ધર્મને કેટલું સ્થાન આપવું, એ વિચારીએ ત્યારે અનેકાનેક પૂર્વાચાર્ય ભગવંતો ઉપદેશ કહી રહ્યા છે કે તમારે જીવનમાં સર્વત્ર ધર્મને પ્રધાન-મુખ્ય બનાવવો. તમે કોઈ વિશેષ વેપારાદિ કાર્ય કરવા જાઓ છો, ત્યારે ધર્મનું મંગળ કરીને જજો, કેમકે તમે ઇચ્છો તો છો જ કે 'મારું આ સાંસારિક કાર્ય અનીતિ આદિ આચર્યા વિના સિદ્ધ થઈ જાય,' તો સમજી રાખો કે એ કામ ધર્મથી જ થશે, કેમકે

**ઉત્તરાધ્યયન અને શ્રાદ્ધવિધિ શું કહે છે ?**

**''धर्म प्राधान्येन सर्वत्र साफल्यम्''**-('શ્રાદ્ધવિધિ')

અર્થાત્ ધર્મને મુખ્ય કરવાથી સફળતા મળે. એટલે જ કહ્યું કે

**''अर्थ कामाभिलाषिणापि धर्म एव यतितत्वम्''**-('ઉત્તરાધ્યયન' ટીકા)

અર્થ-કામના અભિલાષીએ પણ ધર્મમાં જ પ્રયત્ન કરવા જેવો છે.

આમ 'અર્થ-કામના અભિલાપીએ પણ,' એમાં 'પણ' કહેવાથી એ સ્પષ્ટ જ છે કે ''મોક્ષના અભિલાષીએ તો ધર્મ કરવાનો જ છે, કિન્તુ અર્થકામાભિલાષીને માટે પણ શાસ્ત્રકાર ધર્મ કરવાનું વિધાન કરે છે. અર્થ-કામ માટે પણ ધર્મ જ કરો, પાપ નહિ. અર્થકામનો આશય હોય તો ય ધર્મ જ કર્તવ્ય છે.'' આવા શાસ્ત્રાનુસારી ઉપદેશ કરવામાં જે એમ ખોટી તારવણી કરે કે 'તમે તો સંસારસુખ માટે જ ધર્મ કરવાનું કહો છો' એ શાસ્ત્રાનુસારી ઉપદેશક પર જાણી બુઝીને ખોટો આરોપ મૂકવાનું કાર્ય છે.

બાકી અમે તો કહીએ જ છીએ કે 'આ ઉત્તમ માનવજનમ આત્માને સંસારના બંધનોથી મુક્ત કરી મોક્ષ પામવા માટે જ છે, અને સંસારના બંધનો નષ્ટ કરવાનું તથા મોક્ષ પ્રાપ્ત કરવાનું ધર્મપુરુષાર્થથી જ બની શકે. તેથી એ અનંત કલ્યાણની સ્થિતિ ઊભી કરવા બને તેટલું ધર્મસાધનામાં લાગ્યા રહો, છતાં એટલું જોજો કે ધર્મ તો માત્ર મોક્ષ માટે જ કરવાનો એમ કરી સાંસારિક જીવનની ગડમથલમાંથી ધર્મને બાદ ન રાખતા. તેમજ બીજા અભિનવ શ્રદ્ધાવાળાને ભડકાવતા નહીં વળી જો ભગવાન અને ધર્મના અચિંત્ય પ્રભાવ પર શ્રદ્ધા કેળવવી હોય તો હાડોહાડ માનજો કે જેમ મોક્ષનું પ્રયોજન ધર્મથી જ સિદ્ધ થાય છે તેમ આ લોકનાં કાર્ય પણ ધર્મથી જ સિદ્ધ થાય છે, તેથી આ લોકનાં કાર્ય સિદ્ધ કરવા જાઓ ત્યાં પણ ધર્મને જ આગળ કરજો, ધર્મને જ મુખ્ય કરજો. જો જિનેશ્વર ભગવાનના ધર્મને આગળ નહિ કરો, અને મહત્ત્વ નહિ આપો, ને ઈષ્ટ સાધવા જુઠ-અનીતિ પ્રપંચ વિશ્વાસઘાત



વગેરે મહાપાપોમાં પડશો, યા મિથ્યા દેવદેવીનો આશ્રય લેશો; તો ભયંકર કર્મ-બંધનો અને દુર્ગતિ ઊભી થશે.

**આમ મોક્ષ માટે ધર્મ કરવાનો અમારો પહેલો ઉપદેશ હોવાની સાથોસાથ ધર્મને જીવનવ્યાપી બનાવવાનો ને ધર્મને જીવનમાં મુખ્ય સ્થાન આપવાનો અમારો ઉપદેશ છે.**

કેમકે જીવનમાં ધર્મની પ્રધાનતા એ જ સફળતા છે, અને જ્યાં ને ત્યાં ધર્મનો આશરો લેવાથી ધર્મસાધના કરતા રહેવાથી જ ધર્મ પર પ્રેમ વધે છે. ધર્મ ખાતર કે મોક્ષ ખાતર કશું કરવું નથી ને 'અમે તો મોક્ષનો જ આશય રાખનારા છીએ,' એમ પોપટપાઠની જેમ રટ્યા કરવું છે તો એ નર્યો દંભ થાય.

**અધ્યાત્મસાર શાસ્ત્ર શું કહે છે ? :-**

નર્યા દંભનું પ્રદર્શન થતું હોય ત્યારે કોઈ પણ શાસનપ્રેમીના હૈયાને ઊંડો આઘાત લાગે. પૂ. ઉપા. યશોવિજય મહારાજ 'અધ્યાત્મસાર'માં કહે છે,-

**दम्भेन व्रतमास्थाय यो वांछति परं पदम् ।**
**लोहनावं समारुह्य, सोऽब्धेः पारं यियासति ॥**

'દંભ વડે વ્રત રાખીને જેઓ પરમપદ-મોક્ષને વાંછે છે તે લોઢાની નાવમાં બેસીને સમુદ્ર પાર કરવાને ઈચ્છે છે.'

શું આ મોક્ષની મશ્કરી છે ? ના, મોક્ષની મશ્કરી કરાવનારાઓ સામે લાલબત્તી છે.

પેલો પોપટ...પિંજરામાં બેસીને રાત-દિવસ મુક્તિ-મુક્તિનો પોકાર કરતો હતો, ઘરમાં આવેલા અતિથિને દયા આવી ગઈ, સવારે શંકા ટાળવા બહાર ગયા ત્યારે પોપટને મુક્તિ અપાવવા માટે છાનામાના પિંજરાનું દ્વાર ખોલીને ગયા પછીથી ઘરમાં પાછા આવી સવારે નાસ્તો પતાવીને જ્યારે વિદાય લેતા બહાર નિકળ્યા ને જોયું ત્યારે પેલો પોપટ ત્યાં જ બેઠેલો. અતિથિના હૈયાને ઊંડુ દુઃખ થયું કે અહો ! મુક્તિ-મુક્તિનો પોકાર કરનારની આ દશા ?

જ્યારે આ રીતે એકાન્ત આગ્રહના પિંજરામાં બેઠેલા નનામી પત્રિકા લખનારા સૂત્રધારોની સામે અનેકાનેક શાસ્ત્રપાઠો દર્શાવવા છતાં પણ એ પિંજરું છોડવા તૈયાર થતા નથી ત્યારે તેઓ પોતે જ વાસ્તવમાં મોક્ષની મશ્કરી કરાવી રહ્યા હોય છે. જે તમામ શાસનપ્રેમી હૈયાઓને ઊંડો આઘાત જન્માવી જાય છે.

શાસ્ત્રકારોએ વિવિધ કારણથી કરાતા ધર્મના અમાપ ફળ કહી ધર્મ ખૂબ કર્યે જવાનું કહ્યું છે એ આ જ માટે કે ધર્મ ખૂબ સાધતા રહેવાથી ધર્મપ્રેમ ધર્મશ્રદ્ધા જાગે, ને વધતી રહે. સાંસારિક ફળ માટે પણ અમલ ધર્મ યાને જિનેશ્વર ભગવાનના

ભાખેલા સેવા-પૂજા આદિ ઉત્તરોત્તરધર્મ કરવાથી પણ અમાપ લાભ થાય છે તે માત્ર પરંપરાએ જ નહિ કિન્તુ નિકટમાં મુક્તિગામી, સાંસારિક ચીજ-વસ્તુ ખાતર પ્રાપ્ત કરવા માટે પણ ભગવાનનો જ આશરો લેનારા જીવોને પણ સાક્ષાત્ લાભ થવાના દૃષ્ટાંતો અપાયા છે. દા.ત.

**યોગશાસ્ત્ર શું કહે છે ? :-**

(૯) શ્રી ઋષભદેવ ભગવાને સંબંધીઓને સંપત્તિ વહેંચીને દીક્ષી લીધી તે વખતે નમિ-વિનમિ પરદેશ ગયા હતા તથી એમને કાંઈ મળેલું નહિ. પણ પાછા ફર્યા ત્યારે ભરતે તેઓને રાજ્યનો ભાગ આપવા માંડ્યો પણ તેઓએ લીધો નહિ, અને ને એ આવ્યા ભગવાન પાસે. કાઉસ્સગ્ગ ધ્યાનમાં રહેલા ભગવાનને પ્રણામ કરીને વિનંતી કરે છે કે 'હમારા સ્વામી આપ જ છો, અમને રાજ આપો' ભગવાનનો નિર્મમ હોવાથી કાંઈ જ બોલતા નથી; તો ભગવાનની સાથે જ રહીને રોજ ભગવાનની સેવાપૂજા કરે છે. એક વખત ત્યાં વંદન કરવા આવેલા ધરણેન્દ્ર એમને કહે છે 'ભગવાન તો નિષ્પરિગ્રહી છે, એ શું આપશે ? માટે તમે ભરત પાસે જઈને રાજ્ય માંગો, ત્યારે નમિ-વિનમિએ જે જવાબ આપ્યો તે ભગવાન પાસે મોક્ષ સિવાય કશું મંગાય જ નહિ એવું માનનાર અને ઉપદેશનારાની આંખ ખોલી નાંખે એવો છે. તેઓ કહે છે કે

"આ વિશ્વના સ્વામી, મળ્યા પછી અમે બીજા સ્વામી કરીએ નહિ. કલ્પવૃક્ષ મળ્યા પછી બાવળને કોણ સેવે ? અમે તો પરમેશ્વરને છોડીને બીજા પાસે નહીં જ માગવાના. શું ચાતકપક્ષી મેઘને છોડીને બીજા પાસે યાચના કરે ?"

આ જવાબ શબ્દેશબ્દ વાંચવો હોય, તો કલિકાલ સર્વજ્ઞ શ્રી હેમચન્દ્રસૂરીશ્વરજી મહારાજના યોગશાસ્ત્ર પહેલો પ્રકાશ દસમા શ્લોકની ટીકામાં શ્લોક-૧૪૭ થી બરાબર વાંચો. વળી એ નમિ-વિનમિ ધરણેન્દ્રને કહે છે કે,

"ભરતાદિનું કલ્યાણ થાઓ. તમારે અમારી ચિંતાનું શું કામ છે ? આ ભગવાન પાસેથી અમને જ મળવાનું હોય એ મળો. બીજાઓનું અમારે કામ નથી."

કેવો સરસ ઉત્તર ! જો નમિ-વિનમિમાં આટલી સૂઝ હોય, તો એમનો જવાબ વાંચ્યા પછી પ્રબુદ્ધ શ્રાવકો શું એટલું ન સમજે કે 'દા.ત. કદાચ મારે દેવું કરવું પડે એવી સ્થિતિ આવી હોય તો બીજા પાસે શું કરવા માગવા જવું ?' મારા ભગવાન પાસે જ ન માગું ?' શું નમિ-વિનમિને આવી માગણીથી નુકશાન થયું ? શું એમના ભવના ફેરા વધ્યા ? અરે ! એ તો એ જ ભવમાં દીક્ષા લઈ બે ક્રોડ મુનિઓ સાથે શ્રી સિદ્ધગિરિ પર અનશન કરી મોક્ષમાં ગયા ! ભગવાનને



વિશ્વના સ્વામી, કલ્પવૃક્ષ, ને બીજા બધા કરતાં શ્રેષ્ઠ, એવું સમજનારા અને ભગવાનની પાસે રાજ્ય માંગનારા તદ્ભવ મુક્તિગામી નમિ-વિનમિ શું સાવ મુગ્ધ હશે ? ભગવાન પાસે જ માગવાનો નિર્ધારિવાળા શ્રાવકોને આડકતરી રીતે 'માગણીઓ' કે 'ભિખારી' શબ્દથી નવાજવા એ શ્રાવકોની આશાતના કરવા જેવું છે.

સાધુને શ્રાવક-શ્રાવિકાની પણ આશાતના કરવાની મનાઈ છે, સાધુ રોજ બેવાર પ્રતિક્રમણમાં શ્રમણસૂત્રમાં 'સાવયાણં આસાયણાએ' 'સાવિયાણં આસાયણાએ' બોલીને શ્રાવકની ને શ્રાવિકાની આશાતના કરી હોય એનો મિચ્છામિ દુક્કડં દે છે, વળી આપણે કોઈ મુગ્ધ જીવને સમજાવીએ કે 'જો, મોક્ષ માટે જ ધર્મ કરાય' તો શું એટલા માત્રથી 'પેલાએ સમજી જ જવું જોઈએ ? અને સંસારની આકાંક્ષા છોડી જ દેવી જોઈએ ? ને ન છોડે તો તે અયોગ્ય જ હોય ?' એવો કદાગ્રહ કોઈ પણ શાસ્ત્રકારોએ રાખ્યો નથી. બધા જ મુગ્ધ જીવો કાંઈ એક સરખા થોડા જ હોય ? કોઈ તાત્કાલિક સમજે પણ ખરો, તો કોઈ ન પણ સમજે, અર્થાત્ કષ્ટસાધ્ય હોય. એટલા માત્રથી 'એ મુગ્ધ નથી,' એમ કેમ માની લેવાય ?

**ઉપમિતિ પહેલો પ્રસ્તાવ શું કહે છે ? :-**

ઉપદેશકનું પણ ભાગ્ય એમાં કામ કરે કે નહીં ? ભગવાન શ્રી મહાવીરને જોવા માત્રથી ભડકીને ભાગી જનારો ખેડુત ગૌતમસ્વામીથી પ્રતિબોધ પામેલો એ આપણે ભૂલી ગયા ? ઉપમિતિનો પ્રથમ પ્રસ્તાવ જેણે ધ્યાનપૂર્વક વાંચ્યો હોય એને એવો વિભ્રમ કેમ થતો હશે ? થયો હોય તો ઉપદેશકોએ ફરીથી એ પહેલો પ્રસ્તાવ વાંચી જવો જોઈએ.

**પંચાશક શાસ્ત્ર તપ અંગે શું કહે છે ? :-**

(૧૦) આચાર્ય શ્રી હરિભદ્રસૂરીશ્વરજી મહારાજ પંચાશક શાસ્ત્રમાં શ્લોક-૨૭માં તથા તેના વ્યાખ્યાકાર નવાંગી ટીકાકાર શ્રી અભયદેવસૂરિજી મહારાજ તે શ્લોકની વ્યાખ્યામાં સ્પષ્ટ રીતે જણાવે છે કે "સાંસારિક ઉપદ્રવ ટાળવા આદિના આશયથી રોહિણી-અમ્બા વિગેરે સાધર્મિક દેવતાના ઉદ્દેશથી કુશલાનુષ્ઠાનરૂપ તપમાં પ્રવૃત્તિ કરીને અનેક મહાનુભાવો કેવલિભાષિત ચારિત્ર ધર્મનો લાભ પામી ગયા" જો સાધર્મિક દેવતાને ઉદ્દેશીને સાંસારિક આશયથી થતા તપ આદિ કુશલાનુષ્ઠાનરૂપ ધર્માચરણ (જેમાં શ્રી વાસુપૂજ્ય ભગવાનની પૂજા કરવાનું વિધાન છે તેના) વડે ચારિત્રધર્મનો લાભ અનેકને થયો હોય તો **દેવાધિદેવને ઉદ્દેશીને સાંસારિક ઈષ્ટસિદ્ધ માટે કરાયેલા તપ વગેરેથી નુકશાન થવાનું, ભવભીરું ઉપદેશક કઈ રીતે બોલી પણ શકે ?** જો એ બોલે તો ભગવાનના શાસનનો પરમ દ્રોહ થાય કે નહીં ? તે



E:/Divya-Darshan(part-11).pmd/prf.5

વિચારવું જોઈએ.

શ્રાવક પરંપરાએ પણ મુક્તિમાં જાય એવા પવિત્ર આશયવાળા ધર્મોપદેશક 'સાંસારિક લાભ માટે પણ શ્રાવક ધર્મ જ કરે.' એવો ઉપદેશ કરે ત્યારે જે લોકો એમના પર એવો અસત્ આરોપ ચડાવી રહ્યા છે કે "આ તો સંસાર માટે ધર્મ કરવાનો કહે છે માટે મિથ્યાત્વના ઉદયથી પીડાઈ રહ્યા છે' ઇત્યાદિ એવો અસત્ આરોપ કરનારા લોકો 'સીતા રાવણને ત્યાં રહી આવ્યા એનો અર્થ જ એ કે સીતા અસતી છે' એવો આરોપ ચડાવનાર મૂઢ લોકો જેવા કેમ નહીં ? ખરેખર તો એ ભીંત ભૂલી રહ્યા હોય અને ઉપર ઉલ્લેખેલા શાસ્ત્રકાર ભગવંતોનું ઘોર અપમાન કરી રહ્યા હોય એમ લાગે છે.

**પ્ર.**- શાસ્ત્રકાર ભગવંતોએ કીધું છે કે ભાવ વગર કરેલા ધર્મથી કલ્યાણ ના થાય. તો હવે મોક્ષના આશય વિનાનો ધર્મ ભાવવાળો કેવી રીતે કહેવાય ?

**ઉ.**- પ્રગટ મોક્ષનો આશય હોય તો જ તે ધર્મ ભાવવાળો બને આવું એકાન્તે માનવું ભૂલ ભરેલું છે.

**'કૂપ દૃષ્ટાન્ત૦' શાસ્ત્ર શું કહે છે ? :-**

પૂ. ઉપાધ્યાયજી મહારાજ 'કૂપ દૃષ્ટાન્ત-વિશદીકરણ' નામના ગ્રન્થમાં લખે છે કે 'न च सर्वाऽपि जिनपूजाऽप्राधान्येनैवं द्रव्यरूपा, अपूर्वत्वप्रति-संधान-विस्मय-भवभयादिवृद्धि-भावाऽभावाभ्यां द्रव्य-भावेतरविशेषस्य तत्र तत्र प्रतिपादनात् ।' તાત્પર્ય, ધર્મક્રિયા કરતી વખતે ઉલ્લાસ, રોમાંચ, વિસ્મય, અપૂર્વતાનું અનુસંધાન, આદર-બહુમાન, ભવભયાદિવૃદ્ધિ વગેરે...આ દરેક ભાવાન્તર્ગત જ છે.

**પ્ર.**- મોક્ષના પ્રગટ આશય વિના આ બધું હોય ?

**ઉ.**- જરૂર હોઈ શકે છે. દા.ત.

**પ્રબન્ધ સંગ્રહ શાસ્ત્ર શું કહે છે ? :-**

**(૧૧)** શ્રી કૃષ્ણ મહારાજે જાહેર કર્યું કે આવતી કાલે પ્રભાતે સૌથી પહેલાં શ્રી નેમિનાથ ભગવાનને વંદન કરે તેને હું મારો પટ્ટઅશ્વ ઇનામ આપીશ આ સાંભળીને પટ્ટાશ્વ મેળવવા માટે (૧) **પાલક** વહેલી સવારે ઊઠીને શ્રી નેમનાથ ભગવાનને વંદન કરવા દોડ્યો, જ્યારે (૨) **શામ્બ** સવારે ઊઠીને ત્યાં જ રહી ભગવાનની દિશામાં સાત આઠ ડગલાં આગળ જઈ ભક્તિભાવથી વંદના કરે છે. શ્રી કૃષ્ણ ભગવાન નેમનાથને 'પહેલી વંદના કોણે કરી ?' એવો પ્રશ્ન પૂછે છે, ત્યારે ખુદ નેમનાથ ભગવાન કહે છે કે 'દ્રવ્યથી પાલકે કરી, અને ભાવથી શામ્બે પહેલી વંદના કરી.' મોક્ષના પ્રગટ આશય વિના ભાવ હોય જ નહીં એવું માનનારા



અહીં શું કહેશે ? પટ્ટઅશ્વ મળવાની આશાથી શામ્બે જે સવારે વંદના કરી, એ ભાવવંદના ન હતી એમ કોણ કહેવાની હિંમત કરશે ? તથા એણે કરેલી ભાવવંદના પટ્ટઅશ્વ માટે ન જ હતી તેવું કયા આધારે કહી શકાશે ?

**પાંડવચરિત્રાદિ શાસ્ત્ર શું કહે છે ? :-**

**(૧૨)** ક્ષાયિક સમકિતી શ્રી કૃષ્ણવાસુદેવે અને ખુદ શ્રી નેમનાથ ભગવાને મૌન રહેવાને બદલે દ્વૈપાયનના ભાવી ઉપદ્રવથી બચવા માટે દ્વારિકાના લોકોને જિનપૂજા આયંબિલ વગેરે ધર્મ કરવાનું ઉપદેશ્યું, (જુઓ 'પાંડવચરિત્ર') અને દ્વારિકાના લોકોએ ૧૧ વરસ સુધી એ પ્રમાણે કર્યું, તો શું ભગવાનને વિષક્રિયાના લેબલો માર્યા કરે છે તેઓને શું ભગવાન નેમનાથ કરતાં વધારે ડાહ્યા સમજવા ?

**પ્ર.**- શું તમે એમ કહેવા માંગો છો કે "મરજીમાં આવે તેમ મંદિર-ઉપાશ્રયમાં ધર્મ કરો તો પણ કલ્યાણ થાય." ?

**ઉ.**- મરજીમાં આવે ને ફાવે તેમ તોફાનો કરવા-કરાવવા માટે ઢંગધડા વગરનો ધર્મ કરવાથી-કરાવવાથી કે ફાવે તેમ બોલવાથી ધર્મ થાય એવું કોઈ ભવભીરું ઉપદેશક કહે ખરા ? ભવભીરું ઉપદેશકો તો એમ કહે છે કે કોઈપણ રીતે કરેલો ધર્મ નિષ્ફળ જતો નથી એનાથી મહાલાભ થાય જ છે. જુઓ,-

**'ઉપદેશ તરંગિણી શાસ્ત્ર શું કહે છે ? :-**

(૧૩) ઉપદેશ તરંગિણી ગ્રન્થમાં શ્રી રત્નમંદિરગણી મહારાજ કહે છે કે (પૃ. ૨૬૭) "દરેક રીતે કરેલો ધર્મ મહાલાભ માટે થાય છે" **'किं बहुना ! धर्मः सर्व प्रकारैः कृतो महालाभाय भवति'** તથા એ જ મહાપુરુષ પૃ. ૨૧૯ ઉપર કહે છે **'કિં બહુના ! યેન કેન પ્રકારેણ પૂજા કૃતા ન નિષ્ફલા'**- શું ઘણું કહેવું ? કોઈ પણ પ્રકારે કરેલી શ્રી જિનપૂજા નિષ્ફળ હોતી નથી. એટલે જ તેઓશ્રી પૃષ્ઠ ૨૬૪ ઉપર કહે છે

**लज्जातो भयतो वितर्कवशतो मात्सर्यतः स्नेहतो**
**लोभादेव हठाभिमान-विनय-श्रृंगार-कीर्त्यादितः ।**
**दुःखात् कौतुक-विस्मय-व्यवहृतेर्भावत् कुलाचारतः**
**वैराग्याच्च भजन्ति धर्ममसमं तेषाममेयं फलम् ॥**

અર્થ :- "લજ્જાથી, ભયથી, વિતર્કવશ, મત્સરથી, સ્નેહથી, લોભથી, હઠથી, અભિમાનથી, વિનયથી, શૃંગાર કે કીર્તિ માટે, દુઃખથી, કુતુહલથી, વિસ્મયથી, વ્યવહારથી, ભાવથી, કુલાચારથી કે વૈરાગ્યથી અસમ (= અજોડ) એવા શ્રી જૈનધર્મને જેઓ ભજે છે તેઓને અમાપ ફળ પ્રાપ્ત થાય છે.' આ શાસ્ત્રકારે પછી



E:/Divya-Darshan(part-11).pmd/prf.5

આ શ્લોકના પ્રત્યેક પદની વ્યાખ્યા અને અમાપ ફળ પામેલાનાં દૃષ્ટાન્તો મૂક્યા છે.

જે લોકો ઉપદેશ તરંગિણીકારના આ નિરૂપણ સામે 'આજે તો ગમે તે રીતે ધર્મ કરો તો પણ અમાપ ફળ મળે' આવું કહેનારા ઉપદેશકો પાક્યા છે...' વગેરે વગેરે જેમ ફાવે તેમ અસભ્ય ભાષામાં બોલ્યા કરે છે **તેઓ આ શાસ્ત્રકારોની કેવી ઘોર અવજ્ઞા કરી રહ્યા હશે એ તો જ્ઞાની જાણે.**

**ભરતેશ્વરવૃત્તિ શાસ્ત્રનો પ્રાચીન શ્લોક શું કહે છે ?**

**(૧૪)** શ્રી રત્નમંદિરગણિ પછી થયેલા શ્રી શુભશીલગણિ મહારાજ પણ ભરત બાહુબલી વૃત્તિ ગ્રન્થમાં નિર્ભયપણે એ જ શ્લોક ટાંકી ઉપરોક્ત હકીકતનું પુનરુચ્ચારણ કરે છે. તથા.

**'સવાસો ગાથાનું સ્તવન શું કહે છે ? :-**

**(૧૫)** મહોપાધ્યાય શ્રી યશોવિજય મહારાજ પણ સવાસો ગાથાના સીમંધર સ્વામીના સ્તવનમાં સાતમી ઢાળમાં શ્રી મહાનિશીથ સૂત્રના ઉલ્લેખ સાથે લજ્જાદિથી કરાતા ધર્મનું સમર્થન કરતા અંગુલિનિર્દેશ-

**"તે કારણ લજ્જાદિકથી પણ શીલ ધરે જે પ્રાણી જી;**
**ધન્ય તેહ કૃતપુણ્ય કૃતારથ, મહાનિશીથે વાણી જી"**

આ શબ્દોમાં જ્યારે કરી રહ્યા હોય ત્યારે **એ બધા મહાપુરુષોની સામે બાંધેભારે યદ્વા તદ્વા લખનારા કે બોલનારા અને પોતાના જ વચનને જ જિનની વાણી કે મહાવીરનું શાસન હોવાનો દાવો રાખનારાઓને ખચકાટ થતો હશે કે નહીં એ પ્રશ્ન છે.** કદાચ કોઈ ઊંડે ઊંડે શુભ આશયથી એવું બોલતા-લખતા હોય તો સૌ પ્રથમ તો તેઓએ **ધર્મબિંદુ' શાસ્ત્રમાં કહેલી** દેશના વિધિનો અભ્યાસ કરવાની જરૂર છે.

**'ઉપદેશ રહસ્ય' શાસ્ત્ર શું કહે છે ? :-**

**(૧૬)** પૂ. ઉપા૦ યશોવિજય મહારાજ 'ઉપદેશ રહસ્ય' શાસ્ત્રમાં શ્લો. ૯૮ની ટીકામાં સૂત્રકૃતાંગ સૂત્રની સાક્ષી લઈ કહે છે કે વ્યાખ્યાન કરનારો સાધુ અતિશય જ્ઞાની ન હોવાથી કોઈ અર્થના નિર્ણયમાં પોતાને શંકા ન હોય તો પણ સાશંકપણે બોલે અને 'હું જ આ વાત બરાબર જાણું છું બીજું કોઈ નહીં' **આવા અભિમાનનું પ્રદર્શન ન કરે.** અસ્ખલિત સ્યાદ્વાદ ગર્ભિત પ્રરૂપણા કરે' પૂ. ઉપાધ્યાયજી મ.ના વચનોને સમજેલા મહાપુરુષો એટલે જ તો પોતાના વ્યાખ્યાનાદિ પૂરા થયા પછી 'કદાચ મારાથી અનાભોગાદિથી કાંઈ શાસ્ત્ર વિરુદ્ધ બોલાઈ ગયું હશે તો' એવી શંકા રાખીને અવશ્યમેવ મિચ્છામિ દુક્કડમ્ દેતા હોય છે. **જે લોકો**



**પોતાનું બોલેલું તે જિનની વાણી જ છે એવું અભિમાન રાખતા હોય તેમની પાસે આ સદાચાર-સુવિહિત પરંપરાના પાલનની શી અપેક્ષા રાખવાની હોય ?**

**(૧૭)** જે લોકો ભોગાદિ ફલાકાંક્ષાવાળા ધર્માનુષ્ઠાનને એકાન્તે અપ્રધાન દ્રવ્ય ક્રિયામાં ખતવવા માગે છે તેઓએ શ્રી **'ઉપદેશ રહસ્ય'** ગ્રન્થના ૨૧ મા શ્લોકની અવતરણિકા તથા એ શ્લોકની ટીકા ખાસ ધ્યાનપૂર્વક વાંચવી જોઈએ એમાં મોક્ષફળને આશ્રયીને અપ્રાધાન્ય નિર્દેશ કર્યો હોવા છતાં કુગ્રહ વિરહ સમ્પાદનાદિને આશ્રયીને પ્રધાન દ્રવ્યક્રિયા હોવાનું સ્પષ્ટ જણાવ્યું છે...

**(૧૮)** 'અષ્ટકશાસ્ત્ર'માં ભાવનું મહત્ત્વ :-

**પ્ર.-** ઈહલૌકિક પારલૌકિક અર્થની કામનાને તો પૂ. શ્રી હરિભદ્રસૂરીશ્વરજી મ.સા. 'શ્રી અષ્ટક પ્રકરણ'ના આઠમા અષ્ટકના બીજા શ્લોકમાં ભાવપચ્ચક્ખાણમાં વિઘ્નભૂત બતાવે છે, તેમજ એ કામનાની નિંદા કરે છે અને એ કામનાની નિંદા કરીને એવી કામનાપૂર્વકના પચ્ચક્ખાણને અપ્રધાન દ્રવ્ય કહીને નિષ્ફળ બતાવે છે, તે તમે વાંચ્યું છે કે નહીં ? કે પછી એમને એમજ હાંક્યે રાખો છો કે આ લોક પરલોકના સુખના અર્થીએ પણ ધર્મ જ કરવો જોઈએ ?

**ઉ.-** જરૂર વાંચ્યું છે, એ વાંચનાર સહજ રીતે સમજી શકે એમ છે કે હંમેશા નિંદા કરવી હોય તો એ કામનાની નિંદા કરો પણ દાળ ભેગી ઈયળ ન બફાઈ જાય એ જોજો; તેમજ એ કામનાવાળા પચ્ચક્ખાણને ભૂંડુ ભૂંડુ કહી વગોવશો નહીં.

**પ્ર.-** એ કામના જો ભૂંડી, તો પછી એ કામનાપૂર્વકના ધર્મને ભૂંડો કેમ ના કહેવાય ?

**ઉ.-** એટલા માટે કે શાસ્ત્રકાર ભગવંતો એ ધર્મ દ્વારા પણ એની ભાવીમાં પ્રગતિ થવાની શક્યતા જુએ છે. એટલે જ એ અષ્ટકના છેલ્લા શ્લોકમાં કહે છે કે,

"દિવ્ય-દર્શન"-"અગ્રલેખામૃત" વર્ષ-૩૩,અંક-૧૫,તા.૨૨-૧૨-૧૯૮૪

## (૩૯) (લેખાંક-૨)

**અષ્ટક-શાસ્ત્રમાં દ્રવ્યનું મહત્ત્વ :-**

**द्रव्यप्रत्याख्यानं किमनर्थकमेव ? न, इत्याह,**
**'जिनोक्तमिति सद्भक्त्या ग्रहणे द्रव्यतोऽप्यदः ।**
**बाध्यमानं भवेद् भावप्रत्याख्यानस्य कारणम् ॥८॥**



E:/Divya-Darshan(part-11).pmd/prf.5

અર્થ :- આ જિનનું કહેલું હોવાથી સદ્‌ભક્તિ વડે દ્રવ્યથી પણ પળાતું (પચ્ચક્‌ખાણ) તે બાધિત થતું થતું ભાવપચ્ચક્‌ખાણનું કારણ બને છે.

પૂ. શ્રી જિનેશ્વરસૂરિ મહારાજ તેની વૃત્તિમાં 'જિનોક્ત' શબ્દના બે અર્થ કરીને આ શ્લોકની અક્ષરઘટના કરતા કહે છે કે,

પૂ. જિનેશ્વરસૂરિજી મ. શું કહે છે :-

ફક્ત ભાવથી જ નહીં, કિંતુ અપેક્ષાદિ (=ઇહલૌકિક-પારલૌકિક અર્થની કામના આદિ)થી દ્રવ્યથી ગ્રહણ કરેલું પચ્ચક્‌ખાણ પણ ભાવપચ્ચક્‌ખાણનું કારણ છે, કેમકે તે

(૧) 'આ ભગવાનનું ભાખેલું છે' એવા ઉલ્લેખપૂર્વકના પ્રશસ્ત બહુમાન વડે બાધિત થતું (એટલે કે ધીમે ધીમે કામનાશૂન્ય બનતું) હોવાથી પારમાર્થિક પચ્ચક્‌ખાણનું કારણ છે.

(૨) અથવા (પ્રશસ્ત બહુમાનમાં 'આ ભગવાનનું ભાખેલું છે' તેવો કર્તાના ચિત્તમાં ઉલ્લેખ ભલે ન હોય છતાં પણ) આ દ્રવ્ય પચ્ચક્‌ખાણ ભગવાનનું ભાખેલું છે એટલે જ (ઈતર મિથ્યાદર્શનનાં પચ્ચક્‌ખાણ ન આદરતાં આ જિનોક્ત પચ્ચક્‌ખાણ જ આદરે છે એમાં આ જિનોક્ત પચ્ચક્‌ખાણ પર પ્રશસ્ત બહુમાન છે; ને એવાં) પ્રશસ્ત બહુમાન વડે અપેક્ષાબાધિત થઈને ભાવપચ્ચક્‌ખાણનું નિમિત્ત બને છે.

આગળ એ જ શ્લોકની વૃત્તિમાં સ્પષ્ટતા કરતાં કહે છે કે 'ભગવાનનું ભાખેલું માનવાની સદ્‌ભક્તિ છે; ને એ ભક્તિ દ્રવ્ય પચ્ચક્‌ખાણના હેતુભૂત અપેક્ષાદિભાવોની વિરોધી છે એટલે તે જ્યાં હોય ત્યાં અપેક્ષાદિની નિવૃત્તિ થતી રહેવાથી અંતે તે ભાવપચ્ચક્‌ખાણ બને છે, પણ બધું જ નહિ.'

આ સંદર્ભથી એ સ્પષ્ટ તરી આવે છે કે જે લોકો 'આ મારા જિનેશ્વરદેવનું ભાખેલું છે,'-એવી સદ્‌ભક્તિથી અપેક્ષાદિપૂર્વક પણ પચ્ચક્‌ખાણ કરે છે તેઓની ભાવપચ્ચક્‌ખાણમાં પ્રગતિ થાય છે, અધોગતિ નહીં. તથા બીજા અર્થ પ્રમાણે આ જિનેશ્વરદેવનું ભાખેલું છે તેવો ખ્યાલ કર્તાને એ વખતે ન હોય તો પણ તે પ્રશસ્ત ભક્તિથી અપેક્ષાદિપૂર્વક પચ્ચક્‌ખાણ કરતો હોય તો તેની ભાવમાર્ગમાં પ્રગતિ થાય છે; કારણ કે એ જે પચ્ચક્‌ખાણ કરી રહ્યો છે તે જિનેશ્વરદેવનું ભાખેલું છે, પણ કોઈ સરાગીદેવનું ભાખેલું નથી. પ્રશસ્તભક્તિ અપેક્ષાદિ ભાવોની વિરોધી હોવાથી કોઈને ધીમે ધીમે, તો કોઈને ઝડપથી, અપેક્ષાની નિવૃત્તિ થયા વિના રહેવાની નથી. પ્રશસ્ત ભક્તિને બદલે જો અનાદર વગેરે પૂર્વક કરે તો એને લાભ થાય એવું તો કોઈ કહેતું નથી.

પૂજ્યપાદ શ્રી હરિભદ્રસૂરિજી મહારાજ અને તેમના અષ્ટક પ્રકરણના વૃત્તિકાર



શ્રી જિનેશ્વરસૂરિજી મહારાજે આ છેલ્લા શ્લોકમાં જે માર્ગદર્શન આપ્યું છે તે જેના હૈયામાં વસ્યું હશે તે અર્થની કામનાને જરૂર વખોડશે પણ પ્રશસ્ત ભક્તિપૂર્વક થતાં અર્થકામનાવાળા ધર્મને ભૂંડો ભૂંડો કહીને વગોવવાનું દુઃસાહસ તો ક્યારેય પણ નહીં કરે.

**દાળ ભેગી જેમ ઈયળ ન બફાય તેમ અર્થની કામનાને નિંદવા જતાં સાથે ધર્મ ન નિંદાઈ જાય તે દરેક ઉપદેશકે ધ્યાનમાં રાખવાની વાત છે.**

ખાસ ધ્યાનમાં રહે કે આ બધા શાસ્ત્રપાઠો 'મોક્ષ માટે જ ધર્મ થાય' એવા શાસ્ત્રવિરુદ્ધ એકાન્તવાદની કર્કશતા દૂર કરવા માટે છે. ધર્મ મોક્ષ માટે જ બધા જીવો કરે તે અત્યંત ઇચ્છનીય છે, અને તે માટે મોક્ષની અપેક્ષાને સારી અને અર્થાદિની અપેક્ષાને ભૂંડી કહેવાની જરૂર છે, પણ નહીં કે તે અપેક્ષાપૂર્વક થતા ધર્મને !

આ વાત બરાબર ધ્યાનમાં રાખો કે અપેક્ષાપૂર્વક ધર્મ કરનારા જીવોને એ અપેક્ષાઓ અવશ્ય છોડાવવી જ છે, ને લોકો ધર્મ મોક્ષ માટે જ કરતા થાય એવું પણ કરવું છે, પણ તે શાસ્ત્રવિધિ મુજબ અપેક્ષાઓની ભરચક નિંદા કરીને, કિન્તુ નહીં કે તે અપેક્ષાપૂર્વક કરાતા ધર્મને ભૂંડો ભૂંડો કરીને, અને શાસ્ત્રવિરુદ્ધ બોલીને.

હવે જે લોકો શાસ્ત્રોને પૂરા ન વાંચી એવા અધૂરા વિધાનો કરે છે કે,-

**અધૂરા વિધાનોના નમૂના :-**

(૧) "મોક્ષ માટે જ ધર્મ કરે તે ધર્મ નિર્મળ છે, સંસારની ઇચ્છાથી ધર્મ કરે તો તે ધર્મ થોડું સુખ આપી ભયંકર દુઃખ આપનાર છે, માટે તે ધર્મ પણ ભૂંડો જ કહેવાય." (૨) "ધર્મ મોક્ષ માટે જ કરાય, મોક્ષ સાધ્ય ન હોય તે ધર્મ ધર્મ કહેવાય જ નહિ" (૩) "મોક્ષનો આશય ભળે તો જ ધર્મ 'ધર્મ' બને, નહિ તો તે જ ધર્મ 'અધર્મ' કરતાં પણ વધારે નુકસાન કરનાર બને." (૪) "સંસારના સુખની ઇચ્છાથી જે ધર્મ કરે, તે ધર્મથી એકવાર સુખ મળે, પણ પછી એ ધર્મ ઘણા કાળ સુધી રીબાઈ રીબાઈને મારે, દુઃખી દુઃખી કરે." (૫) "ધર્મ મોક્ષ માટે જ થાય. મોક્ષની ઇચ્છા વગરનો ધર્મ પણ ભૂંડો જ"

**અધૂરાં વિધાનોની સમીક્ષા :-**

આવા બધાં શાસ્ત્રવિરુદ્ધ અધૂરાં વિધાનો કરવા તે આવેશ અભિનિવેશ અને એકાન્તવાદની ચિરરૂઢ વાસનામાંથી નીપજેલું હોય તેમ લાગે છે. જરા વિચાર તો કરો કે પૂર્વે બતાવી ગયા તેમ અનેક ભાવનાજ્ઞાની શાસ્ત્રકારો મોક્ષ સિવાયના આશયથી પણ કરાયેલા ધર્મનું બીજા નંબરે સમર્થન કરી રહ્યા છે, ત્યારે કોઈ પણ ભવભીરુ, શાસ્ત્રમર્મજ્ઞ, ધર્મનો પ્રેમી, ઉપદેશક "મોક્ષ માટે જ ધર્મ થાય...તે

સિવાયના આશયથી થતો ધર્મ તે અધર્મ, ભૂંડો, રીબાઈ રીબાઈને મારે, અધર્મ કરતાં પણ વધારે નુકશાન કરે...'' આવું બધું જાહેર સભામાં બોલવાની હિંમત કરી શકે ખરો ? 'ભૂંડો અને રીબાઈ રીબાઈને મારે, અધર્મ કરતાં પણ વધારે નુકશાન કરે...ઈત્યાદિ શબ્દપ્રયોગો તો અરિસાની જેમ બોલનારના અંતરના પ્રતિબિંબને જ છતા કરનારા કહી શકાય કારણ કે કોઈપણ ભવભીરુ શાસ્ત્રકારે કે ઉપદેશકે મોક્ષ સિવાયના આશયથી કરાતા આપણા ભગવાનના ધર્મને 'ભૂંડો'...'રીબાઈ રીબાઈને મારે' વગેરે અસભ્ય પ્રલાપો દ્વારા ક્યારેય જાહેરમાં પણ વખોડ્યો નથી.

**(૧૯)** હા,...પોતાની સામે પ્રબુદ્ધ અને ઉત્તમ કક્ષાના શ્રોતા જ બેઠા હોય તો અને ત્યારે જ 'ધર્મ મોક્ષ માટે કરીએ, તે ઘણું રુડું અને ઉત્તમ પુરુષો મોક્ષ મેળવવા માટે જ ધર્મ કરતા હોય છે...ભાવ વિનાનું અનુષ્ઠાન તે ધર્માનુષ્ઠાન નથી...અને એજ વાસ્તવમાં ધર્મ કહી શકાય'...ઈત્યાદિ નિશ્ચયનયને અનુસરતી દેશના કરે તે વાત જુદી છે. પરંતુ તે વખતે પણ મોક્ષ સિવાયના આશયથી થતા જૈનધર્મને 'ભૂંડો ભૂંડો' કહીને વગોવે તો નહીં જ; કારણ કે તે અમૂઢ ઉપદેશકને, 'વ્યવહાર' નયથી કેવી દેશના અપાય કે જેનાથી ઉત્તરોત્તર 'નિશ્ચય' પ્રાપ્ત થાય, તેનું બરાબર લક્ષ હોય છે. આ લક્ષ ન હોય એવા સ્વૈચ્છિક ઉપદેશક માટે શું કહેવું ?

આ નિશ્ચયનય વ્યવહારનયની બાબત માટે જરા શાસ્ત્રના આધારે વધુ સ્પષ્ટ સમજવાની જરૂર છે.

**'ઉપદેશપદ' શાસ્ત્ર શું કહે છે ? :-**

**(૨૦)** જુઓ શ્રી હરિભદ્રસૂરિજી મહારાજ 'ઉપદેશપદ' શાસ્ત્રમાં શ્લો૰ ૯૪૯માં મતાન્તરથી ધર્માનુષ્ઠાનનું નિરૂપણ કરતાં કહે છે કે

**સતતાભ્યાસ, વિષયાભ્યાસ** અને **ભાવાભ્યાસ** ત્રણ પ્રકારના ધર્માનુષ્ઠાન છે, જે ઉત્તરોત્તર પ્રધાન છે.

એની વ્યાખ્યામાં કહ્યું છે કે,

(૧) **સતતાભ્યાસ** એટલે લોકોત્તર ગુણપ્રાપ્તિની યોગ્યતા મેળવી આપનારું માતાપિતાદિ પ્રત્યે વિનયાદિ ભરેલું વર્તન, કે જે હરહંમેશ ઉપાદેય છે.

(૨) **વિષયાભ્યાસ** એટલે પૂજાના ઉત્કૃષ્ટ વિષયરૂપ જે મોક્ષમાર્ગના સ્વામી અરિહંત છે, તેમને વિષે પૂજાદિ કરવારૂપ જે અભ્યાસ.

(૩) **ભાવાભ્યાસ** એટલે ભવના ઘણા જ ઉદ્વેગપૂર્વક સમ્યગ્દર્શનાદિ ભાવોનો અભ્યાસ.



હવે એ પછીના ૯૫૦માં શ્લોક અને ટીકામાં ગ્રન્થકારશ્રી પોતાની મીમાંસા જણાવે છે કે નિશ્ચયનયના અભિપ્રાયથી પહેલા બે અનુષ્ઠાન કે જે સમ્યગ્દર્શનાદિની સાક્ષાત્ આરાધનારૂપ નથી, ને ભવવૈરાગ્યાદિ ભાવથી રહિત છે, તે 'ધર્માનુષ્ઠાન' રૂપ કઈ રીતે ? અર્થાત્ એ નિશ્ચયનયથી ધર્મરૂપ નથી. એક માત્ર ત્રીજું ભાવાભ્યાસ અનુષ્ઠાન જ પરમાર્થોપયોગરૂપ હોવાથી ધર્માનુષ્ઠાનરૂપ છે. આ તો થઈ નિશ્ચયનયની વાત.

હવે વ્યવહારનયને આશ્રયીને એ શાસ્ત્રકાર વિસ્તારથી શી મીમાંસા કરે છે તે ધ્યાનપૂર્વક વિચારો...શ્લો. ૯૫૧માં કહે છે. વ્યવહારનયને આધારે એ સતતાભ્યાસ આદિ ધર્માનુષ્ઠાનરૂપ હોવાની વાત વિષયભેદે અપુનર્બન્ધક વગેરે માટે બરાબર યોગ્ય છે. અપુનર્બંધક વગેરે...એટલે માર્ગાભિમુખ, માર્ગપતિત અને અવિરત સમ્યગ્દષ્ટિ આદિ સમજવાના છે.

શ્લો. ૯૫૧ પછી આ વાતનું સમર્થન કરવા માટે વિસ્તારથી જે ઉદાહરણો આપે છે એમાં શ્લો. ૯૭૦ માં કહે છે કે પોપટ અને મેના વિષયાભ્યાસયોગથી તીર્થંકરપ્રતિમાની આમ્રમંજરીથી પૂજા કરીને સુખની પરંપરા પામ્યા. શા માટે સુખ પરંપરા પામ્યા ? એના ઉત્તરમાં શ્લો. ૯૭૧ માં સાફ સાફ જણાવે છે કે **વિષયાભ્યાસાનુષ્ઠાન (અર્થાત્ જિનપૂજાદિ ધર્મ) કુશલાશયનો હેતુ છે, પરિણામે સુંદર એવા વિશિષ્ટ સુખનો હેતુ છે. અને શુદ્ધ પુણ્યાનુબંધી-પુણ્યફલક હોવાથી જીવને પાપથી બચાવનારું છે.** પહેલાં કહી તો ગયા જ છે કે પહેલા બે અનુષ્ઠાન સાક્ષાત્ સમ્યગ્દર્શનથી માંડીને મોક્ષ સુધીના ભાવોની આરાધનારૂપ નથી, તેમજ ભવવૈરાગ્યાદિ ભાવવાળા નથી; છતાં પણ એ જિનપૂજાદિ વિષયાભ્યાસરૂપ ધર્માનુષ્ઠાન પુણ્યાનુબંધી પુણ્યફલક હોવાથી વ્યવહારનયથી સુંદર છે. આ વાત શું હવે કોઈને સમજાવવી પડે ? પ્રગટ રીતે ભલે આ અનુષ્ઠાનો સાક્ષાત્ મોક્ષ સાથે સંકળાયેલા ન હોય કિન્તુ શ્લો. ૯૯૫માં જણાવ્યા પ્રમાણે સતતાભ્યાસ અને વિષયાભ્યાસાદિ અનુષ્ઠાનો એ મોક્ષાનુકુલ ભાવ સાથે સંકળાયેલા જ છે. એટલે

શ્લો. ૯૯૬માં પૂજ્યપાદ હરિભદ્રસૂરિજી મહારાજ સ્પષ્ટ જણાવી દે છે કે સતતાભ્યાસાદિ ત્રણેય પ્રકારનું અનુષ્ઠાન (જેમાં પ્રથમ બેમાં તો ભવવૈરાગ્યાદિ ભાવ નિશ્ચયનયના હિસાબે છે જ નહિ, તે) પારમાર્થિક વ્યવહારનયની દષ્ટિએ 'સમ્યક્' એટલે કે આજ્ઞાનુકુળ આચારણરૂપ જ છે. કારણ કે અપુનર્બંધકાદિને છોડીને આ ત્રણેય અનુષ્ઠાનો બીજા સકૃદ્બંધકાદિ જીવોને હોતા જ નથી.

**'ઉપદેશરહસ્ય' શાસ્ત્ર શું કહે છે,-**

**(૨૧)** પૂ. ઉપા. યશોવિજયજી મહારાજે પણ આ જ પ્રકારનું ''ઉપદેશરહસ્ય''

ગ્રંથમાં શ્લો. ૧૮૬-૧૮૭માં સમર્થન કર્યું છે. જે લોકો પૂ. ઉપાધ્યાયજી મ. ના પવિત્ર વચનોને ટંકશાળી ગણાવીને વારંવાર બીજા સુવિહિત ગીતાર્થ ઉપદેશકોની અસભ્ય શબ્દોમાં આશાતના કરતા રહે છે, એ લોકોએ પૂ. ઉપાધ્યાયજી મ. ના પવિત્ર વચનોનું સમગ્રરૂપે ફરી એકવાર શાંત ચિત્તે અધ્યયન કરી લેવાની જરૂર છે. "મોક્ષના આશય વિના કરાતો ધર્મ એ ધર્મ જ નથી. અધર્મ જ છે." **આવું જોરશોરથી બોલનારાઓ ખરેખર તો પૂજ્ય પૂર્વાચાર્ય ભગવંતોની જ અવજ્ઞા આશાતના કરી રહ્યા છે.**

**૧૯૯૦નું મુનિસંમેલન શું કહે છે :-**

જે લોકો વ્યવહારનયની તદ્દન ઉપેક્ષા કરી રહ્યા છે, એવાઓ માટે શ્રી 'ઉપદેશપદ' શ્લો. ૩૨૬માં ખાસ જણાવ્યું છે કે "વ્યવહારનય પણ તત્ત્વપ્રાપ્તિનું મહાન અંગ છે; કારણ કે વ્યવહારનયને અનુસરીને પ્રવર્તવા દ્વારા જ નિશ્ચય નયસાધ્ય ફળનો યોગ થાય છે. સ્વ. પરમ ગુરુદેવ સુવિહિત ગીતાર્થ પૂ. આચાર્ય શ્રી વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજ સાહેબે પણ ગામે ગામ પ્રસારેલા પટ્ટકની એક કલમમાં કહ્યું છે કે દેશના નિશ્ચયલક્ષી વ્યવહારનયને પ્રધાન કરીને આપવી. વિ.સં. ૧૯૯૦ના મુનિસંમેલનના ઠરાવોમાં પણ આ એક ઠરાવ છે કે દેશના વ્યવહારપ્રધાન આપવી."

**શ્રી યોગશાસ્ત્રનું કથન :-**

(૨૨) ઉપદેશમાં વ્યવહાર-સમર્થનનું કેટલું બધું મહત્ત્વ છે એ આપણને સમ્યક્ત્વનાં પાંચ લક્ષણ અંગેની શાસ્ત્રવિચારણા પરથી સમજાય છે. શ્રી યોગશાસ્ત્ર-બીજોપ્રકાશ-શ્લો. ૧૫ ની ટીકામાં શ્રી કલિકાસર્વજ્ઞ ભગવંત ચોક્ખું દીવા જેવું જણાવે છે કે **'लिंगिनि सम्यक्त्वे सति लिंगैरवश्यं भाव्यम् इति नायं नियमः'** જેનામાં શમ સંવેગાદિ પાંચ લક્ષણ હોય તે અવશ્ય સમ્યગ્દૃષ્ટિ હોય જ. પરંતુ સમ્યક્ત્વરૂપ લિંગી હોય તો લિંગરૂપ શમ-સંવેગાદિ હોય જ એવો નિયમ નહીં. સમ્યક્ત્વ એ કારણ છે. શમાદિ ભાવો એનાં કાર્ય છે. સમ્યક્ત્વનો અભ્યાસ કરતાં કરતાં એ ભાવો આવવા અને રહેવા જરૂરી છે; પણ ક્યારેક કોક લક્ષણ કદાચ ન દેખાય ત્યાં સમ્યક્ત્વ ન જ હોય એવો એકાન્ત દુરાગ્રહ ન રાખવો જોઈએ.

**તત્ત્વાર્થટીકા શાસ્ત્ર શું કહે છે ? :-**

(૨૩) પૂ. ઉપા. શ્રી યશોવિજયજી મહારાજે એટલા માટે તો શ્રી તત્ત્વાર્થસૂત્રની ટીકામાં આ પાંચને નિશ્ચયનયના લક્ષણો હોવાનું કહ્યું છે. કારણ કે **'શીઘ્ર કાર્ય સાધે તે જ કારણ' એ નિશ્ચયનયનો મત છે.** જ્યારે **વ્યવહારનયનો મત**



**છે- 'કાર્યસિદ્ધિ કરવાની યોગ્યતા ધરાવે તે પણ કારણ કહેવાય.'** નિશ્ચયનય અને વ્યવહારનયનો આ સ્પષ્ટ ભેદ સારી રીતે સમજનારને કોઈપણ જૈનશાસ્ત્રના અભ્યાસમાં મુંઝવણ થશે નહિ.

એટલે જે લોકો સભાને વિભ્રમમાં નાખવા માટે વારે ઘડીએ બોલ્યા કરે છે કે "જે સમકિતી હોય તે ધર્મ પાસે મોક્ષ સિવાય બીજું કશું માગે ખરો ? સંસારનું સુખ તો પાપ છે, એ પાપ વધારવા માટે ધર્મ કરે ખરો ?"...ઈત્યાદિ લાંબા-ચોડા પ્રશ્નો કર્યા કરે છે તે લોકો શ્રોતાઓને ઢસડી ઢસડીને નિશ્ચય તરફ લઈ જવાનો દુરાગ્રહ સેવી રહ્યા છે, અને અશાસ્ત્રીય પ્રેરણા કરી રહ્યા છે. કારણ કે એનાથી કદાચ એકાદ-બે શ્રોતા નિશ્ચય પ્રત્યે ખેંચાઈ આવે ખરા, પણ બાકીના કે જેઓને હજુ વ્યવહારનયના સમ્યક્ત્વના પણ ઠેકાણાં નથી, એ બધાને બુદ્ધિભેદ થવાનો ઘણો સંભવ રહે છે. એવા ઉપદેશકોએ તો સમજી રાખવું જોઈએ કે

**'સ્યાદ્વાદ-કલ્પલતા' શાસ્ત્ર શું કહે છે ? :-**

(૨૪) 'શાસ્ત્રવાર્તા-સમુચ્ચય' શાસ્ત્રની 'સ્યાદ્વાદકલ્પલતા' ટીકામાં ઉપાધ્યાયજી મહારાજ ન્યાયદર્શનની 'બલવદ્અનિષ્ટ-સાધનતાનું જ્ઞાન પ્રવૃત્તિમાં પ્રતિબંધક છે' એ એકાન્ત માન્યતાનું ખંડન કરતાં લખે છે કે "કોઈક સમકિતી જીવ 'દુરાચાર એ નરકાદિ બલવદ્ અનિષ્ટનું કારણ છે' એમ જાણવા છતાં એમાં પ્રવૃત્તિ કરે છે ત્યાં માનવું જોઈએ કે પ્રતિબંધકની (હાજરીમાં પણ) ઉત્કટ વિષયરાગ ઉત્તેજક છે, ને એ દુરાચાર પ્રવૃત્તિ કરાવે છે. આમ

"સમ્યક્ત્વની હાજરીમાં પણ ઉત્કટરાગ ઉત્તેજક હોવાથી વિષયસુખની આકાંક્ષાઓ જનમવાનો સંભવ ટળી ગયો નથી. એટલે લોકોનો વિષયરાગ કેમ ઘટે, એ તરફ એમનું લક્ષ દોરવું જોઈએ કે 'વિષયો ભૂંડા છે, ઝેર જેવા છે, એની ઈચ્છા રાખવા જેવી નથી. ગમે એટલા ભોગવીએ તોય તૃપ્તિ થવાની નથી, ધર્મ કરીને મેળવેલા વિષયો પણ શાશ્વત રહેવાના નથી. ક્ષણિક વિષયસુખોમાં લોભાવાને બદલે શાશ્વતસુખ મેળવવા માટે પ્રયત્નશીલ બનવું જોઈએ" આવું બધું કહેવાય તો વિષયરાગ ઘટતા નિશ્ચય તરફ પ્રગતિ થાય. પણ એવું કહેવાને બદલે 'વિષયસુખ માટે ધર્મ કરનારા તમે રીબાઈ રીબાઈને દુઃખી દુઃખી થઈ જશો... વિષયરાગથી કરેલો ધર્મ ભૂંડો... મોક્ષ સિવાયના આશયથી કરેલો ધર્મ ભવના ફેરા વધારનારો છે... ઈત્યાદિ શાસ્ત્રવિરુદ્ધ ગોખાવ્યે રાખીને ધર્મ પ્રત્યે દુર્ભાવ પેદા કરવાનો કોઈ અર્થ નથી. "મોક્ષનો આશય ન ભળે તો ધર્મ અધર્મ કરતાં પણ વધારે નુકશાન કરે. મોક્ષની ઈચ્છા વગરનો ધર્મ પણ ભૂંડો"... **આવા બધા ભારપૂર્વકના કરેલા મનઘડંત આવેશપૂર્ણ વિધાનો પણ ઐકાન્તિક નિશ્ચયનયના દુરાગ્રહનું જ પરિણામ**

**જણાય છે.** એ વાત હવે વધુ સ્પષ્ટ કરવાની જરૂર રહેતી નથી.

**પ્ર.**- પૂજ્યપાદ હરિભદ્રસૂરિ મહારાજ-વિરચિત 'ઉપદેશપદ' શાસ્ત્રમાં વ્યાખ્યાનકાર શ્રી મુનિચંદ્રસૂરિજી મહારાજ, વજ્રસ્વામી મહારાજના ચરિત્રમાં શું કહે છે ?

ઉ.- વ્યાખ્યાનકાર મુનિચંદ્રસૂરિજી મહારાજ શું કહે છે,-

**(૨૫)** એઓશ્રી વજ્રસ્વામી મહારાજના ચરિત્રમાં **ધર્મનિત્ય (હરહંમેશ) સુંદર હોવાનું જણાવે છે.** જુઓ શ્રી મહાવીરસ્વામી ભગવાન એ કથાના ૨૨ મા શ્લોકમાં જણાવે છે કે 'ધર્મ કરવાનો અનુપમ અવસર મલ્યો છે, તેને વ્યર્થ ગુમાવવો જોઈએ નહીં.'

તથા શ્રી ગૌતમસ્વામી મહારાજ વજ્રસ્વામીના જીવ તિર્યગ્જૃંભકદેવને શ્લો. ૭૭માં કહે છે કે **ધર્મ હંમેશા રમ્ય છે. સુખોની જન્મભૂમિ છે,** શ્રદ્ધાથી શુદ્ધ એવા ધર્મને પંડિતલોકોએ પીછાણ્યો છે.

**પ્ર.**- વજ્રસ્વામી મહારાજ પોતે શું જણાવે છે ?

ઉ.- વજ્રસ્વામી મહારાજ પોતાને એની દિકરી રુક્મિણીને પરણાવવા આવેલા શ્રેષ્ઠિને વિષયો ભૂંડા જણાવ્યા પછી શ્લો. ૩૦૨ માં કહે છે કે "તમારી દિકરીને જો મારો ખપ હોય તો દીક્ષા લે' જોયું ?... 'મોક્ષનો ખપ હોય તો' આમ કહેવાને બદલે 'મારો ખપ હોય તો' દીક્ષાધર્મ આદરવાનું જણાવ્યું તે શું વજ્રસ્વામી મહારાજે એને અધર્મ કરાવવા કહ્યું હશે ? રીબાઈ રીબાઈને મરવા કહ્યું હશે ?

**વજ્રસ્વામીજી મ. શું કહે છે ? :-**

**પ્ર.**- શું એમણે ૨૬૨મી ગાથામાં 'ધર્મ પરિણામે સુંદર નથી, કિંપાકફલ જેવો વિરસ છે' એમ નથી કહ્યું ?

ઉ.- અરે ! પુણ્યવાનો ! એ જે કહ્યું છે એ તો જૈનધર્મને ઉદ્દેશીને નહીં, પણ અજ્ઞાનકષ્ટાદિ દ્વારા કરાતા કમઠાદિ જેવા તાપસાદિ ધર્મોને ઉદ્દેશીને કહ્યું છે; જૈનધર્મને ઉદ્દેશીને હરગીજ નહીં.

**આ તો તમે જગલાને બદલે ભગલાને કૂટી મારવાનો ધંધો કરી રહ્યા છો'** એમ લાગે છે.

અમે તો નક્કર શાસ્ત્રપાઠોના આધાર પર ખાત્રીપૂર્વક કહીએ છીએ કે **ભગવાને ભાખેલા ધર્મને ભૂંડો કહેવાનું દુઃસાહસ આજ સુધી કોઈ સુવિહિત આચાર્ય ભગવંતે કર્યું નથી.** કોઈને આંખ ન હોય તો તેને સજ્જનો પ્રજ્ઞાચક્ષુ કહે છે, પણ આંધળો નથી કહેતા. એમ મલિન આશયથી પરિણામે સુંદર ન નીવડનારા ધર્મને



પણ શાસ્ત્રકારો 'ભૂંડો' કહેતા નથી...

**પ્ર.**- આવું તમે શાના આધારે કહો છો ?

ઉ.- જુઓ કલિકાલ સર્વજ્ઞ ભગવંતે શ્રી યોગશાસ્ત્રમાં (૨/૧૩) સ્પષ્ટ કહ્યું છે કે

**યોગશાસ્ત્રનો પાઠ :-**

**मिथ्यादृष्टिभिराम्नातो हिंसाद्यैः कलुषीकृतः ।**
**स धर्म इति चित्तोऽपि भवभ्रमणकारणम् ॥**

**અર્થ :-** મિથ્યાદૃષ્ટિઓએ માનેલો હિંસા વગેરેથી મલિન કરેલો તે, ધર્મરૂપે કહેવાતો હોવા છતાં, સંસારપર્યટનનું કારણ છે.

જરા વિચાર તો કરો કે જ્યારે બીજા અનેક શાસ્ત્રકારો તથા ગૌતમસ્વામી ભગવંત વગેરે અરિહંતે ભાખેલા ધર્મને નિત્ય રમ્ય કહેતા હોય ત્યારે શું વજ્રસ્વામી મહારાજ ધર્મને ભૂંડો કહે ખરા ??? ખુદ વજ્રસ્વામી મહારાજ પણ આવી સ્પષ્ટતા કરવા માટે શ્લો. ૨૬૫ માં સ્પષ્ટતા કરતાં જણાવે છે કે-

**વજ્રસ્વામીની ધર્મવ્યાખ્યા :-**

**जो पुण खमा-पहाणो परुविओ पुरिसपुंडरीएहिं ।**
**सो धम्मो मोक्खो च्चिय जमक्खओ तप्फलं मोक्खो ॥**

**અર્થ :-** પુરુષોમાં કમળ જેવા (તીર્થંકરો) એ જે ક્ષમાપ્રધાન ધર્મ પ્રરૂપ્યો છે તેનું તો અક્ષત ફળ મોક્ષ છે એટલે એ ધર્મ મોક્ષરૂપ જ છે.

આ રીતે ભગવાનના ભાખેલા ધર્મને તો તેઓ સાક્ષાત્ જાણે કે મોક્ષરૂપ ના હોય એવો દેખાડી રહ્યા છે. જ્યારે 'જે ધર્મ કે ધર્માનુષ્ઠાનો ભગવાનના ભાખેલા એની એવા જૈનેતર મિથ્યાદૃષ્ટિઓના ધર્મો અજ્ઞાનીઓના કહેલા તેમજ હિંસા વગેરે પાપોથી ખરડાયેલા અને સર્વજ્ઞઆજ્ઞાથી મુક્ત હોય છે. એટલે એવા ધર્મ પરિણામે સુંદર નથી' એમ કહે એમાં શું વાંધો છે ? અરે ભગવાને કહેલા ધર્માનુષ્ઠાનો તો પૂર્વે કહી ગયા તેમ પ્રશસ્ત વિષયના અભ્યાસાદિરૂપ હોવાથી કદાચ તત્કાળ મોક્ષનો આશય ન હોય તો પણ **ચરમાવર્તમાં આવેલા મુક્તિના અદ્વેષવાળા જીવોનું પરંપરાએ પણ હિત જ કરનાર છે.**

કેટલાક પ્રશ્ન કરે છે-

**પ્ર.**- ભગવાનના ભાખેલા ધર્માનુષ્ઠાનો પણ સાંસારિક કામનાઓથી કરે તો એ પાપાનુબંધી પુણ્ય ન બંધાવે ?

ઉ.- પાપાનુબંધી પુણ્ય કોને કહેવાય, અને કોણ બાંધે એ જાણો છો ? કે



E:/Divya-Darshan(part-11).pmd/prf.5

**એમને એમ જ આકાંક્ષાપૂર્વક કરાતા ભગવાનના ભાખેલા પૂર્વાનુષ્ઠાનોને-ધર્મને પાપાનુબંધી પુણ્યબંધ કરાવનારા કહીને વગોવ્યા કરો છો ?** જુઓ, પૂ.આ. હરિભદ્રસૂરિજી મહારાજ શ્રી અષ્ટક પ્રકરણ ગ્રન્થમાં અને પ.પૂ.શ્રી જિનેશ્વરસૂરિજી મહારાજ તેની ટીકામાં પાપાનુબંધી પુણ્ય કોને કહેવાય એની વ્યાખ્યા કરીને પછી એના ઉદાહરણો પણ દેખાડે છે.

'અષ્ટક' શાસ્ત્ર પાપાનુબંધી પુણ્ય કોને કહે છે ? :-

૨૪મા અષ્ટકમાં બીજો શ્લોક-

**गेहाद् गेहान्तरं कश्चिच्छोमनादितरन्नरः ।**
**याति यद्वद् असद्धर्मात्तद्वदेव भवाद् भवम् ॥**

**અર્થ :-** જેવી રીતે રમણીય એવા ઘરમાંથી કોઈક મનુષ્ય અરમણીય ઘરે જાય. એ રીતે અસત્ પાપાનુબંધી દયાદિજન્ય ધર્મ કરીને રમણીય મનુષ્ય ભવમાંથી અરમણીય હલકા ભવમાં જાય છે. જે ખરેખર શુભ મનુષ્ય ભવવાળા જીવને માટે પૂર્વભવમાં ઉપાર્જિત શુભ કર્મ, મનુષ્યત્વાદિ શુભ ભાવના અનુભવનો હેતુ બને પણ પછી નરકાદિ ભવોની પરમ્પરાનું કારણ બને, તે પાપાનુબંધી પુણ્ય કહેવાય. **તે નિદાન અને અજ્ઞાન કષ્ટથી દૂષિત ધર્માનુષ્ઠાનથી બંધાય.** દા.ત. બ્રહ્મદત્ત વગેરેને.

બરાબર ધ્યાનપૂર્વક વિચારો કે અહીં ક્યાંય સંસારની કામનાથી થતા જિનેશ્વર ભગવાને કહેલા ધર્માનુષ્ઠાનોને પાપાનુબંધી પુણ્ય બંધાવનારા તરીકે કહ્યા છે ? કે નિદાનપૂર્વકના અને અજ્ઞાન કષ્ટ (અજ્ઞાનગર્ભિત દયા વગેરે)થી થતા ધર્માનુષ્ઠાનને બ્રહ્મદત્તાદિના ઉદાહરણથી પાપાનુબંધી પુણ્યવાળા કહ્યા છે ? કેવળ વિષયસુખ-લંપટતાથી નિદાન કરનારાને તો પાપાનુબંધી પુણ્યવાળા કહેવામાં કોઈને ક્યાં વિવાદ જ છે ? પૂછો,-

**પ્ર.**- પણ અહીં 'અજ્ઞાન' શબ્દથી 'અજ્ઞાન કષ્ટ' કયા આધારે કહો છો ?

ઉ.- 'શ્રાદ્ધવિધિ ગ્રન્થમાં શ્રી ધર્મઘોષસૂરિ મહારાજના નામથી કહ્યું છે કે'

**'निरोगाइ गुण जुआ, महिड्ढिआ कोणिउव्व पावरया ।**
**पावाणुबंधि पुण्णा हवंति अन्नाणकड्ढेण ॥'**

(૨૬) **અર્થ :-** પૂર્વના તાપસભવમાં અજ્ઞાન કષ્ટ કરવા વડે જીવો, કોણિક રાજાની પેઠે, મોટી ઋદ્ધિ તથા નિરોગી કાયા આદિ ગુણવાળા થાય, છતાં પણ **ધર્મકૃત્ય કરે નહિ** અને પાપકર્મમાં આસક્ત થાય, તેઓને પાપાનુબંધી પુણ્ય જાણવું.

**'ધન્યચરિત્ર' શાસ્ત્રવાણી :-**

તદુપરાંત પૂ. જ્ઞાનસાગરસૂરિજીકૃત 'ધન્યચરિત્ર'માં પણ પ્રારંભમાં પાપાનુબંધી



પુણ્યના ઉદાહરણમાં પૂર્વભવમાં અજ્ઞાનકષ્ટગર્ભિત લૌકિક મિથ્યાધર્મની આરાધના કરીને પાપાનુબંધી પુણ્ય બાંધનાર વિશ્વભૂતિ બ્રાહ્મણનું ઉદાહરણ આપ્યું છે, નહીં કે આકાંક્ષાગર્ભિત જૈનધર્મની આરાધના કરનારનું. માટે જ સવાલ થાય ને કે-

ભગવાનના ભાખેલા ધર્મ કે ધર્માનુષ્ઠાનોને ક્યાંય પણ અજ્ઞાનકષ્ટ રૂપે શાસ્ત્રકાર ભગવંતોએ વખોડ્યા છે ખરા ?

(૨૭) જેને સમજવું હોય એ તો સમજી શકે તેમ છે કે સંસારમાં આપત્તિ વગેરે આવી હોય, અથવા કોઈક સુખ પોતે ઈચ્છવા છતાં ને પ્રયત્ન કરવા છતાં ન મળતું હોય, ત્યારે જીવને અનીતિ-દુરાચારના માર્ગે જવાનું દિલ ન થતાં ભગવાનના ભાખેલા જિનપૂજા વગેરે ધર્માનુષ્ઠાનો કરવાનું દિલ જાગે, તો પુણ્યાનુબંધી પાપનો ઉદય ખરો કે નહિ ? 'પુણ્યાનુબંધી પાપ'ના ઉદયે જીવને આપત્તિમાં કે રોગમાં ધર્મ કરવાનું મન થાય ત્યારે એને 'પાપાનુબંધી પુણ્ય'નું લેબલ લગાવતા પહેલાં લાખ વાર વિચાર કરવો જોઈએ.

**પાપાનુબંધી પુણ્યના ખોટા લેબલ :-**

ખૂબ સમજવાની જરૂર છે કે મોક્ષના આશય વિના પણ જે લોકોને સંસારમાં રહેવાથી આવેલી આપત્તિ વગેરેને ટાળવાના આશયથી કે મોક્ષના દ્વેષ વિના સંસારના રાજ્યાદિ સુખ મેળવવાના આશયથી નમિ-વિનમિની જેમ, ભગવાનની પૂજા વગેરે ધર્મકૃત્ય જ કરવાનું દિલ જાગે છે. તેઓને **પાપાનુબંધી પુણ્ય બાંધનારા કયા શાસ્ત્રના આધારે કહી શકાય ? પુણ્યાનુબંધી પાપના ઉદયવાળા કેમ ના કહેવાય ? અથવા તો એ વિચારો કે**

(૨૮) સીધે સીધા દેવદ્રવ્યમાં ભેટ તરીકે હજારો રૂપિયા જમા કરાવવાને બદલે, કોઈક 'આ બધાની વચમાં હું જ મોટી પહેલી માળની મોટી ઉછરામણીની બોલી બોલું તો નામ રહી જાય' એમ કરી બોલી બોલીને પહેલી માળા પહેરે, એમાં ઊંડે ઊંડે કાંઈક કીર્તિની કામનાથી પહેલી માળની બોલી બોલીને દેવદ્રવ્યવૃદ્ધિનો ધર્મ આરાધે, તો એ શું પાપાનુબંધી પુણ્ય બાંધશે ? 'ભગવાનની કે ગુરુની પૂજા તો પહેલી કરો કે છેલ્લી કરો, ભાવથી કરનારને લાભ જ છે,' એવું જાણ્યા પછી પણ 'આ બધાની વચમાં હું જ મોટી બોલી બોલીને પહેલી પૂજાનો લાભ લઉં' આવી ઊંડે ઊંડે કીર્તિની કામનાથી પ્રભુપૂજા કે ગુરુપૂજનાદિની બોલીઓ બોલનારા અને અમે દેવદ્રવ્યની વૃદ્ધિ કરનારા શું પાપાનુબંધી પુણ્ય બાંધશે ?

(૨૯) મેતાર્ય મુનિને ઉપસર્ગ કરનાર સોનીએ પાછળથી આખી જીંદગી 'જો હું સાધુપણુ નહીં લઉં, તો શ્રેણિક રાજા મને જીવવા જ નહીં દે,' એવા ભયથી સાધુપણું લઈને પાળ્યું, તો ત્યાં શું પહેલાં મોક્ષનો આશય નહિ હોવાથી એણે



E:/Divya-Darshan(part-11).pmd/prf.5

આખી જીંદગી પાપાનુબંધી પુણ્ય બાંધ્યું હશે ?

(૩૦) શ્રીપાલ જ્યારે ધવલશેઠના વહાણો ચલાવવાના સાંસારિક આશયથી નવપદનું સ્મરણ કરે છે, ત્યારે શું તેમણે પાપાનુબંધી પુણ્ય બાંધ્યું હશે ? શ્રીપાળ જ્યારે પરદેશ જાય છે ત્યારે વિરહવેદના ટાળવા માટે મયણાસુંદરી કહે છે કે 'હું સદા નવપદનું ધ્યાન કરતી રહીશ' તો શું એને પાપાનુબંધી પુણ્યનો બંધ થયો હશે ?

(૩૧) પટ્ટઅશ્વ માટે નેમનાથભગવાનને પ્રથમ ભાવવંદના કરનારા શામ્બે પાપાનુબંધી પુણ્ય બાંધ્યું હશે ?

(૩૨) સાંસારિક ફળના આશયથી વિવિધ પ્રકારના શાસ્ત્રોક્ત તપ કરનારાઓ ચાહે મુગ્ધ હતા કે ન પણ હતા. શું તેઓ બધા તરી ગયાના જે શાસ્ત્રોક્ત દૃષ્ટાન્તો છે, તે પાપાનુબંધી પુણ્ય બાંધીને તરી ગયા ?

(૩૩) તથા, (મરકીના ઉપદ્રવને ટાળવા) મથુરા નગરીમાં ઘેર ઘેર શ્રી જિનમૂર્તિ બેસાડવાનો ઉપદેશ દેનારા મહા મુનિઓએ તે જીવોને ભવાંતરમાં રીબાઈ રીબાઈને મારવા માટે એવો ઉપદેશ આપ્યો હશે ?

**'ગૌતમસ્વામી રાસ' શાસ્ત્ર શું કહે છે ? :-**

(૩૪) તથા, શ્રી ગૌતમસ્વામીના રાસમાં શ્રી વિનયપ્રભ ઉપાધ્યાયજી કહે છે કે **''પરઘર વસતાં કાંઈ કરીજે, દેશ-દેશાંતર કાંઈ ભમીજે, કવણ કાજ આયાસ કરો...**
**''પ્રહ ઊઠી ગોયમ સમરીજે, કાજ સમગ્ગહ તતખિણ સીઝે નવનિધિ વિલસે તાસ ઘરે...''**

**અર્થ :-** શા માટે પારકે ઘેર જઈ વસો છો ? શા માટે દેશ-દેશાંતર ભમો છો ? શા માટે બીજી મહેનત કરો છો ? સવારે ઊઠીને ગૌતમસ્વામી ભગવાનનું નામસ્મરણ કરો, તમારા સઘળા કાર્ય તત્ક્ષણ સિદ્ધ થશે, અને (પ્રભાતે જે ગૌતમસ્વામીને યાદ કરે) તેમને ઘેર નવનિધિ છલકાશે.

શ્રાવકોને કમાવા આદિ માટે દેશ-દેશાન્તર ભમવાને બદલે શ્રી ગૌતમસ્વામી ભગવાનનું નામસ્મરણ કરવાની સલાહ આપનાર રાસકારે શું લોકોને દુઃખી કરવા ને ભવમાં ભટકતા કરવા આવી સલાહ આપી હશે ?

એક વાત ખાસ ધ્યાનમાં રાખવાની કે પાપાનુબંધી પુણ્યબંધ નુકસાનકારક હોવાનું તો વજસ્વામી ભગવંત વગેરે ઘણા શાસ્ત્રકાર ઉપદેશકોએ ફરમાવ્યું છે, પણ પાપાનુબંધી પુણ્ય કઈ રીતે જીવો બાંધે એ વિષયની સ્પષ્ટતા ખૂબ જ ઓછા શાસ્ત્રકારોએ કરેલી ઉપલબ્ધ થાય છે, અને એ કોઈ પણ શાસ્ત્રકાર આ લોકના કોઈ ફળની ઈચ્છાવાળા જીવના ધર્માનુષ્ઠાનને પાપાનુબંધી કહેતા નથી; પણ નિયાણું કરનાર અને અજ્ઞાનકષ્ટ કરનાર બ્રહ્મદત્ત કોણિકાદિ જીવોના જ ઉદાહરણો આપે છે. આ સ્થિતિમાં સંસારમાં બધે દેવાધિદેવ અને ધર્મને મુખ્ય કરી ચાલવાના હિસાબે



સાંસારિક ફળની ઈચ્છાએ જીવથી કરાતા ધર્માનુષ્ઠાનને ઝાઝો વિચાર કર્યા વિના કે બીજા સુવિહિત ગીતાર્થ બહુશ્રુતો સાથે ચર્ચા-વિચારણા કર્યા વિના આંખ મીંચીને 'પાપાનુબંધી પુણ્યબંધ'નું લેબલ લગાડી દેનારા મોટું દુઃસાહસ ખેડી રહ્યા છે.

''દિવ્ય-દર્શન''-''અગ્રલેખામૃત'' વર્ષ-૩૩,અંક-૧૬,તા.૨૯-૧૨-૧૯૮૪

## (૪૦) (લેખાંક-૩)

**પ્ર.-** શું સંસારફળની ઈચ્છાવાળા જીવો પરમાત્માની સેવા-ભક્તિ-પૂજા વગેરે ધર્માનુષ્ઠાનો કરે તે અસદ્ અનુષ્ઠાન ના કહેવાય ?

**ઉ.-** બીજા મિથ્યાત્વી દેવ-દેવીની પૂજા કરવાને બદલે કે બીજા અન્યાય-અનીતિના માર્ગે જવાને બદલે, ફક્ત જિનેશ્વરદેવ પર **પ્રેમ અને ભક્તિના** કારણે શ્રી જિનેશ્વરદેવની સેવા-પૂજા કરનારને અસદ્ અનુષ્ઠાનવાળા કઈ રીતે કહી શકાય ? જુઓ,

**ષોડશક શાસ્ત્ર શું કહે છે ? :- ૪ સદનુષ્ઠાન :-**

પૂ. શ્રી હરિભદ્રસૂરિજી મહારાજ 'ષોડશક'માં અનુષ્ઠાનની પ્રરૂપણા એવી કરે છે (૧૦ મુ ષોડશક-શ્લોક-૨) ''તત્ત્વજ્ઞાનીઓએ 'પ્રીતિ-ભક્તિ-વચન અને અસંગ' આ ચાર પ્રકારના સદનુષ્ઠાન કહ્યા છે; એ ચારેય મોક્ષનાં સાધન છે.'' (૧) જેમાં અતિશય પ્રયત્નરૂપ આદર હોય. હિતનો ઉદય કરાવનારી પ્રીતિ હોય, ને બીજાં કામ બાજુ પર મૂકીને કરાય, **પ્રીતિ-અનુષ્ઠાન' છે.** (૨) ક્રિયાથી પ્રીતિ-અનુષ્ઠાન જેવું હોય પણ કરનાર બુદ્ધિશાળી હોય અને વિશેષ ગૌરવપૂર્વક કરતો હોય તો વિશુદ્ધત્તર યોગવાળું એનું અનુષ્ઠાન તે **'ભક્તિ-અનુષ્ઠાન'** (૩) સર્વત્ર ઔચિત્યપૂર્વક શાસ્ત્રાનુસારી પ્રવૃત્તિ તે **વચનાનુષ્ઠાન' છે, કે જે** નિયમતઃ ચારિત્રીને હોય છે. બીજાને નહીં. (પૂ. ઉપાધ્યાયજી મ. જણાવે છે કે આ નિશ્ચયનયનો મત છે, વ્યવહારનયથી, માર્ગાનુસારી જીવ શાસ્ત્ર મુજબ પ્રવર્તે ત્યારે તેને પણ આંશિક વચનાનુષ્ઠાન હોય.) (૪) અભ્યાસના અતિશયથી જિનકલ્પિકાદિ દ્વારા આત્મસાત્ ભાવે જે અનુષ્ઠાન થાય છે તે **'અસંગાનુષ્ઠાન'** કહેવાય.

હવે વિચાર કરો કે માર્ગાનુસારી વગેરે જીવો જિનવચનને અનુસરીને જે ધર્મ આરાધે તે આંશિક વચનાનુષ્ઠાન; પણ જિનવચનની અવજ્ઞાનો જેમાં ભાવ નથી, કે વચનાનુસારિતા ન પણ હોય છતાં ભગવાન ઉપર પ્રીતિ અને ભક્તિથી શ્રી નમિ-વિનમિની જેમ 'માગું તો ભગવાન પાસે જ' એવા ભગવાન પરના પ્રેમ-

બહુમાન વગેરેથી સાંસારિક વસ્તુની કામનાથી પણ ધર્માનુષ્ઠાન કરે, તો તે અનુષ્ઠાનને પ્રીતિ-ભક્તિરૂપ સદનુષ્ઠાન કેમ ના કહેવાય ? 'આપણે જૈન છીએ તો પછી અન્યાય, અનીતિ કે મિથ્યાત્વી દેવ-દેવીની પૂજા કરવાને બદલે આપણા ભગવાનને જ કેમ ન પૂજીએ ?' એવા ભવ્ય આશયવાળા જીવોના ધર્માનુષ્ઠાનને અસદ્ અનુષ્ઠાન કે પાપાનુબંધી કહેવાનો દુરાગ્રહ સેવનારાઓએ ખરેખર સદ્નુષ્ઠાનનો મર્મ સમજવાની જરૂર છે.

પ્રીતિ અને ભક્તિથી ભગવાનની પૂજા કરનારા શ્રાવક વગેરેને "આ લોકો તો ગમે એટલું કહીએ તો પણ અમે તો બાયડી-છોકરા ને પૈસા-ટકા માટે જ ધર્મ કરવાના આવું જ કહેવાના" 'આવા અદ્ધરિયા આક્ષેપો મૂકીને જે લોકો વગોવે છે એ શ્રાવકોની આશાતના કરે છે કે નહીં ?' એ ખાસ વિચારો, **કોઈ એકાદ ગૃહસ્થ એવું બોલી ગયો હોય કે અમે તો બાયડી-છોકરા માટે જ ધર્મ કરવાના-એ વાત બધાને લાગુ પાડી દેવામાં કાંઈ સાર છે ખરો ?**

**પ્ર.**- તો શું પૈસા-ટકા કે પરલોક માટે ધર્મ કરે, ને મોક્ષનો આશય ન રાખ્યો હોયે તેઓ જે ધર્મ જ નથી કરતા એના કરતાંય વધારે ભૂંડો છે એવું ના કહેવાય ?

**ઉ.**- એવું બોલનારાઓ શાસ્ત્રો ભૂલીને આવેશમાં આવ્યા હોય તો જ એવું બોલી શકે. જુઓ,-

**તત્ત્વાર્થ શાસ્ત્ર - મંગળકારિકા શું કહે છે ? :-**

(૩૬) તત્ત્વાર્થ શાસ્ત્રકાર શ્રી ઉમાસ્વાતિજી મહારાજ તો એની મંગળકારિકામાં છ પ્રકારના જીવોમાં 'ઊભયલોકના હિત માટે કે પરલોકના હિત માટે ધર્મક્રિયા કરનારાઓને અધમાધમ કે અધમ નહીં કહેતાં વિમધ્યમ અને મધ્યમ કક્ષામાં મૂકી રહ્યા છે; ત્યારે આપણને કોણે પરવાનો આપ્યો કે આપણે ઇહલોક-પરલોક માટે ધર્મ કરનારા એ જીવોને અધમાધમ કે અધમ કરતાં પણ ભૂંડા કહી દઈએ ? બીજાં શાસ્ત્રોનો ખ્યાલ રાખ્યા વિના આવું સભામાં બોલાય કેવી રીતે ? **એવું બોલનારને ષટ્ પુરુષની પ્રરૂપણા કરનારા શ્રી ઉમાસ્વાતિ મહારાજ કે શ્રી સિદ્ધર્ષિગણી મહારાજ વગેરેની આશાતનાનો ભય હશે કે નહિ તે જ્ઞાની જાણે**

(૩૭) **પ્ર.**- પણ સભામાં બેઠેલા બધા તો સમજદાર જ હોય ને ? ને સમજદાર આગળ તો એમજ કહેવાય ને કે દુન્યવી સુખ માટે ધર્મ કરનાર કરતાં ધર્મ ન કરનાર સારો ?

**ઉ.**- બધા શ્રોતા સમજદાર હોવાનું કઈ રીતે માની લેવાય ? જૈન સાધુની સભામાં બધા પ્રકારના જીવો હોઈ શકે છે. એટલે તો નિશ્ચયનયના લક્ષવાળી એવી



વ્યવહારનયની શૈલીથી પ્રરૂપણા કરવાનું શાસ્ત્રો ફરમાવે છે. માટે વક્તાએ એ રીતે પ્રરૂપણા કરવાની કાળજી કરવાની હોય છે. જો બધાને સમજદાર જ માન્યા છે તો 'તમને સુખ ભૂંડું લાગ્યું છે ?' એમ વર્ષોથી એકનો એક જ એકડો ઘુંટાવવો પડે ? એકડો તો બાળકને ઘુંટાવાય કે ભણેલા સમજેલાને ?

**પ્ર.**- તો જે સભાને ઉદ્દેશીને "તમે બધા કાંઈ બાળ નથી સારા છો, સમજી શકો તેવા છો, ધંધા ધાપા મૂકીને અહીં આવો, રાજસત્તાને હંફાવો છો, ભલભલાને ઠગો છો, લાખ કમાઈને દશ હજાર બતાવો છો, આવા તમને **'બાળ'** માનનારા પાટ પર ચડી બેસનારા બેવકૂફ છે" આવું બોલનારા ગીતાર્થ કહેવાય ?

**ઉ.**- કેવા વિચિત્ર પ્રતિપાદન થઈ રહ્યા છે ? પહેલી વાત તો એ, કે એક બાજુ 'તમે સારા છો' એમ કહેવું અને બીજી બાજુ 'ભલભલાને ઠગો છો' વગેરે કહેવું, એમાં સ્પષ્ટ પરસ્પર વિરોધ છે.

બીજી વાત આપણે કાંઈ સભામાં બેઠેલા બધાને બાળ માનવાના છે જ નહીં. એમાં મધ્યમે ય હોય, ને પ્રબુદ્ધ પણ હોય. બાકી આજની સભામાં બે-ચાર કે દશ-બાર પ્રબુદ્ધ હોય તો તે પણ આનંદની વાત છે.

ત્રીજી મહત્ત્વની વાત એ છે કે કોઈ માણસ રાજક્ષેત્રમાં રાજસત્તાને હંફાવે કે ધંધાના ક્ષેત્રમાં લાખો રૂપિયા કમાઈ બતાવે, એટલા માત્રથી શું એને અહીં ધર્મક્ષેત્રમાં પણ આપણે 'પ્રબુદ્ધ' હોંશિયાર માની લેવા ? થોડો વિચાર તો કરો કે ગમે એવો હોંશિયાર વકિલ હોય પણ દાક્તરી ક્ષેત્રમાં એ કેવો ? બાળ કે પ્રબુદ્ધ ? ગમે તેવો કુશળ રાજનેતા હોય, પણ તેને જ્યોતિષાદિ ક્ષેત્રમાં કેવો કહીશું ? બાળ કે પ્રબુદ્ધ ? ગમે તેવો વ્યાકરણ-કાવ્ય-કોશ ભણેલો હોય પણ તર્કશાસ્ત્રનાં ક્ષેત્રમાં એને કેવો માનશું ? બાળ કે પ્રબુદ્ધ ? એવાને પ્રબુદ્ધ માનનારા થાપ જ ખાય કે બીજું કાંઈ ? તો એવી જ રીતે ગમે તેવા કુશળ વેપારી-વાણિયા હોય પણ તેઓને જો વારેઘડીએ "તમે તો ધર્મનો કક્કો પણ સમજતા નથી, પચાસ પચાસ વરસથી તમને આ વાત કહેવાય છે તો પણ તમે એવા ને એવા રહ્યા, તમારે લોકોને કાંઈ સમજવું જ નથી...તમને લોકોને હજુ મારી વાત બરાબર જોઈએ એવી બેઠી નથી માટે વર્ષોથી મારે તમને એકની એક વાત કર્યા કરવી પડે છે" આવું વારંવાર જે ઉપદેશકને કહ્યા કરવું પડતું હોય, તેમની સભામાં બેઠેલાને બધાને બાળ માનવા કે સમજદાર ?

જૈનધર્મની વાતો કરનારે તો ખાસ સમજી રાખવું જોઈએ કે જીવોનાં ક્ષયોપશમ વિચિત્ર હોય છે. સારામાં સારી પ્રતિભાવાળા કવિને પણ ગણિત ભણાવીએ તો કંટાળીને ઊઠી જશે. કોઈનો ક્ષયોપશમ ઇતિહાસના વિષયમાં ઘણો ઊંડો દેખાશે;

પણ એને પૂછો કે વિજ્ઞાનના વિષયમાં કેમ છે ? તો એ કહેશે કે 'સ્કૂલમાં વિજ્ઞાનનો વિષય આવે એટલે મારું માથું દુઃખી જતું હતું.' એ જ રીતે જે લોકો ધંધામાં આજે ખૂબ પાવરધા છે તેમને પૂછો કે 'તમે કેટલું ભણ્યા છો ?' તો ઘણા કહેશે કે 'સ્કૂલમાં તો મને કાંઈ આવડતું જ નહોતું એટલે આઠમા ધોરણથી જ ઊઠી ગયેલો.' ક્ષયોપશમ કોઈ એક ક્ષેત્રમાં સારો હોય એટલે બધા ક્ષેત્રમાં અને ધર્મનાં ક્ષેત્રમાં પણ સારો હોય જ, આવો હઠાગ્રહ આપણાથી રાખી શકાય ખરો ? ધંધાના કે ઘર સંભાળવાના ક્ષેત્રમાં ભલે ગૃહસ્થોનો ક્ષયોપશમ જોરદાર હોય, પણ એટલા માત્રથી ધર્મની વાતો સમજવામાં પણ એનો ક્ષયોપશમ જોરદાર હોવાનું માની લેનારા શાસ્ત્ર સત્ય તો શું પણ વ્યવહાર સત્યનો ય અપલાપ કરી રહ્યા છે. સારામાં સારા ભણેલા વકિલો કે ડોક્ટરોને પણ વ્યાખ્યાનમાં ઝોકા ખાતાં આપણે ક્યાં નથી જોયા ? આ સ્થિતિમાં ફક્ત આગળ બેઠેલા કે હા...જી...હા કર્યા કરનારાને લક્ષમાં રાખીને આપણે મોટી મોટી નિશ્ચયનયની વાતો કરવા બેસીએ એ તો 'મને જ શાસ્ત્ર મુજબ બોલતાં આવડે છે, પણ બીજાને નહીં,' એવા મિથ્યા અભિનિવેશની નિશાની છે.

**શ્રમણસૂત્ર શું કહે છે ? :-**

(૩૮) વળી એક વાત એ છે કે જેઓનાં મોંઢામાંથી ભાષણમાં પણ વારેઘડીએ 'બેવકૂફ'...'ભિખારી'...'લુચ્ચા' વગેરે શબ્દોની ગંગા વહ્યા કરતી હોય, રોજ રોજ આવા અસભ્યપ્રાયઃ શબ્દોની રટના ચાલુ રહેતી હોય, તેમને અંતકાળે શું યાદ આવશે ? મોક્ષ કે પછી બેવકૂફ ? 'આપત્તિકાળે સહાય જેની તેની પાસે નહિ પણ પ્રભુ પાસે જ માંગવા'ના નિર્ધારવાળા અને પ્રભુ પાસે જ સહાય માગનારા શ્રાવકોને 'ભિખારી' કહીને વગોવવામાં **'શ્રમણસૂત્ર'** મુજબ શ્રાવકની આશાતનાનું પાપ કેમ ન લાગે ? ખરી વાત એ છે કે આવા ભાષણ કરનારા ભલે જેમ ફાવે તેમ મરજી મુજબ બોલ્યા કરે, આપણે એની બહુ પરવા કરવાની જરૂર જ નથી, આપણે તો સર્વજીવોનું હિત ઇચ્છનારા છીએ એટલે કદાચ કોઈ આવું આપણા માટે બોલે તો તે પ્રેમપૂર્વક સાંભળી લેવું... આપણે પણ સમજીએ છીએને કે 'કડવાં ફળ છે ક્રોધનાં'...જેના અંતરમાં કષાયોની આગ ભડકે બળી રહી હોય તેઓ આવેશમાં આવી પોતાનું સ્થાન ભૂલીને આવું બોલી પણ નાખે... આપણે તો એમના હૈયા ઉપર શાસ્ત્રીય સત્યો અને શાસ્ત્રપાઠોના નીરનું પ્રેમાળ અને કોમળ હૈયે સિંચન જ કરવાનું હોય. તેમજ આપણે સૌએ પણ એ સાવધાની રાખવાની છે કે ભૂલે ચૂકે પણ કોઈની નિંદા ન થઈ જાય, કોઈના પણ પ્રત્યે કષાય કે દુર્ભાવ ના થઈ જાય. એટલું જ નહિ, પણ જેઓએ ભૂતકાળમાં ભગવાનના



શાસનની ખૂબ સારી સેવા બજાવી હોય, અનેકોના ઉદ્ધાર કર્યા હોય, એમનાં એ સુકૃતની અનુમોદના જ કરીએ. બાકી તો જે મિથ્યાત્વાદિ કર્મથી પીડાઈ રહ્યા હોય એવા શ્રાવક કે સાધુની ભાવદયાને બદલે નિંદા-તિરસ્કારમાં ઊતરવાની ભૂલ તો ક્યારેય પણ ન કરીએ. તથા જે સાચી હકીકત સમજાવે તે બરાબર સાંભળી, એના ઉપર બીજાઓ તેના માટે શું કહે છે એ પણ ધ્યાનમાં રાખીને, બધી બાજુથી વિચાર કરી તેનો સાર ગ્રહણ કરતા શીખીએ. નહીં તો વન-સાઈડેડ એક જ પક્ષતરફી વાતો પકડી લઈને કદાગ્રહમાં ઊતરી પડવાના પાપમાં જોખમ ઘણું ઊભું છે. જે પુણ્યાત્માઓ મોક્ષ માટે જ ધર્મ કરે છે એને બધા જ શાસ્ત્રકારો ઉત્તમ માને છે, પણ મોક્ષ સિવાયના આશયથી ધર્મ કરનારા અધમાદિ કરતાં પણ ભૂંડા છે' એવું કોઈ જ શાસ્ત્રકાર કહેતા નથી. અગર પૂછો-

**પ્ર.**- તમે આવું બધું કહો છો ત્યારે કેટલાક તમને કહે છે કે 'તમે સમકિત મોહનીયના ઉદયથી પીડાઓ છો' એ વાત સાચી ?

**ઉ.**- એ કહેનારા ક્યારેક તો મિથ્યાત્વના ઉદયથી પીડાવાની વાત કરે છે, અને ક્યારેક સમકિત મોહનીયના ઉદયથી પીડાવાની વાત કરે છે. તો તમે બેમાંથી શું સાચું માનશો ? સમકિત મોહનીયનો ઉદય તો આવકારપાત્ર-સ્વાગત કરવા લાયક છે. કેમકે સમકિત મોહનીયના ઉદયથી જ ક્ષયોપશમ-સમ્યક્ત્વ હોય છે. એનાથી કોઈ પીડાતું કહેવાય ખરું ?

**પ્ર.**- કેટલાક 'સમકિત મોહનીય પરિહરું'નો આધાર લઈને સમકિત મોહનીય ફેંકી દેવાની વાત કરે છે એ સાચું ?

**ઉ.**- સમકિત મોહનીયનો ઉદય તો ક્ષાયિક સમ્યક્ત્વ પ્રગટ કરાશે ત્યારે એની મેળે ટળવાનો છે, એ પહેલાં જે લોકો એને ફેંકી દેવાની વાત કરે છે તે શું સમજીને કરતા હશ તે જ્ઞાની જાણે. મિથ્યાત્વનો ઉદય તો ભયંકર છે. અને હાલ આપણે ક્ષાયિક સમકિત તો પામી શકીએ તેમ નથી, તેથી ક્ષયોપશમ-સમકિતથી જ કામ ચલાવવું પડે; ને એમાં સમકિત મોહનીયકર્મ ઉદયમાં હોય જ, ઉદયમાં રાખવું જ પડે. હવે જો સમકિત મોહનીયને ફેંકી જ દેવાનું હોય, તો શું મિથ્યાત્વે જવું છે ? સમકિત મોહનીયના ઉદય વિના ક્ષાયોપશમિક સમ્યક્ત્વ કઈ રીતે રહે એટલુંય વિચારવું નથી ? મુહપત્તિના બોલમાં જે સમકિત મોહનીય પણ પરિહરવાનું કહ્યું છે, ત્યાં તો સમ્યક્ત્વના અતિચારો વર્જવાનું કહ્યું છે, આટલો ય વિવેક ન આવડે, એ નિર્વિવેકી 'સ્નેહરાગ પરિહરું'માં શું કહેશે ? શું ભગવાન, ભગવાનનું શાસન, સંઘ, સાધર્મિકો, ને ધર્માનુષ્ઠાનો, આ બધા ઉપરનો સ્નેહરાગ પણ અત્યારે ફેંકી દેશે ? દાન-શીલ-તપ-જ્ઞાનાદિ માટેના લોભાદિ કષાયો પણ ત્યજી દેશે ? શા



E:/Divya-Darshan(part-11).pmd/prf.5

માટે આવી ઉટપટાંગ ધડ-માથા વિનાની વાતો કરતા હશે ? જેને શાસ્ત્રસિદ્ધ સમ્યક્ત્વની જરૂર ના હોય અને સમ્યક્ત્વની સ્વકલ્પિત મનમાની વાતો કરીને વાસ્તવિક શાસ્ત્રપ્રસિદ્ધ સમ્યક્ત્વથી આઘા જ રહેવું હોય અને ભોળા જીવોને બહેકાવી આ ઉન્માર્ગમાં પડે, તેમજ બુદ્ધિશાળી જીવો જાતની કાનપટ્ટી પકડે, વળી શ્રોતાઓ સદા લઘુતાગ્રંથિમાં જ પકડાયા રહે અને આ વક્તા સિવાય બીજાઓ શાસ્ત્રના અજાણ, ઉત્સૂત્રભાષી, હલકા...' વગેરે માનતા રહે, એવી જ વાતો શાસ્ત્રકારોના નામે કરવી હોય, તેમજ અનેક શાસ્ત્રના વિરોધો આવે એવી પ્રરૂપણા ચાલુ રાખવી હોય, એની તો આપણે દયા જ ચિંતવવી રહી. એવાઓ એવા સેંકડો લેખો લખે, કે ભાષણો કરે, તો પણ સુજ્ઞજનો એને આવકારવાના નથી, શાસ્ત્રના ચુસ્ત રાગીઓ ક્યારે પણ એને શાસ્ત્રસંમત માનવાના નથી, તેમજ સમકિતના ખપીજનો ક્યારેય પણ ક્ષયોપશમ સમકિતમાં અતિ જરૂરી એવા સમકિત મોહનીયના ઉદયને ફેંકી દેવા તૈયાર થવાના નથી.

**ધર્મપુરુષાર્થની પ્રધાનતા અંગે અનેક શાસ્ત્રો શું કહે છે :-**

મારે તો એ કહેવું છે કે ધર્મપુરુષાર્થને કોઈ જ દયાળુ શાસ્ત્રકારોએ વગોવ્યો નથી, એટલું જ નહીં પણ પ્રાયઃ બધા જ મહાદયાળુ પૂર્વાચાર્ય ભગવંતોએ ધર્મપુરુષાર્થને ખૂબ ખૂબ વખાણ્યો છે. કેટલાય શ્રી સિદ્ધર્ષિગણી મહારાજ, શ્રી મુનિચંદ્રસૂરિજી મહારાજ, શ્રી કલિકાલ સર્વજ્ઞ હેમચંદ્રસૂરિજી મહારાજ...વગેરે **અનેક મહાપુરુષોએ મોક્ષ કરતાં પણ ધર્મ પુરુષાર્થને પ્રથમ ગણાવી ચઢિયાતો બતાવ્યો છે.** દા.ત.

**'ઉપમતિ'** માં માત્ર અર્થ-કામ અને ધર્મ એ ત્રણ જ પુરુષાર્થ ગણાવ્યા પછી કહ્યું કે "જો કે ચોથો મોક્ષ પુરુષાર્થ છે, પણ એ તો ધર્મનું જ કાર્ય છે એટલે પરમાર્થથી ધર્મ જ પ્રધાન પુરુષાર્થ છે."

વળી **'યોગશાસ્ત્ર'**માં મોક્ષ પુરુષાર્થને અગ્રણી કહ્યો છે, છતાં ત્યાં પણ લખ્યું છે કે 'મોક્ષ એ જ અર્થ છે અને એનું કારણ ધર્મ છે.' એનો ભાવ પણ એ જ છે કે ભલે મોક્ષ એ જ એક અર્થ યાને પ્રયોજન હોય, છતાં સમજી રાખો કે એ ધર્મથી જ સિદ્ધ થશે. માટે જીવનમાં નિકટનું પ્રયોજન ધર્મ છે.

વળી એ જ યોગશાસ્ત્રકાર ત્રિષષ્ઠીશલાકા પુરુષમાં ધર્મોપાર્જન કરવામાં તત્પર એવા પુરુષોને શિરોમણિ ભાવે ગણાવે છે. પણ નહિ કે મોક્ષને મુખ્ય પુરુષાર્થ માની ધર્મમાં નિરુદ્યમી રહેનારને. તદુપરાંત,

ત્રિષષ્ઠી, વગેરે અનેક ગ્રન્થોમાં પૂર્વાચાર્ય ભગવંતોએ જ્યાં જ્યાં કોઈ ભગવાન કે મુનિની દેશનાની વાતો લખી છે, ત્યાં બધે જ પ્રાયઃ ધર્મપુરુષાર્થને જ પેટ ભરી



ભરીને વખાણ્યો છે, તેમજ કલ્પવૃક્ષ વગેરે બધી સારી સેંકડો ઉપમાઓ ધર્મને લગાડીને એને ખૂબ ખૂબ ઉત્તમ કહ્યો છે. એ દેશનાઓમાં શિવસુખ કે મોક્ષ વગેરેના ઉલ્લેખો ય છે, પણ તે છતાં ૧૦૦ એ ૯૦ ટકા જેટલી પૂર્વાચાર્ય મહાપુરુષોની ધર્મદેશનામાં ધર્મપુરુષાર્થના જેટલા ગુણગાન દેખાશે એટલા વિસ્તારથી નામોલ્લેખપૂર્વક મોક્ષપુરુષાર્થના નહીં દેખાય. આનું કારણ શું ? એ જ કે અર્થ-કામ અને મોક્ષ ત્રણેયનું પ્રબળ અને અનન્ય કારણ ધર્મ જ છે. શરબત પીવાનું કહીએ એટલે સામો ભલે એને કદાચ સ્વાદ માટે પીતો હોય પણ પ્રાયઃ એની તરસ પણ મટવાની જ છે. એ રીતે ધર્મપુરુષાર્થને પ્રાધાન્ય આપી ધર્મ કરવાનું કહીએ એટલે એમાં મોક્ષફળની પ્રાપ્તિનો ઉપદેશ તો સમાઈ જ જાય છે, વધુમાં એ લાભ થાય છે કે અર્થ-કામનાપ્રેમી જીવો પણ ધર્મપુરુષાર્થના માર્ગે આવી, ભારેકર્મી હોય તો પણ ધર્મના ક્રિયામાર્ગે આવી શુકલપાક્ષિક થઈને પછી લઘુકર્મી બની ક્રમશઃ મુક્તિમાર્ગે પ્રયાણ કરનારા થાય છે. 'માત્ર મોક્ષપ્રેમી જ હોય તે જ ધર્મશ્રવણને લાયક' એવું કોઈ શાસ્ત્રકારે કહ્યું નથી. ચરમાવર્તમાં આવેલા મુક્તિના અદ્વેષવાળા અર્થ-કામપ્રેમી જીવોને પણ ધર્મશ્રવણ માટે યોગ્ય ગણ્યા છે. એ શ્રી ઉપમતિ-ભવ-પ્રપંચકથા વગેરે ધર્મગ્રંથોમાં સ્પષ્ટ જોઈ શકાય છે. ત્યારે દુઃખની વાત એ છે કે આ પ્રબળ વિદ્વાન પૂર્વ-પ્રતિષ્ઠિત સુવિહિત આચાર્યોની આચરિત ધર્મદેશના પદ્ધતિની સુંદર પ્રણાલિકાને બાજુ પર હડસેલી દઈને વજસ્વામી ભગવંતની દેશના જેવી કોઈ એકાદ દેશનામાં આવતા કોઈ એકાદ શ્લોકનો અર્થ બરાબર સમજ્યા વિના જ જેમણે ધર્મને 'ભૂંડો-ભૂંડો' કહીને મોક્ષપુરુષાર્થ પર એકાન્તવાદમાં તાણી જાય એવો ભાર મૂકી દીધો છે, અને વર્ષોથી એ રીતે ટેવાઈ ગયા છે, એવા ભાષણકારોએ આ શાસનમાં ભારે ગરબડ ઊભી કરી છે એમ આજે ઘણા સુવિહિત આચાર્યોને લાગી રહ્યું છે...જો એ લોકો કોઈ એકાદ પૂર્વાચાર્યની દેશનાને એકાન્તે નહીં પકડતાં, પ્રાચીન અનેક ધર્મશાસ્ત્રોમાં આવતી બધી ધર્મદેશનાઓ સંગૃહીત કરીને એની સાથે પોતાની દેશનાને સરખાવી જોશે તો જરૂર તેમને ઉપર કહેલી વાતની પ્રતીતિ થશે, ખાતરી થશે.

અમારો તો કોઈ પણ બાબતમાં વધારે પડતો બિનજરૂરી અતિઆગ્રહ નથી. ફક્ત એકાન્તવાદગર્ભિત ભારપૂર્વકના જકારગર્ભિત પ્રતિપાદનોની સામે જ અમારી લાલબત્તી છે. એ આ તકે ફરીથી સ્પષ્ટ કરીએ છીએ. કોઈ લાખો પ્રયત્ન કરે તો પણ અનેકાન્ત-પ્રતિપાદક શ્રી જિનવચન અન્યથા થવાનાં નથી. એક શંકા કરાય છે કે-

**પ્ર.**- શાસ્ત્રે તો પછી ઈહલોક-પરલોકની આશંસાથી થતા ધર્માનુષ્ઠાનને વિષ-ગરલ અનુષ્ઠાન કેમ કહ્યા ?



E:/Divya-Darshan(part-11).pmd/prf.5

ઉ.- ભલભલાને આવી શંકા થાય એમાં નવાઈ નથી, વળી વર્ષોથી એની એ વાત એકની એક જ રીતે ઉપર ઉપરથી વાંચી કે સાંભળી હોય એટલે એવો પાકો નિર્ણય પણ કોઈને થઈ ગયો હોય તો આશ્ચર્ય નથી. ખરી વાત એ છે કે દરેક શાસ્ત્રવાક્ય ખૂબ ઊંડાણથી આજુ-બાજુનોં સંદર્ભ તપાસીને, તથા શાંતિથી બીજા ગ્રન્થકારો એ અંગે શું જણાવે છે એ બધાને ન્યાય આપીને, વિચારવું જોઈએ. એ રીતે જો વિચારાય તો કદાગ્રહમાં તણાવાનું નહીં થાય. બાકી એ રીતે વિચાર્યા વિના કદાગ્રહ પકડી રખાતો હોય, અને પાછું મનાતું હોય કે 'વર્ષોથી મારી પાછળ ગ્રહ પડ્યો છે, (જે શાસ્ત્રના નામે વાતો કરે છે,) પણ તે મેં ધોળી પીધો છે,' તો ધોળી પીધાનો અર્થ એ કે મારે કદાગ્રહ મૂકવાનો છે જ નહિ, સંસારમાં પણ આવું બનતું હોય છે કે જો કોઈ ખોટી મમતવાળાની પાછળ એંનો કદાગ્રહ મૂકાવવા કોઈ હિતૈષી દા.ત. નાદાન કદાગ્રહી દીકરા પાછળ બાપ પૂંઠે પડી જાય, જો એ કદાગ્રહી દીકરાને એ હિતૈષી બાપ ગ્રહરૂપ લાગે છે. એવું અહીં પણ લાગે એ બનવાજોગ છે. વધારે દુઃખની વાત તો એ છે, કે જો આવો કોઈ ગ્રહ લાગુ પડ્યો લાગતો હોય તો શાસ્ત્રો જોવા વિચારવા જોઈએ, પણ એ કર્યા વિના જો દાવો રખાય કે ગ્રહને ઘોળી પીવામાં આવ્યો છે તો તે ઘણું ખેદજનક કહેવાય. કદાગ્રહ આમે ય સારો નહીં, તો પછી એને નિવારનારા ગ્રહને ઘોળી પીનારની કઈ દશા થાય ? કદાગ્રહ બાજુ પર મૂકીને વિચારીએ કે-

**વિષ-ગરલક્રિયા અંગે યોગબિંદુશાસ્ત્ર શું કહે છે ? :-**

પૂજ્ય હરિભદ્રસૂરિજી મહારાજે વિષ-ગરલ અનુષ્ઠાનની પ્રરૂપણા જૈનમતે કરી છે ? કે અન્ય મતે ? યોગબિંદુની શ્લો૦ ૧૫૪ની વ્યાખ્યામાં શ્રી મુનિચન્દ્રસૂરિજી મહારાજ સ્પષ્ટપણે એને પાતંજલમત કહી રહ્યા છે. બીજું, પતંજલિએ એને કાળભેદ પાડીને કહ્યા નથી, જ્યારે જૈન શાસ્ત્રકાર એના ઉપરની મીમાંસામાં સ્પષ્ટ કહે છે કે વિષ-ગરલ અનુષ્ઠાન સામાન્યથી અચરમાવર્તકાળમાં હોય, અને વિશેષથી ચરમાવર્તકાળમાં મુક્તિના દ્વેષવાળાને હોય. મુક્તિના અદ્વેષવાળાને ચરમાવર્તકાળમાં પ્રાયઃ તદ્હેતુ (અને આગળ વધતાં અમૃત) અનુષ્ઠાન હોય. આમાં મુખ્યત્વે ચરમાવર્તકાળમાં સહજમલની અલ્પતાને કારણે જન્મેલા મુક્તિના અદ્વેષને અથવા કંઈક મુક્તિના અનુરાગને કારણ તરીકે બતાવ્યો, નહીં કે એકાન્તે મુક્તિના અનુરાગને. તો હવે ચરમાવર્તમાં આવેલો જીવ ભલે કદાચ એ ઇહલૌકિક કાર્યની ઈચ્છાથી પણ ધર્માનુષ્ઠાન કરતો હોય, તો પણ એને વિષ-ગરલ અનુષ્ઠાન કઈ રીતે કહેવાય ? 'બત્રીશ-બત્રીશી' શાસ્ત્રની મુક્તિ-અદ્વેષ-પ્રાધાન્યનામની ૧૩મી બત્રીશીમા શ્લો. ૨૦-૨૧ ની વ્યાખ્યામાં શ્રી ઉપાધ્યાયજી મહારાજ પણ સ્પષ્ટપણે કહે છે કે,-



**'દ્વાત્રિંશદ્-દ્વાત્રિંશિકા' શું કહે છે ? :-**

**अपि बाध्या फलापेक्षा सदनुष्ठानरागकृत् ।**
**सा च प्रज्ञापनाधीना मुक्त्यद्वेषमपेक्षते ॥**

**અર્થ :-** સૌભાગ્યદિફલની વાંછા પણ બાધ્યસ્વભાવવાળી તથા સદનુષ્ઠાનનો રાગ કરાવનારી હોય છે; અને તે ફલાપેક્ષાની બાધ્યતા ઉપદેશાધીન હોઈને કારણરૂપે મુક્તિ-અદ્વેષને સાપેક્ષ છે. આ રીતે ચરમાવર્તમાં મુક્તિઅદ્વેષના પ્રભાવે, સાંસારિક ફલની આકાંક્ષા પણ બાધ્ય કોટિની અર્થાત્ ભવિષ્યમાં નાબૂદ થનારી હોય છે. એટલે એ ધર્માનુષ્ઠાન બાધ્યકક્ષાની સાંસારિક ફલની આકાંક્ષાથી થવા છતાં ય, એમાં અભવ્યના ધર્માનુષ્ઠાન કરતાં ઘણો ભેદ છે, અને તેથી એ વિષ કે ગરલ અનુષ્ઠાન બનતું નથી, પણ તદ્હેતુ જ બની રહે છે. ઉપરની વાત તથા આવા શ્રી ઉપાધ્યાયજી મ.ના ટંકશાળી વચનોને અવગણીને એ બાધ્યકક્ષાની ફલાકાંક્ષાવાળા અનુષ્ઠાનોને વિષ-ગરલમાં કોઈ ખપાવતું હોય, એમના ધ્યાન ઉપર લાવ્યા પછી પણ જો એ કદાગ્રહ છોડવા તૈયાર ન થાય તો ભવિતવ્યતાને જ દોષ દેવો રહ્યો. નિયાણું વગેરે કરનારા બ્રહ્મદત્ત વગેરે ચરમાવર્તમાં હોવા છતાં તેમની ફલાકાંક્ષા એવી તીવ્ર લંપટતાવાળી હતી કે જેને બાધ્યકક્ષામાં ગણી શકાય નહીં. તેમજ જે લોકો ચરમાવર્તમાં હોવા છતાં વિષયસુખના અતિશય લંપટ હોય અને તે માટે જ આટામાં લૂણ જેટલો ધર્મ માંડ માંડ ભક્તિ-ભાવ-વિસ્મયાદિ વિના જ કરતા હોય, તો તેઓની પણ તે ફલાકાંક્ષા બાધ્યકક્ષામાં ન ગણાય એટલે આવા તીવ્ર વિષયસુખની આકાંક્ષાવાળા હોય એવાના અથવા તો ચરમાવર્તમાં પણ અત્યંત અનાદરથી ધર્મ કરતા હોય એવાનાં ધર્માનુષ્ઠાન તદ્હેતુરૂપ બનવાને બદલે વિષાદિરૂપ બને એમાં કાંઈ નવાઈ નથી. માત્ર ચરમાવર્તમાં આવી જવા માત્રથી ધર્માનુષ્ઠાન તદ્હેતુ કે અમૃત તુલ્ય બની જાય એવો એકાન્ત નથી, પરંતુ **'મુક્તિ-અદ્વેષના પ્રતાપે બાધ્યકોટિની ફલાકાંક્ષાથી થતાં અનુષ્ઠાનો તદ્હેતુરૂપ બને છે. વિષાદિરૂપ નહીં,'**- એ જ આ પ્રતિપાદનનો મુખ્ય હેતુ છે. માટે 'આશય શુદ્ધિનું કાંઈ મહત્ત્વ જ નથી અથવા આશય સર્વથા ગૌણ છે,' એવું કોઈએ સમજી લેવાની ગંભીર ભૂલ કરવી જોઈએ નહિ. શાસ્ત્રકારભગવંતોએ જ્યાં અચરમાવર્તકાળ અને ચરમાવર્તકાળ એમ કાળભેદને મુખ્ય દેખાડ્યો છે, ત્યાં જ આ વાત લાગુ પડવાની છે.

જો મોક્ષના આશય સિવાયના આશય માત્રથી ધર્માનુષ્ઠાન એકાન્તે વિષ-ગરલ બની જતું હોત તો શ્રી હરિભદ્રસૂરિ મહારાજ પંચાશકમાં સૌભાગ્ય વગેરે સાંસારિક ફળના ઉદ્દેશવાળા તપોની રજૂઆત કરત જ નહીં. એ તપ 'વિશેષતઃ'

મુગ્ધજીવો માટે ભલે કહ્યાં હોય, પરંતુ 'સામાન્યતઃ' તે તે ફળના અર્થી બધાને માટે તે તપોનું વિધાન છે, એટલે તો એમણે 'વિશેષતઃ મુગ્ધલોકે' એવો શબ્દપ્રયોગ કર્યો. નહીં તો 'મુગ્ધ જીવાનામેવ' એવો 'મુગ્ધ જીવોમાં જ' એમ જકારપૂર્વક પ્રયોગ કર્યો હોત. જૈનધર્મમાં વ્યવહારનયથી કોને તપ કહેવાય એ સ્પષ્ટ કરવા માટે શ્રી હરિભદ્રસૂરિ મહારાજે ૧૯ મા પંચાશકમાં શ્લો. ૨૬માં ચોક્ખું જણાવ્યું છે કે

**પંચાશકશાસ્ત્રમાં તપની વ્યાખ્યા :-**

**जत्थ कषायणिरोहो बंभं जिणपूयणं अणसणं च ।**
**सो सव्वो चेव तवो विसेसओ मुद्धलोयंमि ॥**

**અર્થ :-** જેમાં કષાય ઉપર કાપ, બ્રહ્મચર્યપાલન, જિનપૂજા, અને ભોજનત્યાગ આ ચાર અંગો હોય તે બધા 'તપ' જ કહેવાય. મુગ્ધ જીવો માટે તો ખાસ.

જૈન તપની આ વ્યાખ્યા સમજનારા, સંસાર ફળના આશયથી થતા ઉપરોક્ત ચાર અંગવાળા તપધર્મને 'ભૂંડો ભૂંડો' કહીને શો સાર કાઢતા હશે તે જ્ઞાની જાણે.

અહીં એક પ્રાસંગિક વાત પણ સમજવાની જરૂર છે કે જૈનમાર્ગનો તપ કોને કહેવાય એની ઓળખ માટે પૂ. શ્રી હરિભદ્રસૂરિજી મહારાજે અહીં અલબત વ્યવહારનયને અનુસરીને તેની વ્યાખ્યા આપી છે, પરંતુ એથી એમને એમ કહેવું નથી કે 'આ ચાર લક્ષણવાળો તપ મોક્ષના હેતુથી નહિ કિન્તુ લૌકિક હેતુથી કરે તો તે અધર્મ છે, ભવવર્ધક છે, ભૂંડો છે.' આમ કહેનારા સ્પષ્ટપણે શાસ્ત્ર અને શાસ્ત્રકારનો દ્રોહ કરી રહ્યા છે; કેમકે શાસ્ત્રકારે તો ચોક્ખું કહ્યું છે કે 'સો સવ્વો ચેવ તવો' એ બધો તપ જ-જિનશાસનનો તપધર્મ જ છે,' એને અધર્મ કે ભવવર્ધક યા ભૂંડો કહ્યો જ નથી, ભલે લૌકિક હેતુથી કર્યો હોય. આમ વ્યવહારનયને અનુસરીને તપધર્મ કોને કહેવાય એ બતાવ્યું.

**'જ્ઞાનસાર' શાસ્ત્રમાં તપની વ્યાખ્યા :-**

બીજી બાજુ નિશ્ચયનયને અનુસરીને શુદ્ધ તપની વ્યાખ્યા કરતાં, પૂ. ઉપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજ જ્ઞાનસારના ૩૧ મા અષ્ટકમાં આ છઠ્ઠા શ્લોકમાં ભોજનત્યાગને બદલે સાનુબંધ જિનાજ્ઞા ઉમેરીને એને શુદ્ધતપ હોવાનું જણાવે છે,

**यत्र ब्रह्म जिनार्चा च कषायाणां तथा हृतिः ।**
**सानुबन्धा जिनाज्ञा च तत् तपः शुद्धमिष्यते ॥**

જૈનશાસનના સારને પામેલા મહાપુરુષો તો આ બંને વ્યાખ્યાને નય ભેદે પ્રરૂપે છે. પણ કેટલાક એકાંત નિશ્ચયવાદીઓ ઈરાદાપૂર્વક શ્રી જ્ઞાનસારના શ્લોકને



વારંવાર આગળ કરીને પૂ. હરિભદ્રસૂરિજી મહારાજે વ્યવહારનયથી કરેલી વ્યાખ્યાને છૂપાવી એમનો દ્રોહ કરતા હોવાનું દેખાય છે. પણ આ રીતે સત્ય કદી છુપાતું નથી.

**'પંચાશક' શાસ્ત્રમાં વિષયશુદ્ધ અનુષ્ઠાન :-**

તદુપરાંત, એજ ૧૯ માં પંચાશકના ૪૨-૪૩ મા શ્લોકમાં કહ્યું છે.

**विसयसरुवणुबंधेहिं तह य सुद्धं जओ अणुट्ठाणं ।**
**णिव्वाणं भणियं अण्णेहि वि जोगमग्गंमि ॥**

**एयं च विसयसुद्धं एगंतेणेव जं तओ जुत्तं ।**
**आरोग-बोहिलाभाइ पत्थणाचित्ततुल्लं ति ॥**

અર્થ :- બીજાઓએ પણ યોગમાર્ગમાં જો (૧) તીર્થંકર નિર્ગમઆદિ 'વિષય,' (૨) આહાર-ત્યાગ-બ્રહ્મચર્ય-પૂજા-સાધુદાનાદિરૂપ 'સ્વરૂપ', અને (૩) પરિણામ ટકી રહેવા દ્વારા પ્રકર્ષ પ્રાપ્તિરૂપ 'અનુબંધ આ ત્રણેયથી શુદ્ધ અનુષ્ઠાનને નિર્વાણનું કારણ કહ્યું છે, તો પછી જિનેશ્વરદેવોની તો વાત જ ક્યાં ?

સૌભાગ્યાદિ પૂર્વે કહેલા તપો સકલદોષમુક્ત શ્રી જિનેશ્વરદેવો સંબંધી શુદ્ધ વિષયને અનુસરતા હોવાથી એકાન્તે યુક્ત જ છે, **ભલે તે પ્રાર્થનાગર્ભિત હોય !** કારણ કે તે આરોગ્ય-બોધિલાભની પ્રાર્થનાના જેવા જ છે. આવા વિષયશુદ્ધ તપ આદિ અનુષ્ઠાનને સૌભાગ્યાદિ લૌકિક આશયથી કરાતા છતાં, અહીં એને નિર્વાણઅંગ યાને મોક્ષનું કારણ કહે છે, એ નોંધપાત્ર છે.

જો ઈહલૌકિક પ્રાર્થનાગર્ભિત વિષયશુદ્ધ અનુષ્ઠાનો વિષ અને ગરલ બની જતા હોત, તો તે અનુષ્ઠાનોને શ્રી હરિભદ્રસૂરિ મહારાજ જેવા ''એકાન્તે યુક્ત છે.'' એમ કહેત ખરા ? શું અહીં પોતે પોતાના જ યોગબિંદુ ગ્રન્થમાં કરેલી વિષ-ગરલ અનુષ્ઠાનની' વાતો ભૂલી ગયા હોવાનું કોઈ કહી શકશે ખરું ? જે મહાનુભાવો માત્ર હરિભદ્રસૂરિ કૃત યોગબિંદુ કે શ્રી ઉપાધ્યાય યશોવિજયજી મહારાજના કોક ફાવતા ગ્રન્થોમાંથી વિષ-ગરલ અનુષ્ઠાનની વાતોને એકાન્તે પકડી બેઠા છે, તેઓએ આ પંચાશક શાસ્ત્રની વાતો સભા આગળ આજ સુધી કેમ કરી નથી ? હવે કહો કે ''ધર્મ ભૂંડો નહીં, પણ એકાન્તવાદ 'ભૂંડો, એકાન્તવાદની વાસના ભૂંડી; અનેકાન્તવાદ રુડો, અનેકાન્તવાદ ગર્ભિત પ્રરૂપણા રુડી.''

આ સમગ્ર ચર્ચાનો એ જ સાર છે, કે પોતાનું અને બીજાનું કલ્યાણ ઈચ્છનારા ભાગ્યવાનોએ કોઈ પણ શાસ્ત્રની વાત એકાન્તે પકડાઈ ન જાય તે માટે, બીજા શાસ્ત્રમાં તે તે વિષયો અંગે શું શું કહ્યું છે, તેની ખોજ કરવા પુરુષાર્થ આદરવો

જોઈએ. શ્રી જિનેશ્વરદેવની સર્વ આજ્ઞાઓનો સાર બતાવતાં 'ઉપદેશ રહસ્ય'માં પૂજ્ય ઉપાધ્યાયજી મહારાજ એક જ વાત કરે છે કે "જેમ જેમ રાગ-દ્વેષની પરિણતિ ઘટતી આવે તેમ તેમ પ્રવર્તવું, આ જ જિનેન્દ્ર ભગવાનની આજ્ઞા છે." આ સર્વ આજ્ઞાઓની સારભૂત આજ્ઞા સતત લક્ષમાં રાખીને જો આપણે ઉપદેશની ધારા વહેતી કરીએ તો પછી એના ઉપર ભલે બીજાઓ ગમે તેટલા અસભ્ય શબ્દોમાં પ્રહારો કરતા રહે, તો ય આપણું એનાથી કાંઈ બગડી જવાનું નથી. બને ત્યાં સુધી નિષ્ફળ ચર્ચાથી દૂર રહેવું. કોઈ વાર ન છૂટકે દુખાતા હૈયે ચર્ચા કરવી પડે, તો એ ચર્ચા કરતાં પણ આપણા હૈયામાં કદાગ્રહ કે અભિનિવેશ અથવા બીજાઓ પ્રત્યે દ્વેષ-તિરસ્કારનો ભાવ ન આવી જાય, તેનો જ ખાસ ખ્યાલ રાખવાનો. ઉપરના સમગ્ર પ્રતિપાદનમાં પણ આ જ ભાવની અનુવૃત્તિ જાણવી, અને બીજાઓ જે કાંઈ કહેતા હોય, તે જો શાસ્ત્રોને બરાબર અનુસરતું હોય, અથવા શાસ્ત્રથી જરાય વિરુદ્ધ ન હોય, તો તે નયસાપેક્ષભાવે સ્વીકારવામાં સંકોચ જરાય રાખવો નહિ. એ રીતે આપણે સૌ અરિહંતના અચિંત્ય પ્રભાવે સ્વપરના કલ્યાણ માર્ગે આગળ વધીએ એવી પરમાત્માને પ્રાર્થના. શ્રી જિનાજ્ઞાથી વિપરીત કાંઈપણ કહેવાયું હોય તો...મિચ્છામિ દુક્કડમ્....

"દિવ્ય-દર્શન"-"અગ્રલેખામૃત" વર્ષ-૩૩,અંક-૨૩,તા.૨-૩-૧૯૮૫

## (૪૧) ઈષ્ટફલસિદ્ધિની પહેલાં ભવનિર્વેદ કેમ માગ્યો ? ને ઈષ્ટફળસિદ્ધિ કોને થાય ?

ગણધર ભગવાને 'જયવીયરાય' સૂત્રમાં એક માગણી 'ઈષ્ટફળસિદ્ધિ'ની મૂકી. આની વ્યાખ્યામાં પૂર્વાચાર્ય ભગવંતોએ આ લોકના અર્થાત્ સંસારના ઈષ્ટ કાર્ય સિદ્ધ થવા માટેની માગણી બતાવી. એ જાણીને આજે કેટલાકને ગભરામણ થાય છે કે,-

**પ્ર.**- એમ તો પછી લાલચુડા જીવ સંસારનું બધું જ માગવા નહિ માંડે ?

**ઉ.**- ના, એ ગભરામણ ખોટી છે; કેમકે ગણધર ભગવાને અહીં ઈષ્ટફળસિદ્ધિની માગણી પહેલાં ભવનિર્વેદ અને માર્ગાનુસારિતાની માગણી મૂકી છે એમાં પહેલું 'ભવનિર્વેદ' એટલે સંસાર પર વૈરાગ્ય મંગાવ્યો છે. એ કેમ મંગાવ્યો તે સમજવા જેવું છે. એ સમજાય પછી ઈષ્ટફળથી સંસારનું બધું માગવાની લાલસા



થવાની જગા જ નહિ હોવાનું સમજાશે.

### 'ભવનિર્વેદ' પહેલો કેમ માગ્યો ?

આ સંસારમાં જીવ અનાદિ અનંતકાળથી રખડતો રહ્યો છે એ પોતાના આત્માને ભૂલીને કાયાને અને ઇંદ્રિયોને સુખાકારી સંસારના વિષયોના આંધળા રાગના કારણે રખડતો રહ્યો છે, ને તેથી ચારે ગતિમાં દુઃખી દુઃખી બન્યો રહેલ છે. તેથી જ જ્ઞાની ભગવંતો કહે છે 'આ જગતમાં જો વિષયો ન હોત તો જીવને એના પર રાગ કરી કરી દુઃખી થવાનું રહેત નહિ.' જીવ રાગથી જ દુઃખી થાય છે ને ? પાંચ લાખની મૂડીવાળો પંદર લાખના આશામીને જોઈ મનને ઓછું લાવે છે કે 'આપણે કમનસીબ ! આપણી પાસે પંદર લાખ નહિ.' આ દુઃખ કોણ કરાવે છે ? પંદર લાખનો રાગ કરાવે છે; નહિતર પાંચ લાખમાં પણ સુખે જીવી તો શકે છે. છતાં દુઃખી થાય છે. તે અધિક મૂડીના રાગને લીધે શાસ્ત્રો કહે છે મિથ્યાદષ્ટિ દેવો પણ, છતાં દેવતાઈ સુખે, આમ જ અધિક સમૃદ્ધિવાળા દેવોને જોઈ દુઃખી થાય છે.

આમ, એક તો સંસારના વિષયોના રાગ જીવોને દુઃખી કરે છે, ને એમાં વળી વિષયરાગના માર્યા જંગી પ્રમાણમાં અઢાર પાપસ્થાનક સેવી ભયંકર કર્મ બાંધીને એ કર્મના વિપાકમાં દુઃખી થાય છે. એટલું જ નહિ, એ વિષયોના જાલિમ રાગમાં જીવને ધર્મ સૂઝતો નથી તેથી ધર્મજનિત સમતાસુખ એના નસીબમાં નહિ એટલે દુઃખનો અંત આવતો નથી. રાગ, પાપો, અને દુઃખો એની અનાદિકાળથી અખંડ પરંપરા ચાલી આવે છે. દુઃખનો અંત લાવવો હોય તો, ઉઘાડી વાત છે કે આ જાલિમ વિષયરાગનો ત્યાગ જોઈએ એ માટે પહેલું તો એ વિષયો પર પાકી નફરત થવી જોઈએ ઝેર વરસવું જોઈએ. દા.ત. સારું કમાવી આપનાર ભાગીદારનો મહા વિશ્વાસઘાત દેખી એના પર ઝેર વરસે છે, ને એના પરનો રાગ હટીને હવે એનો ત્યાગ કરવાનું યાને એનાથી ઝટ છુટા થવાનું કરાય છે.

બસ, સંસારના વિષયોને વિશ્વાસઘાતી સમજી એ વિષયો પર ઝેર વરસે; જેને વૈરાગ્ય કહેવાય, એટલે એના શક્ય ત્યાગ કરતા અવાય; તો જ દુઃખનું કારણ ઓછું થતું જાય આ વિષયત્યાગ એ ધર્મ છે, એ સાધવા માટે ભગવદ્ ભક્તિ-વ્રત-નિયમ-દાન-શીલ-તપસ્યા વગેરે ધર્મસાધનાઓ છે. જેટલા અંશે ધર્મસાધનામાં આવો એટલા અંશે જાલિમ વિષયોનો ત્યાગ થતો આવે. પણ વિષયત્યાગ કોણ કરે ? મૂળમાં જેને સંસારના વિષયો પર ઝેર વરસે, વૈરાગ્ય થાય એ માટે બધી ધર્મસાધનાનાં મૂળમાં વિષય-વૈરાગ્ય, સંસાર-વૈરાગ્ય, ભવનિર્વેદ જરૂરી

છે; એથી એની ભગવાન પાસે પહેલી માગણી મૂકી કે પ્રભુ ! તમારા અચિંત્ય પ્રભાવે મારે ભવનિર્વેદ હો'

આ ભવનિર્વેદ માગનારો સમજે છે કે ભવનિર્વેદ યાને વિષય-વૈરાગ્ય એમ ને એમ નહિ આવે, એમ ને એમ નહિ ટકે. એના માટે સંસારના વિષયોનો સંગ વિષયોની પ્રવૃત્તિ ઓછી કરવી પડે, ને એ માટે ધર્મ પ્રવૃત્તિઓ ધર્મસાધનાઓમાં રચ્યા પચ્યા રહેવું જોઈએ. પ્રભુભક્તિ-સાધુસેવા-વ્રતનિયમ-દાન-શીલ-તપસ્યાદિ ધર્મસાધનાઓમાં સારી રીતે નહિ રહું, તો એકલી સાંસારિક પ્રવૃત્તિઓમાં તો વિષયરાગ પૂરો પોષાતો રહેવાનો એમાં પછી વિષય-વૈરાગ્ય ક્યાંથી આવવાનો ? ને ક્યાંથી વૈરાગ્ય પોષાતો રહેવાનો ? આ તો વિષય-વૈરાગ્ય લાવવા માટેની વાત; પરંતુ વિષયવૈરાગ્ય જો આવ્યો છે. તો એને જીવંત રાખવા માટે પણ ધર્મપ્રવૃત્તિઓમાં રચ્યા પચ્યા રહેવું જોઈએ. વિષયપ્રવૃત્તિઓમાં જ રચ્યો-પચ્યો રહે અને વૈરાગ્ય શી રીતે ટકે ? એટલે જ એકવાર ગુરુ-ઉપદેશ શ્રવણનો ધર્મ કરી વૈરાગ્ય વાસિત બનેલો જીવ એ વિષય-વૈરાગ્ય-ભવનિર્વેદ જીવંત રાખવા માટે પણ ધર્મસાધનાઓમાં પરોવાયેલો રહે છે; અને ભગવાનને પ્રાર્થના પણ કરતો રહે છે કે 'મને ભવનિર્વેદ હો, મારામાં ભવનિર્વેદ જીવંત રહો.' પૂછો,-

**પ્ર.**- પુરુષાર્થ તો આપણે કરવાનો છે, ને એનાથી ભવનિર્વેદ આવશે ને ટકશે, એમાં પ્રભુ પાસે માગવાનું શું કામ ?

**ઉ.**- જો આપણે પ્રભુનું આલંબન ધરીએ પ્રભુને આપણો કેસ સુપરત કરીએ તો પ્રભુ એવા અચિંત્ય પ્રભાવવંતા છે કે જીવનો પુરુષાર્થ સહેલાઈથી સિદ્ધ થાય. એટલે જ ધર્મસાધના કરતો રહે છે ને ભવનિવ્વેઓ માગતો રહી પ્રભુના અચિંત્ય પ્રભાવે એને જીવંત રાખતો રહે છે. એને જીવનમાં આ પ્રાર્થના અને ધર્મપ્રવૃત્તિ મુખ્ય રહે છે.

એમાં ક્યારેક કોઈક સાંસારિક તકલીફ આપદા તે તંગી જો ઊભી થાય કે જેથી ચિત્ત વિહવળ બની સ્વસ્થતાથી ધર્મપ્રવૃત્તિ નથી બની શકતી, તો એ વિહવળતા દૂર કરવા પ્રભુ પાસે પ્રભુના અચિંત્ય પ્રભાવે ઇષ્ટફળસિદ્ધિ યાને સાંસારિક તંગી કે તકલીફ દૂર થવાનું માંગે છે; જેથી એ દૂર થતાં વિહવળતા મટી સ્વસ્થતાથી ધર્મપ્રવૃત્તિ કરાતી રહે.

આમાં ક્યાં એણે સંસારના સુખોની લાલચ કરી ? કે લાલસા વધારવાનું કર્યું ? એ તો જેને ત્યાગ તપસ્યા વ્રત નિયમાદિ ધર્મપ્રવૃત્તિ નથી કરવી ને એ રીતે ભવનિર્વેદ નથી પોષવો, પણ સીધી સંસાર-સુખોની જ માગણી કરવી છે, એને



એની લાલચ વધે, લાલસા વધે; પરંતુ એમ ધર્મપ્રવૃત્તિના બળ વિના માગ્યું મળે શાનું ? એટલે એવાઓ જે તે માગવા માંડશે એવી ગભરામણ શી કરવાની હોય ? ધર્મબળ વિના માગેલું થોડું જ મળવાનું છે ? પૂર્વાચાર્ય ભગવંતોએ જ્યારે ઈહલૌકિક કાર્યની સિદ્ધિ મંગાવીને એના હેતુમાં ચિત્ત-સ્વસ્થતા અને ધર્મપ્રવૃત્તિનો પ્રયત્ન થવાનું લખ્યું છે, એ સૂચવે છે કે ભવનિર્વેદ માગનારો ધર્મપ્રવૃત્તિ કરતો રહી એ માગે છે, અને એની વચમાં વિઘ્ન આવે તો પ્રભુ પાસે ઈષ્ટફળ ધર્મસાધના અખંડ ચાલે એ માટે માગે છે એટલે એના ઈષ્ટફલસિદ્ધની માગણી સાચી માગણી છે, તેમજ એનો આશય ભવનિર્વેદથી મોક્ષ પામવાનો સાચો આશય છે. ધર્મપ્રવૃત્તિ વિનાના પુરુષનો મોક્ષનો આશય બનાવટી છે ને મોક્ષના સાચા આશય તથા ભવનિર્વેદવાળાની સાંસારિક કાર્યસિદ્ધિ માટેની પ્રાર્થના યોગ્ય પ્રાર્થના છે. એવી પ્રાર્થનાવાળો સંસારનું બધું માગનારો હોય નહિ.

❖ ❖ ❖

## (૪૨) પ્રવચન પત્રિકા

સકલાગમરહસ્યવેદી પૂ.સ્વ. આચાર્યદેવ શ્રી વિજય **દાનસૂરીશ્વરજી મહારાજના** પટ્ટાલંકાર સિદ્ધાન્તમહોદધિ પૂ. આચાર્યદેવ શ્રી વિજય **પ્રેમસૂરીશ્વરજી મહારાજના** વિદ્વાન શિષ્યરત્ન પૂ. મુનિરાજ શ્રી **ભાનુવિજયજી મહારાજના** મનનીય આર્હત પ્રવચનોનું પ્રકાશન.

**પ્રકાશકનું પ્રાગ્વક્તવ્ય :-**

જ્યારે, વર્તમાન કાળે માનવ પ્રાણીને વિજ્ઞાનવાદ મુંઝવી રહ્યો છે, જડવાદ આંજી રહ્યો છે, ફેશન-વિલાસવાદ લલચાવી ફસાવી આર્ય સંસ્કૃતિથી પતન કરાવી રહ્યો છે, જ્યારે આર્થિક સંકડામણો, કૌટુંબિક કલેશ, આબરૂનો અતિરેક કે અભાવ, હૃદયને નિરંતર બાળી રહ્યો છે, ને દુર્ધ્યાનમાં આત્માને શેકી-ઘોર કર્મબંધ કરાવી રહ્યો છે,

ત્યારે એ બધા અનિષ્ટો અને અનર્થોનો પ્રતિકાર કરતાં આત્માને નવું ચૈતન્ય અને જ્વલંત તાત્ત્વિક જોમ અર્પતાં, ચિત્તને અનુપમ શાંતિ અને ઠંડક બક્ષતાં, શુભ વિકલ્પ, શુભ ભાવના, શુભ મનોરથ, અને શુભ ધ્યાન તથા અપૂર્વ સમતા-સમાધિના પવિત્ર પંથે ચઢાવતાં, વિશિષ્ટ તત્વજ્ઞાન અને શ્રી સર્વજ્ઞ વચનના માર્મિક રહસ્યોની બાલગમ્ય સમજુતી આપતાં, તર્ક શક્તિ, ચિંતન-મનન શક્તિ, ધ્યાન-નિદિધ્યાસન શક્તિ યોગાભ્યાસ તથા વિચાર વાણી શક્તિ, વગેરેને ખિલવતાં,

**પૂજ્ય મુનિરાજ શ્રી ભાનુવિજયજી મહારાજનાં યોગદૃષ્ટિ** ઉપરનાં પ્રસિદ્ધ પ્રવચનોને સાંભળીને શ્રોતાજનોને પોતાના જીવનમાં ફરી પણ એનું વાંચન મનન અતિ લાભદાયી લાગવાને લીધે તથા દેશદેશાવરના ભવ્ય જીવોને પણ એ ઉપકારી લાગવાના લીધે શ્રોતાજનોની શુભ પ્રેરણા અને યોજનાથી આ **દિવ્યદર્શન** નામની પત્રિકા દ્વારા પ્રવચનો પ્રસિદ્ધ કરવામાં આવશે. એમાં પ્રથમ, પત્રિકાના શુભનામ સાથે સંકળાયેલું ભૂલેશ્વર લાલબાગ પ્રવચન હૉલમાં થયેલું **'દિવ્યદર્શન'** એ વિષય પર તા. ૧૧-૧૧-૧૯૫૧ ના બપોરે થયેલું જાહેર પ્રવચનનું યથાશક્તિ અવતરણ નીચે મુજબ આપવામાં આવે છે :-



## (૪૩) ઘોર તિમિરમાં દિવ્ય દર્શન

**સંસાર તરવામાં વિલંબ શાથી :-**

અનંત ઉપકારી ભગવાન શ્રી જિનેશ્વરદેવો દર્શનનો અનુપમ મહિમા ગાય છે. જે આત્માને દર્શન કરતાં આવડે, તે આત્માને સંસાર તરતાં વાર લાગે નહિ. કોનાં દર્શન ? કેવાં દર્શન ? એ બધું સમજવું જોઈએ. એ સમજવા પહેલાં શું તમે એટલી શ્રદ્ધા રાખી શકો, કે જો યોગ્ય દર્શન યોગ્ય રીતે કરતાં આવડે, તો મહાન એવો સંસાર-સાગર તરી જતાં વાર નહિ ? એટલે, આજે આપણને જો સંસાર તરવામાં વાર લાગતી હોય, તો તેમાં ગુનેગાર બીજાં કારણો હશે, પણ દર્શનની બીન આવડત એ પણ એક મોટો અપરાધ છે. માટે કહો કે મોક્ષને નિકટ કરવા ખાસ દર્શન એટલે કે **દિવ્ય દર્શન** જોઈએ.

**દિવ્ય દર્શન એટલે :-**

દિવ્ય દર્શન એટલે દેવના જેવાં દર્શન નહિ, એ તો દેવો ઘણાંય કરે છે. દિવ્યદર્શન એટલે, **પશુ કરતાં ઊંચા જે વિવેકી માનવનાં દર્શન, તેના કરતાંય ઉચ્ચ જે તાત્ત્વિક દર્શન, તેનું નામ દિવ્યદર્શન.** એવાં બે દિવ્યદર્શન જેને કરતાં આવડે, તેને પરિણામે સંસાર તરવાની તો વાત છે જ, પણ તત્કાલમાંથીય તેનાં ઘણાં ઘણાં દુઃખો દૂર હટી જાય છે. ત્યારે, એ દર્શન વિના ઘોર અંધારું છે. એવા ઘોર અંધકારમય વાતાવરણમાં ઘોર તિમિરમાં એવો પ્રકાશ મેળવી દિવ્યદર્શન કરતાં નહિ આવડે ત્યાં સુધી, એવા અંધકારમાં કુટાવાનું રહેશે, કે જે અંધકારમાં કાંકરાને હીરો અને હીરાને ભારે વજનવાળો પથરો માની, **કાંકરાને સંઘરવાની અને હીરાને તરછોડવાની મૂર્ખતાભરી ચેષ્ટાઓમાં આ ઊંચું જીવન વેડફી નાખવાનું થશે !**

**દિવ્ય દર્શનના ત્રણ ભેદ :-**

આજની દુનિયાની કોઈ અચ્છી વાત કરતો આવ્યો, તેને આપણું હૈયું ઉમળકાથી વધાવે છે; ને કોઈ ધર્મની વાત લઈને આવે છે તો ત્યાં હૈયું કંટાળાનો અનુભવ કરે છે. એ શું ? હાથમાં આવેલા હીરાને ભારરૂપ માને છે, ને કાચના ટુકડાને માલ માને છે ? આ કંગાલિયત શાના પર ? અજ્ઞાનનું ઘોર અંધારું ને દિવ્યદર્શનનો અભાવ, એના પર. આપણે તો આ મનુષ્યજીવનરૂપી સુવર્ણયુગમાં પૂર્વે અંધારામાંની અવળી ચાલ પર ભોગવેલ પીડાઓ, સઘળી મૂર્ખાઈ નાલેશી, એ બધામાંથી બચી જઈએ, તે પણ ત્રણ પ્રકારે છે :- **આત્મદર્શન, પરમાત્મ દર્શન, અને વસ્તુ સ્વરૂપ-દર્શન.** એમાં પ્રથમ આત્મદર્શન કરવાનું છે. શું ? આજ એવી



E:/Divya-Darshan(part-11).pmd/prf.5

વાત વિચારવાની છે કે જેમાં એવું કોઈ ઊંડું, બહુ ગહન કે ગુંચવણભર્યું તત્ત્વ નથી, કે જે માટે અતિ સૂક્ષ્મ બુદ્ધિ જોઈએ. આ તો સ્થૂલ બુદ્ધિએ સમજાય એવી વાત છે.

**આત્મદર્શનમાં છ દર્શન :-**

આ દિવ્ય આત્મદર્શનમાં એ વિચારવાનું છે કે (૧) મારા આત્મામાં દોષ કેટલાં છે ? (૨) મારા આત્માની ચર્યા કઈ કઈ અને કેવી છે ? (૩) મારો આત્મા જરૂરી આવી કઈ કઈ વાતોની ઉપેક્ષા કરે છે ? (૪) આત્મા બિનજરૂરી કે ઘાતક એવી કઈ કઈ વાતોની બહુ કાળજી કરે છે ? (૫) મારી પાસે કઈ કઈ છુપી શક્તિઓ છે ? અને (૬) કઈ કઈ પ્રગટ શક્તિઓ ક્યાં ખર્ચાઈ રહી છે ?

**આત્મદર્શનનો પ્રભાવ :-**

આ આત્મદર્શન જેણે કરવા માંડ્યું, એ આત્મા જગત પર મહાત્મા જેવો થાય; એ આત્મા ઘણા પાપથી બચનારો થાય; એ આત્મા **જે જગતપર પોતાની હરોળના ઘણા ઘણા જીવો તુચ્છ અને ક્ષણિક વસ્તુ પાછળ પોતાનું જીવન બરબાદ કરી નાંખે છે, તે જ જગતમાં પોતે અવિનાશી પદની સાધના માટે જીવનની અનુપમ સફળતા કરનારો બને.** પરંતુ આજે તો વાતવાતમાં છાતી ઊંચી થાય છે ! આંખની ભ્રમર ઊંચી જાય છે ! ખુમારી ને રોષ આવે છે ! આ બધું, આત્મદર્શન તરીકે સ્વદોષો જોવાની તૈયારી નથી, તેથી આવે છે. એ જોવા જઈએ તો આપણી જાત માટે થાય કે "ભલા, ક્યાં ઊભો છે તું ? કેવી કંગાલ સ્થિતિવાળો તું ? હજીય કેટકેટલા બંધન છે માથે ?" આત્મદર્શન એટલે પોતાની જાતનું દર્શન ! બીજાઓ પણ આત્મદર્શન કરવાનું માને છે. આત્માનો સાક્ષાત્કાર કરો એમ કહે છે. પણ પૂછો કે કેવી રીતે કરવું ? કહેશે કે 'ભેદજ્ઞાન કરો કે સોહં નો જાપ જપો !' એટલે ? ધૂળમાં સોનું ભર્યું છે, પણ ત્યાં કોઈ પ્રક્રિયા કરવાની જરૂર નહિ, ધૂળ-સોનાનું ભેદજ્ઞાન કરવાનું, અથવા સોનાની લગડી ! સોનાની લગડી ! એવો જાપ જપવાનો, અને લગડી મળી જાય; એમ ને ? જેમાં કચરાના થરના થર જામી ગયા છે, તેનો વિચાર નહિ; ને માત્ર જાપ જપવાથી સાક્ષાત્કાર થઈ જાય ? અલબત, જરૂર છે ભેદજ્ઞાનની કે 'સોહં' નો જાપ જપવાની; પણ પૂર્વ ભૂમિકા કેમ ભૂલાય ? સહકારી સામગ્રી કેમ ઉવેખાય ? ભેદજ્ઞાન એટલે આત્મા કાયાથી જૂદો છે એવું જ્ઞાન - "સોહં" એટલે પરમાત્મા હું જ છું" પણ એ જોતાં પહેલાં 'હું હાલ કેવો છું' એ જોવાનું કે નહિ ? નહિતર એક બાજુ રંગરાગ ખેલાતા જશે, ને બીજી બાજુ ભેદજ્ઞાનના ભ્રમ કે "સોહં" ચાલ્યા કરશે. કેમકે ભેદજ્ઞાન કે 'સોહં' ને કોઈ બાધ નથી ! જે આ રંગરાગ કરે છે, એ પુદ્ગલ જુદું



છે, ને પોતે આત્મા જુદો છે ? આવું એ માને છે. એથી જ ખરી પ્રક્રિયા રહી જાય છે. એટલા જ માટે પહેલાં આત્મા કેટલો ને કેવો મલિન છે, તે જોવું જોઈએ. એટલું જ નહિ પણ તે કેવી ચર્યા આદરી રહ્યો છે, અને વધાવવા જેવી કેટલી વાતો તે ઉવેખી રહ્યો છે, તેમજ અવગણવા જેવી કેટલી વાતોને વધાવી રહ્યો છે, તે જોવાનું છે. કઈ શક્તિઓ દબાવવા જેવી છે, ને કઈ પ્રકટ કરવા જેવી છે, તે જોવું પડશે. આપણા આત્માની રીતભાતની તપાસ કરી તેવા રૂપે આત્માને નિરખવો પડશે કે, "સાચેસાચ હું આવો છું ? અહો ! આજ સુધી ખબર નહોતી કે હું આવો છું, તે આજે જ્ઞાનીઓએ બતાવ્યું !' આ હાર્દિક પ્રતીતિ કરાય, એટલે આત્મદર્શનના દિવ્યપંથે ચડવાનું થાય, અને સાચું ચારિત્ર પામી મોક્ષ સધાય.

**દોષ કેવી રીતે જોવા ?**

દા.ત. આપણે છોકરાને કાંઈક ભળાવ્યું અને છોકરો એમાં નિષ્ફળ થઈ આવ્યો. ત્યાં એમ થવું જોઈએ. 'મારા આત્મામાં આ દોષ છે, કે છોકરાને ઉતાવળથી મોકલ્યો, પુરું સમજાવ્યું નહિ, ને કામ ઊંધું કરીને આવ્યો. આમાં મારે તેને જે કહેવું જોઈતું હતું, તે ન કહ્યું, તે દોષ મારો, એનો નહિ.' આવું થાય ? ના. ઊલટું એમ થાય કે 'પણ સમજુતી લીધા વિના એ કેમ ગયો ?' આમ એનો દોષ નહિ કાઢવાનો. વાસ્તવિક પોતાના દોષ દેખાતા નથી, એટલે દિવ્યદર્શન નથી થતું. દિવ્યદર્શનમાં છોકરો બરાબર પુરું બતાવ્યા મુજબ કરીને આવે અને એમાં ઊંધું વળ્યું તો પણ દોષ પોતાના લાગે !! "આ કામ એના ગજા ઉપરાંત હતું." એમ થાય.

**દેવદર્શન-દાનવદર્શન :-**

તો શું આપણામાં દોષ એકેય નથી કે દીવો લઈને શોધીએ તો પણ તે ન જડે ? **પોતાનો દોષ છતાં બીજાના જ દોષ જોનારો તો દાનવ જેવો દેખાય છે, ને બીજાના દોષમાં પણ પોતાનો જ દોષ જુવે, તે દેવ જેવો છે. પોતપોતાનો વાંક કાઢનારા બંને એક બીજાને દેવ જેવા લાગે છે; પણ બે સામસામા તડુકે તો ? બન્ને દાનવ જેવા દેખાય.**

**ખંધક સૂરિ કેમ રહી ગયા, મોક્ષમાં પ્રતિબંધક :-**

ત્રિવિધ દિવ્યદર્શનમાં પહેલું આત્મદર્શન, એમાં છ વાત. એમાં પહેલું સ્વદોષદર્શન એ છ વાતમાં તો ઘણું આવી જશે. જગતનો એકપણ પ્રસંગ આપણને મુંઝવનાર નથી, જો આપણને સ્વદોષદર્શન કરતાં આવડે તો. એનું કારણ, આપત્તિ આવી તો દેખાડે કે, "તારા પાપનો ઉદય છે. આ દોષ તારો જ છે." આવું થાય તો હવે શું કરે આપત્તિ ? આપત્તિ હલ્લો તો મોટો લઈને આવે, રૌદ્ર ધ્યાન જ

કરાવે એવી, પણ જેને સ્વદોષદર્શન કરતાં આવડે તેને પાલક પાપીય શું કરે ? "ગમે તેટલા દાંત ભીંસ, ગમે તે કરને, પણ **જ્યાં સુધી મને મારા પૂર્વકૃત દોષ જોતાં આવડે છે ત્યાં સુધી તારું શું ચાલે ?** ઊલટું તું આમ કરે, ને હું મોક્ષે જાઉં. મારું કામ થાય." ગુરુ ખંધકસૂરિ સ્વદોષ દર્શન ભૂલ્યા, ત્યાં કર્મે ઝડપ્યા. એ પાલકનો દોષ જોવા ગયા. "મારું માનતો નથી ? ચારસો નવ્વાણું ને તેં પીસી નાંખ્યા ત્યાં સુધી તો હું બોલતો નથી. હવે આ એક બાળ માટેય માનતો નથી ? આટલો દુરાગ્રહી ?" બસ આમ પોતાની દિશા ફેરવી, ને અહીં મોક્ષ અટકી ગયો. મોક્ષને આંગણે ઊભા હતા. પાંચસોને પોતાની સામે આરાધના કરાવી મોક્ષે પહોંચાડનાર હતા. પાંચસો આરાધકો તો ઝીલનારા હતા, જ્યારે પોતે દાતા હતા. દાતાને શી ખોટ ? એક ઝપાટે ગુણશ્રેણિએ ચઢી જાય. પણ ત્યાંથી કોણે તગેડી કાઢ્યા ? પરદોષદર્શને. સ્વદોષદર્શનને ભૂલ્યા એટલે, આવો ઊંચી કોટિનો મોક્ષ જે પામવો સહેલો હતો, તે મહાન કપરો ને કઠીન બની ગયો.

**આરાધના કરવા અંદર જવાની જરૂર છે :-**

ગમે ત્યાં બેઠા હોઈએ, પણ સ્વદોષ જોવાનો અભ્યાસ પાડીએ તો આરાધકની કોટિમાં આવીએ. આપત્તિ આવે તો ય, આપત્તિની તાકાત નથી, કે જો પોતાની પાસે પ્યારું સ્વદોષચિંતન બેઠું છે, તો તે સંસાર વધારી શકે ? ખંધક સૂરિના શિષ્યો વિચારે છે કે, "પાલક મંત્રી ગમે તેવો, પણ અમારે તો અમારા કર્મના દોષથી જે આવ્યું તે પ્રસન્ન હૈયે ભોગવી લેવાનું જ !" **સ્વકર્મ નહિ ભોગવી લેવાથી મોક્ષની નિકટ જવાય ?** ના, ભયંકર પાપના ઉદય, ભયંકર દુઃખો કે ભયંકર સંકડામણો સ્વદોષદર્શન સાથે ભોગવી લઈએ, તેમાં મોક્ષની નિકટ જવાય છે. જેની પાસે ચિત્તમાં સમાધિ નથી, તેની આ વાત નથી. જેને સમાધિની આવડત છે, આ તેની વાત છે. 'અમારા દોષ અમારે ભોગવી લેવાના. એથી મોક્ષની નિકટ જાશું. એટલે અમારું સુધરે છે તારા નિમિત્તે. માટે પાલક ! તારું તો, ઇચ્છીએ છીએ કે, ભલું થાઓ ! અમે તો સમજીએ છીએ કે તું **ઘાણી ન પીલતાં અમારા કર્મ પીલી રહ્યો છે.** મૂળ કર્મ વિના ક્યાંથી આ ઘાણીમાં પીસણ હોત ?' સ્વદોષચિંતન આપત્તિમાં એવું ધૈર્ય આપે છે કે બહુ ઊંચા નીચા થવાની જરૂર જ નહિ. આપણી વિચારો કઈ દશા છે ? એવી કોઈ મહા નિદ્રામાં આપણે પડ્યા છીએ કે **દોષોના મેરુના ભાર નીચે લગભગ કચરાઈ ગયા છતાં આપણને કશી ખબર નથી પડતી !!** શું એ શોધવું પડે એમ છે કે કયો દોષ છે ? વાત ભેગો રોષ, ને વાત ભેગો રોફ કરવા જોઈએ ! સ્વમાન ઘવાય તે ન જ ચલાવી લઉં ! એમ થાય. પોલીસી ને તૃષ્ણા તો કોટે જ વળગાડેલાં ! કામ અને સ્નેહ



જીવનનાં ખાસ અંગો ! આ ઉચ્ચ જન્મમાં જૈનપણાની ગળથૂથી મળી છતાં દશા કેવી કંગાલ ! ગણ્યા ગણાય નહિ ને વીણ્યાં વીણાય નહિ તેટલા દોષ !!

**આત્મ નિરીક્ષણ :-**

ખૂબી તો એ છે, કે હું ભજન એમનું કરું છું કે જેના ગુણ ગુણ્યા ગણાય નહિ ! ને મારામાં દોષ ? વીણ્યા વીણાય નહિ ! ઊભો છું સોનાની લંકામાં ને ફેંદુ છું કોલસા ! ઊભો છું શેરડીના રસના ખેતરમાં, ને પીઉં છું કરિયાતું ! **શરણ આલંબન કેટલું ઊંચુ મલ્યું છે, ને હું રમું છું કેટલો નીચે !** કારણ ? સ્વદોષદર્શન નથી. આત્માના દોષો છે તે ભલે ભયંકર જોરદાર ગણાય, પણ આમ તો એટલા દુબળા કે એના પ્રત્યે આત્માની કરડી નજર થઈ કે મરવા પડે ! ગમે તેવા કામાંધ મોહાંધને પણ એ દર્શન કરતાં આવડ્યું કે એમ થાય, "આહાહા ! મારા નાથ વીતરાગ, મારા ગુરુઓ મહા વિરાગી, મારા ધર્મીઓ વિરાગી, મારો જૈન ધર્મ વિરાગના પાયાવાળો, ને હું આવા કામ અને મોહવાળો ?" આ દર્શન કરતાં આવડ્યું કે મોહ ને રાગના હાંજા ગગડવા માંડે ! કૃષ્ણ ને શ્રેણીક, ખબર છે ને, પ્રભુના મુખે ચઢી ગયા. કેમ ? સ્વદોષદર્શન પર. એ બીજું તો કંઈ કરી શક્યા નહિ, શ્રાવકના બાર વ્રતમાંથી કોઈ વ્રત લઈ શક્યા નહિ. હિંસા કરતા હતા. લડાઈ લડતા હતા. રાજ્યપાટ ભોગવતા, પણ પોતાના દોષનું સ્પષ્ટ હૃદયોત્થ દર્શન કરતા હતા. આવું ગુણસંપન્ન જિનશાસન મળેલું છતાં, પોતાની કંગાલ દશા હતી, એથી મહાન દુઃખી હતા. તો વ્રત કેમ નહિ ? પૂર્વકૃત કર્મનો દોષ મોટો હતો. નિરપરાધી ત્રસજીવને મારું નહિ એટલું ય વ્રત કેમ નહિ ? પણ એટલુંય નહિ લઈ શક્યા, તેથી સમજાય છે કે તેમનામાં આંતરિક કર્મના દોષ સામાન્ય કોટિના નહિ. દોષ જો સામાન્ય કોટિના હોય તો તે સ્વદોષદર્શન આગળ ઢીલા પડી જાય, તો પછી વિરતિ આવ્યા વિના રહે નહિ. પણ જેને દોષ ઢીલા ન પડે તે તો અવિરતિમાં જ સબડે ને ! છતાં એ શાસ્ત્રના પાને કેમ ગવાયા ? કેમકે યદ્યપિ દોષો નહોતા ગયા, પણ "ક્યાં પ્રભુના પરાક્રમ ને ક્યાં અમારી આ પાપ રમત ? ક્યાં એ અનંતા ગુણોના નિધાન ! ને ક્યાં હું અપરંપાર દોષોની ખાણ !" ઈત્યાદિ મનોમંથનમાં સ્વદોષદર્શન એવું થયું કે પેલા દોષોને અંદરખાનેથી ઢીલા કરી નાંખ્યા. પછી જો કે આયુષ્ય નિકાચિત, એટલે નરકમાં જવું પડ્યું; પણ સમકિતનો દીવો ત્યાંય જાગતો ! શું ? નરકમાં સમકિત. એટલે ? મહાપીડા, ભયંકર ત્રાસની સ્થિતિમાં સમાધિ, સ્વકર્મની નિંદા. અહીં (આ જીવનમાં) સારાસારી હોય છતાં સમકિતનો દીવો બુઝાઈ જાય છે; ને ત્યાં સમકિત જાગતું. નહિ જેવા નિમિત્તમાં જીવ કેવો લહેવાઈ જાય છે ! દા.ત. દુનિયાની સુખ સગવડના જે

લાલચુ હોય, તે માણસો બહારથી આવે, તરસ લાગી છે. ઘરનાં માણસો કામમાં ગૂંથાયેલાં છે, ત્યાં પડોશણે આવીને ઠંડુ પાણી પાયું. તો કહેશે "તમે ખરા ભલા ! આ ઘરનાં માણસો તો તદ્દન અવિવેકી..." એક નજીવી લાલચમાં પોતાનાં વેચાણ કરતાં વાર નહિ ! આમ તો બીજું બધું સારું છે. એક જરાક તકલીફ લાગી, ત્યાં ઊંચા નીચા થતા વાર નહિ. કારમા કષાય કરતાં વિલંબ નહિ ! કેવી કંગાળ દશા ! **જગતમાં ઊંચો ભવ મળેલો હોવા છતાં નજીવા નિમિત્ત મળતાં વિવેકનાં દેવાળા કાઢતાં વાર નહિ !** આ દેવાળુ એટલે ? દેવગુરુધર્મને એમના સ્થાને રાખવાનાં, ને અહીં હૃદયમાં સ્થાન બીજાને આપવાનું ! જે હૃદયમાં દેવગુરુ ને ધર્મને મુખ્ય સ્થાન, તે હૃદયમાં સમકિત; ને જે હૃદયમાં તેના બદલે બીજું કાંઈ, ત્યાં મિથ્યાત્વ.

**સ્વદોષદર્શન ભૂલેલી પોટ્ટિલા પતિપર વશીકરણ ઈચ્છે છે -**

આત્મામાં કુસંજ્ઞાઓ, ગારવો, કુલેશ્યાઓ, ને કષાયો કેટલા અને કેવા ? એ તપાસો. બહુ દેખાવાથી નિરાશ થવાની જરૂર નથી. કેમકે આ આત્મદર્શન પછી બીજું પરમાત્મદર્શન આવવાનું છે, તે ભારે આશ્વાસન આપે તેવું છે. તેતલી પુત્રનું નામ સાંભળ્યું હશે. કનકરથ રાજાનો એ મંત્રી અને એને પોટ્ટિલા નામની સ્ત્રી. એકવાર એના પર એને સામાન્ય અણગમા જેવું થયું. પરણતી વખતે હૃદયનો જે ઉમળકો હતો, તે અમુક સમય પછી ઓસરી ગયો. **આનું નામ સંસાર. સંસારમાં સ્થિર સુખ શોધે તે મૂર્ખ, અને અસ્થિર સુખમાં રોવાનું ઘણું.** પોટ્ટિલા મૂંઝાતી હતી. 'હાય, મારું બધું લુંટાઈ ગયું. હું આટઆટલી આજ્ઞાંકિત છતાં આ શું ? આ તે સ્ત્રીનું જીવન છે ?' આ ગડમથલ કેટલાયે દિવસથી ચાલતી હતી, ત્યાં સાધ્વીજી પધાર્યા. પોટ્ટિલા ત્યાં ગઈ. ગઈ શા માટે ? શોધતી હતી કે કંઈક કામણ મલે, તો છેહ દેનાર પતિ વશ થાય ! શું જોયું ? પોતાના પૂર્વકૃત કર્મનો કે આ જીવનનો દોષ નહિ, પણ પતિનો દોષ. પતિ છેહ દેનારા, વિશ્વાસઘાત કરનારા લાગ્યા. **બસ, ભવભ્રમણ આમ જ ચાલે છે. તુચ્છ લાલચો ખાતર પોતાના જ હૈયાને કુકલ્પનાઓ અને કષાયોથી કાળું કરે જાય ત્યાં સંસાર જ વધે ને ?** પોતાની ખામી જોતાં ન આવડી એટલે પતિ સામે કામણ અજમાવવા ફાંફા મારવા લાગી. ત્યાં સાધ્વીનો ભેટો થયો. સાધ્વી તો સાંભળતાં હતાં. "બહુ દુઃખી છું...દયા કરો !... હાય કેવી મારી દુર્દશા !" દુઃખ સંભારી સંભારી રડવા લાગી. સાધ્વી એને બેસાડીને કહે છે કે, "માટે જ સમજ કે સંસારમાં છે, એટલે દુઃખ હોય જ, પછી ભલે એક નહિ ને બીજું." રૂદન ચીજ એવી છે, કે સહેજે પૂછવાનું મન થાય. એટલે સાધ્વીએ પૂછ્યું, "પણ તું કેમ રડે છે ? શું દુઃખ છે ?" ત્યારે પેલી



કહે છે "મારા પતિએ મને પરણી છે, તે કોઈ ગજબ આકર્ષણની ઘટનામાં પરણી છે. હું તો મોટા શેઠની પુત્રી હતી. મને ઝરૂખામાં બેઠેલી એમણે રસ્તા પર જતાં જોઈ. પછી તો ફાંફાં મારવા લાગ્યા. છેવટે ઘણી ઝંખના અને માગણીપૂર્વક મને પરણ્યા. પરણ્યા પછી ભારે પ્રેમ અને ઉલ્લાસપૂર્વક અમારે રહેવાનું ચાલ્યું. પણ હમણાંથી કામ બગડી ગયું છે." એટલે સાધ્વી પૂછે છે કે, "એમાં તે શું બગડી ગયું ? કંઈ ખાવાપીવા કે અલંકાર કપડાં નથી આપતા ? ઘરમાં રહેવાની મનાઈ કરે છે ?" "ના, ના, એમાંનું તો કંઈ નથી પણ પહેલાં જે હસીને બોલાવતા, કરતા હતા, તે નથી."

**સાધ્વીજીની અમર વાણી : દુઃખનું નિદાન :-**

"બસ, એટલું જ ને" ? રોતી ને કકળતી, વલખાં મારતી પોટ્ટિલાને સાધ્વી હવે નિદાન શોધાવે છે. "તને એમાં તારી કોઈ કસુર દેખાય છે ?" "ના, મેં એમની વિરુદ્ધમાં કાંઈ કર્યું નથી. મેં કોઈ રીસ કે હલ્લો મચાવ્યો નથી." "અરે પણ જગતમાં દોષ કોઈ બીજાય છે કે આટલા જ છે ? **જો તારામાં કામવાસના ન હોત, તો તને પતિમાં આ દોષ દેખાત ?"** "ના, ના, તો તો કંઈ ન દેખાત." "મોહની ચેષ્ટાઓ નથી કરતા તેટલા માત્રથી તને ભારે દુઃખ આવી ગયું એમ ને ? **દુઃખ તે નથી આપતા, પણ તારા દિલની વાસનાઓ તને જાલિમ દુઃખ આપે છે. માટે વાસનાઓને શાંત કરતાં શીખ.** અરે ! માન કે તું કંઈ જંતરમંતર કરીને પતિને કદાચ ખુશ કરીને એ સુખ મેળવીશ, પણ પછી શું બીજા કાંઈ દુઃખ નહિ આવે ? અને મૃત્યુ પછી શું ? મૃત્યુ રોકાશે ? તેનો કોઈ સામનો કરનાર છે ? **આ જીવન તો અલ્પકાળનું છે. પણ પછી અનંતકાળ છે.** અહીં પણ જો એની જગાએ તું આ અને બીજી તારી વાસનાઓને જીતનારી થાય, ને જગતના પદાર્થો પર સર્વથા નિસ્પૃહ થઈ જાય, તો તને ખબર છે, શો લાભ ? પેલી સ્થિતિમાં તો તું માત્ર પતિની નજરમાં ઠરે, પણ **વાસના અને સ્પૃહા રહિત થવામાં તો આખું વિશ્વ તારી તરફ બહુમાનથી જોતું થાય.** વિશ્વ કોના તરફ આકર્ષાય છે ? જે પ્રેમ ને વાત્સલ્યના ભેટણાં ધરે તેવા તરફ. શું સ્વાર્થી માણસો પ્રેમને વાત્સલ્ય પીરસી શકે ? ના રે ના, એ તો પરમાર્થી જ પીરસી શકે. અને પરમાર્થી બનવા વાસનાના વિકાર અને તૃષ્ણા કાપવી પડે. માટે ફાંફાં મારવાં રહેવા દે. સ્વદોષદર્શન કર. વિચાર કે માત્ર આટલા દોષે નથી પતતું. આ એક દોષની પાછળ તો તારામાં અનેક દોષો બીજા પોષાઈ રહ્યા છે. તને અહંભાવ, કુમતિ, કુવૃત્તિઓ વગેરે ઘણું નડે છે. તારામાં દોષોની આ વિપુલતા અને ભયંકરતા તું જોતી નથી, એટલે નાહક દુઃખી થાય છે. આ ઉત્તમ જીવન શા માટે છે, તે જોઈ લે. સમજ કે એ



E:/Divya-Darshan(part-11).pmd/prf.5

તેવા જુગ જુના દોષોને પાળવા પોષવા માટે નથી. વાંક તારો જ દેખાશે તું તારો દોષ કાઢશે, એટલે પછી તો સામાનેય એનો વાંક દેખાશે ! અને કદાચ સામાને પોતાનો દોષ નહિ દેખાય, તો ય તારે હવે શું ?''

''દિવ્ય-દર્શન''-''પ્રવચન મહોદધિ'' વર્ષ-૧,અંક-૨,તા.૩૦-૮-૧૯૫૨

## (૪૪) દિવ્ય દર્શન

**પોટ્ટિલાનો પશ્ચાત્તાપ અને આત્મપરિવર્તન :-** સાધ્વીજી મહારાજની આ અમરવાણી સાંભળી, પોટ્ટિલાનું હૃદય હચમચી ઊઠ્યું. ''અહો ! જો હું મારી વાસનાઓની ગુલામ હોઉં તો જ દુઃખ છે નહિતર તો મારે શું દુઃખ છે ? સાચી વાત. ત્યારે મને ધર્મ સમજાવો.'' સાધ્વીજીએ શ્રેષ્ઠ ચારિત્રધર્મ પ્રધાન જૈનધર્મ સમજાવ્યો. પોટ્ટિલા કહે છે કે, ''વધારે તો કંઈ નથી કરી શકતી, પણ મારામાં આપને યોગ્યતા દેખાતી હોય તો સમકિત સાથે બાર વ્રત આપવા કૃપા કરો.'' આપ્યાં સાધ્વીજીએ. એનું જીવન આખું ફેરવી નાખ્યું. તે એવું ફેરવ્યું કે સાધ્વીજી ત્યાંથી બીજે વિચરી પાછાં ત્યાં જ ફરીને આવ્યાં ત્યારે પોટ્ટિલા આજીજી કરીને કહે છે કે, ''મને હવે દીક્ષા આપો, આપની સાથે લઈ જાઓ.'' **વીતરાગનો ધર્મ સાચેસાચ વહાલો ક્યારે લાગે ? પોતાના દોષ જોતાં હૈયું ઘવાય ત્યારે.** સ્વદોષદર્શન કરતા થયા એટલે વીતરાગનો ધર્મ વહાલો લાગ્યો જ સમજો. એટલે પોટ્ટિલા સાધ્વીજીને કહે છે કે, ''મને સાથે લઈ જાઓ !'' ઘેર જણાવવા આવી. મંત્રીને કહે છે કે, ''મને રજા આપો, મારે ચારિત્ર લેવું છે. આજ સુધીમાં મેં કોઈ આપની ભૂલ કે અપરાધ કર્યો હોય તો ક્ષમા માગું છું. મને હવે શીઘ્ર ચારિત્ર અપાવો.'' મંત્રી તો તાજુબ થઈ ગયો. ''ચારિત્ર ? સંયમ ? કેવી મોટી વાત ! અમારા જેવાને ત્યાં રાજશાહી ઠાઠમાં મહાલેલાને આ ? તે સાચું કહે છે તું ?'' 'તદ્દન સાચુ,' આ બધું કેમ ? પોતાના દોષ દેખાયા પછી લાગ્યું કે આ દોષો ઉખેડીને સાફ કરવા અહીં જ અપૂર્વ અવસર છે. કેમકે ચારિત્ર વિના એ દોષોને ઉખેડી નાખવાનું બને નહિ.

માટે હવે એ જ કરવા દે. **મનુષ્યભવ એટલે દોષોને સંપૂર્ણ ઉખેડી નાખવા માટે અમૂલ્ય અવસર. વિચારજો, આપણી માનવતા દોષોને શોષે છે કે પોષે છે ? સઘળા પ્રકારના દોષો અને દોષોના શલ્યોને મૂળમાંથી ઉખેડીને ફેંકી દેવાની મોંઘેરી તક સર્વ દોષરહિત અરિહંત પરમાત્મા અને એમનું શાસન પામ્યાથી જ છે.** અહીં



તો એ કામ કર્યા વિના મારે નહિ જ ચાલે; એવું થાય ? કે એને બદલે દોષોને વધારે જ જવાય છે ? ને પાછું એના પ્રત્યે આંખ મિચામણાં કરાય છે ? ગુસ્સામાં વધતો જાય, ને માને કે 'હું તો સાચું જ કહેનારો છું.' પાછો એ કહે છે ''પણ લાલ આંખ થઈ તેટલામાં શું ?'' અરે મૂર્ખ ! **આમ દોષોને થાબડવા પોષવા માટે આર્ય મનુષ્યપણું નથી. અહીં તો સ્વદોષોની દલાલી નહિ, પણ ફરીયાદ કર્યા કરવી જોઈએ.** ક્યાં ક્યાં ક્રોધ, માન, માયા, તૃષ્ણા, પુદ્‍ગલ માટે રતિ-અરતિ, ને શોક-હર્ષમાં કૂદ્યો, કૂદી રહ્યો છે, ને કૂદવાનો છે, તે બધું જોવાનું છે. ક્યાં કોઈની હાંસી મશ્કરી કરી ? ક્યાં રસના સ્વાદમાં પડ્યો ? ક્યાં ચક્ષુથી રૂપમાં ફસાયો ? ઈત્યાદિ બધું જોવાનું છે. આ દોષોનું દર્શન શું આપે ? દોષોને વધવાનું બંધ કરાવી મૃદુતા, નમ્રતા, અને ઉદારતા સાથે અનેક ગુણ કેળવવાનું આપે, પ્રભુનું સાચું સેવકપણું આપે, મળેલા ઉત્તમ સંયોગને સફળ કરવાનો સન્માર્ગ આપે ! આ શું છે ? પોતાના દોષોનું ઊંડું અને પહોળું કરેલું દર્શન !

**દેવગુરુના દર્શન કે ધર્મ સાધના સફળ ક્યારે ? :-** દોષ દર્શન એટલે આત્મદર્શન. દેવનું દર્શન સફળ થાય. ગુરુનું દર્શન સફળ થાય, ધર્મ કર્યો સફળ થાય. પણ ક્યારે ? સ્વદોષ જોવાની તૈયારી અને તકેદારી સાથે અમલ થાય ત્યારે. જો પ્રભુપૂજા કે દાનાદિ ધર્મ કરતી વખતે આત્માના દોષોનો ખ્યાલ ન હોય, ઊલટું દોષોને થાબડવાનું ચાલતું હોય, તો એ વખતે જો કે પુણ્યનું ભાતુ બાંધવાનું તો થાય, પણ એ પુણ્યબંધ બીજી બાજુ સ્વદોષમાં રમવાના હિસાબે પાપના પોટલા ઉપાર્જવા સાથે થાય. તેમાં દેવગુરુ ને ધર્મ સેવ્યાની સફળતા નહિ. ત્યારે ? દેવગુરુધર્મને સેવવા માટે તન, મન ને ધનનો વ્યય કરીએ, તેની સફળતા શામાં ? આત્માના દોષ ઓછો થાય તેમાં. પણ જો દોષ એટલા જ રહે, ને બીજી બાજુ જીવે ચારિત્ર સુધી પહોંચી ને તે પાળ્યું હોય, ને માને કે મેં ચારિત્ર સફળ કર્યું, તો એ બરાબર છે ? ત્યારે શું પહેલાં દોષદર્શન એટલે કે વીણી-વીણીને દોષોની જાણ અને નમ્ર ઓળખાણ કર્યા વિના દોષ ઓછા થાય ? ના, **દોષદર્શન વિના દોષો ઘટે નહિ,**

**કેવળજ્ઞાનમાં શું ? :-** હવે તો સર્વજ્ઞ બનેલા પ્રભુ સમસ્ત જીવો અને તમામ પુદ્‍ગલોના અનંતાનંત કાળના પર્યાય (અવસ્થાઓ) આંખ સામે હાથમાં રહેલા આમળાની જેમ સ્પષ્ટ જુએ જાણે છે. સિદ્ધ અવસ્થામાં અનંત જીવો છે, એનાથી અનંત ગુણ જીવો એકેક નિગોદમાં-સાધારણ વનસ્પતિકાયના શરીરમાં છે. એ પ્રત્યેક જીવના અસંખ્ય આત્મપ્રદેશ પર અનંતા કર્મસ્કંધો છે. એ પ્રત્યેક સ્કંધમાં અનંત અણુ છે. એ દરેક અણુના અનંત ભાવ છે. સર્વજ્ઞ શ્રી મહાવીર પ્રભુ આ



E:/Divya-Darshan(part-11).pmd/prf.5

બધું પ્રત્યક્ષ જુએ જાણે છે. આવા **સૂક્ષ્મ** કર્મના વિલક્ષણ સ્વરૂપ અને શુદ્ધ **અરુપી** આત્માનું સ્વરૂપ, તથા સૂક્ષ્મકર્મથી આવૃત અરૂપી જીવનું ચરિત્ર મલિન સ્વરૂપ જેવું કેવળજ્ઞાનીએ દીઠું તેવું જેના ચિત્તમાં વસી જાય, તે ખરેખર ! આ કેવલજ્ઞાની જિનેન્દ્રદેવની આજ્ઞા-સેવામાં સાચો રસિયો બની જાય. કવિ ઠીક જ કહે છે.

**"કેવલનિરખિત સૂક્ષ્મ અરૂપી, તે જેહને ચિત્ત વસીયો રે,**
**જિન ઉત્તમ પદપદ્મની સેવા, કરવામાં ઘણું રસીયો રે..."**

**સમવસરણ :-** ઋજુવાલુકાતીરે ક્ષણવાર દેશના આપી, પણ નિષ્ફળ ગઈ, આ અવસર્પિણીના ભાવ તો જુઓ. અનંતકાળે માંડ બને એવા દશ આશ્ચર્ય અહીં ! શ્રી તીર્થંકર દેવ જેમની વાણીમાં પાત્રીસ અતિશય, જેમના ખુદના ચોત્રીસ અતિશય, દિવ્ય સમવસરણની રચના, એક બાજુ જ્યાં દેવ દેવેન્દ્રોની હાજરી અને બીજી બાજુ સિંહ-મૃગ, વાઘ-બકરી, સાપ-મોર, જેવા તિર્યંચ પ્રાણીઓની સાથે હાજરી, આટલું છતાં દેશના નિષ્ફળ ! કાળની આ ભારી વિષમતા સૂચવે છે, એ આપણને આરાધના માટે વધુ સાવધાન કરે છે. એ કહે છે, કે 'જાગો, જાગો તમારી કલ્પનામાં નહિ હોય તેવી અનિષ્ટ વાતો આ કાળ બતાવશે. તે વખતે તમે પાપની અટવીમાં ખોવાઈ ન જાઓ એ પહેલાં સાવધાની કરી તરણતારણ શ્રી જિનેશ્વરદેવની આણાને જીવનમાં ઓતપ્રોત કરી લ્યો.'

પ્રભુ ત્યાંથી તુર્ત અપાપાનગરીમાં મહસેન વનમાં પધાર્યા. દેવોએ રજત-સુવર્ણ-રત્નના ત્રણ ગઢવાળું સમવસરણ રચ્યું. દેવો, માનવો, તિર્યંચો આવ્યા. ઈન્દ્ર પ્રભુને દેશના આપવા વિનવે છે.

**"સુરપતિ આયા વંદનકાજ ભગતે ભરાણા રે હો; કરે જિનપૂજના રે,**
**જિનજી તું ભવજલતાર, પ્રભુજી તું પાર ઉતાર,**
**સરસ સુધાશી રે હો, દેઈ અમ દેશના રે..."**

કલ્પી લ્યો આ દશ્ય. ભાવથી કલ્પી આપણે જાણે એ સ્થળે પહોંચી ગયા છીએ. અને એ દશ્ય, એ દેવાધિદેવ, અને એ દેશના જોઈ સાંભળી આનંદ, અનુમોદનના, મહા સરોવરમાં ઝીલી રહ્યો છીએ. આ ભાવ હૃદયમાં રમે તો ? સાક્ષાત્ જેવો લાભ થાય. અપૂર્વ કર્મનિર્જરા અને આત્મ વિશુદ્ધિ !

**અગીયાર બ્રાહ્મણો - ભાવી ગણધર :-** આ અપાપામાં સોમિલ નામે એક ધનાઢ્ય બ્રાહ્મણ યજ્ઞ કરાવતો હતો. એમાં એણે વેદ શાસ્ત્રના પંડિત, ચૌદ વિદ્યાના નિષ્ણાત એવા મુખ્ય અગીયાર બ્રાહ્મણોને નોતર્યા હતા. એ દરેકની સાથે સેંકડો વિદ્યાર્થીઓનો પરિવાર હતો અગીયારમાંના દરેક પોતાને સર્વજ્ઞ માનતા હતા.

પણ ખૂબી એ હતી કે દરેકને વેદમાંના વિરુદ્ધ જણાતા વચનોથી ભિન્ન



ભિન્ન તત્ત્વો પર સંદેહ હતો. છતાં જાતને સર્વજ્ઞ માનવાની બેહુદી વાત શાના ઉપર ? ભારે પરિશ્રમથી વિદ્યા મેળવવાનું કરેલું, અનેક શાસ્ત્રાર્થોમાંથી જિત મેળવેલી. એથી અતિ આત્મવિશ્વાસ હતો, અને સર્વજ્ઞ શબ્દનો ઝીણો વ્યુત્પત્તિ-અર્થ એમને ખ્યાલમાં ન હો તો, અગર એને મોટો મોટો અર્થ કહેતા.

**અગીયાર સંદેહ :-** અગીયાર બ્રાહ્મણોમાં પહેલા ઈન્દ્રભૂતિ ગૌતમને **જીવનો** સંદેહ હતો. 'જગતમાં સનાતન આત્મા જેવી વસ્તુ હશે કે કેમ ?' એવી શંકા એમના મનમાં હતી. બીજા બ્રાહ્મણ-પંડિત અગ્નિભૂતિ ગૌતમને **કર્મનો** સંદેહ હતો અર્થાત્ જીવનું કર્યું થાય કે કર્મનું ? કર્મસત્તા જેવું કાંઈ હશે કે કેમ ?' એ શંકા હતી. ત્રીજા વાયુભૂતિ ગૌતમને 'આ દેહ તેજ જીવ, કે દેહથી જુદો જીવ ?' એવી **તજ્જીવ તત્ શરીરની** શંકા હતી. આ ત્રણે બ્રાહ્મણો ભાઈઓ હતા અને દરેકની સાથે ૫૦૦-૫૦૦ વિદ્યાર્થીઓ પરિવારમાં હતા.

ચોથા વ્યક્ત પંડિતને પાંચ **ભૂતનો** સંદેહ હતો. અર્થાત્ 'પૃથ્વી પાણી વગેરે પાંચ ભૂત જે જગતમાં જણાય છે, તે સાચા હશે કે સ્વપ્નવત્ ?' એવી શંકા હતી. પાંચમા સુધર્મા વિદ્વાનને **'જીવ અહીં જેવો હોય તેવો જ બીજે ભવ થાય કે જુદો બને ?'** એવો સંદેહ હતો. આ બંને પાસેય ૫૦૦-૫૦૦ વિદ્યાર્થી હતા. છઠ્ઠા પંડિત બ્રાહ્મણને **બંધ** વિષે શંકા હતી. અર્થાત્ એમને એમ થતું કે 'જીવ સદા શુદ્ધ-બુદ્ધ-મુક્ત રહે છે, કે એના પર કોઈ બંધન લાગે છે ? અને પછી ઉપાયથી મુક્ત થાય છે ?' સાતમા મૌર્ય પુત્રને **દેવનો** સંશય હતો. 'સ્વર્ગ જેવી કોઈ વસ્તુ હશે કે કેમ ?' એમ એમને થયા કરતું. આ બંને બ્રાહ્મણ પાસે ૩૫૦-૩૫૦ વિદ્યાર્થી ભણતા.

આઠમા અકંપિતને **નારકી** વિષે શંકા હતી. નવમાં અચલ ભ્રાતાને **પુણ્ય** વિષે શંકા હતી. 'પુણ્ય એવી કોઈ સ્વતંત્ર વસ્તુ હશે, કે પાપના ક્ષયને જ પુણ્ય કહેવાતું હશે ?' એ શંકા હતી. દશમાં મેતાર્યને **પરલોક** વિષે શંકા હતી. અને અગીયારમાં પ્રભાસ નામના વિદ્વાનને **મોક્ષ** વિષે શંકા હતી. 'મોક્ષ જેવી કોઈ ચોક્કસ સ્થિતિ હશે ? અનંત શાશ્વતું આત્મ સુખ હશે ? કે સંસાર પૂરો થયેથી જીવ તદ્દન નાશ પામી જતો હશે.' વગેરે શંકા હતી. આ દરેક પાસે ૩૦૦-૩૦૦ વિદ્યાર્થી ભણતા હતા.

આ મુખ્ય અગીયાર બ્રાહ્મણ અને એમના ૪૪૦૦ વિદ્યાર્થીઓ યજ્ઞ સમારંભમાં ભાગ લઈ રહ્યા હતા. ત્યાં લોકના ગમનાગમન અને વાતચીતોથી જાણ્યું કે કોઈ સર્વજ્ઞ આવ્યા છે.

# (૪૫) દિવ્યદર્શન

**દોષ ઘટ્યા વિના ધર્મ સેવ્યાની સફળતા થાય નહિ.** પોતાના રોફ-રોષ-મમતા અને વિરાધના-અવિધિ વગેરે દોષ જોવાને બદલે માન્યા કરે કે હું સમતા, સમાધિ, ને ક્ષમા-નમ્રતાવાળો છું, દર્શન-જ્ઞાન-ચારિત્રની ઉપાસના કરવાવાળો છું, તો તેને બાકી શું સફળ કરવાનું ? **સઘળી વિદ્યામાં શિરોમણિ એવી પોતાના દોષનું દર્શન કરવાની વિદ્યા એ સર્વ આત્મસાધનાની ચાવી છે, અને મહાસુખનું મૂળ છે.**

તે શી રીતે, એમ પૂછો છો ? જુઓ, **આત્મસાધનાનો આધાર ત્રણ વસ્તુ ઉપર છે;- એ ત્રણ તે તત્ત્વબોધ, મોહની મંદતા, અને વીર્યનું સ્ફુરણ.** આ ત્રણે વસ્તુમાં સહાયક બીજા. બાહ્ય નિમિત્તો જરૂરી ખરાં; પણ અસલ તો આત્માની અંદરમાંથી એ પ્રગટ કરવાની છે. એ તોજ બને કે જો સચોટ સ્વદોષદર્શનથી આત્માના કર્મો હટાવાય, આત્માને લઘુકર્મી કરાય તથા દોષ ટાળી નિર્મલ બનાય. અને મહાસુખ તો, બીજી ત્રીજી વ્યક્તિ કે વસ્તુની ન્યૂનતા જોવાથી નથી મળતું, એ માટે જાતની ન્યૂનતા જોવી જોઈએ.

મંત્રીપત્ની પોટ્ટિલા પહેલાં તો પતિનો દોષ જોતી હતી. તેથી સાધ્વીને કહેવા ગઈ કે 'તમે બહુ ભણેલા છો, બહુ ગામ નગરોમાં ફરેલા છો; ઘણાં રાજ રાજેસરના ને શેઠશાહુકારોના ઘરોમાં જતા આવતા હશો, તો મને બતાવો કે શું કોઈ એવી ભભૂતિ કે કામણ છે કે જેનાથી હું પતિને ફરી વ્હાલી લાગું ?' પરંતુ સાધ્વીઓએ તો કાન બંધ કરી કહ્યું કે 'અમે તો સંયમવાળી છીએ, બ્રહ્મચર્યની નવ વાડને ધરનારી છીએ. સાવદ્ય એટલે કે પાપવાળી પ્રવૃત્તિના અમારે પચ્ચક્ખાણ છે. તેથી અમને તો કાને આ સાંભળવુંય ન કલ્પે, તો ઉપાય બતાવવા કરવાની તો વાતેય શી ? અમે તો તને શ્રી સર્વજ્ઞ ભગવાનનો ધર્મ કહીએ. એજ સર્વ સુખનો સાચો ઉપાય છે.'...પોટ્ટિલા સમજી ગઈ. કદાચ કામણટુમણ મળી જાય, તોય એથી સર્વ પ્રકારની સુખશાંતિની ક્યાં ખાતરી છે ? સાધ્વીજીએ સુણાવેલી ધર્મની અમરવાણીથી પોટ્ટિલાના આંતર ચક્ષુ ખુલી ગયાં. શું કરવા ? સ્વદોષના દિવ્યદર્શન કરવા. એથી એ સમ્યગ્દર્શન સહિત શ્રાવકના વ્રતો પામી; અને સાધ્વીજીના પુનરાગમને ચારિત્ર લેવા તૈયાર થઈ. પતિની અનુમતિ માગી, ત્યારે પતિએ શું કહ્યું, ખબર છે ? એણે કહ્યું કે 'તમે સુકુમારપણે ઉછર્યા છો, તેથી ચારિત્ર પાળવું તમને કઠીન પડશે. અહીં શું કમીના છે ? નિરાંતે વિષયવિલાસમાં



આનંદમગ્ન રહો.'

પરંતુ સ્વદોષદર્શનમાં એક્સપર્ટ (નિષ્ણાત) બનેલી પોટ્ટિલા જુએ છે કે, 'જોકે પતિ મને ખૂબ જ હૃદયની લાગણીથી આ કહે છે, પરંતુ **મારાં પૂર્વનાં દુષ્કર્મ અને કુસંસ્કારોના થોકના થોકનું શું ? એ ભાર વિષય-વિલાસથી તો ઊલટો વધી જાય. એને ઘટાડવા માટે એક માત્ર સંયમજીવન જ સમર્થ છે.** અહો ! પેલા સાધ્વીજી મહારાજોનું કેવું ધન્ય જીવન ! કેવો એમનો પવિત્ર અવતાર ! એમને શું દુઃખ છે ? સાચું સુખ તો એમને જ છે. મારે પણ સાધ્વીજીવન જ એક શરણ્ય હો.' પતિ તેતલીપુત્રને પોતાના દૃઢ નિર્ણય કહે છે. પતિ પણ સમજી જાય છે. ઉપરાંત, વૈભવી સહેલ સગવડોભર્યા જીવનને જીવ્યા ઉપર એની કઠોર ત્યાગતપસ્યામય ચારિત્ર જીવનને શીઘ્ર સ્વીકારવાની વૃત્તિની એ કદર કરે છે. એને એમ થાય છે કે 'અહો ! આ તો તરી જશે, ત્યારે મારું શું ?' પોટ્ટિલાને એ કહે છે કે 'રજા આપું પણ એક શરતે.' જુઓ હવે પતિને સ્વદોષદર્શન લાધ્યું. આ કેવું કલ્યાણદર્શન ! આ જાતે શીખો અને શીખવો કુટુંબને, તો તમારું મન અને કુટુંબ સ્વર્ગીય થઈ જશે. સ્વદોષદર્શનમાં શેઠ નોકરના સંબંધ કેવા થાય ? પતિને પત્નીના કેવા ? દિવ્ય ! શ્રીમંતને શ્રીમંતાઈના સંબંધ કેવા થાય ? મમ્મણ જેવા નહિ, શાલિભદ્ર જેવા. દોષદર્શન કરતાં આવડે તો, જાણે લક્ષ્મી પોતાના દોષ કહે, ને આપણે આપણા કહીએ ! પછી ત્યાગનો દિવ્ય માર્ગ ભારે પુરુષાર્થ સાથે આરાધવો સહજ બની જાય ! આરાધનાનો પહેલો પાયો એ, કે પોતાના દોષ જોતાં થવું.

**જેટલાં ધર્મનાં અનુષ્ઠાનો, તે બધાં દવાનાં પડીકાં :-** એ કર્મનાં ઝેર, મોહનારોગ, વાસનાની ચળ, તૃષ્ણાની તરસ, વગેરે દૂર કરી નાંખે. ધર્મઅનુષ્ઠાનનું એક પડિકુંય કોઈને કોઈ દર્દભૂત દોષને કાઢનારું છે. દા.ત. સ્નેહીનું મોં જોતાં જ સ્નેહરાગમાં લપટાવાનું જીવને એક દર્દ છે. એની સામે પડિકું, પ્રશમ રસમાં ઝીલતા પરમાત્માનું દર્શનરૂપી અનુષ્ઠાન ! પણ તે પડીકું લાગુ ક્યારે થાય ? કે જ્યારે સ્વદોષનું દર્શન કરતાં આવડે ત્યારે. એટલે ? દરેક દરેક ધર્મનાં અનુષ્ઠાનને સ્વદોષદર્શન સાથે જોડી દો કે આત્માના રોગ ચાલવા માંડે. ઉપવાસ શા માટે ? 'વિચારવાનું કે આ હું આહાર સંજ્ઞાથી બહુ ભૂખ્યો થાઉં છું, તે મારું ભૂખારવાપણું ટાળવા માટે.' ધર્મોપદેશનું શ્રવણ શા માટે ? અર્થ કામનાં બીજા ત્રીજાં ટાયલાં સાંભળવા આચરવા બહુ ગમે છે, તે દૂર કરવા માટે. પણ પોતાનાં દોષનાં દર્શન કરવાની ટેવ કે આવડત નહિ, એટલે ધર્મના અનુષ્ઠાનો એ ઉત્તમ પડિકાં છતાં એળે કરાય છે. અરે ! કયા દોષ ટાળવા, એ સંભાળવાનીય જરૂર નથી લાગતી. એથી દેવગુરુ ને ધર્મના અમૂલ્ય સંયોગો મળેલા છતાં એ નિષ્ફળ જઈ રહ્યા છે !



E:/Divya-Darshan(part-11).pmd/prf.5

અહાહા ! માત્ર સ્વદોષદર્શનના અભાવે કેવી ભયાનક ભૂલ !

**સામામાં કલ્પિત દોષ ઘડવાનું શિલ્પ :-** આપણે આપણા પ્રગટ કે ગુપ્ત દોષોને શોધી કાઢીને તેની તીવ્ર સ્મૃતિ રાખવાની, જેથી ધ્યાનમાં રહે કે "મારામાં આ આ દોષો છે, અને તે આ આ રીતે પ્રગટ થતા રોકવાના છે અને એવું એવું કરવાનું છે કે અંદરમાંથી પણ એ દૂર હટે." બીજું પોતાના દોષોને ખ્યાલમાં રાખી કચરવાનો સતત ઉદ્યમ સેવવાનો, ભાવવાનું કે "મારા ક્રોધ વગેરે દોષોને ઓછા કરતાં જાઉં !" વળી એની સાથે જાતનું એવું દર્શન કરતાં રહેવું કે હું કેટલો સુધર્યો ? જો આ સ્વદોષદર્શનનો ગુણ નહિ આવે, તો પરદોષદર્શનના પ્રતાપે દુનિયાના સાચા મહાન આત્માઓ ન્યૂન અને પોતાની જાત મહાન લાગવાની. પછી તો એવુંય બને કે ધર્મી આત્માના દોષો જોયા કરાય. એ વળી ધર્મીઓ બજારમાં કપટ કરે છે, એમ કહે. પણ એને ખબર નથી કે, ત્યારે શું જે આત્મા ધર્મ નથી કરતા, એ તો બધા ઉજ્જવળ હૃદયવાળા છે ને ? હંસની પાંખ જેવા જ છે ને ? જે ધર્મ નથી કરતા એની પાસે બધું ધોળું ને ધર્મ કરે છે તેનામાં ધોળામાં કાળું એમ ? અરે, જગતમાં ધર્મરહિતોમાં દોષો અપરંપાર છે. સમજો કે ધર્મ પામ્યો એ એટલો ઊંચે ચઢ્યો. બાકી વીતરાગ ન થાય ત્યાં સુધી દોષ તો હોય જ. આ ન સમજીને એ ઘમંડ ઈર્ષ્યા, બેદિલી વગેરે એવું કરે કે કેઈક સુગુણીની અવહેલના અને દુર્ગુણના પોષણ થાય. આ આપણી કલ્પના તથા વાણીમાં સામાના દોષ ઘડવાનું શિલ્પ એવું છે કે વિના પથ્થરે ટાંકણા માત્રથી જંગી ઉત્પાદન (Production) થાય. વિચારો કે જો આત્મદર્શન ન કર્યું તો જીવ ક્યાંનો ક્યાં તણાઈ જવાનો ? દુનિયામાં અતિ અલ્પ સંખ્યાના પ્રભુશાસનના કલ્યાણ શ્રાવક-શ્રાવિકાને હલકા પાડવામાં શું કોઈ હિસાબ જ નહિ ? જો ત્યાં કોઈ કહે કે "ભાઈ ! નાહકના નિંદા કરી પાપ શા સારું બાંધો છો ?" તો સ્વદોષદર્શન નહિ હોવાના લીધે એ કહેશે કે, 'કોણ નિંદા કરે છે ? સાચી વાત કહેવી એ શું ગુનો છે ?' એને પૂછો કે તો તું એવો સાવધાન છે ને કે અસત્ય પર જ તારી હથોડી પડે, પણ મહાત્માના માથા પર નહિ ? તને અણગમો થાય છે તે માત્ર અસત્ય પરજ ને ? વળી, તું તારા દોષોની સાચી વાત તો ઠેર ઠેર કહેતો જ ફરે છે ને ? ના, એમાંનો એક પણ દોષ એક ઠેકાણેય નહિ કહેવાનો; અને બીજાના દોષ એવા ગાતા ફરવાનું કે એને ફજેત કરવાના. આવા માણસો શિખામણને માટેય અયોગ્ય બને છે.

**ચિતારાનું દૃષ્ટાન્ત :-** સ્વદોષદર્શન એટલે સ્વન્યૂનતાનું દર્શન. એ નહોતું આવડતું સિંહગુફાવાસી મુનિને. તેથી શિખામણને યોગ્ય ન રહ્યા. ઘણા વાળ્યા



ગુરુએ, પણ ન થોભ્યા. સ્થૂલભદ્ર મુનિનો ચાળો કરવા ગયા કોશાવેશ્યાને ત્યાં. શું કરવા ? ચોમાસું કરવા, પણ લોભાયા અને પડ્યા. ચિતારાનો પુત્ર, પ્રખ્યાત થાત દુનિયામાં, પણ અટકી ગયો. કેમ ? છ મહિને ધીરજ ગુમાવી. પોતાની ન્યૂનતા જોવી ભૂલ્યો'ને શિખામણને અયોગ્ય બન્યો. રોજ ચિત્ર બનાવી પિતાને બતાવે. પણ પિતાને મનમાં એવું હતું કે "આને એવો ચિતારો બનાવું કે જગતમાં એનો જોટો ન મલે. એનું ચિત્ર એ ચિત્ર નહિ પણ અસલ વસ્તુ લાગે." એટલે પહેલે દિવસ ચાર ભૂલો એના ચિત્રમાં બતાવી. વળી બીજે દિવસે બીજી ચાર. ત્રીજે દિવસે ત્રીજી ચાર. - એમ દિવસો સુધી ચાલ્યું. રોજ પેલો હોંશે બતાવવા આવે, એમ સમજીને કે આજ તો એકપણ ભૂલ નહિ નીકળે, ને આ એમાં ચાર ભૂલોના લીટા મારે ! વળી બીજે દિવસે ચોક્સાઈથી ચિત્ર દોરી જાય. પાછા લીટા પડે. એમ છ મહિના વિત્યા. એમાં તો કેટલીએ ભૂલો કાઢી નાખી. કહોને કે સાતસો ભૂલો કાઢી નાખી. એટલે કેવું હશે એ ચિત્ર ? પણ હવે એ સ્વદોષદર્શન કરવાની તાકાત ગુમાવી બેઠો. ભૂલો સાંભળવી કંટાળી ગયો. કહો, પ્રશંસા સાંભળતા કંટાળો આવે ? **સ્વની ન્યૂનતા સાંભળવાને હદ છે, અધિકતા સાંભળવાને નહિ !** એમ ? હવે થયું કે આ ચિત્રમાં ભૂલ હોય ? છતાં બાપુજી શા માટે ભૂલ કાઢે છે ? એવી કુટેવ જ પડી ગઈ છે એમને. મારું ચિત્ર ભલે હું ન વખાણું, પણ જગતમાં કોઈ જુએ તો ખુશ થઈ જાય. કયો ચિતારો આવું કાઢી શકવાનો હતો ?

"દિવ્ય-દર્શન"-"પ્રવચન મહોદધિ" વર્ષ-૧,અંક-૫,તા.૨૦-૯-૧૯૫૨

## (૪૬) દિવ્યદર્શન

ચિતારાનો પુત્ર ગર્વમાં ચઢ્યો. 'કોણ આવું ચિત્ર કાઢી શકવાનું હતું ? શું ખુદ બાપુ પોતે આવું ચીતરી શકે ?' એણે ગાંઠ વાળી કે, હવે જો ભૂલ બતાવે તો બરાબર ખબર લઈ નાખું ! **કોની ખબર ? જેણે આટલે સુધી ઊંચે ચઢાવી મૂક્યો, તેની ? વાહ અંહત્વ !** એ માને છે કે બાપે શીખવવાનો ભલે ઉપકાર કર્યો, પણ આ રોજની ટકટક એવી છે કે એ સહન નહિ થાય ! બાપના ઉપકારનું મૂલ્ય કેટલું, ને ગુનો કેટલો છે ! જાણો છો એ કેટલે સુધી નક્કી કરીને ગયો ? "હવે જો ભૂલ કાઢે, તો પાટી મારું માથામાં !" ગયો. આજ સુધી શું હતું ? એને દોષ જાણવાની જિજ્ઞાસા, ને પિતાને દોષ બતાવવાની જિજ્ઞાસા. બન્નેનો બરાબર



E:/Divya-Darshan(part-11).pmd/prf.5

મેળ ! આજે પિતાએ જોયું કે દીકરાનો દેખાવ જુદો છે. એટલે જો કે અંતરમાં ચિત્રની ભૂલો સમજી ગયા, પણ આજ તો કહે છે કે "ઘણું સરસ !"

"હા ! હવે જોતાં આવડ્યું ! કાઢો કાઢોને ભૂલ ?" પુત્ર જેમ તેમ બકવા માંડ્યો.

પિતા મૌન રહ્યા, એટલે પુત્ર ઠંડો પડી કહે છે "કહોને હવે ભૂલ ? કેમ મૌન છો ? ભૂલ ક્યાંથી હોય ? હોય તો બતાવો." "ભૂલ જોવી છે ? જો આ, આ, એવી બીજી સાતસો ભૂલો છે. એ સુધરી જાય એટલે ચિત્રમાં સાચી કુદરત ખડી કરે. વિશ્વનો સર્વશ્રેષ્ઠ ચિતારો થાય. ઇતિહાસમાં અમર થાય."

"ત્યારે ભૂલો સુધરાવો."

"ના હવે નહિ, હવે એ અવસર ગયો. તમારી પાત્રતા અનુસાર તમને મળી ગયું."

આમ સ્વદોષદર્શન ગુમાવવાથી જગતમાં મહાન ચિત્રકાર બનવાની તક પુત્રે ખોઈ.

ત્યારે **સ્વદોષદર્શનનો કેવળજ્ઞાન અપાવવા સુધીનો ચમત્કાર** જુઓ ! શ્રમણ ભગવાન શ્રી મહાવીર પ્રભુ નિર્વાણ પામ્યા. એ સાંભળી ગણધર ભગવાન શ્રી ગૌતમસ્વામી પહેલાં તો આઘાત અને રૂદનપૂર્વક ઠપકો પ્રભુને દેવા લાગ્યા. ત્યાં સુધી કેવળજ્ઞાન નહિ. પરંતુ જ્યાં પોતાના દોષ તરફ દૃષ્ટિ નાંખી કે, 'ભગવાન પર હું પ્રેમધરી ખેંચાઉ છું, અને ભગવાન મને વનવચ્ચે મૂકીને ચાલ્યા જાય છે. એમાં વાંક મારો જ છે. કેમકે **ભગવાન તો વીતરાગ છે, પણ હું સ્નેહરાગમાં તણાઈ રહ્યો છું. હે મન ! વિચાર કે કોણ કોનું છે ?** તું નકામો જ્યાં ત્યાં મમત્વ કરી જીવને સંસારમાં રોકી રાખે છે," ઇત્યાદિ વિચાર્યું કે તરત સ્વદોષદર્શનના પ્રતાપે સર્વજ્ઞ બન્યા ! એવું જ ભગવાન શ્રી ઋષભદેવના માતા મરૂદેવાને જ્યારે ભરત ચક્રી દર્શન કરાવવા લાવે છે, અને માતાને ભગવાન બોલાવતા નથી, ત્યારે માતાને થયું કે, "હું ઋષભ પર પ્રેમ કરું છું, એની મોટી ચિંતા કરું છું, ત્યારે એ તો મને બોલાવતાય નથી. પણ વાંક મારો છે. મારું મન જ રાંકડું છે કે, નકામા સ્નેહરાગમાં તણાયું. **'સારું ય જગત ઝુકો કે લાત મારો, અમારે જગત માટે કશું વિચારવાનું નથી. અમારે તો અમારા આત્માનું વિચારવાનું છે,'** એવું મારા ઋષભને સત્ય દર્શન કરતાં આવડ્યું; ને હું ઘેલી વિચાર્યા કરું કે, 'જંગલમાં મારો ઋષભ શું કરતો હશે ! ત્યાં એની શી સંભાળ ? "વગેરે. પણ જગતમાં કોણ કોનું છે ?" આમ સ્વદોષદર્શન કરતાં આવડ્યું કે ચપટીમાં કેવળજ્ઞાન ! દોષનું દર્શન ચૂક્યો ચિતારો કે અટક્યો. એટલે નક્કી કરવાનું કે ક્યાં મને દોષ નડે છે ? એ



દૃષ્ટિ એવી તેજ રાખવાની કે પોતાનો ઝીણામાં ઝીણો દોષ ખ્યાલ બહાર ન જાય.

અનંત ગુણસંપન્ન પરમાત્મા ફરમાવે છે કે "આત્મદર્શન પાપનું નાશક છે, સ્વર્ગની સીડી છે, મોક્ષનું સાધન છે," એના પર એ વિચાર કરવો ઘટે કે 'દર્શન એ આટલી ઊંચી વસ્તુ છે ? તેમાંથી આવો મોટો લાભ ? તો હું શા માટે એ ન કરું ? જ્ઞાનીઓની કહેલી વાતો વિચારતાં લાગે છે કે સહેલું દર્શન ઊંચા લાભોને આપે છે. પણ જો તે દિવ્યદર્શન હોય તો. જગતમાં દર્શનના નામે ઘણું ચાલે છે. પણ તે આત્માને લાભકારી બનતું નથી, તેવી કોટિનો કોઈ આગામી લાભનો વિશ્વાસ પણ આપી શકતું નથી. દિવ્યદર્શનને આચરનારો, એ જીવનને ઉચ્ચ ને પવિત્ર બનાવે છે. પછી એના યોગે આખા સમાજમાં એવી કોટિનું સુખમય વાતાવરણ સર્જે છે કે જેની તુલનાએ જોઈએ તો, 'જે પાપ દર્શનોને દાનવ દર્શનો કહી શકાય તે સમાજમાં ભયંકરતાને સર્જે છે', એમ દેખાય. **જગતપર જ્યાં સુધી દિવ્યદર્શનનું સામ્રાજ્ય વધારે હતું ત્યાં સુધી જગત સુખી, નચિંત ને આબાદીમાં આગેકુચ કરતું હતું.** ને હવે દાનવ દર્શનના જોરદાર વિકાસથી સુખ લુંટાઈ ગયું. અવનતિમાં આગેકૂચ થવા માંડી, ને ચિંતાઓનો પાર રહ્યો નહિ ! **આજનું જગત દુઃખી હોય, ચિંતાતુર હોય, અવનતિકરી રહ્યું હોય, તો તે દાનવ દર્શનના મંડાણ પર.**

**દૃષ્ટિ તેવી સૃષ્ટિ :-** સામાન્ય રીતે કહેવાય છે કે "જેવી દૃષ્ટિ તેવી સૃષ્ટિ." એટલે ? ધારો કે એક સજ્જન છે. તેની સામે અનેક ભુંડા ભુંડાઈ કરતા આવે, તો પણ તેની દૃષ્ટિએ તો બધા સારા જ દેખાય. ને ભુંડા આગળ અનેક સંત આવે, છતાં તેની નજરે તો એ બધા ભુંડા જ લાગે ! દર્શન કહો કે દૃષ્ટિ કહો, એ ફર્યું એટલે નીતિરીતિ ફરી. એટલે જ આપણે સાંભળીએ છીએ કે ઋષભદેવની પહેલાં વિમલવાહન કુલકર થયા, તેને દંડની વ્યવસ્થા કરવી પડી. પહેલાં આ ભરતખંડમાં એ વ્યવસ્થાની જરૂર નહોતી કે જે ગુનો કરે તેને આ સજા કેમકે ગુના જ નહોતા થતા. તો પછી કેમ ? કેમકે પછી દૃષ્ટિ ફરી ગુના ચાલુ થઈ ગયા. એનું કારણ એ, કે તૃષ્ણા વધી પડી. ત્યાં કલ્પવૃક્ષોનો પ્રભાવ ઓછો થઈ ગયો હતો. કલ્પવૃક્ષોનો જ્યાં બહુ **પ્રભાવ હતો, ત્યારે ઝંખના બહુ ઓછી ! ને પ્રભાવ ઓછો થયો એટલે લોકની દૃષ્ટિ ફરી. ભૂખ વધી. સ્વાર્થ વધ્યો, ને એના યોગે ધાંધલ વધી પડી.** બધાએ કબજે કરવા માંડ્યું. આ દાનવ-દર્શનની શરૂઆત થઈ. ભરતખંડ પર વિમલવાહનને એટલું કરવું પડ્યું કે કોઈ ગુનો કરીને આવે એટલે એને 'હત્' કહેવાનું બસ ! 'હત્' સાંભળતાં તો એવી એને નાલેશી લાગે, કે એને આપઘાત કરવાનું મન થાય. ફરી ગુનો કરવાનું બંધ. આજે દુનિયા આગળ વધેલી ગણાય, છેને ? તે ગુના મટી ગયા કે વધી ગયા ? ગુનાય કેવા ? તેના બચાવ માટે ય



E:/Divya-Darshan(part-11).pmd/prf.5

કેવા નવા ગુના ! છૂપા ગુનાનો તો પાર નથી ! **વિકાસવાળી અને સુધરેલી દુનિયા આ કે પેલી ?** પૂર્વની એ સારી દુનિયામાં ફરક પડી ગયો; કેમકે દૃષ્ટિ ફરી. અને હવે ફરક એવો થતો ગયો કે એના પર સજાઓનો વધારો જ થતો ગયો, વિમલવાહન પછી જેમ જેમ કાળ વીત્યો, તેમ તેમ હકાર પર મકારની, અને તેથી અધિક ધિક્કારની સજા, ને આગળ વધતાં જેલ, માર, ફાંસી વગેરે ઘણું ચાલ્યું. આ શાના પર ? દિવ્યદર્શન ભૂલાયાં તે પર. જો કે ઋષભદેવ પછી ચોથો આરો આવ્યો. ઘણા સારા માણસો થયા ને અસંખ્ય આત્મા મુક્તિએ ગયા. જ્યારે ક્યારેય જગત પર મોજુદ મનુષ્યોની સંખ્યા અસંખ્યાતી નહિ, પણ સંખ્યાતી. છતાં ચોથા આરામાં મનુષ્યો મુક્તિએ અસંખ્ય ગયા. એ પ્રતાપ કોનો ? દિવ્યદર્શનનો. છતાં દાનવ દર્શન વધવાના હિસાબે દૃષ્ટિ ફરી, અને આત્માની દુષ્ટતા વધવા માંડી.

**છુપા દોષની પરીક્ષા :-** ત્રણ દિવ્યદર્શનમાં પહેલા નંબરમાં આત્મદર્શન, બીજામાં પરમાત્મા દર્શન, ને ત્રીજું વસ્તુસ્વરૂપ-દર્શન. આ ત્રણમાં પારંગત થઈએ તો કર્મની કોઈ તાકાત નથી કે આપણો સંસાર લાંબો કરી શકે. વર્તમાનમાં ઊંચી રાહત, બળ અને સુખનો અનુભવ કરાવવાની શક્તિ એમાં છે. આત્મદર્શનથી સ્વકીય જાત સ્પષ્ટંસ્પષ્ટ ઓળખાઈ જાય છે, મહાત્મા સાથે તુલનામાં આપણી જાતની અધમતા દેખાય છે. પછી પરમાત્મદર્શનમાં અપૂર્વ ઉલ્લાસ વધે છે ! ને વસ્તુસ્વરૂપદર્શનથી આત્માનો અનાદિનો રાહ પલટાય છે; એટલે આરાધનાનો વેગ આવે છે. આ બધાના મૂળ પાયામાં સ્વદોષદર્શન છે. એમાં આત્માનું કેટલી હદ સુધીનું વિકૃત-બગડી ગયેલું સ્વરૂપ છે, તે શોધ્યા કરવાનું છે; જેથી આપણને ખ્યાલ આવે કે આપણે રૂપાળા છીએ કે સારા મજેના કદરૂપા છીએ ! બીજાના દોષ જોવા તરફ અંધ બની જાતના દોષ જોવાના છે. શું લાગે છે ખરું કે આપણામાં દોષ છે ? જુઓ આ માપવાની રીત. રસ્તામાં જતા હોઈએ ને રસ્તામાં સોનૈયો પડ્યો છે. આપણી માલિકીનો નથી, ને બીજા રસ્તે જનારની માલિકીનો પણ નથી. છતાં બીજો જઈને હાથ મારે તો શું થાય ? આપણા આત્મામાં દોષ છે કે નહિ, તેનું માપ અહીં નીકળે. દોષને લીધે ઝટ થાય કે 'સામો ચોર. બસ, એને જાહેર કરું !' એમ એવા સંયોગો કલ્પી એ વખતે કેવા રહીએ છીએ તે પર દોષની કલ્પના થાય. જ્યાં જરાપણ સ્વાર્થ ઘવાય ત્યાં સામાપર વેર કેટલી હદ સુધી વાળીએ ? એને કેટલી ભારે નુકશાનીમાં ઉતારી શકીએ ? ત્યારે શું આપણે સચોટ અહિંસક, સત્યવાદી ને સદાચારી છીએ ? લોભની મર્યાદાવાળા ખરા ? ગમે તેવા સંયોગમાં પંચેન્દ્રિયની હિંસા તો ન જ કરીએ ને ? શું એમ હૃદય કહે છે કે 'ગમે તેવા સંયોગમાં પંચેન્દ્રિયની હિંસા તો ન જ કરીએ ને ? શું એમ હૃદય કહે છે કે



'ગમે તેવો સંયોગ આવે, પણ માણસને તો ન જ મારું. ભલે હું રીબાઈ મરું.' ના, હૈયામાં પડ્યું છે કે જો હુલ્લડ વગેરેમાં આમ થાય તો આમ કરી નાખું ! ત્યારે સત્યનું માપ કાઢો. 'ના, હું જુઠું ન બોલું. મારી સામે દસ લાખનો ઢગલો કરે પણ એ મને જુઠું ન બોલાવી શકે, આવો નિર્ધાર ખરો ? કયા દોષ નથી તે તપાસો.

**વિષયભોગમાં થાક ખરો ? :-** આટલે આવ્યા તો જોઈ લ્યો કે કયા દોષ રહી ગયા છે, આંખ ચોક્ખી હશે તો દોષો ઢગલાબંધ દેખાશે. દા.ત. ક્ષુદ્રતા તો ખપે ! અસહિષ્ણુતા તો આપણી પાસે જ હોય ! ઈર્ષ્યા લેવા જવું ન પડે ! ચાડી ચુગલી ને નિંદામાં તો નંબર પહેલો મળે ! કષાયમાં બરબાદી ન દેખાય ! ને પાંચે ઈન્દ્રિયોના વિષય અનેકવાર આવે, તો પણ થાક નહિ ! વિષયની લાલસા ક્યાં સુધી ? એક વિષય ? ના, અનેક વિષય. એમાંથી એક વિષય અનેકવાર અથડાય તો પણ અમારે આંખ મીંચવાની જરૂર નથી ! કેમ એમ જ છે ને ? સારું રૂપ કેટલી વખત આવે તો આંખ થાકી કંટાળી જાય ? જેને બહારથી આ થાક નથી, તેને અંદર થાકી કંટાળી જાય ? જેને બહારથી આ થાક નથી, તેને અંદર પાપના ગંજ ખડકાતા હોય તેનો ડર ખરો ? દોષ કેટલા ? વિષયની આસક્તિનો દોષ કેટલો ભારે ? ખબર નથી કે ચક્ષુથી આ જોવાનું કાર્ય આ માનવજીવન માટે નહિ, એવી જગ્યાએ હું જન્મ્યો છું, કે સર્વથા ત્યાગી થઈ ફરી શકું. આની ભૂમિકારૂપે નક્કી કરી રાખવું પડે કે દિવસમાં મારે બધાં નહિ તો અનેક રૂપ તો જરૂર જતાં કરવાના. આવું આર્ય પ્રજાએ જો રાખ્યું હોત તો આજે જે બોડું બાંડું રૂપ પફ પાવડર કરી લોકોને દેખાડવાના ચાળા અને લોકના જ્યાં ત્યાં આંખો નાખવા કરવાના જોરદાર તોફાન થાય છે, તે ન થાત. **હોટલવાળો મજેનું બધું કેમ રાખે છે ? ભૂખારવા દુનિયામાં છે માટે !** ઘેરથી બીરાદર ખાઈને નીકળ્યા હોય, પણ હોટલવાળાને ખાતરી છે કે એ મારી હોટલની વિઝિટ લેવાના છે ! એમ રૂપનાં પ્રદર્શન કરનારને ખાતરી ! પણ રૂપને જોનાર જ ન હોય તો નખરાં કોણ કરે ! આમ દોષના વિસ્તારોનો પાર નથી ! એથી જ આજે જડની નવી નવી શોધો ચાલુ છે.

**જે આ દેશમાં ઈન્દ્રિયોનો પર વિષયો ઉપર હક દાવો ન પહોંચી શકે, ત્યાં સર્વદા પુદ્ગલના સંગી બનવાનું !** હિસાબ કાઢવાની જરૂર છે, કે હવે કેટલા દોષોમાં સબડવું છે ? 'અમારો સ્વાર્થ સધાતો હોય તો ભલેને અમારા ગમે તેવા આચરણના યોગે ધર્મને કુળ કલંકિત થાય, તેની કોઈ પરવા નહિ,' આવું ક્યાં સુધી ચાલવાનું ? જગતમાં જે ચાલે છે અનીતિ, અન્યાય, અસદ્આચાર, તેમાં માપ નથી રહ્યું કે આટલી હદ સુધી કરાય ! આત્મદોષ જોવાનું ન બને ત્યાં સુધી



E:/Divya-Darshan(part-11).pmd/prf.5

શી જરૂર કે દોષ ઘટાડાય ?

**આત્મદર્શનમાં બીજું સ્વચર્યાદર્શન :-** પહેલું દોષદર્શન, ને બીજું ચર્યાદર્શન. જે આ જીવનમાં ઊંચી ચર્યા લાવવાના સંયોગો મલ્યા છે, તેની સામે આપણે શું કરીએ છીએ ? જે જીભ મલી છે તેનાથી શું ચાલે છે ? બહારના પ્રત્યે તો ગમે તે ચાલે, પણ જે કુટુંબના જ ગણાય, તેના પ્રત્યેનીય ચર્યા કેવી ? જીભ દ્વારા દુનિયાની કચરાપટ્ટી વાતો પીરસવાની ? મિત્રમંડળમાં શું કરવાનું ? એજ ! આજે લોકોના મોઢે શું ? ચૂંટણી, કોંગ્રેસ, સમાજવાદ... એજ ને ? રામાયણને મહાભારત ની વાતો કેટલી ? ત્યારે શું રામ અને પાંડવોની વાતોમાં દમ નહિ હોય અને આજની વાતોમાં દમ ? વાતો કરવાથી તિજોરીઓ તર થતી હશે ? બોલવા ચાલવા, ફરવા હરવામાં કષાય ને અધમ વૃત્તિઓથી ભરેલી આપણી ચર્યા ! તેનું દર્શન કરતાં આવડે તો આપણે દિવ્યદર્શન કર્યું કહેવાય, ''હું આવા દોષથી ભરેલો ? મારે આવું કરવું જોઈએ.'' આ ક્યારે થાય ? દિવ્યદર્શન કરતાં આવડે તો. માટે જ વીણીવીણીને સ્વદોષો જોવા સાથે આત્મદર્શનના બીજા પ્રકારમાં **સ્વચર્યા તપાસવાની છે.** 'મારા જીવનની ચર્યા કયી છે ?' દોષ અંદરના ગણાય, ચર્યા બહારની. ચર્યા એટલે વર્તણુંક. 'મન વચન ને કાયાથી કયી વર્તણુંક કેવો વર્તાવ કરી રહ્યો છું ?' એટલે **જીવનમાં શાનો ભેખ કે પરવાનો લીધો છે ?** કોનું કેટલું પ્રમાણ છે ? છે આ ગણત્રી ?

''દિવ્ય-દર્શન''-''પ્રવચન મહોદધિ'' વર્ષ-૧,અંક-૬,તા.૨૭-૯-૧૯૫૨

## (૪૭) દિવ્યદર્શન

**એના ત્રણ ભેદ : ૧. આત્મદર્શન-૨. પરમાત્મ દર્શન-૩. વસ્તુ સ્વરૂપદર્શન.**

**આત્મદર્શન છ :- ૧. સ્વદોષદર્શન, ૨. સ્વચર્યાદર્શન, ૩. સ્વોપેક્ષ્યદર્શન, ૪. સ્વસુચિન્ત્યાર્થદર્શન, ૫. સ્વવિકસિતશક્તિ દર્શન ૬. સ્વગોપિતશક્તિ દર્શન.**

**ચર્યા ચેતન માટે કે જડ માટે ? :-** પોતાની ચર્યા તપાસવામાં આવે તો માલુમ પડે કે ચર્યા એવી ચાલી રહી છે કે જેથી સુખ ન મળે અને દુઃખ ન ટળે, એમાં જરાય નવાઈ નથી. આત્મા સનાતન, અપાર અમાપ કાળથી જન્મે જન્મ ઘુમતો આવતો અને જડની સેવાના ગુનાની ભયંકર સજાઓ ભોગવ્યા કરતો હજુય એમજ જીવનની ચર્યાઓ ચલાવે જાય, તો પરિણામ શું ? શું એવું થાય છે કે જો સવારથી ઉઠ્યા ત્યારથી કાયાને, કુટુંબને અને કંચનને અનુલક્ષીને સઘળી ચર્યાઓ



આદરે જવાની તો આત્માને ઉદ્દેશીને ચર્યા ક્યારે આદરવાની ? સૂક્ષ્મ નજરે ચીવટથી જોયા કરશો તો દેખાશે કે એવી ઘણીય ચર્યા એવી ચાલે છે કે જે બિલકુલ બિન જરૂરી છે, અને ઉપરાંતમાં આત્મઘાતક છે. ચર્યા પર ચોકી રાખનારો તો એવી દિવ્ય દૃષ્ટિવાળો બની જાય છે, કે **કશું ધ્યાન બહાર જાય નહિ, નકામું કાંઈ આચરાય નહિ, જરૂરી એવી પણ સંસારની ચર્યાઓ સંકોચાતી આવે, પુદ્‌ગલની વેઠની ચર્યાઓ પર ગુમાન થાય નહિ** વગેરે વગેરે

પોટ્ટિલાએ સંયમ લીધા પછી સ્વચર્યા એવી સુંદર બનાવી દીધી કે એથી ભૂતકાળની ભૂલોના પરિમાર્જન કરી માનવ જીવનના સાર ખેંચ્યા. સ્વર્ગમાં ગયા પછી એણે જોયું કે પતિ શું કરે છે ? કેમ વારું ? પતિને કોલ આપેલ છે પ્રતિબોધ કરવાનો. અહીં પતિની સ્થિતિ એવી બની છે કે કનકરથ રાજાના મૃત્યુ પછી પોતે ખાનગીમાં પોતાના પુત્ર તરીકે ઉછેરેલા રાજપુત્ર કનકધ્વજને રાજ્યગાદીએ બેસાડ્યો છે, કનકરથની શી જીવનચર્યા હતી એ ખબર છે ને ? જિંદગીભર પોતાને રાજ્યગાદી ભોગવવાની રહે એ માટે પોતાના જ સંતાનને એ જન્મતાં જ અંગોપાંગમાં છેદ કરાવતો. આ માનવની ચર્યા ? નાગણ પ્રસૂતિકાળે ભૂખથી પોતાના સંતાનને ખાઈ જાય છે, એવી આ હળવી નાગણચર્યા થઈ કે બીજું કાંઈ ? કુદરતનીય કેવી ખૂબી છે કે ભયંકર ઘાતકી, જંગલી વગેરે પશુપંખી કે જીવ-જંતુઓમાં નરસી ચર્યા પણ એક જાતની. ત્યારે માનવ જો હેવાન બનેલો હોય તો એનામાં અનેક નરસી ચર્યાઓનો સરવાળો ! અવસરે માનવ ભક્ષ્ય પાછળ બિલાડીના તાકની ચર્યાવાળો, બિલ્લીને મળવાનું કાંઈ જ ન હોય પરંતુ રાતને દિ એક સરખી ઉંદર તાકવાની ચર્યા ! તેમ માનવમાં શત્રુ પ્રત્યે વાઘ જેવી ચર્યા ! કૌતુક અંગે વાનર જેવી ચર્યા ! વિશ્વાસઘાતમાં શિયાળની ચર્યા ! ઠગવામાં બગચર્યા, પરિગ્રહ પાછળ કીડીની ચર્યા, રૂપની લંપટતામાં પતંગીયાની ચર્યા, **આમ કેમ જાણે અનેક કુચર્યાઓનું એક સંગ્રહસ્થાન ભાનભુલો માનવ !**

**ઉપકારી પ્રત્યે કૃતજ્ઞતા :-** કનકરથને પોતાની કુચર્યાનું પરિણામ શું મળ્યું ? મૃત્યુ બાદ દુર્ગતિ. વ્હાલા કરેલા રાજ્યમાંથી પદભ્રષ્ટતા અને અશરણ પણે ભવભ્રમણ, મંત્રી તેતલીપુત્રે સાચવેલા કનકધ્વજને રાજ્ય મળ્યું. રાણી પદ્માવતી જે કનકધ્વજની માતા થાય, એણે પુત્રને શિખામણ આપી. 'જો દીકરા ! આ તને જે રાજ્ય મળ્યું, સત્તા સંપત્તિ મળી તે આ મંત્રીના પ્રભાવે. માટે મારી તને ખાસ સલાહ છે કે 'મંત્રીનો ખૂબ આદર કરજે, સત્કાર કરજે, એમની સલાહ ખૂબ લેજે. તારા પિતાએ તારું ભલું જે નથી કર્યું, તે આ મંત્રીશ્વરે કર્યું છે, માટે ભૂલતો નહિ બચ્ચા !' માતાની આ અણમોલ સલાહ પુત્રે હૃદયપર પર કોતરી લીધી. એણે



E:/Divya-Darshan(part-11).pmd/prf.5

સમજી લીધું કે મંત્રીએ કેવું ગજબ સાહસ કરી મારું જતન કર્યું ! એ ન કર્યું હોત તો પિતાએ તો કંઈક નાક, કાન કે આંગળી વગેરેમાં છેદ કરાવી મને રાજા બનવાને જીંદગીભર નાલાયક કર્યો હોત !' મંત્રીની એણે ખૂબજ સેવા અને આમન્યા આદરી. વાતવાતમાં એ સલાહ લે 'હેં મંત્રીશ્વર ! આનું કેમ કરવું ? આમાં તમારો શો અભિપ્રાય છે ?' પાછું પોતાના અભિપ્રાય કરતાં મંત્રી જુદું બતાવે તો તરત પોતાનો અભિપ્રાય ફેરવી નાખે અને મંત્રીનું કહ્યું શિરોમાન્ય કરી લે. **માણસને મમત્વ અને બહુમાન જાગ્યા પછી સાચો આજ્ઞાંકિત, આમન્યા ધારી અને અનુયાયી બનવું કાંઈ જ કઠીન નથી.** ઊલટું એ પરતંત્રતામાં અધિક આનંદ રહે છે. સદ્ગુરુ પ્રત્યે, ધર્મપિતા પ્રત્યે એ ભાવ જાગી જાય, તો જીવનું કેવું મહાન કલ્યાણ થઈ જાય !

**આત્મજાગ્રતિ ચાહો તો માનપાનથી ગભરાઓ :-**

મંત્રીના માન તો ખૂબ જ વધી ગયા, સેવા પણ બહુ મળવા લાગી; પરંતુ એ બધું મંત્રીને પચ્યું નહિ તેથી મંત્રી એમાં લુબ્ધ થઈ ગયો, હવે અહીં પોટ્ટિલા દેવ મંત્રીની આવી લહેવાઈ ગયેલી સ્થિતિ જુએ છે; જોઈને કલ્પે છે કે મંત્રી કાંઈ આ દશામાં ધર્મનો પ્રતિબોધ લે નહિ ! વાતેય સાચી હતી. મંત્રીના હૃદયના ભાવ દેવે બરાબર દેખી લીધા. દેવને આશ્ચર્ય ન થયું ? ના, એ સમજે છે કે **સગવડ અને માનપાન ચીજ જ એવી છે કે ભલભલાને આત્મ જાગ્રતિ ભૂલાવી દે.** અહીં એ જોવા જેવું છે કે મંત્રી જો આ માનપાન ઝીલવાની ચર્યામાં પડ્યો તો કેવું આત્મસત્ત્વ ગુમાવ્યું ! ગુમાવ્યું એટલું જ નહિ, પણ પોતાની આચર્યાનું વાસ્તવિક દર્શન પણ કરવાની વાત રાખી નહિ. આત્મઉન્નતિમાં દેવ સહાય કરે એમ છે, પણ એ સહાય બી ખપ ક્યારે લાગે ? સ્વદોષ દર્શન થાય, પોતાની ખામી જણાય, પોતે કેવી ફજુલ ચર્યા આદરી રહ્યો છે એનો ખ્યાલ આવે તો ને ?

"દિવ્ય-દર્શન"-"પ્રવચન મહોદધિ" વર્ષ-૧,અંક-૭,તા.૪-૧૦-૧૯૫૨

## (૪૮) દિવ્યદર્શન

**આત્મદર્શન-પરમાત્મદર્શન-વસ્તુસ્વરૂપદર્શન.**

**આત્મદર્શનમાં બીજું સ્વચર્યાદર્શન; ત્રીજું સ્વોપેક્ષ્યદર્શન; એના પ્રસંગમાં પોટ્ટિલાનું ચરિત્ર.**



**સ્વચર્યાદર્શનની અગત્યતા :-** કોઈ ધર્મી ગણાવા ચાહે છે, તો કોઈ સેવક ગણાવા ચાહે છે. કોઈ સારા નેતાની ખ્યાતિ ચાહે છે, તો કોઈ સારા શ્રીમંતની નામના ઈચ્છે છે. ગમે તે ચાહના રાખી, પણ સાથે સાથે એ જોવું જોઈએ કે મારી ચર્યા કઈ ચાલી રહી છે ? હું જેવી ખ્યાતિ ચાહું છું એવી એને અનુકુળ ચર્યાનો આદર સારી રીતે કરી રહ્યો છું ? તેમ પ્રતિકૂળ ચર્યાથી આઘો રહું છું ? આ તો ચર્યા ઊંધી આદરવી છે, અને લાભ સારો જોઈએ છે, ક્યાંથી મળે ? પાછું એ ચર્યાની ફરીયાદ કરતો કોઈ આવે તો, તે સાંભળવી નથી કે સુધારવી નથી ! એ કેમ ચાલે ? દેવ જોઈ રહ્યો છે કે આ મંત્રીને એમજ હું કાંઈ કહું તે માને એમ નથી. કેમકે હમણાં એને કેફ ચઢ્યો છે. નશામાં જ્યાં ભાનજ ન હોય, ત્યાં સાંભળવાની શી આશા ? હવે આને પ્રતિબોધ શી રીતે કરવો, અને કોલનું પાલન શી રીતે કરવું, એ એક મુંઝવણ થઈ પડી દેવને. એણે નિદાન કર્યું કે મંત્રીની આ ચર્યા ફર્યા વિના કાંઈ બને નહિ. તેમ રાજાની ચર્યા ફર્યા વિના મંત્રીની ચર્યા ફરે નહિ.

**સારાપણાની ઈચ્છા કેટલી, અને ચર્યા કેવી ! :-**

પોટ્ટિલા દેવ વિચાર કરે છે કે આ સંયોગોમાં મંત્રી શી રીતે પ્રતિબોધ પામે ? આજે એ તો રાજાથી કરાતા સ્વાગત, સન્માનમાં એટલા બધા લુબ્ધ છે, કે પોતાની આ ફજુલ ચર્યાનું તાદૃશ દર્શન કરવા તૈયાર નથી. રાજાના સન્માનમાં, માનો કે, ટેપટુપ કરતા ફર્યા. પણ તે ક્યાં સુધી ? **આ સ્થિતિ તો એકવાર જવાની છે અને જીવ તો પછીય ઊભો રહેવાનો છે, એ ખબર છે ? કઈ ચર્યા ઉપર ભવિષ્યમાં નિરાંત ?** જીવનમાં બીનજરૂરી એવી ઘણી ચર્યા ચાલી રહી છે, તેમ ઊંધી પણ ચર્યાનો હિસાબ નથી ! કહેવડાવવું છે કે હું શાહુકાર છું, પણ શાહુકારીની ચર્યામાં ભારોભાર ખામી ! ઈચ્છવું છે કે લોક મને અધર્મી ન કહે, પણ એ કોણ જોશે કે 'ભાઈ ! આપણી ચર્યા કેવી છે ?' ઓળખાવવું છે આબરૂદાર તરીકે; અને ગુપ્તચર્યાઓ એવી ચાલુ છે કે જે પ્રકાશમાં આવતાં જ, આબરૂના કાંકરા થાય. જો માણસ સ્વચર્યાદર્શન નામનું આત્મદર્શન બરાબર કરે, તો એને ખબર પડે કે પોતાની ઘણી ઘણી ચર્યાઓ, પોતાની અનેક ક્ષેત્રે સારા બનવાની કે સારા કહેવડાવવાની વસ્તુ સાથે, સંગત નથી. એ વસ્તુને અનુકૂલ નથી એટલું જ નહિ, પણ ઊલટું એ વસ્તુને પ્રતિકૂલ છે ! જીવને કેવા કેવા સારા ગણાવાનું નથી ગમતું ? પોતે બાપ હોય તો, હું સારો બાપ ગણાઉં,' પુત્ર હોય તો 'હું સારો પુત્ર ગણાઉં,' સારો કદરદાન શેઠ ગણાઉં, નિઃસ્વાર્થ મિત્ર ગણાઉં, સેવાભાવી નાગરિક ગણાઉં, વિશ્વાસુ સ્નેહી ગણાઉં, ભગવાનનો માણસ ગણાઉં, તનતોડ મહેનત કરનારો



E:/Divya-Darshan(part-11).pmd/prf.5

નોકર મુનિમ કે ટ્રસ્ટી ગણાઉં',... **આવું આવું તો જીવને કેટલુંય ગમે છે, એના ઈચ્છાક્ષેત્રમાં એવું ઘણું ઘણું ભર્યું પડ્યું છે.** હવે એ બધું પાર પાડવા માટે જીવે એ અભિલાષાને અનુકૂલ થાય એવો પોતાની ચર્યામાં ધરખમ સુધારો કરવો જોઈએ. આ ક્યારે બને ? પહેલાં માપ કાઢે કે કઈ કઈ અસત્ ચર્ચાઓ પોતા-પોતાનામાં રમી રહી છે, અને કઈ કઈ સત્ ચર્યાઓની ખામી છે. આનું નામજ સ્વચર્યાદર્શન. 'મારે સારો શ્રાવક કે સારો સાધુ થવું છે તો **પહેલાં ચર્યાઓનો સ્ટોક લેવા દે !'** દિવાળીએ ગોડાઉન કે દુકાનના માલનો સ્ટોક લો છો ને ? શું કરવા ? બરાબર ખ્યાલમાં આવી જાય કે નકામો માલ ક્યાં ભરાઈ ગયો છે, અને ચાલુ ખપતો માલ કયો સ્ટોકમાં નથી, કે ઓછો છે. એમજ ને ? એવું અહીં છે. બિનજરૂરી ચર્યાનો પહેલેથી ખ્યાલ કરી લીધો એટલે પછી તો જ્યાં એ ચર્યા આદરવાની આગાહી લાગશેને, ત્યાંથી મન મારીને પાછો વળી જશે. અર્થાત્ એ ચર્યાને અટકાવશે. એવું જ જરૂરી એવી શુભ ચર્યાનો અવસર શોધી શોધીને એને આદરશે.

**ધર્મશરતનું પાલન :-** મંત્રીને ધર્મની ચર્યામાં જોડવા માટે પોટ્ટિલા દેવે પ્રયત્નો કરવા માંડ્યા. સારા ઉપદેશ દે છે, સારી સારી તત્ત્વની સમજુતી આપે છે, **સંસારનું વિચિત્ર સ્વરૂપ, કર્મોની વિષમ સ્થિતિ,** કોણ જાણે ક્યારે કેવા કર્મ ઉદયમાં એકાએક આવી જાય એ, **માનવ જીવનની ટૂંકી અવધિ, અહીં મળેલા મહા દુર્લભ ઉત્તમ સંયોગો,** ઈત્યાદિ બહુ બહુ સમજાવે છે, છતાં મંત્રીના મન ઉપર એની કાંઈ જ અસર નહિ. ત્યારે આપણને થશે કે, 'તો પછી મંત્રીએ શું જોઈને પોટ્ટિલાની દીક્ષા વખતે કૉલ લીધો હતો ?' પણ ત્યાં એજ સમજવાનું છે કે કૉલ માગ્યો હતો તે તો સારી ભાવનાથી. દંભ નહોતો એ, અંતરની સાચી ધગશ હતી. દેખાવ નહોતો એ, હૃદયની વાચા હતી. માત્ર એ વખતના સંયોગ મધ્યમ હતા. હવે સંયોગો માનપાનની દૃષ્ટિએ, આ નવા રાજાના રાજ્યમાં વધી ગયા. બસ ત્યારે **જગતમાં મોંકાણ હોય તો પૌદ્ગલિક લાલચોની છે.** એ જીવને ફસાવી એવો નરવસ (nervous)- મુડદાલ કરી દે છે, કે ગુરુની ભવ્યવાણી પણ ધ્યાનમાં ન લેવા દે. એનું પરિણામ શું ? પરલોકમાં ક્યાંય ફેંકાઈ જવાનું. માટે જ એ લાલચોના બહુ મૂલ્ય આંકવા જેવા નથી ! એ ન મળી હોય તો મનને ઓછું લગાડવાની જરૂર નથી. **મધ્યમ સંયોગો એ તો આત્મા માટે આશીર્વાદ રૂપ છે. આજે જો આ સમજાય, તો દુઃખ શાનાં ? શ્રીમંત એ બાપડા લાગે !** કેમ એમ ? એટલા માટે કે એમની પાસે ધર્મરુચિ નથી.





# (૪૯) દિવ્યદર્શન

**આત્મદર્શન : એમાં ત્રીજું-ચોથું 'દર્શન' ઉપેક્ષા કરવા યોગ્ય, અને કાળજી કરવા યોગ્ય શું ?**

**ધર્મની અરુચિનું નિદાન ? :-** હવે પોટ્ટિલા દેવે મંત્રીને દુઃસાધ્ય દર્દી જેવો જોઈને ઉપાય એ શોધ્યો, કે આમાં રાજાની ચર્યા ફેરવાવવી જોઈએ. રાજા જ્યાં સુધી આમને માનપાન આપે છે, મોટા ભા કરે છે, ત્યાં સુધી જ દર્દ દુઃસાધ્ય. શું દર્દ છે મંત્રીને ? ધર્મનો પ્રતિબોધ ન રુચવાનું દર્દ. **જેમ ખોરાકની અરુચિનું દર્દ, તેવું આ ઉપદેશની અરુચિનું દર્દ. એ દર્દ જીવે છે જગતની અનુકૂળતા મળવા ઉપર. આજે દેખાય છે કે માણસ જેમ વધારે સંપત્તિ સન્માનવાળો, તેમ પ્રાયઃ ધર્મની અરુચિવાળો.** અલબત, સારા પણ માણસો છે. પણ એમના, આજના સઘળા શ્રીમંતોની વચ્ચે, ટકા કેટલા ? દેવે રાજાને મંત્રી તરફ અરુચિવાળો કરી દીધો. એટલે, હવે જ્યારે મંત્રી દરબારમાં આવ્યો, ત્યારે રાજાએ મોં બીજી બાજુ ફેરવી લીધું. મંત્રી તો આભો જ બની ગયો. એને થયું કે 'આ શું !! આજ સુધી હું આવતો ત્યારે દરવાજામાં મને પેસતો જોતાં જ રાજા મોં મલકાવતા, વડિલ તરીકે આવકાર આપતા; અને આજે એમાંનું કાંઈ નહિ ? શું થયું હશે ? મને જોયો નહિ હોય ? ના, જોયો તો હતો જ, દૃષ્ટિ મારા પર પડી જ હતી, પણ એમણે ઈરાદાપૂર્વક મોં બગાડીને ફેરવી લીધું. એ મેં નજરોનજર જોયું છે માટે જરૂર કાંક એમના મનમાં આવ્યું છે. ત્યારે શું રાજાને કોઈએ ભરાવ્યું હશે ? કોઈ વિઘ્નસંતોષીએ ખટપટ ઊભી કરી હશે ?...' મંત્રીની વિચારસરણી વિજળીના વેગે આગળ વધે છે. બીજાની ચર્યા તપાસવા દોડાદોડ કરે છે એ ! પણ પોતાની ? હા, એટલું જોઈ લે છે કે મારા હાથે તો કાંઈ ઊંધું બન્યું નથી ને ? તેવું કાંઈ દેખાતું નથી, એટલે હવે રહ્યું કોણ ? સારું જગત ! એની ભૂલો શોધતા ફરવાનું ! માણસની આ કેવી વૃત્તિ છે ? અને એટલું ચોક્કસ છે કે **જ્યાં સુધી બીજાની ભૂલો ફેંદવાનું કર્યા કરે, ત્યાં સુધી એને ન તો સાચી વસ્તુસ્થિતિના રહસ્ય સમજાય, કે ન તો સુખ શાંતિ અને નિશ્ચિતતા મળે.** અહીં ખરું નિદાન શોધવા માટે સ્વચર્યાદર્શનની જેમ ત્રીજું-ચોથું આત્મદર્શન ઉપસ્થિત થાય છે. તે કયું ? ત્રીજું પોતે કઈ કઈ વાતોની ઉપેક્ષા કરી રહ્યો છે તે, અને ચોથું કઈ કઈ વાતોની બહુ કાળજી કરી રહ્યો છે તે. આ

આત્મદર્શન બહુ સુંદર ઉકેલ કાઢી આપે ! પોટ્ટિલાને સાધ્વીજીએ એ આત્મદર્શન કરાવ્યાં હતાં, તો ઉકેલ એવો કાઢ્યો કે એ મંત્રીની ચાપલુસી કરવામાંથી છૂટી, એ અત્યારે મંત્રીને શિખામણ આપવાની દેવપણાની સ્થિતિમાં જઈ બેઠી. રાજા તો કાંઈજ સદ્ભાવ મંત્રી તરફ દેખાડતો નથી, તેથી મંત્રીના હૈયામાં ઉદ્વેગનો દાવાનળ સળગ્યો. 'હાય ! મારા પ્રત્યે રાજા શું કરી બેસશે ? મારા જીવનું તો જોખમ નહિ ?'

મંત્રી તેતલીપુત્ર ભયભીત થઈ ગયો. પોતાના અનુભવ પરથી એણે એ તારણ કાઢ્યું કે 'રાજાઓ ખુશ હોય ત્યાં સુધી ઠીક છે, પણ નાખુશ થાય એટલે સામાનું આવી બન્યું ! તો મારી પણ શી દશા. હમણાં અહીં પણ ઊભો રહું, તો હવે રાજાનો ગુસ્સો ઓર વધે. માટે અહીંથી ચાલ્યો જાઉં'; એમ વિચારી પોતે રાજ-દરબારમાંથી બહાર નીકળી જાય છે. બહાર નીકળતાં નીકળતાંય જુએ છે કે શું રાજા બોલાવે છે ? પણ ના, બોલાવવાની તો વાત શી, પણ મંત્રીના તરફ મીટ માંડવાનીય વાત નથી. **પુણ્ય પરવાર્યા પછી જગતની શી આશા ?** મંત્રી બહાર નીકળીને રાજાને બહુ માન્ય અને પોતાના ગાઢ પરિચિત એવા નગર-શેઠીયાઓને ત્યાં જાય છે. શા માટે ? "એ લોકો જો રાજાને સમજાવે તો રાજાનો ગુસ્સો કદાચ શમી જાય,' એ આશાથી. આશા કેવી શરમ રહિત છે ! જે શેઠીયાઓ આજ સુધી મંત્રીનું બહુ ચાટુ કરતા હતા, મંત્રીની મહેર ઈચ્છતા હતા, એની મહેર હવે મંત્રી ઈચ્છી એનું ચાટું કરવા મંત્રી જાય છે ! બનવાનું તે તો અવશ્ય બનવાનું ! લખ્યા લેખ મિથ્યા નહિ થવાના ! છતાં અજ્ઞાન જીવ ખોટાં આલંબનમાં અથડાય છે ! એક વાર જેની સલામી લીધી હતી, તેની હવે ગુલામી લેવા જાય છે ! આ શું ? જે મોઢે પાન ચાવ્યા, તેજ મોંઢે કોલસા ચાવવા જેવું ને ?

**વિશાલ કલ્યાણવાહી વૈરાગ્યની મહા મોંઘવારી :-**

પોટ્ટિલા દેવ જુએ છે કે આવો અવસર ઊભો થાય છે ત્યાં સુધીય આ બુદ્ધિમાન મંત્રીને સાચી બુદ્ધિ નથી સ્ફુરતી ! આવી સ્થિતિ આવવા ઉપર વૈરાગ્ય થવાને બદલે અને વૈરાગ્યથી હવે એ લય છોડવાને બદલે, ઊલટું એ સ્થિતિને આધીન બનવાનું મંત્રી કરે છે ! દેવે તો પ્રતિબોધ કરવા ધાર્યો છે, એટલે મંત્રીને એની આ પોકળ પ્રવૃત્તિઓને શા માટે સફળ થયેલી જોવા દે ? મંત્રીએ તો ઘણું ધાર્યું હતું કે હમણાં હું આ અમુકને ત્યાં જઈને ઊભો, કે સન્માન બહુમાન સાથે વાતચીત થશે ! માર્ગ નીકળશે ! પણ એના બદલે પેલો તો સામુંય જોતો નથી. કેમ જાણે કશી ઓળખાણ જ નથી ! ત્યારે આશાથી હંકારાયેલો મંત્રી એકને મુકીને બીજા શેઠીયાને ત્યાં જાય છે, તો ત્યાં એવું જ ત્રીજે ઠેકાણેય એવું જ. ત્યારે મંત્રી



બહુ મુંઝાય છે. - 'અહાહા ! આ શું ? આ કેવી એક સરખી કઠિનાઈ ! હવે ક્યાં ભટકું ? હે ભગવાન ! ત્યારે જાઉં પણ ક્યાં ?' મંત્રીની આંખ આંસુથી છલકાય છે ! એ ચિંતવે છે કે 'બસ, મારું કોઈ નહિ ?' દેવ જુએ છે કે આટલું છતાં વૈરાગ્ય તરફ દૃષ્ટિ નથી ! ગજબ ! **આમ નિરાશાનો પાર નથી, છતાં હજી તો કેમ બચી જાઉં, એ લોલુપતામાં ફાંફા મારે છે !** બીજી બાજુ જેમ જેમ હવે સમય જાય છે, તેમ તેમ એને ભય વધતો જાય છે. "ક્યાં જાઉં ? શું કરું ? બસ, ખલાસ હવે હું ભયંકર રીતે મારી નંખાવાનો ! મારું કોણ બેલી ? એકલા રાજા જ નહિ પણ આ નગર શેઠીયાઓય મારા તરફ ગુસ્સે થયા લાગે છે !!' મંત્રી ચિંતામાં બળે છે, અહીં દેવ જુએ છે કે "હજી કાંઈ વૈરાગ્યના પરિણામ ? ના, રે ના, વૈરાગ્ય ક્યાં સસ્તો છે ? **આટલી આપત્તિમાં સંસારનું ઠીક ઠીક માપ કાઢી લેવાનું મન થવું જોઈએ, એના બદલે હજી તો વધુ અજ્ઞાનના અંધાર કુવામાં ઉતરવાનું કાર્ય ચાલે છે !"** ત્યારે સમજો કે **આત્મદર્શન કેટકેટલું મોંઘું છે !** પણ મોઘું હોવા છતાં સુખદાયીય ત્યારે કેવું છે ! મોઘું એવું આત્મદર્શન કરવાની સંયોગ-સામગ્રી જ્યાં મળી, ત્યાં તો એ વહેલી તકે જ કરી લેવું જોઈએ, એના બદલે હજીય જડ દર્શનમાં પડી રહેવું, એ એક મહાન મૂર્ખાઈ છે ! **આત્મદર્શન આત્માને જે આશ્વાસન આપી શકશે એમાંનું જડદર્શન શું કરી શકવાનું હતું ? આત્મદર્શન આશીર્વાદ રૂપ છે, ત્યારે જડદર્શન શ્રાપરૂપ છે ! જીવને દુઃખની કલેશની ભઠ્ઠીમાં સળગાવનારું છે !**

**આત્મ દર્શનમાં ત્રીજું દર્શન સ્વોપેક્ષ્યદર્શન :-**

એ વિચારવું જોઈએ છે કે "જરૂરી કઈ કઈ વસ્તુની હું ઉપેક્ષા કરી રહ્યો છું ! ચર્યામાં સામાન્યથી તપાસ કરી લીધી, અહીં એના ભેદ પાડવાના છે. સ્વહિતકારી એવીય કઈ કઈ સારી ચર્યા તરફ પોતાની બેપરવાઈ ચાલે છે, એ તપાસવાનું છે, બેદરકારી ક્યાં ? ધર્મમાં કે કર્મમાં-સંસારમાં ? પુણ્યમાં કે પાપમાં ? સંસાર-કર્મમાં તો કહેશે કે એમાં બેદરકારી કર્યે ચાલે ? ત્યાં તો મામુલીમાં મામુલી વાતનીય જરાક પણ બેપરવાઈ ન થાય ! ત્યારે ધર્મમાં ? ધર્મની મોટી અને કિંમતી વાતમાંય બેપરવાઈ ને ? **સરવૈયા તો તમને ઘણા કાઢતા આવડે, પણ ખરું સરવૈયું આ કાઢવાનું છે, કે ખરી રીતે આપણે શું ઉવેખવા-અવગણવા લાયક છે,** અને એનાથી ઊલટું અત્યારે શાની ઉપેક્ષા અવગણના કરી રહ્યા છીએ.'

**ચોથું દર્શન :-** એવું જ, 'શાની બહુ કાળજી કરવા જેવી છે, અને એને મૂકી એથી વિપરીત શાની બહુ કાળજી કરીએ છીએ.' માણસ જો જરાક સાવધાન થઈ જાય તો એક આ **આત્મદર્શનના છ પ્રકાર જીવનમાં એવા જાગ્રત કરી દે, કે પછી**



E:/Divya-Darshan(part-11).pmd/prf.5

**તો એને ઉચ્ચ ગુણસ્થાનકોની નીસરણીએ ચઢવું કશું કઠિન નથી.** વર્ષોથી આપણે ધર્મક્રિયાના પરિચયમાં છતાં, વર્ષોથી આપણે કલ્પસૂત્ર વગેરે ઉચ્ચ શાસ્ત્રોને સાંભળનારા છતાં, વર્ષોથી તત્ત્વ, વૈરાગ્ય અને અધ્યાત્મના ઉપદેશના શ્રવણ કર્યા છતાં વાસ્તવિક અપુનર્બંધક-સમ્યક્ત્વ વગેરે ગુણસ્થાનકની ઊંચી ઊંચી પગથી ચઢવી મુશ્કેલ પડી છે ! આટલા બધા પ્રયાસના પ્રમાણમાં ઊંચા ગુણસ્થાનકોએ આત્મા ચઢી ગયાની સાક્ષી હૃદય પુરતું નથી ! કેમ આમ ! એમાં જો એક ખામી જોઈએ તો આ આત્મદર્શનની છે - ત્રીજી ચોથા પ્રકારમાં આ શોધવાનું છે, કે **દુનિયાની કઈ કઈ કાયિકપ્રવૃત્તિ, વચન ઉદ્ગાર અને માનસિક વિચારણા આત્મહિતના** ઉદ્દેશથી ઉવેખવા-**અવગણવા જેવી** છે, અને કોની કોની બહુ **કાળજી કરવા જેવી** છે. પછી જો જોવાનું એ કે એમાંનું કેટલું કેટલું આપણે આજ સુધીમાં **સિદ્ધ કર્યું** છે. ત્યારે એ પણ તારવી લેવાનું કે એથી ઊલટી પ્રવૃત્તિ કઈ અને કેટલી ચાલી રહી છે. વિચારો ત્યારે કે એક માનવતાની પ્રાથમિક યોગ્યતામાં પરમાર્થનો એટલે કે પરોપકારનો રસ મુખ્ય રાખી, સ્વાર્થની પ્રવૃત્તિની ઓછી કાળજી અને પરમાર્થની પ્રવૃત્તિની બહુ કાળજી જરૂરી છે. એમાંનું કેટલું સિદ્ધ કર્યું તે તપાસવાનું છે.

પૂર્વે પરમાર્થની કાળજી કેવી ? :- ચરિત્રોમાં એવા નગરના વર્ણન આવે છે કે જ્યાં વસનારો લોક પરોપકારનો વ્યસની હતો. આવા નગરમાં આબાદી અને સુખ શાંતિ કેવા ગજબ હોય ! એ કલ્પી શકાય છે. કહો ને કે વ્યસન તો ખરાબ ચીજ ગણાય છે. દારૂનું વ્યસન, દુરાચારનું વ્યસન, જુગારનું શિકારનું, ચોરીનું, જૂઠ બોલવાનું વગેરે વ્યસન ગણાય. પણ શું પરોપકારનુંય વ્યસન ? હા, પરોપકારનું વ્યસન. અહીં વ્યસન શબ્દ વાપરે તો જ અંતરની પરોપકારની ધગશની કલ્પના આવી શકે. આને બદલે જો બીજા શબ્દોમાં કહીએ કે લોક પરમાર્થનું અભિલાષી હતું, પરમાર્થની ધગશવાળું હતું, પરમાર્થની સારી પ્રવૃત્તિવાળું હતું. તો તે ભાવ નહિ સમજાય. જે ભાવ, લોક પરમાર્થનું વ્યસની હતું, એમ કહેવામાં સમજાય. **વ્યસન એટલે શું ?** વ્યસન એટલે **રાત ને દિ' એની જ લોલુપતા.** વ્યસન હોય એટલે **એના વિના ચેન જ ન પડે.** વ્યસન હોય એટલે **એ ક્યાં મળે છે, તે શોધ્યા કરે;** અને **એ મળ્યેથી અનહદ આનંદ થાય.** વ્યસન હોય એટલે **એની ભારે ચિંતા ! એની ભારે પ્રશંસા ! એની પાછળ તનમનધનનો ભારે ભોગ !** જુઓ આજના જગતમાં, સીગારેટના વ્યસનવાળામાં આ બધું દેખાય છે. બસ, એવું પરોપકારના વ્યસનીને થાય. પરોપકાર પાછળ ભારે લોલુપતા હોય એ ન થાય ત્યાં સુધી બેચેની, પરોપકારની શોધ, પરોપકાર કરવાનો મળ્યેથી અનહદ આનંદ, પરોપકારની ભારે ચિંતા, ભારે પ્રશંસા, પરોપકાર ખાતર ભારે ભોગ ! ઇત્યાદિ



દ્વારા આત્માનો ઝુકાવ પરોપકાર તરફ ! પરોપકારનો કેવો એ કલ્યાણ કાળ ! અને નીતરતા સ્વાર્થ-વ્યસનનો કેવો આ નિકંદન કાળ ! પરોપકાર-વ્યસનિતા ક્યારે બને ? 'જીવનમાં કાળજી કરવા લાયક હોય તો પરોપકારની છે, અને ઉપેક્ષા કરવા જેવી ચિંતા ઓછી કરવા જેવી હોય તો સ્વાર્થની છે,' એવું યથાર્થ દર્શન થાય તો.

"દિવ્ય-દર્શન"-"પ્રવચન મહોદધિ" વર્ષ-૧,અંક-૧૦,તા.૩૧-૧૦-૧૯૫૨

## (૫૦) દિવ્યદર્શન

**'જગત સ્વાર્થી, પલટાતું અને નિરંકુશ છે !'** મંત્રી તેતલીપુત્રને આ દર્શન હજી નથી લાધ્યું. બધેથી નિરાશા મળ્યા પછી મંત્રીએ સાવધાન થઈ જવું જોઈતું હતું. વિચારવું જોઈતું હતું કે, 'ઊભો રહે, જોવા દે, આ બધામાંથી શું સાર સમજવાનો છે. મારા જીવનમાં હવે શાની ચિંતા મૂકી દેવા જેવી છે, અને શાની કરવા જેવી છે ?' એણે જોવું જોઈતું હતું કે **(૧) જગત સ્વાર્થી છે, (૨) જગત પલટાતું છે, અને (૩) જગત આપણને આધીન નથી. એના પરથી રાગ ઉઠાવી લેવા જેવો, એની આશા મૂકી દેવા જેવી, 'એની અનુકૂળતાએ આપણે સુખી થઈએ,' એવો ભ્રમ ત્યજી દેવા જેવો.** તે આ રીતે :-

**(૧) જગત સ્વાર્થી છે;** કેમકે જો આપણી પાસેથી એનો કોઈ સ્વાર્થ સરતો નહિ દેખે, તો એ જગત આપણને વળગતું નહિ આવે. અરે ! આપણે એને વળગતા જઈએ, તોય વળગવા ન દે. આવા જગતની શી બહુ આશા કરવી ? સાધુ બને એની બલિહારી તો ન્યારી ! પણ સંસારમાં રહીનેય જગતની બહુ આશા મૂકી દેનારા જીવન ગૌરવભર્યું અને અદ્ભુત શાંતિવાળું જીવે છે ! એને જગત તરફથી વાહવાહ કે અનુકૂળતા મળી તો ઠીક, ન મળી તો ઠીક, એણે એવી કોઈ ઓશીયાળાગિરિ રાખી જ નથી. **દુબળા** પુણ્યના અનુસાર જે ઓછું પણ મળ્યું, તેમાં જરાય વસવસો એને કરવાનો જ નહિ.

(૨) બીજીવાત, **જગત પલટાતું છે.** તેથી એક સ્વરૂપે એ ચાલે નહિ. એ એનું રૂપક પલટેજ, પછી ચાહે તે જડ જગત હોય કે ચેતન. આમ વેપારના સંયોગ ફરે ! આવા આવા તો જગતના કેટલાય પલટા ! પછી તો જેમ કેરી દુણાઈ ગઈ; એને પાછી ઘાસમાં ઘાલી સારી કરવા મથવું એ મૂર્ખાઈ છે, વ્યર્થ મહેનત છે; તેમ અહીં પણ પલટાતા જગત પર મંત્રીની મહેનત નકામી છે. પલટાતા જગતની

આજ બલિહારી છે, કે મહેનત કરતા માનવને મૂર્ખ બનાવે ! મંત્રી આ સમજતો નથી. હવે આગળ વિચારો. જગતમાં સામા માણસો છે, તેમ પોતેય છે. એટલે સામા પલટ્યા, - તેમ પોતેય પલટ્યો છે, એ જોવું જોઈતું હતું. 'હેં ! પોતે શું પલટ્યો,' એમ પૂછો છો ? પણ આટલું ન સમજ્યા ? **પોતે પલટ્યો એનો અર્થ એ, કે પોતાના પુણ્ય પલટ્યા.** પોતાનો મોભો, ઓજસ અને પ્રભાવ પલટ્યા એટલે પોતેજ પલટ્યો એમ કહેવાય. આટલું જોઈને પણ મનને મનાવી શકત કે, 'ભાઈ રે ! તું હવે પૂર્વના જેવો પુણ્યશાળી, પ્રભાવશાળી નહિ. **હવે તે સ્થિતિ ફરી ગયા પછી પહેલાની જેમ માનપાનની શી ભૂખ ?** માટે નાહક ફાંફાં મારવા રહેવા દે.' અહાહા ! 'કાળ ખરાબ આવ્યો,' એમ માનતો માણસ જો આટલું સમજી જાય કે 'કાળ શું ખરાબ આવ્યો, હું પોતે જ ખરાબ બન્યો, અર્થાત્ પુણ્યના ઘસારાવાળો થયો છું. માટે પુણ્યની અવસ્થા ફર્યા પછી **પૂર્વના પુણ્યવાળી અવસ્થાના હિસાબના જે સુખ, તેના અધિકાર હવે ન રાખું;'** તો કેટલું દિવ્ય આશ્વાસન પામે !

(૩) **ત્રીજી વાત-જગત આપણને સ્વાધીન નથી :- દિ' આથમ્યે ઘણીય આશાઓ અને ઈચ્છાઓ અપૂર્ણ રહી જાય છે,** એનું શું કારણ ? કે **જગત પર આપણો અંકુશ નથી.** નહિતર તો એમાં ધાર્યું કરી આપણી આશા અને ઈચ્છા પૂર્ણ કરવામાં શું આપણે પાછા પડીએ એમ છીએ ? એમાં શું આપણને સંકોચ કે આળસ કદી આવી છે ? પણ ખરી વાત આ છે, કે **જગત આપણા કાબુમાં હતું નહિ, છે નહિ, અને રહેવાનું નથી.** આ જો આપણે સમજી જઈએ તો એની પાછળ પાગલ ન થઈએ. એને સારા રૂપમાં મેળવીને આપણામાં ઉન્મત્તતા કે હર્ષના અતિરેકની બેભાન દશા ન થાય. તેમ, એને નરસા રૂપમાં મેળવીને રૂદન કે અંતરંગમાં જરાય ઉત્સાહભંગ ન થાય. કેમ ? **સારું મળેલું ટકવાનું આપણા કાબુમાં નથી. તો એનો ગર્વ શો ? નરસું મળેલું છે તે આપણા કાબુ બહાર આપણને બળાત્કારે ગળે વળગ્યું જ છે, હવે એના રુદન શા ?**

**પ્ર.**- આપણા કાબુમાં કેમ નહિ ? કેમકે જો આપણે એના વ્યવસ્થિત ઉપાયો યોજી પુરૂષાર્થ કરીએ, તો તે મુજબ ધાર્યું કાર્ય થઈ શકે છે; તેમ આફત નિવારી શકાય છે. એનું જ નામ જગત ઉપર આપણો કાબુ.

ઉ.- તમારી ધારણાઓ કેટકેટલી ? એમાંની કેટલી ફળી ? બધી ? ના, કેમ એમ ? કહેશો કે સાધનો ન મળ્યા, ત્યારે સમજો કે એટલુંય કાબુ બહાર તો ખરું ને ? સાધનો મળે એવી શું તમારી ઈચ્છા નહોતી ? હતી જ, છતાં એમ ન બન્યું, એજ કાબુ બહારની સ્થિતિ.

**પ્ર.**- પરંતુ 'એ બધુંય આપણા કાબુ બહાર છે, આપણે શું કરી શકીએ ?'



**એ વિચારી બેસી રહેવામાં શું કાયરતા કે સત્ત્વહીનતા નથી લાગતી ?**

ઉ.- ના, અસાધ્યને સાધ્ય કરવાની મહેનતમાં, **અશક્યને શક્ય કરવાની મહેનતમાં, શાબાશી કે બહાદુરી નથી, પણ સત્ત્વ વેડફી નાખવાની મૂર્ખાઈ છે. નિષ્ફળતાથી અપરંપાર પશ્ચાત્તાપ છે.** કેમકે સત્ત્વનો ઉપયોગ તો બીજા સારા સાધ્યને સાધવામાં સારી રીતે થઈ શકત. ત્યારે એ વિચારો કે પુણ્ય દુબળા હોય ત્યાં શું એકલા પુરુષાર્થથી જગત સાધ્ય છે ? કે એના સ્થાને આપત્તિના પ્રસંગે આત્મામાં ધૈર્ય, સહિષ્ણુતા, ઈચ્છાનિરોધ, ઈન્દ્રિય સંયમ, કષાયનિગ્રહ, વગેરે આત્મગુણો સુસાધ્ય છે ? પરમાત્મભજનની ખૂબ પ્રવૃત્તિના પુણ્ય સુસાધ્ય છે ? શું સુસાધ્ય છે, એ વિચારો. અવસર ઓળખીને એને અનુરૂપ સુસાધ્ય પાછળ મહેનત કરનારો ડાહ્યામાં ખપે છે; ત્યારે **અવસરનો અજાણ એવો અસાધ્ય કે દુસાધ્ય પાછળ મથનારો માનવ મૂર્ખ ઠરે છે. આપત્તિ તો જીવને એવી ઉત્તમ તક આપે છે તું ઉપરોક્ત ધૈર્યાદિ ગુણો બરાબર કેળવી લે. તું દેવગુરુની સેવા તથા પરમાત્મ દર્શનસ્મરણ, સામાયિકાદિ ધર્મકરણી ખુબ કરી લે.** એ બધું સુસાધ્ય છે. કેમકે એ આપણા આધીન છે.

**અજ્ઞાન સુખની કલ્પનાના નુકસાન :-** ત્યારે જગતને આશરે બેસી રહી સુખી થવાની આશા, એ સુખી નહિ પણ દુઃખી થવાનો રસ્તો છે. **'જગત મને અનુકૂળ થાય તો હું સુખી થાઉં,'** આ ભ્રમણામાં જ (૧) આજસુધી અનંત સંસાર ભ્રમણ કર્યા, (૨) અનેકની વ્યર્થ સેવા ગુલામીઓ કરી, (૩) સ્વામી બનવાને બદલે નોકર બન્યા, (૪) ધર્મસ્થાનકને બદલે પાપસ્થાનકના જ જીવન જીવ્યા, (૫) અનુકૂળતામાં બાલિશ હર્ષ અને મદ થયા, તથા પ્રતિકૂળતામાં શોકની પોક મૂક્યા કરી, અને (૬) હજીય સુખ સિદ્ધ થયું નહિ ! આ બધું શાથી ? જગત મને અનુકૂળ થાય, તો સુખ મળે,' એવી ભ્રમણાને લીધે.

**જગત ઉપરની આસ્થા અને રાગ એજ દુઃખનું મૂળ :-** મંત્રી તેતલીપુત્ર હજીય આવી જ ભ્રમણામાં તણાય છે. તેથી જો કે નગરના શેઠીયાઓએ આવકાર્યો નહિ છતાંય, હવે ઘર તરફ નોકર ચાકરો પાસેથી આશ્વાસન મેળવવાની આશાથી જાય છે. પણ ત્યાંય પોટ્ટિલા દેવની યોજના મુજબ કોણ આવકારે ? નોકરો પણ મંત્રીને સત્કારતા-સાંભળતા નથી. મંત્રી વધુ ભડકે છે કે, ''આ શું ? શું રાજાએ બધાને કડક હુકમ કરી દીધા છે ? આ હા હા હા ! ત્યારે તો મારું આવી બન્યું ! શું મારી મંત્રીગીરી આ ? આ મારી શ્રીમંતાઈ ? જગતમાં આવું બધું વાતાવરણ હોય ત્યાં મને સુખ ક્યાંથી મળે ? એ તો એ બધું બદલાઈ જો પહેલાની જેમ અનુકૂળ થાય તો સુખ મળે. ત્યારે વર્તમાન પ્રતિકૂળતામાં મારે જીવવું શી

રીતે ? માટે આના કરતાં તો આપઘાત કરવા દે ! મંત્રી ક્યાં પહોંચી ગયો ? અકાળ મોત લેવા સુધી પહોંચ્યો. **'જગત અનુકૂળ થાય તો સુખ, અને તોજ જીવવા જેવું;' આ ભ્રમણા કેવી ભયંકર છે !** દેવ જુએ છે કે આતો બગડવાના જ પંથે છે. હજીય એમને એમ નથી થતું કે "જગતના વિશ્વાસે આજ સુધી હું બેઠો હતો શું તેના તરફથી જ વિશ્વાસઘાત ? ત્યારે શું રાજા કે શું મિત્રો, શું નોકર કે શું ચાકર, બધાય સરખા ? કોઈ જ આપણા હાથમાં નહિ ? ખેર ! હવે તો એ બધાથી આપણું લીલું વળે એ ભ્રમણા છોડી દેવા દે. હવે એવું કાંક શોધવા દે, જેથી પરની અનુકૂળતા વિના પણ હું સુખી રહું. **જગત ઉપરથી આસ્થા અને એના પ્રત્યે રાગ, એજ બે મને દુઃખી કરી રહ્યા છે,** તો હવે એ રાગ અને આસ્થા છોડું !" આવું કશું મંત્રીને થતું નથી - હવે તો ઊલટું આપઘાતની તૈયારી કરે છે. દેવને મુંઝવણ છે કે આ મંત્રીનું શી રીતે ઠેકાણું પાડવું ? ધર્મ પમાડનારા હાજર હોય, પમાડવા તૈયાર હોય, પણ સામાને આત્મદર્શન કરવાની, વસ્તુનો સ્વરૂપદર્શન કરવાની જ પડી ન હોય. ત્યાં શું થાય ? હવે તો દેવના માથે બેય જવાબદારી આવીઃ- એક ધર્મ પમાડવાની તો હતી જ, પણ હવે આપઘાતમાંથી બચાવી લેવાની બીજી જવાબદારી ઊભી થઈ.

**પૂર્વે શું ઉવેખાતું, આજે શું ?** આપણે જોઈ ગયા કે મંત્રી હજી સન્માર્ગે નથી આવ્યો. કેમકે હજી પોતાને સાચેસાચ શું ઉવેખવા જેવું છે, અને શું સંભારવા જેવું છે એનો જ ખ્યાલ નથી, 'આવી આવી જડની પૂંઠે પડવાની પ્રવૃત્તિની બહુ ગણના ખોટી છે. એના હિસાબ માંડવા એ ખોટું છે. હિસાબ તો આત્મહિત તથા આત્મ-સ્વાસ્થ્યની પ્રવૃત્તિના, પદાર્થના અને પ્રસંગોના માંડવા જેવા છે. એની બહુ કાળજી રાખવા જેવી છે.' એવું હજી મંત્રીના લક્ષમાં નથી આવતું. આજની દુનિયામાં જુઓ કે પૂર્વના સાંસારિક જીવન કરતાંય કેવો મહાન ફરક પડી ગયો. પૂર્વે અનાજની વાત, ખાવાની વાત, વગેરે વાતો પર બહુ લક્ષ કે કાળજી નહોતી. આજે વાતવાતમાં રેશન યાદ કરવાનું ચાલ્યું ! ખાવાની વાતની બહુ કાળજી થવા માંડી ! પૂર્વે પૈસા કમાવવાની ઈચ્છાઓ તો રહેતી, ત્યારે આજે ભલે અનીતિ તો અનીતિ પણ પૈસા લાવો, એજ એક ધૂન ! એકલી પૈસાની બહુ ગણત્રી થવા માંડી ! પૂર્વે ઠઠારાની વાત નહિ, આજે શરીર શોભા અને પહેરવેશની બહુ ચીવટ વધી. હાલતા ચાલતા ખીસામાં કાંસકો તૈયાર, ને માથું ઠીક ઠીક કરી લેવાનું ! વેશની નવી નવી ફેશનો શોધ્યા કરવાની અને જીવનમાં ઉતાર્યા કરવાની ! પછી એ વેશ પહેરીને બહાર નીકળ્યા, એટલે આંખ વારેવારે એ વેશ તરફ જઈ એની કાળજી કર્યા કરે !



તેમ કોણ આકર્ષાય છે એ જોયા કરે ! **માનવ જીવનમાં કાળજી કરવા લાયક આજ ને ?** આવું બધું વધી ગયું, એટલે તો આજે જ્યાં વાસ્તવિક આત્મહિતની અને જનહિતની પ્રવૃત્તિની ખૂબ જરૂર છે, તેને અપનાવાતી નથી. આત્મા હલકી વિચારસરણીમાં અને લો-ક્લાસ (low-class) નીચા દરજ્જાની પાશવી લાગણીઓમાં તણાઈ રહ્યો છે, એનો સુધારો રેડીયાના પોગ્રામની બહુ ચીવટ રાખ્યાથી કે કઈ કઈ ગ્રાન્ડ ફીલ્મ અને રોમાન્ટીક નોવેલો આવી, તેની કાળજી કર્યાથી નહિ થાય.

**સમય સાથે ચાલવું એટલે શું ? :-**

**પ્ર.-** પણ સમય સાથે ન ચાલવું ?

ઉ.- માનવ જીવનના ઊંચા લક્ષ્ય શા છે, એનો બરાબર ખ્યાલ નથી, એટલે આવા પ્રશ્ન ઉઠે છે. **દુકાળમાં જેની પાસે ધાન્ય પુરતું છે, એ શું દુકાળના સમય સાથે ચાલી ભૂખે મરશે ?** ના, એણે પોતે સારી રીતે જીવવાનું લક્ષ્ય નક્કી કર્યું છે. તેથી એવા ખોટા સમય સાથે નહિ ચાલે. **સમય સાથે એવું ચાલવાનું ન હોય, કે જેમાં માનવતા ગુમાવવાનું થાય, દૃષ્ટિ ટૂંકી બને, વાસના અને વિકારોના બંધન વધે, દોષ અને દુર્ગુણો વધતા આવે.** પણ આજે આની કાળજી લગભગ રહી નથી, અને સમય પ્રમાણે ચાલવું, નવી નવી ઈચ્છાઓની તૃપ્તિ કરે જવી,- ઈત્યાદિની કાળજી બહુ વધી. તેથી કહો કે આજે ઉપેક્ષા કોની ? દેવગુરુધર્મની, ધર્મના સાત ક્ષેત્રોની, ધર્મના પ્રચારની, પરણ્યા પછી માબાપને ઉવેખવાની ! ચૂંટણીમાં ખુરશી મળ્યા પછી પ્રજાના હિતની ઉપેક્ષા, પૈસાદાર થયા પછી સ્નેહભાવની તથા ભક્ષ્યાભક્ષ્ય અને કાર્યાકાર્યના વિવેકની !! જરા ઊભા રહો; ઉપેક્ષા અને કાળજીના આ ઊંધા પાટા પર દોડતા જીવનરૂપી ફ્રન્ટીયર મેલને ઊભો રાખો. આજના કપરા કાળમાં જ્યારે બહુ બહુ ધર્મસ્થાનકોની અને ધર્મસંસ્થાઓની જરૂર છે; અને તે ઊભા કરવા અને ટકાવવા માટે ભાગ્યશાળીઓ ઘરના ધંધા મૂકી ટીપ માટે બહાર નીકળે છે, પરદેશ રખડે છે. તે તમારે ત્યાં શેઠ શેઠ કરતા આવ્યા. ત્યારે તમારે શું કહેવાનું ? એજ ને કે તમને ખબર નથી પડતી, આ કાળ કેવો છે ? જરા સમય ઓળખો. આજના ખર્ચાને પહોંચી વળવાની જ્યાં મુશ્કેલી છે, ત્યાં હાલી નીકળ્યા છે ! લાવો પૈસા લાવો પૈસા કરવા !' કહો કઈ દશા આ ? ઉપેક્ષા ખર્ચની નહિ પણ ધર્મકાર્યની ! **જે ધર્મકાર્ય જ પરભવમાં જવાબ આપે, અને અહીં શાંતિ આપે, એની સરાસર ઉપેક્ષા અવગણના કરનારને કેવો ગણવો ? પાપનો ઈજારદાર કે ધર્મનો ઈજારદાર ?**

# (૫૧) દિવ્ય દર્શન

**કાળજી પશુને યોગ્ય અને માનવને યોગ્ય :-** વિચાર નથી આવતો કે **આહાર, વિષયો અને પરિગ્રહની ચિંતા-ચીવટ તો તું કીડા જેવા અધમ જન્મમાંય કરી શક્ત.** અને કરીય ઘણી. ચકલા ચકલીના ભવમાં ઘર બાંધ્યા, ચારો લાવ્યા, ઈન્દ્રિયો પોષી, દુનિયાનું શક્ય એવું સારું સારું ભોગવ્યું. ઈત્યાદિ શું ત્યાં નથી કર્યું ? ત્યાંય સ્ત્રીની, સંતાનની, ભોગોની ઘણી મોહમાયા અને વેઠ કરી. પશુસુલભ આવા કાર્યોની વળી પાછી બહુ ગણત્રી આવા ઉચ્ચ માનવના ભવમાં ? કાળજી શું શેઠની, વેપારીની, આડતીયા વગેરે દુન્યવી ઉપકારીની બહુ કરવાની ? કે ગુરુ, સંઘ, ધર્મક્ષેત્રો વગેરે આત્મ-ઉપકારીની ? જુઓ તો ખરા, **જીવ એક નજીવા ખીસ્સા રૂમાલની જેટલી કાળજી કરે છે, તેટલી સુસંસ્કારની, કે ગુણના ઉપદેશની નથી કરતો !** એને એમ નથી થતું કે ''જેમ ક્યાંક હું બેઠો. તો ઉઠતા ધ્યાન રાખ્યું કે રૂમાલ મૂકીને તો નથી ઉઠ્યોને; તેમ અહીં ધ્યાન રાખવાનું કે સંસારમાં મારા સારા સંસ્કારો, મારો ધર્મ મારા વ્રત, ખાનદાની, વગેરે મૂકીને તો નથી ઉઠતોને ?'' આ ધ્યાન નહિ ! આશ્ચર્ય કેવું છે ! પૂછો બાઈઓને કે ઘરમાંની એક મેલીઘેલી સાવરણીય કદાચ પાડોશી લઈ ગયો હોય, તો એ પાછી લાવવાની અને પાડોશી વારે વારે ન માગી જાય એની કેટકેટલી કાળજી થાય છે ? એ કાળજીની પાછળ પાછો ચોક્કસ ચર્ચાનો અમલ ! એક, બે, ત્રણ વાર. બસ, હવે માગવા આવે એટલામાં ધીમે ધીમે મોઢું બગડવાની ચર્ચા એવી ચાલુ જ હોય કે જેથી પાડોશીને સમજી જ જવું પડે. ત્યાં એમ નહિ કે પેલાના ચીજ લઈ જવા ઉપર આપણે એટલી બધી પ્રસન્નતા બતાવીએ, કે પેલો વ્હાઈને ફરી લઈ જાય-ભાઈ વસ્તુ ખુશીથી લઈ જજો, આ તમે લેવા આવવાનો પ્રેમ દેખાડો છો, તેથી અમને બહુ આનંદ થાય છે. નહિતર આજે કોણ એવો પ્રેમ દેખાડે છે ? આજ તો સૌ અતડાને અતડા રહ્યા કરે ! ત્યારે તમારા પહોળા દિલ જોઈ અમને આનંદ થાય છે આમાં તો આપણા સંબંધ વધશે. માટે આ અને બીજું જરૂર આપણે ત્યાંથી લઈ જજો.' છે આવું કાંઈ દેખાડવાનું ? ના, કેમ ? બીક છે કે રખેને એમાં પેલો આપણને ઝુંડની જેમ વળગે. પછી તો આજ એક ને કાલ બીજું માગે. માટે પહેલેથી જ કટ કરો. જ્યારે એક તુચ્છ સાવરણી સાચવવાની પણ ભારે ચીવટ રખાય, ત્યારે તો પછી ઠેઠ ઝવેરાત સાચવવા સુધી ભારે કાળજી હોય એમાં શી



નવાઈ ? **સત્ત્વ, વિવેક, પ્રભુનું ભક્તપણું, આત્મગુણો વગેરે સાચવવા માટે એવી કાળજી ખરી ? આત્મામાંથી મહાત્મા-પરમાત્મા બનવા માટે ખરી ?** જો ના, તો આત્મદર્શન કરીએ તો શું દેખાય ? ઊંધુ, માટે નિર્ધાર કરો કે હવે ચીવટ રાખીશ મારી સદ્‌વૃત્તિ અને સુપ્રવૃત્તિની કાળજી કરીશ મારા ન્યાય-નીતિ-ઉદારતા-સદાચાર-સમકિત-શ્રાવકપણું વગેરે વગેરે ગુણોની.

**રામનું હૃદય :-** આજે તમે સંતાનોને સ્કૂલ-કોલેજની કેળવણી અપાવવાની અને સિનેમા હોટેલ વગેરેના ખર્ચની અનુકૂળતા કરી આપવાની જે કાળજી કરી રહ્યા છો, અને એથી ઊલટું આર્ય સંસ્કારો, મર્યાદાઓ એ ઈન્દ્રિયદમન, સત્સંગ વગેરે ગુણો પમાડવાની જે બેપરવાઈ કરી રહ્યા છો તે ઊંધું અને ભયંકર થઈ રહ્યું છે, એવું લાગે છે ? રાજા દશરથે રત્ન રામચંદ્રજીને શી રીતે તૈયાર કરેલા ? આવી તમારા જેવી ઊંધી કાળજીથી નહિ. માટે જ જ્યારે એમણે એવું નક્કી કર્યું છે કે પ્રજાનો એટલો બધો ઉલ્લાસ છે તો રામનો રાજ્યાભિષેક કરવો, પછી મુહૂર્ત કઢાવ્યું છે, મહાન ઉત્સવોની તૈયારીઓ થઈ રહી છે, આખી પ્રજામાં ઉલ્લાસ ઉછરંગનો પાર નથી, રામની સગી-સાવકી માતાઓમાં, સગાવહાલા મિત્રોમાં બધે જ મહા આનંદ આનંદ છે. ત્યારે કૈકેયી ભરતને દશરથ સાથે દીક્ષા લેતા અટકાવવા કંઈક નવું જ કરે છે. એ દશરથ પાસે જુના વરદાન મુજબ ભરત માટે ચૌદ વરસનું રાજ્ય માગી લે છે. દશરથથી ના પડાય તેવી નથી. તેમ કૈકેયી બીજું માને એમ નથી. તો વચમાં રામની શી દશા ? **પતિ-પત્નીના રગડામાં પુત્રને સોસવાનું ? હા, પુત્ર પર એમનો અનહદ ઉપકાર છે. એ ખાતર રાજ્યપાટ તો શું, સર્વ સંપત્તિનો ભોગ આપવો જ જોઈએ.** પણ દશરથ મુંઝાય છે. રામને બોલાવે છે ખરા, પણ કહેતાં જીભ અચકાય છે ! કેમ ? રામ માનશે કે કેમ એ શંકાથી નહિ, પણ મહાગુણીયલ અને નિર્દોષ રામનો નક્કી થયેલો રાજ્યાભિષેકનો પ્રોગ્રામ કેમ બંધ રખાય ?

રામ પૂછે છે, ''કહો, પિતાજી ! શો હુકમ ? મને કહેતા શો સંકોચ ?''

''બેટા, સંકોચ કેમ ન થાય ? આ તારી માતા કૈકેયી કહે છે કે 'ભરતને ચૌ...દ...વરસ...રા...જ્ય...ગાદી. પૂર્વે મેં એને વરદાન આપેલું.'

''અહો ! એજ ને ? એ તો સારું છે પિતાજી, આપ જરાય મુંઝાશો નહિ. આમ મારા કહેવાથી ભરત રાજ્ય ન લેત. તે માતાજીએ સારું કર્યું.''

''દીકરા, ભાઈઓ પ્રત્યે તારી ઉદારતા અને પ્રેમ હું જાણું છું, અને ભાઈઓનેય તારા પર પ્રેમ પણ સમજું છું. એટલે જ આ એક મહાન ચિંતાજનક પ્રસંગ ઊભો થયો છે.''



E:/Divya-Darshan(part-11).pmd/prf.5

"પિતાજી ! આપ જરાય ન મુંઝાઓ. હું બધું સમજું છું. મને ખબર છે કે ભરતનો પ્રેમ એટલો બધો છે કે માતા કહે છે તો'ય એ રાજ્યગાદી નહિ લે, તેમ મારા કહેવા માત્રથીય નહિ લે. એતો બાપુજી ! હું પ્રતિજ્ઞા સાથે જંગલમાં ચાલ્યો જઈશ. તો જ માતાજીની શુભ ઈચ્છા પૂર્ણ થશે. માટે પિતાજી ! હું વધારામાં ચૌદ વરસ વનવાસ માગી લઉં છું."

કોણ કહે છે આ ? રામ. **રામ એટલે ?** ખબર છે ને ? **સીતાને પરણેલો** રામ છે, **રાજ્યના હકદાર** રામ છે. **સૌમાં આગળ પડતા** રામ છે. **રાજ્ય સારું ચલાવી શકે** એવા આ રામ છે. આવાય રામને અત્યારે શાની કાળજી કરતાં આવડી ? અને શાની ઉપેક્ષા-અવગણના કરવી હતી ? કાળજી પિતાની આજ્ઞાંકિતતાની ને કૈકેયી માતા પ્રત્યે પણ પ્રેમની કાળજી ! ઉપેક્ષા રાજ્ય-સુખની ! આત્મદર્શન પૈકીના ત્રીજા ચોથા આત્મ દર્શન કેવા કરેલા, અને એના પર સ્વચર્યા કેવી ગોઠવી ? આજના યુગની વાતોથી આ જુદી વાતો છે.

અહીં તો **પરણેલ** છે માટે જ, માતાપિતાને શાંતિ આપવાની રાજ્યના **હકદાર છે** માટે જ ઉદારતા બતાવવાની. જંગલના સિંહ વાઘેય બળીયા હોઈ જાતને હકદાર સમજી ક્રૂર અને ઘાતકી બનવાનું તો કરે છે. ત્યારે **માણસની શી વિશેષતા ? એજ કે હકદાર માનવે ઉદાર, પ્રેમાળ અને દયાળુ બનવાનું.** એ પ્રમાણે રામ સૌમાં **આગળ પડતા છે માટે જ,** એવું કોઈ મહાન આગળ પડતું અને પ્રશંસનીય કાર્ય કરી બતાવવાનું. **કીર્તિવાળા છે** માટે જ તુચ્છ રાજ્યના લોભમાં કીર્તિને ઝાંખપ નહિ લાગવા દેવાની; **પરાક્રમી છે** તેથી જ 'પરાક્રમથી જંગલમાંય મંગલ થશે' એવો વિશ્વાસ રાખવાનો. રાજ્ય સારું ચલાવી શકાય એવી **શક્તિવાળા** છે માટે જ, એનો ઘમંડ નહિ રાખવાનો; એના સ્વોત્કર્ષમાં ભરત વગેરેને અશક્ત કે નીચા નહિ લેખવાના. શું આ ? આજના વિષમકાળમાં જો આપણને જોઈએ તો અદ્‌ભુત માર્ગદર્શન અને પ્રેરણા આપે એવું એ છે. રામે જાતે ચૌદ વરસ વનવાસ માગી લીધો. દશરથ રાજાની જેમ તમે આજે છોકરાને કહી શકો ખરા ? અને નથી ને કદાચ કહો તો શું પરિણામ આવે ? બચાવ થાય છે કે 'કાળ ખરાબ આવ્યો છે.'

પણ વિચારો તો ખરા કે કાળ ગમે તેવો ખરાબ આવ્યો છતાં પણ તમે ઈચ્છો શું ? એજને કે "મારા છોકરા રામની જેમ વર્તે, ભારે આજ્ઞાંકિત તથા વફાદાર અને પ્રેમાળ હોય. મારી આપત્તિનો પોટલો એ ઉપાડીને લઈને મને ભારમુક્ત કરે આબરૂ સારી વધારે મારા બીજાને આપેલા વચન એ સાચવે." આવું



જ ઈચ્છો ને ? તે આજના કાળે ઈચ્છો ને ? એ સૂચવે છે કે આજના કાળના પુત્રની ઉલ્લંઠાઈ ગમતી તો નથી જ સારું સારું જોઈએ છે ખરું, પણ નીપજતું કેમ નથી; કહો કે એ છોકરામાં પહેલેથી જ ઉત્તમ સંસ્કાર પડે એની ચીવટ અને ચોકસાઈ રાખી નથી. **જીવનમાં સારી ચર્યાની, સારા સંસ્કારના ઘડતરની, સારી વિદ્યાની, સારા ગુણોના વિકાસની, કુસંસ્કારો કુટેવો અને ક્ષુદ્રતાદિ દોષોને ટાળવાની ખુબજ કાળજી રાખવી જોઈએ.** આપણા આ આર્યદેશના જીવનમાં પૂર્વે ખુબજ કાળજી એની કરાતી. દુઃખની વાત છે કે આજે કાળજી કરાય છે નિશાળના ભણતરની ! તેય ધર્મ, સંસ્કૃતિ, આત્મા, પરલોક, પુણ્યપાપ, વગેરેની વાતોને ઈરાદાપૂર્વક બાદ કરીને રચાયેલા જે જડવાદના પુસ્તકો, તેના ભણતરની ! તેમ આજે કાળજી કરાય છે છોકરા છોકરીને સ્પોર્ટસ-મનોરંજનની સગવડની, સિનેમા રેડીયોના એમ્યુઝમેન્ટ (મોજ મજાહ)ની, નોવેલીયા વાંચનની, રીક્રીએશન (તાજગી)ની, ફેશન પોઝીશનની, એજ્યુકેટેડ સાથે પરણાવવાની, ધંધા વેપારમાં યેનકેન પ્રકારે આગળ લાવવાની વગેરે વગેરે કાળજી કરાય છે ! આજ તો ઈતિહાસ શિખવે તે પણ વિસ્તારથી ઈંગ્લાંડનો કે હિંદના તુર્ક મોગલો વગેરેના રાજ્યોનો; પણ શિક્ષણના દરિયાથી ભરેલા રામાયણ-મહાભારતના ઈતિહાસના ખાસ કોઈ ભણતર નહિ ! પરંતુ આમાં શું આશ્ચર્ય છે ? કેમકે ઊંચા માનવજીવનમાં વસ્તુતઃ જેની કાળજી કરવા જેવી છે એના ધોરણ ફરી ગયા !

મંત્રી તેતલીપુત્ર પણ ત્રીજા-ચોથા આત્મદર્શન તરીકે 'મારે શાની પરવા કે ગણત્રી મૂકી દેવા જેવી છે, અને શાની બહુ કાળજી કરવા જેવી છે ?' **એ જોવું ભૂલ્યો છે, એટલે સંસારની ઊંચી માનવંતી દશાથી નીચે હડધૂત થવાની દશામાં ઉતરી ગયો છે.** છતાં ધર્મનો પ્રતિબોધ પામવાને બદલે આપઘાત કરવાના નિર્ણયમાં આવી જાય છે ! નિર્બળ માણસની આ કેવી દશા કરૂણ દશા ? શું આપઘાત કરવાથી સર્વ દુઃખનો અંત આવી જશે ? અરે ! જો કોઈ હલકો ભવ મળ્યો તો, તો ભયંકર દુઃખ ! અને જો માનવનો ભવ મળવાનો હોય તોય, પહેલાં તો ગર્ભનાં જ મહાન દુઃખ ! બાકી તો એક બાજુ સારો ભવ મળવો મુશ્કેલ છે, ત્યારે બીજી બાજુ ખરાબ ભવમાં આત્માની સાચી ઘણી શક્તિઓ આવરાઈ જાય છે, અને વિકૃત અનેક શક્તિઓ એવી પ્રગટ થાય છે, દા.ત. વાઘવરૂના ભવમાં, જંગલી ભીલ કે તોફાની ભૂતપિશાચના વગેરેના ભવમાં, કે જેના યોગેજ આત્માની કારમી કરુણ દશા નીપજે. ત્યારે સારા ભવનો એ મહિમા છે કે સહેજ સહેજ એવી રાક્ષસી શક્તિઓ ઢંકાઈ જાય, અને સારી શક્તિઓને પ્રગટ કરવાના સંયોગ-

સામગ્રી મળે. અહીં ત્રિવિધ દિવ્યદર્શન પૈકી પહેલા આત્મદર્શનમાંના છેલ્લાં બે- **'સ્વકીય ગુપ્ત શક્તિ અને પ્રગટ શક્તિના દર્શન'**ની વિચારણા ઉપસ્થિત થાય છે. આપણી શક્તિઓનું માપ, આપણને દુનિયામાં વિકટ પ્રસંગો ઉપસ્થિત થાય તો તેમાંથી બચવા શું શું કરી શકીએ, એના પરથી કાઢવાનું છે. જો ઘરને ચારે કોરથી આગ લાગી હોય. તો સાચવીને ખાસ મિલકત ઉપાડી લઈ કેવી સિફત, મહેનત અને બહાદૂરીથી બચી જવાની શક્તિ આપણામાં છે, તે પરથી શક્તિનું માપ કાઢી શકાય. એવી રીતે જે શેઠ કે ઘરાક બહુજ કમાણી કરાવતો હોય, તે ગમે તેટલો ગુસ્સે થાય, તોય તેની આગળ શાંતિ, ક્ષમા બતાવવાની કેટલી શક્તિ ધરાવીએ છીએ, એ વિચારી આપણી ક્ષમાની શક્તિ મપાય. એમજ બિમારીમાં ઈષ્ટત્યાગનું, ચિકિત્સાની તકલીફ વેઠવાનું સામર્થ્ય મપાય છે. એવું જોરદાર વેપારની મોશમમાં કે સ્નેહીની ગાઢ બિમારી વખતે ભૂખ-તરસ-ઊંઘ વેઠવાની શક્તિનું માપ નીકળે છે.

**કોનું કહેલું માનીએ ? જિનનું કે જગતનું ? :-**

આત્મદર્શનમાં છેલ્લાં બે દર્શન : આપણામાં (૧) છુપી શક્તિઓ કયી છે ? (૨) ને પ્રગટ શક્તિઓ કયી છે ? કયી શક્તિઓને પ્રગટ કરવા મથીએ છીએ, અને કઈ છૂપી રાખવા ? આત્મામાં ગુણોની, ઉચ્ચ જીવનની, સદાચારની, સહિષ્ણુતાની જ્ઞાન ને ધ્યાનની બધી શક્તિ છે, પણ છુપી છે ! એટલે માનીએ છીએ કે આપણામાં કંઈ નથી ! ડોક્ટર કહે કે "જુઓ તમને મહારોગ છે. બ્રહ્મચર્ય બે વર્ષ પાળવું પડશે. બોલો પાળી શકશો ? "તો" હા જી એ પાળવાની શક્તિ છે મારામાં," એમ કહેવાય છે. અને ગુરુ કહે તો "નારે સાહેબ, હમણાં એ શક્તિ નથી." મ્યુનિસિપાલીટી કહે કે 'ઉકાળેલું પાણી પીઓ,' તો પીવાની શક્તિ છે; પણ શાસ્ત્ર કહે તો 'ના, શક્તિ નથી' કર્યું છે આત્મદર્શન ? આ દર્શન થવું જોઈએ કે આપણામાં શક્તિ છે; પણ જે શક્તિઓ પ્રગટ નથી કરવા જેવી, તેને એકલી પ્રગટ તો શું, પણ ઉપરથી પુષ્ટ કરીએ છીએ. એટલે થાય છે કે "હું સહન કરું, ને મારી સામે શું આ ક્રોધ કરે ?" પછી ? ક્રોધ સામે બમણો ક્રોધ કરવાની શક્તિ દેખાડી આપવાની થાય છે. શું હલકા કાર્ય કરવાની શક્તિ પ્રગટ કરવાની, અને ઊંચા કાર્યો અભરાઈએ ચઢાવવાના ? ત્યાં ઊંચી ક્ષમા કરવાની કે સારું સહન કરવાની શક્તિને કેમ દેખાડું એવું જો થાય અને તેમ વર્તાય, તો માનવભવનો લાભ લીધો ગણાય. મનુષ્ય તરીકેની વિશેષતા શું એમ લાગે છે, કે સ્વાર્થ પોષવાની શક્તિ પગભર કરવાની, ને પરમાર્થની શક્તિ દાબી રાખવાની ? અંદર ઊતરી



જીવને પૂછો તો ખરા, કે ઘણી ધર્મક્રિયાઓ તું નથી કરતો, તે શું શક્તિ નથી માટે ? કે કરવી નથી માટે ? કે કર્યા વિના ચાલે છે માટે ? ખરાબ કામ કરવાની શક્તિઓ તો પાછી જાહેર કરવાનું મન થાય, "અમને આટલો રોફ આવડે છે ! અમે સમજીએ છીએ પોલીસી અને દાવપેચ ! ભોટ નથી કે જે તે લાવીને પીરસો છો !" શાના પર ભાઈ ! આ હોશિયારી ? આ તો હલકા ઢેડ ભંગીને પણ આવડે ! **હોશિયારી તો તે દાખવ કે જેના પર તારી કલ્યાણ શક્તિઓ કૂદકે ભૂસકે ખીલે ને વધે.** આત્મામાં એ વિશ્વાસ ઊભો કર કે **'હું વીતરાગનો અનુયાયી છું મારામાં રાગાદિને કચરવાની મહાન શક્તિ છે ! હું આનંદ-કામદેવ જેવો માનવ છું, મારામાંય અપૂર્વ ધર્મશક્તિ છે.** આવી સ્વપરના આત્મહિતની સાધક દિવ્યશક્તિઓ પ્રગટ રાખેલી દાનવી શક્તિઓને દબાવવાની છે-વિસરવાની છે.

**જીવનના ધોરણ અને પરિણામને બગાડનાર કુશક્તિઓ છે :- જો દુનિયાની વાતોની શક્તિઓ છુપી રાખી હોત તો દુઃખ ન આવત, ને ધર્મની ને આત્મગુણોની શક્તિઓ પ્રગટ કરી હોત, તો લુંટાતા ન હોત !** ધર્મની શક્તિ પ્રગટ કરો તો શું બીક લાગે છે કે ઘર બધું લૂંટાઈ જાય ? હવે માપ કાઢો કે દિવસમાં કેટલી વાતોમાં સારી શક્તિઓનો ઉપયોગ કરો છો, અને કઈ શક્તિઓને દાબી રાખો છો ? ખરાબ શક્તિને પ્રગટ રાખવામાં હિસાબ કાઢ્યો છે કે વિકલ્પનાં પાપો દિવસ અને રાત કેટલાં ચાલે છે, માનવજીવનની સોનેરી ઘડીઓ બગડી રહી છે. તે શાના યોગે ? અનુચિત શક્તિઓને પ્રગટ રાખવા અને એનો ઉપયોગ કરી લેવામાં હૃદયને કેઈ સંકોચ શરમ કે ભય નથી. પછી ખોટા વિચારોથી માનવ-સમયનું સત્યાનાશ નીકળી રહ્યું છે ! જેની સરાસર ઉપેક્ષા કરવાની છે, તેની જ ભારે ચિંતા ચાલુ છે ! ને જેની ખાસ ચિંતા કરવાની છે તેના તરફ ન ચિંતતા વર્તે છે ! આજે ત્યાગ-તપ ન થયાં, પ્રભુ પૂજા ન થઈ, તો ચાલે આ ઉપેક્ષા થઈ ગણાય; પછી જીવનનાં ધોરણ તે ટાઈપનાં જ ઘડાય છે. એટલે જ વિચાર કરવો પડે છે કે આ ભવ કેવો ?

**મનુષ્ય અને પશુમાં શો ફેર ? :-**

જે અપેક્ષાઓ પશુસુલભ છે, જે શક્તિઓ પ્રગટ રાખવાનું ઢોરને આવડે છે તેજ કરવામાં મનુષ્યપણું સાર્થક નથી થતું. "મારા સ્થાનમાં કોણ આવી ભરાઈ ગયું, કોણ ભસી ગયું, ભૂંકી ગયું, એને હાંકી કાઢવા શક્તિમાન છું" વગેરે જે ચિંતાઓ પશુને મુબારક હોવી જોઈએ, તેમાં જ માનવે પડી જવું ન જોઈએ.

# (પર) દિવ્યદર્શન

**વધારે કોણ વ્હાલું, પ્રતિમાજી કે પૂજારી ?** મંદિરમાં જાય, ત્યાં જો પૂજારી સગવડ કરી આપે કે 'હા, શેઠ બેસો' હું અંગલુછણાં કરી આપું છું;' તો જાતની શક્તિનો ઉપયોગ ભગવાનને અંગલુછણાં કરવામાં નહિ કરવાનો. ત્યાં તો ઊલટું ભગવાન કરતાં પૂજારી વહાલો લાગે ! શું આ કમનસીબી ઓછી છે ? આમ તો આખો દિવસ વિષયકષાયની હોળીમાં જીવ સળગતો હતો, પણ જૈન કુળની પ્રણાલિકાએ પરમાત્માની સામે લાવી મૂક્યો; ત્યાં પણ શક્તિના ઉપયોગના ધોરણે કોને અનુસરીને ? કોની વફાદારી અને કોના સેવકપણાના હિસાબે ? પૂજારીએ સગવડ ન સાચવી તો ટ્રસ્ટીઓ નકામા ! કામ કરનાર નકામા ! ને જો પોતાની સગવડ સાચવવામાં આવે તો, તો તે બધા સારા ! પછી પોતાના એક પ્રતિમાની પૂર્ણ સરભરામાં પૂજારી રોકાય, ત્યાં બીજી બાજુ બીજા ભગવાન ભલે સૂકાય; તેમજ બીજા સાધર્મિકને ભલે અગવડ હોય, એની ચિંતા નહિ ! મંદિરે આવ્યા ને તમારા નવા બૂટ સલામત રહે, ને પ્રભુનો મૂગટ ઉપડી જાય, તો શું થાય ? અને મુગટ રહે અને બૂટ ઉપડી જાય તો કેટલું દુઃખ ? ઉચ્ચ કેળવાયેલા માનસની અહીં પરીક્ષા છે. જીવનમાં તપાસો કે શું દિવ્યદર્શન ચાલે છે કે દાનવદર્શન ? **દિવ્યદર્શનમાં બીજાની સગવડ, બીજાનું ભલું જોવાય, પરમાત્માથી વધીને કોઈ વહાલું ન હોય, ધર્મ બહુ ગમે, ધર્મને શોધ્યા કરે, એ પુણ્ય કમાઈમાં ભાગ પડે તો હૈયાને આઘાત લાગે.** ત્યારે દાનવ દર્શનમાં સ્વાર્થદર્શન આવે, સ્વાર્થ ભંગમાં મોટી હાય લાગે, અને પુણ્ય ભંગમાં કોઈ આઘાત નહિ !! દિવ્યદર્શન ન હોય તો સ્વાર્થ સાધી આપનાર માણસ ભગવાન કરતાંય ભલો લાગે; પાપનાં સ્થાનો જોવાં બહુ ગમે ! એટલે અર્થ-કામને માનમર્તબો ક્યાં મલે છે, જોવાં બહુ ગમે ! એટલે અર્થ-કામને માનમર્તબો ક્યાં મલે છે, તે જ જોયા શોધ્યા કરે. સારા ભોગ ક્યાં મળે છે તેની જ એક લગની ચાલુ હોય, - આવા નાટક દાનવદર્શનના ગણાય. એ માટે તો નાસ્તિક તરફથી શાસ્ત્રોમાં કહેવામાં આવે છે કે "શું પરમાત્માનું દર્શન-દર્શન કરો છો ? અમારે તો પ્રિયાદર્શન એજ ખરું દર્શન છે ! એમાંજ સાચી નિવૃત્તિ-આનંદ વગેરે બધું આવી જાય છે !" આ નાસ્તિકનાં દર્શન છે. એ બધાં દાનવદર્શન છે. આપણે તો દિવ્યદર્શન કરવાં છે એ માટે અંતરમાં છૂપાયેલી-દબાયેલી સુશક્તિઓને પ્રગટ કરવી જોઈએ.



**દેવ ઝંખે છે માનવ બનવા, પણ કેવો માનવ ? :- ભૂલો નહિ કે તમે જૈન છો.** દુર્લભ માનવભવ પામેલા છો. દેવને પણ થાય કે "ભારે આ લોકો ! અમારે જે જોઈએ છે તે મલતું નથી. ને આમને સહેજ વાતમાં ત્યાગ-તપ વગેરે મલી જાય એવું છે." આવા ઊંચા સંયોગ અને સ્થિતિ પામેલા છો. આત્મદર્શન કરી જાતનો ક્યાસ કાઢો કે હું કેટલી નીચી જગ્યાએ છું ? મારે કેટલો બધો પલટો લાવવાની જરૂર છે. એના માટે બીજું પરમાત્મદર્શન અને ત્રીજું વસ્તુ માત્રનું સ્વરૂપદર્શન કરવાનું છે. આજે તે મોંઘું છે ને ? તો સમજો કે તે મોંઘું એટલે આત્માને બચાવવાનું ઘણું ઘણું મોંઘું ! આ બે દર્શન સસ્તા-સુલભ કરવા માટે દર્શન છ પ્રકારના કરવાના છે. તો અહીં એમાંના છેલ્લાં બેનો ઉપસંહાર કરી લઈએ.

**પરલોક માટે બે માલ છે, કયો લેશો ? :-** પાંચમા ને છઠ્ઠા નંબરમાં ગુપ્ત અને પ્રગટ શક્તિઓની વિચારણા છે. કયી શક્તિઓને દાબી રાખી છે, ને કઈ કઈને પ્રગટ રાખી છે ? જે દાબી દેવા જેવી છે તે કઈ કઈ ? તેમજ પ્રગટને પ્રગટ રાખી રાખવા જેવી છે, તે કઈ ? આત્મા પાસે બે જાતની શક્તિઓ છે. ક્રોધની અને ક્ષમાની, હલકા બોલની અને સારા બોલની, નમ્રતાની અને ખુમારીની, જીવની હત્યાની ને જીવરક્ષાની, ક્ષુદ્રતાનીય શક્તિ છે અને ઉદારતા બતાવવાનીય શક્તિ છે. ભોગવવાની શક્તિ પણ છે, ને ત્યાગ કરવાની શક્તિ પણ છે ! આવતા પૈસાને ઘર ભેગા કરવાનીય શક્તિ છે, અને આવેલાને દાનમાં ઉછાળવાની પણ શક્તિ છે. પરાણે માગીને લેવાની શક્તિ છે અને કોઈ પરાણે આપે છતાં ઈન્કાર કરવાની શક્તિય છે. હવે વિચારો કે આમાં કઈ શક્તિઓને આપણે કચડી રહ્યા છીએ, અને કઈ પ્રગટ કરી રહ્યા છીએ ?

**આર્ય દેશનો અલંકાર : એક પંડિતનું દૃષ્ટાંત :-** એક ઉત્તરનો પંડિત દક્ષિણમાં ગયો. સુંદર શાસ્ત્રવાતો કહી, ને ત્યાંનો રાજા ચમત્કાર પામ્યો. રાજા કહે છે "અહો ! કેવું અપૂર્વજ્ઞાન ! તમારી શું સ્વાગતસર્ભરા કરું !!" એટલે પંડિત કહે છે, "જે આત્માની વાતો મેં કરી, તે તમે જીવનમાં ઉતારો તે ઈચ્છું છું ! પણ રાજાએ હુકમ કર્યો "ખજાનચી, લાખની થેલી લાવ !" તરત હાજર ! ને પંડિતજીને રાજા હાથ જોડીને કહે છે "સ્વીકારી લો." પણ પંડિત ના કહે છે. એટલે રાજા કહે છે "આ ચોપડે નહિ લખાય, તમારે ખાતે ઉધરવાનું નથી. દયાદાન નથી. પૂજન છે. તમારી વિદ્વત્તા જોઈને થાય છે કે એની આગળ હું કંઈજ નથી આપતો !" તે કાળ એવો હતો કે આર્ય દેશની **વિદ્યાની કિંમત ઘણી મનાતી ! આજે કિંમત માટીની વધી.** પાંચસો રૂપિયાની નોટ હોય તો તે કરન્સી ! ને પાંચ રૂપિયાનું પવિત્ર કલ્પસૂત્ર હોય તેને 'કલપ સુતર' કહેવાનું ! શા માટે 'કલ્પસૂત્ર'



E:/Divya-Darshan(part-11).pmd/prf.5

શબ્દને વિકૃત બોલવાનો, ને કરન્સીને નહિ ? પેલા પંડિત તો ચેતનાવંતા હતા, એટલે જડની ચિંતામાં શા માટે પડે ?

**જુઓ જડની ચિંતાના કારમા પરિણામ ! :-** જડની ચિંતા કરનાર રેશમનો કોશેટો એજ જડ રેશમના કારણે જડ રેશમની અંદર રહ્યો રહ્યો ઉકળતા પાણીમાં ખદબદે છે ! ભીંડાની ઈયળ ભીંડાના કારણે જ કપાય છે, કે ચૂલે બળે છે ! ધાન્યના ધનેરા ધાન્યના કારણે જ ઘંટીમાં પીસાય છે, કે પાણીમાં ઉકળી મરે છે **! જીવે વહાલા કરેલા જડના લીધે જ જીવને રીબાઈ મરવાનું, જડના લીધે જ દુઃખમાં પીડાવાનું, ચિંતાની હોળીમાં સળગવાનું અને અશાંતિની ભટ્ઠીમાં શેકાવાનું !** આ બધું જડને વહાલ કરવાના લીધે ! છતાં હજી જડના વહાલ વેગળા ન મૂક્યા એ કેવી નાદાનીયતતા ? ચેતન આત્માના ચૈતન્યમય જ્ઞાન, ધ્યાન, સત્વ, વિવેક વગેરે ગુણોને ન ખીલવાય એ કેવી મહાન મૂર્ખાઈ ? ખૂબ ધ્યાનમાં રાખવા જેવું છે કે **સર્વ દુઃખ, ચિંતા, અશાંતિ અને ગુલામીનું કારણ જડ પુદ્‌ગલની માયા છે.** આજે એ વધી ગઈ છે.

પૂર્વે આત્મવિદ્યા વહાલી હતી, તો કોઈ તો વિદ્યાને પ્રાપ્ત કરતું, તો કોઈ એનાં સન્માન કરતું, લાખો રૂા. વેરતું. આજેય સોલિસિટર બેરીસ્ટરને ઘડિયાળને કાંટે કલાકના દોઢસો લેખે ચૂકવોને ? ત્યારે વીતરાગની વાણીની કિંમત ? મહારાજનું વ્યાખ્યાન બહું સારું ! પણ જે એમાં કહ્યું તેના પર કંઈ લાગે વળગે ખરું ? કરન્સીની નોટની જેમ કિંમત હોય, સોનાને રૂપાની કિંમત હોય, તેને અહીં શાની કિંમત ? **માટીનો માણસ માટીની કિંમત કરે, ને ચેતનવંતો ચેતનની.**

**વિદ્યાની વડાઈ :-** રાજા પંડિતને લાખની રકમ લઈ લેવા માટે ફરી ફરી વિનંતિ કરે છે. પણ પેલો પંડિત કહે છે "મારે એક પાઈ ન જોઈએ !" રાજાને ખોટું લાગ્યું ! "હું આપું છું. શું તેની કાંઈ કિંમત નહિ ? ઘમંડ પર ચઢ્યા લાગો છો ! લઈ લો લઈ ! સમજો કે મારા જેવા આવડી મોટી રકમ તમને આપી શકનાર કોણ મળશે ?" પંડિત કહે છે ભલા માણસ છો રાજન્ ! શા સારું ઊંચા નીચા થાઓ છો ? તમે તમારું જ યાદ રાખશો કે **બીજું કંઈ ખરું ? લાખ આપી શકનાર હજુ ઘણા હશે, પણ એ કહો કે સામેથી ભેટવા આવતા લાખને લાત મારી શકનાર કેટલા મળે ?** હજીય મફત આપનાર છે પણ મફત આવતાને લાત મારનાર કોણ છે ? લાખનું દાન સહેલું, પણ લાખનો અસ્વીકાર કઠિન !" કહો પંડિતે કઈ શક્તિ પ્રગટ કરી ? લાખ રૂપિયા ઝટપટ લેવાની નહિ, પણ ઘસીને ના પાડવાની શક્તિ દેખાડી ! અને ન લેવાની શક્તિ પ્રગટ કરી !

જેની પાસે દોરી લોટો જ હોય, ભીક્ષા જ માગીને ખાવાનું હોય, એવાની



સામે લાખ આવે અને ના કહે તે શાના પર ? ત્યાગની શક્તિ પર. આત્માની બે શક્તિ છે, એક તો લાખ પર તૃષ્ણામાં ધખવાની, ગોળની કીડી બનાવાની ! ને બીજી શક્તિ એને લાત મારી શકવાની ? તેમાં કયી શક્તિને કહોવરાવી નાંખવાની ? ને કયી શક્તિમાંથી લીલી વાડી ખીલવવાની ? તમને ફુરસદ છે, પણ આ દિવ્યદર્શન કરો છો ? ના, એની ન મળે ! તો પછી જે બહુ દ્વેષ, રાગ, રતિ કરી રહ્યા છો, એની શક્તિઓ સફળ કરી રહ્યા છો તે કરવામાં અમરપટ્ટો શું મલશે ? અરે, અવસરે સગો દીકરો લાતે મારશે. **વિચાર્યું છે કે શક્તિ કયી પ્રગટ રાખી હશે તો આ દુનિયામાં સુખે જીવી શકશો, ને ભવિષ્યની દુનિયાને ઉજળી બનાવશો ?** શક્તિ બે :- ધર્મ ખાતર આંટા ખાવાની, ને કર્મ ખાતર આંટા ખાવાની. બજારમાં ચીજ લેવા ગયો ને ભૂલી પાછો આવ્યો. પણ ઘરે ઠપકો મલશે, એટલે પાછો દોડ્યો બજારમાં, ચીજ લઈને જ આવે. આ કર્મ ખાતર આંટા ખાવાની શક્તિ વાપરી. પણ ધર્મના આંટાની શક્તિમાં ? હું વ્યાખ્યાનમાં ગયો, પણ નવ વાગે મહારાજ હજી આવ્યા નથી, એટલે જાય પાછો ? શું ફરી આવવાનું ? ના આમ કલ્યાણની વાતોમાં એવો ગળિયો કે એ કલ્યાણની શક્તિઓને કહોવરાવી નાખે ! રોજ બે સામાયિક કરવાની શક્તિ છે ! પણ નવરા પડ્યા તો સમયના ઉપયોગની કઈ શક્તિ અમલમાં આવે ? નિંદા, કુથલીની, ઉંઘવાની, 'ચાલો ક્લબ, સિનેમામાં, લાવો ચોપડી, રેસ્ટોરા' વગેરેની, પણ સામાયિકની નહિ, ધાર્મિક વાંચનની નહિ, સત્સંગની નહિ, પ્રભુ દર્શનની નહિ ! વિચારો શક્તિઓ કઈ વિકાસ પામી રહી છે ? જેથી આપણો જ વિનાશ છે, તેજને ? કઈ છતી શક્તિઓ સડીને એળે જઈ રહી છે ? જે શક્તિઓથી આત્માનાં મહા કલ્યાણ થાય તેજને ? **આ ઊંધાઈ ગણત્રીની ઊંધાઈને લીધે છે.** આપણું પોતાનું તરીકે ગણવાનું શું, અને પારકું શું, એનું ભાન નથી !

**સત્યવાદી વણિકનું દૃષ્ટાન્ત :-** એક નગરમાં નાઝીરશાહ નામે એક બાદશાહ હતો. તેના નગરમાં ધર્મદાસ નામે એક વણિક રહે, તેની સ્ત્રી સમજુબાઈ બહુ સમજુ અને સુશીલ. એને બેગમ સાથે સહિયરપણું હતું કહો શાથી હશે ? ચતુર વાણિયાની પત્ની છે, એટલામાં સમજી જાઓ. વાણિયણ ભારે ચપળ અને બુદ્ધિશાળી, એટલે પ્રસંગ લાવીને કહે કે "મારા પતિ ભારે સત્યવાદી છે." એ પછી તો દિવસો વીત્યા. એવામાં એકવાર એવો જોગ બન્યો, કે રાજાનો દરબાર ભરાયો, ને વાતવાતમાં પ્રશ્ન નીકળ્યો કે 'જગતમાં કોઈ સાચાબોલો હશે કે નહિ ?' સહુ વિચારમાં પડ્યા. કોણ પોતાને કહે કે "હું સત્યવાદી "? ત્યારે કોણ કોના પર વિશ્વાસ મૂકી એમ પણ કહી શકે કે 'આ સત્યવાદી છે !' એ તો સુશીલ

સુદર્શન શેઠની પત્ની મનોરમા જ નિર્ધાર કરે કે 'મારા પતિ વ્યભિચારી હોય જ નહિ. માટે એ કલંકમાંથી છૂટે નહિ, ત્યાં સુધી મારે આહારપાણીનો ત્યાગ !' જગતને પૂછવામાં આવે કે કોણ સત્યવાદી ? તો વિચારણા ચાલે કે 'શું મારો ભાઈ સત્યવાદી ? મારો પાડોશી સત્યવાદી ? મારા બાપા સત્યવાદી ?' અહીં મુંઝવણ ભારે થઈ. કોઈ સત્યવાદી જડતો નથી. રાજાને થયું કે શું ત્યારે જુઠાની જ દુનિયા છે ? મંત્રી જુઠો, સેનાપતિ જુઠો, નગરશેઠ જુઠો. બધાને જુઠા જ જુએ છે. પણ પોતે કેવો તે કોણ જોશે ? ચર્ચામાં ઘણો સમય થઈ ગયો. રાજાને મુંઝવણ છે.

મુંઝવણમાં ને મુંઝવણમાં રાજા મહેલમાં ગયો. ત્યાં બેગમ પૂછે છે "ક્યા હુઆ ? ક્યું ઈતની નારાજી હૈ ?" "દુસરા તો કુછ નહિ, મગર આજ વિચાર હુઆ કે ખલકમેં કોન સત્યવાદી ?" બેગમ કહે છે કે "ઓહ ! ઇસમેં ક્યા હૈ, આપહી સત્યવાદી હૈ" બાદશાહ મનમાં પોતાને સમજે છે કે પોતે કેવો સત્યવાદી ? **જગતમાં કોને કોનો વિશ્વાસ ? આત્મદર્શન લાધી જાય, 'પોતાનું શું, પોતાની કઈ શક્તિ પ્રગટ કરવા જેવી' વગેરે ગડમથલ જેને ચાલુ હોય, તેનાં જીવન કેવાં જુદાં હોય છે, તે અહીં જોવાનું છે.** બાકી બાદશાહ-બેગમની કથાથી શું એવી કથાઓ તો દુનિયામાં અપરંપાર છે, અને આપણે સાંભળી પણ અનેક કથામાંથી તત્ત્વ કાઢવું જોઈએ. નાઝીરશા બાદશાહ બેગમને કહે છે કે "મેં સત્યવાદી નહિ હું, તેરી આગળ ક્યા છૂપાના ?" ત્યારે બેગમ કહે છે કે "તો ગભરાઓ મત. સત્યવાદી હૈ ! એક મેરી સખી સમજુબાઈ યહાં આતી હૈ, વો બનીયન હૈ. ઉનકા પતિ બડા સત્યવાદી હૈ, ઐસા સખી ખુદ બોલતી થી, ઔર વહ વિશ્વાસ કરને લાયક ચીઝ હૈ" બાદશાહને હવે હિંમત આવી. 'ચાલો રાજ્યની શોભા સચવાશે.'

**દુકાળ શેનો ? :-** સખીને બોલાવી. વાણિયણ આવીને બેગમ પાસે બેઠી; એટલે બેગમે કહ્યું "કામ આયા હૈ તુમારા." સમજુબાઈ ગભરાતી નથી. સત્યવાદી પતિની લાયક પત્નીને ગભરામણ શી ? એમ જ્યાં પ્રેમ છે, કદર છે, ત્યાં પણ ગભરામણ શી ? વાણિયણ બેધડક પૂછે છે "ક્યા, હૈ ?" "ઉસ દિન તું બોલતી થી કી મેરા પતિ સત્યવાદી હૈ. આજ સભામેં કોઈ બોલ સકા ન કી મેં સત્યવાદી હું, અગર અમુક સત્યવાદી હૈ." શું ? જગતમાં સત્યવાદીનો દુકાળ ! આજે તો માત્ર અનાજનો દુકાળ મનાય છે, અને એ ગભરાવી મૂકે છે ! પણ બીજા દુકાળ ઘણા વરસી રહ્યા છે, એની કોઈ ગભરામણ ખરી ? કહો, અનાજનો દુકાળ દીર્ઘ સમય ચાલવાનો, કે બીજા દુકાળ ? ત્યારે જગતમાં **આજે બીજા કોઈ દુકાળ છે કે ?** પૂછો **સદ્‌વિચારનો દુકાળ છે કે સુકાળ ?** પવિત્રતાનો દુકાળ ખરો ? શાંતિનો



દુકાળ ? શુભ ધ્યાનનો દુકાળ ? આત્મચિંતાનો દુકાળ ખરો ? દેવગુરુની ખાતર ભોગ આપી ઘસાવાનો દુકાળ નહિ ? જૈનપણાના સંસ્કારો, આશ્રવસંવરનો વિવેક, તત્ત્વજ્ઞાન, શ્રાવકનો આચાર, અનુષ્ઠાન અને વ્રતોના સંસ્કાર, આ બધાનો આજે સુકાળ છે કે દુકાળ ? આપણા જીવનમાં દુકાળોનો હિસાબ છે ખરો કે કેટલા દુકાળો વર્તે છે ? સ્ત્રીજાતિ જેટલો વિનય સાચવે, જેટલું સહન કરે, જેટલી પવિત્રતા સાચવે, તેટલું બધું પુરુષના જીવનમાં ખરું ? કે પુરુષને એનોય દુકાળ ?

**રાજાનો પ્રશ્ન :-** અહીં દુકાળ પડ્યો સત્યવાદીનો, એટલે બેગમ કહે છે કે 'તું કહતી થી તો બતલાના પડેગા.' વાણિયણ કહે "હમણાં જ બોલાવી લાઉં શેઠને." વાણિયણ ગઈ ઘેર, ને બોલાવી લાવી પતિ ધર્મદાસને. બેગમ જોઈને ખૂશ થઈ, રાજા ખૂશ થયો. શેઠને સ્વાગત કરી પૂછે છે" આપકા શુભ નામ ક્યા ?" "મારું નામ ધર્મદાસ." રાજાએ કહ્યું કે "આજ ઐસા હુઆ કી સભા મેં ચર્ચા ચલી કે કોઈ ઈસ જગતમેં સત્યવાદી હોગા કી નહિ ? ઔર વહાં આપકા નામ સુનને મેં આયા." શેઠ કહે છે કે ઘણું ખુશ થવા જેવું ! રાજાએ પૂછ્યું "આપકા સંતાન કિતના ?"

"એની મને ખબર નથી."

"અરે ! યહ ક્યા બોલતે હૈ ? આપકા સંતાનકી બાત આપ નહિ જાનતે હૈ ?"

"તે હું નહિ કહી શકું, મને ખબર નથી." રાજાને વહેમ પડ્યો 'આ તે સત્યવાદી કે જુઠો ?' રાજા બેગમ સામું જુએ, ને બેગમ વાણિયણ સામું જોવે ! વાણિયણને પાકો વિશ્વાસ, કે 'મારા પતિ એટલે સત્યવાદી. જે કહે તે સાચું જ. ઉતાવળા થવાની જરૂર નહિ' એટલે એ નિરાંતે બેઠી રહી. પણ બાદશાહ-બેગમ ઊંચાનીચા થાય છે. રાજા કહે છે "ક્યા બાત કરતે હો ? સંતાન કી ખબર નહિ ? ઠીક હૈ, તબ યહ બતલાઈએ કી આપકી મિલકત કિતની ?" "દસ હજારની" "ક્યા બોલે આપ ? સિર્ફ દસહજાર કી મિલકત ? કિતના જૂઠ ? યું તો આપકા બડા મહેલ હૈ, નોકરો હૈ, વાહન હૈ, ને કહેતે હૈ કિ સિર્ફ દસ હજારકી મિલકત હય તુમેરા સત્ય ?" ધર્મદાસ કહે "તો કહો તો જુઠુ બોલું ! પણ સાથે કહીશ કે આ જુઠું બોલે છે. બાદશાહ વહેમાય છે કે નક્કી આ ગભરાઈને જુઠું બોલે છે તેથી કહે છે 'તુમ ગભરાતે હો ક્યું કારણ ? તુમેરા લડકા ઔર મિલકત મેં લેનેવાલા નહીં હું.

## (૫૩) દિવ્યદર્શન

"ધર્મદાસ કહે, 'હું ગભરાતો નથી. હમારો ધર્મ પુણ્ય પાપનો પ્રભાવ બતાવે છે, એથી અમે નીડર રહીએ છીએ, એટલે જુઠ બોલવાને કાંઈ જ કારણ નથી." હવે બાદશાહ શું કહે ? ત્યારે એ ત્રીજો પ્રશ્ન ફેંકે છે "અચ્છા, આપકી ઉંમર કિતની ?" "બાર વર્ષની" વણિકે ઉત્તર વાળ્યો.

રાજાથી હવે રહેવાયું નહિ, એટલે ઝટ કહે છે કે, "દેખ બેગમ ! તું ક્યા બોલતી થી ? એ તેરા સત્યવાદી ?" બાદશાહ બેગમ પર ચીડાયો, એટલે બેગમ વાણિયણ પર ચીડાઈ. કેમકે એનેય લાગ્યું કે 'બનીયા યહ સબ જૂઠ બોલતા હૈ ! ઔર બનિયનને હમકો બનાયા.' એ મનમાં ને મનમાં શમશમી રહી કે "મૈંને કહાં યહ વિશ્વાસ રક્ખા ? પ્રસિદ્ધ બાત હૈ કિ ઈસકો સંતાન ચાર હૈ' ઔર કહતા હૈ કિ હમકો પતા નહિ કે કિતના સંતાન હૈ ! મિલકત મેં રૂપીયા પંદર લાખ દબા કર બેઠા હૈ, ઔર કહતા હૈ સિર્ફ દસ હજાર હૈ ? ઉમર ઈતની બડી હૈ લેકિન કહતા હૈ બારા વરસ ! ક્યા બાદશાહ કુછ પડા લેતે હૈ ?" બેગમ વાણિયણને પૂછે છે 'ક્યા તુમેરા પતિ એસા હિ સત્યવાદી હૈ ?' પેલી કહે છે 'એ જુઠું બોલેજ નહિ !'

**સંસારમાંય પવિત્ર સંબંધ :- એ વિશ્વાસથી જ કહે છે. કેમકે એ કાળે પતિપત્નીના એવા એ વિશ્વાસભર્યા સંબંધ હતા.** સંસારના પાપ સંબંધ નહિ, પવિત્રતાના સંબંધો ! એક બીજા પ્રત્યે ભારે વફાદારી ! સંસાર સંબંધ તો પશુય કરે છે. પણ માનવની કિંમત સદાચારભર્યા પવિત્ર સંબંધ પર છે. રામ અને સીતાના કેવા સંબંધ ? સીતાને રાવણ કહે, 'પણ હું અને મંદોદરી તારા યાવજ્જીવના દાસ બનીને રહીએ. આખા રાજ્યની માલિક તું' કહો ! કામવાસના માણસને કેવો ગુલામ બનાવે છે ! બીજા ત્રીજા સ્વાર્થનો કેવો ત્યાગી પણ બનાવે છે ! છતાં અહીં તો સીતાની આંખોય ઊંચી ન થાય. મંદોદરી દલાલીમાં કહે છે "હું ય દાસી બનીને રહું," **જીવનનું મૂલ્ય જો વિષયસુખ કે સત્તા સાહ્યબીના સુખ પર આંક્યું હોત, તો લપટાતા શી વાર ?** પણ આ તો મહાસતી સીતાને હૃદયમાં રામ સિવાય બીજાની વાત નહિ; ત્યારે રામને ? કદાચ ગર્ભવતી સીતાને લોક વચનથી અળગી કરવાનો સમય આવ્યો, તોય સીતાથી સવાઈ લાવીને, અરે ! સવાઈ નહિ તો બીજી ગમે તે પરણી લાવીને સંસારમાં મહાલી લેવાનું નહિ ! આમને દુનિયાના



**વિષય-સંબંધ ખરા, પણ એ તૃપ્ત માનવના સંબંધ, વિષયના ભૂખારવા પાશવી સંબંધ નહિ !**

**વણિકના ગૂઢ ઉત્તરોનાં રહસ્ય**

**પહેલો ઉત્તર :-** સમજુબાઈને પુરો વિશ્વાસ છે. એ કહે છે કે "શેઠ બરાબર કહે છે. પૂછો એમને કે શું એનો અર્થ ? પૂછ્યા વિના ઉતાવળા શા સારું થાઓ ?" હવે રાજા ચોંક્યો. "આહા ! મૈંને કલ્પના ખોટી કી. લાવ, પૂછને દે. યહ તો ચતુર વાણિયાભાઈ હૈ." એમ વિચારી રાજા પૂછે છે, 'સુના હૈ કિ આપકો ચાર લડકા હૈ. ફિર યું ક્યું બોલતે હૈ, કિ આપકો પતા નહિ ?' ધર્મદાસ કહે "સાહેબ, મારા તો હું મારા મૃત્યુ વખતે જેટલા દીકરા હાજર દેખું તેટલા માની શકું. **મરતી વખતે કેટલા દીકરા મોજુદ રહેશે તેની મને ખબર નથી, પછી મારા કેટલા તે અત્યારે હું કેવી રીતે કહી શકું ?"** ધર્મદાસ શેઠને ચાર દીકરા હતા, પણ સંખ્યાનું નામ નહોતું પાડ્યું. કેમકે એને લાગ્યું કે અનિશ્ચિત અને અસ્વાધીન સ્થિતિમાં દીકરાને પોતાના માની બહુ ફુલાવાની કાંઈ જરૂર નહિ. એથીજ કદાચ દીકરા મરી પરવારે, કે અળગા થાય તોય આપણને શોક નહિ. બાદશાહ આગળ એવી ખોટી શાબાશી લેવા ખાતર આપણી શક્તિઓ વેડફી નાખવાની વાત નહિ. શું આ ? આત્મદર્શન - દિવ્યદર્શન.

**બીજો ઉત્તર-પંદરહજાર :-** બાદશાહ પહેલા ઉત્તરનું રહસ્ય સમજી જાય છે. પણ એ હિસાબે તો બીજી વાત એના મનમાં બેસતી નથી, તેથી પૂછે છે, "કયા મિલકત કી બાત સચ્ચી હે ? કેસે સચ્ચી ? તુમ તો કહતે હો કિ હમકો ખબર નહિ કે મૃત્યુ સમય લડકા કિતના રહેગા; તો મિલકત મેં ભી પંદરહજાર રહેગા ઈસકી ખબર કેસે પડ ગઈ ?" બાદશાહે ક્રોસ એવો કર્યો કે એનો ઉત્તર કરવો વિચારણીય થઈ પડે. સાંભળેલી વસ્તુ પર પૂર્વાપરનો વિચાર હોવો જોઈએ. એથી યોગ્ય પ્રશ્ન સ્ફુરે છે. અહીં ધર્મદાસ તો પહેલેથી સાવધાન છે. એ કહે છે "સાહેબ, એવું છે કે મરતી વખતે હું જોઉં કે કદાચ રૂપિયા પંદર લાખના વીસ લાખ પણ થઈ ગયા છે, પણ મારે તો એમ છતાંય પરલોકમાં રોતા જ ભટકવાનું ને ? **એ તો મેં જે અત્યાર સુધીમાં દસ હજારનો પરમાર્થ કર્યો છે, તે જ મારી સાથે છે. માટે જ મેં આજસુધીની હાજર મુડી તેટલી ગણી.** કહો આ કયું દર્શન છે ? આત્મદર્શન છે, જડદર્શન નહિ ! દિવ્યદર્શન છે, દાનવદર્શન નહિ ! જડ દર્શનમાં કોરી જડની વૃદ્ધિ જોવાય છે. **દાનવ દર્શનમાં સ્વાર્થનું દર્શન હોય છે, લંપટતાનું તાંડવ હોય છે, અધિકાર બહારની વસ્તુ પર મોટી મદાર, મહાઅભિમાન અને ધિંગામસ્તી હોય છે. પોતાની સાચી તારક આત્મશક્તિઓ આવરાય છે, અને મારક શક્તિઓ પ્રગટ**



E:/Divya-Darshan(part-11).pmd/prf.5

**રખાય છે !**

અંધારામાં કોઈ વિશ્વાસુ માણસ ઉઠાડીને પૂછે કે તમારી મુડી કેટલી ? તો કહો ને કે 'મુડી તો હશે એક બે લાખની; પણ આબરૂ દસવીસ લાખની છે ?' આ શું ? પોતાનું શું એની ખબર નથી. શું એ મુડી અને એ આબરૂ ભવાંતરે સાથે આવી સુખ આપશે ? **જો અહીં પણ ઘોર કર્મના ઉદયે ભયંકર રોગ જાગ્યા, તો એ આબરૂથી શાંતિ નહિ મળે !** તો પરલોકની તો શી વાત ? જીવને એટલુંય પૂછતા નથી, કે 'મૂર્ખ એ તું બધું પોતાનું ગણે છે ખરો, પણ જો તને બ્લડપ્રેશર કે હાર્ટફેઈલ થઈ જાય તો, એ પછી તારું ખરું ?' પછી શ્રીમંત હોય તોય બુરી દશા ! **બધો ભાર માથે રાખીને ફર્યો તે એવો, કે અંતે હૃદયને તોડી નાંખે !** પોતાની મુડી કઈ કહેવાય ? ધર્મદાસને દેખાય છે કે "સદુપયોગ કર્યો એ દસહજાર મારી મુડી; બાકી બીજાનો તો હું સદ્વ્યય જો નથી કરતો, તો તે મારા ક્યાં છે ?" આ ખ્યાલ બરાબર જાગૃત રહ્યાથી પોતાની **જે કલ્યાણ શક્તિઓ અંતરઆત્મામાં આજ સુધીમાં ઢંકાયેલી ગુપ્ત પડી છે, એને પ્રગટ કરવા તરફ આત્માનું લક્ષ્ય જાય છે. સાથેસાથ આત્માએ અનંતાઅનંતકાળથી જે ઘાતક શક્તિઓ પ્રગટ રાખીને પોતાના વિનાશને સર્જ્યે રાખ્યો છે, એ શક્તિઓને ગુપ્ત રાખવા અર્થાત્ નિરૂપયોગી બનાવી દેવા માટે જીવ હવે સચેત થાય છે.**

"દિવ્ય-દર્શન"-"પ્રવચન મહોદધિ" વર્ષ-૧,અંક-૧૪,તા.૨૯-૧૧-૧૯૫૨

## (૫૪) દિવ્યદર્શન

**ત્રીજો ઉત્તર : બાર વરસ :-** બાદશાહ ધર્મદાસના ઉત્તરથી તાજુબ થઈ જાય છે, એના સત્યવાદીપણા પર સારો વિશ્વાસ બેસે છે. એટલું જ નહિ પણ ઉપરાંતમાં એમ થાય છે કે અહો આ આત્માને જાગૃતિ કેવી ! તત્ત્વદૃષ્ટિ કેટલી સુંદર ! આગળ પૂછે છે કે "યહ તો ઠીક કહા, લેકિન તબ તો યહ સંદેહ હોતા હૈ કિ જબ દસ હજાર કા સદ્વ્યય કરને સે દસ હજાર કી મુડી આપ ગિનતે હૈ, તબ ક્યા ઈસ જન્મમેં બારા વરસ કા સદ્વ્યય કરને સે ઈતની ઉંમર ગિનતે હૈ ?" વણિક કહે છે કે બરાબર, આપે ઠીક કલ્પના કરી. વાત એટલી છે કે આમ તો આ જીવનના પચાસ વરસ વહી ગયા. પણ માત્ર છેલ્લા બાર વરસથી ધર્મ પામ્યો છું. એજ મારી સાચી ઉંમર છે. બાકી તો અમારા શાસ્ત્રો કહે છે કે ધર્મ વિનાનો કાળ એ ગર્ભાવાસ જેવો કાળ છે, અને ગર્ભાવાસના કાળને કાંઈ ઉંમરમાં થોડો જ



ગણાય ?

ધર્મદાસ વણિકની સત્યવાદિતા કોઈ અજબ હતી. દીકરા ચાર હોય અને કહેવું કે ખબર નથી કે કેટલા દીકરા છે; મિલકત લાખોની હોય અને કહેવું કે દસ હજારની છે; ઉંમર બાવન વરસની હોય અને કહેવું કે બાર વરસની; આ તે કેવું સત્ય ?, એમ નવાઈ લાગે. પરંતુ દિવ્યદર્શનના આત્મદર્શન તરીકે 'આ જગતમાં આત્માએ ઉવેખવા જેવું શું, અને પોતાનું ગણી કાળજી રાખવા જેવું શું, એ જો લક્ષમાં સ્થિર હોય તો વણિકે કરેલો વિવેક યથાર્થ લાગે. એટલું જ નહિ, પણ આત્મદર્શનના છેલ્લા બે પ્રકાર 'કઈ શક્તિઓ ગુપ્ત રાખવાની, અને કઈ પ્રગટ રાખી એનો સદુપયોગ કરવાનો' એ વસ્તુ બરાબર ધ્યાનમાં રહે; અને એથી જીવનમાં એવો જ અમલ થાય. વણિકે એમ જ અમલ કરવા માંડ્યો. પરોપકાર કરવાની શક્તિ પ્રગટ કરી. ધર્મ સાધવાની શક્તિનો ઉપયોગ બાર વરસ પહેલાથી શરૂ કરી લીધો.

ત્યારે હવે મંત્રી તેતલીપુત્રને યાદ કરો. રાજા, નગરશેઠીઆઓ, અને પોતાના નોકર પરિવાર સુદ્ધાં સૌ વિમુખ થઈ જાય છે. એથી ભયનો માર્યો હિંમત હારી, હવે મંત્રી આપઘાત કરવા ઈચ્છે છે. **શક્તિ કઈ પ્રગટ રખાય ? જીવવાની શક્તિ કે મરવાની શક્તિ ?** એથી ય આગળ, જીવવાનું કર્યા પછી કષ્ટ સહવાની શક્તિ પ્રગટ રાખવી તે શું દુન્યવી જડની જંજાળ ખાતર, કે પોતાના જ આત્માના હેતુ ખાતર ? મંત્રીએ ઊંધું આદર્યું છે. જ્યાંસુધી જીવવાની શક્તિ ખુલ્લી રાખી, ત્યાં સુધી એમાં રાજસન્માન વગેરે વૈભવ વિલાસમાં મહાલવાનું કર્યું; અને હવે મરવા તૈયાર થાય છે. તે પણ જડના શોકે ! અહો ! આત્મા **પોતાના આત્મહિત ખાતર ક્યારે જીવવા-મરવાની શક્તિ ખરચશે ?**

**મરવા સુધીની શક્તિ ! :-** અનેક ટેલીફોન, કષ્ટ અને ત્રાસ ભોગવવા છતાં માણસ જેમ જીવવા તૈયાર છે, તેમ માનસિક કલ્પિત આપત્તિમાં મરવાને પણ તૈયાર છે ! એ સૂચવે છે કે માણસમાં જીવવાની અને મરવાની બંનેય શક્તિ છે. એટલે સુધીની તૈયારી, એ સૂચવે છે કે મનુષ્યમાં ઘણી ઘણી જ્વલંત શક્તિઓ છે. માત્ર એમાંથી જે શક્તિઓએ જીવને જ પૂર્વ જન્મમાં આ ભયાનક ભવચક્રમાં ભમાવ્યો છે, અને વર્તમાન જીવનમાં પામરપણે જડનો પરાધીન અને નિજનો ઉપેક્ષક બનાવ્યો છે, **એ રાક્ષસી શક્તિઓને હવે નિષ્ક્રિય કરી દેવી જોઈએ. સાથે જ એવી કલ્યાણની મંગળશક્તિઓને પ્રગટ કરી સક્રિય બનાવવાની જરૂર છે, કે જેથી અહીં આત્માનું ભવ્ય ઓજસ વધે, સાત્ત્વિકતા ખીલે, જડ પર સ્વાધીનતા વધે, પ્રભાવકતા વિકસે, અને ભવિષ્યનો અનંતકાળ ઉજ્જવલ થાય.** ધ્યાનમાં રાખજો કે



E:/Divya-Darshan(part-11).pmd/prf.5

આ શક્તિઓ આપણા અંતરાત્મામાં ભરી પડી છે, આપણે તો માત્ર એને પ્રગટ કરવાની જરૂર છે.

**આપણી અદ્‌ભુત શક્તિના દૃષ્ટાન્તો :-** કર્તવ્ય શું ? જે ઘરાક પાસેથી દુકાન પર કમાવાનો સ્વાર્થ દેખાતો હોય, તે ઘરાકના કડવા પણ શબ્દો પર કે ગુસ્સા પર ક્ષમા જાળવવાની શક્તિ શું વેપારી નથી ધરાવતા ? આપણો સ્વાર્થ સારે એવાઓની અકડાઈ-અતડાઈ ઉપર પણ આપણે નમ્ર અને મળતા રહેવાની શક્તિ શું નથી ધરાવતા ? સારું ખટાવતા આડતીઆ પાછળ ખર્ચ કરી નાખવાની શક્તિ શું વેપારી નથી ધરાવતા ? ડાક્ટરના કહેવાથી આરોગ્ય માટે બ્રહ્મચર્યનું પાલન, ઉકાળેલું પાણી વાપરવું, મિઠાઈ તળેલું વગેરે ગમતા રસ, વિગઈઓ અને ઈષ્ટ વિષયો છોડવા, ઈત્યાદિની તાકાત શું આપણામાં નથી ? સગા ભાઈને બદલે ભાગીદાર, મિત્રો અને પડોશીઓને અવસરે સહાય, સ્વાગતાદિ કરવાનું સામર્થ્ય શું નથી બતાવતા ? જ્યાંથી સ્વાર્થ સરે છે એવા શેઠ વગેરેની કે સ્નેહાળ પત્ની વગેરેની ખુશી થઈને સેવા કરવાની શક્તિ તમારામાં નથી શું ? પેટમાં બરાબર ન હોય, સ્નેહી બિમાર હોય, અગર કોઈ મરી ગયું હોય, તો તો છતી ખાવાની રુચિએ ભૂખ્યા રહેવાની પણ તાકાત છે, લુખું કે સુકું પાકું ખાઈ ચલાવી લેવાની તાકાત છે. સ્નેહી પાછળ દવા વગેરેમાં કે લગ્નાદિ પાછળ સેંકડો હજારો રૂપિયા તોડી નાખવાની તાકાત છે, વેપારમાં ભય દેખાય તો. અથવા ભાગીદાર કે માણસો અવિશ્વાસુ લાગે તો, કે સરકાર ઘણું ટેક્ષમાં તાણી જતી હોય તો, છતા સંયોગોએ અને ઘણી આવડતે વેપાર કરી કમાઈ લેવાના લોભને દાબવાની શક્તિ છે, **આવી આવી તો ત્યાગ, સેવા, ક્ષમા, દાન, લોભનિગ્રહ વગેરેની અનેક શક્તિઓ છે ! પણ અરે ! એ જડના વિકાસ અર્થે અને આત્માના વિનાશ અર્થે વપરાઈ રહી છે !! એના બદલે એ ક્ષમા-નમ્રતાની** સરળતા-નિર્લોભતાની, દાન અને શીલની, તપ અને સદ્‌ભાવની શક્તિઓને **આત્માના મોક્ષના હિત માટે પ્રગટ** કરવાની જરૂર છે. પ્રેમપાત્રોમાં એકતાન થવાને બદલે પ્રભુભક્તિમાં એકતાન થવાની શક્તિ વિકસાવવા જેવી છે. દુન્યવી સ્નેહી સંબંધીને બદલે દેવગુરુ અને સાધર્મીને પોતાના કરવાની શક્તિને ખરચવાની જરૂર છે. એમના માનપાન, આદરસત્કાર, વારંવાર સ્મરણ ગુણગાન ઈત્યાદિ કરવાની તાકાત ખરચવી જોઈએ. દુન્યવી સ્વાર્થમાં કાયા, ઈન્દ્રિયો અને મન પર ભારે સંયમ, સહિષ્ણુતા રાખવા જો શક્તિમાન છીએ, તો આપણા પોતાના આત્મા ખાતર એ બધું કરવા કેમ શક્તિમાન ન હોઈએ ? સંસારના પ્રસંગોમાં આનંદ ઉદ્વેગ અનુભવતાં આવડે છે, તો આત્મિક પ્રસંગોમાં પણ આનંદ ઉદ્વેગ લેતા કેમ ન આવડે ? અર્થાત્ આત્માને દયાદાન, સત્વ, સંયમ વગેરે ધર્મના



પરોપકાર સત્સંગ ઈત્યાદિ તથા પ્રસંગો મળે ત્યાં અનહદ આનંદ અનુભવવાની અને એથી ઊલટું જ્યાં જીવ હિંસા, જૂઠ, પ્રપંચ, કામક્રોધાદિના પ્રસંગ ઊભા થાય ત્યાં ઉદ્વેગ અનુભવવાની તાકાત અજમાવવી જોઈએ; સક્રિય રાખવી જોઈએ.

**મરણ પણ માગ્યું નથી મળતું !! :-**

મંત્રી તેતલીપુત્ર હજુ સુધી ઊંધી શક્તિઓને પ્રગટ રાખી રહ્યો છે, અને સાચી તારક શક્તિઓને ગુપ્ત રાખી રહ્યો છે, તેથી આપઘાત કરવા માટે તૈયાર છે. બસ, મરી જાઉં, એમ નિર્ણય કરી એ ગળે ફાંસો ખાય છે. પરંતુ પોટ્ટિલાદેવ એને મન કમનસીબ ફાંસો કાપી નાખે છે. મંત્રીને એમ થાય છે કે 'અહો આ શું ? ફાંસો કેમ તૂટી ગયો ? કેવો કમનસીબ હું ? ફિકર નહિ, મરવાના ઘણા રસ્તા છે ?' જુઓ મરવાની પણ કેવી તાકાત મનમાં માની બેઠો છે ? અફસોસ કે **જરૂર પડ્યે જગત ઉથલાવવા સુધીના કોડ કરનારો જીવ આત્મા પરથી મોહની શૃંખલાઓ અને કર્મની જંજીરો તોડી નાંખવાની ઉમેદ, ધગશ અને તાકાત ન પ્રગટાવે, એ તેની કેવી સરાસર મૂર્ખાઈ ?** જૈન જેવા જૈનને શું એમ ન થાય કે ''હું પશુ નથી, હું અનાર્ય નથી, વીરનો સંતાન છું. મોહના આદેશ અને કર્મના બંધન તોડવા મથીશ.'' મંત્રી હવે મરવાના બીજા ઉપાયમાં કટોરીમાં ઝેર ઘોળી પી જાય છે, પણ દેવ-પ્રભાવે એની કોઈ ખરાબ અસર નથી. એના મનને એમ હતું કે 'હમણાં ઝેર ચઢી નસો ખેંચાઈ જશે, અને હું જલ્દીથી મૃત્યુ પામીશ.' પણ એનો પ્રયત્ન નિષ્ફળ ગયો. અરે ! કેમ મરી શકાય ? એમ કરી કરોળીયાની જેમ ત્રીજા પ્રયત્નમાં તીક્ષ્ણ ધારવાળી તલવાર કાઢી પોતાના હાથે જ પોતાનું ગળું છેદી નાખવાની તૈયારી કરે છે ! **દેખો, આત્મશક્તિના વહેણ અત્યારે ક્યાં વહી રહ્યા છે ? આમને આમ જ આવા કેટલાય ઊંચા ભવની શક્તિઓ નાદાન જીવે ભયંકર રીતે અને ભયંકર માટે વેડફી નાખી છે !!**, સુશક્તિઓને કુશક્તિ બનાવી દીધી છે ! અર્થ અને કામ પાછળની યૌવનના થનગનાટ અને બે શક્તિનો દસમો ભાગ પણ ધગશ સાથે ધર્મ માટે ખરચે, કર્મ તોડવામાં ખરચે તોય આત્માનું કેટલું બધું કલ્યાણ થાય ! વિવેકના અભાવે મંત્રી પોતાના ગળા પર તલવાર ચલાવવા તૈયાર થાય છે. દેવ મુંઝાય છે. 'આ શું ? કેમ આમને હજી સમજ નથી પડતી ? ખેર ! મરવા તો દેવા જ નથી' એટલે જ્યાં મંત્રીએ તલવાર ગળા પર ચલાવી કે તલવાર ગળે અડતાં પહેલાં જ અટકી ગઈ ! કેમ જાણે કોઈએ અદશ્યપણે પકડી લીધી છે, એવું લાગ્યું જ. ત્યારે શું મરી પણ નહિ શકાય ? મૃત્યુ પણ મોંઘું છે ? ના ના, ગમે તે રીતે મર્યા વિના નહી રહું. ભલે ભયંકર રીતે !'' આમ મંત્રી વિચારે છે. બસ, સાધક આત્માએ પોતાની ધર્મસાધના અને યોગસાધના તપસ્યા,

સહનશીલતા, સત્ત્વ, ગુણસંગ્રહ, વ્રત-સંયમ વગેરે હું ન સાધી શકું ? ગમે તે રીતે એ સાધવાને બધું કરીશ, બધો ભોગ આપીશ, એમાં શું કઠિન છે ? આવી આવી રીતે જ્ઞાન ભણવાની અને જ્ઞાનીની ભક્તિની યોજના કરું. ધ્યાન ધરવાની અને મનને એકાગ્ર કરવાની નિયમિત સચોટ યોજના કરું. આવા ત્યાગ અને તપ આદરું, ગમે તે પ્રકારે સાધના કરીશ, કરીશ, ને કરીશ. સાધના જ કરીશ.' આવા નિર્ધાર થઈ જાય તો પછી **રાત ને દિવસ દૃષ્ટિ ક્યાં ? કહો, સુશક્તિઓને પ્રગટ કરવામાં, તથા તત્કાળ સક્રિય બનાવવામાં; ત્યારે કુશક્તિઓને ? નિષ્ક્રિય કરી દબાવી દેવામાં, ને વિસરી જવામાં.**

**તેતલીપુત્રના આપઘાતના નવા યત્ન :-**

અવળી ધગશવાળો મંત્રી હવે મરવાના નવા ઉપાયમાં ગળે પત્થરની શિલા બાંધી ઊંડા તળાવમાં પડતું મૂકે છે. પરંતુ દેવતા પાણીને જ છીછરું કરી દે છે. હવે શી રીતે ડૂબે ? ધારણા તો એ હતી કે શિલા સાથે તળીયે રહીશ, એટલે નક્કી મરવાનો. પણ મરવાનુંય મોંઘું છે. કેમ ? કહો, **આ જગતમાં મનગમતી ચીજ જ મોંઘી છે.**, 'રહે તે દૂર, માગે તો.' એ પછી મંત્રી ધીખતી અગ્નિની ચિંતામાં પડી બળી મરવા તૈયાર થાય છે; અને પડતું પણ મૂકે છે. ત્યાં તો દેવના અદૃશ્ય પ્રયત્ને અગ્નિ ઠરી જાય છે. ત્યાં બળવાની શી વાત ? ત્યારે મંત્રી ત્યાં કારમું રુદન કરે છે. 'અરેરે ! કેટલો હું હીનભાગી, કેવો કમનસીબ ?' આંખોમાંથી ચોધાર આંસુ વહી રહ્યાં છે. "હે ભગવાન, આ શી મારી દશા ? મને રાજા માને નહિ ! મારે પુત્ર નહિ ! મને ઝેર, અગ્નિ જેવા ઉપાયોથી પણ મોત ન થાય ! આ હું કોઈની આગળ કહું તોય કોણ માને ? અરે **! સાધુનું વચન તો લોક જલદી માની લે, પણ હું મોટો મંત્રી છતાં મારું આ આત્મનિવેદન કોઈ માને નહિ !** કેવી મારી આ કરુણ, લાચાર અને નિરાધાર અવસ્થા" મંત્રી ત્યાં ધ્રુસકે ધ્રુસકે રડી પડે છે. કોણ શાંત કરે એને ? જગતમાં આવી અશરણ દશા સુજ્ઞને સજાગ કરે છે. મંત્રીનું રડવાનું બંધ પડે છે, અને ઊંડી ચિંતામાં મંત્રી પડી જાય છે. ત્યાં એને દેવતા જાણે દુઃખભર્યા હૃદયે પૂછે "હે તેતલીપુત્ર ! આગળ મોટો ખાડો છે અને પાછળ ઉન્મત્ત હાથી છે. ગામ આખું સળગી ઉઠ્યું છે, અને જંગલમાં દાવાનળ લાગ્યો છે. હવે અમારે શો રસ્તો લેવો ?"

**દીવ્ય સાધુતાના આશીર્વાદ :-** તેતલીપુત્ર આ દુઃખના ઉદ્‌ગાર સાંભળી લહેવાઈ જાય છે. સલાહ આપવી છે, ત્યારે શું પોતાની જેમ મરવાની સલાહ આપવી ? જો ના, તો આમાં જીવવાનું પણ ક્યાં સહેલું છે ? ક્ષણભર માટે તેતલીપુત્ર પોતાની સ્થિતિનું ભાન ભૂલી જાય છે. અંદરનું આત્મતેજ ઝળકે છે.



આત્માની ઉત્તમતા પ્રફુલ્લિત બને છે. એમજ દુઃખમાં મરવું એ કરતાં કોઈ નક્કર આલંબન લેવું સારું. પોટ્ટિલાએ સમજાવેલો ધર્મ, પોટ્ટિલાએ સ્વીકારેલું સાધ્વીનું શરણું અને એમાં એની થયેલી મહત્તા, સુખિતા વગેરે આંખ સામે તરવરે છે. પછી સાચી સલાહ આપતાં શી વાર, કે શી બીજી વિચારણા ? એ સમંતભદ્ર સાધ્વીઓએ ! કે સાધુઓ ! એમનો એ કલ્યાણ પંથ ! એમનું મંગળ જીવન ! એમના ધન્ય આચાર ! અહો **! પાપભરી પૃથ્વી પર આ કેવી મનોરમ સત્ ધર્મની કલ્પવેલડીઓ !** કેવી એ શીતલ છાયાદાયી ધર્મ સંસ્થા ! જો જગત પર એ હયાત હોય. **એનું આલંબન મળતું હોયે તો શા માટે જીવને બીજી લોલુપતા અને એની પાછળ બેકાર દોડધામ જોઈએ ?** પવિત્ર સાધુઓના આશ્રમમાં જીવને કોઈ ભય નહિ, દીનતા નહિ, પરાધીનતા નહિ. પછી દુન્યવી તકલીફ આવે તોય એ બહુમાં બહુ કાયા પર આક્રમણ કરવા સુધી પહોંચે જ્યારે આત્મા તો સાધુ ભગવંતોના આશ્રમે સમર્પિત થઈ ઉચ્ચ પદનો અધિકારી બની જાય.

મંત્રી આમ કોઈ બીજાને દુઃખમાં જાણતાં તો સાવધાન બની જાય છે. પોટ્ટિલાનો વિશ્વમંગળ સાધ્વીઓ સાથેનો સંયમ, વિહાર અને એમાં આત્માની ઉચ્ચ સાત્ત્વિક દશા એ જાણે છે. એ એમ પણ સમજે છે કે કટોકટીના મામલામાં બીજું કાંઈ સુઝે એવું ન હોય, બચવાનો માર્ગ ન હોય. **કે જીવનનો અંત સામે આવીને ઊભેલો દેખાતો હોય, ત્યારે પણ એ સાધુતા આત્માને અદ્‌ભુત રક્ષણ અને આશ્વાસન આપે છે.** જીવનમાં ગમે તે અવસ્થામાં સાધુતા અંતરમાં ઉતારવી હોય તો કશું નડતું નથી. કશું બાધક નથી. એમાંય આમેય જો બીજી રીતે મરવાનું નિર્ધારિત દેખાતું હોય તો **સંસારમાં નિરાધાર પણે મરવા કરતાં સાધુતાના આધાર પર મરવું ઘણે દરજ્જે સારું છે.** કેમકે સાધુતા જ આત્માને મૃત્યુ સમયે પણ એવા અદ્‌ભુત શુભ વિચારોમાં રમતો રાખે છે, કે જેના યોગે એક બાજુ હૃદય હલકું રહે છે, ખૂબ જ પ્રફુલ્લિત રહે છે, રણભૂમિમાં વીરતાથી લડતા લડતા ખપી જવાના અવસરે પણ વીર સુભટની જેમ મન બહુ તેજસ્વી અને પ્રસન્ન રહે છે, અને બીજી બાજુ એથી શુભ પુણ્યના તથા શુભ સંસ્કારના યોગે ભવાંતરમાં સારો ભવ અને સારા સંસ્કારો ઉદય પામે છે. મૃત્યુ વખતે ભય શાથી થાય છે, દુઃખ કેમ થાય છે ? કારણ એ છે કે મૃત્યુમાં જાણે બધું ખોવાઈ જતું દેખાય છે, યાવત્ પોતાનું જીવન પણ ગુમાવવાનું દેખાય છે, અને સાથે સાથે મૃત્યુની પીડા સહન થતી નથી. હવે જો એ સાધુતાને સ્વીકારી લે છે, તો સાધુતા તો એને શીખવે છે કે **જગતની કોઈપણ વસ્તુ આત્માની છેજ નહિ, કાયા પણ પોતાની નથી; તેથી એના પર મમત્વ કરવા જેવું જ નથી.** માત્ર આવું લાગે જ એટલું જ નહિ, પણ પછી તો

સાધુતા એ મમત્વ મૂકાવી દે છે, એથી મરણ બધું ખુંચવી લે, એનો ડર શો ? **આપણું જે નથી, તે જાય એમાં ડર શો ?** શોક શો ? ઊલટું એ કાયા વગેરે જે જવા બેઠું છે, એ પામીને આજે ઉત્તમ વિચારણા તો કરી શકીએ છીએ; પછી રોવાનું શું ? કે બીવાનું શું ? તેમજ **મૃત્યુની વેદના પણ એક કથળેલા ભવમાંથી બીજા ભવમાં પલટો કરવા માટે પાકેલા ગુમડાને નસ્તર મુકાવાની પીડા સમાન છે, એનાથી દુઃખી શું થવું ? વળી વેદનામાં પૂર્વના કર્મ કચરા સાફ થઈ જાય છે; એ પણ એક આશ્વાસન છે.** આવી આવી અનેકાનેક વિશેષતાઓને લીધે સાધુતા સ્વીકારેલાને મૃત્યુ પણ કોઈ ભયની ચીજ નથી. ફક્ત **મૃત્યુ વખતેય ધર્મની લેશ્યાવાળા જીવો પણ, એ ધર્મભાવનાના બળે, દેવલોક ઈન્દ્રપણું વગેરે સદ્‌ગતિ પામ્યાના કંઈક દાખલા બન્યા છે** તેથી આખર અવસ્થાએ પણ સાધુતાનો સ્વીકાર, અને એમાં મૃત્યુ સાથે સદ્‌ભાવના એ મહાન સદ્‌ગતિ અપાવનાર બને છે.

**તેતલીપુત્રની તત્ત્વવાણી :-** આ બધું સમજી તેતલીપુત્ર ઉત્તર કરે છે કે 'આગળ ખાડાનો અને પાછળ હાથીનો ભય હો, કે આખા નગરમાં આગનો અને આખા વનમાંય આગનો ભય હો, પરંતુ **ભયભીતને ખરેખર દીક્ષા એજ શરણ છે.** એજ પૂર્ણ વિશ્વાસથી આશ્રય કરવા લાયક છે. ભૂખ્યાને ભોજન એ શરણ લાગે છે; તરસ્યાને પાણી એ આધાર લાગે છે, નદી; સમુદ્ર લંઘવા હોય તેને નાવડું આશ્રય લાગે છે; પરંતુ **જે આત્મા દીક્ષા લઈ ક્ષમાવાળા, મનદમનવાળા અને ઈન્દ્રિયોના વિજેતા બને છે, એને એ કાંઈ ન મળ્યાની અફસોસી નથી; કેમકે એને એ ક્ષુધા, તૃષા વગેરેના કોઈ ભય જ લાગતા નથી''** અહીં ધ્યાન રાખો તેતલીપુત્રના આ વીરત્વ-નીતરતા વચનો ખૂબ જ બોધપાઠ શીખવી જાય છે.

**તત્ત્વવાણીનું રહસ્ય : સાધુતાના લાભ :-**

આપણે પહેલાં જોઈ ગયા કે (૧) સાધુતા એટલે કે દીક્ષા જેણે સ્વીકારી એને મૃત્યુ જેવા પ્રસંગ પણ ડરાવી શકતા નથી. કેમકે મૃત્યુ જે ખુંચવી લે છે, એને તો એણે તદ્દન પરાયું માન્યું છે, અને એમાં આત્માનું સર્વસ્વ એ જોતો જ નથી, વળી (૨) સાધુતાના આશરાથી એ પોતાના આત્માને વજ્રરક્ષિત સમજે છે. આવી પોતાની ઉમદા સ્થિતિમાં કાંઈ પણ શોક કે ઉદ્વેગ શા માટે રહે ? બીજું, (૩) સાધુતા ક્ષુધાતૃષા વગેરેની ઝંખનાઓ શાંત કરી દે છે; તેથી એના યોગે પણ મુંઝાવાનું રહેતું નથી. શરીરના ધર્મને હિસાબે ભૂખ વગેરે લાગે, તેમાંય કદાચ કોઈવાર ભોજનાદિ ન મળ્યું તોય ચિંતા-અફસોસી નથી. કારણ કે **સાધુતાને એણે એનાથી સ્વતંત્ર રાખી છે.** (૪) એથી તો એવા પ્રસંગમાં સાધુતાને પોષક સમાધિની



કમાઈ એ કરે છે.

**દેવતાના ઈશારા પર તેતલીપુત્રની ભવ્ય વિચારણા :-**

તેતલીપુત્રનાં આ વચન દેવતાએ બરાબર પકડ્યા. તરત જ દેવ કહે છે કે ''હે તેતલીપુત્ર ! આ તમે બહુ સારું કહ્યું. તે હવે તમે એને તમારા જ જીવનમાં ગ્રહણ કરી લો.'' યાદ કરો તેતલીપુત્રે શું કહ્યું હતું ? **'બીનેલાને શરણ આપનાર દીક્ષા છે' દીક્ષાથી મેરુ જેવું ધૈર્ય, ઈન્દ્રિય-વિજય અને મનોનિગ્રહ જે મળે છે, તેથી ઐહિક (આ લોકની) ઈચ્છાપૂરક સગવડો મળે કે ન મળે, એની બહુ ચિંતા નથી રહેતી.'** દેવે આ યાદ કરાવ્યું, ત્યાં તેતલીપુત્ર પોતાની સ્થિતિનું અને પોતાનું માપ કાઢી લે છે. એ વિચારે છે કે ''અહો ! હું પૂર્વે શાની ચિંતામાં પડ્યો હતો ? 'રાજા સન્માન આપે તો હું સુખી, નગરવાસીઓ અને પરિવાર મને સત્કારે તો હું સુખી એ બધું મારું લૂંટાઈ ગયું, તેથી હું મહાદુઃખી છું. આ મારી કથની પર કોણ વિશ્વાસ મૂકે ?' અરે ! આ હું કેવો પોકળ સાધનોની ઝંખનામાં પડી ગયો હતો !! જો મને ભય લાગ્યો હોત કે મારું શું થશે ? મને કમોતે મારી નાંખશે ? વગેરે, તો મારે સાધુતાનું શરણ જ લેવું જોઈતું હતું. બીનેલાને શરણ આપનાર દીક્ષા જ છે.'' આ હું માનનારો શા માટે મારી જાત સારું મુંઝાઉં, અને આપઘાત કરવાના ફાંફા મારું ? અહો ત્યારે મેં મૂર્ખાએ આજ સુધી આખું જીવન શામાં ગાળ્યું ? પૂર્વે હું કઈ ગતિમાંથી આવ્યો હોઈશ ? શું પૂર્વભવમાં મેં કાંઈ જ સાધના નહીં જ કરી હોય ?...''

''દિવ્ય-દર્શન''-''પ્રવચન મહોદધિ'' વર્ષ-૧,અંક-૧૫,તા.૬-૧૨-૧૯૫૨

## (૫૫) દિવ્યદર્શન

મંત્રી ચઢ્યો ઉહાપોહમાં. હવે દેવને રોકાવાની જરૂર નહોતી, કેમકે પ્રતિબોધ કરવાની શરત પૂરી થઈ ગઈ. મંત્રી પ્રતિબોધ પામી ચૂક્યો, અલબત્ત ખૂબ મહેનત અને ઘણા કડક ઉપાયે. ઠેઠ આપઘાત કરવાની સ્થિતિએ લાવી મૂક્યો ત્યાં સુધી એને પ્રતિબોધ નહિ ! કેમ જાણે 'મરું તે હા, પણ ધર્મને શરણે ન જાઉં.' પરંતુ **જીવને એક વખત પણ ધર્મનું આકર્ષણ થયું હોય તો તે કેવો બચાવી લે છે,** એ આપણને તેતલીપુત્રમાં સરસ જોવા મળે છે. ભલે પહેલાં બીજા માટે, પણ **'બીનેલાને દીક્ષા એ જ શરણ છે,'** એ હાર્દિક ઉદ્‌ગાર નીકળી પડ્યા. પૂર્વેની પોટ્ટિલાની



E:/Divya-Darshan(part-11).pmd/prf.5

દીક્ષાનું એ પરિણામ હતું. પોટ્ટિલાની દીક્ષાએ ધર્મનું આકર્ષણ કરાવ્યું હતું. ત્યારે તો પ્રતિબોધ કરવાનો કોલ માગી લીધો હતો.

મંત્રીનું ચિત્ત વિચારમાં ચઢ્યું. 'અહો ! મેં પૂર્વ ભવે કેવાં સારા પુણ્ય કર્યા હશે કે પોટ્ટિલાએ મને ધર્મ બતાવ્યો. પણ સાથે પાપ પણ કેવા કર્યા હશે કે રાજાથી કરાતી સગવડ સન્માનમાં એવો લપટાઇ ગયો કે ત્યાં ધર્મ તો ન સૂઝ્યો, પણ તેમાંથી ભ્રષ્ટ થવાનો પ્રસંગ આવ્યો તોય ન જાગ્યો ! ઊલટો મોહના અંધકારમાં વધુને વધુ ડૂબતો ગયો. ત્યારે મેં પૂર્વે શા એવા પાપ કર્યા હશે ? હું ક્યાંથી આવ્યો હોઈશ ?'...આમ મનોમંથન શરૂ થઈ ગયું.

**ધર્મની જવાબદારી બે : (૧) કાળું પાપ કોઈ પણ ન સેવાઈ જાય :** ધર્મ કરનારા માથે દ્વિગુણ જોખમદારી છે. ધર્મ કરવો જ ન હોય તો એને જોખમદારી શી પાળવાની ? નાગાને ન્હાઈને નીચોવવાનું શું ? ધર્મીને એક જોખમદારી એ કે જીવનમાં ધર્મ પામ્યા પછી, સાધ્યા પછી કોઈ ઘોર પાપ ન સેવાઈ જાય એ જોવાનું. નહિતર ધર્મના ફળમાં તો લક્ષ્મીલીલા મળશે ખરી, પણ પેલા પાપના ફળરૂપે એમાં એવું કાંઈ ઊભું થશે કે મોટી પોક મૂકવી પડશે. દા.ત. એક માણસ ભાવથી સારું દાન દીધું, પણ પછી કોઈ અવસર આવે અનીતિ, અન્યાય દંભ કરીને કોઈની લક્ષ્મી લાવ્યો, અગર એણે કોઈને મહાદુઃખી કર્યો. અહીં ધર્મના ફળરૂપે દુન્યવી સુખ-સગવડ મળવાની; વળી ભાવ સારા હતા તેથી એનાથી દાનધર્મ પણ સારો થવાનો. પરંતુ પેલા પાપથી બાંધેલા અંતરાય કર્મના ઉદયે કે અશાતાના ઉદયે લક્ષ્મી એકાએક ચાલી જવાની, કે નહિ ભોગવી શકાવાની. તેથી ત્યાં ઊલટું પહેલાં લક્ષ્મી મળ્યાથી મહાન શોક થવાનો. **એટલે જ આ જવાબદારી ઉપાડવાની છે કે ધર્મી બન્યા પછી જીવનમાં એવા ઉગ્ર પાપો ન સેવાઈ જાય.**

**બીજી જવાબદારી :** બીજી જવાબદારી એ છે કે **ધર્મ કરતાં કરતાં ભોગની ઈચ્છા અને ભોગનો અભ્યાસ બળવાન કે અખંડ ન રહી જાય.** એટલે ? એટલે એ કે ધર્મ સેવતાં સેવતાં એ પણ જોવું જોઈએ કે મારી નિત્યની ઈચ્છાઓ અને નિત્યભોગના અનુભવ કેટલા ઓછા થયા ? અથવા ઓછા થતાં જાય છે કે કેમ ? સમજજો કે **જો આ ઓછા ન કર્યા, તો ધર્મનાં મીઠાં ફળ તરીકે સારા ભોગસુખ તો મળશે, પણ એમાં આત્માની મહા મોહાંધ, વિષયાંધ, કામાંધ દશા હશે.** તેથી એવી દશા કેવી ? સૂભૂમ બ્રહ્મદત્ત ચક્રવર્તી કે વાસુદેવો જેવી. પરિણામે ઘોર નરકના દુઃખમાં ફસાવનારી, તેમજ અહીં પણ **વિષયભોગની ઈચ્છા અને અનુભવો આત્માને એવા તંગ કરવાના, કે અવસરે ધર્મમાં સ્થિરતા કે જોમ નહિ આવે. ત્યારે લાખ રૂપિયાનો ધર્મ કરીએ, છતાં જો આપણી પાપી વિષયેચ્છા અને**



**વિષયભોગ ઓછા ન થાય, તો આ શાસન પામ્યાની વાસ્તવિક સફલતા કે કમાણી આપણે શું કરી ?**

**તેતલીપુત્રને જાતિસ્મરણ :** મંત્રી ઊંડા ચિંતનમાં ચઢે છે 'હું ક્યાંથી આવ્યો ? ત્યાં મેં શું સાધના કરેલી ?' ઉહાપોહ કરતાં મંત્રીને જાતિસ્મરણ જ્ઞાન થયું. એણે પૂર્વભવ સાક્ષાત્ દેખ્યો. 'અહો ! હું તો પૂર્વભવે મહાવિદેહ ક્ષેત્રમાં પુંડરિકગિણિ નગરીમાં રાજા હતો. ત્યાં ગુરુના ઉપદેશથી મેં રાજકીય ભોગસુખો પણ ત્યજ્યા હતા. આનંદભેર સંસારનો ત્યાગ કરી, કઠોર ચારિત્ર સાધના સ્વીકારી, સાધુ બની ગુરુની નિશ્રામાં જ્ઞાનાચારાદિ પાંચ આચારનું મેં પાલન કરવા માંડ્યું. ઠેઠ ચૌદ પૂર્વો સુધીનો હું જ્ઞાની બન્યો. અંતિમ સમયે મેં એક મહિનાનું અનશન-સંલેખના કરી. સાતમા મહાશુક્ર દેવલોકમાં હું ગયો. ત્યાંથી સ્વર્ગીય જીવન પુરું કરી, અહીં અવતર્યો. **અહો ! સંયમની એ કેવી શાંતિ ! અને ક્યાં આ સંસારવાસીઓની કારમી અશાંતિ ?** શા માટે મારે મરવું જોઈએ ? હું કાંઈ નબળો નથી, સંયમ પાળી શકું એમ છું. આજ સુધી હું મૂર્ખ બન્યો કે મેં મારી સંયમ પાળવાની શક્તિઓ ઢાંકી રાખી, અને પાપ શક્તિઓ પ્રગટ રાખી...,

**તમારી બીન સાવધાનીમાં પાપ શક્તિઓ થાકવાની નથી !** મંત્રી હવે દિવ્યદર્શન કરે છે. પોતાની કઈ શક્તિઓ ગુપ્ત છે, અને કઈ પ્રગટ છે, તેમજ કઈ ગુપ્ત રાખવા જેવી છે અને કઈ પ્રગટ રાખવા જેવી છે ? એનું નિરીક્ષણ કરે છે. અમુક શક્તિઓ પ્રગટ અને અમુક શક્તિઓ ગુપ્ત રાખવાનો વિચાર શા માટે કરવો પડે છે ? પાછું વિચાર કરીને એના માટે ખાસ પુરુષાર્થ કેમ કરવો પડે છે ? કારણ એ છે કે, **જો જીવન એમજ જીવવું હોય તો કોઈ દિ' ઇન્દ્રિયશક્તિઓ વિષયોમાં જવા માટે પાછી હઠવાની કે હારવાની નથી.** ઇન્દ્રિયો તો અંદર જોસથી વિષયોમાં નિસ્સંકોચ ધસવા, પુષ્ટ થવા, અને ઉલ્લસિત બનવા તૈયાર છે. અલબત, રસના જેવી ઇન્દ્રિય જરાક થાકવા રૂપે વિશ્રાન્તિ લે, પણ ત્યારેય એની દલાલી મન બેઠું બેઠું કર્યા કરે છે. ભોગવેલા વિષયની ખૂબ પ્રશંસા કરે છે, એનો આનંદ લે છે, ભાવિ માટે એના મનોરથવાળી યોજના કરે છે. વળી બે-ચાર છ કલાક ગયા, કે તરત પાછી રસના ઇન્દ્રિય સજાગ અને ટટાર બને છે. પૂરજોસથી રસના-ઇન્દ્રિય રસ વિષય તરફ ધસે છે, અને એને સાંગોપાંગ મથી નાખી, એના સ્વાદ સુખને લૂંટે છે. આમ કરવામાં એની શક્તિને પ્રગટ રાખવામાં જરાય આંચકો કે પીછેહઠ અનુભવવાની વાત નથી હોતી. એટલું જ નહિ, મન પણ પોતાની વિચારણા શક્તિ, મનોરથ કરવાની શક્તિ, યોજના શક્તિ, ગુણદોષ પારખ-શક્તિ, વગેરેને વિષયોની પાછળ પ્રગટ રાખેલી છે. પ્રતિકાર શક્તિ પાસે જ છે. રસમાં કદાચ



E:/Divya-Darshan(part-11).pmd/prf.5

કાંઈ અધુરાશ, કંટાળો કે અનિષ્ટ લાગી જાય તો એની તુરંત પૂર્તિ કરવાની કે પ્રતિકાર શોધવાની શક્તિ પણ ત્યાં પ્રગટ. મીઠા રસમાં કંટાળ્યા પછી મોળો રસ પ્રતિકાર તરીકે શોધે છે. આમ આવી તો કઈ યોજનાઓ એ જાણે છે. એને રોજના જીવનમાં અનુભવમાં મૂકે છે. એમ કંઈ શક્તિઓનું વર્કીંગ મન પણ ચાલુ રાખે છે. ઉપરાંતમાં કાયા પણ આ મન અને ઈન્દ્રિયોના સહારામાં પોતાની શક્તિઓ ઉદારતાથી પ્રગટ રાખી ખર્ચે છે. રસઅર્થે નાણાં લાવવા માટે મજુરી કરવાની, શેઠના કે બીજાના અપમાન તિરસ્કાર વેઠવાની, અને તકલીફ સહન કરવાની શક્તિ સારી રીતે પ્રગટ રાખે છે. એમ નાણાં કમાયા પછી રસદાર વસ્તુ બનાવવા માટે હાથપગ હલાવવાની વગેરેની **અનેકાનેક કાય શક્તિઓ** ખર્ચે છે. વળી ત્યાં પૈસા ખરચવાની, સારી રસોઈ કરવા વગેરે અનેક સગવડો સાચવનાર પત્નીનું ચાટુ કરવાની, એવું પાછી એની બીજી સગવડો પોતે સાચવવા પૂરી પાડવાની, દા.ત. એના પુત્રને સાચવવાની શક્તિ ધરાવે છે. આ તો એક રસનેન્દ્રિયની વાત થઈ ! એવી રીતે પાંચ ઈન્દ્રિયો માટે સમજવું. આમ ઈન્દ્રિયો, મન, કાયા, અંગોપાંગ, ધન, સામગ્રી, આબરૂ, લાગવગ વગેરેની અનેકાનેક શક્તિઓ જીવ પ્રગટ કરે છે, અને કરીને પ્રગટ રાખે છે. એમાંથી કદાપિ પાછો હઠતો નથી. એમાં હારતો નથી, નિરાશ-નિરૂત્સાહ થતો નથી. તેમ 'આખો હું હણાઈ કે હાર પામી રહ્યો છું,' એમ કદી માનતો નથી. **અનંતાનંત કાળચક્રોની આવી કાળી રમત જીવની ચાલું છે; તો પછી અહીં પણ એ શક્તિઓ પ્રગટ રાખી સક્રિય કરે જવામાં (૧) મન ક્યાં ના પાડવાનું છે ? કે (૨) ક્યાં થાક લાગવાનો છે ? કે (૩) ક્યાં કંટાળો આવવાનો છે ?** ત્યારે (૪) એમાં આત્માને આબરૂ જતીય ક્યાં લાગે છે ? તો કોઈ વાતનો પરિણામનો ભય પણ ક્યાં છે ? તેમ (૬) તૃપ્તિની તો વાતેય શી ? રસના-ઈન્દ્રિય તો હજુ અલ્પ વિરામ માગે, જો કે તેમાંય મુખમાં મુખવાસ મમરાવાનું ચાલુ; છતાં ચક્ષુને તો કોઈ વિરામ પણ નથી જોઈતો. કલાકોના કલાક નાટક ચેટક કે મનોહર શૃંગારિકરૂપો જોવામાં ચક્ષુ નથી હણાતી, નથી હારતી, કે નથી પાછી હઠતી !!

**સારી ગુપ્ત શક્તિઓને પ્રગટ કરવાનો ભવમાનવનો :** આનો અર્થ શું થાય છે ? માનવ જીવનમાં ઈન્દ્રિયો વગેરેની ભરપૂર શક્તિઓ વિષયની પાછળ, જડ જગતની પાછળ સજાગ, અને કાર્યકર રહે, એ જાણે આત્મા માટે સ્વાભાવિક વસ્તુ બની છે. એમાં કહીએ છીએ કે **જીવન એમજ પસાર થવા દેવું હોય તો આ અવળી શક્તિઓ ખરચવા જાત પર કોઈ બળાત્કાર કરવા જેવું લાગતું જ નથી** તો પછી એનો અર્થ એ થાય કે એ સ્થિતિમાં તો **પૂર્વના ભવોની ભયંકર ભૂલના**



**પરિણામની જેમ આ ભવમાં પણ ભવાંતર માટે ભયંકરતા સરજી અમૂલ્ય માનવભવ ખોઈ નાખવાનો !!** એ ન થવા દેવું હોય તો એ વસ્તુ ઊભી થાય છે કે એવી સ્વાભાવિક ગતિ પર પાકો અંકુશ અને મજબુત ચેક મૂકાઈ જવો જોઈએ. અને સારી શક્તિઓને એક વખત પરાણેય પ્રગટ કરવાનું થવું જોઈએ. એવી શક્તિઓ પૂર જોસથી અમલમાં લાવવાના રસ્તા જીવનમાં ખૂલી જવા જોઈએ. આ માટે મન પર બળાત્કાર પણ કરવો પડે. ચાહીને ઈરાદાપૂર્વક એ શોધવું પડે કે આ જનમની પણ અનાદિની **કીડા કે પશુભવ જેવી રીતરસમો આ ઊંચી શક્તિ, બુદ્ધિ અને સામગ્રી ધરાવતા માનવભવમાં કેવી રીતે પાલટું ? અને માનવતાની વિશેષતા કેવી રીતે સફળ કરું ?** બસ, આ માટે જ દિવ્યદર્શનમાં પહેલા આત્મદર્શનના પાયા તરીકે આ વિચારવું પડે છે, કે મેં કઈ શક્તિઓ પ્રગટ રાખી છે, અને કઈ ગુપ્ત ? એનાં શા ખતરનાક પરિણામ આવ્યાં, અને શા વર્તનમાં અનુભવી રહ્યો છું ? તેમજ મારે હવે મારી તન, મન, ધનની, ઈન્દ્રિયોની બુદ્ધિ અને પુણ્યની કઈ કઈ શક્તિઓ આજ સુધી ગુપ્ત રાખી, અને કઈ પ્રગટ કરવા જેવી છે ?

**માનવભવની ખાણમાંથી શક્તિરત્નો બહાર કાઢી, ચળકાવો :** દુનિયાની જે ખાસ ખાણમાંથી જ હીરા ખોદી બહાર પ્રગટ કરી શકાતા હોય, એ ખાણમાંથી માત્ર માટી કાઢી જવાનો ધંધો, એ કેવો મૂર્ખાઈભર્યો અને દરિદ્રોનો દરિદ્ર રાખનારો બને ? મનને કહો કે અલ્યા, માટી તો બીજી ખાણોમાંથી કાઢી શકાય ! **માનવભવરૂપી ખાણમાંથી અનુપમ આત્મવૈભવ, આત્મતેજ અને આત્માનંદ વધારનારી શક્તિઓને પ્રગટ કરી શકાય એમ છે.** એ પ્રગટ રાખી કરીને ઉચ્ચતા મેળવી શકાય છે. તો એ શક્તિઓને કેમ હું પ્રગટ ન કરું ? એની આડે આવતી વિરોધી જડશક્તિઓને કેમ નિષ્ક્રિય ન કરી દઉં. ?

**તેતલીપુત્રને જાતિસ્મરણે દીક્ષા-કેવળજ્ઞાન :** મંત્રી તેતલીપુત્રને હવે એ રત્નસમી પોતાની ઉચ્ચ શક્તિઓનું ભાન થયું. એ વિચારે છે કે ''અહો ! ક્યાં પૂર્વ ભવના રાજવીપણામાં મારી ચારિત્ર લેવાની શક્તિને તથા ચારિત્રમાં ચૌદ પૂર્વોના અભ્યાસ કરવાની શક્તિને પ્રગટ કરવાનું, અને ક્યાં આત્મામાં એક માત્ર મંત્રીગિરિમાં સંસારની શક્તિઓને પ્રગટ રાખવાનું ? બસ, બસ, હજી હું એ જ પુરુષાર્થી વીર આત્મા છું. જાગ્યા ત્યારથી સવાર. હવે હું હમણાં જ મારી અપૂર્વ તારક શક્તિઓ પ્રગટ કરીશ અને મહાન સાધનામાં લીન બનીશ.' આવો નિર્ધાર કરી મંત્રીએ ત્યાંને ત્યાં ચારિત્ર અંગીકાર કર્યું, પૂર્વના ભણેલા ચૌદ પૂર્વો યાદ આવી ગયા. એ શ્રુતસાગરના તત્ત્વજ્ઞાન ઉપર મહાત્મા તેતલીપુત્ર પૃથક્ત્વ વિતર્ક સવિચાર અને એકત્વવિતર્ક અવિચાર નામના શુક્લ ધ્યાનના બે પાયા પર આરૂઢ થયા, ક્ષપકશ્રેણી

માંડી, એના અપૂર્વ બળથી એ ધ્યાનના દાવાનળમાં જ્ઞાનાવરણ, દર્શનાવરણ, મોહનીય અને અંતરાય એ ચારેય ઘનઘાતી કર્મોના વનને બાળીને સાફ કરી નાખ્યું; અને ત્યાંને ત્યાં કેવળજ્ઞાન પામ્યા. **આત્મા સજાગ અને સભાન થયા પછી આંતર પુરુષાર્થ જગાવવા ધારે તો કોણ રોકી શકે એમ છે ?** તેમ, વિકાસની પરાકાષ્ઠા પામવામાં શું બાકી રહે ? કેવળજ્ઞાનના પ્રભાવે સ્વર્ગમાંથી દેવો આવ્યા. સુવર્ણ કમળના સિંહાસન પર વીતરાગ સર્વજ્ઞ બનેલા શ્રી તેતલીપુત્ર મહર્ષિને બિરાજમાન કર્યા. રાજા અને નગરવાસીઓ તો આ ચમત્કારથી ભારે દિગ્મૂઢ થઈ ત્યાં આવ્યા વંદન કરી કેવળજ્ઞાનીની દેશના સાંભળી. રાજાએ હકીકત પૂછી. ત્યાં કેવળજ્ઞાનીએ જ્ઞાનથી પોતાનો પૂર્વભવથી આજ સુધીનો અધિકાર કહ્યો. તે સાંભળી કેટલાય શ્રાવકપણાના બારવ્રત, અને કેટલાય સમ્યક્ત્વ લેનારા બન્યા. પૃથ્વી ઉપર વિચરી ભવ્ય જીવોને અનંત ઉપકાર કરી, અઘાતી કર્મ ખપાવી મહાત્મા તેતલીપુત્ર કેવળજ્ઞાની પરમ પદ મોક્ષને પામ્યા. તમે પણ આ અધિકાર સાંભળી ધર્મ માર્ગે પ્રબળ પુરુષાર્થી બનો એ શુભેચ્છા.

(**દિવ્યદર્શનનો** પ્રથમ ભાગ આત્મદર્શન, એના છ વિભાગનો અધિકાર પૂરો થાય છે. હવે બીજો વિભાગ **પરમાત્મદર્શન,** અને ત્રીજો વિભાગ **વસ્તુ સ્વરૂપદર્શન**. એ બેનો અધિકાર અવસરે).





# ગણધરવાદ

(૫૬)

## ગણધરવાદ-૧

### પ્રભુશ્રી મહાવીરદેવે આત્મા, કર્મ, પરલોક વગેરે અગીયાર પ્રશ્નો અંગેની બતાવેલ સચોટ યુક્તિઓ.

**વીરની વીરતા :** પરમાત્મા શ્રી મહાવીર દેવ આજન્મ મહાવિરાગી છતાં, અને એજ ભવમાં મોક્ષ પામવાનું નક્કી જાણવા છતાં, ઘરવાસ છોડી અનગાર બન્યા, ચારિત્ર લઈ અપ્રમત્ત મુનિ બન્યા. કેમ ? ચારિત્ર એજ જીવનનું કર્તવ્ય છે. એથી જ મોક્ષ છે. ચારિત્ર લેતાં જ એમને ચોથું મનપર્યાય જ્ઞાન ઉત્પન્ન થયું. દરેક તીર્થંકર દેવ માટે આ નિયમ, કે ગર્ભમાંથી ત્રણ જ્ઞાન હોય, અને દીક્ષા લેતી વખતે ચોથું જ્ઞાન ઉત્પન્ન થઈ જ જાય. દીક્ષા લીધા પછી પ્રભુ શ્રી મહાવીરદેવે સાડા બાર વર્ષ ઘોર તપસ્યાઓ અને લગભગ સદા કાયોત્સર્ગ આદર્યા. એમાં દેવતાઈ તથા મનુષ્યના ભયંકર ઉપસર્ગ અને ઘોર પરિસહ સહન કર્યા. સાડા બાર વર્ષમાં નિદ્રાનો કાળ કેટલો ? એક મુહૂર્ત માત્ર અહો ! કેવી જાગૃતિ ! કેવી લગની ! કવિ કહે છે,

**''સાડા બાર વરસ જિન ઉત્તમ વીરજી ભૂમિ ન ઠાયા હો;**
**ઘોર તપે કેવળ લહ્યા તેહના, પદ્મવિજય નમે પાયા.''** (નવપદજી પૂજા) નિરાલંબ, આશ્રયરહિત, નિર્મળ, નિર્લેપ, ગુપ્તેન્દ્રિય, રાગદ્વેષ વિનાના, નિર્મમ, અપ્રમત ઈત્યાદિ વિશુદ્ધ આત્મસ્વરૂપ ધરનારા પ્રભુ ઋજુવાલુકા નદીના તીરે કેવળજ્ઞાન પામ્યા. લોકાલોકના જ્ઞાતા બન્યા.

**કેવળજ્ઞાનમાં શું ? :** હવે તો સર્વજ્ઞ બનેલા પ્રભુ સમસ્ત જીવો અને તમામ પુદ્ગલોના અનંતાનંત કાળના પર્યાય (અવસ્થાઓ) આંખ સામે હાથમાં રહેલા આમળાની જેમ સ્પષ્ટ જુએ જાણે છે. સિદ્ધ અવસ્થામાં અનંત જીવો છે, એનાથી અનંત ગુણ જીવો એકેક નિગોદમાં-



E:/Divya-Darshan(part-11).pmd/prf.5

સાધારણ વનસ્પતિકાયના શરીરમાં છે. એ પ્રત્યેક જીવના અસંખ્ય આત્મપ્રદેશ પર અનંતા કર્મસ્કંધો છે. એ પ્રત્યેક સ્કંધમાં અનંત અણુ છે. એ દરેક અણુના અનંત ભાવ છે. સર્વજ્ઞ શ્રી મહાવીર પ્રભુ આ બધું પ્રત્યક્ષ જુએ જાણે છે. આવા **સૂક્ષ્મ** કર્મના વિલક્ષણ સ્વરૂપ અને શુદ્ધ **અરુપી** આત્માનું સ્વરૂપ, તથા સૂક્ષ્મકર્મથી આવૃત અરૂપી જીવનું વિચિત્ર મલિન સ્વરૂપ જેવું કેવળજ્ઞાનીએ દીઠું તેવું જેના ચિત્તમાં વસી જાય, તે ખરેખર ! આ કેવળજ્ઞાની જિનેન્દ્રદેવની આજ્ઞા-સેવામાં સાચો રસિયો બની જાય. કવિ ઠીક જ કહે છે.

**"કેવલનિરખિત સૂક્ષ્મ અરૂપી, તે જેહને ચિત્ત વસીયોરે,**
**જિન ઉત્તમ પદપદ્મની સેવા, કરવામાં ઘણું રસીયો રે..."**

**સમવસરણ :** ઋજુવાલુકાતીરે ક્ષણવાર દેશના આપી પણ નિષ્ફળ ગઈ, આ અવસર્પિણીના ભાવ તો જુઓ. અનંત કાળે માંડ બને એવા દશ આશ્ચર્ય અહીં ! શ્રી તીર્થંકર દેવ જેમની વાણીમાં પાંત્રીસ અતિશય, જેમના ખુદના ચોત્રીસ અતિશય, દિવ્ય સમવસરણની રચના, એક બાજુ જ્યાં દેવ દેવેન્દ્રોની હાજરી અને બીજી બાજુ સિંહ-મૃગ, વાઘ-બકરી, સાપ-મોર, જેવા તિર્યંચ પ્રાણીઓની સાથે હાજરી, આટલું છતાં દેશના નિષ્ફળ ! કાળની આ ભારી વિષમતા સૂચવે છે, એ આપણને આરાધના માટે વધુ સાવધાન કરે છે. એ કહે છે, કે 'જાગો, જાગો, તમારી કલ્પનામાં નહિ હોય તેવી અનિષ્ટ વાતો આ કાળ બતાવશે. તે વખતે તમે પાપની અટવીમાં ખોવાઈ ન જાઓ એ પહેલાં સાવધાની કરી તરણતારણ શ્રી જિનેશ્વરદેવની આણાને જીવનમાં ઓતપ્રોત કરી લ્યો.'

પ્રભુ ત્યાંથી તુર્ત અપાપાનગરીમાં મહસેન વનમાં પધાર્યા. દેવોએ રજત-સુવર્ણ-રત્નના ત્રણ ગઢવાળું સમવસરણ રચ્યું. દેવો માનવો તિર્યંચો આવ્યા. ઈન્દ્ર પ્રભુને દેશના આપવા વિનવે છે,

**"સુરપતિ આયા વંદનકાજ, ભગતે ભરાણા રે હો;**
**કરે જિનપૂજના રે જિનજી તું ભવજલતાર, પ્રભુજી તું પાર ઉતાર,**

સરસ સુધાશી રે હો, દેઈ અમ દેશના રે..." કલ્પી લ્યો આ દૃશ્ય. ભાવથી કલ્પી આપણે જાણે એ સ્થળે પહોંચી ગયા છીએ, અને એ દૃશ્ય, એ દેવાધિદેવ, અને એ દેશના જોઈ સાંભળી આનંદ, અનુમોદનના મહા સરોવરમાં ઝીલી રહ્યા છીએ. આ ભાવ હૃદયમાં રમે તો ? સાક્ષાત્ જેવો લાભ થાય. અપૂર્વ કર્મનિર્જરા અને આત્મ વિશુદ્ધિ !

**અગીયાર બ્રાહ્મણો-ભાવી ગણધર :** આ અપાપામાં સોમિલ નામે એક ધનાઢ્ય બ્રાહ્મણ યજ્ઞ કરાવતો હતો. એમાં એણે વેદ શાસ્ત્રના પંડિત, ચૌદ વિદ્યાના નિષ્ણાત એવા મુખ્ય અગીયાર બ્રાહ્મણોને નોતર્યા હતા, એ દરેકની સાથે સેંકડો વિદ્યાર્થીઓનો



પરિવાર હતો. અગીયારમાંના દરેક પોતાને સર્વજ્ઞ માનતા હતા. પણ ખૂબી એ હતી કે દરેકને વેદમાંના વિરુદ્ધ જણાતા વચનોથી ભિન્ન ભિન્ન તત્ત્વો પર સંદેહ હતો. છતાં જાતને સર્વજ્ઞ માનવાની બેહુદી વાત શાના ઉપર ! ભારે પરિશ્રમથી વિદ્યા મેળવવાનું કરેલું, અનેક શાસ્ત્રાર્થોમાં જિત મેળવેલી. એથી અતિ આત્મવિશ્વાસ હતો, અને સર્વજ્ઞ શબ્દનો ઝીણો વ્યુત્પત્તિ-અર્થ એમને ખ્યાલમાં ન હો તો અગર અને મોટો મોટો અર્થ કહેતા.

**અગીયાર સંદેહ :** અગીયાર બ્રાહ્મણોમાં પહેલા ઈન્દ્રભૂતિ ગૌતમને **જીવનો** સંદેહ હતો. 'જગતમાં સનાતન આત્મા જેવી વસ્તુ હશે કે કેમ ? એવી શંકા એમના મનમાં હતી. બીજા બ્રાહ્મણ પંડિત અગ્નિભૂતિ ગૌતમને **કર્મનો** સંદેહ હતો. અર્થાત્ જીવનું કર્યું થાય કે કર્મનું ? કર્મસત્તા જેવું કાંઈ હશે કે કેમ ?' એ શંકા હતી. ત્રીજા **વાયુભૂતિ** ગૌતમને 'આ દેહ તેજ જીવ, કે દેહથી જુદો જીવ ?' એવી **તજ્જીવ તત્ શરીરની** શંકા હતી. આ ત્રણે બ્રાહ્મણો ભાઈઓ હતા અને દરેકની સાથે ૫૦૦-૫૦૦ વિદ્યાર્થીઓ પરિવારમાં હતા.

ચોથા **વ્યક્ત** પંડિતને **પાંચ ભૂતનો** સંદેહ હતો. અર્થાત્ 'પૃથ્વી પાણી વગેરે પાંચ ભૂત જે જગતમાં જણાય છે, તે સાચા હશે કે સ્વપ્નવત્ ?' એવી શંકા હતી. પાંચમા **સુધર્મા** વિદ્વાનને **'જીવ અહિ જેવો હોય તેવો જ બીજે ભવ** થાય કે જુદો બને ?' એવો સંદેહ હતો. આ બંને પાસેય ૫૦૦-૫૦૦ વિદ્યાર્થી હતા. છટ્ઠા **મંડિત** બ્રાહ્મણને **બંધ** વિષે શંકા હતી. અર્થાત્ એમને એમ હતું કે 'જીવ સદા શુદ્ધ-બુદ્ધ-મુક્ત રહે છે, કે એના પર કોઈ બંધન લાગે છે ? અને પછી ઉપાયથી મુક્ત થાય છે ? સાતમા **મૌર્ય** પુત્રને **દેવનો** સંશય હતો. 'સ્વર્ગ જેવી કોઈ વસ્તુ હશે કે કેમ ?' એમ એમને થયા કરતું. આ બંને બ્રાહ્મણ પાસે ૩૫૦-૩૫૦ વિદ્યાર્થી ભણતા.

આઠમા **અકંપિતને નારકી** વિશે શંકા હતી. નવમા **અચલભ્રાતાને પુણ્ય** વિશે શંકા હતી. 'પુણ્ય એવી કોઈ સ્વતંત્ર વસ્તુ હશે, કે પાપના ક્ષયને જ પુણ્ય કહેવાતું હશે ?' એ શંકા હતી. દશમા **મેતાર્યને પરલોક** વિશે શંકા હતી. અને અગીયારમાં **પ્રભાસ** નામના વિદ્વાનને મોક્ષ વિશે શંકા હતી. 'મોક્ષ જેવી કોઈ ચોક્કસ સ્થિતિ હશે ? અનંત શાશ્વતું આત્મ સુખ હશે ? કે સંસાર પુરો થયેથી જીવ તદ્દન નાશ પામી જતો હશે' વગેરે શંકા હતી. આ દરેક પાસે ૩૦૦-૩૦૦ વિદ્યાર્થી ભણતા હતા.

આ મુખ્ય અગીયાર બ્રાહ્મણ અને એમના ૪૪૦૦ વિદ્યાર્થીઓ યજ્ઞ સમારંભમાં ભાગ લઈ રહ્યા હતા. ત્યાં લોકના ગમના-ગમન અને વાતચીતોથી જાણ્યું કે કોઈ સર્વજ્ઞ આવ્યા છે.



E:/Divya-Darshan(part-11).pmd/prf.5

## (૫૭) ગણધરવાદ-૨

**ઈન્દ્રભૂતિનું અભિમાન :** બીજી બાજુ આકાશમાંથી દેવોને નીચે ઉતરતા જુએ છે. બ્રાહ્મણો ખુશી ખુશી થઈ ગાજી ઉઠે છે, 'અહો ! જુઓ આપણા યજ્ઞનો કેવો અદ્ભૂત મહિમા કે દેવો પણ ખેંચાઈ આવે છે !' પણ જ્યારે એ દેવો યજ્ઞ મંડપ છોડી આગળ ચાલી ગયા ત્યારે, નિરાશ થયેલા ઈન્દ્રભૂતિ ગૌતમ વિચારે છે કે 'અહો ! આ અજ્ઞાની દેવો ક્યાં ભ્રમણામાં પડી ગયા ! મહાન ગંગા તીર્થના પાણી મૂકી કાગડાની જેમ ખાબોચીયાના પાણીમાં ક્યાં લીન થઈ ગયા ! હું સર્વજ્ઞ છતાં બીજા સર્વજ્ઞ પાસે જઈ રહ્યા છે ! એ કોણ વળી નવો સર્વજ્ઞ પાક્યો છે ?' ખૂબી તો જુઓ, કે **'કયો સર્વજ્ઞ** પાક્યો છે,' **એટલીય જેને ખબર નથી. એ ગૌતમ પોતાને સર્વજ્ઞ માને છે ! વળી સારી પણ ચીજ પોતાને લાભમાં ન ઉતરી માટે એને નિંદવા તૈયાર થાય છે ! ઈર્ષ્યા કેવી ભયંકર વસ્તુ છે !** ઇન્દ્રભૂતિ વિચારે છે અહો ! ધૂતારાથી મૂર્ખાઓ તો ઠગાય, પણ આતો દેવો કે જે વિબુધ કહેવાય એય ઠગાયા ! આ કેવો જબરો ધૂતારો ! પણ ના, આ તો જેવો એ સર્વજ્ઞ, તેવા એ દેવતાઓ હશે ? તો ભલે સરખે સરખાનો એ સંયોગ મળે...' એમ કહીને મન વાળવા જાય છે, પરંતુ નવા સર્વજ્ઞને વિસરી શકતા નથી. પોતાના સિવાય બીજો કોઈ સર્વજ્ઞ કહેવાય એ ખમાતું નથી. હૃદયસ્થ વિદ્યાનો એ યુગ હતો એવા પરિશ્રમથી એવી એવી વિદ્યાઓ એમણે મેળવી હતી કે ભલભલા વિદ્વાનોને એમણે મ્હાત કરેલા હતા. આટલું છતાં મિથ્યાત્વની વિટંબણા એવી છે કે એ ધુંઆપુંઆ થઈ ચિંતવી રહ્યા છે. 'જગતમાં સૂર્ય એકજ હોય, મ્યાનમાં તલવાર એક જ રહે, ગુફામાં સિંહ એક જ રહે; એ જ રીતે જગતમાં સર્વજ્ઞ એક જ હોય, બીજા સર્વજ્ઞને હું ચલાવી લેનાર નથી.' વાહ અમર્ષ ! વાહ, અસહિષ્ણુતા ! એમ નથી થતું કે ભલે ત્યારે એ જ સર્વજ્ઞ રહે, હું નહિ. તેમજ પોતાની જ પાસે બીજા દશ બ્રાહ્મણો પોતપોતાને સર્વજ્ઞ માને છે એનુંય કાંઈ નહિ ! કેમ વારૂ એમ ? એ દશેય ઈન્દ્રભૂતિને વડિલ માનતા હતા, પૂજ્ય ગણતા હતા એમને આગળ કરીને ચાલતા હતા. ત્યારે માણસને શું માન જ જોઈએ છે ને ? માન-સન્માનને પરવશ બન્યા પછી, માન ન મળે ત્યાં સામામાં અનંત ગુણ હોય તો ય આનંદ નહિ, મિત્રાચારી નહિ, પણ ઈર્ષ્યા અને દ્વેષ !!!

**લોકની પ્રભુ પ્રશંસાઃ ઈન્દ્રભૂતિની વાદની તૈયારી :** કોઈક લોકો સર્વજ્ઞ શ્રી મહાવીરદેવને નમી વંદીને પાછા ફરે છે, ત્યાં મશ્કરીરૂપે ઈન્દ્રભૂતિ એમને પૂછે છે,



'કેમ જોઇ આવ્યા એ સર્વજ્ઞને ? કેવોક છે એ ? પણ અહિ તો અતિશય સુંદર અનુત્તરવાસી દેવો કરતાંય પ્રભુનું અનંતાનંતગણુંરૂપ, દેવદુંદુભિ-દિવ્યધ્વનિ-પુષ્પવૃષ્ટિ-છત્ર ભામંડળ વગેરે આઠ પ્રાતિહાર્ય વાણીના પાંત્રીસ ગુણ, એ બધી ભવ્ય શોભા જોઈ આવ્યા છે. એટલે હૃદયમાં એ પ્રત્યેની મુગ્ધતા, આકર્ષણ અને પ્રમોદ અપરંપાર છે, પછી ઉત્તરમાં શી કમીના હોય ? લોકો કહે છે કે 'જો ત્રણે લોક એ સર્વજ્ઞ પ્રભુના ગુણ ગણવા બેસી જાય, પરાર્દ્ધ ઉપર ગણિત ચાલ્યું જાય, અને આયુષ્યની સમાપ્તિજ ન હોય, તોજ પ્રભુના સમસ્ત ગુણો ગણી શકાય ! ઈન્દ્રભૂતિથી આ ક્યાં સાંભળ્યું જાય ? ચમકીને કહે છે. 'વાહ ! આ તો લોકોને પણ આણે ઠગ્યા લાગે છે ! ત્યારે હવે મારાથી એક ક્ષણવાર નહિ થોભાય ! હમણાંજ જાઉં અને એને વાદમાં જીતી એનો મદ અને ઠગાઈ બધું ભૂલાવી દઉં ! જે વાયુએ મોટા હાથીઓને ઉછાળી દીધા, એને એક રૂનું પુમડું ઉછાળવું એમાં શી મોટી વાત ? બાકી કોણ જાણે સઘળા તલ પીલતાં આ એકાદો તલ ક્યાંથી રહી ગયો ! વાદીઓને જીતીને મેં વાદીઓનો દુકાળ કરી દીધો, ત્યાં વળી આ વાદી ક્યાંક ગામડામાં ભરાઈ રહ્યો હશે ! ગમે તે હો, મારે જવું પડશે.' એમ વિચારી જવાની તૈયારી કરે છે ત્યાં નાનાભાઈ અગ્નિભૂતિ કહે છે 'ભાઈ ! આજ તમારે જવાનું શું કામ ? એક કમળને ઉખેડવા માટે શું ઐરાવત હાથીની જરૂર પડતી હશે ? તમે બેસો, હું જઈને જીતી આવું છું.' ઈન્દ્રભૂતિ કહે 'અરે તું તો શું પણ **આ મારો એક વિદ્યાર્થી પણ એને જીતી શકે એમ છે. પરંતુ આ તો મારાથી બીજા સર્વજ્ઞનું નામ નથી સહન થતું. તેથી મારાથી રહેવાતું નથી, માટે હું જાઉં છું.'** એને જીત્યા વિના હવે રહેવાય નહિ. સતી સો વરસ શીલ પાળે, પણ એક વખતેય જો શીલ ભાંગે તો તે સતી નહિ. એમ મારે આ એકાદ વાદીઓ જીત્યા વિનાનો રહી જાય, તો મારી આબરૂ જાય !' અહીં એ જોવા જેવું છે કે (૧) ઈન્દ્રભૂતિએ વિદ્યાર્થીઓય કેવા તૈયાર કર્યા હશે ! (૨) અગ્નિભૂતિનો વિનય કેવો ! (૩) લોકમાન્ય અને દેવપૂજ્ય એવા સર્વજ્ઞથીય ગભરાયા વિના સામે જઈને શાસ્ત્રાર્થ કરવાની હિંમત કેવી ! (૪) સ્વવિદ્યાભ્યાસ પર શ્રદ્ધા કેવી !

ઈન્દ્રભૂતિ થયા તૈયાર. બાર તો તિલક કર્યા, સુંદર પિતાંબર, ઉપર સોનાની જનોઈ પહેરી; પાછળ પાંચસો વિદ્યાર્થી. કોઈના હાથમાં કમંડલ, કોઈના હાથમાં દુર્વાઘાસ, કોઈના હાથમાં પુસ્તક. પરિવાર સાથે ચાલી રહ્યા છે. મનમાં ગડમથલ તો એજ છે. 'મેં કઈ વિદ્યા મેળવવી બાકી રાખી છે ? વ્યાકરણ, સાહિત્ય, ન્યાય, વેદ, જ્યોતિષ-બધે મેં પર્યાપ્ત પરિશ્રમ કીધો છે. અને વાદીઓ બિચારા લાટ દેશના ક્યાંય નાઠા, દ્રાવિડના વ્રીડા (લાજ) પામી ગયા, તિલંગના તો શ્યામ પડી



E:/Divya-Darshan(part-11).pmd/prf.5

ગયા, ગુર્જર દેશના જર્જરિત થઈ ગયા...!' આ શું છે ? પોતાની સ્થિતિનું આલોચન, અને કોઈ એવી પૂર્વ ભૂમિકા કે આટલું છતાં જો સામા સર્વજ્ઞ પાસેથી અવનવું મળે તો ત્યાં ઝૂકી પડવાનું. વિચારમાં વાટ પૂરી થઈ ગઈ, ને એકદમ પ્રભુના દિવ્ય સમવસરણ સામે આવી ઊભા.

**પ્રભુને જોતાં ઈન્દ્રભૂતિ ચોંકે છે ! :** ઊંચે જુએ છે તો શું દેખાય છે ? અનુપમ, અદ્વિતિય, અવર્ણનીય કલ્પનાતીત સૌન્દર્યશાલી રૂપને ધરનારા, ઈન્દ્રોથી ચામરે વીંજાતા, દેવાંગનાઓથી એકીટસે નીરખાતા ત્રિભુવનગુરુ ચરમ તીર્થપતિ શ્રી મહાવીર પરમાત્મા ! ઈન્દ્રભૂતિ વિચારમાં પડે છે કે 'આ કોણ હશે ?' ઓળખવા પ્રયત્ન કરે છે, 'શું આ વિષ્ણુ છે ? ના, વિષ્ણુ તો શ્યામ, અને આ તો સુવર્ણ વર્ણની કાયાવાળા છે. ત્યારે **બ્રહ્મા** હશે ? બ્રહ્મા તો વૃદ્ધ રહ્યા, અને આતો યુવાન લાગે છે. તો આમને **શંકર** કહું ? શંકર તો શરીરે રાખોડી ચોળેલા અને હાથમાં ગળામાં સર્પવાળા; જ્યારે આમને એમાંનું કાંઈ નથી તો આ શું મેરું હશે ? ના મેરૂ તો કઠીન છે, અને આમને તો સુકુમાળ કાયા માખણના પિંડા જેવી મુલાયમ છે. ત્યારે આ **સૂર્ય** પણ ન હોય, કેમકે સૂર્ય તો જોનારને પ્રખર તાપથી તપાવનારો; અને આમને તો જેમ જેમ જોઈએ છીએ તેમ તેમ વધુ ઠંડક આપનારા છે. બસ, ત્યારે આ **ચંદ્ર** હશે, ચંદ્રનું તેજ સૌમ્યકાંતિ વાળું હોય છે. પણ ના, ચંદ્ર તો કલંકી છે, જ્યારે આમનામાં એક પણ દૂષણ નથી દેખાતું, ત્યારે આ કોણ હશે ? ઈન્દ્રભૂતિ એમને ઓળખવા મથે છે. એ માટે પોતે ભણેલા દર્શન શાસ્ત્રોને મનમાં ઉથલાવે છે. એમાંથી તુરત શોધી કાઢ્યું 'હા, આ તો જૈનોએ માનેલા સર્વ દોષથી રહિત અનંત ગુણ-સંપન્ન ચોવીસમાં **તીર્થંકર** હોવા જોઈએ.' ક્યાંથી શોધ્યું ? જૈન દર્શનનો અભ્યાસ કર્યો હશે એમાંથી. શોધી તો કાઢ્યું, પણ હવે ગભરાયા. અરે ! આમની સામે મારે વાદ માંડવાનો છે ?'

**મિથ્યાત્વની સુલભતા :** જિનને ઓળખ્યા તો ખરા, પણ પ્રમાણભૂત માનવાને હજી વાર છે. કોના વિલંબે ? મિથ્યાત્વ ટળવાના વિલંબે. **પુણ્યથી જિનેશ્વર દેવ સાક્ષાત્ મળે, પણ મતિ 'સુ' ન બને ત્યાં સુધી શું થાય ?** પૂર્વ ભવની કોઈક ભૂલે મિથ્યાત્વ મોહનીય કર્મ બાંધી દીધું, તો એના વિપાક વખતે દશા કઈ ? અને મિથ્યાત્વ બાંધવા માટે ક્યાં આઘે જવું પડે છે ? દેશ-કાળના નામે, વિજ્ઞાનના વિકાસયુગના નામે, શ્રી સર્વજ્ઞ ભગવાનના વચન પર શંકા અને અંધશ્રદ્ધા કરો કે તરત મિથ્યાત્વ આવી આત્માને વળગે ! મિથ્યાત્વમતની દેખીતી સુશોભીત વસ્તુથી સ્વમતની નિંદા કરો કે બક્ષીસ મળે મિથ્યાત્વની ! શ્રી સંઘનો, સાધુનો, સાધર્મિનો વિનાશ કરો કે કોઈને ધર્મ, તપ, કે વૈરાગ્યના રંગમાંથી પતિત કરો, કે લાગ્યું



મિથ્યાત્વ ! ઈન્દ્રભૂતિજી હજી મિથ્યાત્વથી પકડાયેલા હોવાથી અનંતગુણી પરમાત્મા સામે રક્ષણ માંગે છે શિવનું !! મનમાં ગભરાય છે, પસ્તાય છે, 'અરે ! હું અહીં ક્યાં આવી ચઢ્યો ? રત્નજડિત સુવર્ણના સિંહાસન ઉપર બિરાજમાન આ સર્વજ્ઞ ! કોટી દેવોથી સેવાતા આ જિન ! અને આમની સામે હું વાદી તરીકે આવ્યો ? આ એક વાદી ન જીતાયો હોત તો શું બગડી જવાનું હતું ? આ તો હું મૂર્ખ એક ખીલી ખાતર મારા ચોમેર વ્યાપી કીર્તિરૂપી પ્રાસાદને તોડવા તૈયાર થયો !' વિચારો ઈન્દ્રભૂતિને અભિમાન છતાં સામાની શક્તિ-યોગ્યતાનું કેવું બરાબર ભાન છે. એ જ કહે છે કે 'આ તો સકલ દોષોથી રહિત એવા અંતિમ તીર્થંકર.'

**દષ્ટિભેદ :** કહેતાં તો આપણે કહી નાંખીએ કે ઈન્દ્રભૂતિ અભિમાનમાં રમતા હતા, મલ્લિનાથના જીવે પૂર્વભવે માયા કરી' વગેરે, પરંતુ એમનામાં બીજી કેવી મહાન વિશેષતાઓ હતી, તે ક્યાં જોવી છે ? મલ્લિનાથનાં જીવે તીર્થંકર નામકર્મ ઉપાર્જાવે એવી અદ્ભુત તપની સાધના કરી હતી, શ્રી અરિહંત પરમાત્મા અને એમના શાસન પ્રત્યે અનેરું વાત્સલ્ય-બહુમાન ધર્યા હતા. સાથેના એમના છ મિત્ર સાધુઓએ તો માયા નહોતી કરીને ? અને એમ તો એ ચારિત્રી અને તપસ્વી તો હતાજ ને ? છતાં એમણે તીર્થંકરપણું તો ન ઉપાર્જ્યું પરંતુ ઊલટ છેલ્લા ભવમાંય શ્રી મલ્લિનાથ પ્રભુ તીર્થંકર થયા, જગતપ્રતિબોધક થયા, એ શાથી ? એવું જ અહીં શ્રી ઈન્દ્રભૂતિજીમાં કેવી કેવી મહાન યોગ્યતાઓ છે ? પૂર્વે પણ ગણધર પદવીને યોગ્ય કેવી ઉત્તમ આરાધના કરી હશે ? એ વિચારો. મનમાં ચિંતવે છે કે, 'અહો ! ઈશ્વરના અવતાર તુલ્ય આપને જિતવાની ઈચ્છા કરવાની કેવી મૂર્ખાઈ મેં આદરી ? હજી જિન શાસન પામ્યા નથી, જૈન તત્ત્વો યથાસ્થિત મેળવ્યા નથી, જૈન ધર્મ પર શ્રદ્ધાવાળા બન્યા નથી, છતાં વસ્તુસ્થિતિને સમજી પોતાની મૂર્ખાઈનું આત્મનિરક્ષણ કરે છે, એ હૃદય કેવું ? વિચારે છે કે શું થાય ? ક્યાં જાઉં ? શિવ મારી કીર્તિનું રક્ષણ કરો !' આ મિથ્યાત્વનો પ્રભાવ. સામે જગદ્ગુરુ ઈશાવતાર છે, એમ સમજ્યાં છતાં રક્ષણ શિવ પાસે યાચે છે ? વળી પાછા શેખચલ્લીના તરંગમાં ચઢે છે. કહેવત છે ને 'હિંમતે મર્દા તો મદદે...' એટલે વિચારે છે કે 'મારા બધા શાસ્ત્રજ્ઞાનથી જો આ એકને હું જીતી લઉં તો તો મારી કીર્તિ ત્રણ લોકમાં પ્રસરી જાય, આહા ! પછી મારું મહત્ત્વ, મારું સ્થાન... કેવું ? વર્ણનાતીત ! આ કેવો તરંગ છે ?

**ગુરુની જિતમાં આપણી હાર ! :** વાત સાચી છે, પ્રભુના હાથે મોહ અને અજ્ઞાન પર એવી જબરજસ્ત જિત મેળવવાના છે કે ત્રણે લોકમાં યશસ્વી થવાના છે. પણ તે બધુ એકવાર તો પ્રભુના હાથે હારીને. કહો, **ગુરુથી આપણે હારીએ**

**એમાં આપણી જિત ? કે ગુરુને જીતીએ એમાં જિત ?** પ્રભુ પાસે આવવા છતાં, પ્રભુનું સાંભળી લેવા છતાં જો એમણે મનમાં માન્યું હોત કે 'હું કાંઈ હાર્યો નથી. આ તો એમના કિલ્લામાં એમના સર્કલ (પરિવાર) વચ્ચે એમણે દમામ બતાવ્યો, તેથી શું ?' આમ લોચા વાળ્યા હોત તો મોહપર સાચી જિત ન થાત. માટે જ આ કળિકાળમાં તો ખાસ કરીને **ગુરુઓની સામે આપણી ઉપરવટ દેખાડવાનું છોડી, આપણે દોષ કબુલી લેવામાં અને દોષ ન હોય તોય 'ક્ષમા કરો પ્રભુ ! ભૂલ્યો હું' એમ નમ્ર બની જવામાં આ મહા કિંમતી માનવજીવન જીતી જવાનું થશે !**

ઈન્દ્રભૂતિ હમણાં તો પ્રભુને જીતી લેવાના કોડમાં રમે છે. થોડીવાર પછી પ્રભુને ચરણે જે સમર્પિત થનાર છે, શાસનના અગ્રગણ્ય થનાર છે, ભવસાગરને પાર ઉતારી મોક્ષપુરીમાં શાશ્વતું અવસ્થાન કરનાર છે, અનેકને મોક્ષપદ પમાડનારા બનવાના છે, એ અત્યારે તો જિનની સાચી ઓળખના અભાવે બાલિશ તરંગમાં આનંદથી પુલકિત બને છે ! એટલામાં સર્વજ્ઞ શ્રી વર્ધમાનસ્વામી સાગરગંભીર અને અમૃતમીઠી વાણીથી કહે છે, હે ઈન્દ્રભૂતિ ગૌતમ ! સુખપૂર્વક તમે આવ્યા ?' પ્રભુ અનંતજ્ઞાની એટલે જાણે જ છે કે આટલા વચનરૂપી પહેલું દવાનું પડીકું ઈન્દ્રભૂતિના આત્મામાં શી અસર કરશે, અને એના પર બીજું પડીકું કેવું જોઈશે. ઈન્દ્રભૂતિ વિચારે છે કે 'ઓહો ! મારું નામ પણ આ જાણે છે ? જાણે જ, ત્રણ જગતમાં આ બાલગોપાળ વિખ્યાત એવું મારું નામ કોણ નથી જાણતું ? મારું નામ કહે એમાં કાંઈ નવાઈ નથી, મારા હૃદયના સંદેહને કહી દે તો એમને સાચા સર્વજ્ઞ જાણું !'

કહો, સર્વજ્ઞતાની કેવી પરીક્ષા ? બસ, સર્વજ્ઞતા આટલામાં જ સમાપ્ત ? ક્યાં લોકાલોકના પ્રત્યક્ષ ! ક્યાં અનાદિ અનંતભૂતકાળ અને અનંતાનંત ભવિષ્ય-કાળના પ્રત્યેક અણુ-પરમાણુ પર બનતા પ્રસંગના પ્રત્યક્ષ ! તથા અનંતાનંત જીવો પૈકી પ્રત્યેક જીવના અનંતા ભવમાંનાં દરેકે દરેક ભવની ઝીણામાં ઝીણી બાબતોના સાક્ષાત્કાર ક્યાં ! અને એક માત્ર શ્રી ઈન્દ્રભૂતિના હૃદયના સંદેહની જાણકારી !

## • પહેલા ગણધર •

આત્મા નથી એનો સચોટ પૂર્વપક્ષ શ્રી અરિહંતદેવનો અનંતજ્ઞાન-રૂપ-વાણી અને મહત્તા અનુપમ હોય છે. એ જાણી જીવે સ્વાભિમાન શા કરવા ?

જિન પામ્યા છતાં અનુમોદના અને તત્ત્વ જિજ્ઞાસા ન થઈ તો જીવન એળે !



દુશ્મનનાય ગળામાં સાચી વાત ઉતારવાનો દાનો માર્ગ શો ? એનું હૃદય સમજવા સાથેની વાત્સલ્ય નીતરતી વિચારણા.

**જાણે મહાસાગરના મંથનનો ધ્વનિ :** પરમાત્મા શ્રમણભગવાન શ્રી મહાવીરદેવ તો અનંતજ્ઞાની છે. એમનાથી આ સંદેહ ક્યાં અજાણ્યો છે ? તુરતજ પ્રભુ પ્રકાશે છે કે "હે ઈન્દ્રભૂતિ ગૌતમ ! શું તમને જીવના અસ્તિત્વ અંગે એવો સંદેહ છે કે જગતમાં જીવ જેવી વસ્તુ હશે કે નહિ ? પરંતુ તમે વેદની પંક્તિઓનો અર્થ કેમ બરાબર સમજતા નથી ?" આમ કહીને પ્રભુ "विज्ञानघन एव एतेभ्यो भूतेभ्यः समुत्थाय, तान्येवानु विनश्यति, न प्रेत्य संज्ञास्तीति"

એ વેદ પંક્તિનું ઉચ્ચારણ કરે છે. અહો ! પ્રભુના એ ઉચ્ચારણનો શું ભવ્ય ધ્વનિ ! જાણે મહાસાગરના મંથનનો ધ્વનિ ન હોય, અથવા ગંગાના મહાપૂરનો ધ્વનિ કે આદિ બ્રહ્મધ્વનિ ન હોય, કેવા ગંભીર ઘોષવાળો એ હૃદયવેધી સૂર ! ઈન્દ્રભૂતિને તો જાણે એમજ લાગે છે કે "અહા ! શું હું આ કોઈ જુદાજ જગતમાં આવી ગયો છું, કે આ છે શું ? **કેવું આ સમવસરણ ! કેવો પ્રભુના દાસ બની ગયેલા દેવો ! કેવું જિનનું અનુપમ રૂપ ! કેવો આ અલૌકિક, અદશ્યપૂર્વ અને અનુપમ કંઠનો રણકો !** માત્ર આ ધ્વનિ સાંભળતાં ત્રિવિધ તાપ શમી જતા લાગે છે ! જાણે દુઃખના અંત આવી જાય છે ! જાણે જિંદગીભર આવું સાંભળ્યા જ કરીએ એમ થાય છે ! ત્યારે, એવી દિવ્યવાણી દ્વારા કરાતો તત્ત્વોનો પ્રકાશ તો વળી કેવોય અદ્‌ભુત હશે ! વાત પણ સાચી. ત્રિભુવન ગુરુ **શ્રી અરિહંતદેવોના અનંતજ્ઞાન અદ્‌ભુત રૂપ, અનુપમવાણી અજોડ સન્માન અને અપ્રતીમ તત્ત્વોનો પ્રકાશ અવર્ણનીય હોય છે, માટે જીવે સ્વાભિમાન શું કરવું ?** કવિ કહે છે કે જગતમાં આજસુધી ઘણું ધ્યાયું, પણ એ ફજુલ હવે તો એક માત્ર શ્રી અરિહંતપદધ્યાવો.

**"શ્રી અરિહંતપદધ્યાઈએ, ચોત્રીશ અતિશયવંતા રે;**

**પાંત્રીસ વાણી ગુણે ભર્યા, બાર ગુણે ગુણવંતા રે...શ્રી૦"** જિન પામ્યા છતાં ભારે અનુમોદના અને તીવ્ર તત્ત્વ જિજ્ઞાસા ન હોય તો બધું નકામું. ઈન્દ્રભૂતિ તો એને ધરનારા છે, તેથી એમને પ્રભુ સમજાવે છે કે' હે ગૌતમ ઈન્દ્રભૂતિ विज्ञानघन વાળી પંક્તિથી તમને એમ લાગે છે કે 'જીવ જેવી કોઈ ખાસ વસ્તુ જ નથી' કેમ કે તમે એનો અર્થ એવો કરો છો કે विज्ञानघन એટલે ચેતના, **'एतेभ्यो भूतेभ्य एव'** એટલે આ પૃથ્વી વગેરે પંચભૂતમાંથી જ, **'समुत्थाय'** એટલે પ્રગટ-ઉત્પન્ન થઈને, तान्येवानु विनश्यति એટલે તે ભૂતો વિખરાવા પાછળ તે ચેતનાય નાશ



E:/Divya-Darshan(part-11).pmd/prf.5

પામી જાય છે. न प्रेत्य संज्ञास्तीति એટલે અન્યત્ર જવાનું હોતું નથી.' બીજી બાજુ તમને એજ વેદમાંથી स्वर्गकामोऽग्निहोत्रं जुहुयात् **સ્વર્ગની ઈચ્છાવાળાએ અગ્નિહોત્ર યજ્ઞ કરવો'** એવું કથન મળ્યું, એથી તમને સંદેહ પડ્યો કે, 'અહીંથી ચેતનાને બીજે જવાનું ન હોય તો, અગ્નિહોત્ર કરીને સ્વર્ગે જવાનું કોને ? સ્વર્ગ જેવી વસ્તુ આ જીવનમાં તો કાંઈ છે નહિ, ત્યારે જીવ જેવું કાંઈ હશે કે કેમ ?'

**સમજુતીની સુંદર રીત :** વિરોધીને પણ તત્ત્વ સમજાવવાની જગતકૃપાળુની આ કેવી સુંદર પદ્ધતિ ! પહેલાં તો પોતે સામાના હૃદયના ભાવને, અને સામાની શંકાભરી આંતરપરિસ્થિતિને ખોલી આપે છે, અર્થાત્ સ્પષ્ટ કરી બતાવે છે તે પણ બહુ વાત્સલ્ય-નીતરતા શબ્દોમાં કહે છે, દુશ્મનના ગળામાં પણ આપણી વાત ઉતારી દેવાનો આ દાનો માર્ગ છે. એથી સામો સ્નેહાળ બની આકર્ષાય છે, તેથી વ્યુદ્ગ્રહ મટી જાય છે. એટલે પછી આપણી સાચી દલીલો પર વિચાર કરે છે. નહિતર તો વ્યુદ્ગ્રાહિત રહે ત્યાં સુધી સારામાં સારી યુક્તિનેય ન ગણે. પ્રભુ આગળ ભાખે છે કે 'હે ગૌતમ ! એકલા 'સ્વર્ગકામો' વાળા વાક્ય પર જો તમને વિશ્વાસ રહ્યો હોત, અથવા 'વિજ્ઞાનઘન' વાળા વાક્યનો યથાસ્થિત અર્થ કર્યો હોત તો તમને જીવનો સંદેહ ન પડત. પરંતુ 'વિજ્ઞાનઘન'વાળા વાક્યનો તમે અર્થ ખોટો કર્યો. પાછું એ અર્થનું સમર્થન કરનારી તમને યુક્તિ મળી, વિચારણા મળી તેથી તમને એમ લાગ્યું કે આ હિસાબે તો પરલોકમાં જવાવાળો કોઈ જીવ પદાર્થ સિદ્ધ થતો નથી.

**એ યુક્તિ-વિચારણા આ હતી ? :** તમને એમ થયું કે, પૃથ્વી વગેરે તત્ત્વોથી જીવ જેવું જુદું તત્ત્વ (જુદો પદાર્થ) સિદ્ધ થવામાં કોઈ પ્રમાણ જોઈએ તે પ્રમાણ મળતું નથી; અને **પ્રમાણ વિના તો કોઈ વસ્તુ માની શકાય જ નહિ.** મોટા વાદીઓ પ્રમાણ પર ઝઝુમે છે. કોઈએ રજૂ કરેલા પ્રમાણ જો ખોટા સાબિત થાય, તો એ પ્રમાણ પર ઊભું કરેલું. પ્રતિપાદન, અને એ પ્રમાણનો વિષય ટકી શકતો નથી. પ્રમાણ અનેક છે, દા.ત. પ્રત્યક્ષ, અનુમાન, ઉપમાન, અર્થાપત્તિ, સંભવ, આગમ વગેરે. આમાંથી ગમે તે એક પ્રમાણથી પણ જો જુદો જીવ પદાર્થ સાબિત થતો હોય તો 'જીવ છે,' એવો પ્રામાણિક નિર્ણય કરી શકાય, પણ સાબિત કરનારું પ્રમાણજ કોઈ નથી મળતું. તે આ રીતે :

**પ્રત્યક્ષ પ્રમાણથી આત્મા સિદ્ધ નથી થતો** 'કેમકે પ્રત્યક્ષ કરવા માટે પાંચ ઈન્દ્રિયો છે એમાંની એકેયને આત્મા અનુભવમાં નથી આવતો. આત્મા ઘડાની જેમ આંખે દેખાતો નથી. શબ્દની જેમ કાને સંભળાતો નથી, રસની જેમ જીભે ચખાતો



નથી વગેરે રીતે આત્મા પ્રત્યક્ષ જોઈ જાણી શકાતો નથી.

**પ્રત્યક્ષથી જે સર્વથા ન જણાય, તે વસ્તુ કેવી રીતે હોઈ શકે ?**

**પ્ર.-** એમ તો પછી પરમાણું પણ પ્રત્યક્ષ દેખાતા નથી તો શું પરમાણુંય જગતમાં કોઈ વસ્તુ નથી ? જો કહેશો કે 'ભલે પરમાણુંય નથી' એમ કહેવામાં શો બાધ છે ?' તો તો ફસાશો. કેમકે, જો પરમાણું જેવી વસ્તુજ જગતમાં નહિ, તો બે પરમાણુંનો સ્કંધ, ત્રણનો સ્કંધ, ચારનો, પાંચનો સ્કંધ, એ પણ વસ્તુ નહિ, એમ યાવત્ અનંત પરમાણુંનો સ્કંધ જે ઘડો, તે પણ કોઈ ચીજ નહિ, એવું ઠરશે માટે પરમાણું ન હોય તો શું અટકવાનું છે, એવું ન બોલી શકાય, પરમાણુમાંથી જ આ બધું દશ્ય જગત બન્યું છે. એ રીતે જ્યારે પરમાણું પ્રત્યક્ષથી ન અનુભવવા છતાં એક વસ્તુતત્ત્વ છે, તો તે રીતે આત્મા પણ એક વસ્તુતત્ત્વ કાં ન હોઈ શકે ? (એમ આત્મવાદી પૂછી શકે.)

**ઉ.-** આ પ્રશ્ન ખોટો છે કેમકે અમારો નિયમ પુરો નથી લગાડ્યો. અમે શું કહ્યું છે ? પ્રત્યક્ષથી જે સર્વથા ન જણાય, અર્થાત્ કોઈપણ રૂપે ન જણાય, તે વસ્તુ જગતમાં ન હોય. અહીં પરમાણું સર્વથા નથી જણાતા એવું નથી કેમકે પરમાણુ એ પરમાણુ રૂપે નથી જણાતા એ વાત સાચી, પણ પરમાણુ એ ઘડા રૂપમાં પરિણામ પામેલા તો જરૂર આંખે દેખાય છે. ત્યારે, આત્મા તો સર્વથા નથી જણાતો. લ્યો તમે જ બતાવોને કે આત્મા ક્યાં બીજા રૂપમાંય પરિણામ પામેલો જણાય છે ? કોઈ રૂપે નહિ, માટે જ અમે કહીએ છીએ કે, આત્મા જેવી કોઈ સ્વતંત્ર વસ્તુ પ્રત્યક્ષથી સાબિત થતી નથી.

**અનુમાનથીય આત્મા સાબિત થતો નથી :** કોઈ જો કહે કે, ભલે ત્યારે પ્રત્યક્ષથી ન જણાય, તો પણ કલ્પનાથી આત્મા વર્તાય છે કે નહિ ? ત્યાં, હે ગૌતમ ઈન્દ્રભૂતિ ! તમને એમ લાગે છે કે આત્મા અનુમાનથી પણ સિદ્ધ થતો નથી. અહીં અનુમાન નહિ થઈ શકવાનું કારણ એ છે કે આત્મા સાથે સંબંધ ધરાવતી કોઈ પ્રસિદ્ધ વસ્તુ જણાતી નથી. માણસે રસોડામાં અગ્નિ અને ધૂમાડો જોયો હોય, પછી ક્યાંક બીજે સ્થળે એકલો ધૂમાડો ચાલી આવતો જુએ, ત્યારે એ પરથી એ અનુમાન કરે છે કે આટલામાં ક્યાંક આ ધૂમાડાના મૂળ સ્થાને અગ્નિ હોવો જોઈએ. એ અગ્નિ આંખે દેખાતો નથી, એટલે પ્રત્યક્ષથી સાબિત નથી; પરંતુ એનો પ્રસિદ્ધ સંબંધી ધૂમાડો જે દેખાય છે, એ પરથી જ્યાં જ્યાં ધૂમાડો હોય, ત્યાં અગ્નિ અવશ્ય હોય, એ નિયમના હિસાબે અગ્નિનું અનુમાન થાય છે. એવું જ ગામમાં પેસતાં પહેલાં ઊંચે ધજા જોઈને મંદિરનું અનુમાન થાય છે. શરીરમાં

સુસ્તી બેચેનીના અનુભવથી કે નાડીની વિષમ ચાલ ઉપરથી રોગનું અનુમાન થાય છે. રેલ્વે સ્ટેશન પર સ્ટેશન માસ્તરની સીટીનો અવાજ સાંભળી ગાડી ઉપડવાનું અનુમાન થાય છે. આ બધું લિંગ ઉપરથી લૈંગિકનું, કે હેતુ ઉપરથી સાધ્યનું અનુમાન કર્યું ગણાય.

**અનુમાન ત્રણ પ્રકારે બને** (૧) **એક તો કાર્ય પરથી કારણનું અનુમાન,** જેમ કે ધૂમાડો એ અગ્નિમાંથી નિપજતું કાર્ય છે, અગ્નિ એ એનું કારણ છે; તેથી કાર્ય ધૂમાડો દેખી કારણ-અગ્નિનું અનુમાન થાય છે. એવું જ છોકરાને દેખી કારણભૂત બાપનું અનુમાન થાય છે. (૨) **બીજા પ્રકારમાં કારણ પરથી કાર્યનું અનુમાન આવે.** દા.ત. કીડીને પાંખ, ધૂળમાં ચકલીની રમત વગેરે, લક્ષણ સહિત ઘનઘોર કાળાં વાદળ એ વરસાદનું કારણ છે, તો એના પરથી ખેડુતો વરસાદ રૂપી કાર્યનું અનુમાન કરે છે. એમ સળગતા ચૂલા પર આંધણમાં મૂકેલા ચોખા જોઈ, ભાત તૈયાર થવાનું અનુમાન થાય છે. યુદ્ધભૂમિ પર સામસામા બે શત્રુના લશ્કરને જોઈને લડાઈનું અનુમાન થાય છે, પશ્ચિમ બાજુ સૂર્યને વધુ નમેલો જોઈ અસ્તની તૈયારીનું અનુમાન થાય છે. (૩) **અનુમાનના ત્રીજા પ્રકારમાં** જે બે વસ્તુ એક બીજાનું કાર્ય કે કારણ ન હોય, પરંતુ **સાથો સાથ રહેલી હોય,** એક બીજાની વ્યાપ્ય હોય ત્યાં એકને દેખી બીજાનું અનુમાન થાય દા.ત. રસ એ રૂપ (વર્ણ)ની સાથોસાથ રહે છે. તો ઘાસમાં પકવવા નાખેલી કેરીનો અંધારામાં મીઠો મધ જેવો રસ ચાખી અનુમાન થાય છે કે કેરી પીળી થઈ ગઈ હશે. એવું જ કૂતરાના ભસવા વગેરે અવાજ પરથી ગામનું અનુમાન કરાય છે. કારણ પરથી કાર્યના અનુમાનને **પૂર્વવત્** અનુમાન કહે છે; કાર્ય પરથી કારણના અનુમાનને **શેષવત્ અનુમાન** અને બાકીનાને **સામાન્યતો દૃષ્ટ** અનુમાન કહે છે. આત્મા અંગે આ ત્રણેમાંથી એકેય અનુમાન મળતું નથી. કેમકે આત્માનું કોઈ કારણ, કોઈ કાર્ય કે કોઈ જોડીદાર દેખાતો નથી.

**ઉપમાન પ્રમાણથી પણ આત્મા જણાતો નથી :** ઉપમાનમાં એક પ્રસિદ્ધ વસ્તુની ઉપમાંથી (સમાનતાથી) બીજી અજાણી વસ્તુ જણાય છે. દા.ત. કોઈએ કહ્યું કે ગાયના જેવું જંગલી **ગવય** નામનું પ્રાણી હોય છે. પછી સાંભળનારને જંગલમાં જવાનું થયું. ત્યાં અચાનક ગવય નજરે પડ્યું; એટલે એમ થાય છે, કે ઓહો ! આ ગાય જેવું લાગે છે ! અને મેં સાંભળ્યું છે કે ગાય જેવું ગવય હોય છે અહીં ગવયની સાબિતી ઉપમાન પ્રમાણથી થઈ ગણાય. એવું આત્મા અંગે કોઈ ઉપમાન પ્રમાણ નથી જડતું. જો એમ કહીએ કે 'આત્માને કાળ-દિશા-આકાશની ઉપમા લાગી શકે છે, તો એ રીતે કેમ સિદ્ધ ના થાય ? તો તે ખોટું. કેમકે અમારા



હિસાબે તો એ કહેવાતા અદૃશ્ય આકાશ વગેરે ય ક્યાં સાબિત થયેલા છે ? પૃથ્વી-જલ-તેજ-વાયુ એ ભૂત-ચતુષ્ટય-વાદી એટલે કે ચાર ભૂતજ સાચા માનનારો તો આકાશનેય નથી માનતો, પછી કાળ દિશાની શી વાત ? **પ્રશ્ન,** ઠીક, ત્યારે વાયુના જેવો આત્મા કેમ નહિ ? બંનેય આંખે ન દેખાવા હિસાબે તો સમાન છે, અને વાયુ પ્રસિદ્ધ છે તો પ્રસિદ્ધ એવા વાયુની ઉપમાંથી આત્મા સિદ્ધ થવા દો. **ઉત્તર,** આખે ન દેખાવા છતાં સ્પર્શથી વાયુ જણાવાથી પ્રસિદ્ધ છે, એ વાત સાચી પરંતુ આત્મા તો કોઈ ઈન્દ્રિયથી જણાતો જ નથી, તો પછી વાયુની સાથે શી સરખાઈ ? એક માત્ર ન દેખાવા રૂપની જ સરખાઈ ને ? એમ તો આકાશકુસુમ પણ એ સરખાઈના હિસાબે ઉપમાન પ્રમાણથી સિદ્ધ ન થાય ?

**અર્થાપત્તિ પ્રમાણથી પણ આત્મા સાબિત નથી;** કેમકે એ માટે કોઈ એવી દૃશ્ય વસ્તુ મળવી જોઈએ, કે જે વસ્તુ આત્મા વિના ન ઘટી શકે. **દા.ત.** એક માણસ ચાર મહિના સુધી દિવસના નથી ખાતો એમ આપણે જાણ્યું. કહેવાતો હોય એ ચાર મહિનાનો તપસી, પણ હોય એ શરીરે લાલગુંદા તથા પુલ્લા જેવો અને સશક્ત દોડધામ કરનારો, ત્યારે આપણને એમ થાય કે આ લષ્ટપુષ્ટ તગડું શરીર ભોજન વિના ન હોઈ શકે. તેથી અર્થાપત્તિથી કહેવાય કે એ દિવસે નહિ તો રાતે ખાતો હશે. ખાધાવિના લષ્ટપુષ્ટતા અને શક્તિ સંભવે નહિ. એમ નજરે દેખાતી કોઈ વસ્તુ સંભવતી નથી, એવું છે ? કે જેના ઉપરથી અર્થાપત્તિથી આત્મા સાબિત થાય ? એવી કોઈ વસ્તુ નથી. માટે અર્થાપત્તિ પ્રમાણથીય આત્મા સિદ્ધ નથી.

**સંભવ પ્રમાણ** એને કહે છે, કે જે એક વસ્તુમાં બીજી વસ્તુ આવી જાય, એની સિદ્ધિ કરે દા.ત. કોઈની પાસે લાખ રૂપિયા હોવાનું જાણ્યું તેથી નક્કી લાગે તો પછી એની પાસે હજાર રૂપિયા તો છે જ. બુઢ્ઢા માણસે યુવાની જોઈ જ છે એવું કહેવાય; કેમકે, આટલી મોટી ઉંમરમાં યુવાનીની ઉંમર, સમાઈ જાય છે. પણ આત્મા શેમાં સમાઈ જાય છે, કે જેથી કહી શકીએ કે, એ વસ્તુ છે, માટે આત્મા **તો છે જ** ? કશામાં નહિ. **આમ સંભવ પ્રમાણથીય આત્મા સિદ્ધ નથી.**

કેટલાકો **ઐતિહ્ય પ્રમાણ** માને છે, એટલે કે ઐતિહાસિક પણ એક પ્રમાણ છે એમ કહે એમાં દંતકથા વગેરે આવે છે. જેમકે, કોઈ જીર્ણ મકાનમાં વરસોથી ભૂતનો વાસ છે, એ રીતે પરંપરાથી લોક જાણતું આવ્યું છે, તે ઐતિહ્ય પ્રમાણથી. ને ખરેખર હોય છે પણ તેમજ; અને પેઢી ઉતાર એ કહેતી ચાલી આવે છે. પરંતુ આત્મા સંબંધમાં આવી કોઈ કહેતી ચાલતી નથી. કેમકે કોઈ એવું અમર શરીર દેખાતું નથી, કે જેમાં આત્માનો વાસ હોવાની કહેતી વંશવારસામાં ચાલુ આવ્યા કરતી આજે મળતી હોય.

**પ્ર.**- આત્માને માનનારા અમુક વર્ગમાં તો શરીરમાં જુદો આત્મા હોય છે, એવી પરંપરા ગત કહેતી ચાલી આવે છે, તેનું કેમ ?

ઉ.- એ પ્રચાર સર્વલોકમાં સિદ્ધ ન હોવાથી પ્રમાણ ભૂત મનાય નહિ. વળી અમુક વર્ગમાં જ પ્રચલિત કેટલીય દંતકથાઓ અપ્રમાણ અર્થાત્ જુઠી પણ હોય છે. માટે ઐતિહ્ય આત્મા સિદ્ધ નથી.

**ત્યારે હવે રહ્યું આગમ પ્રમાણ- શબ્દ પ્રમાણઃ-** અહીં કેટલાકો કહે છે કે શબ્દ પ્રમાણ એ વસ્તુગત્યા અનુમાન છે, એ કાં તો (૧) કોઈ દશ્ય વસ્તુ માટે હોય, અગર (૨) અદશ્ય વસ્તુ માટે, બીજી જગ્યાએ અમુક પ્રકારનો કાંઠલો, પેટ, વગેરે આકૃતિવાળી વસ્તુમાં 'ઘડો' એવો શબ્દ વપરાતો જોયો, તે પરથી હવે કોઈ બોલ્યું કે 'ઘડો લાવો' એટલે એ 'ઘડો' શબ્દથી ઘડાનું અનુમાન થાય છે. એ દશ્ય વસ્તુનું અનુમાન એવું પંચાંગમાં ગ્રહણ સમય વાંચી 'એ ચોક્કસ ગણત્રી કરનારે લખ્યું છે માટે પૂર્વના ગ્રહણ સમયની જેમ આ પણ બરાબર છે' એવું અનુમાન થાય તે અદશ્ય વસ્તુનું અનુમાન. આત્મા આ રીતેય સાબિત થતો નથી, પણ પૂછોને કે કેમ નહિ ? આત્મા આત્મા એવો શબ્દ તો વપરાય છે. એનો ઉત્તર એ છે કે એ તો શરીરને જ આત્મા કહેવાય છે, તેથી છેવટે તો આત્મા પંચભૂતનો સમૂહ જ સિદ્ધ થશે, પણ પરલોકગામી નહિ.

ત્યારે બીજાઓ એમ કહે છે કે આગમ પ્રમાણ એક સ્વતંત્ર પ્રમાણ છે અર્થાત્ ઉપર કહેલા અનેક પ્રમાણોમાંનુ એક પણ પ્રમાણ જેમાં લાગું ન થતું હોય, એવા પણ પદાર્થની સાબિતીમાં આગમ અર્થાત્ આપ્ત (વિશ્વસનીય) પુરુષના શબ્દરૂપીવચન પ્રમાણ શાસ્ત્રપ્રમાણ લાગુ થઈ શકે છે. દા.ત. બાપના વચન માત્રથી છોકરે જાણ્યું કે પોતાના દાદા અમુક. એવું જ ચંદ્રગ્રહણ, ચંદ્રઉદય, સૂર્યગ્રહણ, વગેરે ક્યારે થવાના, તેમાં આગળથી પ્રત્યક્ષ અનુમાન વગેરે પ્રમાણ લાગુ થઈ શકતા નથી, પણ જ્યોતિષશાસ્ત્ર લાગુ થાય છે, કેમકે એના દર્શાવ્યા પ્રમાણે ચંદ્રઉદય, ચંદ્રગ્રહણાદિ બને છે, તો એ જ્યોતિષ આગમથી સાબિત ગણાય. હવે આત્મા સંબંધમાં જોઈએ તો યદ્યપિ એની સાબિતીમાં શાસ્ત્રો મળે છે ખરાં, પરંતુ તે શાસ્ત્રો આત્મા અંગે એટલી બધી પરસ્પર વિરૂદ્ધ વાતો કરે છે, કે એ પરથી વિચાર થઈ પડે છે કે, એ શાસ્ત્રો ને આત્માની સિદ્ધિમાં પ્રમાણભૂત શી રીતે માનવા ? ત્યારે જો શાસ્ત્રો પ્રમાણભૂત નહિ, તો એના આધારે આત્માની સાબિતીમાં આશાય શી ?





## (૫૮) ગણધરવાદ-૩

**નાસ્તિક શાસ્ત્રના** પ્રણેતા બૃહસ્પતિ કહે છે કે, પૃથ્વી પાણી વગેરેનું બનેલું શરીર તેજ આત્મા છે. શરીરથી જુદો આત્મા નથી.

ત્યારે એની સામે જુદો જ આત્મા માનનારા **આસ્તિકો કહે છે** કે બૃહસ્પતિની એ વાત બનાવટી ઊભી કરેલી છે. કહે છે કે એવું બન્યું કે એકવાર કોઈ ઋષિના પ્રખર તપથી ઇંદ્રને દહેશત લાગી કે, આ ઋષિ મારું ઇંદ્રપદ લઈ લેશે ! ભય એટલો બધો વધી ગયો, કે તેથી ઈન્દ્ર ખૂબ જ ગમગીન રહે ! એ ભય અને ગમગીની ટાળવા માટે દેવોના ગુરુ બૃહસ્પતિએ નાસ્તિક દર્શનમતના સૂત્રો રચ્યા. એક ખ્યાલ એવો છે કે એ સૂત્રોનો ઉપદેશ બૃહસ્પતિએ પેલા ઋષિને કરી કહ્યું કે આત્મા તો પંચભૂતનું પુતળું કહેવાય એને પરલોક બરલોક શા ? વગેરે કહી એને તપથી પાડ્યો, વિષય ભોગમાં લીન બનાવ્યો, એટલે ઇંદ્રને ભય ટળ્યો,

(બીજો ખ્યાલ એવો છે કે બૃહસ્પતિએ ઈન્દ્રને એ ઉપદેશ કર્યો. કહ્યું કે શરીરમાંથી નીકળી જઈ પરલોક જઈ શકે એવી ચીજ જ ક્યાં છે કે તું પેલા તાપસનો ભય રાખે છે ? ત્યારે શું એ તાપસ એ જ માનવના શરીરે અહીં આવી શકવાનો હતો ? એવું કશું નથી, માટે વહેમ કાઢી નાખ એમ કહી ઇંદ્રને નિર્ભય કરી દિવ્ય સુખમાં પાછો લીન કર્યો.) આ રીતે બૃહસ્પતિનો બનાવટી ઉપદેશ બતાવી, આસ્તિકો કહે છે કે 'પણ એવી બનાવટ માત્રથી શું આત્માનો ઈન્કાર કરી શકાય ? તો તો પછી વિના આત્માએ પૂર્વના પુણ્ય નહિ તો એક જીવ માનવપણાના સુખ દુઃખ ભોગવે અને બીજો ઈન્દ્રપણાના દિવ્ય સુખ ભોગવે. એ ફરક શાથી ? ઈન્દ્રપણું પોતાને ક્યાંથી મળ્યું ?' વગેરે આમ આસ્તિકે આત્માની સિદ્ધિની દલીલો આપી.

ત્યારે **નાસ્તિક કહે છે** કે એ બધા તમારા પ્રશ્નોનો ઉત્તર એ છે કે એ બધી વિચિત્રતા સ્વભાવથી બને છે. દા.ત. અગ્નિમાં ઉષ્ણતા અને પાણીમાં શીતલતા, એક ઝાડમાં અમુક જાતની વાંકાશ, બીજામાં બીજી જાતની, અગ્નિની જ્વાળામાં ઉર્ધ્વગતિ અને વાયુમાં તિર્ચ્છીગતિ. આ બધું જેમ સ્વભાવથી તેમ એક બીજા શરીરમાં ફરક કે આકસ્મિક બનાવો સ્વભાવથી બને છે. જો જુદો આત્મા હોય તો મકાનમાં પેસતા નીકળતા માણસની જેમ શરીરમાં પેસતો નીકળતો આત્મા કેમ દેખાય નહિ ? કોઈએ દેખ્યો ? ત્યારે પરલોક ગયેલા કોઈની ચિઠ્ઠી પત્રી આવી ? આ તો ધુતારાઓએ ધર્મના નામે ચરી ખાવા માટે આત્માનું એક ખોટું તુત ઊભું



E:/Divya-Darshan(part-11).pmd/prf.5

કર્યું છે. પછી એ કહે છે કે જુઓ, એકવાર મરવાનું છે, માટે આ જગતના સુખોમાં મુંઝાયા વિના એને છોડી સંન્યાસી થાઓ. હવે આપણે એને પૂછીએ કે 'અલ્યા પણ કોઈકવાર મરવાનું છે, તેથી શું આજે જઈને સ્મશાનમાં સુઈ રહેવું ? સુખમાં દુઃખનો ભય છે, માટે સંસારના સુખો છોડવાનું કહો છો; એ તો એવું થયું કે વાળમાં જુ પડે, માટે વાળ જ ન રાખવા તેમ ખેતરમાં પાક હરણીયા ખાઈ જાય માટે ખેતર જ ન રોપવા, શું ઘેલી ઘેલી વાતો ઊભી કરી છે !! ધર્મના ઝઘડાઓએ તો જગતમાં મહા દુર્દશા ઊભી કરી છે. અહિંસાદિ ધર્મની વાતોએ તો લોકને બાયલા બનાવ્યાં છે...'

**નાસ્તિકના દરેક મુદ્દાનું ખંડન :-** આમ નાસ્તિકો કહે છે ત્યારે, આસ્તિક શાસ્ત્રો કહે છે કે બધી વિચિત્રતા સ્વભાવથી થવાનું કહો છો તે કોનો સ્વભાવ ? અગ્નિ ઉત્પન્ન થતાં જ એમાં ઉષ્ણતા ઉત્પન્ન થઈ તે કોના સ્વભાવથી જન્મી ? કેમકે "પહેલા અગ્નિ જન્મ્યો પછી અગ્નિના સ્વભાવથી ઉષ્ણતા જન્મી, કે પૂર્વે કોઈ બીજું કારણ હતું તેથી થઈ," એવું તો તમારે કહેવું નથી, જો તેમ કહો, તો તો આ શરીર અંગે પણ પૂર્વે કારણભૂત આત્મા અને શુભાશુભ કર્મ માનવા પડે. એટલે અકસ્માત થઈ જાય છે, એવું રહ્યું નહિ. બાકી તો અનેકાનેક યુક્તિઓથી શરીરથી જુદો આત્મા છે, એ પુરવાર થયેલું છે.

તેમજ જુ ને લીધે વાળ કપાવી નાખવા એવુંય નથી, એ તો જુ ભવિષ્યમાં ન થાય એનો ઉપાય યોજાય છે, તેમ ભવિષ્યમાં આત્માને મહા દુઃખ ન થાય એ માટે કિંપાકના મીઠા પણ ઝેરી ફળ જેવા વિષયોની તૃષ્ણા અને વિષયોનું સેવન છોડવાની વાત છે. કોકવાર મરવાનું છે માટે આજે સ્મશાનમાં જઈને સુવાની વાત નથી, પણ એવું ધર્મ જીવન જીવવું કે મૃત્યુ માત્રના ભય ટળી જાય. પરલોકમાં તો સુખ શાન્તિ મળેજ, પણ આ જન્મમાં પણ આત્માને અને એના ગુણોને શરીરથી જુદા ઓળખી લીધાથી અને પછી એને અનુરૂપ વર્તન કર્યાથી કોઈ અશાન્તિ કે કોઈ સંતાપ રહે નહિ.

આત્મા શરીરમાં પેસતો નીકળતો ન દેખાય; કેમકે એ અરૂપી છે. વળી ચિઠ્ઠી પત્રી ક્યાંથી આવે ? કેમકે પરલોકમાં અહીંનું બધું ભૂલી જવાય છે, કોઈ દેવ જેવાને યાદ આવી શકે; પણ એ તો જેમ કોઈ ભિખારી જગતની શહેનશાહતના સુખ પામે તો એમાં જ લીન થઈ જાય, તેમ દેવો દિવ્ય નાટક ગીત વગેરે અનુપમ અત્યંત ઊંચા વિષય સુખમાં લીન છે. એમાં એને પૂર્વની માનવની દરિદ્ર અવસ્થાને યાદ કરવાની ફુરસદ પણ ક્યાં છે !



**ઝઘડાનું કારણ શું ? ધર્મનો મહિમા કેવી રીતે :-** ધર્મના ઝઘડાની વાત પણ વાહીયાત છે. અમે નાસ્તિકને પૂછીએ છીએ કે તમારે ત્યાં તો ઝઘડા નથી ને ? બીજે પણ ઝઘડા ધર્મને લીધે છે કે, **ઝઘડા સ્વાર્થાંધતા, વિષયલંપટતા, અને કષાય પરવશતાને લીધે છે ?** તે તો તપાસો. જ્યાં આત્મા અને ધર્મની લાગણી કે શ્રદ્ધા જ નથી, ત્યાં કેટલા બધા દ્વેષ કેટલીય ઈર્ષ્યા કેટકેટલા પ્રપંચ અને જુલમ ચાલી રહ્યા છે ! આજે જે ધર્મમાં નથી માનતા, તેની પશુ પ્રત્યે ઘોર ક્રૂરતા, અને બીજી દુષ્ટ વૃત્તિ-પ્રવૃત્તિ અપરંપાર એ બધું ઝઘડાનું રૂપક શાથી ? સ્વાર્થાંધતા વગેરેના કારણોને ? એમ કહો કે ધર્મે તો ઊલટું લોકોને દયાળું, સત્યવાદી તેમજ સદાચારી બનાવ્યા છે, તેથી લોકમાં પરોપકાર પરમાર્થની પ્રવૃત્તિ ચાલવાથી જનસમાજને લાભ છે, સત્યથી લોકમાં ટંટા ઓછા તેથી રાજ્ય સત્તાનેય રાહત, સદાચારથી લોકોને અન્યોન્ય વિશ્વાસ હોય છે. નહિતર તો કન્યાઓ કે સ્ત્રીઓને ઉપાડી જવાના, ભ્રષ્ટ કરવાના, પિતા કે પતિ વગેરેના સ્નેહ તોડવા વગેરેના થોકબંધ કિસ્સા બને.

**આસ્તિક શાસ્ત્રોમાં વિરોધ :-** "હે ઇંદ્રભૂતિ ગૌતમ ! તને એમ લાગે છે કે આમ આસ્તિક-નાસ્તિકની ચર્ચા પરથી ઘડીભર આસ્તિક શાસ્ત્રો પર પક્ષપાત તો જાગે; પણ પાછું આસ્તિક શાસ્ત્રોમાં આત્મા અંગે પરસ્પર વિરુદ્ધ વાતો એવી ચાલે છે કે પછી એમ થાય કે આમાં કોઈ તોડ ન નીકળે, તેથી આત્માને આગમ પ્રમાણથી પ્રમાણિત કેમ કરી શકાય ? વિરોધ આ રીતે છે :- **ન્યાય દર્શન** કહે છે આત્મા એકાંતે નિત્ય છે અને જડના સંયોગવાળો છે, ત્યારે **બૌદ્ધ** કહે છે કે આત્મા એકાંતે ક્ષણિક છે, અને વિજ્ઞાન રૂપ હોવાથી બીજું જડ તત્ત્વ કાંઈ છે જ નહિ. કહો જોઉં આ બંનેનો ક્યાં મેળ મળે ! ત્યારે જો **વૈદાન્તિ** કહે છે આત્મા એક જ છે, નિર્ગુણ, નિર્ધર્મક, અને સજાતીય-વિજાતીય-ભેદશૂન્ય છે, સ્વયંસહજ સત્-ચિત્-આનંદ રૂપ છે; તો **વૈશેષિક** કહે છે કે આત્મા એક નહિ, અનંતા છે, સગુણ સધર્મક છે, સહજ નહિ પણ સત્તા-જ્ઞાન અને આનંદવાળા હોવાથી સત્ જ્ઞાની અને સુખી છે. ક્યાં આ બેનો પાટો જામે ? એક મોક્ષમાં સહેજે જ્ઞાન રૂપ માને છે ત્યારે બીજો મોક્ષમાં જ્ઞાન જ નહિ તેથી આત્માને અજ્ઞાન માને છે. સાંખ્યો કહે છે કે આત્મા કમળપત્રની માફક સદા શુષ્ક નિર્લેપ અને **કુટસ્થ નિત્ય** છે, બંધાએલો નથી તેથી મુકાતો નથી ત્યારે **જૈનો** કહે છે કે આત્મા અનાદિ કાળથી મલિન છે. **પરિણામી નિત્ય છે,** બંધાયેલો છે, તેથી એને બંધનમાંથી મુકાવાનું રહે છે. **મિમાંસક** કહે છે કે આત્માની મૂળ વાત કરનાર વેદ નિત્ય અપૌરુષેય છે અર્થાત્ કોઈ


E:/Divya-Darshan(part-11).pmd/prf.5

પુરુષના રચેલા નથી. ત્યારે બીજા દર્શનવાળા મૂળ આગમને પુરુષ રચિત માને છે. એટલે ન્યાય વૈશેષિકો વેદને ઈશ્વરોચ્ચરિત માને છે. સાંખ્ય **યોગ** દર્શનવાળા કહે છે જગતની બધી પ્રવૃત્તિ સત્ત્વ-રજસ્-તમસ્ ત્રિગુણાત્મક પ્રકૃતિ કરે છે. પણ પુરુષ અર્થાત્ (આત્મા) નહિ. ત્યારે બીજા દર્શનવાળાઓ આત્માને કર્તા-ભોક્તા માને છે. આ વિરોધોની સ્થિતિમાં શી રીતે આત્મતત્ત્વનો નિર્ણય કરવો ?

**પ્ર.**- જેના પક્ષમાં યુક્તિ, દૃષ્ટાન્ત, તર્ક મળે, શું તેનું મન્તવ્ય પ્રમાણિક ન ગણાય ?

**ઉ.**- જરૂર ગણાય. પણ અહીં તો દરેક પક્ષ પોતાનું મન્તવ્ય સાબિત કરવામાં યુક્તિ વગેરે આપે છે.

**પ્ર.**- તે શી રીતે ?

**ઉ.**- **ન્યાય દર્શન**વાળા કહે છે કે, આત્મા વિશ્વવ્યાપી છે આત્મા નિત્ય છે, એ ઇન્દ્રિયાદિ દ્વારા ઉત્પન્ન થતા પ્રત્યક્ષ, અનુમિતિ, સ્મૃતિ વગેરે જ્ઞાનવાળો બને છે. આત્મામાં બીજા પણ ઇચ્છા-પ્રયત્ન-રાગ-દ્વેષ-સુખ-દુઃખાદિ ગુણો, તે તે નિમિત્તો મળેથી, જન્મે છે. પ્રમાણ-પ્રમેય વગેરે સોળ પદાર્થનું તત્ત્વજ્ઞાન થવાથી મિથ્યાજ્ઞાન ટળે છે. તેથી રાગ મટે છે. તેથી મિથ્યા પ્રવૃત્તિ અટકે છે, અને જુના પ્રારબ્ધ અદૃષ્ટ ભોગવાઈ નાશ પામે છે; તેથી જન્મના અભાવે દુઃખનો સર્વથા અભાવ થાય છે, એનું જ નામ મોક્ષ.

આત્મા વિશ્વવ્યાપી એટલા માટે છે, કે વિશ્વમાં ગમે ત્યાં બનતી વસ્તુ આત્માના ઉપયોગમાં આવવાની હોય, તો તે વસ્તુ આત્માનું ભાગ્ય કારણ છે. હવે જો આત્મા વિશ્વવ્યાપી ન હોય, તો તે વસ્તુ બનવાના સ્થળે આત્માનો સંબંધ નહિ થાય, તેથી અદૃષ્ટનો (ભાગ્યનો) પણ સંબંધ નહિ થવાથી તે વસ્તુ કેવી રીતે ઉત્પન્ન જ થઈ શકે ?

"દિવ્ય-દર્શન"-"પ્રવચન મહોદધિ" વર્ષ-૧,અંક-૭,તા.૪-૧૦-૧૯૫૨

## (૫૯) ગણધરવાદ-૪

**પહેલા ગણધરની શંકા 'જીવ છે કે નહિ ?' 'જીવ નથી'- એવો પૂર્વપક્ષ.**

**એની સાબિતિમાં પ્રમાણોની વિચારણા જીવ હોવાની સાબિતિમાં શાસ્ત્રો પ્રમાણ નથી, કેમકે એ પરસ્પર વિરુદ્ધ વાતો કહે છે.**

**ન્યાય-દર્શનવાળા કહે છે :-** આત્મા નિત્ય છે; કેમ કે અનાદિ અને અવિનાશી છે. અહીં પૂર્વેના જે અદૃષ્ટ (ભાગ્ય) ભોગવે છે, એ ઉપાર્જવા માટે પૂર્વે શરીર



હતું. તે શરીર એની પૂર્વના અદૃષ્ટથી બનેલું...એમ એ ઘટમાળ અનાદિની સાબિત થાય છે, અનાદિ આત્માનો નાશ થઈ શકે નહિ, તેથી આત્મા નિત્ય છે.

આત્મામાં ઇન્દ્રિયાદિ દ્વારા જ્ઞાનાદિ ગુણ ઉત્પન્ન થાય છે. એ તો જેમ વસ્ત્રમાં ભિન્ન ભિન્ન નિમિત્ત મળતાં સારા વર્ણ સ્પર્શ વગેરે ગુણો જન્મે, તેવું આત્મામાં એના ગુણો અંગે. મોક્ષમાં એવા નિમિત્ત નહિ રહેવાથી આત્માને ત્યાં જ્ઞાન સુખાદિ ગુણો નથી હોતા. મોક્ષ મેળવવાની ન્યાય-દર્શને બતાવેલી પ્રક્રિયામાં એ યુક્તિ છે, કે મિથ્યાજ્ઞાનની પ્રવૃત્તિથી આત્મા નવાં જન્મ ઉપાર્જે છે. તે મિથ્યાજ્ઞાન અટકે તો જન્મ અટકે, અને મોક્ષ થાય. એ માટે તત્ત્વજ્ઞાન જોઈએ. તેથી તેણે કહ્યું કે **'तत्त्वज्ञानान्मुक्तिः'** – તત્ત્વજ્ઞાનથી મોક્ષ થાય. તત્ત્વજ્ઞાનમાં તત્ત્વો તરીકે પ્રમાણ, પ્રમેય, સંશય, પ્રયોજન, દૃષ્ટાન્ત, સિદ્ધાન્ત, તર્ક, વાદ વગેરે સોળ તત્ત્વ કહે છે. કોઈ પૂછે છે કે આમાં શું તત્ત્વ ? તો એ કહે છે કે પ્રમેય વિભાગમાં જગતના પદાર્થો દ્રવ્યો, ગુણો વગેરેના વર્ણન આવે છે, તેની સાબિતિ માટે પ્રમાણ, તર્ક વગેરે ઉપયોગી છે. બીજા પણ તત્ત્વોનું યથાસ્થિત જ્ઞાન હોય, તો વસ્તુમાત્રનો એવો સચોટ નિર્ણય થાય છે, કે તે મિથ્યાજ્ઞાનનો વિધ્વંસ કરી શકે છે. આ થઈ ન્યાય શાસ્ત્રોની વાત. આની સામે જુઓ કે,

**બૌદ્ધ શાસ્ત્રો શું કહે છે ?** - બૌદ્ધો કહે છે કે જીવનમાં સદ્ વસ્તુ માત્ર ક્ષણિક છે. યદ્યપિ બૌદ્ધોમાં ચાર મત છે, છતાં બધાય ક્ષણિકત્વની માન્યતા ધરાવે છે. ન્યાય મતની સામે આ કહે છે કે સત્ તેને જ કહેવાય કે જે કાંઈ પણ કાર્ય કરે. 'अर्थक्रियाकारित्वं सत्त्वम्' હવે જો કાર્ય કરવું હોય તો કાર્ય કરવાનો સ્વભાવ કારણમાં માનવો જોઈએ. દા.ત. બીજથી અંકુર પેદા કરવાનું કાર્ય થાય છે. ત્યાં બીજમાં એ સ્વભાવ માનવો જ રહ્યો. પણ હવે જો કાર્ય પેદા કરે તો તે ક્યારે કરે એ વિચારવું જોઈએ. ત્યાં એ યુક્તિયુક્ત છે કે બીજ પોતે એ સ્વભાવના હિસાબે તરત જ કાર્ય કરે. ત્યારે પ્રશ્ન એ થાય કે કોઠીમાં બીજ પડી રહે છે, ત્યાં કેમ અંકૂર પેદા થતા નથી ? એનો ઉત્તર એ છે, કે જ્યાં તમે જે કાર્ય પેદા થતું ન દેખો, ત્યાં એ કાર્ય કરવાનો સ્વભાવ એ વસ્તુમાં માનો જ નહિ. એવો નિયમ છે કે समर्थस्य क्षेपायोगात् કાર્ય કરવાના સામર્થ્યવાળાને કાર્ય કરવામાં વિલંબ થાય જ નહિ.

**પ્ર.**- તો પછી કોઠીમાંના બીજનું શું ?

**ઉ.**- તે તો ઉત્પન્ન થઈ થઈને નાશ પામતા બીજોની સમાનતાને લઈને છે. જેવું, દીવાની જ્યોત નવા નવા તેલના હિસાબે પલટાતી છે, છતાં કલાક સુધી



E:/Divya-Darshan(part-11).pmd/prf.5

એજ જ્યોત છે, એવું લાગે છે; બસ તેજ પ્રમાણે અહીં સમજવાનું.

**પ્ર.**- પ્રત્યક્ષથી બીજ સ્થિર-સ્થાયી દેખાય છે, તેનો અપલાપ કરી એને ક્ષણિક માનવું એ ઘેલછા નથી ?

**ઉ.**- ના, તમે એનો જવાબ આપો કે જો બીજ સ્થાયી છે, તો એના અંકુર પેદા કરવાના સ્વભાવ મુજબ કેમ તરત અંકુર પેદા કરતું નથી ? તમે કહેશો કે એને બીજી સામગ્રી મળેથી એ કાર્ય કરે છે. તો મૂળ પ્રશ્ન જ એ છે કે બીજમાં એ વખતે પૂર્વના કરતાં સ્વરૂપમાં ફેરફાર ખરો કે નહિ ? જો ફેરફાર નહિ, તો તો પૂર્વની જેમ હાલ પણ સામગ્રી આવ્યા પછી એના એ સ્વરૂપથી શી રીતે અંકુર પેદા કરી શકે ? જો કહો કે સ્વરૂપ ફરી જવાથી અંકુર પેદા કરે છે, તો તો સ્વરૂપ ફરવાથી સ્થાયીપણું ક્યાં રહ્યું ? એથી ક્ષણિકત્વ સાબિત થાય છે. જો કહો કે એનું સ્વરૂપ જ એવું છે કે સામગ્રીને સાથે લઈને કાર્ય કરે; તો તો એ બીજનું બિચારાનું આવી જ બન્યું. કેમકે એનું જન્મથી એ સ્વરૂપ, એટલે જન્મથી જ સામગ્રીને સ્વકોટે વળગાડી કાર્ય કરે જ જવું રહ્યું.

**બૌદ્ધની નાશ માટેની વિચારણા :-** બૌદ્ધ કહે છે કે, વસ્તુનો નાશ જે થાય છે, તે શું વસ્તુના નાશ પામવાના સ્વભાવ વિના કે સ્વભાવના હિસાબે ? સ્વભાવ વિના નાશ પામે છે, એમ નહિ કહી શકો. કેમકે તો તો તમારો માનેલો નિત્ય આત્મા નાશ પામવાના સ્વભાવથી કહો તો, વસ્તુ જન્મીને તુર્ત નાશ કેમ ન પામે ? જો કહેશો કે અમુક કાળ પછી નાશ પામવાનો સ્વભાવ છે, તો તો મોગર વગેરેના પ્રહાર થવા છતાં, એ સ્વભાવ તો કાયમ છે. એ હિસાબે હાલ નાશ નહિ પામે. હજુપણ અમુક કાળ પછી નાશ પામે, અર્થાત્ જ્યારે પૂછો ત્યારે આજ ઉત્તર મળે. તો પછી વસ્તુ શાશ્વત કાળ કાં ન રહે ? માટે માનો કે વસ્તુ માત્ર ઉત્પન્ન થયા બરાબર સ્વ-સ્વભાવના હિસાબે નાશ પામી જાય છે.

જગત આવું ક્ષણિક હોવાથી મહાન લાભ એ છે કે એ ક્ષણિકત્વના જ્ઞાતાને વૈરાગ્ય થાય છે. એ એમ સમજે છે કે જ્યારે બીજી ક્ષણે હું જ નથી, તો શા માટે મમત્વ કરું ? તેમ ક્ષણિક જગત પર પણ શું મમત્વ કરવું ?

**પ્ર.**- જો આત્માય ક્ષણિક છે તો વર્તમાન ક્ષણે કરેલા શુભાશુભ કાર્યનું શું ? જો કહો કે કાંઈ નહિ, તો તો કસાઈ વગેરે ફાવી જાય !

**ઉ.**- આત્માએ વર્તમાન ક્ષણે કરેલા કાર્યથી સંસ્કારવાળો નવો આત્મા જન્મે છે. એની પરંપરા અમુક હદ સુધી ચાલે છે. પછી છેવટે સંસ્કારના ફળવાળો આત્મા પેદા થાય છે.

**બૌદ્ધમતે ચાર તત્ત્વો આર્ય સત્યો :-** બૌદ્ધ કહે છે કે બુદ્ધદેવે આર્યસત્યો



નામના ચાર તત્ત્વ કહેલા છે. દુઃખ, સમુદાય, માર્ગ અને નિરોધ. આમાં **'દુઃખ'** તત્ત્વના પાંચ પ્રકાર છે. એમાં સંસારી એટલે કે સંકોચ-વિસ્તાર પામવાવાળા જે પાંચ સ્કંધ, એજ દુઃખ છે. સ્કંધ પાંચ જાતના છે. તે આ પ્રમાણે વિજ્ઞાન, વેદના, સંજ્ઞા, સંસ્કાર અને રૂપ. અહીં જુઓ કે ન્યાયદર્શનવાળા કરતાં આ બૌદ્ધો જુદી જ વસ્તુ રજૂ કરે છે. એમાં પાછું નિત્યતાની કે સ્થાયિતાની સામે ક્ષણિકતાના જબરજસ્ત તફાવત ઉપર. તેથીજ ઇન્દ્રભૂતિ ગૌતમને લાગે છે કે આ શાસ્ત્રો પ્રમાણ શી રીતે માનવા ? તેમ એનાથી આત્માની સાબિતિય કેવી ?

**દુઃખના પાંચ પ્રકાર :**

(૧) **વિજ્ઞાન** (૨) **વેદના** (૩) **સંજ્ઞા** (૪) **સંસ્કાર** (૫) **રૂપ :- વિજ્ઞાનમાં** બે પ્રકારના ક્ષણિક વિજ્ઞાન આવે. **૧.** સુષુપ્તિ કાળમાં ચાલે છે તે આલય વિજ્ઞાનધારા; અને બીજું, જાગ્રત દશામાં ચાલે છે તે પ્રવૃત્તિ વિજ્ઞાનધારા. વિજ્ઞાન એટલે તેવા તેવા જ્ઞાનવાળો ક્ષણિક આત્મા, અથવા રૂપવિજ્ઞાન, રસવિજ્ઞાન વગેરે. એ દુઃખરૂપ છે. મોક્ષ, એ બંને વિજ્ઞાનધારાનો અંત આવી જાય, તોજ થાય છે. **૨. 'વેદના'** નામના સ્કંધમાં પૂર્વભવે કરેલા પુણ્યપાપના પરિણામ રૂપે સુખ દુઃખના અનુભવ આવે. આમાં સુખનો અનુભવ પણ દુઃખરૂપ છે; કેમકે એ દુઃખમાં પરિણમે છે, કાલ્પનિક છે, કુવાસનાને પોષે છે. **૩. સંજ્ઞામાં** વસ્તુના નામ આવે. અર્થાત્ સર્વ સંસારિક વસ્તુ નામ માત્ર છે. કાચનો ટુકડો પકડાવી કોઈને જો એમ સમજાવ્યું કે 'તું આ હીરાનો માલિક.' તો જો કે એની પાસે સાચો હીરો નથી આવ્યો તોય હીરાના નામ પર ભ્રમણાથી ખુશ થતો અંતે પસ્તાય છે. એવું જ, માત્ર વિજ્ઞાનમય પણ જગતમાં નામ ઉપર ભ્રમિત થઈ જીવો અંતે વધુ દુઃખમાં સબડે છે. **૪. સંસ્કારમાં** તે વાસના આવે, કે (i) જેના લીધે જગતના પદાર્થો સ્થિર છે, ક્ષણિક નથી, એવો ભ્રમ થયા કરે છે; તેમજ (ii) જેના લીધે શુભાશુભ કર્મના કાલાન્તરે વિપાકો તથા અન્ય પણ સ્મરણો થાય છે, અને (iii) જે વાસનાના પ્રતાપે વિશ્વના ક્ષણિક પદાર્થોની પેદા થતી વ્યક્તિગત પરંપરા (સંતાન)માં તે તે કાર્યની અને ગુણધર્મોની ઉત્પત્તિ થાય છે. દા.ત. બીજને ખેતર, પાણી વગેરેનો સંયોગ મળ્યો, તો તેમાં કુર્વદ્રૂપત્વ નામનો સંસ્કાર ઉત્પન્ન થયો, તેનાથી બીજી ક્ષણે અંકુર જન્મે છે. આ વિવિધ સંસ્કારો પણ જીવને દુઃખદાયી છે. **૫. 'રૂપ'** નામે સ્કન્ધ એટલે ભાસમાન થતો પરમાણુનો પુંજ. બૌદ્ધ-મતે પરમાણું એજ તાત્ત્વિક પદાર્થ છે. બાકી જગતમાં જે ઘડો, વસ્ત્ર, વગેરે સ્થૂલ પદાર્થો દેખાય છે તે બધા તો પરમાણુના પુંજ છે. જેમ ઘઉંનો પુંજ (ઢગલો) એ કાંઈ ઘઉંથી જુદી વસ્તુ નથી, એ તો ઘઉંજ છે, તેમ મોટા સ્કંધો પણ પરમાણુથી જુદી કોઈ જ વસ્તુ નથી,

પુંજાત્મક પરમાણુ જ છે. એને જુદા જુદા 'રૂપ' તરીકે જોઈ જગત દુઃખી થાય છે. **આમ પાંચે સ્કન્ધો એ દુઃખ તત્ત્વ છે.**

**બીજું તત્ત્વ 'સમુદાય,'** એ સકલ રાગદ્વેષાદિ સમુદાયનું ઉદ્ભવસ્થાન છે; એમાંથી આ મારું, આ પર, આ પારકું, વગેરે રાગ-દ્વેષ કરાવનારા ભાવ (લાગણીઓ) જન્મે છે.

**ત્રીજું આર્યસત્ય (તત્ત્વ) 'માર્ગ' નામે છે :-** સર્વે સંસ્કારો અને સર્વે પદાર્થો ક્ષણિક છે, એવી યુક્તિ અનુમાન વગેરે દ્વારા જે સચોટ શુભ વાસના અર્થાત્ ક્ષણ પરંપરામાં માનસિક પ્રતીતિ જન્મે છે, તેને **માર્ગ** (નિર્વાણનો માર્ગ) કહે છે. હું અને મારું કાંઈ જ નથી એવી નૈરાત્મ્ય વાસના પણ માર્ગ છે. **સમુદાય** એ સંસારને પેદા કરે છે, ત્યારે માર્ગ એ મોક્ષને ઉત્પન્ન કરે છે, કેમકે માર્ગથી રાગદ્વેષ મોહ અટકે છે.

**ચોથું આર્યસત્ય 'નિરોધ' :-** નિરોધ એટલે મોક્ષ-અપવર્ગ. સર્વક્ષણિકત્વ અને નૈરાત્મ્યની ભાવના રૂપ **માર્ગથી** નિરોધ થાય છે; અર્થાત્ સંક્લિષ્ટ ચિત્તની ધારાનો અંત આવે છે. પછી કલેશ રહિત, વાસનારહિત, વિષયાવભાસરહિત શુદ્ધ (નિરૂપપ્લવ) વિજ્ઞાન ધારા ચાલે છે, તે નિર્વાણ મોક્ષ. આ ચાર તત્ત્વો સૌત્રાન્તિક બૌદ્ધમતે છે.

**બૌદ્ધના ચાર પ્રકાર :-** બૌદ્ધમતમાં માધ્યમિક, યોગાચાર, સૌત્રાન્તિક અને વૈભાષિક એમ ચાર ભેદ છે. એટલે એમ પાછું એક જ ઘરમાં પરસ્પર અથડામણ. ત્રિભુવનપતિ શ્રી મહાવીર પરમાત્મા ઇંદ્રભૂતિજીને કહે છે કે તમારું ચિત્ત શાસ્ત્રોની અન્યોન્ય વિરોધ કરનારી વાતોથી મુંઝાઈ ગયું, અને તમને એમ થયું કે જીવની સાબિતિમાં શાસ્ત્રો કાંઈ ફાળો આપી શકતા નથી. **માધ્યમિક** બૌદ્ધ કહે છે કે **સર્વં શૂન્યમ્** જગત જે કાંઈ દેખાય છે કે બધું અસત્ છે. તો આત્મા ? આત્મા પણ શૂન્ય છે, અસત્ છે, કેમકે 'સત્ ઉત્પન્ન થાય કે અસત્' એની વિચારણામાં અંતે બધું અસત્ ઠરે છે.

**પ્ર.**- ત્યારે આ બધું આંખે દેખાય છે તે શું જુઠું ? જોનાર ખોટો ?

ઉ.- હા, સ્વપ્નની જેમ બધું જ કલ્પિત છે. જોનાર પણ કલ્પિત અને દેખાય તેય કલ્પિત.

**યોગાચાર** કહે છે કે બધું અસત્ નહિ, પણ પૃથ્વી પાણી, રૂપ, રસ વગેરે પદાર્થો અસત્ છે, માત્ર તેનું જ્ઞાન જે થાય છે, તે વિજ્ઞાન જ સત્ છે, એને વિજ્ઞાનવાદી કહે છે.) કેમકે જ્ઞાનની હારોહાર પદાર્થ દેખાય છે, જ્ઞાનની પૂર્વે કે



પછી કશું જ જણાતું નથી. એ સૂચવે છે કે ખરી વસ્તુ જ્ઞાન જ છે. અનાદિની મેલી વાસનાથી એમ લાગે છે કે મારી અંદર ઘડાનું જ્ઞાન છે અને બહાર જુદો ઘડો છે.

**પ્ર.**- ઘડો હોય તો જ ઘડાનું જ્ઞાન થાય ને ?

ઉ.- કુંભાર પહેલા મનમાં 'આવો ઘડો બનાવીશ,' એવું **ઘડાનું જ્ઞાન** કરે છે, પછી ઘડો બને છે, એવું તો તમે માનો છો ને ? ત્યાં તો ઘડા વિના પહેલા ઘડાનું જ્ઞાન આવ્યું, તો પછી તમારો નિયમ ક્યાં રહ્યો ? માટે સમજો કે ખરી રીતે બહાર દેખાતી કોઈ વસ્તુ તાત્ત્વિક છે જ નહિ; જે તાત્ત્વિક છે તે વસ્તુનું વિજ્ઞાન છે. તે ક્ષણિક છે.

ત્રીજો **સૌત્રાન્તિક** બૌદ્ધ કહે છે કે એમ નહિ બહાર દેખાતી વસ્તુ પણ સત્ છે; પરંતુ તે સાક્ષાત્ પ્રત્યક્ષથી સિદ્ધ નથી, કિંતુ જ્ઞાન પરથી તેનું અનુમાન થઈ શકે છે. અર્થાત્ વિજ્ઞાન સ્વતઃ પ્રત્યક્ષ છે, અને બાહ્ય પદાર્થો અતીન્દ્રિય હોઈ અનુમાનથી સાબિત થાય છે. યોગાચાર મતમાં પહેલાં દર્શાવેલા કુંભારના દૃષ્ટાન્તના આધારે પહેલું જ્ઞાન સિદ્ધ થાય છે. પરંતુ તે વિષય વિના હોઈ શકે નહિ, માટે બાહ્ય વિષય પણ માનવા જ જોઈએ. માત્ર તે જ્ઞાનના આધારે સિદ્ધ થતા હોવાથી અતીન્દ્રિય કહેવાય.

**ચોથો વૈભાષિક બૌદ્ધ** એમ કહે છે કે બાહ્ય વિષય પણ જ્ઞાનની જેમ પ્રત્યક્ષસિદ્ધ છે. તેમ ન માનો તો જે એવા બે જુદા અનુભવ થાય છે કે એક 'હું અગ્નિ પ્રત્યક્ષ જોઈ રહ્યો છું' અને બીજું 'મને અગ્નિ સાક્ષાત્ દેખાતો નથી, પરંતુ ધુમાડાથી અવશ્ય અગ્નિનું અનુમાન થાય છે,' એ બંનેમાં શો ભેદ ? બંનેય પ્રામાણિક અનુભવ છે. એટલે જ અગ્નિ પ્રત્યક્ષસિદ્ધ પણ ખરો, અને અનુમાનસિદ્ધ પણ ખરો, એમ સાબિત થાય છે.

આમ બૌદ્ધમતમાંનો આછો ખ્યાલ કર્યો, એના મતમાં મુખ્યપણે 'ક્ષણિકં ક્ષણિકં', 'દુઃખં દુઃખં,' 'સ્વલક્ષણં સ્વલક્ષણં,' અને 'શૂન્યં શૂન્યં' એમ ચાર ભાવના છે. એમાં સ્વલક્ષણ એટલે, પૂર્વે કહ્યું છે તે મુજબ પરમાણુ જે સ્વતઃ સિદ્ધ છે, તે સ્વલક્ષણ કહેવાય છે; અને ક્ષણિકં-દુઃખં-શૂન્યંના વર્ણન થઈ ગયા છે.

નૈયામિક અને બૌદ્ધના મતના આકાશપાતાલીય અંતર અને વિરોધ જાણ્યા પછી એ શાસ્ત્રો પર શી રીતે આધાર રખાય ? ત્યારે હવે વેદાન્તી અને વૈશેષિકના અંતર તથા વિરોધ જુઓ.

## (૬૦) ગણધરવાદ-૫

**પહેલા ગણધર ઈંદ્રભૂતિ ગૌતમના પ્રશ્ન.**

**જીવ છે એવું શાસ્ત્ર પ્રમાણથી સાબિત કેમ થાય ? કારણ કે શાસ્ત્રો પરસ્પર વિરુદ્ધ વાતો કહે છે.**

(પૂર્વે પ્રત્યક્ષ-અનુમાન વગેરેથી જીવ નથી એ સાબિત કર્યા પછી ચાર્વાક (નાસ્તિક) દર્શન, ન્યાયદર્શન તથા બોદ્ધના દર્શનોના પરસ્પર વિરુદ્ધ મત બતાવ્યા. અને હવે વેદાન્ત-દર્શન વૈશેષિક દર્શનના મત કહે છે.)

**વેદાન્તદર્શનવાળા કહે છે કે :-** ब्रह्मसत्यं, जगन्मिथ्या એક શુદ્ધ આત્મા એજ પરમાર્થથી સત્ વસ્તુ છે. દેખાતું જગત એ પરમાર્થથી મિથ્યા છે, અસત્ છે.

**પ્ર.**- તો પછી સાચો સાપ અને ઝાંખા પ્રકાશે દોરડામાં કલ્પાતો સાપ એ બંનેય મિથ્યા, તેથી બંનેય સરખા થશે !

ઉ.- ના, એ બેમાં ફરક છે. સાચો સાપ વ્યવહારથી સત્ય છે, પણ દોરડામાં કલ્પાતો સાપ વ્યવહારથી સાચો નથી. છતાં તત્કાળ પુરતું જે લાગ્યા કરે છે કે 'આ સાચેસાચ સાપ હું જોઈ રહ્યો છું.' તે સાપની પ્રાતિભાસિક સત્તાને લઈને. એનો અર્થ એ થયો કે સત્ ત્રણ પ્રકારે :- ૧. શુદ્ધ નિરંજન નિરાકાર નિર્ગુણબ્રહ્મ એ પરમાર્થથી સત્, ૨. જગત વ્યવહારથી સત્ એમાં કાર્ય-કારિત્વ ઉત્પત્તિ-નાશ વગેરે વ્યવહાર ચાલે છે. અને ૩જું કાલ્પનિક ભ્રાન્ત વસ્તુ એ પ્રતિભાસથી સત્. આ હિસાબે અનેક જીવાત્માઓ એ વ્યવહારથી સત્ છે, કેમકે એમાં જન્મ-મરણ, શુભાશુભકર્મ-કર્તૃત્વ, સુખદુઃખાદિ-અનુભવ-કારિત્વ વગેરેનો વ્યવહાર થાય છે.

**પ્ર.**- પરમાર્થથી એક શુદ્ધ બ્રહ્મ જ જો સત્ છે, તો પછી એ સદા તેમજ છે, તો અનેક જીવાત્મા, પૃથ્વી વગેરે ભૂતો એ બધો વ્યવહાર ક્યાંથી જન્મ્યો ?

ઉ.- અવિદ્યાથી, માયાથી.

**પ્ર.**- તો પછી વેદાન્તદર્શન અદ્વૈતવાદી ક્યાં રહ્યું ? અદ્વૈત એટલે જેમાં દ્વૈત નહિ, અર્થાત્ શુદ્ધ બ્રહ્મને છોડીને બીજું તત્ત્વ નહિ. અહીં તો પાછું સાથે તમે અવિદ્યા તત્ત્વ બતાવ્યું !

ઉ.- આમાં તમારી ગેરસમજ છે. બ્રહ્મને જેમ સત્ કહીએ છીએ, એવી અવિદ્યા સત્ નથી.

**પ્ર.**- તો પછી અવિદ્યા અસત્ ઠરવાથી ગગન પુષ્પની જેમ શું કાર્ય કરી શકે ?



ઉ.- અવિદ્યા અસત્ પણ નથી. તેમ સદ્-અસત્ ઉભય સ્વરૂપ પણ નથી.

**પ્ર.**- ત્યારે અવિદ્યા કેવી છે ?

ઉ.- અવિદ્યા અનિર્વચનીય છે. એનામાં આવરણશક્તિ અને વિક્ષેપશક્તિ છે. આવરણશક્તિથી બ્રહ્મ ભૂલાય છે. વિક્ષેપશક્તિથી જગત કલ્પાય છે, આ અવિદ્યાથી આવૃત્ત ચૈતન્ય (બ્રહ્મ)એ જીવાત્મા અને માયાથી અવચ્છિન્ન ચૈતન્ય એ ઈશ્વરાત્મા. ઈશ્વરાત્મા દશ્ય જગતનું સર્જન કરે છે. જીવને અન્નમય કોશ, પ્રાણમય કોશ, વિજ્ઞાનમય કોશ વગેરે પાંચ કોશ હોય છે, એના આધારે તે તે પ્રવૃત્તિ થાય છે.

**ભ્રમ અને તત્ત્વજ્ઞાન :-** પણ આ બધુંય વ્યવહારથી સત્ છે. જીવ એને પરમાર્થથી સત્ માને છે, તેથી પોતે પોતાને બંધાયેલો સમજે છે. જેમ ભ્રમથી ઘેટાંના ટોળામાં ભળી ગયેલું સિંહનું બચ્ચું પોતાનું અસલ સ્વરૂપ ભૂલી પોતાની જાતને ઘેટા જેવી સમજે છે, તેમ અહીં પણ અવિદ્યાથી શુદ્ધ બ્રહ્મનું સ્વરૂપ વિસરાઈ જવાથી 'હું જીવાત્મા, બીજા જીવાત્માઓથી જુદો; કર્મનો કર્તા-ભોક્તા, પૃથ્વી વગેરે ભૂતોનો દ્રષ્ટા-ગ્રહીતા-ઇત્યાદિ સમજ ઊભી થઈ છે. પછી તો અવિદ્યાવશ-અજ્ઞાનવશ શું શું પ્રવર્તન ન કરે ? જો એ तत् त्वम् असि તે (શુદ્ધ બ્રહ્મ) તું છે' એવા વેદ વાક્યથી સમજે છે, 'જે તું તને પોતાને આ શરીરધારી અને જડનો ભોક્તા સમજે છે, તે ખોટું છે; તું આવો નથી, તું તો તે પૂર્વોક્ત પરમ શુદ્ધ આત્મા છે; અશરીરી અકર્તા, અભોક્તા છે; અદ્વિતીય છે, તારા સિવાય જગત જેવી બીજી કોઈ વસ્તુય નથી, તેમ બીજો કોઈ આત્માય નથી,' તો એ તત્ત્વજ્ઞાનથી અનાદિની અવિદ્યા ટળે અને વ્યવહાર અટકી શુદ્ધ બ્રહ્મનો સૂર્ય ઝગમગે.

**વેદાન્તની ખાસ વસ્તુ : ૧. તત્ત્વ-બોધ :** વેદાન્તી પોતાના દર્શનની શ્રેષ્ઠતા બતાવતાં કહે છે કે જ્યારે આ રીતે તત્ત્વ વ્યવસ્થા છે, તો ઉત્તમ કોટિની તત્ત્વ બુદ્ધિથી વૈરાગ્ય-ભાવના અને અસત્ પ્રવૃત્તિનો ત્યાગ થઈ શકે છે. જીવાત્મા પોતાને અવિનાશી શુદ્ધ સત્-ચિત્-આનંદ સ્વરૂપ જ સમજે, એ કેવી સુંદર તત્ત્વ બુદ્ધિ ? **સત્** એટલે કલ્પિત કે વ્યાવહારિક નહિ, પણ તાત્ત્વિક વસ્તુસ્વરૂપ; ચિત્ એટલે જ્ઞાનસ્વરૂપ; અને આનંદ એટલે શુદ્ધસુખ સ્વરૂપ.

**પ્ર.**- આ હિસાબે બ્રહ્મમાં સત્પણું, ચિત્પણું અને આનંદ. એ ત્રણ ધર્મ ખરા કે નહિ ? જો કહો કે ખરા, તો એક તો બ્રહ્મ ધર્મી સત્ (તાત્ત્વિક) અને બીજા આ ધર્મ સત્ (તાત્ત્વિક), એમ થયું, તેથી તો દ્વૈતવાદ આવ્યો, અદ્વૈત એટલે કે 'એકલો બ્રહ્મ એ જ તાત્ત્વિક' એવું ન રહ્યું ! ત્યારે જો કહો કે બ્રહ્મમાં એ સત્પણું વગેરે ધર્મો જેવું કાંઈ નથી, તો પ્રશ્ન એ છે, કે તો પછી એ ધર્મ વિના બ્રહ્મ

સત્ચિત્-આનંદ (સચ્ચિદાનંદ) સ્વરૂપ શી રીતે ?

**ઉ.**- શુદ્ધ બ્રહ્મરૂપી આત્મામાં મિથ્યાત્વ જે નથી, એજ એનું સત્ સ્વરૂપ; જડત્વ અજ્ઞાન નથી એજ એનું ચિદ્મય સ્વરૂપ. અને દુઃખનું નામ નિશાન નથી એજ એનું આનંદ સ્વરૂપ છે. આ રીતે અનિચ્છનીય ધર્મો નહિ હોવાથી તે તે સ્વરૂપ કહી શકાય છે, તો બીજા ભાવાત્મક ધર્મ માનવાની જરૂર નથી. દા.ત. મજુરના માથે ત્રણ મણમાંથી એક મણ ભાર નીચે ઉતાર્યો, ત્યાં ખરી રીતે માત્ર ભારનું દુઃખ ઓછું થયું છે, છતાં એ સુખી થાય છે. તો સુખી સ્વરૂપ માટે જેમ ખાસ સુખ ધર્મની જરૂર ન પડી, તેમ શુદ્ધ અદ્વિતીય બ્રહ્મમાં પણ તે તે સ્વરૂપ માટે ધર્મોની જરૂર નથી. તેથી અદ્વૈતવાદમાં કોઈ ક્ષતિ નથી.

**બીજી વિશેષતા : વૈરાગ્યભાવના :**- આ રીતે જ્યારે **'તત્ત્વમસિ'** વાક્યથી તત્ત્વબોધ થાય છે, ત્યારે સમજે છે જે કે જેમ તરંગી સરોવરમાં અનેક ચંદ્રનાં પ્રતિબિંબ દેખાય, પણ વસ્તુગત્યા ચંદ્ર એક જ છે, તેમ એક બ્રહ્મઆત્માના આ બધા જીવાત્માઓ માત્ર પ્રતિબિંબ સ્વરૂપ છે, પણ પરમાર્થથી સત્ નથી; એમજ સારા સારા દેખાતા ભૌતિક પદાર્થો પણ પરમાર્થથી સત્ નથી. આ તત્ત્વજ્ઞાનથી વૈરાગ્ય જન્મે છે. પરમાર્થથી અસત્ પદાર્થ ઉપર રાગદ્વેષ શા કરવા એમ સમજી રાગદ્વેષ રોકે છે. ઈન્દ્રિયોનું દમન કરે છે. કામ-ક્રોધ-તૃષ્ણાદિ વૃત્તિઓનું શમન કરે છે. આ રીતે તત્ત્વ-બોધ, વૈરાગ્ય-શમ-દમ-તિતિક્ષાદિ દ્વારા શુદ્ધ પરમ બ્રહ્મસ્વરૂપ પ્રાપ્ત થાય છે, એમ વેદાન્તી કહે છે.

**ઉપસંહાર :**- તો પછી પરમાર્થથી અનેક આત્મા, પંચભૂત વગેરે શા માટે માનવા ? એમાં વૈરાગ્ય-શમ-દયાદિ કરવા મુશ્કેલ છે. તેમ જો પહેલેથી આત્મા શુદ્ધ નહિ તો અનાદિમલિન એવો એ શુદ્ધ થવાની મુક્ત થવાની આશા શી ?

વેદાન્ત દર્શન આ પ્રમાણે કહે છે, ત્યારે **વૈશેષિક દર્શન કહે છે કે 'એમ નહિ. આત્મા અનંતા છે. મલિન હોવા છતાં મેલ દૂર થવાથી શુદ્ધ અને મુક્ત થઈ શકે છે. મેલ દૂર થવા માટે આ રીતે તત્ત્વ-બોદ્ધ-વૈરાગ્ય-શમ-દયાદિને અવકાશ છે.**

''દિવ્ય-દર્શન''-''પ્રવચન મહોદધિ'' વર્ષ-૧,અંક-૧૦,તા.૩૧-૧૦-૧૯૫૨

## (૬૧) ગણધરવાદ-૬

**વૈશેષિક દર્શન :** આ મતે જગત સાત વાસ્તવિક પદાર્થોનું બનેલું છે. દ્રવ્ય-ગુણ-કર્મ-સામાન્ય-વિશેષ-સમવાય-અભાવ, એ સાત પદાર્થો છે. એમાં દ્રવ્ય એ ગુણોનો આશ્રય છે. કર્મ એટલે ક્રિયા. સામાન્ય એટલે જાતિ, દા.ત. ઘટપણું,



મનુષ્યપણું વગેરે સામાન્ય કહેવાય. વિશેષ એટલે એક પરમાણું એ બીજા પરમાણુથી જે જુદી વ્યક્તિ છે, એ માટેની એમાં રહેલી ખાસીયત. સમવાય એ કાર્ય અને ઉપાદાન કારણનો, તેમજ દ્રવ્ય-ગુણ વગેરેનો સંબંધ છે. અભાવ અંગે વૈશેષિક કહે છે કે 'જેમ ઘડો છે' એવું જ્ઞાન ચોક્કસ વસ્તુને લઈને થાય છે; તેમ 'ઘડો નથી' એવું જ્ઞાન પણ 'ઘટાભાવ' નામના ચોક્કસ પદાર્થને લઈને થાય છે. ઘટનો નાશ પણ 'ઘટધ્વંસ' નામનો એક પદાર્થ છે. વૈશેષિકો દ્રવ્યો નવ માને છે. પૃથ્વી-જલ-તેજ-વાયુ-આકાશ-કાલ-દિશા-આત્મા અને મન. આત્મા અનંત છે. શુભ-અશુભ અદૃષ્ટ ગુણથી સંસારમાં આત્મા સુખદુઃખ પામે છે; અને તત્ત્વજ્ઞાનથી મોક્ષ પામે છે.

**વેદાન્તી વૈશેષિકનો આત્મભેદ :** વૈશેષિકો આત્માને નૈયાયિકની જેમ વિશ્વવ્યાપી અને નિત્ય કહે છે, અને સાંખ્યની જેમ આત્મા અનંતા માને છે, પણ વેદાન્તીની જેમ એક નહિ. એમાં કારણ એ બતાવે છે કે જો એક જ આત્મા હોય, તો એની મુક્તિ ક્યારે ? જેમ એક માણસના હાથ, પગ, છાતી વગેરે બંધાયેલા છે; તેની મુક્તિ તો સર્વ બંધનો તૂટે ત્યારે જ થાય ને ? તેમ, અહીં બ્રહ્મ જે અનેક અવિદ્યાવચ્છેદેન બદ્ધ છે, તે સર્વ અવિદ્યાના બંધન તૂટ્યા વિના મુક્તિ શી રીતે ? વળી એક આત્મવાદમાં કોણ ગુરુ, કોણ શિષ્ય ? શુદ્ધ ઈશ્વર કોણ ? શુદ્ધ શાસ્ત્ર શું ? કેમકે બ્રહ્મ સિવાય બધું જ અપારમાર્થિક, અતાત્ત્વિક છે. અવિદ્યા પણ અતાત્ત્વિક ! તો અતાત્ત્વિક એવી અવિદ્યાથી તાત્ત્વિક એવા બ્રહ્મને બંધાવાનું શું ? અથવા ભ્રમ શો ?

**પ્ર.**- કલ્પિત સાપથી ભ્રમ અને ભય નથી થતો ? એમ અહીં થવામાં શો વાંધો ?

**ઉ.**- અહીં બે વાંધા છે. એક તો, ત્યાં કલ્પિત સાપની કલ્પના કોઈ મોજુદ વસ્તુસત્ દોરડામાં કે છાયા વગેરેમાં છે. તેમજ કલ્પક જીવ પણ મોજુદ છે. એમ અહીં અવિદ્યા કંઈ સત્ વસ્તુમાં છે, કે એના પર બ્રહ્મ ભ્રમમાં પડે ? તમારે ત્યાં બ્રહ્મ સિવાય તો બીજું કશું જ તાત્ત્વિક નથી. ભ્રમ માટે પણ કલ્પક અને કલ્પનાનું અધિષ્ઠાન, બંનેય વિદ્યમાન સત્ જોઈએ. બીજું એ, કે બ્રહ્મ તો શુદ્ધ નિર્ગુણ છે. એને વળી ભ્રમ શી રીતે ? આની સામે વેદાન્તી કહેશે કે, એ તો અનાદિ કાળથી ચાલી આવે છે.

**મુક્તિમાં મતભેદ :** બ્રહ્મની એટલે શુદ્ધ આત્માની નિર્ગુણતા સંબંધમાં વૈશેષિકનો મોટો વિરોધ છે. એ કહે છે કે, 'આત્મામાં પાંચ સામાન્ય ગુણો છે; સંયોગ, વિભાગ, પૃથક્ત્વ, સંખ્યા અને પરિણામ; અને નવ વિશેષ ગુણો છે, : જ્ઞાન, ઈચ્છા, કૃતિ, દ્વેષ, સંસ્કાર, શુભાશુભ અદૃષ્ટ, સુખ અને દુઃખ, મુક્તિમાં



E:/Divya-Darshan(part-11).pmd/prf.5

માત્ર પાંચ સામાન્ય ગુણ રહે છે. સાથે બીજા ધર્મો, જેવા કે, આધારતા, અભાવ, પ્રતિયોગિતા, વિષમતા, વાચ્યતા, વગેરેય રહે છે. એટલે, વૈશેષિક મતે આત્મા-સગુણ-સધર્મક છે, ત્યારે વેદાન્તીએ આત્માને નિર્ગુણ નિર્ધર્મક કહ્યો છે. વેદાન્તી આત્માને સદા જ્ઞાન-આનંદસ્વરૂપ કહે છે. પણ જ્ઞાનઆનંદવાળો નહિ. ત્યારે વૈશેષિકો સંસારી આત્માને જ્ઞાન-સુખવાળો અને મુક્ત આત્માને જ્ઞાન અને સુખ વિનાનો જ માને છે. શાસ્ત્રોના કેવા મહાન વિરોધ ! વેદાન્તી કોઈ ધર્મ વિના બ્રહ્મને સત્ કહે છે, ત્યારે આ વૈશેષિક-નૈયાયિક સત્તાધર્મ વડે આત્માને સત્ કહે છે !

આમ આપણે નાસ્તિક-આસ્તિક શાસ્ત્રોના, અને આસ્તિકોમાં ન્યાય-બૌદ્ધ શાસ્ત્રોના, તથા વેદાન્તી-વૈશેષિક શાસ્ત્રોના મહાન મતભેદ જોઈ આવ્યા, હવે બીજા શાસ્ત્રોના મતભેદ જોઈએ. આ બધું શું ચાલે છે એ ભૂલશો નહિ. પ્રભુ મહાવીરદેવ, ઈન્દ્રભૂતિજીને 'જીવ નથી' એવું કેમ લાગ્યું, એનાં કારણ બતાવે છે. એમાં શાસ્ત્ર (આગમ) પ્રમાણની શ્રદ્ધા નહિ થવામાં જીવની વાત કરનારા શાસ્ત્રોના અન્યોન્ય વિરોધ દેખાય છે, તે વર્ણવે છે.

**સાંખ્યદર્શનની પ્રક્રિયા** એવી છે કે એને ત્યાં મુખ્ય તત્ત્વ બે : પુરુષ અને પ્રકૃતિ. **પુરુષ** એટલે ચેતન આત્મા. **પ્રકૃતિ** એટલે જડ સત્ત્વ-રજસ્-તમસ્ એ ત્રણ ગુણોની સામ્યઅવસ્થા. સરખા માપે સંમિશ્રિત થયેલ એ ત્રણ ગુણોની ત્રિગુણાત્મક પ્રકૃતિ કહેવાય. સત્ત્વ પ્રકાશાત્મક છે, ઉદારતાદિ ગુણો અને અહિંસાદિ ધર્મો એમાંથી જન્મે છે. રજસ્ ચલનાત્મક છે, પ્રવૃત્તિશીલ છે, કાંઈને કાંઈ હીલચાલ કરવા જોઈએ. તમસ્ એ મોહાત્મક છે, અંધકારાત્મક છે. એમાંથી રાગ દ્વેષાદિ દોષો પ્રગટ થાય છે. જ્યારે એ ત્રણમાં વિષમ અવસ્થા થાય અર્થાત્ ત્રણમાંથી સત્ત્વનું કે રજસ્નું કે તમસ્નું માપ વધે ઘટે, ત્યારે એ **મહત્તત્ત્વ**, બુદ્ધિતત્ત્વ બન્યું. એમાંથી **અહંકાર** તત્ત્વ બને છે. અહંકારમાંથી શબ્દ-રૂપ-રસ-ગંધ-સ્પર્શની પાંચ તન્માત્રા સૂક્ષ્મરૂપે ઉત્પન્ન થાય છે. એ તન્માત્રામાંથી પંચ **મહાભૂત** પૃથ્વી વગેરે પેદા થાય છે. એવું જ, પંચ તન્માત્રામાંથી ચક્ષુ વગેરે પાંચ **જ્ઞાનેન્દ્રિય,** હાથ-પગ વગેરે પાંચ **કર્મેન્દ્રિય**, અને એક મન (અંતઃકરણ) ઉત્પન્ન થાય છે. આ અગિયાર અને પાંચ મહાભૂત, એમ સોળનો ગણ પાંચ તન્માત્રામાંથી થયો. એટલે સોળ અને પાંચ એકવીસ થયા. એમાં અહંકાર, મહત્તત્ત્વ અને પ્રકૃતિ એ ત્રણ ભેળવતાં ચોવીસ બને. સાથે એક પુરુષતત્ત્વ, એમ કુલ પચીસતત્ત્વ સાંખ્ય-મતે છે. અહીં પુરુષ અર્થાત્ આત્માનું પ્રકૃતિમાં એટલે કે મહત્તત્વમાં પ્રતિબિંબ પડે છે. એથી ભ્રમ ઊભો થાય છે કે ચેતન પુરુષ બધું કરે છે. આમાં બે ભ્રમ થયા, એક એ, કે પુરુષ જે કૂટસ્થ નિત્ય રહેવાથી કશું કરતો નથી. તેનામાં કર્તાપણાનો આરોપ ખરી રીતે



જ્ઞાતાપણું, કર્તાપણું, ભોક્તાપણું એ પ્રકૃતિના ધર્મો છે. જ્ઞાન, પ્રયત્ન, સુખ, દુઃખ, રાગદ્વેષ વગેરે જડ પ્રકૃતિના ગુણો છે. એમ સાંખ્ય અને પતંજલિનું યોગદર્શન કહે છે. તેથી જ્યારે સાચું જ્ઞાન થાય છે કે, 'પ્રકૃતિથી હું પુરુષ જુદો છું અને હું કર્તા નથી, જ્ઞાતા નથી, ભોક્તા નથી, બુદ્ધ નથી, મુક્ત નથી,' ત્યારે એ **વિવેકખ્યાતિરૂપી** તત્ત્વજ્ઞાનથી ક્રમશઃ પ્રકૃતિનો પુરુષ સાથેનો સબંધ છૂટી જાય છે. કેમકે જ્યારે કર્તાપણાનું, ભોક્તાપણાનું અભિમાન નથી રહેતું, ત્યારે અદૃષ્ટ (પાપપુણ્ય)ના સંસ્કાર નથી જન્મતા. એમ પ્રકૃતિનો સર્વથા અસંબંધ એ મોક્ષ. એમ સાંખ્યો કહે છે.

**પાતંજલ યોગ દર્શન :** એ સાંખ્યદર્શને માનેલા પચીસ તત્ત્વ ઉપરાંત નિત્ય ઈશ્વર માને છે, એટલે, સાંખ્યમતે જગત્કર્તા ઈશ્વર છે. ત્યારે યોગમતે જગત્કર્તા ઈશ્વર છે. **એક નિરીશ્વરવાદી, બીજો સેશ્વરવાદી.** બાકી બીજું સમાન છે. પણ યોગ દર્શને મોક્ષની સાધના અંગેના નિરૂપણમાં જબરદસ્ત વિકાસ કર્યો છે, એથી એ એક જુદું દર્શન ગણાયું. અહીં એ સાધના-વિધિના વિસ્તારનો અવકાશ નથી. મુખ્યતયા યમ, નિયમ, આસન, પ્રાણાયામ, પ્રત્યાહાર, ધારણા, ધ્યાન, સમાધિ-એમ અષ્ટાંગ યોગ છે. એમાં સમાધિ, સંપ્રજ્ઞાત અને અસંપ્રજ્ઞાત એમ બે ભેદ છે; એની સાધના માટે પૂર્વના અંગોની ભૂમિકા છે.

**મીમાંસક દર્શનને** પૂર્વ મીમાંસક કહે છે ત્યારે ઉત્તર મીમાંસક તરીકે વેદાન્ત દર્શન છે. ઉત્તર મીમાંસક વેદના પાછળના જ્ઞાનકાંડ તરફ ઢળ્યો, ત્યારે પૂર્વ મીમાંસક વેદના કર્મકાંડના પૂર્વભાગ તરફ વળ્યો-એટલે મીમાંસકમાં મુખ્ય કર્મકાંડ છે. એ કહે છે કે, કર્મનિષ્ઠ બનવાથી મુક્તિ થાય. કર્મો ત્રણ જાતનાઃ- નિત્ય, નૈમિત્તિક અને કામ્ય. ત્રણેને બતાવનાર વેદ છે. નિત્યમાં રોજ આચરવાના સંધ્યા વંદનાદિ આવે, નૈમિત્તિકમાં નિમિત્ત વિશેષ ઉદ્ભવતા પિંડદાન, પ્રાયશ્ચિત્તાદિ આવે, અને કામ્યમાં પુત્ર-સ્વર્ગાદિની કામનાથી કરાતા યજ્ઞયાગાદિ આવે. આની સાધના માટે વેદની મંત્ર રૂચાઓ છે. વેદ એ અનાદિ નિત્ય છે.

**મીમાંસકમાં મોટી વાત : વેદ અપૌરુષેય :** મીમાંસકો કહે છે કે વેદને જો કોઈ પુરુષે રચ્યા એવું માનીએ, તો સંભવ છે કે, પુરુષના દોષે વેદ અપ્રમાણ બની જાય, વેદ-આગમ તો સર્વથા શુદ્ધ નિર્દોષ હોય તો જ પ્રમાણભૂત રહી શકે. મુક્ત આત્મા તો કોઈ રચના બચના કરે નહિ; અને સંસારી આત્મા કરે ખરો, પણ સંસારીમાં કોઈને કોઈ દોષ હોય, તેથી એ શાસ્ત્રની રચના પ્રમાણભૂત ન રહે આજ હિસાબે મીમાંસકો સર્વજ્ઞ કે જગત્કર્તાને નથી માનતા. એ તો કહે છે કે શબ્દ નિત્ય છે, એમ વેદ નિત્ય છે. ઉચ્ચારણથી શબ્દોનો સ્ફોટ (પ્રગટપણું) થાય છે. વેદના મંત્રો અનુસાર યજ્ઞાદિ કર્મ કરતો કરતો ભક્તિ ભાવમાંથી નિષ્કામ ભાવનામાં



E:/Divya-Darshan(part-11).pmd/prf.5

આત્મા ચઢે છે, ત્યારે નિષ્કામ કર્મના યોગે મોક્ષ પામે છે.

**જૈન દર્શન** વળી ષડ્ દ્રવ્ય, સાત તત્ત્વ, અને અનેકાંતવાદ (સ્યાદ્વાદ) માને છે. છ દ્રવ્યમાં પાંચ અસ્તિકાય-દ્રવ્યો એટલે કે પ્રદેશસમૂહ રૂપ દ્રવ્ય છે; અને એક અપ્રદેશી કાલ દ્રવ્ય છે. મત વિશેષે વળી કાલ જુદું દ્રવ્ય નથી, પણ બીજા દ્રવ્યોનો વર્તમાનરૂપ પર્યાય (અવસ્થા) છે. પાંચ અસ્તિકાયમાં (૧) જ્ઞાન દર્શનનાં સ્વભાવવાળા સિદ્ધગુણવાળા જીવાસ્તિકાય. (૨) રૂપરસાદિ ગુણવાળા પુદ્‌ગલાસ્તિકાય. (૩) જીવ-પુદ્‌ગલને ગમનમાં સહાયક તત્ત્વ ધર્માસ્તિકાય, (૪) અને સ્થિરતામાં સહાયક તત્ત્વ અધર્માસ્તિકાય, અને (૫) અવકાશ આપનારું તત્ત્વ આકાશાસ્તિકાય દ્રવ્ય. આ દ્રવ્યો એ ગુણ-પર્યાયના **પરિણામી આધાર છે.** પરિણામી એટલે ખુદ દ્રવ્યો પોતે તે તે ગુણ-પર્યાયમાં **પરિણત** થનારા; પણ નહિ કે વૈશેષિકની જેમ માત્ર તે તે ગુણવાળા પર્યાય એટલે અવસ્થા. ગુણ પણ એક જાતના પર્યાય છે. તેથી મુખ્યતયા દ્રવ્ય-પર્યાયમય જગત છે. સ્થિર અંશ દ્રવ્યનો છે, અસ્થિર અંશ પર્યાયનો. દ્રવ્યોમાં જીવ સિવાયના બાકીના અજીવ છે. એમાં પુદ્‌ગલનો એક પ્રકાર કર્મના પુદ્‌ગલો છે. એ કર્મના સંયોગથી જીવને સંસાર છે અને સર્વથા વિયોગથી **મોક્ષ** થાય છે. કર્મનો સંયોગ એટલે બંધ અને આંશિક વિયોગ એ નિર્જરા. કર્મબંધ થવામાં હેતુઓ મિથ્યાત્વ-અવિરતિ કષાય-પ્રમાદ-અને યોગ છે, એ પાંચ **આશ્રવ** છે; અને એનો નિરોધ કરવા રૂપ સમિતિ ગુપ્તિ વગેરેને **સંવર** કહેવાય છે. આમ જીવ અજીવ-આશ્રવ-બંધ-સંવર-નિર્જરા-મોક્ષ એ સાત તત્ત્વ છે. બંધમાંથી પુણ્ય-પાપ બે જુદા તત્ત્વ કાઢવાથી નવ તત્ત્વ બને. અપેક્ષાએ વસ્તુ અનંતધર્માત્મક છે. ભિન્નાભિન્ન છે, નિત્યાનિત્ય છે, સત્-અસત્ છે. એ અનેકાંતવાદના આધાર પર કહેવાય.

જુદા જુદા દર્શનોની આત્મા અંગની આ બહુ આછી રૂપરેખા થઈ.

"દિવ્ય-દર્શન"-"પ્રવચન મહોદધિ" વર્ષ-૧, અંક-૧૧, તા.૮-૧૧-૧૯૫૨

## (૬૨) ગણધરવાદ-૭

**જુદા જુદા દર્શનો એ આત્મદર્દોના ઔષધો છે :-**

એ દર્શનો જાણે જુદીજુદી જાતનાં આત્મદર્દીઓ માટે જુદા જુદા ઔષધ આપનાર વૈદો છે. અભિમાનીને સાંખ્ય દર્શન કર્તાપણા વગેરેનું અહંત્વ છોડવા કહે છે. કેમકે કાર્ય કરવાવાળી તો પ્રકૃતિ છે, તો પુરુષને કર્તાપણાનું અભિમાન શું ? જ્યારે ઉદ્યમીને સાંખ્ય એમ કહે છે, ત્યારે એદીને મીમાંસક કર્મશીલ બનવાનું કહે



છે. અજ્ઞાનીને વેદાન્તી જ્ઞાનની દવા આપે છે, ત્યારે મમતાળુ ભોગલુબ્ધને બૌદ્ધ કહે છે કે 'મૂર્ખ ન થા ! બધું ક્ષણિક છે. એમાં મમતા અને લંપટતા શી ?' 'ધર્મનાં ફળ ભોગવવા હું હયાત હઈશ કે નહિ,' એવી શંકા ધરાવનારને નૈયાયિક કહે છે 'કે આત્મા નિત્ય છે.' વૈશેષિક પણ એવા બોધનું ઔષધ આપે છે. જૈનદર્શન પાસે એકાંતવાદના આગ્રહ તોડવાનું ઔષધ છે. આમ જુદા જુદા ઔષધરૂપ છતાં દર્શનોમાં પરસ્પરના મોટા મતભેદ છે.

**દર્શનોના મતભેદ : આત્માનું સ્વરૂપ સંખ્યા :-** સાંખ્યો એ નૈયાયિક વૈશેષિકની જેમ આત્મા અનંત સંખ્યામાં માને છે ખરા; પણ નૈયાયિક જ્યારે આત્માને કર્તા, ભોક્તા, બંધનબદ્ધ માને છે, ત્યારે સાંખ્યો આત્માને પુષ્કર પલાશવત્ (કમળપત્રની જેમ) નિર્લેપ એટલે કે અકર્તા, અભોક્તા, અબદ્ધ, કુટસ્થ નિત્ય માને છે. એ એક કેવો મોટો મતભેદ ! એમ વેદાન્તીની જેમ સાંખ્યો આત્માને જ્ઞાનસુખાદિ ગુણોથી રહિત અને સર્વદા શુદ્ધ નિરંજન નિરાકાર માને છે ખરા; પણ સંસારના બીજ તરીકે જ્યારે વેદાન્તી અવિદ્યાની ઉપાધિવાળું ચૈતન્ય (આત્મતત્ત્વ) જે છે, તેમાંથી પૃથ્વી વગેરે ભૂતો પાણીના તરંગની જેમ, પરપોટાની જેમ, પ્રગટ થાય છે આને **વિવર્તવાદ કહે છે.** ત્યારે સાંખ્યો **પરિણામવાદ માને છે.** અને નૈયાયિકો **ઉત્પત્તિવાદ** માને છે. વિવર્તમાં વસ્તુનું તાત્ત્વિક રૂપાંતર કાંઈ નહિ, પણ કલ્પિત રૂપક હોય છે ત્યારે પરિણામમાં વસ્તુનું વાસ્તવિક રૂપાંતર હોય છે. જેમકે માટી ઘડારૂપે બની ગઈ. એ માટીનું રૂપાંતર થયું, એ માટીનો પરિણામ કહેવાય એમાં ભિન્ન જાતની મોટાઈ, આકૃતિ, જુદી જ કાર્યશક્તિ વગેરે છે, તે તાત્ત્વિક છે, પણ આભાસ રૂપ નથી. ત્યારે **વેદાન્તી-મતે** તો એ બધું કલ્પિત છે. એ કહે છે 'કે તરંગમાં પાણી કરતાં શું રૂપાંતર ? પાણીમાં પવન વગેરેથી ગતિ થઈ એટલે અમુક આકૃતિવાળો તરંગ દેખાણો, પણ ખરી રીતે તો એ પાણી જ છે.' ત્યારે પરિણામમાં તો જે દેખાણું. તે વસ્તુ સત્ છે. નૈયાયિક-વૈશેષિકો **ઉત્પત્તિવાદ** માને છે. **પરિણામવાદની** સાથે એનો ફરક એ છે કે ઉત્પત્તિવાદમાં તદ્દન નવી જ વસ્તુ ઉત્પન્ન થાય છે, અર્થાત્ માટી વગેરે ઉપાદાન કારણ-વ્યક્તિ જુદી, અને ઘડો વગેરે ઉત્પન્ન થનાર કાર્ય વ્યક્તિ જુદી હોય છે; અને ઘડો વગેરે ઉત્પન્ન થનાર કાર્ય વ્યક્તિ જુદી હોય છે; ત્યારે પરિણામવાદમાં કાર્ય એ ઉપાદાનથી તદ્દન જુદી વ્યક્તિ નહિ પણ ઉપાદાનનું તાત્ત્વિક રૂપાંતર કહેવાય. એથી જ વ્યવહાર થાય છે કે માટી ઘડારૂપે થઈ ગઈ. અહીં વેદાન્તી કલ્પિત રૂપક માને છે. સાંખ્યને નૈયાયિક કહે છે કે માટીમાંથી ઘડો બન્યો એવો જે વ્યવહાર થાય છે, તે સૂચવે છે કે ઘડો નવો આવ્યો. આમ કારણમાંથી થતા કાર્ય અંગે વિવર્તવાદ, પરિણામવાદ અને ઉત્પત્તિવાદ, એ ત્રણ



E:/Divya-Darshan(part-11).pmd/prf.5

તદ્દન નિરાળા સિદ્ધાન્તો ત્રણ દર્શનમાં પ્રવર્તે છે.

**જગત્કર્તા અને સર્વજ્ઞ :-** બીજી રીતે જોતાં ન્યાય-વૈશેષિક-વેદાન્તી-યોગદર્શનવાળા ઈશ્વરને જગત્કર્તા માને છે, ત્યારે બૌદ્ધ-જૈન-મીમાંસક-સાંખ્યદર્શનવાળા જગતત્કર્તા ઈશ્વર નથી માનતા. સાંખ્ય-બૌદ્ધ અને મીમાંસકો સર્વજ્ઞ નથી માનતા, ત્યારે બીજાઓ સર્વજ્ઞ માને છે.

**આત્મગુણ :-** ન્યાય-વૈશેષિકો દરેક આત્માને વિશ્વવ્યાપી માને છે, ત્યારે જૈનો દેહ-પરિણામવાળો આત્મા કહે છે. તો વેદાન્તી આત્માને પરિણામ વગેરે કોઈપણ ધર્મ કે ગુણ વિનાનો અર્થાત્ નિર્ગુણ-નિર્ધર્મક માને છે. સાંખ્યો જ્ઞાનાદિગુણવિનાનો માત્ર ચૈતન્ય-ધર્મવાળો આત્મા માને છે. પરિમાણ (માપ) ધર્મ તો પ્રકૃતિનો છે, એમ એ કહે છે. જૈનો આત્માને અનંત ગુણવાળો કહે છે.

**જ્ઞાન ચૈતન્ય :-** જૈનો આત્માને જ્ઞાનાદિ-સ્વભાવવાળો કહે છે, ત્યારે વેદાન્તી અને યોગાચાર-બૌદ્ધ આત્માને જ્ઞાન રૂપજ કહે છે, પણ એ જ્ઞાન બાહ્ય વિષય વિનાનું કહે છે. બીજા કહે છે કે, વિષય વિનાનું જ્ઞાન હોય નહિ. ન્યાય-વૈશેષિકો આત્માને આગન્તુક જ્ઞાનાદિગુણવાળો માને છે, પણ મોક્ષમાં કારણના અભાવે જ્ઞાનાદિગુણ નથી હોતા એમ કહે છે. ત્યારે સાંખ્ય તો મૂળથી જ આત્માને જ્ઞાનાદિ વિનાનો કહે છે. આ લોકોને ત્યાં આત્મામાં જ્ઞાન વિનાનું ચૈતન્ય શું ? એમ જૈનો પૂછે છે.

**સંસાર :- નૈયાયિક-વૈશેષિક** મિથ્યાજ્ઞાનથી અદષ્ટગુણે જીવનો જ સંસાર માને છે; ત્યારે **બૌદ્ધ** અનાદિ સ્થાયિત્વવાસના, બાહ્ય પદાર્થ વાસના, અને આત્મીયતાની વાસનાથી સંસાર માને છે. **વેદાન્તી** અવિદ્યાની વિશેષ આવરણશક્તિ અને વિક્ષેપશક્તિથી સંસાર માને છે; ત્યારે **સાંખ્યો** પ્રકૃતિના ભેદજ્ઞાનના અભાવે સંસાર માને છે; અહીં **જૈનો** કહે છે કે, મિથ્યાત્વ-અવિરતિ-કષાય-પ્રમાદ અને યોગથી ઉપાર્જાતા કર્મસંયોગને લીધે સંસાર છે.

**મોક્ષ :- મીમાંસક** કહે છે કે આત્માની મુક્તિ કર્મકાંડ (ક્રિયા)થી થાય. ત્યારે **વેદાન્તી** વગેરે કહે છે કે જ્ઞાનથી મુક્તિ થાય. **જૈનો** કહે છે કે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રથી અર્થાત્ જ્ઞાન અને ક્રિયા ઉભયથી મુક્તિ થાય. ક્રિયામાં પણ મીમાંસકને ત્યાં યજ્ઞ-યાગ-સંધ્યા વગેરેના કર્મ લીધા, ત્યારે જૈનોએ અનશન આદિ બાહ્ય અને પ્રાયશ્ચિત્તાદિ અભ્યન્તર ક્રિયાઓ યાવત્ શૈલેશીકરણ અને યોગ-નિરોધની ક્રિયા લીધી. જ્ઞાનમાં પણ જૈનોએ સમ્યગદર્શન સહિતનું વિશુદ્ધ પંચાચારનું અને દ્રવ્યાનુયોગ વગેરે ચાર અનુયોગનું જ્ઞાન લીધું; ત્યારે નૈયાયિકે પોતે માનેલા સોળ



પદાર્થોનું જ્ઞાન તત્ત્વજ્ઞાન લીધું. બૌદ્ધે ક્ષણિકત્ત્વનું અને નૈરાત્મ્ય ભાવનાનું જ્ઞાન લીધું. સાંખ્યે પુરુષ પ્રકૃતિના ભેદનું જ્ઞાન લીધું, 'પ્રકૃતિથી હું જુદો છું, હું અકર્તા અભોક્તા છું,' એવું વેદાન્તીએ 'તત્ત્વમસિ' એ વેદાન્ત વાક્યનું તત્ત્વજ્ઞાન લીધું.

આમ શાસ્ત્રોમાં અનેકાનેક મતભેદ છે. ત્યાં એના આધારે આત્માની શ્રદ્ધા કેવી રીતે થાય ? અરસપરસ તદ્દન વિરુદ્ધ સ્વરૂપ જ્યાં આત્માનું ચીતરવામાં આવતું હોય ત્યાં પ્રશ્ન થાય છે કે શું આત્મા જેવી વસ્તુ છે, એવી પ્રતીતિ થાય ? કે ઊલટું આત્માની સંભાવના હોય તોય ઊડી જાય, અને આત્મા હોય જ નહિ એવો નિર્ધાર થાય ?

વિશ્વવત્સલ શ્રી વીરપ્રભુ ઈન્દ્રભૂતિજીને કહે છે કે "હે ઈન્દ્રભૂતિ ગૌતમ ! આ રીતે તમને પ્રત્યક્ષાદિ જુદા જુદા પ્રમાણમાંનું કોઈ પ્રમાણ આત્માની સાબિતીમાં નથી મળતું, એમ લાગ્યું, ત્યારે બીજા વેદ વાક્યોમાંના કેટલાક વાક્યો આત્માના અસ્તિત્વનું સમર્થન કરનારાં મળ્યાં. તેથી અહીં સંદેહ થાય છે કે, શું સમજવું આત્મા છે કે નહિ ?

પરંતુ હે વિદ્વાન્ ઈન્દ્રભૂતિ ! હવે તમે જુઓ કે આત્મા અનેક પ્રમાણથી કેવો સ્પષ્ટ રીતે સાબિત છે."

"દિવ્ય-દર્શન"-"પ્રવચન મહોદધિ" વર્ષ-૧,અંક-૧૨,તા.૧૩-૯-૧૯૫૨

## (૬૩) ગણધરવાદ-૮

**આત્મા નથી એવા મતની સામે આત્મા છે, એ અનેક પ્રમાણોથી સાબિત થાય છે.**

**ગૌતમને પ્રભુ શ્રી મહાવીરદેવની સમજુતી :** જગદ્ગુરુ તીર્થંકર પરમાત્મા શ્રી મહાવીરસ્વામી ફરમાવે છે કે હે સૌમ્ય ! આ તો તેં બુદ્ધિને નાહક કલેશ આપ્યો, ફોગટ પરિશ્રમ આપ્યો, અને ફળમાં મળી ચિત્તની ડમડોલતા ! મળ્યો તત્ત્વનો સંદેહ ! વાત ખરી છે કે કેટલાય કલ્પિત પદાર્થોની કલ્પના આત્માને વિમાસણમાં મૂકે. પરંતુ વ્યવસ્થિત વિચારણા કરવાથી એ કલ્પિત કલ્પનાઓને દૂર હઠાવી વાસ્તવિક પદાર્થોનો બોધ થઈ શકે છે, અને એથી આત્મતત્ત્વનો સુંદર નિર્ણય થઈ શકે છે. તથા પૂર્વે ઊભી થતી શંકા કે ભ્રમણાનો અંત આવી જાય છે. આને આપણે પ્રમાણના ક્રમથી વિચારશું.

**પ્રત્યક્ષ પ્રમાણથી આત્મા સાબિત છે :** હે ! ઈન્દ્રભૂતિ ગૌતમ ! પ્રત્યક્ષ



E:/Divya-Darshan(part-11).pmd/prf.5

પ્રમાણ માનવું એવો તારો આગ્રહ હોય તો સમજ કે (૧) પ્રત્યક્ષથી સર્વજ્ઞ એવા અમને આત્મા દેખાય છે. જેવી રીતે મેં તારા સંદેહને દેખ્યો, એ રીતે આત્માને હું દેખું છું. તું પૂછીશ કે, તો મને પણ કેમ નથી દેખાતો ? એનો ઉત્તર એ છે કે, આત્મા અરૂપી છે. એને જોવા માટે કેવળજ્ઞાનરૂપી ચક્ષુ જોઈએ. જેમ રૂપી વસ્તુ ચક્ષુથી પ્રત્યક્ષ થાય, અર્થાત્ દેખાય; વસ્તુનો રસ જીહ્વા ઇન્દ્રિયથી દેખાય, ગંધ ઘ્રાણેન્દ્રિયથી દેખાય, તેમ અરૂપી દ્રવ્ય કેવળજ્ઞાનથી જ દેખાય. સંયમ અને તપથી આત્મા પરના સર્વ જ્ઞાનાવરણીય કર્મો નાશ પામી જાય ત્યારે આ કેવળજ્ઞાન પ્રગટ થાય છે. એ મને થયું છે. તું પણ એ પ્રગટ કરી શકે, અને આત્માને પ્રત્યક્ષ જોઈ શકે.

**(૨) ગુણથી વસ્તુનું પ્રત્યક્ષ :** ગુણથી પણ વસ્તુ પ્રત્યક્ષ બને; દા.ત. પડદા પાછળ અડીને રહેલો ઘડો પડદાના એક નાના કાણામાં 'પ્રત્યક્ષ દેખાય છે,' એવું કહેવાય છે. ખરી રીતે તો કાણામાં ઘડાના એક ઠીકરી જેટલા ભાગનો રંગ દેખાય છે; પણ એ રંગ કાંઈ માટી કે ઘડાથી તદ્દન જુદી વસ્તુ નથી. તેથી રંગ જોયો એટલે વસ્તુ જોઈ, એમ વ્યવહાર થાય છે. એ હિસાબે કહીએ છીએ કે હું ઘડો નજરે જોઉં છું. કોઈ કહે કે "અરે ભાઈ ! તું તો કાણામાં ઘડાના થોડા ભાગનો માત્ર કાળો કે લાલરંગ જુએ છે; એમાં ઘડો ક્યાં દેખ્યો ?" તો આપણે એને કહીએ કે જો વસ્તુનો ભાગ એ વસ્તુ છે, તો તેથી ભાગને જોઈને કહેવાય છે કે વસ્તુ જોઈ. ધારો કે કોઈ હાથી ઊભો છે, આપણી નજર માત્ર એના પગ ઉપર પડી, છતાં આપણે ત્યાં કહીએ છીએ કે મેં હાથી નજરે જોયો. એમાંય પાછું પગના માત્ર આગલા ભાગનું રૂપ જોઈએ છીએ, છતાં કહીએ છીએ કે મેં હાથી જોયો. એ બતાવે છે કે ગુણ નજરે જોઈએ તો 'તે ગુણ રૂપે ગુણી જોયો,' એમ કહેવાય.

બસ, આ ન્યાયથી તું પણ આત્માનું પ્રત્યક્ષ કરે છે. આત્માના ગુણ છે જ્ઞાન સુખ વગેરે. એ તારા પોતાના જ્ઞાનસુખાદિ ગુણને તું મનથી પ્રત્યક્ષ જાણે છે. દરેક જીવને એમ તો સચોટ ભાસે છે કે "હું સુખી છું કે દુઃખી છું, મને આટલું જ્ઞાન છે. હું મારા સંદેહને જાણું છું." મનમાં આવું થાય છે, ત્યાં સંદેહ શું છે ? સંદેહ એ જ્ઞાન છે. એને પ્રત્યક્ષ અનુભવ્યો, તો એ જ્ઞાન સુખ દુઃખ વગેરે વગેરે રૂપે આત્મા પણ પ્રત્યક્ષ અનુભવ્યો ગણાય. પૂર્વનો ન્યાય યાદ કરો. **'ગુણના પ્રત્યક્ષમાં ગુણી પણ પ્રત્યક્ષ ગણાય.'** તેથી ગુણી અત્યંત અપ્રત્યક્ષ ન ગણાય. માટે જ આત્મા પોતાના જ્ઞાનાદિ ગુણરૂપે તને પણ પ્રત્યક્ષ સાબિત છે. મને તો શુદ્ધ અરૂપી દ્રવ્યરૂપે પ્રત્યક્ષ-સિદ્ધ છે.



**(૩) ત્રૈકાલિક પ્રત્યક્ષમાં 'હું' કોણ :** વળી 'એ મેં કર્યું, હવે હું આ કરું છું, પછી પેલું કરીશ' એવો ભૂત, વર્તમાન, અને ભવિષ્ય એ ત્રણે કાળના એક કર્તા તરીકે જે 'હું' ભાસે છે. તે કોણ છે ? આત્માજ છે. એટલે 'હું' તરીકે આત્મા પ્રત્યક્ષસિદ્ધ છે. હું એટલે દેહ નહિ કહેવાય. કેમકે તો પછી મડદું પણ દેહ છે, ત્યાં કેમ 'હું' નો ભાસ નથી ?

**(૪) સંશયાદિ સ્ફુરણો એ પ્રત્યક્ષ છે :** ત્યારે સંશય, ઉહાપોહ, નિર્ણય વગેરે જે સંવેદનો હૃદયમાં સ્ફૂરે છે તે જીવ જ છે. આત્મા અંગે એ પ્રત્યક્ષ પુરાવો છે.

**પ્ર.**- તો પછી આત્માને અનુમાનથી સાબિત કરવાની શી જરૂર ?

**ઉ.**- જે શૂન્યવાદી જેવો કહે છે કે આ બધા સંશય નિર્ણય વગેરે આપણને સ્ફુરતાં સંવેદનો (અનુભવો) એ સ્વપ્નની જેમ ખોટા છે, એને હિસાબે તો આત્માય ખોટો ઠરે. તેવાઓની આગળ આત્મા સાબિત કરવા માટે અનુમાનની પણ જરૂર પડે છે.

**(૫) 'હું' નો સંદેહ નથી એજ પ્રત્યક્ષ સાબિતી છે :** બાકી તો 'મારું શરીર સારું છે કે નહિ' એ સંદેહ પડે છે, પણ 'હું' છું કે નહિ એવો અંધારામાં પણ સંદેહ નથી પડતો; એ સૂચવે છે કે 'હું' એટલે આત્મા પ્રત્યક્ષથી સચોટ અનુભવાય છે. જ્યાં એવો અનુભવ ન હોય ત્યાં મનાય કે પ્રત્યક્ષ સાબિતી નથી દા.ત. બીજાના આત્માનો આપણને 'હું' જેવો અનુભવ નથી, તેથી સંદેહ પડે છે કે 'આ માંદાના શરીરમાં હવે જીવ છે કે નહિ ?' બાકી પોતાના શરીરમાં પોતાને એમ કદી નથી થતું કે 'હું છું કે નહિ ?' એ સંશય તો એવો ગણાય કે જેવો 'મારી માતા વંધ્યા ખરી કે નહિ,' 'શબ્દ શું કાનેથી સંભળાય ખરો ?' આ ખોટું છે. માતા એટલે જ પુત્રવતી, અર્થાત્ વંધ્યા નહિ જ. શબ્દ એટલે જ કાનેથી સંભળાય એવી વસ્તુ. એમાં વિપરીત સંદેહને સ્થાન નથી. તેમ અહીં પણ 'હું છે કે નહિ' એવા સંદેહને સ્થાન નથી. તેમ અહીં પણ 'હું છું કે નહિ' એવા સંદેહને સ્થાન નથી. એટલે કહેવાય કે 'હું' થી પોતાનો આત્મા પ્રત્યક્ષ ભાસે છે. એમાં સંદેહ હોય નહિ.

આમ (૧) સર્વજ્ઞના કેવળજ્ઞાન પ્રત્યક્ષથી, (૨) ગુણના પ્રત્યક્ષથી, (૩) ત્રૈકાલિક પ્રત્યક્ષમાં 'હું' ના પ્રત્યક્ષભાસથી (૪) સંશયાદિ સ્ફુરણથી. અને (૫) હું ના સંદેહના અભાવે આત્મા પ્રત્યક્ષ સાબિત છે.



E:/Divya-Darshan(part-11).pmd/prf.5

## ૬૪ ગણધરવાદ-૯

## આત્મસિદ્ધિનાં અનુમાન

**અનુમાન પ્રમાણથી આત્માની સાબિતી :** ઉપર કહ્યા મુજબ પાંચ રીતે આત્મા પ્રત્યક્ષસિદ્ધ છે, એટલું જ નહિ, પણ આત્માની સાબિતીમાં ઢગલાબંધ અનુમાન પણ મળે છે. (૧) પરદેહમાં આત્મા અરૂપી હોવાથી આપણને પ્રત્યક્ષ નથી દેખાતો, તેમ એના જ્ઞાન-સુખાદિ પણ આપણને પ્રત્યક્ષ નથી જણાતા. પરંતુ સામામાં ઇન્દ્રિયોની તથા અંગોપાંગની જે સ્વતંત્ર હીલચાલ છે તેમજ જે કાંઈ વસ્તુ લેવા કરવાની પ્રવૃત્તિ છે, અને અમુક વસ્તુ કે કાર્યમાંથી પાછા ફરવાનું બને છે, અર્થાત્ નિવૃત્તિ છે એ પ્રત્યક્ષ દેખાય છે. એના પરથી અનુમાન થાય છે કે, 'સામાનું શરીર આત્માવાળું છે, કેમ કે એ શરીર મનગમતી પ્રવૃત્તિવાળું અને અણગમતામાંથી નિવૃત્તિવાળું દેખાય છે. **'જે શરીર ઈષ્ટ-અનિષ્ટની પ્રવૃત્તિ-નિવૃત્તિવાળું હોય, તે શરીર જીવવાળું હોય;'** દા.ત. મારું શરીર. ત્યારે જે શરીરમાં જીવ નથી રહ્યો, તે મડદું સ્વતઃ એવું હલનચલન નથી કરી શકતું; બીજા એને હલાવે એ જુદી વાત. એજ સાબિત કરે છે **કે શરીરમાં જીવ હોવાના કારણે સ્વતઃ હલનચલન છે.**

**પ્ર.**- તો તો ઘડિયાળ સ્વતઃ ચાલે છે. એમાં શું જીવ ભરાયો છે ?

**ઉ.**- ઘડિયાળ સ્વતઃ નથી ચાલતું, પણ જીવે ગોઠવેલા યંત્રથી ચાલે છે. ગોઠવણ કરનાર જીવ સ્વતઃ ગોઠવે છે, પણ ઘડિયાળ તો જીવના સંચાલન પર અવલંબે છે. જીવનું ચાવી આપવા વગેરેનું સંચાલન બંધ થાય, તો ઘડિયાળ બંધ પડે છે. અહીં તો ઊંઘમાં કે ઘેનમાં હલનચલન વિનાનું ભાસતું શરીર ભાનમાં આવ્યા પછી હાલેચાલે છે, તે અંદરના જીવના હિસાબે. જેમ બંધ પડેલી ઘડિયાળ માણસના ચલાવવાથી ચાલે.

(૨) કેટલીકવાર સામામાં બહારના કોઈ ચિહ્ન ન દેખાતા હોય છતાં સહજ હસવાનું, રોવાનું, દિલગીર થવાનું, ગુસ્સે થવાનું, મદાંધ થવાનું, વગેરે ભાવો (લાગણીઓ) દેખાય છે, તે કોણ કરે છે ? શરીર તો બિચારું એવું જ બેઠું છે. કહો કે એ શરીરની અંદર રહેલા આત્માએ ભિન્ન ભિન્ન વિચારણામાં જુદી જુદી લાગણીઓ કરી. એથી આત્મા સાબિત છે.

(૩) બીજા આત્માઓ 'હું સુખી છું, દુઃખી છું, જ્ઞાની છું, ભ્રમણામાં છું' એમ પોતાના જે જ્ઞાન-સુખદુઃખ વગેરે ગુણધર્મો બતાવે છે, તે જ્ઞાનાદિ ગુણોનો કે



ધર્મોનો આધાર કોણ ? યાદ રાખજો કે ગુણોનો આધાર તેને અનુરૂપ દ્રવ્ય જ હોય છે. દા.ત. ચિકાશ કે મિઠાશ એ ભસ્મ (રાખ) નો ગુણ ન કહેવાય. ભસ્મ તો લુખ્ખી અને મોળી હોય. છતાં જો કોઈ ભસ્મમાં ચિકાશ મિઠાશ ભાસે, તો ઝટ કહીએ છીએ કે એ ભસ્મમાં ઘી વગેરે નાખ્યું લાગે છે, તે ઘી વગેરેની ચિકાશ કે મિઠાશ છે. એમ ભીની રાખમાં ભીનાશ રાખની નહિ, પણ પાણીની છે. એવી રીતે જ્ઞાનસુખાદિ ગુણો જડ શરીરના ધર્મ નથી, પણ માંહી રહેલા ચેતન જીવના ધર્મ છે. જડ શરીરના ધર્મ નથી, પણ માંહી રહેલા ચેતન જીવના ધર્મ છે. જડ શરીરના ધર્મ તો રૂપરસાદિ, સ્થૂલતા ભારેપણું વગેરે જડ ધર્મો છે. જ્ઞાન, સુખ વગેરે તો સ્ફુરાયમાન ચેતન ધર્મો છે. તેને અનુરૂપ ધર્મી ચેતન જ હોય, પણ જડ દેહ નહિ. તેથી આત્મા માનો.

(૪) **ચોથું અનુમાન :** 'કાયા એ સુંદર મહેલ છે, બગીચો છે; તમે પરગામ જવા નીકળ્યા. જંગલમાં એક મહેલ કે ઝુંપડું દેખાયું. ત્યાં કે આસપાસ કોઈ માણસ દેખાતું નથી કે જેને પૂછી શકો. ત્યારે તમને એમ થાય છે કે 'આ મુકામ કોનો હશે ? કોણે બનાવરાવ્યો હશે ? કેમકે માણસ વિના આ બને નહિ,' એવી રીતે આ શરીર એક મુકામ છે, એનો બનાવનારો અને એમાં વસનારો જરૂર કોક હોવો જોઈએ; અને એજ છે આત્મા. કુમારનંદી સોની ખાસ એક થાંભીયા મહેલમાં પાંચસો સ્ત્રીઓ સાથે આનંદ મસ્તી કરતો હતો. શરીર એ બે થાંભીયો મહેલ છે. શરીર મહેલમાં મશીનરી છે, મથાળે સંદેશ ઓફીસ છે. સંદેશવાહક જ્ઞાનતંતુ એટલે તારના દોરડાં. મશીનરી એવી છે કે એક ઈંજેક્શન આખા શરીરમાં ત્રણ મિનિટમાં ફરી વળે. ઓફીસ નીચે આત્મારામને સૃષ્ટિની મજા માણવા આંખ, કાન, નાક, જીભ અને સ્પર્શનેન્દ્રિય એ પાંચ ઝરૂખા કે બજાર છે. ત્યાં નાટક, સંગીત, બગીચા, મિઠાઈઓ અને મુલાયમ સ્પર્શવાળી વસ્તુઓ આવી ખડી થાય એટલે, રાજા આત્મારામ આનંદમસ્ત બને છે. શરીર મહેલમાં ગળામાં વાજિંત્ર, હૃદયમાં જીવન શક્તિઓ. એની નીચે કોઠાર-રસોડું, એની નીચે મુત્રી અને પાયખાનું છે. આવું વિચિત્ર કારખાનું કોણે બનાવ્યું ? જગતમાં શું એમ ને એમ બનેલું કોઈ કારખાનું દીઠું ? શરીર મહેલના મજબુત એ થાંભલા બે પગ. રાજા આત્મારામને કામકાજ માટે બે ખાસ નોકર હાથ. મહેલમાં રાજા હોય ત્યાં સુધી એ બધાં સ્થાન તાજાં. મૃત્યુ થયું, રાજા ગયા એટલે ધણી વગરના ઘર સૂનાં; માળી વિનાનો બગીચો ઊભો સુકાય, અને ઉજ્જડ થાય. એવું રાજા આત્મારામ પરલોક જાય, એટલે કાયા મડદાની દશા પામે. સુંદર કાયાનો બગીચો મરીને ઉકરડો થાય. આત્મા વિના આ કાયા મહેલ સાચવે કોણ ? આવો કાયા મહેલ આત્માએ પોતે



E:/Divya-Darshan(part-11).pmd/prf.5

જ કર્મના સાધન દ્વારા ખોરાકના પુદ્‌ગલમાંથી રચ્યો છે. કોઈ ઈશ્વર એનો કર્તા નથી. નહિતર તો પછી આત્મતત્ત્વનીય શી જરૂર ? ઈશ્વર જ એક લીલારૂપે શરીર બનાવે, ફેરવે, વગેરેમાં શો વાંધો ? કહો ને આ મહેલ કે બગીચામાં ગુલતાન બની તમારા પોતાના આત્માની કેટલી બેપરવાઈ સેવો છો ? આ મહેલ તો એક દિ મૂકી દેવાનો છે, પછી પરલોકમાં શાના આધારે કંઈ પામવાનું, કે સુખી થવાનું ?

"દિવ્ય-દર્શન"-"પ્રવચન મહોદધિ" વર્ષ-૧,અંક-૧૪,તા.૨૯-૧૧-૧૯૫૨

## (૬૫) ગણધરવાદ-૧૦

**(૫-૬) ઈન્દ્રિયોનો ભોક્તા અને અધિષ્ઠાતા (સંચાલક) આત્મા :** સારાં વસ્ત્ર ઘર વગેરે વસ્તુનો જેમ કોઈ ભોક્તા હોય છે, એમ દેહનો કોઈ ભોક્તા હોવો જોઈએ, તેજ આત્મા. એ સુંદર વસ્ત્રની જેમ સુંદર દેહ પર ખુશ થાય છે. વળી અવયવો અને ઈન્દ્રિયો એ લુહારના સાણસાની જેમ વસ્તુને પકડવાનું સાધન છે, તો એ સાણસાનો સંચાલક કોણ ? સાણસો પોતે ને પોતે સંચાલક છે એવું નહિ કહી શકાય. નહિતર તો પછી બધા અંગોના પંથ ન્યારા થાય પણ એકીકરણ નહિ થઈ શકે. અર્થાત્ ચક્ષુ, રસનેંદ્રિય, હાથ, પગ વગેરેનું એકીકરણ નહિ બની શકે. પણ અનુભવ તો એમ કહે છે કે 'ફળ જે મેં જોયું તેજ મેં ચાખ્યું. મને દેખાય છે તેજ હું પકડી રહ્યો છું. જે ફળ મને મારા પગે અડ્યું તેજ મેં હાથમાં લઈને જોયું, ચાખ્યું અને સુંઘ્યું.' આ એકીકરણનો અનુભવ કરનારો આત્મા છે. એ ઈન્દ્રિયો, અવયવો અને કાયાથી જુદો છે. મનની જેમ શરીરનું પણ એવું છે. યોગીઓ શરીરને તપસ્યાથી સુકવી નાખે છે, અને મળમલિન રહેવા દે છે. એ સૂચવે છે કે શરીરનો પણ સંચાલક જુદો છે. તેજ આત્મા.

**૭મું અનુમાન શરીર-એ વ્યવસ્થિત રચના છે. :** એને માતાપિતાએ કાંઈ બુદ્ધિપૂર્વક નથી બનાવ્યું. અહીં આંખ મૂકો, તેય ગોખલામાં મૂકો; અહીં નાક મૂકો, તે ઉપસેલું મૂકો; એમ બુદ્ધિનો ઉપયોગ માતાપિતાએ નથી કર્યો. ઈશ્વરે એ રચના કરી એમ પણ નહિ મનાય. નહિતર ઈશ્વરની શક્તિ કમ માનવી પડશે. કેમકે, શરીર એવું બનાવ્યું કે એને ખાવાની લપ રહે, અને માંહી મળમૂત્રનો પોટલો થાય ! ચાલતો માણસ આગળનું જુએ, ત્યાં પાછળનું ન દેખાય, એમાં કોઈ ગુંડો એને છરી મારી જાય છે. એ દેખાતું નથી. શરીરમાં ઈશ્વરે આવી અધુરી આંખ કેમ મૂકી ? વળી ઈશ્વર નિર્દય પણ ગણાશે. કોઈ શરીરને રૂપાળું અને



કોઈને બેડોળ તથા રોતું બનાવે છે. કોઈ શરીર જન્મથી માંદુ અને કોઈ આંધળું બનાવે છે. આ નિર્દયતા નહિ તો બીજું શું ? જો કહો કે એ તો એના કર્મને લીધે છે. તો તો આત્મા-પદાર્થ એથી સાબિત થઈ જશે. કેમકે કર્મ લઈ આવનાર આત્મા છે.

**૮મું અનુમાનઃ ન્યાયાધીશ :** ઈન્દ્રિયોનો જ્યારે અરસપરસ ઝગડો પડે ત્યારે ન્યાય ચૂકવનાર કોણ ? ચક્ષુ કહે છે કે, આ હું ચાંદી જોઉં છું ! સ્પર્શ કહે છે કે 'એ કલાઈ છે.' ત્યાં વચમાં કોઈ આવીને કહે છે કે "નહિ નહિ, એ ચાંદી છે. સ્પર્શનેન્દ્રિયના કહેવા મુજબ સ્પર્શ કલાઈ જેવો લાગે છે ખરો, પણ હાથમાં લેતાં એનો ભાર, તોલ, તથા ઘસી જોતાં ઘસારો વગેરે ચાંદીના દેખાય છે, માટે ચાંદી છે." આમ ન્યાય ચૂકવનાર કોણ ? હાથ કે બુદ્ધિ નહિ. કેમ કે એ તો સાધન છે; પણ આત્મા જ ન્યાય ચૂકવનાર છે. આત્માજ આંખેથી કેરી લીલા રંગની દેખી ખટાશની કલ્પના કરે છે, પણ જીભ પાસે પરખાવી જુએ છે, અને આંખની કલ્પનાને સાચી કે જુઠી કહે છે. આંખ-જીભ બંને જુદાજ હોવાથી એક બીજાના વિષયમાં શી રીતે પડે ? એમ પણ કેમ કહી શકે કે કેરી મેં રંગથી ખાટી માની, પણ સ્વાદથી મેં મીઠી અનુભવી. બંનેમાં 'મેં' એકજ વ્યક્તિ છે. તેજ આત્મા.

અનાદિકાળથી ભિન્ન ભિન્ન દેહ અને ભિન્ન ભિન્ન ઈન્દ્રિયોની અનુકૂળ-પ્રતિકૂળની ભાંજગડમાં વચમાં આત્મા પોતે અથડાય છે. રાંકડાને ખબર નથી કે એવી તો અનંતી કાયા અને અનંતી ઈન્દ્રિયો મૂકી. કોઈ રીતે ભૂખ ભાંગી નહિ, તો અહીં શું ભાંગશે ? માટે એની વેઠ મૂકી આત્માનું પોતાનું સાધ. દેહ અને ઈન્દ્રિયો તો આત્માને ભવસાગરમાં રુલાવનાર છે.

**૯મું અનુમાન : મમત્વ :** શરીર એક પ્રકારની મૂડી છે, મમત્વ કરવાની વસ્તુ છે, એનો મમત્વ કરનારો માલિક કોણ ? દુકાન, તિજોરી, બંગલો મોટર ફર્નીચર વગેરે પોતે પોતાના પર મમત્વ કરતા નથી, એ તો જાણો છો ને ? ખબર છે ને કે એ બધા પર મમત્વ કરનાર મગનભાઈ, છગનભાઈ વગેરે કોઈ જુદી વ્યક્તિ છે, ? બસ એજ પ્રમાણે શરીર પર મમત્વ કરનાર આત્મા વ્યક્તિ જુદી છે.

**૧૦મું અનુમાન : સ્વતંત્રતા :** શરીર એ યંત્ર છે. એનો ચલવનાર કોણ ? મનને ચલાવનાર તરીકે નહિ કહેવાય. કેમકે, મન તો મેનેજર છે. એનું કારણ એ છે કે મનને કેટલીય વાર અણગમતું પણ કરવું પડે છે. દા.ત. ભારે કે કડવી કે તદ્દન બેસ્વાદ દવા જીભને માફક નથી લાગતી, તેમ મનને પસંદ નથી પડતી, છતાં પીવી પડે છે. એ કોણ પીવરાવે છે ? કોઈ આત્મા નામે જુદો માલિક છે,

એ પીવરાવે છે. આત્મા સ્વતંત્ર છે. એ તો જેવા આદર્શ ઘડ્યા હોય છે, જેવી રુચી ઊભી કરી હોય છે, તેને અનુસારે મન તરંગો વિચારણાઓ કર્યા કરે છે. તમે ખાસ જોજો કે જીવને ઊંડે ઊંડે કોઈ ગમતી વાત હશે તો મન એના પર તરંગમાં ચઢશે. આત્માનું વલણ જો ફરી જાય તો મનના તરંગ પણ ફરી જાય છે. આ સાબિત કરે છે કે સ્વતંત્ર ઇચ્છા કરનાર નથી તો શરીર, કે નથી તો મન; કિંતુ આત્માજ સ્વતંત્ર ઇચ્છાવાળો છે. એજ આ યંત્ર ચલાવે છે.

**આત્મસ્વાતંત્ર્યની મહાબલિહારી :** આટલી વસ્તુ જો સમજાઈ જાય, તો **તમે પોતે જ આત્મા છો, તેણે કેવો બનાવું, કેવું વલણ ઘડવું, પોતાના ભાવી દીર્ઘકાળને પોતાના માટે આશીર્વાદભૂત કેવી રીતે બનાવવો, એ બધું ઝટ ધ્યાનમાં લેતાં થઈ જાઓ.** સમજજો કે આત્મા આંખે દેખાતો નથી, એટલા માત્રથી એનો ઇન્કાર કરશો, કે એના તરફ બેપરવાઈ કરશો તો પણ એના જ ખરા ખોટા હિસાબ ચૂકવવા પડશે. માટે જ 'શરીર ઇન્દ્રિયો, અવયવો બુદ્ધિ' વગેરે ઉપર જેની સ્વતંત્રતા ચાલે છે, એ આત્માનો સચોટ સ્વીકાર કરો. પાછું એમ સ્વીકારી બેસી ન રહો, પણ આત્માની એ સ્વતંત્રતાનો સદુપયોગ કરો. આત્મા સ્વતંત્ર છે, માટે જ એ હિંસા, ચોરી, મારામારી, રોફ વગેરે આ કાર્યોમાંથી જલદી કાયાને અટકાવી શકે છે, જીભને જૂઠ બોલતી અટકાવી શકે છે, આંખ-કાનને અયોગ્ય એવા રૂપ-શબ્દમાંથી પાછી હટાવી શકે છે. આત્મા સ્વતંત્ર છે માટે જ બુદ્ધિને પણ પરમાત્મા વગેરેના ચિંતનાદિમાં જોડી શકે છે. ટૂંકમાં ધર્મમાં અને આત્મગુણની સારી રીતે પ્રવૃત્તિમાં આત્મા પોતાની કાયા, ગાત્રો, ઇન્દ્રિયો અને મન તથા બુદ્ધિને જોડી શકે છે. એથી આ જીવનમાં પણ શાંતિ, સ્વસ્થતા સુખ અને શાબાશી પામે છે.

**(૧૧) અનુમાન અગીયારમું : શરીર દમ્ય છે,** નિયમ્ય છે, બે પગના પૈડા પર ચાલનાર વાહન છે, તો એનો દમન કરનાર કોણ ? નિયામક કોણ ? વાહનમાં મુસાફરી કરનાર કોણ ? કહો કે આત્મા.

**(૧૨)** શરીર ભૂતાવેશથી અમુક અમુક ચેષ્ટાઓ કરે છે, તે વખતે શરીરના માલિકનો શરીર પર અધિકાર નથી રહેતો. પાછું ભૂત નીકળી જાય ત્યારે માલિક શરીરથી ડાહ્યુ ડાહ્યુ બોલે ચાલે છે. એ સાબિત કરે છે કે માલિક ચેતન સમજદાર આત્મા છે. જેમ શરીર પર ભૂતનો અધિકાર, તેમ આત્માનો અધિકાર છે. આથી આત્મા સાબિત થાય છે.

**(૧૩)** જ્યારે શરીર સારું નિરોગી છે, સ્ફૂર્તિમાં છે, ત્યાં જો વેપારની લાખોની નુકશાનીનો તાર આવ્યો, તો તે વખતે ભયંકર બેચેની-અસ્વસ્થતા કોણ અનુભવે છે ? આત્મા. કેમકે શરીરને તો ઘા પડ્યો નથી. ઊલટાનું હમણાં જ મેવા



પકવાન્નના, ઠંડી હવા, મધુર સંગીત વગેરેના આનંદમાં મસ્ત બનાવ્યું છે. એવું જ સડેલી આંગળી કપાવી નાખી ઘડીભર સુખ અનુભવનારો જીવ પછીથી 'અરે ! મારી આંગળી ગઈ' એવું નિરંતર કોણ યાદ કરી કરીને રૂવે છે ? કહેવું જ પડશે કે આત્મા. આંગળી જો રોનારી હોત, તો તો તે તો ગઈ.

**(૧૪)** કહે છે કે માતાપિતાના વારસાગત ગુણો કે ખાસીયતો પુત્ર શરીરમાં ઉતરે છે. એમાં વળી એ માટે પુત્રનો જુદો આત્મા માનવાની શી જરૂર ? પરંતુ અહીં એ સમજવાનું છે કે જ્યાં માતાપિતા કરતાં જુદી ખાસીયતો હોય છે ત્યાં શું કહેશો ? માતા કુશીલ, અને પુત્ર સુશીલ હોય છે, બાપ ક્રોધી, અને પુત્ર શાંતિ ક્ષમાવાળો હોય છે. આવી વિચિત્રતા સૂચવે છે કે માતા કે પિતાના આત્માથી સ્વતંત્ર પુત્રના આત્મા જેવી કોઈ વસ્તુ છે, જેની એ ખાસિયતો છે.

**(૧૫) સ્તન્યપાન : ઈષ્ટાનિષ્ટ : કામ :** બાળક જન્મતાં જ જે સ્તનપાન વગેરે ઈષ્ટપ્રવૃત્તિ, એમજ અનિષ્ઠ થકી નિવૃત્તિ કરે છે, તે ક્યાંના શિક્ષણથી કરી ? બાળકના મુખમાં માતાએ સ્તનનું ટોપચું મૂક્યું. પણ એને ચૂસવાનું કોણે શીખવ્યું ? જો કહો કે એ મુખનો લોહચુંબક જેવો સ્વભાવ છે કે એ ચૂસે, તો એ પણ તમારું કથન ઠીક નથી. કેમકે પાછું ધરાઈ ગયા પછી બાળક ચૂસતું નથી. ઊલટું મુખમાંથી બહાર કાઢી નાખે છે. એમ જન્મતાં જ જીભ પર મધ મૂકતાં લપલપ કરી ચાટે છે; અને કરીયાતાનું પાણી મૂકતાં થૂ થૂ કરી મોં બગાડે છે. એ બધું કરનાર કોણ, અને ક્યાંના અભ્યાસથી ? માનવું જ પડશે કે આત્મા પૂર્વના તેવા શરીરોના અભ્યાસથી અહીં જન્મતાંજ આ કરે છે. એથીજ વગર શીખવે પશુ જેવાને પણ ઉંમર પાકતા જુના કામના સંસ્કાર તાજા થઈ કામની પ્રવૃત્તિ થાય છે. બાકી વર્તમાન શરીરથી તો જન્મીને યુવાની સુધી ક્યાં એનું શિક્ષણ લીધું છે કે તે આવડે ? તેમ નવા જન્મેલા શરીરની ઈષ્ટમાં વર્તવાની શી આવડત મનાય ? શરીરની આવડત હોત, તો મડદાને કોણ બાળી શકે ? મડદું સામું ન ધસી આવે ? આથી આત્મા સિદ્ધ થાય છે.

**(૧૬) કષાયનો તપારો :** અગ્નિથી સોનું તપે છે, તેમ ક્રોધથી કોણ તપે છે ? શરીર તો કેટલીયવાર સ્વસ્થ હોય છે, પણ આત્મા કાંઈને કાંઈ વિચારમાં ચઢી ગુસ્સો, અહંકાર, ઈર્ષ્યા, અસૂયા વગેરેના ભારે ધમધમાટ અનુભવે છે.

**(૧૭) અંતિમપ્રિય :** જગતમાં છેવટના પ્રિય તરીકે કોઈ ચીજ હોય તો તે આત્મા છે. એવો નિયમ છે કે વધુ પ્રિય વસ્તુની ખાતર ઓછા પ્રિયનો ભોગ અપાય છે. એશઆરામી કરતાં પૈસા વધારે પ્રિય છે, તો પૈસા કમાવા ખાતર એશઆરામી જતી કરાય છે. પૈસા કરતાં છોકરો વધારે પ્રિય છે, માટે છોકરા



E:/Divya-Darshan(part-11).pmd/prf.5

પાછળ પૈસાનો ભોગ અપાય છે. છોકરાં કરતાં પોતાની પત્ની, માન, આબરૂ, વગેરે વગેરે ગમે છે. માટે એની આડે આવતો છોકરો જુદો કરાય છે. હવે એથીય આગળ વધો. અવસરે એ પત્ની કે માનપાન મૂકીને જંગલમાં ભાગી જવાય છે, અને આગળ વધીને તેવા સંયોગોમાં શરીરને ઘાસતેલથી બાળીને આપઘાત કરવામાં આવે છે, તે કોના પ્રેમથી ? 'શરીરના પ્રેમથી,' એવું નહિ કહી શકો કેમકે, શરીરનો તો નાશ કરી રહ્યો છે. શું પોતે પોતાનો નાશ કરે ? આપઘાત કરતાં કહે છે કે 'આપણે આ આંખેથી દેખવું નહિ, ને દાઝવું નહીં, માટે ચાલો મરીએ' એમાં 'આપણે' એટલે કોણ ? એ જ આત્મા. એ વધુ પ્રિય છે, તેથી એના આ વિકટ સંયોગો કે પરિસ્થિતિ નહીં જોવાના સુખ ખાતર, પોતે કુટુંબ-ઘર-મુડી અને શરીર સુદ્ધાં જતું કરે છે. બીજાનો સ્નેહભાવ, આદરભાવ વગેરે ગમે છે, અને ઝગડા, ક્લેશ કે ઊંચા મન નથી ગમતા તે કોને નથી ગમતા ? શરીરને નહિ, પણ આત્માને નથી ગમતા. શરીરને તગડંબાજી છે. એમ સામાનું શરીર કોકવાર પોતાના તરફ હસતું વાત કરતું દેખે. છતાં કહે છે કે સામો અંદરથી આપણા તરફ નાખુશ છે. આમાં અંદરથી એટલે શું ? શરીરની અંદર તો હાડમાંસ વગેરે છે, એમાં શી દિલગીરી ? પરંતુ અંદરથી એટલે જો સામાનો આત્મા લઈએ, તો કહેવાય કે એ ખરેખરો તો નાખુશ છે, પણ માત્ર મોં હસતું રાખે છે. આમ આત્મા અનેક યુક્તિથી સિદ્ધ થાય છે. હજુય આગળ યુક્તિઓ જુઓ.

**આત્મા એટલે શું ?** એટલું ભૂલશો નહિ કે આત્માની સાબિતી જાણ્યા પછી એને જગતના કરતાં વધારે વ્હાલો કરવાનો છે. હાડોહાડ સમજાઈ જવું જોઈએ કે 'હું એટલે સનાતન આત્મા; પૂર્વકૃત કર્મને પરવશ હું આત્મા' અશુભ માર્ગે મનવચનકાયાની દોડધામ કરી કરીને હું મારા જ માથે નવો નવો કર્મનો ભાર લાદનાર આત્મા; મેં જ ઘડેલા, પાળેલા અને પોષેલા શરીરના લીધે જ વ્યાધિથી એકલો પીડાનાર આત્મા; મારા શરીરમાંથી અણધાર્યો દેશવટો પામનાર હું આત્મા; સંસારની વિવિધ યોનિઓમાં ભટકતો હું આત્મા...'

**"હું એટલે શરીર નહિ, પણ અનાદિ અનંત કાળથી કર્મોથી કચડાયેલો આત્મા."** ઈત્યાદિ યાદ રાખીને નિરાશ થવાની જરૂર નથી. આ યાદ તો એટલા માટે રાખવાનું છે કે **દેહના ધામોમાં લોભાઈ કે અટવાઈ જઈને આપણા પ્યારા આત્માને વિસરી, ભયંકર કર્મ બંધનથી એને જકડવાની ભૂલ ન થઈ જાય.** દેહને જોઈએ છે સારા જડ પદાર્થો, વિષયો, માનપાન, શાતા, સાહ્યબી અને સત્તા. એવી એ દેહની લાલસાની ખાતર આત્મા મિથ્યામતિ, પાપની છૂટ, રાગદ્વેષ, મદ-માયા અને અસદ્ વાણીવર્તાવ અને વિચારણા કરી કરી ઘોર કર્મ બંધનથી પોતાની



જાતને જકડે છે. કાયાને જકડાવાનું તો છે શું ? એ તો ઉઠીને ચાલતી થશે. આત્માને બીજી કાયાની જેલમાં પુરાવાનું થશે. ત્યાં આ કર્મબંધનોના ક્રૂર વિપાકો કારમાં દુઃખ ભોગવવા પડશે. આમાંથી સગો બાપ કે પ્રેમાળ સતી સ્ત્રી પણ છોડાવવા નહિ આવે. કર્મનાં ફળ ભોગવવામાંથી ત્રિલોકનાથ તીર્થંકર દેવનોય છૂટકારો નથી થતો ! વળી પાછું એવા હલકા ભવમાં કર્મના ફળ ભોગવવા માટે મળેલા દુર્ગતિના ભવમાં ધર્મની કાંઈ સમજ શ્રદ્ધા કે પ્રવૃત્તિ પણ નથી હોતું, તેથી પાછો પાપ કર્મની ચકચૂરતા હોય છે. એના પરિણામે અનેકાનેક હલકા ભવોમાં દુઃખ અને ત્રાસની ભઠ્ઠીમાં શેકાતા રહેવું પડે છે. આ બધું કોને ? આપણને. આપણને એટલે આત્માને. તો કહો કે આપણે એટલે કોણ છીએ ? શરીર નહિ, પણ ભવચક્રમાં અનંતાનંત કાળથી ભટકતો કુટાતો આત્મા.

**આમ છતાં હતાશ થવાની, કે ભડકવાની જરૂર નથી. કેમકે આપણું બીજું સ્વરૂપ ઘણું સુંદર છે.** તે હવે થોડુંક જોઈએ. આપણે એટલે હું. (૧) હું એટલે દેહ અને ઈન્દ્રિયો પર તપ અને ત્યાગથી વિજય મેળવી શકનાર આત્મા. (૨) હું એટલે પૂર્વે કહેલા મિથ્યામતિ વગેરેને બદલે સમ્યગદર્શન, પાપના પચ્ચક્ખાણ, વૈરાગ્ય, પ્રશાંતતા, અને વિચારણાના ગુણનો અધિકારી આત્મા. (૩) હું એટલે કાયાની ગમે તે સ્થિતિ છતાં નવનવી શુભ ભાવના અને શુભ ધ્યાનને યોગ્ય આત્મા (૪) હું એટલે આખા જગતના જીવોને મહાઅભયદાન આપી શકે એવો, મહાસત્વ, મહાનીતિ, ન્યાયસંપન્નતા, મહા બ્રહ્મચર્ય અને મહાત્યાગનો અમલ કરવાના અધિકારવાળો આત્મા. **(૫) હું એટલે** વિનય, વિવેક, વિરાગ, વિરતિ, વિશ્વાસ, વગેરે 'વિ' નો અધિકારી, એથી જે વિજયનો અધિકારી આત્મા. (૬) **હું એટલે** શાંતિ ક્ષમા, સહિષ્ણુતા, સદ્આશય-વિચાર વગેરે અનેકાનેક ગુણો અને ઉત્તમ ધર્મનો અધિકારી આત્મા. (૭) યાવત્ ઉત્તરોત્તર સુખે છલકાતી સદ્ગતિ અને પરમપદના અનંતાનંત શિવસુખનો અધિકારી. આમા તે હું...ઈત્યાદિ...ઈત્યાદિ. કહો જો વારૂ, આવા સુંદર સ્વરૂપવાળા આપણે ક્યાં મુંઝાવાનું કે ભૂલા પડવાનું છે ? આ વિચારણામાં ખાસ વિષયાન્તર તો નથી થયો, પણ હજી બીજી યુક્તિઓ જોવાની છે, તે જોઈએ,

**(૧૮)** દેહ-ઈન્દ્રિયો એમજ પડી રહેલી છતાં કેટલી વખત બોધનું કાર્ય બંધ હોય છે. એનું શું કારણ ? દા.ત. સામેની વસ્તુનું થોડીવાર પહેલાં ભાન થતું હતું, તે અનુપયોગમાં આંખ ખુલ્લી છતાં ભાન નથી થતું. આમ શાથી ? કહો કે આત્મા નામની વ્યક્તિએ પોતાના મનનો ઉપયોગ બંધ કર્યો તેથી ભાન નથી થતું, એથી એમજ કાયા અધવચ અટકી જાય છે, ચાલતી અટકે છે, કામ કરતી બંધ પડે છે.



E:/Divya-Darshan(part-11).pmd/prf.5

પાછો જો કોઈ રસ આત્માને જાગ્યો, કાંક પ્રેરક વિચાર આવ્યો, તો થાકીને લોથ થયેલી કાયાનેય ચલાવે છે, એની પાસેથી કામ લે છે એ સાબિત કરે છે કે આત્મા જેવી નક્કર વસ્તુ છે.

**(૧૯-૨૨) સંદેહ-વિપર્યાસ- પ્રતિપક્ષ અને નિષેધ :** (૧૯) જગતમાં કાંઈ સંદેહ પડે છે તો તે કોઈ પ્રસિદ્ધ વસ્તુનો પડે છે. જેમ કે, દૂર જંગલમાં એમ થયું કે પેલું ઠુંઠું છે કે માણસ ? આમાં સંદેહની વસ્તુ ઠુંઠું અને માણસ બંનેય જગતમાં પ્રસિદ્ધ વસ્તુ છે, પણ કલ્પિત નથી તો સંદેહ પડે છે. એમ સંદેહ પડે છે કે દેહમાં કોઈ જીવ જુદો હશે કે નહિ ? એ સંદેહ જગતમાં જીવ સત્તાની સાબિતી કરે છે.

**(૨૦) એવું જ વિપર્યાસમાં છે :** વિપર્યાસ એટલે ભ્રમ, ઊંધી બુદ્ધિ. એ પણ કેવળ કલ્પિત વસ્તુ પર નથી, કિંતુ પ્રસિદ્ધ વસ્તુપર થાય છે. દા.ત. દોરડામાં સાપનો ભ્રમ થયો, તો સાપ ક્યાંક પ્રસિદ્ધ વસ્તુ છે, માટે ભ્રમ થયો, એમ જાણીએ છીએ. એવું જ મડદામાં જીવનો ભ્રમ થયો કે આ જીવે છે. આમાં જીવ છે અહીં જીવ જેવી ક્યાંય પણ પ્રસિદ્ધ વસ્તુ હોય તો જ ભ્રમ-વિપર્યાસ થાય, એ નિયમથી આત્મા પુરવાર થાય છે.

**(૨૧) પ્રતિપક્ષ** એટલે તદ્દન વિરુદ્ધ વસ્તુ. એ પણ પોતાના હરીફની સાબિતી કરે છે. દા.ત. કોઈને કહીએ કે આ અનાર્ય છે, તો સિદ્ધ થાય છે કે જગતમાં કોઈ આર્ય પણ હોવા જોઈએ કેમ કે અનાર્ય એ આર્યનો પ્રતિપક્ષ છે. એટલે આર્ય પણ તદ્દન સાચી વસ્તુ છે. એમ અનીતિ, અસત્ય, અજૈન, અહિંસા વગેરે પ્રતિપક્ષ છે નીતિ, સત્ય, જૈન અને હિંસાના. જગતમાં ક્યાંય પણ નીતિ વગેરે છે તો પ્રતિપક્ષી અનીતિ વગેરે છે. બસ એ જ પ્રમાણે 'અજીવ', 'અચેતન' શબ્દ પણ જીવ અને ચેતનના પ્રતિપક્ષી છે. તો જગતમાં ક્યાંય જીવ જેવી વસ્તુ છે, તો જ કહી શકાય કે આ લાકડું અજીવ છે, આકાશ અજીવ છે. મડદું નિશ્ચેતન છે. આમ ચેતન આત્માની સિદ્ધિ થાય છે.

**(૨૨) નિષેધ :** વળી જગતમાં પ્રસિદ્ધ વસ્તુનો જ નિષેધ થાય છે, પણ કલ્પિતનો નહિ. દા.ત. અહીં ડિત્થ નથી એમ કોઈ નથી કહેતું કેમ ડિત્થ અલીક છે, જુદી વસ્તુ છે, તદ્દન અસત્ છે. તદ્દન અસત્ વસ્તુનો નિષેધ નથી થઈ શકતો. એટલે એમ થયું કે **જેનો નિષેધ થાય તે કંઈક વસ્તુ હોય.** દા.ત. કોઈ કહે કે અહીં મગન નામનો માણસ નથી. અર્થાત્ શું થયું ? મગન નામનો માણસ બીજે ક્યાંક છે, પણ અહીં નથી. એમ, આનામાં શરમ નથી, એવું ત્યારે જ કહી શકાય છે કે ક્યાંક શરમ જેવી વસ્તુ છે. એ પ્રમાણે જો કહીએ કે દેહમાં જીવ નથી, દેહ એ જીવ નથી, તો સાબિત થાય છે કે જગતમાં જીવ જેવી વસ્તુ છે તો જ એનો બીજો



નિષેધ થઈ શકે છે. એમ આત્મા સિદ્ધ થાય છે.

**પ્ર.-** આ તમે ઠીક કહ્યું. તો તો પછી એ પ્રમાણે તમે જ્યારે નિષેધ કરો છો કે જગત્કર્તા ઈશ્વર નથી, એથી જ ક્યાંય પણ જગત્કર્તા ઈશ્વરની સાબિતી શું નહિ થાય ? તમે જ કહો છો કે જેનો નિષેધ કરો તે વસ્તુ ક્યાંને ક્યાંય હોવી જોઈએ.

**ઉ.-** અહીં તમારે જરા વિસ્તારથી સમજવું જોઈએ. આમાં એ ખાસ જુવો કે નિષેધ કઈ ચોક્કસ વસ્તુનો થઈ રહ્યો છે 'જગતકર્તા ઈશ્વર નથી' એમ જૈનો કહે છે, **એમાં આખા જગત્કર્તા ઈશ્વરનો** નિષેધ નથી કર્યો. કેમ કે ઈશ્વર તો જૈનો માને છે, પણ ઈશ્વરમાં માત્ર જગત્કર્તાપણાનો નિષેધ કરે છે, ત્યારે હવે પ્રશ્ન થશે કે તો પછી જગત્કર્તાપણું શું ક્યાંય પ્રસિદ્ધ છે કે એનો નિષેધ કરો છો ? તમે તો કહો છો કે જેનો નિષેધ થાય તે વસ્તુ પ્રસિદ્ધ હોવી જોઈએ. એનો ઉત્તર એ છે કે હા, જગત્કર્તાપણું કર્મમાં પ્રસિદ્ધ છે, જગત શું છે ? પૃથ્વી, પર્વત, પાણી, અગ્નિ, વનસ્પતિ વગેરે જ ને ? એ બધાં જીવોનાં શરીર છે, અને જીવોનાં કર્મ એ શરીરો બનાવે છે. એટલે કહો કે વિવિધ જીવોનાં જે વિવિધ કર્મો હોય છે. તે કર્મો તે જીવોનાં શરીર રૂપે પૃથ્વી, પર્વત, ખનીજ, પાણી, અગ્નિ, વાયુ, વનસ્પતિ વગેરે જગતને સર્જે છે. માટે કર્મ એ જગત્કર્તા છે. કર્મમાં જગત્કર્તાપણું છે, એનો નિષેધ ઈશ્વરમાં કરાય છે.

અહીં જરા **નિષેધનું સાયન્સ** સમજી લો. નિષેધ ચાર રીતે થાય છે. સંયોગ, સમવાય-સામાન્ય અને વિશેષનો નિષેધ કરાય છે. આ ચારના દૃષ્ટાંત જુઓ. તમે ઘરમાં બેઠા છો. ધારો કે તમારા ભાઈનું નામ છે દેવદત્ત. બહારથી કોઈ આવી પૂછે છે, 'દેવદત્ત છે ?' તમે કહો છો કે 'ના દેવદત્ત નથી.' આનો અર્થ એ છે કે ઘરમાં દેવદત્તનો **સંયોગ નથી.** બાકી બજારમાં તો દેવદત્તનો સંયોગ છે. (૨) એવી રીતે જે કહેવાય છે કે 'અશ્વ શૃંગ નથી.' એમાં અશ્વમાં શિંગડાનો **સમવાય નથી,** બાકી ગાય ભેંસ વગેરેમાં શિંગડાનો સમવાય છે. (૩) 'બીજો ચંદ્ર નથી.' એવું જે કહેવાય, તેનો અર્થ એ છે કે ચંદ્રમામાં ચંદ્ર સામાન્યનો નિષેધ છે, અર્થાત્ ચાલુ ચંદ્રમામાં ચંદ્રની સમાનતા નથી, ઈતર શાસ્ત્રો મુજબ જગતમાં એક જ ચંદ્ર છે, બીજો ચંદ્ર નથી. તેથી કોઈ બીજા ચંદ્રમાં ચંદ્રની સમાનતા બીજે છે જેમ કે મુખમાં. (૪) ઘટ પ્રમાણમાં મોતી નથી. એ બોલાય ત્યાં મોતી વિશેષનો નિષેધ છે. અર્થાત્ મોતી તો છે, પણ એમાં ઘટ-પ્રમાણની **વિશેષતા નથી,** એ વિશેષતા કોઈ વાસણ વિગેરેમાં હોય છે, અર્થાત્ ઘડાના માપના વાસણ હોય છે, મોતી નથી હોતું. આમ નિષેધનું પૃથક્કરણ કરવાથી ખાસ કોનો નિષેધ છે, તે સમજાય છે તેથી ઉપરના દૃષ્ટાંતોમાં ઘરમાં દેવદત્તની, અશ્વશ્રૃંગની, બીજા ચંદ્રની, અને ઘટ

પ્રમાણ મોતીની સાબિતી નહી થઈ શકે. ખાસ જેટલાનો નિષેધ થાય, તેટલું સાબિત થાય છે. પાછું એનો અર્થ એ નથી, કે તે વસ્તુ ત્યાંજ સાબિત થાય છે. ખાસ જેનો નિષેધ હોય તે વસ્તુ બીજે સાબિત થાય છે. આ ન્યાયથી મડદામાં જીવ નથી, એ કથન પર બીજે જીવ સાબિત થાય છે. નિષેધ અવસ્તુનો ન થઈ શકે, વસ્તુનો જ નિષેધ થાય. માનો કે 'ડિત્થ' જેવી કોઈ વસ્તુ જ નથી અવસ્તુ છે તો કોઈ 'મારી પાસે ધન છે, માલ છે, પણ ડિત્થ નથી, એવું કહે, તો સામો સમજશે જ નહિ કે ડિત્થ નથી એમ કહીને આ શું કહેવા માંગે છે કારણ કે નિષેધ વસ્તુનો હોઈ શકે છે, અવસ્તુનો નહિ. તો મડદામાં જીવ નથી, એ નિષેધ પરથી જીવ એ વસ્તુ છે, એમ સાબિત થાય છે, નહિતર એમ કેમ બોલાય કે 'ભાઈ હમણાં સુધી આમાં જીવ હતો, પણ હવે જીવ ગયો લાગે છે. માટે આને બાળી મૂકો.' (અહીં જીવ એટલે ચેતનાએ તપેલા સોનામાં પીગળામણની જેમ ભૂતનો એક ધર્મમાત્ર કાં ન હોય ?) તેથી તો જુદા જીવ વસ્તુ સાબિત નહિ થાય. આ કથનનું સમાધાન ત્રીજા ગણધરના પ્રશ્ન વખતે આવશે.)

(૨૩) **મું અનુમાન : એક પદ :** જે પદ વ્યુત્પતિસિદ્ધ એક શુદ્ધ (અસામાયિક) પદ હોય છે, તે અવશ્ય કોઈને કોઈ વસ્તુને કહેનાર હોય છે. ડિત્થ ડવિત્થ શબ્દની કોઈ વ્યુત્પત્તિ નથી તો એ એક શુદ્ધ પદ હોવા છતાં કોઈ વસ્તુનું નામ નથી આકાશ મુખ એ પદ વ્યુત્પત્તિસિદ્ધ છે. પરંતુ બે શબ્દનું બનેલું સામાયિક પદ છે, શુદ્ધ પદ નથી માટે એ નામની કોઈ વસ્તુ સાબિત નથી થતી. જીવ એ એક શુદ્ધ પદ છે. સમાસ પદ નથી, તેમજ એવી વ્યુત્પત્તિ પણ છે. જે જીવે, જીવવાની ક્રિયા કરે, તે જીવ. એથી વ્યુત્પત્તિસિદ્ધ અને શુદ્ધ જીવ પર એ કોઈ વસ્તુનું નામ અવશ્ય છે, તેથી જીવ વસ્તુ સાબિત થાય છે.

**પ્ર.**- તેની ક્યાં ના છે ? પણ એ દેહનું જ નામ કાં ન હોય ?

ઉ.- દેહનું નામ જીવ નથી, એવી સાબિતી માટે આ આગળ જુવો નવું અનુમાન.

(૨૪) **સ્વતંત્ર પર્યાય શબ્દો :** જે નામના અર્થનેજ કહેનારા બીજા સ્વતંત્ર પર્યાય શબ્દો (Other Words) હોય તે નામની સ્વતંત્ર વસ્તુ સાબિત થાય છે. તો જેમ દેહના પર્યાય શબ્દો શરીર, કાયા, તન, વગેરે છે, તેથી દેહ એ એક ચોક્કસ સ્વતંત્ર વસ્તુનું નામ છે; તેમ જીવ શબ્દના આત્મા, ચેતન, પુરુષ, વગેરે સ્વતંત્ર પર્યાય શબ્દો છે; માટે જીવ એ કોઈ સ્વતંત્ર વસ્તુનું નામ છે, પણ નહિ કે એ દેહનું નામ.





## (૬૬) ગણધરવાદ-૧૧

આમ જોશો તો જણાશે કે આત્મા શબ્દ એવો સરસ છે, એવો સાર્થક શબ્દ છે કે એ સ્વતંત્ર આત્મા નામની વસ્તુને સાબિત કરે છે. એના પર્યાય શબ્દો છે, ચેતન, જીવ, પુરુષ વગેરે. એના પ્રતિપક્ષી શબ્દ છે, અજીવ, જડ, અચેતન વગેરે એનો નિષેધ થાય છે, 'આ મડદામાં જીવ નથી.' કલ્પિત શબ્દમાં આ બધું ઘટી શકતું નથી. જેમ કે કોઈ કહે કે 'ટરરર' તો એનો પર્યાય શબ્દો એટલે સમાન અર્થવાળા શબ્દો, કે 'અ-ટરરર' વગેરે પ્રતિપક્ષી શબ્દો નથી મળતા, તેમ "અહીં 'ટરરર' નથી" આવો નિષેધ નથી કરાતો એ સાબિત કરે છે કે ટરરર તેવી જ કોઈ વસ્તુ નથી.

એક પટેલ હતા. એકવાર બહારગામ કામે ગયા હતા. ત્યાંથી પાછા વળતા રસ્તામાં સાસરાનું ગામ આવ્યું. પટેલને થયું કે લાવને સાસરે જતો આવું. કેમ વારું ? મળતા અવાય અને માલ ઉડાવતા અવાય. પટેલ પહોંચ્યા સાસરે. પટેલનાં સ્વાગત-સન્માન સારાં થયાં. માલમાં પટેલને ગરમાગરમ ઘીમાં તળેલાં વડાં મળ્યાં. આ ભોજન તો પટેલે ન જોયાનું દીઠું. વડાં ખુબ ઉડાવવા દીલ હતું, પણ વિવેક બતાવ્યા વિના છૂટકો નહોતો તેથી પીરસાયાં પ્રમાણે ખાધાં. સાસુ કહે 'લ્યો લ્યો બીજાં,' પણ પટેલે ના પાડવાનું શાણપણ કેળવ્યું. જગત પણ આવા વિવેકને, ધરપત અને સંયમને ગુણ ગણે છે, તો અનંત જ્ઞાનીના શાસનમાં વિવેક, ધરપત અને સંયમને કેમ ગુણ ન ગણાય ? અને જો ગુણ છે, તો **આત્માએ એ ગુણો કોઈની શરમથી જ શા સારું કે દુનિયામાં જશ લેવાજ શા સારું, પરંતુ આત્માની વિશેષતા સમજીને, પોતાની જ સાચી સંપત્તિ, સાચી વિભૂતિ, અને ખરેખરી મહત્તા સમજીને કાં ન મેળવવા, ટકાવવા અને વધારવા ?**

પટેલે વિવેક તો જાળવ્યો, પણ વડાં દાઢે વળગ્યાં, મનમાં નક્કી કર્યું કે ઘેર જઈને ઘરવાળીને સીધાં વડાં બનાવવા ઓર્ડર આપી દેવો. માનવના આ મનોરથ !! વડાં એ શબ્દ પટેલ માટે નવો હતો, તેથી ભૂલી ન જવાય, માટે પટેલ વડાં, વડાં, એમ ગોખતા ગોખતા પોતાના ગામ ભણી ઉપડ્યા. રસ્તામાં ક્યાંક છોકરા ગિલ્લીદંડા રમતા હતા, એ જોવાનો પટેલનેય રસ પડ્યો તે ઊભા રહ્યા. ત્યાં તો એક છોકરે ગિલ્લી એવી જોરથી દંડે મારી કે બીજા છોકરા સાથે જ બોલી ઉઠ્યા, 'ટરરર'...પટેલ પણ રસના ભર્યા ટરરર...બોલી ઉઠ્યા, એમાં વડાં શબ્દ ભૂલાઈ ગયો; અને ધૂનમાં ને ધૂનમાં પટેલ ઘેર જતાં ટરરર...' ગોખતા ચાલ્યા.



E:/Divya-Darshan(part-11).pmd/prf.5

પટેલ ઘરમાં પેઠા કે તરત પત્નીને કહે 'આજે જલદી તું ટરરર બનાવ.'

બાઇ વિચારમાં પડી પૂછે છે 'શું કહો છો ?'

'સાંભળતી નથી ! ટરરર બનાવ એમ કહું છું' પટેલ ઉવાચ.

પત્ની સામું જ જોઈ રહે છે. એટલે પટેલ દસ વાર 'ટરરર બનાવ' એમ બોલે છે.

વ્યામૂઢ બનેલી પત્ની કહે છે કે 'હું કશું સમજી શકતી નથી.' ત્યાં તો હવે પટેલ કોપ્યા. કોપ્યા તે એવા કોપ્યા કે એકલા ગધેડી વગેરે હલકા શબ્દો જ માત્ર નહિ, કિંતુ પત્નીના મોં પર હાથના તમાચા મારવા સુધી પહોંચ્યા.

પત્ની બિચારી રોતી રોતી હજીય કહે કે 'પણ મને સમજાવો તો ખરા કે એ વસ્તુ શું છે ? કેવી છે ?'

ત્યારે પટેલ કહે કે 'આવી આવી ચોખંડી, લાલ, ખાટી તીખી એ વસ્તુ છે. તારા બાપને ત્યાં ખાઈ આવ્યો છું. બોલ હવે જલદી બનાવે છે કે નહિ ? કે નહિ બનાવવાના આ તારા ચાળા છે ?'

ટરરરમાં પત્ની શું સમજે ? ટરરર નો કોઈ અર્થ છે ? 'આત્મા' શબ્દનો તો ચોક્કસ અર્થ છે. માટે જ આત્માનો ઇન્કાર કરનારો નાસ્તિક પણ એમ તો સમજે છે કે હું શાનો નિષેધ કરું છું. એ શું સમજે છે ? 'આ આસ્તિકો શરીરમાં રૂપરંગ વિનાનો એક જ્ઞાનસુખાદિ ખાસ ગુણવાળો જુદો આત્મા છે એવું જે કહે છે, તેવો આત્મા કોઈ છે નહિ.' આમાં નિષેધ કરતાં પૂર્વે એ આત્માને રૂપરંગ વિનાનો, જડ દેહથી જુદો, જ્ઞાનસુખાદિ ખાસ ગુણવાળો, અને આસ્તિકને માન્ય સમજે છે. એજ આત્માની મોટી સાબિતી છે. ટરરર શબ્દ પાછળ એવી કોઈ ચોક્કસ વસ્તુસ્થિતિ નથી, ત્યાં પત્નીય જરા આકરી ઉતાવળી થઈ જાય એમાં શી નવાઈ ? એ કહે છે કે, 'બળ્યું તમારું ટરરર !'

પણ પટેલ એ ક્યાં સહન કરે એમ હતા. એ તો પટેલભાઈ, મંડ્યા સરાસર ધોલો મારવા. બાઈનું તો મોં સૂજી આવ્યું. ધ્રૂસકે ધ્રૂસકે પટલાણી રૂએ. પડોશીઓ ભેગા થઈ ગયા. 'અરે પટેલ, આ શું કરો છો ?' પટેલ કહે, 'તમે ન સમજો, ખસી જાઓ આઘા. એ એમ પાંસરી નહિ થાય. કહું છું કે ટરરર બનાવી આપ, તો બનાવતી નથી અને ચાળા કરે છે.'

લોક કહે 'પણ પટેલ, એમાં આટલી બધી મરાય ? જુઓ તો ખરા બિચારીનો હોઠ ફૂલીને વડા જેવો થઈ ગયો.'

ત્યાં પટેલ ઝટ બોલ્યા 'હા, હા, એ વડાં બનાવવાના હતા. આ તો હું ભૂલ્યો તે વડાં બદલે ટરરર બોલ્યો ! લોક પટેલની મૂર્ખાઈ પર હસ્યું.



આપણી વાત એ છે કે આત્મા શબ્દ વસ્તુને કહેનારો છે, કલ્પિત નથી. **'अतति इति आत्मा'** અનેક વિવિધ જ્ઞાનાદિ પર્યાયોમાં પસાર થાય તે આત્મા. જાણવાની વસ્તુને જ્ઞેય કહેવાય. જ્ઞેયની નવીનવી વર્તના એટલે અવસ્થા થાય, તેમ તેમ જ્ઞાનની વર્તના ફરે, નહિતર જ્ઞાન જુઠું થાય. આ ફરતી જ્ઞાનની વર્તનાઓની વચ્ચે સળંગ એક આત્મદ્રવ્ય છે તો જ તે ભવાંતરના સંસ્કાર લઈ આવી અહીં આ ભવમાં પૂર્વભવનું જ્ઞાન કરી શકે છે. માટે,

**(૨૫)મું અનુમાન :** વર્તમાન કાળે કોઈક જીવને પૂર્વભવનું સ્મરણ થયેલું દેખાય છે. એ જીવ કહે છે કે હું પૂર્વ ભવે આ ઠેકાણે હતો, મારી આ આ દુકાન, છોકરાં વગેરે હતું. તેમાંના હાલ પણ આ મોજુદ છે. એમાં મેં પૂર્વે આ આ વ્યવહાર કરેલો તે પણ આજે ચોપડાની નોંધમાં છે; પૂર્વના સ્નેહી જાણે છે. આ બધું જુઠું કે કલ્પિત તો કહેવાય એમ નથી, તેમ કોઈએ એને શિખવ્યું પણ નથી. કેમકે ચાર વર્ષની ઉંમરમાં સ્વયં આ બધું બતાવે છે. એ બરાબર સાબિત થાય છે. જો આત્મા જેવી વસ્તુ ન હોય, તો એકલું શરીર તો અહીંનું અહીં ઘડાયું, એને પૂર્વની શી ખબર ? એથી જ સાબિત થાય છે કે દેહથી સ્વતંત્ર જુદો આત્મા છે, જે ભવોભવ ભમતો આવે છે, અને અહીંના કે પૂર્વના સારા નઠારા કાર્યોનો જવાબ આપવા માટે ભવિષ્યકાળે ઊભો રહેવાનો જ છે.

**ઉપમાન :** ઉપમાન પ્રમાણથી પણ આત્મા સાબિત થાય છે. કેમકે એમાં કોઈની સાથે સરખામણી વાયુ વગેરે સાથે થઈ શકે છે. અલબત્ત, તે એક દેશીય અર્થાત્ અમુક અંશે જ સરખામણી રહેવાની. ત્યારે કહો કે આત્મા વાયુ જેવો છે. જેમ શરીરમાં વાયુ વધારે ભરાયો હોય, તો શરીરમાં સુસ્તી, પેટની તડાતુમતા, નગારા જેવો અવાજ, પવનછૂટ વગેરે નીપજે છે, એ લક્ષણો ઉપરથી વાયુનું નિશ્ચિત જ્ઞાન હોય છે; એવી રીતે શરીરમાં થતી ઇષ્ટ-અનિષ્ટ તરફ પ્રવૃત્તિ-નિવૃત્તિ, મોં પર દેખાતી ક્રોધ-ઘમંડની મુદ્રા, લોહીના વહેણ, નાડીના ધબકારા, ઇત્યાદિ ઉપરથી આત્મદ્રવ્યનું નિશ્ચિત જ્ઞાન થાય છે. વાયુ આંખે દેખાતો નથી, પણ ક્યાંક કપડું કે કાગળ ઉડ્યો તો કહીએ છીએ કે વાયરાથી ઉડ્યો; તેમ ઇન્દ્રિયોની અને અંગોપાંગની હીલચાલ, મનની વિચારણા વગેરે આત્માના લીધે છે, ભલે એ આત્મા આંખે દેખાય નહિ. હવે કોઈ કહે કે આત્મા વાયુ જેવો હોય તો એનો સ્પર્શથી અનુભવ થવો જોઈએ, વળી એ પ્રાણ, અપાન, ઉદાન વગેરેની જેમ અંગોપાંગોમાં જુદો જુદો હોવો જોઈએ, તો એ કથન ઠીક નથી. કેમ કે અમે પહેલાં જ કહ્યું છે કે અહીં આંખેથી અદૃશ્ય એવા તત્ત્વ પુરતી એકદેશીય સરખામણી છે. દૃષ્ટાંત સર્વાંશે ન હોય.

**આગમ પ્રમાણ :** આગમથી તો આત્માની સાબિતી પૂર્વે ઠીક ઠીક બતાવી છે. માત્ર ત્યાં પ્રશ્ન એટલો જ રહે છે કે આગમો તો પરસ્પર વિરુદ્ધ વાતો કરે છે, તો પછી એના પર શી રીતે શ્રદ્ધા બેસે ? જગદ્‌ગુરુ મહાવીર પરમાત્મા અહીં ઈન્દ્રભૂતિજી બ્રાહ્મણને શાસ્ત્રોનો પરમાર્થ સમજાવે છે. પ્રભુ કહે છે કે 'હે સૌમ્ય ! એ શાસ્ત્રોને જો સ્યાદ્‌વાદ શૈલીથી ઘટાવો તો કોઈ વિરોધ ન રહે પણ જો એકાંત દૃષ્ટિથી પકડી રખાય, તો એથી વિરુદ્ધ અકાટ્ય યુક્તિથી એમની માન્યતાઓ ખંડિત થઈ જાય છે. માટે જ એકાંતનો કદાગ્રહ મૂકીને અનેકાંત માનનારને કોઈ વિરોધ નથી આવતો, તેમજ માન્યતા અખંડ રહે છે.' હવે જુઓ એ એકાંત-અનેકાંતની મઝા.

**એકાંતવાદીની સ્ખલના : ન્યાયમતે :** ન્યાયદર્શનવાળાએ કહ્યું કે 'આત્મા એકાંતે નિત્ય છે, જગદ્‌વ્યાપી છે, અને આગંતુક જ્ઞાનાદિગુણવાળો છે, પણ નહિ કે જ્ઞાનાદિ સ્વભાવવાળો.' હવે એની અહીં ભૂલ એ થઈ કે એણે એ ન જોયું કે જો આત્મા એકાંત નિત્ય હોય તો એમાં ફેરફારને અવકાશ જ નથી; તો પછી મનુષ્યપણું, દેવપણું વગેરે ફરક કોના ઉપર થાય ? એમ જ સુખીપણું, દુઃખીપણું વગેરે ફરક કોના સમજવા ? આત્માના ફરક કહો તો આત્મા નિત્ય નહિ રહે, ફેરફાર થવામાં તો નિત્યતા ઘવાય. ત્યારે ફેરફાર શરીરના નહિ કહી શકો, કેમ કે બોલાય તો એમ છે કે **'દેવદત્ત** મનુષ્ય મટીને હવે દેવ થયો.' **'શરીર** દેવ થયું' એમ નથી કહેવાતું. ત્યારે એ ફેરફાર આત્માના જ કહેવા પડશે, અને ફેરફાર એટલે અનિત્યતા. એક વખતનો મનુષ્ય એવો આત્મા હવે મનુષ્ય નથી, પણ દેવ છે. આમ એકાંત નિત્યતા ખોટી ઠરી.

**નૈયાયિકનો બચાવ : ધર્મ અનિત્ય, ધર્મી નિત્ય :** અહીં નૈયાયિક એમ કહે છે કે 'એમાં શું મોટી વાત હતી. આત્મા તો નિત્ય જ છે, પણ એમાં મનુષ્યપણું, દેવપણું વગેરે ધર્મો અનિત્ય છે, તેથી 'આત્મા મનુષ્યપણામાંથી દેવ થયો,' એવો વ્યવહાર બરાબર ઘટશે, એમાં આત્માને ફરવાનું રહેતું નથી. ધર્મ ફરે છતાં ધર્મી નિત્ય રહી શકે છે.

**ન્યાય મતખંડન : ધર્મ ધર્મીસ્વરૂપ માનવો જ પડશે :** આનો ઉત્તર એ છે કે ધર્મ એ ધર્મીથી એકાંતે જુદો નહિ હોવાથી ધર્મના ફેરફારે ધર્મીમાં ફેરફાર માનવો જ પડશે. ધર્મને જો એકાંતે જુદો પાડો, તો પ્રશ્ન એ રહે છે કે તો પછી એ ધર્મ બીજે પણ ન રહી શકે ? એ ધર્મનો સંબંધ બીજા સાથે કેમ ન બની શકે ? માટે કહેવું જ પડશે કે આજ વસ્તુનો તેવો સ્વભાવ છે, પણ બીજાનો સ્વભાવ નથી. એટલે વસ્તુ સાથે કથંચિત્ તદ્‌રૂપતા, તાદાત્મ્યભાવ, એકરૂપતા, અભેદ એટલે



ધર્મોએ વસ્તુના સ્વભાવના ઘરમાં આવવાથી કથચિત્ વસ્તુ સાથે અભેદભાવે રહેવાના. હવે જો ધર્મો નાશ પામ્યા, તો ધર્મી પણ એની સાથે નાશ પામે જ; તો પછી ધર્મી જે આત્મા, તે એકાંતે નિત્ય ક્યાં રહ્યો ?

**બૌદ્ધના એકાંત અનિત્યવાદનો નિરાસ :** અહીં બૌદ્ધ આવીને ખડો થાય છે કે તો પછી મારો અનિત્યવાદ, ક્ષણિકવાદ બરાબર છે. પણ એનોય એકાંત હોવાથી બરાબર નથી.

"દિવ્ય-દર્શન"-"પ્રવચન મહોદધિ" વર્ષ-૧,અંક-૧૭,તા.૨૦-૧૨-૧૯૫૨

## (૬૭) ગણધરવાદ-૧૨

**એકાંત ક્ષણિકવાદના દોષો :** કેમકે જો આત્મા ક્ષણ-ક્ષણ વિનાશી છે, તો અલબત ફેરફારને અવકાશ છે; પરંતુ **(૧)** એ ફેરફાર કઈ એક મૂળ વ્યક્તિના ગણવા ? આત્મા મનુષ્ય મટી દેવ થયો. ત્યાં એજ આત્મા દેવ થયો કે બીજો ? કહેવું જ પડશે કે એજ આત્મા. તો જે મનુષ્યપણે, એને જ દેવપણામાં ઊભેલો માનવો પડશે. નહિતર **(૨)** બીજી પણ વાત એ છે, કે મનુષ્યપણાનો આત્મા જો સર્વથા નાશ પામ્યો, તો એનું કરેલું જે સારું નરસું કામ, એનાં ફળ કોણ ભોગવશે ? વળી એક ભવમાં પણ તમારે તો ક્ષણે ક્ષણે આત્મા એકાંતે નાશ પામનારો; તો પહેલાં કોઈ વસ્તુનું દર્શન પછી એના પર ચિંતન, પછી પ્રવૃત્તિ કેમકે હવે તો એ પછી નવા નવા કેઈ આત્મા જન્મ્યા !

(૩) ત્યારે, એ પણ પ્રશ્ન છે કે ચાલુ ક્ષણનો આત્મા પૂર્વક્ષણના આત્માથી જો તદ્દન જુદો છે, તો એને અહીં જે શુભાશુભ લાભ થયો, તેનું પુણ્ય પાપ ક્યાં ઉપાર્જેલું ? પૂર્વે તો આ આત્મા હતો જ નહિ. આમ ક્ષણિક વાદમાં કૃતનો નાશ અને અકૃતનું આગમન એમ બે દોષ આવ્યા. (૪) વળી એક ભવમાં પણ તમારે તો ક્ષણે ક્ષણે આમા એકાંતે નાશ પામનારો; તો પહેલાં કોઈ વસ્તુનું દર્શન, પછી એના પર ચિંતન, પછી પ્રવૃત્તિ, વગેરે કરનાર એક ધણી કોણ ? **(૫)** તેમ પહેલાં વાદળ જોયા, પછી વરસાદ જોયો પછી કાર્ય કારણ ભાવનું જ્ઞાન કર્યું, કે વાદળમાંથી વરસાદ પડે. એક વ્યક્તિ વિના પૂર્વાપરનું આ બધું કોણ વિચારે ? જેમ મગન વાદળ જોઈ ઊંઘી જાય, પછી છગન એકલો વરસાદ જોઈ જતો રહે, અને ત્યાં ત્રીજો જગત નામનો માણસ આવીને 'વાદળમાંથી વરસાદ પડે' એવું જ્ઞાન કરે, એ નથી બની શકતું; જેને કારણનું જ્ઞાન છે, એને જ જો કાર્યનું જ્ઞાન થાય, તો એને જ 'આ કાર્યનું આ કારણ' એમ કહી શકે છે; અર્થાત્ એનેજ કારણ ભાવનું જ્ઞાન



E:/Divya-Darshan(part-11).pmd/prf.5

થાય છે. એવી રીતે જો જુદા જુદા ક્ષણના ભાવોમાં સળંગ એક આત્મા ન હોય તો એની એજ વ્યક્તિને અનુભવની પાછળ સ્મરણ, દર્શનની પાછળ મનન, જ્ઞાનની પાછળ ઇચ્છા, ઇચ્છાની પાછળ પ્રવૃત્તિ, વગેરેનો મેળ કેમ બેસે ?

(૬) ત્યારે, ધ્યાન એ તો એકજ આત્માનું અનેકક્ષણોનું માનસિક એકાગ્ર ચિંતન છે. એ ધ્યાન ક્ષણ વિનાશવાદમાં કેવી રીતે સંગત બની શકે ?

તો અહીં પ્રશ્ન એ આવીને ઊભો રહ્યો કે, જો ત્યારે નૈયાયિક આત્માને એકાંતે નિત્ય માને તે ખોટું, અને બૌદ્ધ એકાંતે ક્ષણિક માને તે ખોટું, તો પછી સાચું શું ? જગતમાં નિત્ય અને અનિત્ય સિવાય ત્રીજો પ્રકાર નથી. જો ત્રીજો પ્રકાર જોઇતો હોય તો આકાશ-કુસુમ જેવા અસત્ તો મળશે !!' આનો ઉત્તર એ છે કે એકાંત નિત્ય અને એકાંત અનિત્યથી જુદો ત્રીજો પ્રકાર સ્યાદ્‌નિત્યનો છે. એને નિત્ય કે અનિત્યનો અનેકાંત કહેવાય, કથંચિત્ નિત્યાનિત્યનો પ્રકાર કહી શકાય. અહીં એટલું ધ્યાનમાં રહે કે આ પ્રકારમાં થોડું નિત્ય અને થોડું અનિત્ય છે એવું નથી, એમ નિત્ય અને અનિત્યનો સરવાળો છે, એમ પણ નથી. કેમકે તો તો એમાં નિત્ય અને અનિત્ય, એ બંનેય પક્ષના દોષ લાગે. જ્યારે કથંચિત્ નિત્યાનિત્ય પક્ષમાં દોષ કોઈ લાગતો નથી. કારણ એ છે કે આ કથંચિત્ નિત્યા-નિત્યત્વ. એ નિત્યત્વ અને અનિત્યત્વ કરતાં એક જુદી જ જાતિનો ધર્મ છે. **કથંચિત્ નિત્યાનિત્યત્વને એકાંત નિત્યત્વ અને અનિત્યત્વ કરતાં જુદી જાતિ એટલે કે જાત્યન્તર માનવામાં આવેલી છે. તેથી જ એમાં એકાંત પક્ષમાંનો કોઈ દોષ તો નથી આવતો, પરંતુ ઉપરથી ગુણ-સમૃદ્ધિ રહે છે.** દા.ત. એકલી સુંઠ પિત્ત દોષ કરે છે, એકલો ગોળ કફ દોષ કરે છે, પરંતુ સુંઠ અને ગોળનું વ્યવસ્થિત મિશ્રણ એકેય દોષ તો નથી કરતું, કિંતુ ઉપરથી ગુણ કરે છે.

બીજાઓ અનેકાંતવાદને શબ્દથી ન સ્વીકારે, એ જુદી વસ્તુ છે, પરંતુ કાર્યથી તો સ્વીકારે જ છે.

**અનેકાંતવાદના દૃષ્ટાન્ત :** ન્યાય વૈશેષિક દર્શનવાળા લાલ અને પીળા રંગવાળી વસ્તુમાં ચિત્રરૂપ માને છે, એ જ અનેકાંતવાદ.

**સાંખ્ય મતવાળા** પ્રકૃતિ કે જેમાંથી બુદ્ધિ તત્ત્વ ઉત્પન્ન થવાનું માને છે તેને બુદ્ધિતત્ત્વથી એકાંતે અભિન્ન કે એકાંતે ભિન્ન નથી કહી શકતા, કિંતુ કથંચિત્ અભિન્ન કહેવું પડે છે, એજ અભેદનો અનેકાંતવાદ.

**વેદાન્ત દર્શનવાળા** વેદમાં જે **વ્યોમ** શબ્દ બ્રહ્મ અર્થમાં આવે છે, એના માટે અનેકાંતનો આશરો લે છે. કેમકે આમ તો વ્યોમનો અર્થ આકાશ થાય છે. પણ વ્યોમનો અર્થ જો **એકાંતે** આકાશ હોય, તો બ્રહ્મ અર્થ ક્યાંથી કરવો ? માટે



વ્યોમના અર્થનો અનેકાંત છે,

**મિમાંસકો** અમાસ અને પુનમના યજ્ઞ જુદા માને છે, યજ્ઞ જો ઊલટા કરાય, એટલે કે અમાસનો પુનમમાં અને પુનમનો અમાસમાં કરાય, તો ફળ નથી આપતા, એમ કહે છે, પરંતુ બીજા એવા પણ અગ્નિહોત્રાદિ યજ્ઞ કહે છે, કે જે અમાસેય કરી શકાય અને પુનમેય કરી શકાય; અને એનું ફળ મળી શકે છે. તો આવા યજ્ઞ માટે અમાસ કે પુનમનો એકાંત ન રહ્યો. એનો અર્થ જ એ કે મિમાંસકોએ આ યજ્ઞોમાં કાળ સબંધનો અનેકાંત માન્યો.

અનેકાંતના આવા તો કેઈ દાખલા છે. એટલે કહી શકાય કે આમ જુદા જુદા દર્શનોમાં વિવિધ રીતિએ અનેકાંતનું આલંબન લેવાયું છે. એ રીતે ન્યાય-મતવાળાને પણ ધર્મ અને ધર્મવાનનો એકાંતે ભેદ નહિ, પણ કથંચિત્ ભેદઅભેદ માનવો પડશે. આમાં ધર્મનો પોતાના ધર્મીની (આશ્રયની) સાથે અભેદની દૃષ્ટિએ એટલે કે ઐક્યની દૃષ્ટિએ ધર્મના નાશે ધર્મીનો નાશ માનવો જ પડશે. કેમકે ધર્મ એજ ધર્મી છે. એથી આત્માને એકાંતે નિત્ય માનવાનો ન્યાય વૈશેષિકનો પક્ષ ખોટો ઠરે છે. એવું જ બૌદ્ધનો એકાંત ક્ષણિકવાદ પણ ખોટો ઠરે છે.

**નૈયાયિકની બીજી વાત : આત્માનું પરિમાણ :** ન્યાયદર્શનવાળાએ આત્માનું પરિમાણ વિશ્વવ્યાપી માન્યું. ત્યારે કોઈએ એકદમ નાનું પરિમાણ આત્માનું માન્યું. આવા સામસામા વિરોધ હોય ત્યાં આત્મતત્ત્વ પર શ્રદ્ધા કેમ થાય ? આ પ્રશ્નનું સમાધાન સહેલું છે. ન્યાયદર્શનવાળાની વિશ્વવ્યાપી પરિમાણની વસ્તુ ખોટી છે, કેમકે તો પછી આત્માને એક ગતિમાંથી બીજી ગતિમાં જવાનું શું રહે ? કેમકે પોતે સર્વ ગતિમાં વ્યાપ્ત છે. જો એમ કહો કે તેને ગતિમાં જવું એનો અર્થ તો એટલો જ છે, કે તે તે ગતિને યોગ્ય શરીર ધારણ કરવું. તો પ્રશ્ન એ છે કે શરીરને ધારણ કરવાનું તો શરીર સાથેના સંબંધથી બનવાનું; અને આત્માને તો તમો વિશ્વવ્યાપી માનતા હોવાથી એને તો બધા શરીર સાથે સંબંધ રહેવાનો, પછી ખાસ ગતિ ક્યાં આવી ?

**'પરભવ જવું' એનો નૈયાયિકનો અર્થ :** નૈયાયિક આના જવાબમાં એમ કહે છે કે ''વિશ્વવ્યાપિપણામાં તો આત્માનો શરીરાદિ બધાની સાથે જે સંબંધ છે, તે તો માત્ર સંયોગ સંબંધ છે. પણ અમે ગતિમાં આત્માનો શરીર સાથે જે સંબંધ કહીએ છીએ તે અવચ્છેદક્તા સંબંધ કહીએ છીએ. એટલે કે **આત્માને સુખદુઃખ** ભોગવવાનું જે શરીર, તે અવચ્છેદક કહેવાય. શરીરમાં અવચ્છેદકતા રહી માટે તે શરીર સાથે આત્માને અવચ્છેદકતા સંબંધ છે. બસ, જ્યાં આ સંબંધ, તેજ શરીર જીવે ધારણ કર્યું ગણાય.''

**નૈયાયિકની એમાં કપોલકલ્પના :** પણ ન્યાયવાળાનો આ બચાવ ખોટો છે. કેમકે એમાં તો એ નિર્ણય ન થઈ શક્યો **કે સુખદુઃખ કયા શરીરમાં ભોગવે ?** આનો અર્થ એ થયો કે આત્મા વિશ્વવ્યાપી નથી.

બીજી પણ એક વાત એવી છે કે જીવને વિશ્વવ્યાપી માનવામાં જ્ઞાન-સુખદુઃખ વગેરે આત્મામાં આખા વિશ્વના પ્રદેશે કેમ નથી થતું ? ત્યારે જો આત્માને વિશ્વવ્યાપી ન માનો, પણ **શરીર-પરિમાણ** પ્રમાણવાળો માનો, તો ઉપર કહેલા દોષ નહિ લાગે, અને એક ગતિમાંથી બીજી ગતિમાં જવાનું પણ ઘટી શકશે.

**પ્ર.**- શરીર પ્રમાણમાં તો હાથી-કીડીના શરીરનો ક્યાં મેળ ખાશે ? એનો એજ આત્મા હાથીમાંથી કીડીપણું શી રીતે લઈ શકશે ?

ઉ.- અહીં એ સમજવાનું છે કે **આત્મા જે શરીર ધારણ કરે છે, તે નવા તૈયાર શરીરમાં પેસી જઈને નહિ, કિંતુ** જ્યારે જીવ બીજી ગતિમાં કર્મોના જથ્થાના હિસાબે જાય છે, ત્યારે ત્યાં તેવા તેવા કર્મ-શરીરના પ્રતાપે આહારના પુદ્ગલ લઈ, તેને શરીર રૂપે પરિણમાવે છે. પાછા નવા નવા પુદ્ગલ લઈ, તેને શરીરરૂપે પરિણમાવે છે. પાછા નવા નવા પુદ્ગલ લેતા જવાનું અને પરિણમાવતા જવાનું ચાલુ રહે છે. એ રીતે શરીર તૈયાર થાય છે; તે દેહ આત્માના પ્રદેશે પ્રદેશ સાથે ખીરનીર જેવો, અગ્નિ-લોઢા જેવો, વ્યાપ્ત હોય છે. એમાં જેવું પૂર્વકૃત કર્મ ઉદયમાં હોય, તે મુજબ હાથી કે કીડીનું શરીર રહેવાનું.

''દિવ્ય-દર્શન''-''પ્રવચન મહોદધિ'' વર્ષ-૧,અંક-૧૮,તા.૨૭-૧૨-૧૯૫૨

## (૬૮) ગણધરવાદ-૧૩

**આત્મા જો શરીર પરિણામી, તો દૂરના કાર્યમાં હેતું શી રીતે ? :** અહીં પ્રશ્ન એક થાય છે કે જો શરીરપ્રમાણ આત્મા કહો તો અમેરિકામાં બનતી વસ્તુમાં આપણું ભાગ્ય ભાગ શી રીતે ભજવશે ? ન્યાય દર્શનવાળા તો કહી શકે કે આત્મા વિશ્વવ્યાપી હોવાથી અમેરિકા સાથે પણ સંબંધમાં છે.

આનું સમાધાન એ છે કે કેટલાક સંબંધ એવા હોય છે, કે જેમાં સાક્ષાત્ વસ્તુને સ્પર્શવાની જરૂર નથી રહેતી. દા.ત. દેવદત્તનું ધન બેંકમાં પડ્યું છે. ત્યાં દેવદત્તને ધન સાથે ક્યાં સ્પર્શવાની વાત છે ? છતાં ધન દેવદત્તનું કહેવાય છે. એમ લોહચુંબક દૂર રહ્યું લોઢાને સ્પર્શ્યા વિના પણ એવા આકર્ષણના સંબંધવાળું છે, કે એ લોઢાને ખેંચે છે. એમ જીવનું ભાગ્ય પણ લોહચુંબકની જેમ વિશિષ્ટ શક્તિથી



અમેરીકાની વસ્તુને ખેંચી શકશે. એટલા ખાતર થઈને જીવને વિશ્વવ્યાપી માનવાની જરૂર નથી.

વળી મૂર્ત એવા રૂના ઢગલાના સંકોચ વિકાસમાં દ્રવ્ય એનું એજ રહે છે, તો અમૂર્ત આત્મા પણ જુદા જુદા દેહમાં નાનો મોટો થવા છતાં એનો એજ રહી શકશે.

હા, જીવમાં જ્યારે કેવળજ્ઞાન એટલે કે સર્વજ્ઞતા પ્રગટે છે ત્યારે સમસ્ત જગતને જાણે છે, કેમકે એ **જ્ઞાનનો** પ્રકાશ વિશ્વવ્યાપી છે. આવા જ્ઞાનપ્રકાશના હિસાબ પુરતું જીવ વિશ્વવ્યાપી કહેવાય. જીવ જ્ઞાનપ્રભાથી આખા વિશ્વને વ્યાપે છે, એમ કહી શકાય.

**નૈયાયિકની ત્રીજી વાત** એ હતી, કે જીવમાં જ્ઞાનાદિ ગુણો આગંતુક છે. એની સામે વેદાન્તી અને યોગાચાર બૌદ્ધ આત્માને તદ્દન જ્ઞાનસ્વરૂપ જ કહે છે. આ બન્નેય એકાંત ખોટા છે. કેમકે,

(૧) **બૌદ્ધમત મુજબ** આત્માને જો એકાંતે જ્ઞાનસ્વરૂપ કહેવામાં આવે તો આત્મા પોતે ગુણસ્વરૂપ થાય, પણ ગુણવાળો ન બન્યો. વસ્તુતઃ ગુણવાળા હોય તે દ્રવ્ય કહેવાય. જો આત્માને ગુણ જ કહો, તો તો દ્રવ્ય નહિ કહી શકો, અને આત્માને જો દ્રવ્ય કહેવો છે, તો ગુણવાળો માનવો પડશે, નહિ કે એકાંતે ગુણસ્વરૂપ જ માનવો ઉચિત ગણાય.

(૨) ત્યારે **ન્યાયમત મુજબ** આત્માને જો એકાન્તે આગંતુક જ્ઞાનગુણવાળો માનો, પણ આત્માનો જ્ઞાનસ્વભાવ ન માનો, તો પ્રશ્ન એ થાય છે કે તો પછી એ જ્ઞાનગુણ આત્માને છોડીને બીજામાં કેમ નથી દેખાતો, કે ઉત્પન્ન થતો ? ન્યાયમતે આત્માનો અને મનનો વિશિષ્ટ સંયોગ થવાથી આત્મામાં જ્ઞાનગુણ જન્મે છે, એમ કહે છે. હવે જો આત્માનું જ્ઞાન થવા માટે તેવા પ્રકારનો ખાસ સ્વભાવ ન માનો, તો એ **વિશિષ્ટ સંયોગ તો જેમ આત્મામાં છે, તેમ મનમાંય છે, તો પછી મનમાં જ્ઞાનગુણ કેમ ન જન્મે ?** મનમાં જ્ઞાન ભલે જન્મે એવું નહિ કહેવાય; કેમકે ન્યાયમતવાળા મનનો ગુણ જ્ઞાન નથી માનતા. આના ઉપર એમ બચાવ કરવો કે મન એ જ્ઞાનનું સમવાયી કારણ નથી, અથવા મનમાં જ્ઞાનનો પ્રાગભાવ નથી, તેથી મનમાં જ્ઞાન ન જન્મે; તો એનો અર્થ એ છે કે આત્મા જે જ્ઞાનનું સમવાયી કારણ છે, અને મન જ્ઞાનનું સમવાયી કારણ નથી; એ સૂચવે છે કે આત્માનો જ્ઞાનસ્વભાવ છે અને મનનો જ્ઞાનસ્વભાવ નથી. આમ જ્ઞાનને આત્માનો સ્વભાવ માનવાથી, એ વસ્તુ બરાબર સંગત થશે, કે જેમ જેમ આવરણ આત્માપરથી ખસે,

તેમ તેમ જ્ઞાનપ્રભા વધારે ને વધારે ખીલે, અને સર્વ આવરણ ખસી જતાં મુક્ત આત્મામાં અનંતજ્ઞાન પ્રગટ થાય, આત્મા સર્વજ્ઞ બને.

**નૈયાયિકનો જડ મોક્ષ ! :** ન્યાયમતવાળાને તો મોક્ષ અવસ્થામાં આત્માની જડદશા માનવી પડે છે. કેમકે ત્યાં કાંઈ જ્ઞાન ઉત્પન્ન કરવાની સામગ્રી નથી, તેથી ત્યાં જ્ઞાન કાંઈ જ નથી અને આત્માનું ચૈતન્ય તો જ્ઞાન છે, તો જ્ઞાન નહિ હોવાથી ચૈતન્ય શું ? કાંઈ જ નહિ; એટલે જડદશા ગણાય, એવો એમનો મોક્ષ છે !

**જૈનમતે** આત્માનો જ્ઞાનસ્વભાવ આત્માથી કથંચિત્ અભિન્ન હોવાના લીધે ભેદ-અભેદ બંનેના કાર્ય નીપજી શકશે. **ભેદનાં કાર્ય શા ?** કાર્યો એ, કે (૧) બન્નેના જુદાઈનો વ્યવહાર થાય, જેમકે, આત્માનો ગુણ જ્ઞાન છે. આત્મામાં જ્ઞાન આવે છે, અને જાય છે. વળી (૨) જુદાઈમાં બંનેના નામ, સંખ્યા, જાતિ, આશ્રયઆશ્રિતભાવ, કાર્ય, વગેરેમાં ભેદ પડે. દા.ત. આત્માના **નામ** જીવ, ચેતન, વગેરે, ગુણના નામ તરીકે જ્ઞાન, બોધ, મતિ વગેરે. **સંખ્યા** પોતાના આત્માની એક જ. પરંતુ જ્ઞાનની સંખ્યા બહુ. કેમકે એક આત્મામાંય બહુ જ્ઞાન આવે છે. **જાતિ** આત્માની નરજાતિ; અર્થાત્ આત્મા શબ્દ પુલ્લિંગે છે, અને જ્ઞાનની જાતિ નાન્યતર, અર્થાત્ જ્ઞાનશબ્દ નપુંસકલિંગી છે. વળી આત્મા **આશ્રય** છે, જ્ઞાન **આશ્રિત** છે. આત્માનું કાર્ય કર્મબંધ, કર્મક્ષય વગેરે છે; જ્ઞાનનું કાર્ય વસ્તુનો પ્રકાશ કરવાનું છે. આત્મા અને જ્ઞાનના **કથંચિત્ ભેદના હિસાબે આવી આવી જુદાઈ ઘટી શકશે. ત્યારે કથંચિત્ અભેદના હિસાબે આત્માનો જ્ઞાનસ્વભાવ ઘટી શકશે.** અને એજ જ્ઞાનસ્વભાવના હિસાબે **આત્મા** પૃથ્વી, પાણી વગેરે જડ પદાર્થથી **એક નિરાળો સ્વતંત્ર પદાર્થ કહી શકાશે.** તેમજ આત્મા કથંચિત્ નિત્યાનિત્ય એટલે કે આત્મત્વની અપેક્ષાએ નિત્ય અને જ્ઞાનાદિપર્યાયની અપેક્ષાએ અનિત્ય કહી શકાશે.

**અનેકાંતમતે રમણીય સત્ સમાધાન :** આ રીતે આગમ પ્રમાણ માનવા ઉપર એવો જે આક્ષેપ હતો, કે કોઈ આગમ આત્માને એકાંત નિત્ય કહે છે, તો કોઈ એકાંત અનિત્ય કહે છે. કોઈ મતવાળા જ્ઞાનને જીવનો સ્વભાવ નથી માનતા, તો બીજા એકાંત જીવને જ્ઞાનસ્વરૂપ કહે છે, વગેરે વિરોધમાં આગમ પર વિશ્વાસ કેમ બેસે ? તેનો ઉત્તર એ છે કે **વિરોધોનું અનેકાંત મતમાં સમાધાન થઈ જાય છે. તેથી અનેકાંતવાદી આગમમાં વિરોધ નથી આવતો.**

**આત્મા દ્રવ્યથી નિત્ય છે, પણ જ્ઞાનાદિપર્યાયે અનિત્ય છે. સૂક્ષ્મ સમય-સમયની વર્તનાપર્યાયની અપેક્ષાએ આત્મા ક્ષણિક છે, ત્યારે આત્મજીવ-જીવત્વરૂપ અનાદિ પરિણામની અપેક્ષાએ આત્મા નિત્ય છે.**





## (૬૯) ગણધરવાદ-૧૪

**આત્માની સંખ્યા અંગે :** પણ હવે તમે પૂછશો કે આત્માની સંખ્યા સંબંધમાં શું ? કેમકે વેદાન્તી કહે છે કે 'જગતમાં આત્મા એક જ છે, ખરેખરો પદાર્થ જ એક બ્રહ્મ (શુદ્ધ આત્મા) છે;' ત્યારે નૈયાયિક, સાંખ્ય વગેરે કહે છે કે 'નહિ, આત્મા અનંત છે.'

આનો ઉત્તર એ છે કે એકાંતવાદી આગમોમાં એ રગડા પડે છે. અનેકાંતવાદી જૈન શાસ્ત્રોમાં આનું સુંદર સમાધાન મળે છે. તે એ છે કે એક શુદ્ધ સત્‌ની વિચારણાએ, કે એક ચૈતન્ય માત્રની અપેક્ષાએ આત્મા એક જ છે. ત્યારે વ્યવહાર નયે તથાભવ્યત્વની અપેક્ષાએ આત્મા અનેક છે. કેમકે તથાભવ્યત્વો જુદી જુદી જાતના છે, અને અનેક છે. આત્માના હિસાબે જ વક્તા-શ્રોતા, ગુરુ-શિષ્ય, બુદ્ધ-મુક્ત, સ્વકીય-પરકીય, વગેરે વિવિધતા ઘટી શકે છે. તેમજ વિવિધ શરીરો, વિવિધ કાર્યો વગેરે, જો અનેક આત્મા હોય, તો જ સંગત થઈ શકે એટલે આ રીતે આત્માની સંખ્યા અંગે પણ આગમવિરોધ નથી.

**આત્મા બંધાય-મુકાય કે નહિ, તે અંગે :** ત્યારે બીજો પ્રશ્ન એ થાય છે કે ઠીક, સાંખ્યો કહે છે કે 'આત્મા તો બંધાતોય નથી, અને મૂકાતોય નથી.' ત્યારે બીજી બાજુ નૈયાયિકો આત્માને બંધાયેલો-મુકાયેલો માને છે. તો આ વિરોધનું કેમ ?

આના ઉત્તરમાં અમે કહીશું કે અહીં પણ અનેકાંતવાદી જૈનાગમનો આશ્રય જો લે, તો વિરોધ નહિ આવે. તે આ રીતે : જૈનાગમમાં **શુદ્ધ નિશ્ચયનયે સંસાર-અવસ્થામાં પણ આત્માનું અનંતજ્ઞાન-સુખમય સ્વરૂપ અખંડ માન્યું છે, દરેક દરેક આત્મા નિશ્ચયનયની દૃષ્ટિએ સચ્ચિદાનંદપૂર્ણ છે.** કેમ કે મૂળમાં એ જો કાયમ ન હોય, તો વ્યવહારમતવાળા કર્મના આવરણ તોડાવી આત્માને અનંત જ્ઞાનસુખવાળો ન બનાવી શકે. નિશ્ચયનયે આ મૂળ અખંડના હિસાબેજ આત્મા કર્મથી બદ્ધ કે આવરણથી આવૃત ન બન્યો. પછી તો બદ્ધ નહિ તો મુક્ત શું થવાનું ?

**હવે વ્યવહારનયની દૃષ્ટિએ આત્મા કર્મથી બદ્ધ છે, આવૃત છે.** કેમ કે એમ જો ન હોય તો અનંતજ્ઞાન-સુખ પ્રગટ અનુભવમાં કેમ નથી દેખાતા ? એ પ્રગટ કરવા માટે શાસ્ત્રોના ઉપદેશની શી જરૂર રહે ? સદાચારની પણ શી આવશ્યક્તા ? સંસારમાં ઓછા વધતા જ્ઞાની, સુખી, દુઃખી વગેરે શાથી ? આ રીતે જૈનાગમમાં આમાંય વિરોધ નથી.



E:/Divya-Darshan(part-11).pmd/prf.5

બીજા જે એકાંતવાદી સાંખ્ય-બૌદ્ધ-મિમાંસક વગેરે આગમોમાં પરસ્પર વિરોધો છે; તે અનેકાંતવાદી જૈન આગમમાં શાંત પડી જાય છે. માટે આત્મા અંગે આગમ પણ એક પ્રબળ પ્રમાણ છે.

**અર્થાપત્તિ પ્રમાણથી** પણ આત્મા સાબિત છે. કેમકે જેમ મહિનાઓ સુધી દિવસે બિલકુલ નહિ જમનાર દેવદત્તમાં રાત્રિભોજન વિના શારીરિક પુષ્ટતા ઘટી ન શકે. તેમ મૃત્યુ પછી તરત જ જરાય હીલચાલ ન કરી શકનારા શરીરમાં મૃત્યુ પૂર્વે જે હીલચાલ દેખાય છે, તે જીવંત સ્થિતિ વિના અર્થાત્ શરીરમાં અંદરખાને અવસ્થિત આત્માની હયાતી વિના ન ઘટી શકે. એમ, અર્થાપત્તિમાં આત્મા સાબિત છે.

**સંભવ પ્રમાણથી** પણ આત્મા સિદ્ધ છે, એમ કહી શકાય, કેમકે સંભવ પ્રમાણ એક પ્રકારનું અનુમાન છે. જેમ, ૧૦૦, એ ૫૦-૫૦નું યુગલ છે, તેથી કોઈની પાસે સો છે એમ જાણ્યા પછી અનુમાન થાય છે કે તો પછી એની પાસે પચાસ તો છે જ; એમ આત્માને જન્મ વખતે દેખાતી ઈષ્ટવૃત્તિ, ચૈતન્યસ્ફુરણ વગેરે કાર્યો પાછળ કોઈ અદૃશ્ય હેતુઓ સાબિત થાય છે. હવે આત્મા એ અદૃશ્યમાંની એક વસ્તુ છે, એ હિસાબે સંભવ પ્રમાણથી કહેવાય કે આત્મા એક હેતુ તરીકે તો છે જ.

**દયા, દાન અને દમનની સિદ્ધિ :** આ રીતે આત્મા જેવી વસ્તુ નથી, એવા નાસ્તિકવાદનું ખંડન કરી, પ્રત્યક્ષ-અનુમાન વગેરે પ્રમાણોથી આત્માની સાબિતી કરવામાં આવી. અહીં "પ્રભુશ્રી મહાવીરદેવ ગૌતમ ગોત્રીય ઇંદ્રભૂતિને કહે છે કે "હે ગૌતમ ઇન્દ્રભૂતિ ! જો આત્મા એક સ્વતંત્ર તત્ત્વ છે, તોજ તારા વેદશાસ્ત્રમાં કહેલા અગ્નિહોત્રાદિ યજ્ઞના સ્વર્ગફળ ઘટી શકે. આત્મા જ ન હોય તો અહીંથી મરીને કોને સ્વર્ગમાં જવાનું ? તેમ **'દદદ'** દયા, દાન, દમ; આ ત્રણની જરૂર પણ શી ? જેમ પોતાના આત્માને દુઃખ નથી ગમતું, તેમ બીજાને નથી ગમતું, અને બીજાને જો દુઃખ દે, તો પોતાને દુઃખ મળે જ; પછી આ જીવનમાં નહિ, તો અહીંથી પછીના જીવનમાં પણ દુઃખ અવશ્ય મળે. માટે બીજાને દુઃખ ન દેતાં દયા કરવી, એમ સિદ્ધ થાય છે. તેમ દાન કરવું એ કર્તવ્ય છે; કેમકે, અહીં દીધું હોય તો પરભવે મળે. વળી ઇન્દ્રિયોનું દમન પણ કરવુંજ જોઈએ, જેથી એ ઉચ્છૃંખલ બની આત્માને તામસભાવમાં ડૂબાડી, પાપકર્મોથી બાંધી ભવાંતરે હલકા કીડા વગેરેના કે નરકના દુઃખમાં ન રગદોળે. આમ 'દદદ' નું પાલન તોજ સાર્થક ગણાય, જો આત્મતત્ત્વ જેવી વસ્તુ જગતમાં હોય."



હવે જગદ્ગુરુ પ્રભુ મહાવીરદેવ આગળ કહે છે કે "હે ગૌતમ ઇન્દ્રભૂતિ ! विज्ञान घन एव एतेभ्यो भूतेभ्यः समुत्थाय तान्येवानु विनश्यति न प्रेत्यसंज्ञाऽस्ति ! એ વેદ પંક્તિનો અર્થ તું એ રીતે ખોટો કરતો હતો, કે विज्ञानघन પદની સાથે एव પદ પડ્યું છે, તેને તું भूतेभ्य ની સાથે લગાડતો હતો. તેથી 'ભૂતમાંથી જ આત્મા ઉત્પન્ન થાય' એવો અર્થ તો લગાડ્યો. પરંતુ ખરી રીતે વેદ પંક્તિમાં एव પદ જ્યાં મૂકેલું છે, ત્યાંજ તે લગાડવાનું છે. એટલે સાચો અર્થ આ રીતે નીકળશે;-

विज्ञानघन एव એટલે વિજ્ઞાનનો જ ઘન. વિજ્ઞાન એટલે વિશેષ જ્ઞાન, ઉપયોગરૂપ-સ્ફુરણારૂપ જ્ઞાન; પણ માત્ર જ્ઞાનશક્તિ, જ્ઞાનલબ્ધિ નહિ. એ જ્ઞાન ગુણ આત્માના સ્વભાવરૂપે છે, એથી આત્માના અભેદભાવે પ્રગટ થાય છે. માટે આત્મા તે તે જ્ઞાનના ઉપયોગમય બને છે. અર્થાત્ જ્ઞાનનોજ એક ઘન વિજ્ઞાનઘન આત્મા બન્યો. વિજ્ઞાન સાથે નિબિડ-ગાઢ સંબંધ આત્માનો બને છે, તેથી પણ આત્મા વિજ્ઞાનઘન કહેવાય.

અહીં વિજ્ઞાન એ પૃથ્વી, પાણી વગેરે ભૂતને લઈને ઉત્પન્ન થાય છે. અર્થાત્ જ્ઞાન ઘડાનું થાય છે, વસ્ત્રનું થાય છે, જળનું થાય છે; માટે કહેવાય કે જ્ઞાન એ પૃથ્વી વગેરે વિષયો થકી જન્મ્યું; અને આત્મામાં અભેદભાવે તે જ્ઞાન જન્મ્યું. એનો અર્થ એ થયો કે તે તે જ્ઞાનમય આત્મા જન્મ્યો; કેમ કે, જ્ઞાન-આત્માનો અભેદભાવ છે. દા.ત. આંગળી સીધી હોય તેને જો વાંકી કરવામાં આવે, તો આંગળીમાં વાંકાશ જન્મી, એમ કહેવાય. પરંતુ એ વાંકાશ આંગળીમાં અભેદભાવે છે. આંગળીથી વાંકાશ કાંઈ તદ્દન જુદી જ નથી; પણ આંગળી સ્વરૂપ છે. તેથી જેમ એમ કહેવાય કે આંગળીમાં વાંકાશ જન્મી, તેમ એમ પણ કહેવાય કે આંગળી પોતે જ વાંકી થઈ. અહીં 'થઈ' એટલે જન્મી. તેથી 'વાંકાશવાળી આંગળી થઈ,' એટલે કે 'વાંકી આંગળી જન્મી' એમ કહેવાય. એજ રીતે 'જ્ઞાન જન્મ્યું' એટલે 'વિજ્ઞાનઘન આત્મા જન્મ્યો' એમ કહેવાય. તો એ આવ્યું કે પૃથ્વી વગેરે ભૂતો થકી વિજ્ઞાનઘનજ જન્મે છે. અહીં વિજ્ઞાનઘનજ એમાં 'જ'કાર કહેવાથી આત્માનો બીજો સુખાદિ સ્વરૂપનો નિષેધ કર્યો; અર્થાત્ ભૂત થકી આત્મામાં જ્ઞાન-સ્વરૂપ પ્રગટે છે, પણ સુખસ્વરૂપ નહિ, એમ ફલિત થયું.



E:/Divya-Darshan(part-11).pmd/prf.5

# (૭૦) ગણધરવાદ-૧૫

હવે ચાલો આગળ **'तान्येवानु विनश्यति'** એટલે કે તે ભૂતોની પાછળ તે જ્ઞાન નાશ પામે છે; અર્થાત્ તે ભૂતોનો નાશ થતાં, અગર ઇન્દ્રિય સંબંધ નાશ થતાં, તે જ્ઞાન નાશ પામે છે. न प्रेत्यसंज्ञास्ति પછીથી તે જ્ઞાન રહેતું નથી. દા.ત. આંખ સામે ઘડો છે, તો 'આ ઘડો છે,' એવું જ્ઞાન થવાનું. પરંતુ ત્યાં ઘડો જો ફૂટી જાય, અગર આંખનો સંબંધ છૂટી જાય, તો 'આ ઘડો છે,' એવું જ્ઞાન નહિ થાય પછી તો ઘડાને બદલે જે વસ્ત્ર, પાણી વગેરે આંખ સામે આવ્યા, તેનું જ્ઞાન થવાનું કે 'આ વસ્ત્ર છે,' 'આ પાણી છે.' એટલે જે વખતે 'આ વસ્ત્ર છે,' એવું જ્ઞાન કરીએ છીએ, તે વખતે પૂર્વનું 'આ ઘડો છે,' એવું જ્ઞાન ઊભું રહેતું નથી. તે તો નાશ પામ્યું છે. એનું નામ 'ન પ્રેત્યસંજ્ઞા.'

**અંગુલિના દૃષ્ટાંતે સ્યાદ્વાદ** :- તેથી જ હવે 'એ જ્ઞાન બીજા જ્ઞાન વખતે ઊભું રહે છે,' એવું કથન નથી થતું. આ માટેનું દૃષ્ટાન્ત એજ અંગુલિનું. વાંકી આંગળી સીધી થઈ ત્યારે હવે આંગળીમાં વાંકાશ નથી, પણ સીધાપણું જ છે.

**નિત્ય આત્મામાં સ્યાદ્વાદ** :- ત્યારે જુઓ કે આંગળીમાં વાંકાશ અને સીધાપણું એ બંનેના નાશ-ઉત્પત્તિ છે, પરંતુ મૂળ અંગુલિનો નાશ-ઉત્પત્તિ નથી. અર્થાત્ વાંકાશ નાશ પામી, પણ આંગળી સમુળગી નાશ પામી એવું નથી. એમ સીધાપણું ઉત્પન્ન થયું ખરું, ત્યાં તદ્દન નવી આંગળી ઉત્પન્ન થઈ એવું નથી. બસ આજ રીતે સમજવાનું કે પહેલાનું જ્ઞાન અને પછીનું જ્ઞાન, એના નાશ અને ઉત્પત્તિ થયા; પરંતુ તેથી મૂળથી આત્માનો નાશ કે ઉત્પત્તિ નહિ. એતો મૂળ આંગળીની જેમ મૂળ આત્મસ્વરૂપે આત્મા ઊભો જ છે. આત્મા તે તે પલટાતા સ્વરૂપે ઊભો ન રહે એ જુદી વસ્તુ છે, પરંતુ આત્મત્વસ્વરૂપે તો ઊભો છે છે ને છેજ.

**સ્યાદ્વાદના બીજા દૃષ્ટાંત** :- ભિન્ન ભિન્ન દર્શનોએ એકેક વસ્તુને એકાંતરૂપે લીધી, તેથી આ વિવેક કરી શક્યા નહિ. જૈનદર્શન અનેકાંતવાદી છે; તેથી વિવેક કરી શકે છે કે આંગળી છેય ખરી અને વાંકી આંગળી નથીય ખરી. એમ એકજ આંગળી મોટી પણ છે અને નાની પણ છે; અમુકની અપેક્ષાએ મોટી છે, બીજાની અપેક્ષાએ નાની છે. આંગળી એની એજ છે. સોનાના ઘાટ ફરે છે, કડામાંથી કંઠી થાય છે ત્યાં કડું નાશ પામ્યું, કંઠી ઉત્પન્ન થઈ, સોનું એનું એ ઊભું રહ્યું. માટીમાંથી ઘડો થયો, પછી ઘટો ફૂટી ગયો, ઠીકરા થયાં, ત્યાં માટી કાયમ છે.



જીવ એક ભવમાં દેવ હતો, તેમાંથી મનુષ્ય થયો, જીવ જીવ તરીકે એનો એ કાયમ છે. મનુષ્યમાંય રાજા થયા પછી દુશ્મન રાજાથી હારે, કેદમાં પુરાઈ કેદી થાય, તો રાજા તરીકે ન રહ્યો, કેદી તરીકે થયો, હસતો ન રહ્યો, રડતો થયો. પણ જીવ તરીકે જીવ કાયમ છે.

**અનેકાંતવાદનો સદુપયોગ** :- જીવનમાં આ અનેકાંતવાદ જો ઉતારો તો દુઃખમાં ઘણું આશ્વાસન મળે, અને સુખમાં સાવચેતી મળે. દુઃખમાં એમ થાય કે "આ આગંતુક દશા છે, એમાં પણ જ્ઞાનાદિ સ્વભાવવાળો મારો જીવ તો કાયમ જ છે, તો જો મૂળ મુડી કાયમ છે, તો શોક શો ?" સુખમાં એમ થાય કે "આ કાંઈ મારી મૂળ મુડી નહિ, અર્થાત્ સ્થિરરૂપ નહિ" માટે બહુ ખીલવાનું નહિ. સુખમાં અને દુઃખમાં એ યાદ રહે કે 'આ પણ નથી', તો ન ઉન્માદ, ન શોક.

**નાસ્તિક કરતાં આસ્તિકને વિશેષ માનવાનું** :- આથી એ આવ્યું કે, **આત્મા નિત્ય છે, પૃથ્વી આદિ ભૂતોથી જુદો છે, સ્વતંત્ર દ્રવ્ય છે; એના જુદી જ જાતના સ્વતંત્ર ગુણો છે, અને એના પર જ પુણ્યપાપની તથા સંસારમોક્ષની વ્યવસ્થા છે.** આ આત્મદ્રવ્ય અરૂપી હોવાથી માત્ર સર્વજ્ઞને **કેવળજ્ઞાનરૂપી ચક્ષુથી પ્રત્યક્ષ જોઈ શકાય.** બાકી જો જાણવો હોય તો બીજા પ્રમાણોથી જણાય.

હે ગૌતમ ઇન્દ્રભૂતિ ! તું પણ તપસ્યાની પ્રક્રિયાથી સર્વ જ્ઞાનાવરણીય કર્મો ખપાવી, તે ચક્ષુ પામીશ, ત્યારે મારી માફક તું પણ તેને જોઈ શકીશ. જેમ દૂધમાં ઘી છે, કાષ્ઠમાં અગ્નિ છે, પરંતુ દૂધમાં હાથ ઘાલીને ડહોળવાથી ઘી ન દેખાય. એમાં તો ઊલટું દૂધ બગડી જાય. તેમ અરણીને ઊંચુનીચું કરી કે એનાં ટૂકડા કરી અગ્નિને સીધો જોવા માગીએ તો ન દેખી શકાય. એ તો દૂધ ઉપર દહીં મેળવવાની, પછી ગોળીમાં રવૈયો ઘાલી વલોવવાની, માખણ કાઢી તાવવાની, એમ પ્રક્રિયા જો થાય, તો પ્રગટ ઘી દેખાય; એવું અરણીના કાષ્ઠને પરસ્પર ઘસવાની પ્રક્રિયા જો થાય, તો પ્રગટ અગ્નિ દેખી શકાય છે, ત્યારે એ વિના જે નથી દેખાતા તેથી કાંઈ એમ નથી સાબિત થતું કે દૂધમાં ઘી નથી, કે કાષ્ઠમાં અગ્નિ નથી. આજ રીતે સંવર અને તપની પ્રક્રિયાથી કેવળજ્ઞાન પ્રગટ કરી શકાય અને આત્માને પ્રત્યક્ષ જોઈ શકાય અત્યારે છદ્મસ્થપણે અર્થાત્ કેવળજ્ઞાનના અભાવે ન જોઈ શકાય તેટલા માત્રથી 'આત્મા નથી' એવું સાબિત ન થાય.

**શરીરના કારણે જ આત્મા દુઃખી** :- વેદમાં બીજે 'न ह वै सशरीरस्य प्रियाप्रिययोरपहतिरस्ति, अशरीरस्य वा वसन्तं प्रियाप्रिये न स्पृशतः ।' એ પ્રમાણે લખ્યું છે. એનો અર્થ એ છે કે શરીરવાળા આત્માને પ્રિય-અપ્રિય અને ઈષ્ટ-અનિષ્ટનો નાશ નથી. ત્યારે શરીર વિના રહેલા આત્માને પ્રિય કે અપ્રિય કાંઈ જ



E:/Divya-Darshan(part-11).pmd/prf.5

અડતું નથી, એમને વિષયજન્ય સુખ કે દુઃખ કાંઈ જ નથી હોતું. આ કથન શરીરથી તદ્દન જુદા આત્માનું સ્પષ્ટ પ્રતિપાદન કરે છે. તેથી વિજ્ઞાનઘન તરીકે આત્મા માનવો જ જોઈએ.

**ચંદ્ર-ચંદ્રિકાની જેમ ઘટ અને જ્ઞાન નહિ :-** અહીં એક **પ્રશ્ન** કરવામાં આવે છે કે જેમ ચંદ્રમાંથી પ્રગટેલ ચંદ્રિકાપ્રકાશ ચંદ્રરૂપ છે, તેવી રીતે ઘડો, વસ્ત્ર વગેરે ભૂતો થકી ઉત્પન્ન થયેલા વિજ્ઞાન પ્રકાશને એજ ભૂતસ્વરૂપ કેમ ન માનવો ?

આનો **ઉત્તર** એ છે કે એમ ન માની શકાય કેમકે ઘડા અને જ્ઞાનના ચોક્સ અન્વય-વ્યતિરેક નથી. તમારું દૃષ્ટાન્ત વિષમ છે. ચંદ્રનો પ્રકાશ તો ચંદ્રરૂપ છે જ; કેમકે એના એની સાથે અન્વય વ્યતિરેક છે, **અન્વય વ્યતિરેક એટલે** સત્તા અને નિષેધ. અર્થાત્ 'જો એક હોય તો જ બીજું હોય', એ જે બંનેની અન્યોન્ય સંકળાયેલી સત્તા તે અન્વય; અને 'એક જો ન હોય, તો બીજું ન જ હોય', એ જે બંનેનો પરસ્પર સંકળાયેલો નિષેધ, તે વ્યતિરેક. આ બે ચંદ્ર અને પ્રકાશમાં ઘટે છે. ચંદ્ર હોય તો જ ચંદ્રનો પ્રકાશ હોય છે. અમાસ જેવી રાત્રે જો ચંદ્ર નથી હોતો તો ચંદ્રનો પ્રકાશ પણ નથી પ્રગટતો. માટે કહી શકાય કે ચંદ્રિકા ચંદ્રરૂપ છે. પરંતુ ભૂત અને વિજ્ઞાનમાં તેવુ નથી. અલબત્ત ભૂત થકી વિજ્ઞાન પ્રગટે છે ખરું, પણ ભૂત ચાલ્યાય જાય તોય વિજ્ઞાન ટકી શકે છે. તેમ ફરીથી, ભૂત ન હોય છતાં, સ્મરણરૂપ વિજ્ઞાન પ્રગટી શકે છે એ સૂચવે છે કે વિજ્ઞાનનો ભૂત સાથે અન્વય-વ્યતિરેક નથી. **'યાજ્ઞવલ્કય'** સ્મૃતિમાં પણ લખ્યુ છે કે જ્યારે (પ્રલયકાળે) સૂર્ય, ચંદ્ર અસ્ત હશે, અગ્નિ શાંત હશે, વચનોચ્ચાર બંધ હશે, ત્યારે પણ પુરુષમાં કઈ જ્યોતિનો પ્રકાશ હશે ? ઉત્તરમાં લખ્યું છે કે 'આત્મજ્યોતિ હશે, સ્વપ્રકાશ હશે; જ્યોતિ એટલે જ્ઞાન !' આ લખાણ સૂચવે છે કે જ્ઞાન સ્વતંત્ર પણ હોઈ શકે છે, ભૂત સાથે જ હોવાનો કે ભૂત થકી જ પ્રગટવાનો કોઈ નિયમ નથી. માટે ચેતના એ ભૂતનો ધર્મ નથી.

અર્થાત્, વિજ્ઞાનને ભૂતસ્વરૂપ નહિ મનાય. તો પછી એ ગુણસ્વરૂપ હોવાથી ચેતનનો ગુણ માનવો જ પડશે. આ રીતે વિજ્ઞાનઘન આત્મા સાબિત થાય છે.

**પ્રભુએ આપેલા બોધની ગૌતમે કરેલી કદર :-**

ત્રિભુવનગુરુ શ્રી મહાવીર પ્રભુએ આ રીતે ઈન્દ્રભૂતિજીને સમજાવી એમની શંકાનું નિવારણ કર્યું. એટલે ઈન્દ્રભૂતિજીને તો આનંદનો પાર નથી. વિદ્યાના શોખીન તો હતા જ, એમાં આવો અદ્‌ભુત બોધ મળ્યો; તો કેમ એની મહાન કદર ન કરવી ? વળી આવા સર્વશ્રેષ્ઠ પરમાત્મા મળ્યા, તો હવે શા સારું બીજે ફાંફાં



મારવા, કે બીજે કઈ અશરણ નિરાધાર કુટાવું ? હવે તો જગદ્‌ગુરુના ચરણે જીવન સમર્પિત કરી દેવું. એમ કરી ઈન્દ્રભૂતિજીએ પોતાના પાંચસો વિદ્યાર્થીઓની સાથે દીક્ષા અંગીકાર કરી. જુઓ કે એમાંનું કોઈપણ પોતાના કુટુંબીઓની આજ્ઞા લેવા કે એમાંનું કોઈપણ પોતાના કુટુંબીઓની આજ્ઞા લેવા કે સંસારની વ્યવસ્થા કરવા ન ગયું !

કવિ જ્ઞાનવિમલસૂરિ મહારાજના શબ્દોમાં જુઓ કે આ ગણધરવાદ કેવો ટૂંકા શબ્દોમાં સરસ રીતે રજૂ કર્યો છે ! :-

**(૧) વીર મધુરી વાણી ભાખે, જલધિજલ ગંભીર રે,**
**ઈન્દ્રભૂતિ ચિત્તભ્રાન્તિ રજકણ, હરણ પ્રવર સમીર રે-વીર૦**

**(૨) પંચભૂતથકી જ પ્રગટે, ચેતના વિજ્ઞાન રે;**
**તેહમાં લયલીન થાવે, ન પરભવ સંજ્ઞાન રે...વીર૦**

**(૩) વેદપદનો અર્થ એહવો, કરે મિથ્યા રૂપ રે;**
**વિજ્ઞાનઘન પદ વેદ કેરાં, એહનું એહ સ્વરૂપ રે...વીર૦**

**(૪) ચેતના વિજ્ઞાનઘન છે, જ્ઞાન દર્શન ઉપયોગ રે;**
**પંચભૂતિક જ્ઞાનમય તે, હોયે વસ્તુ સંયોગ રે...વીર૦**

**(૫) જિહાં જેહવી વસ્તુ દેખીએ. તિહાં તેહવું જ્ઞાન રે;**
**પૂર્વજ્ઞાનવિપર્યયથી, હોયે ઉત્તમ જ્ઞાન રે...વીર૦**

**(૬) એહ અર્થ સમર્થ જાણી, મ ભણ પદ વિપરીત રે;**
**ઈણીપરે ભ્રાન્તિ નિરાકરીને, થયા શિષ્ય વિનીત રે...વીર૦**

**(૭) દીપાલિકા પરભાત કેવળ લહ્યું તે ગૌતમ સ્વામી રે;**
**અનુક્રમે શિવ લહ્યા એહને, નય કરે પ્રણામ રે...વીર૦**

પહેલો ગણધરવાદ અહીં સમાપ્ત થાય છે. હજી દસ ગણધર મહારાજના વાદ બાકી છે. હવે એ માટે આટલોબધો સમય નથી, તેથી બીજા ત્રીજા ગણધરવાદ સહેજ વિસ્તારથી, અને પછીના વાદ સંક્ષેપથી જોઈ લેવા પડશે.

**(પ્રથમ ગણધરવાદ સમાપ્ત)**

## (૭૧) ગણધરવાદ-૧૬

### બીજા ગણધર શ્રી અગ્નિભૂતિ : કર્મ (ભાગ્ય) સંબંધી ચર્ચા

**અગ્નિભૂતિનો ભ્રાતૃપ્રેમ :-** ઇન્દ્રભૂતિજીને દીક્ષિત થયેલા સાંભળી એમના બીજા ભાઈ બ્રાહ્મણ અગ્નિભૂતિ પંડિતને સળવળાટ થયો. એટલું જ નહિ પણ ગુસ્સો આવ્યો. એ વિચારે છે કે "અહો ! આ જગતમાં અજેય એવા મારા ભાઈને વળી જીતનારો અને જીતીને પાછા ત્યાં જ બેસાડી દેનારો કોણ મળ્યો ? મને તો લાગે જ છે કે એ કાંઈ સીધેસીધા વાદથી બન્યું જ ન હોય. મારા ભાઈને વાદમાં હરાવી શકે એવો કોણ છે આ જગત પર ? આ તો જરૂર કોઈ ઇન્દ્રજાળીયો હશે, કંઈક માયા કરી ભાઈને ફસાવ્યા હશે ! પણ હવે તો હું જાઉં છું; બરાબર સાવધાની રાખી એ માયાજાળમાં ન ફસાતાં, વાદમાં એ વાદીને હરાવું છું, અને મારા ભાઈને પણ છોડાવી લાઉં છું."

અહીં ખૂબી એ છે કે આમ તો પોતે પોતાની જાતને સર્વજ્ઞ માને છે છતાં મોટા પ્રત્યેનો વિનય, વિવેક વગેરે એવા છે, કે અવસરે પાછા માને, કે મારા ભાઈ જેવો જગતમાં કોઈ સમર્થ વિદ્વાન નથી. વિશ્વાસ પણ એવો, કે આ કોઈ વાદમાં તો હારી શકે જ નહિ.

**રસ્તામાં અગ્નિભૂતિની વિચારધારા :-**

હવે અગ્નિભૂતિજીએ પોતે બરાબર બાર તિલક, જનોઈ વગેરે ઠીકઠાક કરી પોતાના પાંચસો વિદ્યાર્થીઓ સાથે પ્રયાણ આરંભ્યું. રસ્તામાં એ પણ ઇન્દ્રભૂતિજીની જેમ તરંગમાં ચઢ્યા છે, "વાદીને આવી આવી રીતે હું જીતી લઈશ, મારે કયા શાસ્ત્રોનો અભ્યાસ નથી ? વળી એ જો કાંઈ માયાજાળ કરવા જશે તો આ આ રીતે હું સાવધાન રહી એ માયા પકડી પાડીશ."

**ઇન્દ્ર જેવાનેય મુગ્ધ કરનારું પ્રભુ દર્શન :-** આમ તરંગમાં ને તરંગમાં સમવસરણે આવી પહોંચ્યા, ત્યાં **વિશ્વવત્સલ પરમાત્મા મહાવીરદેવને નજરે જોઈ સ્તબ્ધ થઈ ગયા !** કેમ ન થાય ? **અસંખ્ય ઇન્દ્ર ઇન્દ્રાણીઓને જે પોતાના દર્શન માત્રથી સ્તબ્ધ કરે છે, એમની આગળ આ એક અગ્નિભૂતિ માનવ સહેજે સ્તબ્ધ થઈ જ જાય.** એમને એમ થયું કે 'અરે ! આ હું કોને જોઈ રહ્યો છું ? શું આ ખુદ બ્રહ્મા, વિષ્ણુ, મહેશ...?'

એટલામાં તો પરમકૃપાળુ પ્રભુએ વાત્સલ્યથી જ્યાં 'હે અગ્નિભૂતિ ગૌતમ ! તમે સુખપૂર્વક આવ્યા ?' એમ બોલાવ્યા, ત્યાં તો અગ્નિભૂતિ ચોંક્યા



! 'હેં ! મારું નામ પણ જાણે છે ?'

અને જ્યાં 'શું તમને કર્મનો સંદેહ છે ? પણ તમે વેદના પદોનો અર્થ બરાબર કરતા નથી !' એમ જ્યાં જગતદયાળુએ કહ્યું;

**અગ્નિભૂતિનો પશ્ચાત્તાપ :-** ત્યાં તો પ્રભુ આગળ અગ્નિભૂતિનું હૃદય નમી પડ્યું ! ઠેઠ ઉપર પ્રભુની નજીક પહોંચી જવાની ભારે આતુરતા જાગી. મનને એમ થયું કે 'અરેરે ! મેં કેવા ખોટા વિકલ્પ કર્યા ? **આ તે સાચા સર્વજ્ઞ છે. મોટાભાઈ આમના શિષ્ય થઈ જાય એમાં શી નવાઈ ? આમનું તો આખું જગત શિષ્ય થઈ જાય, એવા આ સુયોગ્ય ગુરુ છે.** મારા ભાઈ મૂર્ખ થોડા જ હતા કે એમ ફસાઈ જાય ? પરંતુ **આ તો અનંતકાળેય ન મળે એવા અનંતગુણસંપન્ન સર્વજ્ઞ પરમાત્માનો સુયોગ મળ્યો, પછી એમના ચરણે જીવનને ઝુકાવ્યા વિના કેમ રહેવાય ? ઝુકાવવામાં ક્ષણવાર પણ કેમ વિલંબ કરાય ?** અથવા એમાં મારા જેવા સગાંસ્નેહીને પૂછવા જવાનુંય શું હોય ?'

**અત્યંત નજીકના સગા છે પરમાત્મા, એમની પાસે રહેવામાં બીજાને શું પૂછવાનું ? :-** જો જો અગ્નિભૂતિની આ વિચારણા ! **સહજ ગુણાનુરાગમાંથી વિચારધારા ઊઠી કેવી ચારિત્ર તરફ દોટ મૂકી રહી છે !** વાત પણ સાચી છે. કે, જેમ મા અને કાકી- એ બેમાં વધારે નિકટની સગી અને વધારે વહાલી માતા છે. તો કાકી પાસે જઈને રહેવામાં માતાને પૂછવાનું હોય છે, પણ મા પાસે જઈને રહેવામાં કાકીને પૂછવા જવાનું હોતું નથી. તેવી રીતે **આપણા આત્માના સાચા નિકટના અને વધારે વહાલા સગા પરમાત્મા છે, તો એમની પાસે જઈ રહેવામાં માબાપ કે ભાઈ વગેરે દુન્યવી સગાંને શું પૂછવા જવાનું ?** પરમાત્મા અને દુન્યવી સગાંની વચ્ચે તો માતા અને કાકી જેટલોય નિકટ સંબંધ કે કંઈક સમાનતા પણ નથી. કુટુંબીઓ તો કહેવાનાં સગાં, બાકી એમાંનું કોઈય અવસરે સહાયક કે રક્ષક નથી બની શકતું. એ તો એક પરમાત્મા જ, કે જે અહીં અને ભવાંતરે સહાયક-રક્ષક એવા થાય, કે ઠેઠ આપણને મોક્ષમાં પહોંચાડી દે. આવા પરમાત્મા ઇન્દ્રભૂતિજીને મળ્યા પછી સ્નેહી-સંબંધીની પૂછવાવાટ જોયા વિના એમની પાસે બેસી જાય, એ વસ્તુ અગ્નિભૂતિજીને યોગ્ય જ લાગે છે.

કહો તો ખરા, કોણ છે અગ્નિભૂતિ ? શ્રાવક ? જૈન ? પ્રભુ મહાવીરદેવના કુટુંબી ? ના-રે-ના, એ તો બ્રાહ્મણકુળના છે જુદા દેશના, જુદા ગામના, અને જુદા ધર્મના ! છતાં પ્રભુ સર્વજ્ઞ છે, એટલી વાત પર પ્રભુ પ્રત્યે એમના આત્માનો કેવો ઝુકાવ છે ! શું કરશો તમે ? કહોને કે પ્રભુને મંદિરમાં કે મોક્ષમાં બેસાડી અમે અમારા ઈંટ-ચુનાના ઘરમાં બેસશું !! વાહ તમારું જૈનપણું !!



E:/Divya-Darshan(part-11).pmd/prf.5

અગ્નિભૂતિ તો હવે પ્રભુ પાસે આવી પોતાની શંકા દૂર કરાવી પ્રભુને શરણે આત્મા સમર્પી દેવા ઉતાવળીયા બન્યા છે !

''દિવ્ય-દર્શન''-''પ્રવચન મહોદધિ'' વર્ષ-૧,અંક-૨૫,તા.૨૧-૨-૧૯૫૩

## (૭૨) ગણધરવાદ-૧૭

અગ્નિભૂતિના મનમાં એમ થઈ ગયું હતું કે મારા એકાદ પ્રશ્નનું નિરાકરણ થાય એટલે તો હુંય ભાઈની જેમ પ્રભુનો શિષ્ય બની જાઉં. એ હવે પ્રભુની સામે આવી ઊભા. પ્રભુએ આવી રીતે સમજાવવા માંડ્યું :-

**કર્મની શંકા શાથી :** 'હે અગ્નિભૂતિ ! તમને જુદા જુદા બે વેદ વાક્યો મળ્યા તેથી તમે મુંઝાયા. તમને पुरुष एवेदं हि ग्निं यद्भूतं यच्च भाव्यम् !' એનો અર્થ તમે એવો કર્યો કે ''જે કાંઈ બનવાનું છે, તે પુરુષ એટલે કે આત્મા જ છે. અર્થાત્ જગતના સઘળા બનાવો આત્માના જ પ્રભાવે છે. કર્મસત્તા જેવી કોઈ ચીજ નથી. કર્મ (ભાગ્ય) જેવી વસ્તુ જગતમાં જો હોત, તો અહીં વેદવાક્યમાં આત્મા સાથે જકાર ન જોડત. પણ આમાં તો 'આત્મા જ' એમ કહીને જકાર જોડી આત્મા સિવાયના મનાતા કર્મ, કાળ વગેરેનો નિષેધ કર્યો છે.''

**પ્ર.**- તો પછી એમ થાય કે આથી તો 'કર્મ જેવી ચીજ જ નથી' એમ નિર્ણય થાય. પરંતુ કર્મ હશે કે કેમ ? એવો સંદેહ શાથી ?

ઉ.- ઉત્તરમાં પ્રભુ ફરમાવે છે કે બીજી બાજુ તમને 'स्वर्गकामोऽग्निहोत्रं जुहुयात्' વગેરે વાક્યો મળ્યા. તેથી એમ થયું કે વેદમાં સ્વર્ગની ઈચ્છાવાળાને અગ્નિહોત્ર યજ્ઞ કરવાનું તો કહ્યું છે. અને અગ્નિહોત્ર યજ્ઞ તો જ્યારે કર્યો, ત્યારે પતી ગયો; એ પછી તો આત્મા ઘણુંય જીવ્યો; પછી સ્વર્ગમાં ગયો. તે અગ્નિહોત્રથી સ્વર્ગે જવાનું પુણ્યની સાંકળ વિના કેમ બને ? કેમ કે જો પુણ્ય નહિ પણ માત્ર અગ્નિહોત્રનો પુરુષાર્થી આત્મા જ સ્વર્ગમાં કારણ હોય, તો તો તુર્ત આત્માને અગ્નિહોત્ર કર્યા બરાબર સ્વર્ગ મળવું જોઈએ, પણ સ્વર્ગ તો વિલંબે થાય છે, ને તે વખતે તો આત્મા અગ્નિહોત્રનો પુરુષાર્થી છે જ નહિ. માટે માનવું જોઈએ કે અગ્નિહોત્રથી શુભ કર્મ ઉત્પન્ન થાય છે એને પુણ્ય કહો કે સુભાગ્ય કહો, એના વિપાકથી સ્વર્ગ મળે છે. એ પ્રમાણે વેદની પંક્તિનો અર્થ લગાવવો જોઈએ. એથી તો કર્મ છે, એવી સાબિતી થઈ.

આમ પરસ્પર વિરુદ્ધ વાતો મળવાથી હે અગ્નિભૂતિ ! તમને સંદેહ પડી ગયો કે કર્મ જેવો પદાર્થ જગતમાં હશે કે નહિ ? હવે આમાં એક રીતે વિચારતાં



હે અગ્નિભૂતિ ! તમને એમ લાગતું હશે કે કર્મ દેખાતા જ નથી, તો ન દેખાતી વસ્તુ શી રીતે માનવી ?

પણ હે ગૌતમ અગ્નિભૂતિ ! આના પર બે પ્રશ્ન છે : (૧) એક તો એ કે **જે ન દેખાય તે વસ્તુ શું જગતમાં હોતી જ નથી ?** અને (૨) બીજું એ **કે વસ્તુ તમને નથી દેખાતી માટે** ન માનવી, કે કોઈને નથી દેખાતી માટે ન માનવી ?

પહેલા પ્રશ્નના ઉત્તરમાં એ સમજવાનું છે કે એવા અનેકાનેક કારણો છે, કે જેના લીધે હયાત એવી પણ વસ્તુ આપણને ન દેખાય, છતાં તે વસ્તુ માનવી તો પડે જ છે. તો હવે જુઓ કે છતી વસ્તુ કેટલા કારણે નથી જણાતી, આ વિચારવાનું એટલા માટે જરૂરી છે કે આજના યુગમાં તારમાં વિદ્યુતશક્તિ, લોહચુંબકમાં ચુંબક શક્તિ, પરમાણું, વગેરે ન દેખાતી વસ્તુ પણ જરૂર માનવામાં આવે છે. પરંતુ ખેદની વાત છે કે શાસ્ત્રની વાત આવે, ધર્મની અને તત્ત્વની વાત આવે તો ક્યાં દેખાય છે, દેખાય તો બતાવો ?' એમ કરી એના પર અશ્રદ્ધા કરી એનો ઈન્કાર કરાય છે ! આ ઉત્તમ માનવભવ થોડાસા અને તેય બહુ અલ્પકાળ માટેના વિષય, સુખ ખાતર વેડફી નાખવામાં આવે છે ! અને ભવિષ્યના અતિ દીર્ઘકાળમાં ભયંકર દુઃખ ઊભાં કરવામાં આવે છે ! પરંતુ સમજી લેવું ઘટે કે, **એવા અનેકાનેક કારણો છે કે જેના લીધે છતી વસ્તુ પણ નથી દેખાતી-જણાતી, તેથી કરીને તે વસ્તુની સત્તામાં અશ્રદ્ધા કરવાનું કારણ નથી. અશ્રદ્ધા કરનારનું પણ જીવન તો ઓછું થઈ મૃત્યુની વધુ ને વધુ નજીક પહોંચી રહ્યું જ છે ! કર્મસત્તાને નહિ માનવા છતાંય પોતાની ઈચ્છા વિરુદ્ધ ઘણુંય બની રહ્યું જ છે, અને ઘણીય ઈચ્છા થતાં તે મુજબ બનતું નથી !** એટલે અશ્રદ્ધા કરવાથી આ જીવનમાંય કોઈ વિશેષતા મળી જતી હોય એવું નથી.

માટે જ આ વિચારવાનું છે કે શાસ્ત્રની વાતો પર **અશ્રદ્ધા કરી તેથી કાંઈ આયુષ્યનો હ્રાસ અને ઈચ્છાઓની નિષ્ફળતા જે ચાલુ છે, એમાં ફરક નથી પડતો; તો શા માટે અશ્રદ્ધા કરી આ ભવસાગરમાં ભૂલા પડી જવું ? આવા ભવભીરુ પવિત્ર સંયમ જીવન ગાળનારા, સત્યવાદી અને એકાંત પરમાર્થ બુદ્ધિવાળા શાસ્ત્રકારો જે લખે, તેના પર શ્રદ્ધા કરવા માટેય આ દુર્લભ કિંમતી ભવ મળ્યો છે. માટે એમના વચનો પર શ્રદ્ધા કરી આ જીવનને ધન્ય બનાવવું.** એ શ્રદ્ધા કરી હશે તો આગળ પર તે મુજબ પવિત્ર સંયમીજીવન ગાળવાનું થશે; ત્યાગ-તપસ્યાથી જીવનને અલંકૃત કરવાનું દિલ થશે; પણ મૂળમાં શ્રદ્ધા જ નહિ હોય તો શાસ્ત્રીય જીવનને બદલે લૌકિક પાશવી જીવન બનશે ! તેમાં શું ? ખાનપાન મોજમજાહ, ગીતનૃત્ય, ભોગવિલાસ વગેરે એજ ને ? કીડી-કીડા શું, કે હાથી-હાથણ, કોયલ-મયુર, ભૂંડ,

ગધેડા વગેરે પશુઓના અવતારમાં શું, એ તો મળી જ રહે છે. નથી મળતી શાસ્ત્ર શ્રદ્ધા.

"દિવ્ય-દર્શન"-"પ્રવચન મહોદધિ" વર્ષ-૧,અંક-૨૬,તા.૨૮-૨-૧૯૫૩

## (૭૩) ગણધરવાદ-૧૮

તેથી જ શાસ્ત્ર શ્રદ્ધા માટે આ નક્કી કરી લઈએ કે **કેવા કેવા કારણે વસ્તુ છતી છતાં ન જણાય.**

(૧) આંખની બહુ નજીકમાં રહેલી વસ્તુય નથી દેખાતી. દા.ત. પોપચાં

(૨) સામેસામ પણ અતિ દૂર વસ્તુય નથી દેખાતી, જેમ સીધી રેલ્વે લાઈન પરના અતિ દૂરના તારના થાંભલા

(૩) અતિ સૂક્ષ્મ વસ્તુ સામે છતાં નથી દેખાતી. દા.ત. પરમાણુ.

(૪) મન ઠેકાણે ન હોય તોય. વસ્તુ સામે છતાં નથી દેખાતી. દા.ત. મંદિરમાં દર્શન કરી બહાર આવનારને પૂછો કે અમુક ભગવાનની મૂર્તિને મુગટ હતો કે નહિ, ચક્ષુ ઉખડેલી હતી ? બે ચક્ષુ બરાબર લેવલમાં હતી કે નહિ ? પૂજા લાલ કેશરની હતી કે પીળા ? તો કહેશે ખબર નથી.

(૫) ઇન્દ્રિયોની મંદતાથી પણ વસ્તુ નથી જણાતી. જેમકે ચશ્મા આવી ગયા પછી ચશ્મા વિના વંચાતું નથી. તેમ કાન બહેરા પડી જવાથી નજીકનો પણ ધીમો શબ્દ નથી સંભળાતો.

(૬) મતિની મંદતાને લીધે પણ વસ્તુ નથી સમજાતી. દા.ત. સોનાના ટચ. મોતીનું પાણી.

(૭) કેટલીક વસ્તુ નજીક છતાં જોઈ શકવાની અશક્યતાએ પણ નથી દેખી શકાતી. દા.ત. પોતાનું મસ્તક, પીઠ વગેરે.

(૮) આવરણ કે ઢાંકણ પણ વસ્તુને નથી દેખવા દેતી.

(૯) બીજાથી પરાભવ પામેલી વસ્તુ પણ નથી જણાતી. દા.ત. દિવસના તેજમાં ફિક્કા પડી ગયેલા તારા.

(૧૦) સમાનમાં ભળી જવાથીય વસ્તુ નથી ઓળખી શકાતી. દા.ત. ઘઉંના ઢગલામાં ફેંકેલા બે ચાર ઘઉંના દાણા ઓળખી કાઢવા મુશ્કેલ છે. સામે છતાં નહિ દેખાય કે આજ એ દાણા.

(૧૧) બીજા લક્ષ વખતે વસ્તુ નહિ દેખાય. રૂપ જોવાના અવસરે એજ વસ્તુનું માપ, આકાર કે રસ-ગંધ વગેરે.



(૧૨) વિસ્મરણથી પણ વસ્તુ નથી ધ્યાનમાં આવતી. દા.ત. દસ વર્ષે પૂર્વે જોયેલ છગનલાલ સ્ટેશન માસ્તરને હવે જોતાં નથી સમજાતું કે આ કોણ છે ?

(૧૩) ગેરસમજ કે વ્યુદ્ગ્રહના લીધે પણ ખરી વસ્તુ સામે છતાં નથી ધ્યાનમાં આવતી. દા.ત. વ્યુદ્ગ્રાહિત થયેલો પટેલ પહેલે દિવસે સાચા સોનાના ઘરેણા જોયા પછી બીજે દિવસે તેજ દેખાવના બીજા નકલી પીચગોળના ઘરેણાને સમજી ન શક્યો કે આ પીચગોળના છે.

(૧૪) સાચી વસ્તુ સાંભળવા દેખવા છતાં મોહ-મિથ્યાત્વથી યથાર્થ ન જણાય. દા.ત. સર્વજ્ઞકથિત જીવાદિ તત્ત્વો.

(૧૫) દર્શનલબ્ધિના નાશથી વસ્તુ ન દેખાય; જેમ કે ખુલ્લી દીવા જેવી વસ્તુ પણ સર્વથા અંધને ન દેખાય.

(૧૬) વૃદ્ધાવસ્થા, સનેપાત, કે તેવી બિમારીના વિકારને લીધે કેટલીય વસ્તુ પૂર્વે ઘણીવાર પરિચયમાં આવેલી છતાં નથી સમજાતી.

(૧૭) ક્રિયા કર્યા વિના કેટલીક વસ્તુ નથી દેખાતી. દા.ત. છાશમાં માખણ છે. પણ મંથન કર્યા વિના ન દેખાય.

(૧૮) સંયુક્ત દ્રવ્ય નાશ પામ્યા વિના નથી દેખાતી દા.ત. દૂધમાંનો માવો પાણી બળી ગયા વિના ન દેખાય.

(૧૯) અશિક્ષણને લીધે અર્થાત્ શાસ્ત્ર શ્રવણ-વાંચનનો અભ્યાસ ન હોવાથી વસ્તુ ન સમજાય.

(૨૦) તેવા સ્વભાવને લીધે ન દેખાય દા.ત. આકાશ, પિશાચ.

(૨૧) દેવમાયાદિથી ન દેખાય. દા.ત. સુવર્ણનો ઢગ કોલસા રૂપે દેખાય, પણ સુવર્ણરૂપે ન દેખાય.

આ બધામાં સમજાયું હશે કે વસ્તુ સામે મોજુદ છતાં અનેકાનેક બાધક કારણોને લીધે વસ્તુ નથી દેખાતી, કે નથી સમજાતી. છતાં તે તે વસ્તુ જરૂર હયાત છે. ન દેખાવા માત્રથી 'તે વસ્તુ નથી,'-એમ નથી કહી શકાતું. તો પછી હે અગ્નિભૂતિ ! કર્મ પણ ન દેખાવા માત્રથી, નથી એમ કેમ કહેવાય ?

**હવે બીજો પ્રશ્ન : કર્મ કોને નથી દેખાતા ?** 'કર્મ નથી કેમકે દેખાતા નથી.' એમ જે તમે કહો છો તે તમને નથી દેખાતા કે બીજાને ? તમને ન દેખાતી એવી તો ઘણીય વસ્તુ જગતમાં હયાતી ભોગવે છે. ત્યારે જો કહેશો કે 'કર્મ કોઈને પણ નથી દેખાતા, માટે કર્મ નથી;' તો આ કહેવું પણ ખોટું છે. કેમકે પહેલાં તો ક્યાં તમે જગતના સર્વકાળના સર્વજીવો અત્યારે જુઓ છો કે જેથી કહી શકો કે આજ સુધી એમાંના કોઈ પણ જીવે કર્મ નથી જોયા ! તેમ, વર્તમાન જીવોમાં પણ કોઈ



E:/Divya-Darshan(part-11).pmd/prf.5

જ કર્મને જોનાર નહિ હોય, એની તમને શી ખબર પડે ? ને કદાચ કોઈ અત્યારે જોનાર ન હોય, પરંતુ ભવિષ્યમાં કોઈ નહિ થાય એમ પણ શી રીતે કહેવાય ? તમે આજે તમને દેખાતા જીવોની અંદર કેવું અને કેટલું જ્ઞાન છે એ ક્યાં તમે જોઈ શકો છો ? મારા આત્મામાં કર્મનું પ્રત્યક્ષ જ્ઞાન છે, પણ તમને તે ક્યાં દેખાય છે ? હજી હું સર્વજ્ઞ હોવાથી, તમારા આત્મામાં કર્મના સંદેહના જ્ઞાનને જોઈ શકું છું. પણ તમે અસર્વજ્ઞ છો અજ્ઞાન છો, તેથી બધું જોઈ જાણી શકતા નથી માટે કર્મને કે કોઈ જીવમાં રહેલા કર્મના પ્રત્યક્ષ જ્ઞાનને તમે ન દેખી શકો, તેટલા માત્રથી ન્યાયી રીતે તમે કર્મનો નિષેધ ન કરી શકો.

"દિવ્ય-દર્શન"-"પ્રવચન મહોદધિ" વર્ષ-૧,અંક-૨૭,તા.૭-૩-૧૯૫૩

## (૭૪) ગણધરવાદ-૧૯

**કર્મ યુક્તિસહ નથી, ઘટી શકતા નથી :** અગ્નિભૂતિ અહીં પ્રશ્ન કરે છે કે 'હે ભગવાન ! આપે કહ્યું તે યથાર્થ છે. હવે હું એમ તો નિષેધ ન કરું, પરંતુ વસ્તુ તત્ત્વનો વિચાર કરતાં લાગે છે કે કર્મ જેવી ચીજ ઘટી શકતી નથી, યુક્તિયુક્ત બની શકતી નથી.'

**કર્મ ન ઘટવાના ત્રણ હેતુ :** જગદ્‌ગુરુ મહાવીરદેવ કહે છે કે, 'કર્મ જેવી ચીજ ઘટી શકતી નથી તે શું (૧) કર્મને લઈ જનાર કોઈ પરલોકી નથી માટે ? કે (૨) ભલે પરલોકગામી કોઈ હોય તો પણ કર્મની ઉત્પત્તિ વિચારની કસોટી પર ટકી શકતી નથી તેથી ? અથવા શું એમ કહેવું છે કે (૩) વસ્તુના સ્વભાવથી જે જગતમાં બધું બને છે, માટે કર્મ માનવાનું શું કામ છે !'

**હવે આમાં પહેલી વાત ખોટી છે :** (૧) 'પરલોકગામી કોઈ ચીજ જ નથી, પછી કર્મ કોને સાથે લઈ જવાના ? ત્યારે માત્ર આ જીવન માટે તો કોઈ કર્મ કાંઈ ઉપયોગી નથી, તેથી લાગે છે કે કર્મ જેવી વસ્તુ નથી,' આ પ્રમાણે નહિ કહી શકાય કેમકે પરલોકગામી આત્મા સાબિત થઈ ચુકેલ છે. તોજ 'સ્વર્ગની ઈચ્છાવાળાએ અગ્નિહોત્ર યજ્ઞ કરવો,' વગેરે વેદ વાક્યો ઘટી શકે. નહિતર જો આત્મા જ નહિ, તો યજ્ઞ કરીને કોને સ્વર્ગ નરકમાં જવાનું ?

**(૨) બીજી વાત કર્મ યુક્તિયુક્ત કેમ નથી તેનું સમર્થન :** અગ્નિભૂતિ કહે 'ભગવન્ ! પરલોકી આત્મા તો હું માનું છું. પણ કર્મ વિચારસહનથી; અર્થાત્ વિચારણા પર ચઢીએ તો કર્મ ખોટાં ઠરે છે. તે આ રીતેઃ-કર્મને અનિમિત્તક માનવા કે સનિમિત્તક ? **સનિમિત્તક** એટલે નિમિત્ત હેતુથી જન્મનારા, અને **અનિમિત્તક**



એટલે વિના કોઈ હેતુ સામગ્રીએ જન્મનારા.

હવે જુઓ કે આ બે વિકલ્પમાંથી **પહેલો** વિકલ્પ, બની શકે. કેમકે કર્મ જો હેતુ વિના સહજભાવે જ જન્મતા હોય, તો તો મોક્ષે ગયેલાને પણ કર્મ કેમ ન જન્મે ? અથવા સદા કર્મ જન્મ્યા કરવાથી કદી કોઈનો મોક્ષ જ ન થાય કેમકે સહજ ભાવે કર્મ તો આત્માને લાગ્યા જ કરે છે.

"દિવ્ય-દર્શન"-"પ્રવચન મહોદધિ" વર્ષ-૧,અંક-૨૮,તા.૧૪-૩-૧૯૫૩

## (૭૫) ગણધરવાદ-૨૦

ત્યારે **બીજા વિકલ્પથી** કહીએ કે સહજભાવે તો નહિ, પણ કર્મ નિમિત્ત જન્મે છે. મોક્ષ જનારને કે ગયેલાને નિમિત્ત રહ્યું નહિ તેથી કર્મ નહિ લાગે. પરંતુ હવે એ વિચારવું જોઈએ કે ત્યારે કર્મને જન્માવનારું નિમિત્ત કોણ ? તો ત્રણમાંથી ગમે તે એક નિમિત્ત કર્મ સંભવી શકે છે. કાં તો (૧) કર્મ હિંસાથી જન્મે છે. (૨) કર્મ રાગદ્વેષથી જન્મે, અથવા (૩) કર્મ કર્મથી જન્મે.

કેમકે પ્રત્યક્ષમાં કેટલાય કરપીણ, કટારી, કિરપાણ વડે ક્રૂર રીતે પશુઓની હારની હાર કાપી-કપાવી નાખનારા જગતમાં સુખી કેમ દેખાય છે ? કેમકે એમને તો હિંસાથી ભયંકર પાપકર્મ બંધાય, તો એ મહાદુઃખી થવા જોઈએ. એના બદલે એ સુખી દેખાય છે, અને ઊલટું જે લોકો જિનપતિના પદપંકજની પૂજામાં પરાયણ રહે છે, અને કીડીની પણ હિંસા નથી કરતા, તે લોકો દારિદ્રના ઉપદ્રવથી પીડાતા દેખાય છે. એટલે કે એમનામાં પાપકર્મનો ઉદય દેખાય છે. તો આમાં તો હિંસા નથી, તો કર્મ શાથી લાગ્યા ? આમ વિચારતાં લાગે છે કે તો પછી કર્મ હિંસાથી જન્મતા હોય, આ વાત બંધબેસતી નથી.

ત્યારે જો કહો કે, 'કર્મ રાગદ્વેષથી જન્મે છે,' તો તો પ્રશ્ન થશે કે રાગદ્વેષ શાથી જન્મે છે ? જો કહો કે એ વળી કર્મથી જ જન્મે છે, તો શું આજ કર્મથી કે પૂર્વના બીજા કર્મથી ? આજ કર્મથી તો કહી શકાય નહિ કેમકે હજી તો કર્મ પોતે જ જન્મ્યા નથી, તો એને જન્માવનારા રાગદ્વેષને એ શી રીતે જન્મ આપી શકે ? ત્યારે પૂર્વ કર્મથી કહો તો તેમાં તો મોક્ષ ઊડી જશે. કેમકે વર્તમાનમાં આ જુદા જુદા રાગદ્વેષથી કર્મ જન્મશે, અને એ કર્મથી આગળ ઉપર રાગદ્વેષ જન્મશે, એમ રાગદ્વેષથી કર્મ અને કર્મથી રાગદ્વેષ, એ રીતે પરંપરા ચાલ્યા જ કરશે; ક્યાંય અંત જ નહિ આવે તો મોક્ષ શી રીતે થાય ? અને મોક્ષ નહિ તો વેદ વગેરે શાસ્ત્ર નકામા થઈ જાય. તેથી આ રીતે રાગદ્વેષથી કર્મ જન્મે એ પણ બંધબેસતું નથી.



E:/Divya-Darshan(part-11).pmd/prf.5

માટે એ રીતે કર્મ સિદ્ધાન્ત ઘટી શકતો નથી.

ત્રીજી વાત, કર્મથી કર્મ-એમાં પણ આવી જ આપત્તિ છે. કર્મથી કર્મની પરંપરા જેમ અનાદિ કાળથી ચાલી આવી તેમ ભવિષ્યમાંય ચાલ્યા જ કરવાની, તેથી મોક્ષ ન ઘટી શકે. આમ કોઈ રીતે વિચારની પરીક્ષામાં કર્મ પસાર થઈ શકતા નથી, તેથી કર્મ જેવી વસ્તુ નથી એમ લાગે છે, અગ્નિભૂતિજીએ આ રીતે કર્મવાદની સામે દલીલો રજૂ કરી.

હવે કૃપાસાગર શ્રી મહાવીર પરમાત્મા કહે છે કે, "હે અગ્નિભૂતિ ! જુઓ કે તમે આ વિચારણામાં કેવી એક મહાન છક્કડ ખાઈ ગયા છો. પરંતુ તે હું તમને કહેતાં પહેલાં, એક સામાન્ય પ્રશ્ન પૂછું છું કે 'જો જગતમાં કર્મ જેવી વસ્તુ ન હોય તો આ જગતમાં જે વિચિત્ર કાર્યો જન્મે છે તે શાથી ? અર્થાત્ એનું નિયમન શી રીતે કે અહીં આવું જ કાર્ય જન્મે, અને તહીં તેવું જ કાર્ય જન્મે. કોઈ જન્મેલું બાળક સોનાના ચમચે દૂધ પીએ છે, તો કોઈને માતાના સ્તનના દૂધ પણ પુરા મળતા નથી, કેમકે માતાને મજુરી કરવા જવું પડે છે. આ ભિન્નતા કેમ બની ?"

આના ઉત્તરમાં અગ્નિભૂતિ કહે છે કે 'પ્રભુ ! એ તો અકસ્માત્ બની શકે છે એટલા માટે કર્મ માનવાનું શું પ્રયોજન ? ઊલટું કર્મ માનવા જતાં તો ઉપર કહેલી વિટંબણા આવે છે ત્યારે વિચિત્ર ઘટનાઓ અકસ્માત્ બને છે. એમ કહેવામાં શી વિટંબણા છે ? જગતમાં ઘણુંય અકસ્માત્ બનતું દેખાય છે."

અગ્નિભૂતિને અહીં ત્રિભુવન ગુરુ વર્ધમાનસ્વામી પૂછે છે, **'કાર્ય અકસ્માત્ જન્મે છે, એમાં અકસ્માત્ એટલે શું ?'**

'અકસ્માત્'નો અર્થ તો એવો થાય કે 'કસ્માત્ નહિ !' એમાં 'કસ્માત્'નો અર્થ 'કાંઈ કારણથી' એવો થાય. આમાંથી ચાર વસ્તુ તારવી શકાય.

**કાર્ય અકસ્માત્ જન્મે છે એટલે,**

(૧) કાર્ય કોઈ કારણ વિના જ જન્મે છે.

(૨) કાર્ય સ્વભાવથી જન્મે છે.

(૩) કાર્ય અકસ્માત્ નહિ એટલે કે બહારના બીજા કોઈ થકી નહિ. પણ પોતાના થકી જન્મે છે. સંસ્કૃત ભાષામાં એને **'સ્વાત્મહેતુક'** કહેવાય છે. અને

(૪) કાર્ય ખાસ કોઈ કારણથી નહિ પણ અસત્ પદાર્થથી જન્મે છે.

હવે જુઓ કે આ ચારે તારવણી ખોટી છે. એજ ક્રમ મુજબ પહેલી વાત.

**(૧) 'કારણ વિના કાર્ય જન્મે છે,'** -એ ખોટું છે. જગતમાં ઠામઠામ અનુભવ થાય છે કે કાર્ય માટે કારણને શોધવું કે મેળવવું પડે છે. કારણ વિના કાર્ય નીપજતું



નથી. અગ્નિ હોય તોજ ધૂમાડો જન્મે છે. દૂધમાંથી જ દહીં જન્મે છે. દહીંનું મંથન થાય તોજ માખણ નીકળે છે. તેમ અહીં પણ બે બાળકમાં શ્રીમંતાઈ અને દરિદ્રતારૂપી કાર્ય એ પૂર્વના શુભાશુભ કર્મરૂપી કારણ વિના ન બની શકે.

(૨) જો કહેશો કે, એ તો બધું **સ્વભાવથી થાય છે.** અગ્નિની જ્વાળા ઊંચે જ જાય છે, વાયુ તિર્છો જ વહે છે, અગ્નિ ઉષ્ણતા આપે છે, પાણી ઠંડક કરે છે, કાંટા તીક્ષ્ણ હોય છે, વગેરે કયા કારણથી ? કહેવું જ પડશે કે સ્વભાવથી. એમ એક બાળકમાં દરિદ્રતા છે તે સ્વભાવથી; બીજામાં શ્રીમંતાઈ છે, તે પણ સ્વભાવથી.

પ્રભુ કહે છે કે આ ખુલાસો ઉપરથી તો ભોળા જીવને ગળે ઉતરી જાય એવો છે, પરંતુ અંદર ઉતરી વિચાર કરનાર પૂછે છે કે, ભાઈ રે ! એ જે કહો છો કે બધું સ્વભાવથી થાય છે. ત્યાં સ્વભાવ એટલે શું ? સ્વભાવ = સ્વનો ભાવ. ત્યાં શું સ્વભાવ એટલે (૧) વસ્તુનો કોઈ ધર્મ. (૨) વસ્તુની સત્તા. (૩) વસ્તુ વિશેષ અથવા, (૪) સ્વનો ભાવ એટલે કાળપર્યાય. આ ચારમાંથી શું ? પહેલું વસ્તુનો ધર્મ નહિ લઈ શકાય. એનો અર્થ તો એ થયો કે વસ્તુ સ્વભાવથી જન્મે છે, એટલે પોતાના ધર્મથી જન્મે છે, પણ હજી વસ્તુ જ જન્મી નથી ત્યાં સુધી એનો ધર્મ છે જ ક્યાં ? અને ધર્મ નથી તો એ ધર્મથી વસ્તુ જન્મી શી રીતે ? તેમજ ધર્મ જુદો માનવો હોય તો તે કર્મનો જ ભાઈ થયો ને ? ધર્મીસ્વરૂપ માનવો હોય તો આપત્તિ આવી જ છે.

(૨) 'વસ્તુની સત્તા' એ સ્વભાવ એમ કહેવા જતાં, એનાથી કાર્ય જન્મે શી રીતે ? કેમકે સ્વભાવથી ઉત્પત્તિ માનવામાં કાર્ય સિવાય બહારનું બીજું કાંઈ તો લાવવાનું નથી, તો આ કાર્ય જ વસ્તુ ગણાશે, એની સત્તા હજી આવી નથી તો પોતે પોતાને શી રીતે પેદા કરે ?

(૩) વસ્તુ વિશેષ કહો તો એ શું છે ? દ્રવ્ય છે, ગુણ છે ક્રિયા છે, છે શું ? કાર્યરૂપ વસ્તુ કરતાં જો એ જુદી વસ્તુ છે, તો જુદી વસ્તુરૂપ કારણથી કાર્ય વસ્તુ બની એમાં સ્વભાવથી બનવાનું શું રહ્યું ?

(૪) ત્યારે સ્વભાવ એટલે સ્વનો કાળપર્યાય લઈ એમ કહો કે તે તે કાળમાંથી કાર્યવસ્તુ જન્મે છે, તો તે પણ ખોટું. કેમકે એક જ કાળે અનેક વસ્તુ જન્મે છે; ત્યાં કારણભૂત કાળ તો એક જ છે. તો કાર્યોમાં કેમ જુદાઈ દેખાય છે ? માટે કાર્ય અકસ્માત્ થાય છે એનો જે ખુલાસો કે સ્વભાવથી કાર્ય જન્મે છે, આ કોઈ યોગ્ય ખુલાસો નથી.

(૫) તો પછી કાર્ય અકસ્માત્ જન્મે છે એનો ત્રીજો ખુલાસો કાર્ય સ્વાત્મહેતુક છે. અર્થાત્ બીજા કોઈથી નહિ, પણ પોતે પોતાના થકી જ જન્મે છે; એનો વિચાર



E:/Divya-Darshan(part-11).pmd/prf.5

કરવો રહ્યો. પણ હે અગ્નિભૂતિ ! એમાં શો વિચાર કરવાનો હતો ? એ વાત જ બેહુદી છે. વસ્તુ પોતે પોતા થકી જન્મે જ શી રીતે ? કેમકે પોતા થકી જન્મવા માટે પોતાની પહેલાં હયાતી જોઈએ. જો હયાતી છે તો હવે એને જન્મવાનું શું બાકી ? અને જો જન્મવાનું બાકી છે, માટે તેની હજી હયાતી જ નથી, એમ કહો તો જન્મમાં પોતાની હયાતી જ નથી તો 'પોતા થકી' બનવાનું જ ક્યાંથી ?

(૬) ત્યારે અકસ્માત્‌ની ચોથી વાત રહી- 'અસત્‌થી ઉત્પત્તિ.' પરંતુ એય ખોટું છે. કેમકે અસત્ કોઈ ચીજ જ નથી. આકાશ પુષ્પ, ખરશૃંગ એ અસત્ છે એટલે કે એવી કોઈ વસ્તુ જ જગતમાં નથી. એનાથી ઉત્પત્તિ શી ? છતાં એનાથી ઉત્પન્ન થવાનું માનો તો એ ઉત્પન્ન થનાર પણ એના જેવું અસત્ જ હોયને ? અથવા અસત્‌થી ઉત્પન્ન થવામાં તો ગમે તે ઉત્પન્ન થઈ શકે. તો પછી કોઈને ગરીબ, કોઈને ભૂખ્યા, કોઈને રોગી રહેવાની શી જરૂર ? કેમકે પૈસા, અન્ન અને આરોગ્યરૂપી કાર્ય તો અસત્‌થી ઉત્પન્ન થઈ જશે, પછી ગરીબી વગેરે ક્યાંથી ઊભી રહી શકવાની ? બીજું એ પણ છે કે અસત્‌થી ઉત્પન્ન થાય તે તો સમાનપણે ઉત્પન્ન થાય; તો કોઈવાર બાળપણું ને કોઈવાર યુવાની, કોઈવાર જીવન અને કોઈવાર મૃત્યુ, એમ વિષમ કાર્યોનો કોણ નિયામક ? વળી અસત્‌થી જ થતું હોય તો તો બધું સાથે થવા માંડે, ઠંડી અને ગરમી, રોગ અને આરોગ્ય, જીવન અને મોત, વગેરે એથી તો જગતમાં કાંઈ વ્યવસ્થા મર્યાદા જ ન રહે.

માટે અકસ્માત્‌ની આ ચોથી તારવણી પણ ખોટી છે. તેથી કાર્ય અકસ્માત્ જન્મે છે, એ વાત તદ્દન ખોટી ઠરે છે.

હવે હે અગ્નિભૂતિ ! તમે જે વિકલ્પો કરેલા કે, કર્મની ઉત્પત્તિ ન હિંસાથી ઘટી શકતી, ન રાગદ્વેષથી, ન કર્મથી, તે સંબંધમાં તમારું અજ્ઞાન છે. ત્રણે રીતે કર્મની ઘટના બરાબર છે એ સમજવા માટે પહેલાં એક વાત એ સમજી લો કે કર્મ બે જાતનાં હોય છે. એક પુણ્યાનુબંધી, અને બીજાં પાપાનુબંધી. પુણ્યાનુબંધી કર્મ એવાં હોય છે, કે જેનાં ઉદયભોગવતાં પુણ્ય બાંધવાની પરિસ્થિતિ ઊભી થાય. ત્યારે પાપાનુબંધી કર્મ એવાં હોય છે, કે એનો ઉદય ભોગવતાં પરિસ્થિતિ પાપ બાંધવાની હોય. હવે ભોગવતાં કર્મ તો કોઈ શુભ પણ હોય અને કોઈ અશુભ પણ હોય છે, તેથી આ દરેકના પાછા બબ્બે ભેદ પડે. એટલે કુલ ચાર ભેદ થાય.

(૧) પુણ્યાનુબંધી પુણ્ય, (૨) પુણ્યાનુબંધી પાપ; (૩) પાપાનુબંધી પુણ્ય, અને (૪) પાપાનુબંધી પાપ.

આમાંથી વર્તમાનમાં જે લોકો હિંસક, નિર્દય, દુરાચારી વગેરે હોવા છતાં સુખી છે, એને પાપાનુબંધી પુણ્યકર્મનો ઉદય ગણાય, કર્મ કાંઈ હમણાં જ બાંધ્યા,



અને હમણાં જ ઉદયમાં આવે, એવું મોટા ભાગે નથી બનતું. તેમ આ જન્મમાં બાંધ્યા અને આ જન્મમાં જ ઉદયમાં આવે છે, એવું ઘણું ખરું નથી બનતું. ઘણું ખરું એટલા માટે કહ્યું, કેમકે શાસ્ત્ર કહે છે કે, 'આ જન્મના અતિઉગ્ર પુણ્ય કે પાપ આ જન્મમાં ફળે છે- ફળ આપે છે.' હવે જે જીવોએ પૂર્વે દાન, શિયલ, તપ, પ્રભુભક્તિથી પુણ્ય ઉપાર્જ્યા છે, પણ તે દુન્યવી આશંસાથી ધર્મ કરીને, તેને એ પુણ્ય આ જન્મમાં ઉદયમાં આવે છે. તેથી લક્ષ્મી વગેરેના સુખ મળે છે ખરાં, પરંતુ બીજી બાજુ હિંસાદી પાપકાર્યોમાં એ લીન બને છે. તેથી નવી મુડીમાં પાપકર્મ ઉપાર્જે છે. પૂર્વે દુન્યવી આશંસા કરેલી, તેથી અહીં પુણ્યફળ લેતાં ભોગવતાં દુન્યવી મોહમૂઢ લાગણીઓ-લાલસાઓ થાય છે. એથી એ હિંસાદિ દુર્ગુણોમાં સપડાય છે. આ પાપાનુબંધી પુણ્ય છે.

જગતમાં હિંસાદિ દુર્ગુણો જન્મવાનું પૂર્વનિમિત્ત કે પછીનું પ્રયોજન શું છે ? એજ દુન્યવી લાલસાઓના પોષણ. જે આત્મા વિવેકી બની જીવન ઉચ્ચ બનાવવા ચાહે છે, એ તો દુન્યવી લાલસાઓ ઓછી કરે છે. ધાર્મિક ઇચ્છાઓમાં જેમ સદ્‌ગુણો ખીલે છે, તેમ દુન્યવી લાલસાઓમાં દુર્ગુણો ખીલે છે. તેથી પાપાનુબંધી પુણ્ય કે પાપાનુબંધી પાપકર્મ ભોગવનારની વર્તમાનસ્થિતિ પાપકાર્યવાહીની હોય છે.

એથી ઊલટું જેણે પૂર્વે પાપ આચર્યો છે, પણ પાછળથી પસ્તાવા અને ધર્મ કર્યો છે, અને અહીં પાપના ફળ તરીકે દુઃખ ભોગવવા પડે છે ખરા, પરંતુ સાથે, સદ્‌ગુરુનો સમાગમ, સદ્‌વાંચન, સદ્‌વિચારણા વગેરેથી ધર્મ આરાધવાનું મળે છે અનેક સદ્‌ગુણો એ કેળવે છે. એને નવી મૂડીમાં પુણ્ય ભેગું થાય છે, તેથી એને પુણ્યાનુબંધી અશુભકર્મ ઉદયમાં ગણાય. અહીં જે જિનપતિપદ પંકજની પૂજામાં રમણતા છે, દયા કરે છે, સદાચાર પાળે છે, એ બધાનાં ફળ તો હજી આ પછીના ભવમાં મળશે, પણ પૂર્વે જે પાપ બાંધીને આવ્યો છે, એના કટુફળ અહીં ભોગવવાની પરિસ્થિતિ ઊભી થાય છે.

વ્યવહારમાં પણ દેખાય છે કે લગ્નવાળા વગેરેમાં ભારે પદાર્થ હદ ઉપરાંત ખાધા પીધા હોય તો પછી શરીર બગડે, અને લાંઘણો ખેંચવી પડે છે. હવે લાંઘણ વખતે કોઈ કહે કે, 'આ ભાઈ તો લગભગ ખાતા નથી, છતાં એમનામાં મંદવાડ કેમ ?' પછી 'બસ ! લાંઘણ કરવાથી મંદવાડ રહે છે,' આવો નિયમ બાંધે, તો તે ખોટો ગણાય. તેમ એક જણને શરીરમાં શક્તિ (Vitality) પહોંચતી હોય ત્યાં સુધીમાં કદાચ કુપથ્ય ખાય, વધારે પડતું ખાય અને તગડો થતો દેખાય, એ પરથી કોઈ જો નિયમ તારવે કે, 'બહુ વધારે ખાવાથી અને ભારે પદાર્થો ખાવાથી સુખી થવાય છે,' તો તે નિયમ પણ ખોટો. એ તો અહીં જે રોગ કે આરોગ્ય છે, તે



E:/Divya-Darshan(part-11).pmd/prf.5

પૂર્વના આચરણનું ફળ છે, અને વર્તમાનમાં જે આચરણ છે, તેનું ભવિષ્યમાં ફળ મળશે. એ રીતે ધર્મ-અધર્મ અને પુણ્યપાપમાં સમજવાનું છે. માટે હિંસાથી કર્મ જન્મે છે, એમ કહેવામાં કોઈ વાંધો નથી.

ત્યારે બીજી વાત - **રાગદ્વેષથી કર્મ જન્મે છે** તેની. એમાં 'પરંપરા ચાલ્યા કરશે, તો મોક્ષ જ નહિ મળે,' એવો ભય દેખાડ્યો હતો. પરંતુ એમાં એ સમજવાનું છે કે પૂર્વના કર્મથી અહીં રાગદ્વેષ થાય ખરા, પરંતુ જો અહીં એ રાગ-દ્વેષને સફળ ન બનાવાય, તો નવા કર્મબંધથી બચી જવાય છે. દા.ત. કોઈના પર તમને મનમાં દ્વેષ જાગ્યો, પરંતુ તમે જાત પર કાબુ રાખીને જો એના પર મોં બગાડવાનું, કઠોર શબ્દ કહેવાનું, મારવા જવાનું વગેરે ન કરો, તો નવા કર્મબંધન ન લાગે. પણ જો એના બદલે મુખવિકાર, ગાલીપ્રદાન, મારપીટ વગેરે કરવા દ્વારા રાગદ્વેષને સફળ કરો તો તે રાગદ્વેષથી કર્મ બંધાય- રાગનો દાખલો, નીતિમાનને ધનપર થતો રાગ. પૈસા ગમે છે, પણ કદી પારકા પૈસા ચોરવા-લૂંટવાની વાત નહિ. ઊલટું પોતાના રાગને નિંદે, કે જેથી કર્મબંધન નહિ,

ઉત્તમ સમરાદિત્ય કેવળી મહર્ષિ ચરિત્ર, ઉપમિતિ, વગેરે ગ્રંથો વાંચી સમજીને જે વૈરાગ્યભાવના કેળવે છે, તત્ત્વબુદ્ધિ જગાડે છે, દીર્ઘાતિદીર્ઘદ્રષ્ટા બને છે. એ બને ત્યાંસુધી રાગદ્વેષ કરતો નથી; અને કદાચ પોતાના તેવા પૂર્વના કર્મના ઉદયથી અંદરખાને રાગદ્વેષ જાગે છે, તો તેને તે અંદરને અંદર શમાવે છે, પણ બહાર એનું કાર્ય નથી દેખાડતો; એને સફળ નથી કરતો. એટલે તત્ત્વજ્ઞાન, વિવેકબુદ્ધિ, વૈરાગ્યભાવના વગેરેથી નવાં કર્મ બંધાતા અટકવાથી, કર્મની પરંપરા નથી ચાલતી.

ત્રીજી વાત, કર્મથી કર્મ બંધાય એની. એમાં પણ વાંધો નથી. તે એ દૃષ્ટિએ કે આત્મા પર જ્યાંસુધી પૂર્વકર્મનો જથ્થો હોય, ત્યાંસુધી જ નવાં કર્મ બંધાય. સિદ્ધ ભગવાનને કદી કર્મ ન બંધાય. કેમકે એમનો આત્મા હવે તદ્દન શુદ્ધ છે, કર્મના લેપ વિનાનો છે. જૂના કર્મના લેપ પર જ નવા કર્મ ચોંટી શકે. એકલા અરૂપી શુદ્ધ આત્મા પર કર્મ ન ચોંટે. જેમ આકાશ પર. આથી જ આત્માની કર્મસહિત અવસ્થા અનાદિની સિદ્ધ થાય છે.

હવે અહીં એટલું સમજવાનું છે કે મોક્ષ જતાં પૂર્વે કર્મ જે ઉદયમાં હોય છે, ત્યાં નવા કર્મ બંધાવાના. જે બીજા હેતુઓ મિથ્યાત્વ, અવિરતિ, કષાય, પ્રમાદ અને યોગ (મન વચન કાયાની પ્રવૃત્તિ) તે મોજુદ નહિ હોવાથી; નવા કર્મ નથી બંધાતા. નિયમ એટલો કે કર્મ હોય તો જ કર્મ બંધાય; પણ કર્મ હોય તો કર્મ **બંધાય જ** એવો નિયમ નહિ.



ભગવાન વીર પરમાત્મા કહે છે, 'હે અગ્નિભૂતિ ગૌતમ ! આમ કર્મની ઉત્પત્તિ ઘટી શકે છે. કોઈ વાંધો વિરોધ નથી આવતો માટે કર્મ નથી એમ કેમ કહેવાય ? કર્મ ન માનો તો કેટલા વાંધા ઊભા થાય છે તે અવસરે.

❖ ❖ ❖

(૭૯)

# અમૃતક્રિયા અને મનની કેળવણી

(ધર્મક્રિયાનું અમૃત અનુષ્ઠાન આરાધવાના સચોટ ઉપાયને દર્શાવતો સુંદર ભાગ રજૂ કરવામાં આવે છે.)

અનાદિ અનંત કાલથી ચાલી આવતી આ સંસારની ઘટમાલમાં આપણો જીવ એટલો બધો ગુંચવાઈ ગયો છે; કે એમાંથી કેમ છૂટવું ? એ એક મહાન કોયડો છે. છતાં એ ગુંચમાંથી છૂટા થવા અને સંસારના જન્મમરણ વગેરેના દુઃખોમાંથી બચવા માટે, અનંતા શ્રી અરિહંત ભગવંતોએ સચોટ સાધનાનો ઉપદેશ આપ્યો છે. આ ઉપદેશનો સાર એ છે કે, **જેમ અમુક રીતે દોરીના આંટા વિંટવાથી આંગળી બંધાય છે, અને એથી વિપરિત રીતિએ આંટા ઉકેલવાથી આંગળી મુક્ત બને છે; તેવી રીતે અવળું જ્ઞાન અને ઊલટી ક્રિયાઓથી આત્મા પર કર્મના બંધનો ચઢ્યા છે. અને તેથી આત્મા સંસારની જાળમાં ગુંચવાઈ ગયો છે એ બંધનોને સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ ક્રિયાઓના ખૂબ સેવનથી તોડી શકાય.** સર્વથા એ બંધનો તૂટવાથી સંસારની ગુંચમાંથી જીવ બહાર નીકળી જાય, અને જીવમાં આજ સુધી દબાઈ રહેલા અનંત જ્ઞાન, અનંત સુખ, અનંત વીર્ય, વગેરે ગુણો પ્રગટ થાય. આના માટે જ ત્રિલોકનાથ શ્રી અરિહંત પરમાત્મા ભવ્ય જીવોને તત્ત્વજ્ઞાન અને વિશુદ્ધ ચારિત્રના મંગલ ઉપદેશ સુણાવે છે.

**જ્ઞાનીના વચનના જાદુ :-** સમ્યક્ જ્ઞાન અને શુદ્ધ ચારિત્રના વિસ્તારને બતાવનારા શાસ્ત્રો આપણે ત્યાં આજે ભરપુર પ્રમાણમાં છે. પરંતુ માનવસમાજ તેટલા પ્રમાણમાં એનો લાભ નથી ઊઠાવતો, એ મહાન ખેદનો વિષય છે. અનંત જ્ઞાનીના દિવ્ય દેશના-વચનોના આલંબનથી વિષમ એવા પણ પાંચમા આરાને સતયુગ જેવો ચોથો આરો સર્જાવી શકાય. એવી જ્યાં અનુપમ તક છે, ત્યાં એ વચનોની સરાસર ઉપેક્ષાથી પાંચમા આરાને છઠ્ઠા આરા જેવો બનાવી દેવાય છે, એ શું શોચનીય નથી ?

**સતત, સાદર, સવિધિ અને લક્ષસેવન, એ ક્રિયાને સફલ કરે છે :-** ત્યારે પ્રશ્ન એ થાય છે કે, આવા ઊંચી કોટિના કલ્યાણ શાસ્ત્રોની વાતો તરફ જગતને



આકર્ષણ કેમ નહિ ? એના ઉત્તરમાં એ સમજવાનું છે, કે એના અનેક કારણો છે. તે પૈકી એક કારણ એ છે કે, તત્ત્વજ્ઞાન અને પવિત્ર ક્રિયાઓને જીવન સાથે મેળ થવાની પદ્ધતિમાં મોટી ખામી છે. આજ સુધીના અનંતકાલમાં મિથ્યા જ્ઞાન અને અવળી ક્રિયાનો જેટલા પ્રમાણમાં (૧) **સતત પણે** (૨) **હૃદયના ભારે આદરથી,** (૩) **તેની બરાબર વિધિ સાચવીને, અને એના ધ્યેયનું** (૪) **સચોટ લક્ષ રાખીને આચરી છે,** તેટલા પ્રમાણમાં સમ્યગ્જ્ઞાન અને શુદ્ધ ક્રિયાઓ તે ચાર મુદ્દા જાળવીને નથી આચરી, એથી જગતની વાતો સાથે જીવને જે સગાઈ થાય છે, તે જ્ઞાનીના વચનની વાતો સાથે થતી નથી. એટલે જેમ સવળી ક્રિયાઓ કરવી જ જોઈએ, તેમ ચાર મુદ્દા પણ જાળવવા જ જોઈએ.

ઉપર જોયું કે **આ સંસારની ક્રિયાઓમાં નવીનતા કેળવીને ભારે રસ સાથે રચ્યા પચ્યા રહેવાથી મોહના કુસંસ્કારો આત્મામાં ભરચક ભરાઈ ગયા છે,** અને ઉપર કહેલ ચાર મુદ્દાઓની સહાયથી એ કુસંસ્કારોએ આત્માને પોતાનો કરી લીધો છે; એ વસ્તુને અહીં ટૂંકમાં વિચારીએ.

**૧. સતત ક્રિયાના સચોટ પરિણામ :-** નાનું બાલક પહેલાં તો પરાણે નિશાળે જાય છે. પરંતુ સતત નિશાળે જઈ ભણવાની ક્રિયા કરતું રહે છે, એટલે પછી એને નિશાળનું મમત્વ એટલું બધું હૃદયમાં વસી જાય છે, કે જે એક વખત પોતે ખાઈને પણ નિશાળે જવા ઈચ્છતું નહોતું, અને નિશાળેથી ભાગી જતું હતું, તે હવે ખાધા વિના પણ નિશાળે સમયસર પહોંચી જાય છે. એટલું જ નહિ પણ ઘરના આવશ્યક કાર્ય માટે કે કોઈ રમતગમત માટે પણ એ નિશાળમાંથી ગેરહાજર રહેવા ઈચ્છતું નથી. અર્થાત્ એ બધું જતું કરીને નિશાળની હાજરી સાચવે છે. નિશાળેથી ઘેર આવ્યા પછી હોંશમાને હોંશમાં ભૂખ્યા પેટે કેટલીક વાર પાઠ લખે છે, એ બધું ક્રિયાના સતત અભ્યાસનો પ્રભાવ છે.

**૨. આદરની અદ્‌ભુતતા :-** કદાચિત્ હજી ખૂબ ખૂબ સતત ક્રિયા ન થઈ શકી હોય, તોય હૃદયમાં એનો પાકો આદર જાગવાથી એ ક્રિયા ખૂબ રસપૂર્વક થાય છે, અને એની પ્રતિપક્ષી ક્રિયા ભૂલાય છે. દા.ત. કુમારિકા લગ્ન પહેલા પિતાના ઘરમાં ખૂબ પ્રેમભાવથી પોતાનું ઘર માનીને રહે છે અને ઘરકાર્ય કરે છે. પરંતુ પરણીને સાસરે ગયા પછી પતિનો અને એમના ઘરની ક્રિયાનો આદર એને હૃદયમાં એટલો બધો જાગે છે કે, પછી પિતાના ઘરનું બધું ભૂલી જાય છે. આદર સાથેની આ ક્રિયા આત્માના આખા ધોરણ એવા ફેરવી નાખે છે, કે પહેલાં જે પિતાના ઘરની વાત-વસ્તુને પોતાની ગણતી અને કહેતી હતી, તે હવે પતિના ઘરની વાતવસ્તુને પોતાની ગણે છે, અને કહે છે કે જે એક વખત પોતાના



E:/Divya-Darshan(part-11).pmd/prf.5

ભાઈભોજાઈ અને એમના છોકરા વગેરે તરફ ભારે મમત્વ રાખતી હતી, તે અવસર આવે એમની સાથે કજીયો કરવા સુધીની જુદાઈમાં ચઢી જાય છે. પતિના ઘરમાં આદર સાથેની ક્રિયાનું આ પરિણામ છે.

**૩. વિધિપાલન :-** સંસારની જે ક્રિયા વિધિસર ચોકસાઈથી આચરાય છે, તેના સંસ્કાર જોરદાર જામે છે. દા.ત. રોગી માણસ વિધિસર ઔષધની પ્રક્રિયા સાચવતા એવો ટેવાઈ જાય છે, કે જતે દહાડે એ એને સહજ બની જાય છે. વિધિસેવનનાં મીઠાં ફૂલ અનુભવતો હોવાથી એ ઔષધ પર એને મમત્વભાવ થાય છે. તેથી એના વિરોધી કુપથ્ય ઉપર દ્વેષ પણ થાય છે.

**૪. લક્ષ્યનો ખ્યાલ :-** એ પણ મહેનતને સફલ બનાવવામાં ઘણો જરૂરી છે. એથી થોડો પણ પ્રયત્ન ઊગી નિકળે છે, એવું જગતમાં ઘણું અનુભવાય છે. દા.ત. પ્રવાસી પહોંચવાના સ્થાને લક્ષમાં રાખી એ દિશા તરફ ચાલે છે, તો એની નજીક પહોંચતો જાય છે. તેવી રીતે ધન સંગ્રહના ઉદ્દેશથી મજુરી કરનાર ધીરે ધીરે પણ સંગ્રહ કરી શકે છે. લક્ષ્યના ખ્યાલવાળા વક્તાની ભાષણક્રિયા વિદ્વાનોને માન્ય બને છે. સારી રસોઈ કરનારને લક્ષ્યનો પાકો ખ્યાલ હોય છે.

**જડની પ્રવૃત્તિમાંથી જિને કહેલી પ્રવૃત્તિમાં આવો :-** આ ઉપરથી દેખાય છે કે, તે તે ક્રિયાઓ સતત અભ્યાસ, આદર, વિધિ, અને લક્ષ્યનું ધ્યેય સાચવીને કરવામાં આવે તો સચોટ ફલ આપે છે. **જેમ આજ સુધી જડના વિકાસ માટે એ રીતે ક્રિયાઓ કરીને જડની વાસના, જડનો પક્ષપાત વગેરે દૃઢ કર્યા છે, તેમ તે રીતે આત્માના વિકાસની ક્રિયા કરવામાં આવે તો આત્માનો વિકાસ કેમ ન થાય ?** એ વાત નક્કી છે કે, **આત્મવિકાસ સાધવા માટે જરૂરી ધર્મક્રિયાઓ અને તે પણ સતત અભ્યાસ સાથે કર્યા વિના નહિ જ ચાલે.** જ્યારે વસ્તુસ્થિતિ જોઈએ તો સંસાર વ્યવહારની નવનવી ક્રિયાઓ જીવનમાં વધતી જાય છે, ત્યારે આત્મવિકાસની શુભ ક્રિયાઓમાં હ્રાસ, બેદરકારી અને પ્રમાદ વધતા જાય છે.

**મૂર્ખના ખેલ :-** (૧) કપડા પર **મેલ ચઢાવવાની જ ક્રિયા** કરે જાય ને ધોવાની ક્રિયા ન કરે, તો કપડું ઉજળું કેવી રીતે બની શકે ? (૨) જમીનમાં એકલો **પાયો ખોદવાનું કામ** કરે જાય, પણ તેને પૂરીને ઉપર ચણવાનું કાર્ય ન કરે, તો મકાન તો જોવાનું ન મલે, પણ વખતે અંધારી રાતે એજ ખાડામાં પડવાનું મલેને ? (૩) **કેદી** હજીય ગુના બંદ કરી સારી વર્તુણક આચરવાને બદલે ગુના જ કર્યે જાય, તો કેદના નવા બંધન મલે, પણ મુક્તિ ન મલે, એમા શી નવાઈ ? (૪) ચીકણા લપસણા રસ્તે ચાલ્યા કરવાનું અને પડ્યા કરવાનું જ, અથવા લડાઈમાં **દુશ્મનના ઘા ખાયા કરવાનું જ** કામ ચાલુ રખાય, પણ શરીરે ઘા પર **પાટાપુટી લેપ કરવાનું કંઈ જ ન કરાય,** તો મારની પીડાઓ કેવી રીતે ઓછી થઈ શકે ? (૫) કોઈ **વિદ્યાર્થી** આખો દિવસ રખડ્યા કરે. પણ ભણવાની મહેનત નથી કરતો તો શી રીતે વિદ્યા પામે ? (૬) બિમારે કુપથ્યો ખાધા કરવા છે, પણ ઔષધ અને પથ્ય નથી સેવવું, તો તે શી રીતે સાજો થવાનો હતો ? (૭) બજારમાં **ઊંધા વેપલા** કરી કરી પૈસા ખોવાનું જ આવડે, પણ સીધા વેપારધંધા કે નોકરીથી પૈસા કમાવાનું ન આવડે. એ શી રીતે દુઃખમાંથી બચી સુખ મેળવી શકે ? (૮) કુટુંબ સાથે રાત ને દિવસ ઝગડી **કુટુંબને ત્રાસ આપવાનું,** અને બીજા પણ અપકાર કરવાનું જ કામ કરે જાય, પરંતુ પ્રેમભાવ સાથે વાતચીત કરી એમને ઠારવાનું અને દુન્યવી સુખના સાધન સામગ્રી એમને લાવી આપવાનું કંઈ ન કરે, તે શી રીતે કૌટુંબિક સુખશાંતિનું ભરભાંખરુ પણ જોઈ શકે ? (૯) શાહુકારને ત્યાંથી પૈસા માગી લાવી **દેવું વધારે જાય,** પણ દેવું ભરવાની વાત કે બીજા જમે મુકવાની વાતમાં મીંડું હોય એને દીવાની કોર્ટનો ત્રાસ મલે કે બીજું કાંઈ ? આવી તો જગતમાં સેંકડો બાબતો છે, કે જેમાં અવળી ક્રિયાઓ કરે જવામાં અને સવળી ક્રિયાઓ ઉવેખવામાં દુઃખ, દીનતા, દરિદ્રતા અને દમન વગેરે પામવું પડે છે.

**આત્મામાં વિપર્યાસ :-** આત્માના સંબંધમાં પણ આ બરાબર લાગુ પડે છે. **અનાદિ અનંત કાલથી મોહ અને અજ્ઞાનની ક્રિયાઓથી આત્મા પર કર્મનો મેલ ચઢાવવાનું કામ ચાલુ છે, પણ ચારિત્ર અને જ્ઞાનની ક્રિયાઓથી એ મેલને ધોવા સાફ કરવાનું કરવું નથી, તો આત્મા ઉજળો શે બને ? તૃષ્ણા અને મિથ્યા મતિ રૂપ કોદાલીથી આત્મભૂમિને ખોદી નાખવાનું ચાલુ રાખવું છે, પણ પ્રશમ, વૈરાગ્ય અને સન્મતિના ચણતર નથી કરવા, તો સુખની ઈમારત ક્યાંથી રચાશે ? અંતરંગ દુશ્મનના ઘા ખાયે જવા છે, પણ પ્રતિક્રમણ, પ્રાયશ્ચિત્ત, વિનય, તપ, સ્વાધ્યાય, ધ્યાન વગેરે મલમપટ્ટા નથી કરવા, તો વેદના સિવાય બીજું શું જોવા મલે ? રાગદ્વેષ અને એની પોષક સાંસારિક પ્રવૃત્તિના કુપથ્ય ખૂબ ખૂબ આચરે જવા છે, અને સંવેગ વિરાગના પોષક ધર્મના અનુષ્ઠાનો તથા શુભ આચારો રૂપી ઔષધ નથી સેવવા, ત્યાં આરોગ્યનાં સુખ જોવાનો સ્વપ્નેય અધિકાર ક્યાંથી ? અનાદિની આહાર વિષય આદિ સંજ્ઞાઓમાં રખડ્યા કરવું છે, અને તપ, જપ, શીલ, વ્રતો વગેરેના ભણતર નથી લેવા, તો આત્મા ઠોઠ રહીને જગતના કીડા જેવાને પણ ઠેબેજ ચડે કે બીજું કાંઈ થાય ? આરંભસમારંભ, રંગરાગ, રોફ, અને ગુસ્સો વગેરેના ઊંધા વેપલાથી સમતાધન ખોયે જાય, પણ સમિતિ. ગુપ્તિ, સંવેગ નિર્વેદ અને પ્રભુભક્તિ તથા વ્રત પચ્ચક્ખાણના સીધા વેપાર ન આદરે, તો ધન કમાવાનું શી રીતે બને ? પૂર્વના પુણ્ય બધાં જ ભોગવી નાખવા ઉપરાંત હજીય અઢાર**

**પાપસ્થાનક સેવી સેવી, નવા દેવા ઊભા કરે, અને પણ્ય વધારવા, કે ધર્મસ્થાનક સેવવા દ્વારા દેવા ભરપાઈ કરવાની શુભ ક્રિયાઓ ન કરે, તો સંસારની કેદમાં નવી નવી સજા અને બંધનો મળે એમાં શી નવાઈ છે ? સમતા, સુમતિ, સમાધિ વગેરે આંતર કુટુંબને જે કલેશ આપનારી દુર્ધ્યાનમય જડની આળપંપાળ અને જડ વિકાસની ક્રિયાઓ કરે જાય, પણ આંતરકુટુંબને તત્ત્વની પ્રેમભાવ ભરી વાતચીતથી ઠારવાનું તથા આત્મચિંતા અને આત્મવિકાસની ક્રિયાઓ આચરવાનું ન બને, તો સુખના અનુભવ તો નહિ, પણ સુખના દર્શન મોંઘા જ હોય ને ?**

**અવળી પ્રવૃત્તિનો થોક અને સવળી પ્રવૃત્તિનું દેવાળું :-** ટૂંકમાં આજે જોઈએ તો વેપાર, ધંધા, ખાનપાન, ભોગવિલાસ, માનકીર્તિ, કુટુંબ પરિવાર, સંસારવ્યવહાર, દુન્યવી કેળવણી, રમતગમત વગેરેની પ્રવૃત્તિઓ ધુમ પ્રમાણમાં કરાય છે, અને દાન, શીલ, તપ, ભાવની ક્રિયા, ત્યાગ વૈરાગ્ય ની ક્રિયા, જેવી કે **પ્રભુભક્તિ સામાયિક, પ્રતિક્રમણ, પૌષધ, જપ, ભાવના અને ધ્યાન, ચતુર્વિધ સંઘની ભક્તિ-પૂજા અને ધાર્મિક વ્યવહારોની પ્રવૃત્તિઓમાં બેદરકાર રહેવાય છે.** પછી પેલી અવળી ક્રિયાઓના દુઃખદ પરિણામમાંથી કેમ જ ઉગરી શકાય ? અવળી ક્રિયાઓના કુસંસ્કારને ખાલી નિષ્ક્રિયતા ન મીટાવી શકે, એ મીટાવવા તો સવળી ક્રિયાઓના ગાઢ સુસંસ્કારો જ સમર્થ છે.

**એકલું જ્ઞાન પાંગળું :-** શુષ્ક (જડ) અધ્યાત્મીઓ જગતને અહીં ઊંધે માર્ગે ચઢાવી દે છે, એ કહે છે કે, ક્રિયા જડ છે, માટે નકામી છે. એકલું જ્ઞાન તારનારું છે. પણ એને ક્યાં ખબર છે કે, જેમ અતિઆહાર, શરદીની હવાનું સેવન, પત્થર પર પછાડ વગેરે કારણોએ આવેલા રોગ નિવારવા, લાંઘણ, ગરમ હવાનો બફારો, પાટાપુટી કે તેલ માલીશ વગેરે અનેક ઉપચાર કરવા પડે છે. તેમ **મિથ્યામતિ, પાપની અપેક્ષા, પાપક્રિયાઓના સેવન, અપ્રશસ્ત કષાયો અને પ્રમાદથી** વળગેલા સંસાર રોગને નિવારવા એકલું જ્ઞાન શું કરી શકે ? રોગનાં જે ઉત્થાન કારણો, એ સર્વના પ્રતિપક્ષી સ્થાનોને સેવવા જોઈએ. **તેથી સન્મતિ, ગુણની અપેક્ષા અને પાપના પચ્ચક્ખાણ, ધર્મની પવિત્ર ક્રિયાઓ તથા પ્રશસ્ત કષાય અને અપ્રમાદ** આ બધાને આચરવા જ જોઈએ.

**ધર્મ ક્રિયાઓની વિપુલતા અને ચોક્સાઈ :-** આત્માને હિતકારી એવી કલ્યાણ ક્રિયાઓના સેવનની જેમ, આત્માને એમાં પરોવી દેવાની ચોકસાઈ પણ ખાસ જરૂરી છે. સંસાર વ્યવહારમાં આવી ચોકસાઈનો અનુભવ જીવને ઘણો હોય છે. એ હવે જો ધર્મક્રિયાઓમાં આવી જાય, તો જ આત્મામાં ધર્મનો સાચો રંગ દીપતો કરી શકાય, નહિતર તો વર્તમાન કાળમાં દેખાય છે, અને ભૂતકાળમાં અનેકવાર



બનેલું જ્ઞાનીઓ કહે છે, તે મુજબ ધર્મક્રિયાઓ સેવવા છતાં, માત્ર તુચ્છ પુણ્યના મામુલી ફળ આયાસ તથા કષ્ટ ઉપરાંત, મોંઘેરા માનવ જીવનને ખોઈ નાખવાનું બને છે. એટલે એ થયું કે વિપુલ પ્રમાણમાં ધર્મક્રિયાઓ પણ જોઈએ. અને એને અંગે સતત અભ્યાસ, બહુમાન, વિધિ, ધ્યેયનું લક્ષ વગેરે ચોકસાઈ પણ અતિ જરૂરી છે. આ બે વાત બની જાય, તો તે ક્રિયાઓમાં નિષ્ણાત થવાય, એટલું જ નહિ પણ, સાક્ષાત્ તે ક્રિયાની મૂર્તિ બનીને એના શાશ્વત દિવ્ય ફળના ભોક્તા બનાય. ચોકસાઈના અભાવે ક્રિયા કરનારા વેઠ ઉતારે છે, અને આત્માને એનાથી તદ્દન જુદો પાડી દે છે. ધર્મક્રિયાની સાધનામાં આ ખાસ જોવાનું છે કે ક્રિયા સાધતા સાધતા ક્રિયા સાથે આત્મા સક્રિય છે કે નહિ, એમાં ભળે છે કે નહિ ? આ ત્યારે જ બની શકે કે સંસારની ક્રિયાઓમાં વેઠ, બેદરકારી, અલગાપણું વગેરે અનુભવાય, અને ધર્મક્રિયાઓમાં ઓતપ્રોતતા, સતત કાળજી અને આત્મીયતા (પોતાપણું) દૃઢ બને.

**સંસાર ક્રિયાની ચોકસાઈના દૃષ્ટાન્ત :-** મુખ્યપણે આત્મહિતની સાચી ઝંખના ન જાગે ત્યાંસુધી બધું જ મુશ્કેલ રહેવાનું. સંસારમાં જુઓ તો દેખાશે કે, સંસારના સુખસગવડની પાકી ગરજ હોવાથી તે તે કાર્યો કેટકેટલા વિસ્તારથી કરાય છે, અને તેમાં કેવી ઓતપ્રોતતા રહે છે ! દા.ત. **રસોઈ** બનાવનાર સવારથી શું શું બનાવવું છે એ ધ્યેય નક્કી કરે છે. પછી એ બનાવવા સવારથી ઊલટ અન ઉદ્યમ જોરદાર ચાલે છે. એમાં ધનનો, સમયનો, શરીરનો, બુદ્ધિનો અને બીજી સગવડોનો ભોગ અપાય છે. રસોઈ બનાવતી વખતે બીજાને દેખાય કે એ વાતચીત કરે છે, પરંતુ કયા અને કેટલા મસાલા રસોઈમાં નાખવા, તાપ કેટલો રાખવો, વગેરેનો સંપૂર્ણ ખ્યાલ રાખે છે. થયેલી રસોઈ બગડી ન જાય, જમનારને ઠીક ઠીક પીરસાય, ઈત્યાદિમાં પણ સારી સાવધાની હોય છે. તેથી પોતે અને બીજા, સારી રીતે ભૂખ મિટાવી તૃપ્ત થાય છે. જો એ બધી કાળજી ન હોય તો મનમાની રસોઈ ક્યાંથી પામે ? ઊલટું પૂર્ણ તૃપ્તિ ક્યાંથી મળે ? અને પ્રશંસા પણ ક્યાંથી પામે ? **ફૂવડમાં** ગણાય, અધિકાર ગુમાવે, અને સમય તથા વસ્તુ બરબાદ થાય એ વધારામાં. એજ ઘઊંના આટામાંથી રોટલી, પુરી, ભાખરી વગેરે બને છે, છતાં રસોઈ કરનાર એમાંનું શું બનાવવું છે, તે હાથમાં આટાની થાળી લેતા નક્કી કરે છે. એટલું જ નહિ પણ બનાવવાની ક્રિયા દરમ્યાન, મારે અમુક વસ્તુ બનાવવી છે એનો પાકો ખ્યાલ રાખે છે. આનું **નામ ધ્યેયનો નિર્ણય અને ધ્યેયનો સતત ઉપયોગ (ખ્યાલ) કહેવાય.**

હવે વિચારો કે પ્રભુદર્શને જતાં પહેલાં, કે સામાયિક પ્રતિક્રમણ કરતાં

પહેલા, આવી ધ્યેયની વિચારણા કરાય છે ? **જેમ રસોઈમાં આવા આવા સાધન અને વસ્તુઓ જોઈએ જ એ નક્કી કરાય છે, તેમ ધર્મક્રિયાઓમાં નક્કી ખરું ? વળી રસોઈમાં પરિણામ તરીકે ખાવા યોગ્ય ચીજ તૈયાર થતા સુધી ધીરજ અને ચીવટ ભરી મહેનત રખાય છે, એવું ધર્મક્રિયાના પરિણામ સુધી પહોંચવા માટે ખરું ? રસોઈ માટે એટલી બધી મહેનત અને ધનનો વ્યય કર્યા બાદ પરિણામે સારી રસોઈ ન બને તો ભારે નિરાશાથી હૃદય ઘવાય છે. એ મુજબ ધર્મક્રિયાઓમાં ખરું ?** ના, ત્યાં તો એટલો જ સંતોષ માન્યો, કે મેં દર્શન કર્યા, પૂજા કરી, સામાયિક કર્યું, વગેરે; પણ એનું **ફલ નીપજ્યું કે નહિ એ જોવાની વાત** નહિ, રસોઈ બગાડનાર જો એમ બોલે કે આપણે તો રસોઈ કરી દીધી એટલે કાર્ય પતી ગયું, તો એ મૂર્ખ ગણાય. રસોઈ એ રોજનું કાર્ય હોવા છતાં, કેટલો **ખંત** અને કેટલી **કાળજી** કાયમ રહે છે ? **ખર્ચાયેલા પૈસા, સમય કે શરીરની મહેનતનો વ્યય થયાનો પશ્ચાત્તાપ નથી થતો,** પરંતુ એ બધુંય લેખે લાગ્યું મનાય છે. બસ, આવી રીતે ધર્મક્રિયાઓમાં બનવાની જરૂર છે. રસોઈ કરનારા વર્ષો જતા એમાં એવા નિષ્ણાત બની જાય છે કે જેથી પછી એના હાથે ભાગ્યે જ રસોઈ બગડે, કે રસોઈનું ધાર્યું ફલ ન આવે. ધર્મક્રિયામાં આવી નિષ્ણાતતા મેળવી ?

**વેપારનું દૃષ્ટાન્ત :-** વેપારી પૈસા કમાવાનું ધ્યેય નક્કી કરી, કઈ વસ્તુનો કેવો વ્યાપાર લાભ કરશે, એ બરાબર પારખી, વ્યાપાર શરૂ કરે છે. ત્યાં બરાબર મોખરા પરની દુકાન, ઘરાકને પસંદ પડે એવા માલનો સંગ્રહ, ઘરાક મેળવવાની સાચવવાની સજ્જડ કાળજી, નવા નવા માલના લેણ-વેચાણ, વ્યવસ્થિત ચોપડા, રોજ સાંજે નફાતોટા, ઉઘરાણી વગેરેની તારવણી, જીવનની બીજી સુખ સગવડ કરતાં ય વ્યાપાર પર વધારે આદર, બીજા વેપારી કે ગ્રાહકો સાથે ચતુરાઈથી બોલવાની આવડત. ખોટમાંથી પાછા વળી જવાની તીવ્ર જાગ્રતિ, આવું આવું ખૂબ ખૂબ સાચવે છે. લુચ્ચાને અને શાહુકારને પગલામાંથી પરખે છે. મોટા નફાની આશા મળે તો વ્યાપાર અર્થે દૂર દેશ જાય છે. અને એકલદોકલ ત્યાં રહે છે, કષ્ટ પણ હર્ષભેર ઊઠાવે છે. ગ્રાહકને આકર્ષવા તથા વેપાર વધારવા દુકાન ભાડા, નોકર ચાકર, દલાલના કમિશન, આડતિયાની સરભરા, જાહેર ખબરો, વગેરેના અનેકાનેક ખર્ચા હોશિયારી સાથે ઊઠાવે છે. ભારે કમાણીની ધૂનમાં અવસરે લોહીનું પાણી પણ કરે છે.

આ બધી વસ્તુઓમાંનું કેટકેટલું ધર્મનો વ્યાપાર કરવા માટે આપણે બનાવીએ છીએ ? ઉપરોક્ત દરેક મુદ્દો જુદો જુદો પકડી એ વિચારવા જેવું છે. પ્રભુ પૂજારૂપી ધર્મવ્યાપારથી મારે અમુલ્ય પુણ્ય કમાઈ કરવી છે, એવું હૃદયમાં સચોટ વસશે, તો



દુકાનગીરીની જેમ કેટલીય ચીવટ રહેશે. એવું જ સામાયિક, પ્રતિક્રમણ, વ્રત, તપસ્યા વગેરે ધર્મક્રિયાઓમાં સમજવું. વેપારમાં શા ભાવ આવ્યા ? શા ભાવે લીધું છે ? ભવિષ્યમાં શું ભાવ આવવા સંભવ છે ? વગેરે જાણવામાં કેવી તમન્ના રહે છે ! કેટકેટલી દોડાદોડી, શિફારસ સેવાય છે ! જાણ્યાનો કેટલો બધો આનંદ રહે છે ! ન ભૂલાય એ માટે કેવુંક હૃદયમાં કોતરી રખાય છે ! આ બધામાંનું ધર્મવેપારમાં કેટલું ? એ આજે ખૂબ વિચારવા જેવું છે. આપણે વાત તો કરીએ છીએ, કે અમને ધર્મમાં ઉલ્લાસ નથી જાગતા. પરંતુ ધર્મનાં તત્ત્વો, આત્માની પરિસ્થિતિ, માનવજીવનમાં મળેલા ઉમદા સંયોગો, વગેરે જાણવા કરવાનું ક્યારે ખ્યાલમાં હોય છે ? અને જાણવા માટે કેટલો પરિશ્રમ સેવાય છે. એ વિચાર્યું ?

**વકીલની બાહોશી :-** વળી જુઓ કે વકીલ કોઈ મોટા લાભવાળા કેસમાં કેટકેટલી ચીવટ રાખીને મહેનત કરે છે ! અસીલને ખૂબ ઠંડકથી સાંભળવો, એના દરેક મુદ્દા બરાબર ધ્યાનમાં લેવા, ઉપરાંત લખીને નોંધી લેવા, પછી એના પર કયા કયા સાક્ષી મળે તેમ છે, કયા કયા બીજા પુરાવા છે, ઈત્યાદિ સમજી લેવું. હવે એને કયા ક્યા કાયદાની સહાય મળે એમ છે, તથા વિરુદ્ધ પક્ષને ખોટો પાડવા કયા કાયદા લડાવી શકાય એમ છે, એ બરાબર મહેનત લઈને સ્થિર અને શાંત મગજે શોધી કાઢવું, આ બધું કરવામાં વકીલને ક્યાં ખામી રહે છે ? અસીલની બ્રીફ તો એવી ઘડવા ધારશે કે એ વાંચતા, પહેલી જ તકે ન્યાયાધીશને એની સત્યતા સાથે ન્યાયયોગ્યતા મનમાં ઠસી જાય. વકીલ પાછો અસીલને એ કેસને અંગે ચાર્જ કરવામાં તો એવો કાબેલ અને સાવધાન રહેશે, કે અસીલે એક ''હા'' કે ''ના'' નો જવાબ આપવાના સમયની પણ ફી લેવા ચૂકશે નહિ. અસીલ પણ બધા મુદ્દા, પુરાવા, સાક્ષી વગેરે રજૂ કરવામાં બરાબર સાવધાન રહેશે.

ત્યારે હવે એ જોવાનું છે કે આપણે પ્રાયશ્ચિત્ત વખતે કર્મ સામે કેસ નોંધાવવા ગુરુની આગળ ગુપ્તમાં ગુપ્ત હૃદયના ભાવો અને આજુબાજુના સંયોગો વગેરે બાળકની જેમ કહેવા કેટલા તૈયાર ? વળી વકીલની જેમ ગુરુની દેશના, વાચના કેટલી ચીવટથી સાંભળીએ ? એ આપણા જીવનમાં ક્યાં ક્યાં લાગુ થાય છે એ જોવા અને અમલમાં મૂકવા મહેનત કેટલી ? **શાસ્ત્રવાચનના શ્રવણાનુસારે ઘડેલ આપણા મન, વચન, કાયાની પ્રવૃત્તિરૂપી બ્રીફ જ્ઞાની જજને બરાબર યોગ્ય ભાસે એવી તૈયારી કેટલી ? આત્મોપયોગી દરેક ક્રિયાઓમાં તલાલીનતા કેટલી ?**

**દરદીની તન્મયતા :-** એવી રીતે પેટની ચુંકનો કે બીજો કોઈ તેવો જ દરદી દરદ મીટાવવા કેટકેટલી પ્રવૃત્તિ કરે છો. જરા આશા મળે કે આ વૈદ્ય સારો છે, પછી ભલે ઊંટ વૈદ્ય હોય, પણ ત્યાં એ ઝટ ઝુકી પડશે. એની આગળ દીનતાથી

રોગ મિટાડવા વિનવશે; ઉપરથી પૈસા આપશે. ગુલામી એવી લખી આપશે, કે કહેશે, તમે કહેશો તેમ ખાઈશ, પીશ, બેસીશ, ઊઠીશ, વગેરે. દિવસમાં અનેકવાર સમયસર ઔષધ લેશે. ન ભાવવા છતાંય ઔષધ અને એનું પથ્ય લેશે. પાછો માનશે કે જરૂર એમજ મટશે, અથવા રોગ વધશે તો નહિ જ. રાત-દિવસના ઝંખના આરોગ્યની. બીજા પણ હાલવાચાલવા કે પથારીમાં પડી રહેવા વગેરેના અનેક કષ્ટો ભોગવશે. જરા સારું થતું આવશે, એટલે એને દવા પર ઓર શ્રદ્ધા વધશે. વૈદ્યનો ઉપકાર માનશે. જાતને ભાગ્યશાલી માનશે, વગેરે.

ત્યારે હવે એ જોવાનું છે કે **સદ્‌ગુરુરૂપી વૈદ્ય, ધર્મક્રિયારૂપી ઔષધ, અને સંવેગ-વૈરાગ્ય અને શુભ ભાવના શુભધ્યાનાદિ પથ્ય પ્રત્યે આપણું કેવું વલણ અને કેવો વર્તાવ છે ? ઔષધની જેમ ક્રિયાનું સેવન કેટલી હોંશથી કેટલી શ્રદ્ધાથી ? અને કેટલી કેટલી વાર થાય છે ?** વૈદને દરદી દરદ જેવા વર્ણનથી કહે, તેવા વર્ણનથી ગુરુ આગળ આત્માના કષાયાદિ પાપના દરદ કહીએ ખરા ? ક્રિયા ખૂબ ખૂબ સેવી, કંટાળાને બદલે વધુને વધુ આશા રાખી, ભાવ આરોગ્યના માર્ગે ધપવાનું કેટલું ? ધર્મ ઔષધ સેવવામાં ક્રિયાના કષ્ટ, તપત્યાગના કષ્ટ વગેરે હોંશપૂર્વક સેવવાનું ગુરુ પાસે કેટલું માગી લઈએ ?

એમ કરી ધર્મક્રિયા દ્વારા આત્માને શાંતિ, સ્વસ્થતા, આત્મગુણમાં દૃષ્ટિ વગેરે જેમ જેમ આરોગ્ય પ્રાપ્ત થાય, તેમ તેમ વૈદ્ય ગુરુનો ઉપકાર મનમાં કેટલો વસે ? અને ઉપકારના બદલામાં શી શી સેવા કરવાના કોડ થાય ? આનાથી જ પોતાની જાતને ભાગ્યશાળી માનવાનું કેવુંક બને ? જ્યારે ‘દુન્યવી રોગથી બચાવનારે જીવન આપ્યું અટેલું જ નહિ, પણ ધન માલ કુટુંબસુખ વગેરે બધું આપ્યું એવું મનાય છે,’ ત્યારે ‘ભાવ રોગથી બચાવનાર ગુરુ અને ધર્મે એથીય કેઈ ગુણું આપ્યું છે, એવું માની પોતે સાચો ભાગ્યશાળી બન્યો,’ એ હૃદયે સચોટ બેસે ખરું ?

**પરીક્ષાનો રાધાવેધ :-** ઊંચી પરીક્ષા પાસ કરવા માટે વિદ્યાર્થી રાતદિવસ વિદ્યાનો અભ્યાસ કરવાની કેવી કાયિક, વાચિક અને માનસિક તનતોડ મહેનત કરે છે ? એમાં એટલો તો એકાગ્ર થઈ જાય છે કે આજુબાજુ નજીકમાં શું બની રહ્યું છે, કે કોણ આવ્યું ગયું, તેનું પણ ભાન નહિ ! લાંબા કાળ સુધી સતત અભ્યાસ, અધ્યયન પર ભારે આદર, વિધિસર પઠન, અને પરીક્ષા પાસ કરવાના લક્ષ્યનો બરાબર ખ્યાલ-આ બધા સહેજે ખૂબ જ જોરમાં ચાલુ હોય છે. એમાં અવસરે ભૂખ વેઠે છે, તરસ વેઠે છે, શારીરિક તકલીફ નથી ગણતો, શરીર કુશ થાય, તોય અધ્યયન ક્રિયા બંધ કર્યા વિના મચ્યો રહે છે. એની ખાતર રમત, ગમત, મોજશોખ, સગવડ, સહેલ સપાટી-વગેરે જતું કરે છે. ત્યારે હવે એ



વિચારવાનું છે કે ધર્મક્રિયાઓમાં આવી કાળજી, આવો ઉત્સાહ, આવો ભોગ વગેરે કેટલું ?

**પ્ર.-** ધર્મક્રિયાઓમાં રસ થાય તો બધું આવેને ?

**ઉ.-** પણ અહીં એ સમજવાનું છે, કે ખુદ અધ્યયનની ક્રિયામાં મૌલિક ક્રિયા તરીકેનો રસ નથી, પરંતુ પરીક્ષામાં પસાર થવાનો રસ છે, તેથી તેના લક્ષે અધ્યનની ક્રિયા રસથી થાય છે. તેવી જ રીતે ધર્મક્રિયાના મૂળભૂત જે આત્મશુદ્ધિ અને મોક્ષ, તેના માટે રસ હોય તો ધર્મક્રિયામાં કેમ રસ ન આવે ?

**લગ્નક્રિયાનો રંગ :-** બીજી વાત એ છે કે, જે રીતે અને જેટલા પ્રમાણમાં જે જે ધર્મક્રિયા થવી જોઈએ તે રીતે અને તેટલા પ્રમાણમાં તે તે ધર્મક્રિયાઓ જ્યાં સુધી થાય નહિ. ત્યાં સુધી રસ શી રીતે આવે ? ઘરમાં કોઈના લગ્ન ઉજવવા હોય છે, ત્યારે એને અંગની કેટકેટલી ક્રિયાઓ કેવા તન, મન અને ધનના વ્યય કરીને, કષ્ટ ઉઠાવીને કરાય છે ! સ્વ-દ્રવ્યનો વ્યય કરવા છતાંય પાછી હોંશ કેવી ? લગ્નમાં ભાગ લેવા રીસાયેલા સગાંસ્નેહી જ્ઞાતિવાળાને મનામણાં કેવાં ! પોતાની ત્યાં મૃદુતા, લઘુતા કેટલી બતાવવાની ! નગરના મોટા મોટા માણસો ભાગ લે એ માટે કેટલા બધા પ્રયત્નો ! અને એ આવે એનો કેવો આદર અને આનંદ ! આંગણે આવેલાના સ્નેહ, બહુમાન કેવા ! પોતાના ખર્ચે મફત આખી જ્ઞાતી જમે એ જોવાના કોડ કેટલા ? એ વખતે વેપારધંધામાંય દુર્લક્ષ કેવું ? એટલું એમાં જ નહિ, પણ પોતાની શરીરની વ્યાધિમાં, સ્વસ્થતા અને આરામીમાં, સમયસર ખાનપાનમાં, ઈત્યાદિમાં બેપરવાઈ ઉપેક્ષા કેવી ! રાતના ઉજાગરા વેઠે, માલ ભેગો કરવા કંઈ કંઈ કરે, ભારે કપડાં, ભારે ઠાઠ, ભારે મંડપ, ભારે જમણ વગેરેનો હોંશપૂર્વક અનહદ ખરચો કરે, એ બધું પાછું વ્યવસ્થિત થવું જોઈએ, એમ માને ! આટલું ઘસાવા છતાં લગ્નોત્સવની ઉજવણીને જીવનનો એક લહાવો માને !

**જીવનનો લહાવો શામાં ? :-** ત્યારે ધર્મક્રિયામાં આમાંનું શું ? **ધર્મક્રિયામાં હોંશથી, તન-મન-ધનનો ઘસારો કેટલો વેઠાય ? લગ્નોત્સવની જેમ પર્યુષણમાં સાંવત્સરિક પ્રતિક્રમણ ઉજવવા સ્નેહીઓ સાથે થયેલ વેરવિરોધને ખમવાની તૈયારી કેટલી ? એ માટે પોતાની લઘુતા બતાવાય ખરી ? સાધર્મિક વાત્સલ્ય વગેરે પોતાને ખર્ચે કરી, ‘અહો ! કેવા મારા નાથ શ્રી અરિહંતના ભક્તો સૌ સાથે જમી રહ્યા છે !’ એ આનંદ ખરો ? લગ્નોત્સવની જેમ ધાર્મિક પ્રવૃત્તિ વ્યવસ્થિત રીતિએજ કરવી જોઈએ એવું ખરું ? આંગણે આવેલાનાં બહુમાન ખરા ? નાનીથી મોટી ધર્મક્રિયા ઉજવવા અવસરે વેપાર ધંધો, શરીરસ્થિતિ, આર્થિક હિસાબ, એશઆરામી, દુન્યવી સ્વાર્થ, ઈત્યાદિ તરફ બીન પરવા કરાય છે ખરી ? એટએટલો વ્યય ને કષ્ટ**

ઉઠાવ્યા પછી ઉજવેલી ધર્મક્રિયાથી શું એમ લાગે ખરું કે 'અહો ! માનવ જીવનનો આ કેવો સરસ લહાવો લીધો !' કે એના બદલે એમ લોચા વાળે કે 'બહુ ખરચ થઈ ગયો, સાહસ કર્યું, ઘણું કષ્ટ પડ્યું, આમ પહોળા ન થવું જોઈએ.' ટૂંકમાં એ સમજવાનું છે કે **ધર્મક્રિયાઓને સતતપણે, અને બહુ આદરભાવથી વિપુલ પ્રમાણમાં આચરવી જોઈએ, એમાં વિધિની વ્યવસ્થિતતાનું અને કર્મનિર્જરા તેમજ આત્મગુણસિદ્ધિના લક્ષ્યનું ધ્યાન ચૂકાવું ન જોઈએ. આ જો બને તો અનાદિના કુસંસ્કારોને મર્યે જ છૂટકો. મન આત્માના કબજે આવ્યા વિના ન રહે. શુભ પુણ્યાનુબંધીપુણ્યનો સંચય અવશ્ય એકઠો થાય. એથી ભવિષ્યમાં નિશ્ચિત્તપણે સાધનાને અનુકૂળ સુંદર મનુષ્યભવ વગેરે સામગ્રી મળે; અને ત્યાં સાધના પરાકાષ્ઠાએ પહોંચતા નક્કી સાધ્ય એવા મોક્ષની સિદ્ધિ સંપજે.**

**રત્નને મમરાના મૂલ્યે ન વેચાય :-** હવે આપણે એ જોઈએ કે આપણી રોજીંદી ધર્મક્રિયાઓ રસમય, દીપતી અને મહામુલ્યવાન કેમ બને. ક્રિયા જ્યારે કરવી જ છે, તો એ કોડીના બદલે કરોડના લાભ લાવનારી કેમ ન કરવી ? પરંતુ આ એની કિંમત વધી ત્યારે ગણાય, કે એ ધર્મક્રિયાઓ કરતા કરતા, પ્રતિપક્ષી એવી સંસારક્રિયા અને જડ પુદ્ગલ પ્રત્યેના આકર્ષણ કે પક્ષપાત ઘટી જાય. જેથી હવે એ કુસંસ્કારોને પુષ્ટ ન કરી શકે. એટલે ભૂતકાળથી આવેલા કુસંસ્કારો ભૂલાય અને ભૂંસાઈ જાય. સાથે બીજી બાજુ **ધર્મક્રિયાથી સુસંસ્કારો દૃઢ થઈ જાય. એ થતાં, આત્માના મન, વચન અને કાયા પવિત્ર ધર્મક્રિયાઓમાં એવા ઠરવાના કે સંસારના ઉકળાટ, મોહની વિહ્વલતા, અજ્ઞાનની અકડાઈ, અહંભાવના, અભિનિવેશ, વાસનાના આવેશ વગેરે શાંત થઈ જવાના.**

**સતતમાં શું આવે ? :-** ક્રિયાઓ સતત કરવી એટલે કે વચમાં ભંગ થવા દીધા વિના ચાલુ રાખવાની. જેમ કે, પ્રભુ પૂજા રોજ કરવી, અને તે પણ કરવા બેઠા ત્યારે વચમાં થાક્યા વિના એક ધારાએ સળંગ કરવી. એવી રીતે **સામાયિક, પ્રતિક્રમણ, નવકારવાળી, સ્વાધ્યાય, ત્યાગ વગેરે નિયમિત સળંગપણે થવું જોઈએ. પૌષધ, તપસ્યા, વગેરે રોજ ન બનતા હોય, પણ પર્વતિથિએ બની શકતા હોય, તો પણ નિયમિતપણે હર પર્વતિથિએ તો તે ચાલુ જ જોઈએ. એવી જ રીતે માસિક કે વાર્ષિક કૃત્યો પણ સતત દર વર્ષે કરવા જ જોઈએ.** જેવી રીતે કાયિક સતત પ્રયત્ન, તેવી રીતે વાચિક-માનસિક પણ સતત ઉદ્યમ જોઈએ.

**આદરના ઉપાયો :-** આદર માટે ત્રણ વસ્તુ જોઈએ :- બહુમાન, વિધિખપ અને ઔચિત્ય. ૧. **બહુમાન** એટલે સંસારની ક્રિયા કરતા ધર્મક્રિયા ઉપર **અધિક માન,** મૂલ્યાંકન, અને વાસ્તવ હિતકારિતાની બુદ્ધિ જોઈએ. આનાથી જ સાચું હિત



થવાનું છે. ચરિત્રોમાં આના ઘણા દાખલા છે. **આ લોકમાં પણ શાન્તિ અને સ્વસ્થતા ધર્મપ્રવૃત્તિથી જ મળી શકે છે. ધર્મ જ અનેક પ્રકારના આર્તરૌદ્ર કોટિના દુર્ધ્યાનથી બચાવે છે, અને શુભ ધ્યાનને જગાવે છે. ગરીબીમાં એ શ્રીમંત કરતાંય વધુ સુખી, બહુ કર્મ નિર્જરક અને અડગ-અદીન બનાવે છે; ત્યારે શ્રીમંતાઈમાં ગરીબ કરતાંય એ વધુ નમ્ર, વધુ શુભ ધ્યાનવાળો, અધિક પુણ્યકારી વગેરે બનાવે. અહો ! કેવી કલ્પતરૂવેલડી આ ધર્મક્રિયા, આ ધર્મપ્રવૃત્તિ ! આનું મૂલ્ય અમાપ છે. આને જ બહુ માનવા વધાવવાની જરૂર છે.**

**ધર્મ બહુમાનના પાંચ અંગ :-** ૧. ધર્મ કથાનો પ્રેમ, ૨. ધર્મ નિંદાનું અશ્રવણ, ૩. નિંદકની દયા, ૪. વિશેષ જિજ્ઞાસા અને ૫. ધર્મમાં જ ચિત્ત.

૧. જે જે ક્રિયા કરતા હોઈએ, તેની ચર્ચા, વિવેચન વગેરે કહેવું, સાંભળવું બહુ ગમે. સંસારની ક્રિયાઓમાં આ ઘણું દેખાય છે. દાણા વેચનારને દાણાની, ઝવેરાત વેચનારને ઝવેરાતની, ભણનારને વિદ્યાની, શોખીનને શોખીન, ભંગીને એના ધંધાની એમ એમને પોતપોતાની ક્રિયાની વાતચીત સારી ગમે.

૨. એ ક્રિયાની નિંદા ન ગમે. ન તો પોતે કોઈની ધર્મ ક્રિયા નિંદે, કે ન પોતે નિંદા સાંભળે. કેમકે એને ધર્મક્રિયા પર બહુ પ્રેમ છે. દા.ત. છોકરા પર બહુ પ્રેમ હોય છે, તો તેની નિંદા નથી ગમતી.

૩. નિંદા કરનાર પ્રત્યે ઘૃણા-દયા ઉપજે. 'આ બિચારો નિંદક રત્નસમા જીભ અને કાનને નિંદાના ઉકરડામાં નાખી રહ્યો છે' એમ થાય.

૪. તે તે ધર્મક્રિયા અંગે વિશેષ વિશેષ જાણવાની ઈચ્છા થાય. હું આમાં કેમ નિષ્ણાત અને પારંગત થાઉં ! તત્ત્વના અંધારા ટળી તત્ત્વનો પ્રકાશ મને ક્યારે મળે ? વગેરે ભાવના હૃદયમાં ઉલસ્યા કરે. પોતાની અજ્ઞાનદશા પોતાને દુભવ્યા કરે.

૫. મન બીજેથી ખસીને ધર્મપ્રવૃત્તિમાં અને ધર્મમાં આવી ઠરે, એમાં જ લીન થાય. કાયા સંસારપ્રવૃત્તિમાં જાય, તોય મન તો ધર્મમાં રમતુ હોય, ધર્મની વિચારણામાં તલ્લીન હોય. આ સ્થિતિવાલાના ચિત્તનું ધર્મપ્રવૃત્તિ વખતે તે પૂછવું જ શું ? ક્રિયા ખાવાની ચાલે, અને મન તપની ક્રિયામાં રમતુ હોય; પ્રવૃત્તિ ધન લેવાની ચાલે, પણ વિચારણા દાનની ચાલતી હોય, કાયા બજારના વેપારની ક્રિયા તરફ જઈ રહી હોય, અને ચિત્ત તો પ્રભુભક્તિ, સામાયિક, જ્ઞાનધ્યાનાદિમાંની કોઈ ક્રિયા માટે તલસતું હોય, એની જ વિચારણા અને મનોરથ ચાલતા હોય, **ધર્મમાં ચિત્ત સ્થિર કરવા માટે ધર્મક્રિયાઓના અભિલાષ, એકાગ્રતા અને અનુમોદના બહુ જરૂરી છે. બીજા શબ્દમાં કહીએ તો ક્રિયાઓના મનોરથ, પ્રણિધાન અને**



E:/Divya-Darshan(part-11).pmd/prf.5

**અનુમોદના થવી જોઈએ.**

**મનોરથ, પ્રણિધાન અને અનુમોદના એ તો ક્રિયાના પ્રાણ છે :-** સાંસારિક ક્રિયામાં આ સારી રીતે સચવાય છે. ક્રિયા કરવા અગાઉ તે કરવાની અભિલાષા, ઈંતેજારી, હોંશ અને મનનો ઉપયોગ સહેજે આવી જાય છે. આગળથી જ 'આ ક્રિયા આવી રીતે કરીશ, એનું આ ફલ મેળવીશ વગેરે વગેરે' ઊલટ હૃદયમાં ભરાઈ જાય છે; અને એ ઊલટ ક્રિયાની વિચારણામાં યોજી દે છે. આ મનોરથ પછી ક્રિયા કરતી વખતે પૂર્ણ એકાગ્રતાથી મન તેમાં પરોવાયેલું રહે છે, એ **પ્રણિધાન.** તેથી બીજા ત્રીજા વિચારો આવતા નથી. આ એકાગ્ર પ્રયત્નની સાથે ક્રિયામાં આનંદ પણ ઘણો રહે. ક્રિયા કર્યા પછી એની અનુમોદના હૃદયમાં ઘણી થાય.

**ક્રિયાના લાભનો ગુણાકાર :-** ક્રિયા કરતા પહેલાં, કરતી વખતે, અને કર્યા બાદ જો આ ગુણ સચવાય, તો તેથી ક્રિયાના મૂલ્ય બહુ વધી જાય છે. કોઈ સારા મહેમાનને ઘેર નોતરતા પહેલાં, ઘેર આવ્યા પછીની સરભરામાં, અને તે પછી આ સાચવવામાં ક્યાં ખામી રહે છે ? ત્યારે તેની છાપ પણ સામા ઉપર કેવી પડે છે ! ઝટ એ આપણા લાભની વાતમાં ભારે અનુકૂળતા કરી આપે છે. પરંતુ જો કે 'એને કેમ આવકારશું, શું શું સરભરા કેવી કેવી રીતે કરશું,' તો એ આવ્યા પછી એની ભક્તિમાં શો ભલીવાર આવે ? તેમાં એકાગ્રતા અને આનંદ ક્યાંથી લાવવા ? અને એ નહિ, પછી એની પાછળની અનુમોદના ક્યાંથી આવે ? ઊલટું, કેટલીકવાર અનુમોદનના અભાવે પશ્ચાત્તાપ થાય, હૃદયનો બળાપો બહાર આવે. આ વસ્તુ (દુર્લક્ષ્ય, ખેદ, પશ્ચાત્તાપ) પેલાના ખ્યાલમાં આવે તો આપણે સરભરા કરવા છતાં, એ શું અનુકૂળ વર્તે ? પણ સંસારિક બાબતોમાં આ અભિલાષ વગેરે સહેજે સારા સચવાય છે. મિષ્ટાન્ન જમણની ક્રિયા, વેપાર રોજગાર, ઘરસામગ્રી કરાવવાની ક્રિયા, લગ્ન ઉત્સવની ક્રિયા, ઈત્યાદિના પૂર્વે આતુરતા, વચમાં એકાગ્રતા તથા આનંદ, અને અનુમોદના-એ હૃદયનો સચોટ કબજો લે છે.

"દિવ્ય-દર્શન"-"પ્રવચન મહોદધિ" વર્ષ-૨,અંક-૨૬,તા.૨૦-૩-૧૯૫૪

## ૭૭ અમૃતક્રિયા અને મનની કેળવણી-૨

**અભિલાષ-મનોરથ :-** ધર્મક્રિયામાં તો જ્યારે આની અતિ આવશ્યકતા અને ઊંચી કિંમત છે, ત્યારે એની ઉપેક્ષા જ બહુ જોવાય છે. પ્રભુદર્શન, પૂજન, સામાયિક, પ્રતિક્રમણ, સ્તોત્ર જાપ કે ધ્યાન, કાઉસ્સગ્ગ, દાનાદિ ક્રિયાઓ કરવા જતા પહેલાં કેટલાય વખતથી એ કરવાના કોડ મનમાં રમતા હોવા જોઈએ. 'આવી સુંદર રીતે કરીશ, એમાંથી આ આ ગુણો અને આવો આવો આત્માનંદ મેળવીશ. એમાં આમ આમ આગળ વધી, નિષ્ણાત થઈશ, ઓહો ! કેવી સુંદર આરાધના મળશે ! **સંસારક્રિયામાં પુણ્ય ગુમાવી પાપ કમાવવાનું, ત્યારે ધર્મક્રિયામાં પાપ ગુમાવી પુણ્ય કમાવાનું ! આવી ધર્મક્રિયામાં ઉચ્ચ શુભ ભાવનાઓ કેળવવા કેવા સુંદર આલંબન મળ્યા !**' ઈત્યાદિ વિચારણા સાથે ક્રિયાના પ્રારંભે પહોંચવા સુધીમાં એના દિવ્ય અભિલાષ જો જગાવાય તો એ ક્રિયાઓ કેવી નવ ચૈતન્યભરી અને આત્માને ઓતપ્રોત કરનારી બને ! જો તે ક્રિયાના આપણે અદ્‌ભુત ફળના અભિલાષી હોઈએ, તો એ ક્રિયાની અભિલાષ કેમ ન જાગે ? સાધ્યનું લક્ષ એ સાધનાના લક્ષને અવશ્ય જગાવે.

**એકાગ્રતા-પ્રણિધાન :-** એવી રીતે પ્રભુદર્શનનાદિની ક્રિયાના કાળમાં એકાગ્રતા અને આનંદ અતિ જરૂરી. મોતી પરોવનારને, રાજરસ્તે ભીડમાં મોટર હાંકનારને, દાદર ઉતરનારને, કેવી એકાગ્રતા હોય છે ? લગ્નની ક્રિયામાં, પકવાન્ન જમવામાં, વગેરે ક્રિયાઓ કરવામાં કેટલો બધો આનંદ હોય છે ! ડૉક્ટર, વકીલ, વેપારી, ઈજનેર, દલાલ, દરજી, સોની વગેરે સૌ પોતાના માલદાર ગ્રાહક સાથેની ધંધાની ક્રિયા કેટકેટલી એકાગ્રતા અને આનંદસહિત કરે છે ! ઘર આંગણે શહેરના નામાંકિત મોટા માણસોની મિજલસ ગોઠવી હોય, તો તેમાં કેવી ભારે એકાગ્રતા અને આનંદ રખાય છે ! શું ત્યારે એક ધર્મક્રિયાઓ જ એવી માલ વિનાની અને ભારરૂપ છે, કે એની પૂર્વેથી ન મળે વિચારણા, અને એ કરતા ન મળે એકાગ્રતા, તથા આનંદ ? શા માટે દૃઢ મન કરી, બીજા ત્રીજા વિચારોને સંકલ્પ પૂર્વક દૂર કરી, ચાલુ ધર્મપ્રવૃત્તિમાં એકાગ્રતા અને આનંદ ન રખાય ? એમાં ભંગ થઈ જતો હોય, તો એ બદલ દસ નવકાર ગણવાનું કે બીજું કોઈ પ્રાયશ્ચિત્ત કેમ ન કરાય ? એ કરવાથી એકાગ્રતા આવવા માંડે છે. **ધર્મક્રિયા સિવાય બીજી ક્રિયામાં આનંદ માની રાચવા જેવું પણ શું છે ? તે તે ધર્મક્રિયાઓ કરતી વેળાએ એના હેતુઓ, એની સ્વરૂપે અને પરિણામે બંનેમાં સહજ સુંદરતા, સંસારની આરંભ પરિગ્રહકષાયાદિની ક્રિયાની બંનેમાં જુગુપ્સનીયતા, ધર્મક્રિયામાં પરમાર્થ દૃષ્ટિ, પરોપકારિતા, આંતરભાવનો વિકાસ, બાહ્યભાવનો ત્યાગ, વગેરે જો ચોક્કસપણે ખ્યાલમાં રખાય, તો મનને પછી બીજે જવા અવકાશ કે પ્રલોભન ક્યાં રહે ? તેમજ આનંદ કેટલો બધો ઊભરાય !**

**અનુમોદના :-** ધર્મક્રિયા કર્યા બાદ એની સહર્ષ સ્મૃતિ અને ગુણગાન એ અનુમોદના. એ અનુમોદના સ્વયં વિચારવા રૂપ તે માનસિક, બીજા આગળ પ્રશંસવા રૂપ તે વાચિક, અને મુખમુદ્રા પર હર્ષ વ્યક્ત કરવો તે કાયિક,-એમ ત્રણ પ્રકારે અનુમોદના કરવાની.

**ક્રિયાની અનુમોદનાથી એના ફળનો ગુણાકાર થાય છે :-** શુભનો શુભ અને અશુભનો અશુભ. અનુમોદના એ ક્રિયાના બીજને વિશાલ વિસ્તારવાળા ફળમાં પરિણમાવવા માટે વિશિષ્ટ રસાળ ભૂમિ છે. વિશિષ્ટ રસાળ ભૂમિમાં એક વખત રોપેલું બીજ સાત સાત વાર પાક આપે છે, તે પણ બહુ મીઠો,

## • શ્રી શાલિભદ્રે પ્રાપ્ત કરેલો મોક્ષ •

**શુભ અનુમોદનાનો ચમત્કાર :-** શાલિભદ્રના જીવે પૂર્વભવમાં કરેલ એક થાળી ખીરના દાનની ક્રિયાની અને એ ઉપકાર કરનાર ગુરુના દર્શનની ક્રિયાની અનુમોદના એટલી બધી ઊંચી સાધી, કે શૂળ અને મૃત્યુની ભયંકર પીડા વખતે પણ એ અનુમોદના કરવા સિવાય બીજું બધું ભૂલી ગયો. ત્યારે આ અનુમોદનાએ એક **દાનધર્મની અને ગુરુદર્શનની ક્રિયાના ફળનો ગુણાકાર** કેવો અજબ કરી આપ્યો, એ જુઓ. ફળમાં રોજની દિવ્ય નવાણું પેટી સ્વર્ગમાંથી ઘરમાં ઊતરતી હતી તે તો કાંઈ વિસાતમાં નહિ, **પરંતુ ઉચ્ચ દાન, અને ઉચ્ચ ગુરુ-સંગમ માટે એ અનુપમ સમૃદ્ધિનેય ઠોકરે મારી અનંત જીવને અભયદાન આપનારી ચારિત્ર ક્રિયા, અને મહાગુરુ શ્રી મહાવીર પ્રભુનું દર્શન માત્ર નહિ, પણ પ્રભુને ચરણે આત્મસમર્પણની ભવ્ય ક્રિયાની ઉપાસના એમણે મેળવી. પાછું આના ફળરૂપે માત્ર સ્વર્ગ નહિ. કિન્તુ અનુત્તર વિમાનમાં વીતરાગપ્રાયઃ સ્થિતિ અને તત્ત્વચિંતનની લોકોત્તર ક્રિયા એવી મેળવી કે તેના ફળરૂપે પછીનાજ ભવમાં મહાવિદેહમાં ક્ષાયિક ચારિત્ર, કેવળજ્ઞાન અને પરમાત્માની જ્યોતિમાં જ્યોતિ મિલાવવા રૂપ મોક્ષ પ્રાપ્ત કરશે.** એવું પરમાર્હત કુમારપાળના પૂર્વભવમાંની પાંચ કોડીના ફૂલની પૂજાની ક્રિયામાં. એમ જ મેઘકુમારના પૂર્વના હસ્તિના ભવમાંની એક સસલા પરની દયાની ક્રિયામાં.

## • શ્રી શ્રેણિક અને મમ્મણ શેઠ નરકમાં •

**અશુભની અનુમોદનાની ભયંકર કટુતા :-** શુભક્રિયાથી વિપરીત અશુભક્રિયાની અનુમોદના, અથવા શુભક્રિયાની વિપરીત અનુમોદના એટલે કે નિંદા, એ ભયંકર પરિણામ નીપજાવે છે. દા.ત. શ્રેણિકે હરણીના શિકારની અનુમોદનાથી પહેલી નરકનું ચોરાશી હજાર વર્ષનું આયુષ્ય નિકાચિત કર્યું. મમ્મણે પૂર્વભવમાં લાડવાના



સુપાત્રદાનની કરેલી નિંદાથી મમ્મણના ભવમાં અઢળક સંપત્તિ ઉપર સાતમી નરકનું આયુષ્ય ઉપાર્જ્યું. કેમ આમ ? એટલા માટે, કે અનુમોદનાના બદલે મોદકદાનનો શોક કર્યો તેથી તે મમ્મણના ભવમાં કરોડોનું ધન છતાં ભારે શોકને જીવતો રાખી સાતમી નરકમાં ભયંકર શોકમાં ડૂબનારો બન્યો. અહો ! માનવભવમાં ક્રિયાની પાછળ કરેલા શુભ કે અશુભ ભાવોના કેવા ગજબનાક પરં- પરાબદ્ધ ફળના ગુણાકાર મળે છે ! શુભની અનુમોદનાનો બીજો એક લાભ એ છે કે મહાપુરુષોની ઉત્તમ કરણી અનુમોદવાથી પોતાને એ કરણી કર્યા બરાબર લાભ મળી શકે એવો છે. પોતાની શુભક્રિયાની અનુમોદનાથી એ શુભક્રિયા પર મમત્વ વધે છે, તેથી સંસારક્રિયાના આકર્ષણ કે મમત્વ ઓછા થઈ જાય છે. એથી હવે એ સંસારની ક્રિયા તીવ્ર પાપ બંધાવી શકતી નથી. આ ત્યારે બને, કે જો ધર્મક્રિયા કર્યા બાદ આ પાપમય અને પીડાપૂર્ણ પૃથ્વી ઉપર પોતાને આવી ધર્મપ્રવૃત્તિ અપનાવવાનું પ્રાપ્ત થયેલું પરમાત્માના પ્રસાદ રૂપી, જે પરમ પુણ્ય, અને સેવેલી એ ધર્મપ્રવૃત્તિ, એ બંનેની હૃદયમાં ખૂબ ખૂબ અનુમોદનાની સુવાસ મઘમઘતી રહે. પ્રભુના એક નામસ્મરણથી માંડીને ઉચ્ચ સંયમ, માસખમણાદિતપ, ઘોર પરીસહ ઉપસર્ગમાંય સંપૂર્ણ સમતા, સમાધિ સુધીની દરેક ધર્મપ્રવૃત્તિની પાછળ આ અનુમોદના જરૂરી છે.

સંક્ષેપમાં ધર્મપ્રવૃત્તિ અંગે અગાઉથી જ દિવ્ય મનોરથ અને આદર્શપ્રાપક યોજનાઓ મનમાં રમ્યા કરતી હોવી જોઈએ. ધર્મ સેવવાના કાળમાં પૂર્ણ એકાગ્રતા અને અનહદ આનંદ, તથા સેવન બાદ અનુમોદનામય દીર્ઘ સંસ્મરણ, રહે. આ ત્રણેય ચિત્તને ધર્મમાં જોડી દે છે.

**આદર માટે બીજી જરૂરી વિધિપરતા :-** ધર્મપ્રત્યે મોટી જવાબદારી સમજી મંત્રસાધનાની જેમ બહુમાન સાથે ધર્મ સાધનાની વિધિ સાચવવી જ જોઈએ. અલબત અવિધિએ એ આચરાતી હોય, તેને નકામી ન ગણું, તેમ 'અવિધિએ કરવા કરતાં ન કરવું સારું' એવું ન માનું; છતાંય 'અવિધિથી કરીએ તોય ચાલે, વિધિ તો માત્ર એક પદ્ધતિ છે, **ફળનો આધાર તો અંતરઆત્માના પરિણામ ઉપર છે, તે તો અવિધિમાંય ક્યાં નથી રાખી શકતા**' વગેરે વગેરે શાસ્ત્રવિરુદ્ધ લોચા હું ન વાળું.' આવી વિધિપ્રત્યે પણ હાર્દિક રુચિ એ મૂળ ધર્મપ્રવૃત્તિ પ્રત્યે આદર જગાડે છે. તેથી પોતે વિધિતત્પર બની શુભ ફળ અનુભવતો ધર્મપ્રવૃત્તિને વધુ સત્કાર-આદરથી સેવે છે.

**ત્રીજું જરૂરી ઔચિત્ય :-** ધર્મપ્રવૃત્તિ એના આચરનારની જીવવાની ઉચિત રીતિનીતિને પણ માગે છે. તેમાં આજીવિકાના માર્ગ યોગ્ય જોઈએ. 'અરે ! સામા

સાથે વાત કરવાનું, પ્રશ્ન પૂછવાનું કે ઉત્તર આપવાનું પણ ઉચિત રીતે થવું જોઈએ. ઔચિત્ય જાળવવાથી ધર્મપ્રવૃત્તિ લોકમાન્ય બને છે, એથી પોતાને ધર્મપ્રવૃત્તિ પર આદર વધે છે. ઊચિતતા ગુમાવવામાં લોકનિંદા, ઉગ્ર પાપ વગેરે થવાથી ધર્મપ્રવૃત્તિ પ્રત્યે તેવો આદર સત્કાર નથી રહેતો.

**ઔચિત્ય માટે શું જોઈએ ? :-** ઔચિત્ય લાવવા પાંચ વસ્તુ જરૂરી :- **૧.** સર્વજનપ્રિયતા-પરમાર્થી એવા ગંભીર, ઉદાર અને પ્રેમાળ વાણીવર્તન લોકપ્રિય બનાવે છે. **૨.** અનિંદ્ય વેપાર. **૩.** આપત્તિમાં ધૈર્ય. નિંદનીય એવા ધંધાધાપાથી અને સંકટમાં અધીરા બનવાથી માણસ ઔચિત્ય ગુમાવી અનુચિતકારી બની બેસે છે. **૪.** ત્યાગ-તપ. અવસરોચિત ત્યાગ એટલે દાન. અતિથિ, સાધુ અને દીનની યોગ્ય પ્રતિપત્તિ (સેવા સત્કાર), તેમજ તપ એટલે સહિષ્ણુતા અને તૃષ્ણા-સંયમ, આ પણ સારું ઔચિત્ય ટકાવે છે. દાન અને સેવાને બદલે સંગ્રહ અને સ્વાર્થસાધુતા જીવને અયોગ્ય બનાવી દે છે. ત્યારે અવસરે સહિષ્ણુ બનતા ન આવડે, તેમજ તૃષ્ણાનો વેગ રેસના ઘોડાની હરીફાઈ કરતો હોય, તો એ શું ઉચિતતા જાળવવાનો હતો ? **૫.** ધર્મમાં સારું લક્ષ. જીવનમાં ધર્મને પ્રધાન બનાવી ધર્મ માટે સંસાર કરતાં અધિક કાળજીવાળો હોય.

બહુમાન, વિધિપરતા, અને ઔચિત્ય, એ ત્રણેય ધર્મ-પ્રત્યે ખૂબ સત્કાર જાગ્રત કરે છે.

**ત્રીજું વિધિપાલન :-** વિધિમાં ૧લું અને બીજું **કાળ, ક્ષેત્ર** આવે. શાસ્ત્રે તે તે ક્રિયાઓ જે જે કાળે કરવાની કહી હોય, તે તે કાળે તેને કરવી જોઈએ. ઔષધ લેવાનો કાળ કેવો સચવાય છે ! ઓફીસરને, શેઠને, કે રાજાને મળવાનું, સ્ટેશને ગાડી પકડવાનું, વાયદે ઉઘરાણી કરવાનું ઇત્યાદિ કેવું સમય સાચવીની કરાય છે ! બીજું ક્ષેત્ર પણ યોગ્ય જોઈએ. સામાયિક, ધ્યાન, જાપ વગેરે એકાંત પવિત્ર સ્થાનમાં સારા કરી શકાય. ત્રીજુ, શુદ્ધિ સાચવવી જોઈએ; તે બે પ્રકારે દ્રવ્યથી અને ભાવથી. દ્રવ્યશુદ્ધિમાં ક્રિયાના ઉપકરણો પવિત્ર જોઈએ. જેમકે પરમાત્માના પૂજનમાં પોતાના વસ્ત્રો પણ ધોયેલાં ચોક્ખાં હોય, શરીર સ્નાન કરેલું હોય, પૂજનની સામગ્રી શુદ્ધ હોય, ક્રિયાની યોગ્યમુદ્રા, આસન, શુદ્ધ ઉચ્ચારણ વગેરે જોઈએ. ભાવશુદ્ધિમાં અંતર આત્મામાં નિરાશંસ શુભ અધ્યવસાય જોઈએ. દ્રવ્ય ન્યાયોપાર્જિત જોઈએ. ખેદ, ઉદ્વેગ, વગેરે દોષો ટાળી પ્રતિપક્ષી શુભભાવોને જાગ્રત કરી જીવંત રાખવા જોઈએ. એ ઉપરાંત ૧. ગુરુવિનય ૨. કાલે ક્રિયા, ૩. યોગ્ય આસન, ૪. શુદ્ધ ઉચ્ચારણાદિ ઉચિત અવાન્તર ક્રિયા, અને ૫. સ્વાધ્યાય-અભ્યાસ, આ પાચ વિધાન પણ વિધિ માટે ખૂબ જરૂરી છે.



## • ગુરુવિનયના લાભ •

**પાંચ વિધાન :- ગુરુવિનયથી આવરણ કર્મનો સાચો ક્ષયોપશમ થવાથી શક્તિ, જ્ઞાન, ચારિત્ર વગેરે ગુણો સારા વિકસે છે. તેથી અમૃત અનુષ્ઠાન નીપજે છે. માટે ગુરુવિનય એ વિધિનું અતિ મહત્ત્વવાળું અંગ ગણાય.** કાળ પણ તે તે ક્રિયાનો યોગ્ય કાળ લેવો. તેમજ એની મુદ્રા, સુખાસન વગેરે સાચવવા. એની અવાન્તર ક્રિયામાં સૂત્રોચ્ચારણ સ્તવન, વગેરેને શુદ્ધ ઉચિતસ્વરે બોલવા. ઉચિત સ્વર એટલે બીજાની ક્રિયાનો વ્યાઘાત ન કરે તેવો, શુદ્ધ એટલે અર્થનો અનર્થ ન કરે તેવો અને મધુર તથા ગંભીર; વાંદણામાં સત્તર સંડાસા પડિલેહવા, પચીસ આવશ્યક સાચવવા, ઈત્યાદિ બધું દર્શનાચારના પ્રકાર હોવાથી સમ્યગ્દર્શનની નિર્મલતા કરે છે. જેથી ક્રિયામાં અધિક રસ વધે છે. એ લાવનાર એ બધું વિધિમાં ગણાય. સ્વાધ્યાયના (શાસ્ત્રોના અધ્યનના) પુનઃ અભ્યાસથી ક્રિયાના રહસ્ય, સૂત્રના અર્થ, વિધિ વગેરે સારી રીતે જાણવા મળે છે, અને તે ભૂલાઈ જવાને બદલે યાદ રહ્યા કરે છે, તેથી ક્રિયા વિશુદ્ધિ અને આદર્શ થઈ શકે છે. માટે, સ્વાધ્યાય અભ્યાસ એ વિધિનું એક મહાન અંગ છે.

**આઠ દોષનો નિષેધ :- ૧. ખેદ :-** ધર્મપ્રવૃત્તિ આચરતા આચરતા મનને દુઃખકારી થાક, કંટાળો આવે તે ખેદ, આનાથી ચિત્તની દૃઢતા નથી રહેતી, તેથી જે પ્રણિધાન અને એકાગ્રતા ખરેખર ખેતીમાં પાણીની જેમ ક્રિયામાં મુખ્ય જરૂરી છે, તેજ ઘવાય છે.

**૨. ઉદ્વેગ :-** ધર્મપ્રવૃત્તિમાં પ્રવૃત્ત થતાં પહેલાં જ નીરસતા, અનુત્સાહ, કંટાળો વગેરે આવે તે ઉદ્વેગ, એથી ક્રિયા પ્રત્યે, યોગ પ્રત્યે અનાદર થાય છે. યોગનો અનાદર યોગિના કુળમાં જન્મ થવા દેતો નથી.

**૩. ક્ષેપ :-** ક્રિયા કરતાં વચમાં વચમાં ચિત્ત બીજા કાર્યમાં ચાલ્યું જાય તે ક્ષેપ. વાવેલા બીજની ઉગવાની સળંગ ક્રિયા ચાલવા દેવાને બદલે વચમાં વચમાં ઉખાડી ઉખાડી ફરી ફરી રોપવામાં આવે, તો તે નિષ્ફળ નીવડે છે. તેમ આ ક્ષેપ દોષ ઉત્તમ પણ ક્રિયાને માલવિનાની બનાવી દે છે. ત્યારે, અહીં એ વિચારવાનું છે કે તે તે ધર્મક્રિયામાં દૃઢ રંગથી સ્થિર ચિત્ત રાખી આ ક્ષેપ દોષથી બચવાની કેટલી કાળજી રાખીએ છીએ ?

**૪. ઉત્થાન :-** ઉત્થાન એટલે ચિત્તની વિહ્વલતા, ઉછાળો. એમાં ચિત્તના પ્રશમ સુખની ધારાનો પ્રવાહ (પ્રશાન્તવાહિતા) અટકી જાય છે. મદના આવેશમાં સ્વસ્થતા અને સ્વવશ્યતા લોપાય, જેથી પરવશ વિહ્વલતા ઊઠે તેવો આ દોષ છે.

એથી પ્રશાન્તવાહિતા લોપાવાથી ક્રિયાની બીજીય વિધિ તેવી સફળ નથી નીવડતી. માટે વિધિ અખંડ રાખવા આ દોષ પણ ટાળવો જોઈએ. એટલું વિચારાય, કે ઉત્તમ ક્રિયા કરતી વેળાએ વિહ્વલતા કે માનસિક બીજા ત્રીજા ઉછાળા લાવવાથી શો લાભ છે ? **એથી તો એ ઉત્તમ ક્રિયાના સુસંસ્કાર તો આત્મા પર દૃઢ બનતા નથી; પણ ઊલટું જડના કુસંસ્કાર પગભર થાય છે.** વળી આવા ઉત્થાન માત્રથી બીજા દુન્યવી લાભ કાંઈ સરે છે એવુંય નથી. ત્યારે વિહ્વલતા પ્રૌઢ દીર્ઘવિચારણાની શક્તિને ઊભવા દેતી નથી, એ જૂદું. પ્રસ્તુત ક્રિયામાં એક વૃત્તિ નહિ રહેવાથી તથા પ્રકારના કાળ પરિપાક રૂપ ભાવિ ઉદયને સાધી શકાતો નથી.

**૫. ભ્રાન્તિ :-** ભ્રમ એટલે ચિત્તનો વિપર્યાસ. દા.ત. દોરડામાં સર્પની બુદ્ધિ. એક બાજુ ક્રિયા કરે જાય, પણ બીજી તરફ સાથે સાથે આ ક્રિયા અંગે ભ્રમણામાં રમતો હોય, તો આ મેં કર્યું. કે આ મેં નથી કર્યું વગેરેના સંસ્કાર પડતા નથી. **સંસ્કાર વિનાની ક્રિયાથી ધ્યેયની સિદ્ધિ નથી થતી.**

**૬. અન્યમુદ્ :-** ચાલુ ક્રિયાને છોડી બીજે વિહિત કે અવિહિત ક્રિયામાં પ્રેમ. એ અન્યમુદ્રા ચાલુ ક્રિયામાં અંગારની વર્ષાની માફક અનાદર વરસાવે છે. જેમકે, ચૈત્યવંદનાદિ વખતે સ્વાધ્યાયનો કે બહારની બીજી વસ્તુનો અધિક આનંદ. આ ન જોઈએ. કેમ કે પ્રસ્તુત ક્રિયામાં અવસરોચિત આનંદ અને અન્ય વિષયની અસ્મૃતિ એ બંને જરૂરી છે.

**૭. રોગ :-** સમ્યક્ ક્રિયાની બાધક પીડા અથવા ભંગ એ રોગ. જેનાથી સારું પણ અનુષ્ઠાન-સંમૂર્છિમ ક્રિયા બની જાય છે.

**૮. આસંગ :-** અન્યમુદ્થી ઊલટું પ્રસ્તુત ક્રિયામાં વધુ પડતો રાગ, આસક્તિ એ આસંગ. એ પણ ત્યાજ્ય છે, કેમકે એનાથી ગુણસ્થાનમાં પ્રગતિ નથી થતી તેમજ આનાથી ભિન્ન બીજા અનુષ્ઠાન વખતે એમાં જોઈતો રાગ નથી રહેતો.

**આઠે દોષનો ઉપસંહાર :-** ટૂંકમાં જે જે કાળે જે જે ક્રિયા આચરતા હોઈએ, તે તે ક્રિયામાં પહેલેથી કે વચમાં કંટાળો લાવ્યા વિના, ચિત્તને બીજે જવા દીધા વિના કે વ્યાકુળતા થવા દીધા વિના, ક્રિયા અંગે ભ્રમણા કે ભંગટાળી, તથા પ્રસ્તુત ક્રિયામાં મધ્યમ રાગ રાખી એટલે કે બીજી ક્રિયામાં કે આમાં વધુ પડતો રાગ અટકાવી ચાલુ ક્રિયા આચરવી જોઈએ.

**લક્ષ્યનો ખ્યાલ :-** છેલ્લી એક વાત, ક્રિયા કરતા કરતા લક્ષ્યનો (ધ્યેયનો) નિર્ણય રાખવાની છે. દુન્યવી ક્રિયાઓમાં ધ્યેય નિર્ણિત હોય છે. તેથી એ ક્રિયાઓ તે ધ્યેયે પહોંચવા વેગવંતી બને છે, અને એ માટે આવશ્યક એવી કઠીન પણ સાધના હોંશથી કરાય છે. વળી જો ધ્યેયની નજીક ન જવાતું દેખાય, તો ઝટ



વિચાર થાય છે, કે 'આમ કેમ ? આવું ન ચાલે. ચાલો, સુધારો કરો. હવેથી આમ આમ કરશું,' ઈત્યાદિ. પછી ક્રિયામાં ઘટતો ફેરફાર કરાય છે, અને નવીન ઉત્સાહથી પુરુષાર્થ શરૂ થાય છે. વેપાર કરતી વેળા નફાનું લક્ષ્ય, એ સિદ્ધ થતું ન દેખાય તો એ ક્રિયામાંથી પાછા વળી જવાનું લક્ષ્ય, દવા ખાતી વખતે આરોગ્યનું લક્ષ્ય, રસાયન વસાણા ખાતી વખતે શક્તિનું લક્ષ્ય, નિશાળે ભણતાં પરીક્ષાનું લક્ષ્ય, લગ્ન કરતા સંસારસુખનું લક્ષ્ય, નોકરને પગાર આપતા નોકરી લેવાનું લક્ષ્ય, માલ વેચતા નાણાં લેવાનું લક્ષ્ય, ચૂલો સળગાવતા રસોઈ કરવાનું લક્ષ્ય, રસોઈ કરતા સારું ભોજન બનાવવાનું લક્ષ્ય, ઈત્યાદિ લક્ષ્ય નિર્ણીત હોય છે. એ સિદ્ધ ન થતા દેખાય, તો દુઃખ થાય છે, અને ઝટ યોગ્ય અને શક્ય ફેરફાર થઈ જાય છે.

ધર્મક્રિયાઓમાં આમ શુભ લક્ષ્ય નિર્ણીત કરી, એ સિદ્ધ થતું ન દેખાય, તો મનને ભારે દુઃખ થવું જોઈએ. સાથે

(૧) ક્રિયામાં જરૂરી સુધારો વધારો કરી લેવો જોઈએ.

(૨) ક્રિયા સેવવાનું દીર્ઘકાલ ચાલુ રાખવું જોઈએ.

કેમકે, અનાદિની અવળી ક્રિયાઓની કુવાસનાઓ અને આકર્ષણો દૂર એમ નહિ થાય, એ માટે તો લાંબા ગાળા સુધી સતતપણે (નિરંતર અને નિયમિત પણે) શુભક્રિયાઓના સેવન જોઈશે.

(૩) ધ્યેયની પ્રાપ્તિને બોધ કરે એવા દોષો અને દુર્ગુણો દૂર કરી નાખવા જોઈએ.

(૪) ધ્યેય એ સાધ્ય છે, અને ક્રિયા એનું સાધન છે, એ બરાબર યાદ રહેવું ઘટે. આમાંથી એ ફલિત થાય છે કે,

**(i) સાધન વિના સાધ્ય સિદ્ધ નહિ થાય.** માટે સાધનમાં પુરુષાર્થની કમી ન રાખવી. ભરતચક્રી જેવાને પણ તે ભવમાં નહિ તો પૂર્વભવમાં ચારિત્રની ક્રિયાનું જોરદાર પાલન હતું જ. તે ભવમાં પણ ચારિત્રનો તલસાટ અને પાપનો ભય દીર્ઘ કાળ સુધી હતો. (ii) **સાધ્ય ન સીઝતું હોય તો કોરું સાધન શું કામનું ?** સાધનનો પુરુષાર્થ સાધ્યગામી જોઈએ. (iii) સાધન પ્રત્યે વફાદારી અને સાધ્યનું ચોકસ ધ્યાન. (iv) સાધનામાં પ્રયત્ન અને સાધ્યની રટના. (v) સાધન એ વ્યવહાર માર્ગ, અને સાધ્ય એ નિશ્ચય માર્ગ. એ બંનેનો સુમેળ કરે એ સાધક કહેવાય. સુમેળ કરતા કરતા અંતિમ અક્ષય સાધ્યને પામે તે સિદ્ધ કહેવાય.

**લક્ષ્યસિદ્ધિમાં અતિ જરૂરી મનનો ઉપયોગ :-** લક્ષ્યની સિદ્ધિ માટે, સાધનાના પુરુષાર્થ વખતે સાધનામાં ચિત્ત તન્મય બનવું જોઈએ, અર્થાત્ ક્રિયામાં મનનો ઉપયોગ અવશ્ય જોઈએ કેમકે **'મન સાધ્યું એણે સઘળુ લાધ્યું' 'મન લઈ જાવે**



E:/Divya-Darshan(part-11).pmd/prf.5

**મોક્ષમાં રે, મનહીય નરક મઝાર'** ઇત્યાદિ પૂર્વર્ષિની ઉક્તિ અનુસારે મનનો ઉપયોગ એ તો ક્રિયાના શરીરમાં રહેલા પ્રાણ છે. આ ઉપયોગ માટે કેટલીક સાવચેતી આ રાખવાની હોય છે.

**મનનો એકાગ્ર ઉપયોગ રાખવા શું કરવું ? :-** ૧. તે તે શુભ ક્રિયામાં બેસવા પૂર્વે મનમાંથી ચાલુ બીજા ત્રીજા વિચારો કાઢી નાખી મનને હળવું કરવું.

૨. પૂર્વના વિચારો જો પાપપ્રવૃત્તિના હોય તો એના માટે એમ વિચારવું કે 'આ મોંઘો માનવભવ આવા પાપવિચારો માટે નથી.' વિચારો જો બીજી અપ્રસ્તુત શુભક્રિયાના હોય તો એ વિચારવું કે 'હવે એનો અધિકાર પૂરો થયો છે; હવે તો બીજાનો અધિકાર આવે છે.' જેનો અધિકાર ચાલતો હોય એની જ વિચારણા કરવામાં (i) એના પ્રત્યે આદરભાવ જળવાય છે. (ii) ક્રિયાઓમાં રસ, ઉલ્લાસ અને વેગ આવે છે, ક્રિયાઓમાં ત્યાં ત્યાં મનને જોડવાથી આત્મા સાવધાન બને છે. અને (iv) મનના ઉપયોગથી શુભક્રિયાઓના લાભ અનેક ગણા વધી જાય છે; ત્યારે અશુભ ક્રિયાઓ વખતે તેની અશુભતા અંગે થતા તિરસ્કાર અન પશ્ચાત્તાપભર્યા પવિત્ર શુભવિચારોથી તે અશુભક્રિયાના નુકસાન ખૂદ ઘટી જાય છે. ઇત્યાદિ વિચારી મનના ઉપયોગને પ્રસ્તુત ક્રિયામાં સતેજ રાખવો.

૩. ક્રિયાનું સ્થાન એવું પસંદ કરવું, કે જ્યાં ક્રિયાની એકાગ્રતાનો બાધ કરે એવા સંયોગો ન હોય, કે ન ઊભા થાય. દા.ત. નવકારવાળી, સામાયિક, સ્વાધ્યાયાદિની એકાગ્રતા કુટુંબના વસવાટના ઓરડામાં ન સચવાય.

૪. ક્રિયા કરતી વેળાએ દૃષ્ટિ બીજે ક્યાંય ફેરવવી નહિ. કેમકે એથી જો કાંઈ જોવામાં આવે તો એના પર વિચારણા ચાલુ થઈ જવાથી ચાલુ ક્રિયામાંથી મનનો ઉપયોગ ખસી જાય છે. એવી જ રીતે બહાર બીજા શબ્દ શું બોલાય છે, કે 'શાનો આ અવાજ આવ્યો,' વગેરે તરફ પણ જરાય લક્ષ ન રાખવું. દેખાઈ કે સંભળાઈ જાય અથવા એમને એમ મનમાં બીજા ત્રીજા વિચાર ઊઠે, ત્યાં એમ વિચારવું કે 'આવા વિચાર કરવાથી શું વળવાનું હતું ! લાભ તો કાંઈ નહિ પણ ઊલટું દુર્ધ્યાન, દુર્ભાવ અને પાપ વિકલ્પો જન્મશે ! અને એ વિચારણાને લીધે બીજી બાજુ ચાલુ શુભ ક્રિયામાંથી કરોડોના મૂલ્યની શુભવિચારણા ખસી જશે. તેથી બાકી રહેલ નિર્વિચાર એવી કોરી ક્રિયા માત્ર તુચ્છ પુણ્યનો લાભ આપી રવાના થશે. ત્યારે જો ક્રિયા સાથે શુભ ભાવના અખંડ જળવાય તો પુણ્યના મોટા સંચય નીપજે; અને સાથે આ ભવમાં તથા ભવાંતરમાં આ શુભક્રિયાના સંસ્કારો સારા ખીલી, આથી પણ ઊંચી ક્રિયા કરવા પ્રેરશે.' આ ત્યારે બને કે આંખ અને કાન પર ખૂબ જાપ્તો રહે, અને મનને ખોટા વિકલ્પો કે બીજા ત્રીજા વિચારોથી



અલિપ્ત રખાય.

૫. મૂઢપણે કે શૂન્ય મગજથી થતી ક્રિયા તો છતે સંજ્ઞીપણે સંમૂર્છિમ ક્રિયા છે, એ અમૂલ્ય માનવ સમય બરબાદ કરી પૂર્વની અનંત નિષ્ફળ દ્રવ્યક્રિયામાં એક વધારો કરે છે, એમ વિચારી મનનો ઉપયોગ જાગ્રત રાખવો.

૬. શુભ ક્રિયામાં (i) બીજું કાંઈ વિચારતા ન આવડે, તોય એમ વિચારવું કે 'અહો ! હું કેવો ભાગ્યશાળી કે મને આ પાપથી ભરેલા કાળમાં દુર્લભ એવી આ પુણ્ય ક્રિયા મળી !! કેવા સુંદર અને પવિત્ર શબ્દો ને આચારો ! ક્યાં મારા આત્માની અધમતા અને કેવો ઉત્તમ આ યોગ !! નરકાદિમાં આ દુઃખ ભયંકર મળ્યા હતા, છતાં આવી પવિત્ર ક્રિયા નહોતી મળી, તે અહીં સુખસગવડ સાથે મળી !' વગેરે. (ii) જો વિચારતા આવડે, તો તે ક્રિયાને અનુરૂપ ચિત્ર મનમાં ખડું કરવું. દા.ત. નમસ્કાર મહામંત્રને ગણતી વેળા એ જાણે સમવસરણ પર પાંચે પરમેષ્ઠી બિરાજમાન છે. તે પણ પ્રાચીન ૐકારની આકૃતિમાં, અને પોતે નમી રહ્યો છે, તેથી સર્વ પાપ બળી જવા રૂપે-ભૂક્કો થવા રૂપે, કે બહાર ફેંકાઈ જવા રૂપે કે બહાર ફેંકાઈ જવા રૂપે-નાશ પામી રહ્યા છે, માટે જ આ મહાનમસ્કાર સર્વ મંગળનો નેતા છે-એવી કોઈ ધારણા કરવી. ચતુર્વિંશતિ સ્તવ (લોગસ્સ)માં ત્રીજા આરાના છેડાથી પ્રારંભી ચોથા આરાના અંતસુધીમાં ગાથાના ક્રમે ગોઠવાયેલા સમવસરણોમાં ચોવીશ તીર્થંકરદેવરૂપી સૂર્યો વગેરેની ધારણા થાય. દેવવંદનમાં નમુત્થુણં વખતે વર્તમાન ભાવજિન શ્રી સીમંધર ભગવાન, અને અંતિમ ગાથા માટે ભૂત-ભવિષ્યના સર્વ જિન; 'જાવંતિચેઈ૦' વખતે ઉપર અનુત્તરથી માંડી નીચે ભવનપતિ સુધીના ચૈત્યો ઇત્યાદિ ધારી શકાય. કાઉસ્સગ્ગ સામાયિકાદિ તથા દાન-શીલ વગેરેમાં પૂર્વે થઈ ગયેલ તે તે ક્રિયાના આરાધક મહાપુરુષો આરાધતા સામે ઊભા છે, એમ હૃદયમાં ધારી શકાય. પ્રભુના દર્શન વખતે તે દરેક અભિષેકાદિ પૂજા વખતે શાસ્ત્રે કહેલી ઉપમાનું ચિત્ર ખડું થાય.

આ અને આવા બીજા નિયમોના તથા પ્રવર્તનોની સહાયથી મનનો સુંદર એકાગ્ર ઉપયોગ ક્રિયામાં જીવંત રાખી શકાય.

**ઉપસંહાર :-** સારાંશમાં, ધર્મક્રિયા આચરતા સતત અને દીર્ઘકાળ આચરણ, સત્કાર સાથે બહુમાન વગેરેની અવાન્તર ખાસીયતો, વિધિમાં આઠ દોષના ત્યાગ સાથે ગુણનું પાલન, લક્ષ્યનો ખ્યાલ, મનનો ઉપયોગ, વગેરે સચોટપણે સાચવવા જોઈએ.

**ક્રિયાઓની અદ્ભુત રહસ્યમય રૂપરેખા :-** અહીં નીચે જે જે ક્રિયાઓની વિચારણા કરવામાં આવશે. તેમાં તેમાં તેમજ બીજી પણ ક્રિયાઓમાં, આ નિબંધમાં

પૂર્વે સામાન્યથી ક્રિયાઓ અંગે જે મુદ્દા વિચાર્યા તે બધા મુદ્દા વિચારણીય છે. એમ કરવાથી તે તે ક્રિયાઓમાં નવા પ્રકાશ ખુલે છે, નવી શ્રદ્ધા, નવું જોમ અને નવી પ્રેરણા મળે છે, પરંતુ અત્રે અવકાશના અભાવે ઊડતી નજરે રહસ્યો વિચારવામાં આવશે.

**દેવદર્શન :-** ગરીબ માણસ કેટલી આશા અને ઊલટથી ચક્રવર્તિના દર્શને જાય ! એ પ્રમાણે દેવદર્શને જવાનું. જતાં પૂર્વે અગાઉથી એમ વિચારવું જોઈએ કે **'અરે ! આખો દિવસ કે કલાકોના કલાકો મોહાધીન માનવીના મુખ આ માનવભવમાં જુનું રાગાદિશિક્ષણ ઘુંટી ઘુંટીને દૃઢ કર્યું ! લાવ. હવે મોહમુક્ત શ્રી વીતરાગ પરમાત્માના દર્શન કરવા જાઉં, જેથી એમના દર્શને મારામાં વૈરાગ્ય જાગે. આ સંસારના વિષયોના રાગથી તો હું કંગાળ બની ગયો છું.' જિનમંદિરમાં મને સમતાની ઠંડક મળશે ! લાવ પ્રભુના દર્શનથી સમ્યગ્દર્શન પામું. એ વિના તો દાનાદિ ફોગટ છે. નિર્મળ દર્પણ જેવા પરમાત્માની સામે રહી મારા આત્માના દોષો નિહાળું,** ઈત્યાદિ ઈત્યાદિ મનોરથ સેવતો જો દર્શનક્રિયામાં પેસે તો પછી દર્શન કરતી વખતે એકાગ્રતાની સાથે ઉચ્ચ વિચારણા કરી શકે. અને તોજ એવા દર્શનની પાછળથી અનુમોદના થાય. વીતરાગ અને વીતરાગતાના દર્શન એકાગ્ર ચિંતન સાથે થાય, તો અંતરના રાગ-દ્વેષ ધ્રુજી ઉઠે. વીતરાગની મૂર્તિના આલંબને આ સહેલાઈથી બને છે, માટે જ મૂર્તિપૂજાનું મહત્ત્વ છે.

દર્શનાદિને અર્થે મંદિરમાં પેસતા નિસીહિ, અનેરા આનંદ સાથે અંજલી, આદિ વિચારણાઓ રૂપી અપવિત્રતાને દૂર કરી. સમતા, સમાધિ અને આત્મ ઓજસના નવનવા રંગની વિશુદ્ધિ પણ સાથે રાખવી જોઈએ. દર્શન કરતા 'આ દેવાધિદેવથી વધીને મંદિરમાં કે જગતમાં કઈ એવી વ્યક્તિ કે વસ્તુ છે કે જે જોવા વિચારવા લાયક હોય ? અર્થાત્ નથી. તો પછી એમને જ જોવામાં ગુલતાન બનું !' એમ કરી, માત્ર દેવના દર્શનમાં જ દૃષ્ટિ અને મન ચોંટાડી દે. ત્યાં પછી તાકાત નથી કે ઈંદ્રાણી પણ ત્યાં આવીને એની દૃષ્ટિ પ્રભુ ઉપરથી ખસેડી પોતાના તરફ ખેંચી શકે. કેમકે એને જોવા લાયક પ્રભુ જ છે. 'આજ સુધી પ્રભુને બરોબર જોયા નથી માટે તો કર્મની કેદમાં છીએ.'

દર્શનમાં, પહેલાં ગભારા પરથી એકલી મૂર્તિ પર આપણી દૃષ્ટિ સંકોચી લેવાની. સાગોપાંગ મૂર્તિ જોયા પછી, એટલે કે **'અહો ! કેવા દિવ્ય દેવ !! ઠેઠ ચરણના તળથી માંડી મસ્તકની શિખા સુધીમાં (નખશિખ) કેવી ગજબ વીતરાગતા, પ્રસન્નતા ગંભીરતા, સમન્તભદ્રતા, આદિ શ્રેષ્ઠ ગુણો એમનામાં અજબ વ્યાપિ ગયા છે ! ત્યારે મારા પ્રત્યેક અંગોપાંગ અને મુદ્રા એથી વિપરીત દોષાના ઝેરથી ભરેલા છે.'** ઈત્યાદિ ભાવના કર્યા પછી દૃષ્ટિને સંકોચી માત્ર મુખ ઉપર કેન્દ્રિત કરવી. તેમાં પ્રભુના લાક્ષણિક લલાટમાં પ્રભુતા, નેત્રમાં મધ્યસ્થતા, મુખતંબોલ પર મોહને તિરસ્કાર, વિશ્વદયા, ઉપસર્ગે અડગતા, જ્ઞાનગાંભીર્ય વગેરે કપોલ, (ગાલ) પર સૌંદર્ય-એવું એવું ભાવી શકાય. પછી આપણી દૃષ્ટિ તેમાંથીય સંકોચી પ્રભુના પ્રસન્ન નેત્ર પર, અને તેમાંથીય સંકોચી મધ્યવર્તિ કીકી પર કેન્દ્રિત કરવી. ત્યાં તો અનેક ચિંતવના અને કલ્પના, કે શુભ અધ્યવસાય જગાવી શકાય. જેમકે, **"જીવોની આંખની સરહદ પર મોહની દુરાચારી ટોળી પથરાઈ ગઈ છે; અને જ્યારે જ્યારે એમાંથી જે જે મોહશલ્ય ઉઠે છે, ત્યારે ત્યારે તેની તરફ કીકી ખેંચાઈ જાય છે. એટલે કે, દા.ત. કીકીને અભિમાન ઊંચે ખેચે છે. ગુસ્સો સહેજ બાજુમાં, કામવાસના, ખુણામાં, હાસ્ય ખુણા નીચે, દીનતા નીચે ખેંચે છે, એમ જુદે જુદે ભોગ મોહના દુરાચારીઓ તરફ કીકી પણ વ્યભિચારી બની ખેંચાય છે. પરંતુ આ દેવાધિદેવની કીકી તો ચક્રવર્તિપણાના ઠાઠમાં કે ઘોર ઉપસર્ગના ઘાટમાં મહાસતીની જેમ ક્યાંય આકર્ષાયા વિના માત્ર મધ્યમાં રહે છે ! અહો ! કેવી મધ્યસ્થતા ! ત્યારે ક્યાં મારી દુર્દશા !"** આવું ચિંતવતાં જન્મ, રાજ્ય, શ્રમણ, તીર્થંકર અને મુક્ત અવસ્થાના પ્રભુના જીવનના ભિન્ન ભિન્ન પ્રસંગો લઈ, જ્યાં બીજાને ક્રોધ, માન, મદ, મશ્કરી વગેરે જાગે, ત્યાં પ્રભુએ દાખવેલ મધ્યસ્થતા ઉદાસીનતા અને ગંભીરતાને કીકીમાં જોવાની સાથે એના કલ્યાણ પરિણામો, અને વિરોધી રાગાદિના કરુણ અંજામ વિચારવાના.

દર્શન કરતાં વચમાં, વચમાં આંખ જરાવાર બધ કરી જાણે સાક્ષાત પ્રભુને દેખવાનો અનુભવ કરવો જોઈએ. પહેલીવાર આંખ મીંચીને જોતાં બરાબર ખ્યાલ નહિ આવે. ત્યાં શું શું આંખ, મુખ, નાસિકા, તંબોળ, હસ્ત, પલાઠી વગેરે ખ્યાલમાં ન આવ્યું તે પાછું, આંખ ખોલી જોઈ લેવાનું. અને પાછી આંખ બંધ કરી, અગર ઉઘાડી આંખના ઉપયોગ વિના અનુભવવાનું. એમ કરવાથી મંદિરની બહાર પણ દીર્ઘકાળ પ્રભુના માનસિક દર્શન આત્મામાં ગુંજતા કરી શકશે. આ દર્શનવિધિના ઘણા લાભ છે. જેમકે, આપણે દર્શન કરતા હોઈએ ત્યારે 'બીજા માણસો પ્રભુની આડે ઊભા રહી આપણને દર્શનમાં અંતરાય કેમ કરે છે ? કેવા અવિવેકી છે !' વગેરે વગેરે વિકલ્પો, દુર્ધ્યાન, કે દ્વેષ કરવા નથી પડતા, કારણ કે એ વખતે આપણે માનસિક દર્શન આબેહુબ કરી શકીએ છીએ. આ ન આવડે, તો તો દર્શન પ્રભુના કરવા ઊભેલા છતાં કાર્ય દુર્ધ્યાન અને કષાયનું ચાલે એ કેવી મૂર્ખાઈ !

મંદિરમાં પોતાના ઘર કરતા વિશેષ શાંતિ અને આનંદનો અનુભવ થવો





E:/Divya-Darshan(part-11).pmd/prf.5

જોઈએ. 'મંદિર મારું છે, પણ ઘર એ મારું નથી' એમ હૃદયની પાકી માન્યતા જોઈએ. દર્શન માત્ર આંગીના નહિ પણ પ્રભુના કરવા જોઈએ. **'આંગી કેવી સરસ' એમ નહિ, પણ 'અહો ! પ્રભુ કેવા ઉત્તમ, કેવા સર્વ શ્રેષ્ઠ ! જેમને આવી આંગી વગેરે થાય છે !'** એ ભાવના એ પ્રભુને નિહાળતાંજ થાય. (i) હૈયામાં સંભ્રમ 'અહો ! આ કેવું અપૂર્વ નિધાન મળ્યું !' (ii) શરીરે રોમાંચ, અને (iii) ચક્ષુમાં હર્ષના આંસુ જોઈએ. દર્શન કરતાં બોલાતી સ્તુતિના પ્રત્યેક શબ્દના અર્થ પર હૃદયસ્પર્શિ **ભાવવાહિ વિચારણા જોઈએ;** નહિ કે સંમૂર્છિમની જેમ વિચાર વિના રાબેતા મુજબ એકલું બોલી નાખવાનું.

**દેવપૂજા :-** પૂજન એ આંતરિક ભક્તિના ઉછાળાથી પોતાની ભોગ્ય વસ્તુનું પૂજ્ય આગળ સમર્પણ છે. આ વસ્તુ ધ્યાનમાં રહે, તો આજે સાધારણનો ખર્ચ ક્યાંથી કાઢવો એ ફરિયાદ ઊભી ન રહે. કેમકે પૂજન કરનારા તો પૂજાની બધી સામગ્રી પોતાની લઈને જ આવતા હોય, સાથે 'ભલે હું આજે કદાચ પ્રભુની પૂજન કરી શકું, તો પણ ફૂલ નહિ તો ફૂલની પાંખડી, કાંઈને કાંઈ મારું પ્રભુપૂજામાં જવું જ જોઈએ.' એમ સમજી પૂજા ન કરી શકનારો પણ પૂજાના દ્રવ્યો લાવશે. રાજાને ફૂલનો હાર ભેટ ધરવા ફૂલ રાજાના જ બગીચામાંથી ન લેવાય શું ? ઘરમાં શાક, દૂધ, ખાંડ, કપડું, નોકર વગેરેના ખર્ચ સાથે ફૂલ, કેશર, સુખડ, દૂધ, દીવો, અગર પૂજારી વગેરેના ખર્ચમાં નિત્ય ફાળો કેમ ન આપી શકાય ?

દેવપૂજન અર્થેના સ્નાન પ્રભુના અભિષેકને ભૂલાવી દે એવા ઠઠારાવાળા ન જોઈએ. પૂજાના કપડાં મેલ અને પસીનાની ગંધ વિનાના જોઈએ. તેથી રોજ બોળ્યા વિનાના ન હોય. કેશર ઘસવાથી માંડીને મોરપીંછી વગેરે બધું પોતાની જાતેજ કરવું જોઈએ. પગારદાર પૂજારીઓ તો કેટલીકવાર વાશી ઓરશીઓ ધોતા નથી, પોતાના હાથે પોતાનો પરસેવો આવતા હોય, અને એજ હાથ સુખડ પર, તથા ભેગું કેસર કરવામાં, વખત આવ્યે ગઈ કાલના વાશી સુખડના લોચા આજના વટામણ ભેગાય કરી દે, જેથી નવું ઓછું ઘસવું પડે. મોરપીંછીનો અવિવેક એવો કરે છે કે એજ પ્રભુ પર કરે અને એજ પીંછી પબાસણ ઉપર પણ કરે. ધમાધમ એવી કરે છે કે જીવની જતનાને બદલે અજતના થાય. પ્રતિમાજીના કોક ખૂણામાંથી વાશી કેસર સાફ ન થતું હોય તો તે સાફ કરવા માટે વાપરવાની વાળા-કુંચીનો આજે તો જાણે લોટા ઉડકતા કુચડાની માફક ઉપયોગ થઈ રહ્યો છે ! ત્યાં મુલાયમ કેશરપોતાથી બંધુ કેશર સાફ કરી લેવાની વાત જ ક્યાં ? કળશથી વિનય ભક્તિ સહિત પખાલ કરવાને બદલે, મૂર્તિને લોટાથી ધોઈ સાફ કરવાનું લક્ષ્ય આજ થઈ ગયું ! પછી આવ્યું પાટલુંછણું. એનાથી પ્રભુજી અડધા પડધા પુંછી, પબાસણ



પુંછી, પછી નીચેની જમીન એનાથી જ પુંછી નાખતા સંકોચ નહિ !! અંગલૂહણાં તો જાણે ભીલના જાડાં શરીર લુછાય એવા બરછટ અને કાળા પડી ગયેલા. તેય એક ભીનો લબોચો વારે વારે નીચોવાઈ કેટલાય પ્રતિમાજી પર વપરાયા કરે. ઘરોમાં તો જણ દીઠ નેપકીન, ટુવાલ ખિસ્સારૂમાલ જુદા !! તેય મુલાયમ અને ઉજળા !

જૈન સમાજની આ કઈ નિષ્ઠુર, કંગાળ અને ભિખારવેડાની દશ થઈ ગઈ છે ! જે જિનોભિષેકનો મહામહિમા ગણાય તેને તો પૂજારી જ સવારે વહેલો પતાવી લે છે. જયાં પોતાના શરીરે સહેજે ખણ્યા પછી કે કપડે કે **બીજે હાથ લાગી ગયા પછી તે હાથ ઓપરેશનની માફક ધોયા વિના પ્રભુને અડાડી શકાય નહિ.** એવી વિધિ હોય. ત્યાં પાટપૂંછણાથી જમીન લુછીને કે બીજા પ્રતિમાજીને વાશી કેશર ઉતાર્યા પછી વગર ધોયે એવાને એવો હાથ પ્રભુને અડે એમાં કેમ આશતના નહિ ? વાશી કેશરવાળા આભૂષણ શુદ્ધ કરવાની દરકાર પણ કોણ કરે ? પૂજારી વચમાં વચમાં બહાર જઈ ચાહ બીડી પી આવે, ન્હાવાની વાત જ શેની ? દુર્ગંધવાળા મુખે ગભારામાં રહેવાનું અને પ્રભુને પૂજવાના. આવી આવી આશાતના દેવાધિદેવની થયા કરે, ત્યાં સંઘનો ઉદય શી રીતે થાય ? જે સંઘને દેવાધિદેવની પોતાના વ્હાલા દીકરા જેટલીય ન પડી હોય, તે સંઘનીય એ નાથના સેવક દેવતાને અને પુણ્યને શી પડી હોય ?

કોઈક વાર પૂજકો પખાળ કરીને પોતે માળા ગણવા બેસી જાય છે, ત્યાં પૂજારી પણ બીજા કામમાં ગુંથાયેલો રહે છે. ત્યાં પ્રભુજી અડધા તો એમને એમ સુકાઈ જાય. શ્રાવકની શું ફરજ નથી કે ઇન્દ્રે સ્વયં જે પ્રભુના પરમ પવિત્ર અંગ લુછ્યા છે, એમને અંગલુહણાં કરવાનો અમૂલ્ય અવસર જે અહીં મલ્યો તેને વધાવી લેવો ? ન ભૂલાય **કે જાતના કે સ્નેહીના અંગ સાફ કરવાનું તો આત્માને મલિન કરનારું બને છે, ત્યારે પ્રભુનું અંગ લુછવાથી આત્મા આપણો ઉજ્જવલ થાય છે.**

**પૂજા વીતરાગની કરતા, રાગાદિ ખરીદવાના ન હોય, તેથી મંદિરમાં કોઈની સાથે ઝગડો રગડો ન થાય, માનમાયા ન સેવાય, મનોહર રૂપરંગ, પ્રત્યે રાગ ન ઉઠે, વગેરે ખૂબ સાચવવાનું. સંસારના ખટલા ત્યાં ઉકેલાય કે ન વિચારાય, ધગશ તો એ જોઈએ કે 'શ્રી વીતરાગના થોડા પણ સહવાસની એવી સુંદર અસર લઈને બહાર જાઉં, કે જેથી સંસારના અર્થકામની મને વધુ પડતી ઘેલછા થાય નહિ; જેથી અનીતિ, અન્યાય, કુડકપટ, ક્ષુદ્રતા, અતિ આસકિત, સ્વાર્થપરાયણતા, વગેરે દુષણો મને નડે નહિ.'**



E:/Divya-Darshan(part-11).pmd/prf.5

**પૂજા પરમ વિવેકી પરમાત્માની કરવી છે, તો મંદિરમાં વિવેક કેટલો જાળવવો જોઈએ ?** પૂજા કે દર્શન કરવા આપણે બીજાને લાવી તો શકતા નથી, પરંતુ સ્વયં આવેલાને પૂજા દર્શનાદિમાં અંતરાય ન કરીએ એટલોય વિવેક શું બની શકે ? દર્શનપૂજાની વિધિમાંય પુરુષે પ્રભુની જમણી બાજુએ અને સ્ત્રીઓએ ડાબી બાજુએ રહેવાનું છે. તો પછી પ્રભુની નજીક તદ્દન સામે ઊભા રહી પ્રભુને ઢાંકી દેવા એ ક્યાંની રીતિ ?

પ્રભુની નજીક જતાં આપણા મુખ નાસિકા આડે કપડું જોઈએ જ, જેથી આપણા થૂંક કે શ્વાસ પ્રભુને અડે નહિ. નાસિકા ખુલ્લી રાખી માત્ર મુખકોશ બાંધી પ્રભુ પાસે ઊભા રહેવામાં આશાતના ઊભી રહે છે, દેરાસરના પૂજાના કપડા જે અનેકે પહેરી પરસેવાવાળા કર્યા હોય, દિલ પણ લુછ્યા હોય,' એ પહેરી પૂજા કરવામાં ક્યાંથી રસ આવે ?

પૂજન કરવામાં સાત શુદ્ધિ સાચવવી જોઈએ, તે આ :-**અંગ, વસ્ત્ર, મન, દ્રવ્ય, ઉપકરણ, ભૂમિ અને વિધિ એ સાતની શુદ્ધિ. ૧. નિર્જીવ જગ્યા પર મર્યાદિત જલથી સ્નાન. ૨. રોજ ધોવાતાં ખાસ જુદા પૂજાના વસ્ત્ર. ૩. આશંસા રહિત એવું જિનગુણમાં લુબ્ધ મન. ૪. ન્યાયોપાર્જિત ધન. ૫. પૂજાની શુદ્ધ કેશર ફૂલ વગેરે સામગ્રી. ૬. પૂજાની શુદ્ધ ભૂમિ. ૭. નિસીહિ વગેરે દશત્રિક, પાંચ અભિગમ, ઈત્યાદિ શુદ્ધ વિધિ.** પૂજા માટેના સારા સારા દ્રવ્યોથી ભાવોલ્લાસ વધે છે. અનંત સુખમય મોક્ષપદ શું એટલું બધું સસ્તું છે કે દેરાસરના પતલા સુખડના પાણીથી કે પોતાની કટકી સાકરથી કે ચોખાની એક સેર વગેરેથી ખરીદી શકાશે ? કેટલાક તો દેરાસરમાં નહાવા-ધોવાનું સારી રીતે કરશે, અને પૂજા નહિ કરે, અગર બે ટીકી કરી રસ્તે પડશે ! શું આ અન્યાય ઉપયોગ નથી ?

સારાંશ એ છે કે **પ્રભુપૂજામાં તન-મન-ધનની શક્તિઓને એવી રીતે સફલ કરવી જોઈએ કે જેથી પૂજાની આખી પ્રવૃત્તિથી જીવ પોતાના મનને શ્રી અરિહંત દેવનુંજ એક પૂજક, સેવક અને ઉપાસક બનાવી દે.** હવે એ મન જગતની કોઈપણ વસ્તુનું તેવું સેવક કે ઉપાસક ન બને. મંદિરમાં આવેથી જગત-ચક્રવર્તીના દરબારમાં પેઠો છે, એ સમજણની વસ્તુને અનુસરવાથી આ બની શકે.

**દેવસ્તુતિ-ચૈત્યવંદન** :-ભાવસ્તવ (ભાવપૂજા)ની આ ક્રિયાનો લાભ અનંત ગુણો છે. 'તો પછી દ્રવ્યપૂજા કરવીજ શું કામ ?' એવું ન કહેવું; કેમકે ધામધુમવાળા લગ્નોત્સવથી ઉત્સવ કરનારની જેમ સારી દ્રવ્યપૂજાથી આત્મા પરમાત્માના ધ્યાનની નજીક આવે છે, તેથી એના ભાવોલ્લાસ વધે છે, અને વિશિષ્ટ ભાવ સાથે ચૈત્યવંદનાદિ થાય છે. એ શુભ અધ્યવસાય જ્ઞાનવરણીયાદિ કર્મોનો નાશ કરી



નાખે છે, કષાયોને પતલા કરી દે છે, ઊંડી અધ્યાત્મચિંતા જગાવે છે, અને મોક્ષમાર્ગ (સમ્યગદર્શનજ્ઞાનચારિત્ર)ને પમાડી ક્રમશઃ જીવને મુક્તિએ પહોંચાડી દે છે.

આવા અપૂર્વ લાભને આપનારી ક્રિયા કેટકેટલી કિંમત ખરચીને કરવી જોઈએ? પૈસાનું મૂલ્ય નહિ, પરંતુ અંતરની ધગશ, એકાગ્રતા, આ પામ્યાનો પરમ સંતોષ, તેથી જ બીજું જગતનું મળ્યાનો કોઈ આનંદ નહિ, ઊલટું 'ક્યાં છતી પ્રભુસેવા મૂકી આ જગતની સેવા કરવાનો અવળો પુરુષાર્થ હજીય મારે કરવો પડે છે !' એ દુઃખ, આ બધું કિંમત તરીકે ધરવાનું છે.

**મંદિરમાં પેસતા સંસારકથલાનો ત્યાગ, દ્રવ્યપૂજામાં પેસતા મંદિરના સમાર-સુધારકામની વિચારણાનો ત્યાગ, અને ભાવપૂજામાં પેસતા દ્રવ્યપૂજાની પણ વિચારણાનો ત્યાગ કરવાનો હોય છે.** તેથી ચૈત્યવંદન કરાતું હોય, તે વખતે સાથીયો ન ચિતરાય, સંસાર ન ઘડાય, કોણ આવ્યું કોણ ગયું, તે ન જોવાય.

ચૈત્યવંદન શરૂ કરતા પહેલાં પ્રભુની જન્મ, રાજ્ય, શ્રમણ એ ત્રણ છદ્મસ્થ અવસ્થા, કેવળજ્ઞાન પછીની તીર્થંકરપણાની અવસ્થા, અને નિર્વાણ પછીની રૂપાતીત સિદ્ધ અવસ્થા. એમ ત્રણ અવસ્થાનું ચિંતન કરી લેવું જોઈએ. પછી ભૂમિ પ્રમાર્જી, ઊંચે નીચે કે તીર્છી, અથવા જમણી ડાબી અને પાછળની બાજુ-એમ ત્રણ દિશાનો ત્યાગ કરી દૃષ્ટિને પ્રતિમાજીનું આલંબન, જીભને સૂત્રોચ્ચારણનું અને મનને અર્થ વિચારનું આલંબન-એમ આલંબનત્રિક આપવાનું, અર્થાત્ આંખ વીતરાગને જોવામાં, વાણી વીતરાગને ગાવામાં, કાયા વીતરાગને નમવામાં, અને મન વીતરાગના સ્તવનના ભાવોથી ભાવિત થવામાં લયલીન હોય, તો ઉત્તમ ચૈત્યવંદનની ક્રિયા નીપજે.

અહીં મનને ભાવિત કરવા માટે ચૈત્યવંદનના, સૂત્રો અને સ્તવનોના અર્થ હૃદય સામે આબેહુબ ચિત્રવત્ ખડા થવા જોઈએ. આ કરવા માટે એ અર્થના શબ્દોની સહાય લીધા વિના અર્થને જ સંકલનાબદ્ધ એવા ગોઠવવાનો અભ્યાસ કરવો જોઈએ, કે પછી સૂત્ર કે સ્તવનને યાદ કર્યા વિના પણ અર્થોનું આખું એક સળંગ ચિત્રનું જુથ જાણે આંખ સામે સાક્ષાત્ દેખાય. આના થોડા દૃષ્ટાન્ત જોઈએ.

**નવકાર :-** નવકારસૂત્રનું ચિત્ર સમવસરણમાં જોઈ શકાય, આપણી સામે જાણે સમવસરણ છે. એમાં વચમાં શ્રી અરિહંતને, માથે સિદ્ધશિલા પર સિદ્ધને, પ્રભુની આગળ આચાર્ય (ગણધર મહર્ષિ), ઉપાધ્યાય અને સાધુને આપણે નમી રહ્યા છીએ, ત્યાં આ નમન આપણા સર્વ પાપના બંધનને તડાક તોડી રહ્યા છે, માટે એ નમન સર્વ મંગલમાં અગ્રણી (સેનાપતિ) મંગલ છે, એવો ભાસ સામે જોઈએ. અહીં અનેક અરિહંતોને નમસ્કાર છે, માટે એવા સમવસરણ એક બીજાની

પાછળ અનેક દેખવા જોઈએ. વળી વિસ્તારમાં જતાં, આ પાંચે પરમેષ્ઠી તરીકે વિશેષ વ્યક્તિ લેવાય, જેમકે, મહાવીર પ્રભુના જીવન પ્રસંગો, આચાર્ય તરીકે શાસન પ્રભાવના કરતા **શ્રી બપ્પભટ્ટીસૂરિજી મહારાજ, કે શ્રીહીરસૂરિજી મહારાજ, સાધુ તરીકે ખંધકમુનિ, ગજસુકુમાળમુનિ,** વગેરેની મરણાંત ઉપસર્ગે (વિકસેલી) સહિષ્ણુતા, પરમસમાધિ અને આત્મશુદ્ધિ નજર સામે તરવરે.

**લોગસ્સ :-** ત્રીજા આરાના છેડેથી ચોથા આરાની અંત સુધીમાં 'ઉસભમજિઅં ચ વંદે' વગેરે ત્રણ ગાથાને અનુસારે ક્રમસર સમવરસણમાં સ્થિત ચોવિસે તીર્થંકર જાણે સામે જોઈએ છીએ. પહેલી ગાથામાં **'ઉજ્જોઅગરે'થી** અનંત જ્ઞાન પ્રકશમય જિન સૂર્ય. **'ધમ્મતિત્થયરે'થી** એમાંથી નીકળતો ધર્મતીર્થ પ્રકાશે. **'જિણે'**થી જીતીને પોતાના આત્માની બહાર ફેંકી દેવાતા મોહ-અજ્ઞાન દુશ્મનો, **'અરિહંતે'**થી અષ્ટપ્રાતિહાર્ય અને ઇન્દ્રાદિની પૂજા એ વગેરે આપણે જાણે નજર સામે નિહાળતા હોઈએ. પાછળની ત્રણ ગાથા વખતે, જાણે ચોવીસ પ્રભુની સામે આપણે હાથ જોડી વિનંતી કરીએ છીએ, અને **'વિહુયરયમલા'** અને **'પહીણજરમરણા'**થી નિર્મલતા તથા અક્ષયતા ગુણ પ્રશંસી એ દ્વારા નિર્મલ આત્મજ્ઞાન સ્વરૂપ આરોગ્ય (મોક્ષ) કારી બોધિલાભ તથા અક્ષયતા સ્થિરતા સ્વરૂપ ઉત્તમ ભાવસમાધિ માગી રહ્યા છીએ. પરમાત્માને ચંદ્ર-સૂર્ય, સાગર કરતાં અતિશય શીતલ-પ્રકાશી-ગંભીર નિહાળી આપણને સિદ્ધિપદ આપવા એમને વિનવીએ છીએ.

**નમુત્થુણં :-**શક્રઈન્દ્રની વિદ્યમાન દેવાધિદેવને આ સ્તુતિ છે. શ્રી અરિહંત પ્રભુના આમાં ગુણ ગાન છે. પદોના ક્રમથી જોઈએ તો ગુણ ગાનના સામાન્ય કારણ તરીકે. ૧. ધર્મની આદિ કરનારા. ૨. તે પણ તીર્થંકર (કેવલજ્ઞાની) થયા પછી. ૩. તે પણ સ્વયં પ્રતિબોધવાળા બનીને. ॥ એટલા જ માટે વિશેષકારણ તરીકે, ૧. પુરુષોમાં ઉત્તમ, ૨. પુરુષોમાં સિંહ જેવા, ૩. છતાં શ્રેષ્ઠ કમલની જેમ પુરુષોમાં અતિશય શોભા ઐશ્વર્યાદિ વાલા અને ૪. શ્રેષ્ઠ ગન્ધહસ્તિની જેમ ઓજસ અને પ્રભુત્વવાલા ॥ એમનો સામાન્ય ઉપયોગ :- ૧-૨, ભવ્ય લોકમાં **ઉત્તમ** (ધ્યેય) અને **નાથ,** ૩. પંચાસ્તિકાય લોકના (યથાર્થ પ્રરૂપક હોઈ) હિતકારી, ૪. વિશિષ્ટ પંચેન્દ્રિય શ્રોતાલોકને **પ્રદીપવત્** અને ૫. ચૌદપૂર્વી લોકને **પ્રદ્યોતકર** ॥ એ ઉપયોગના હેતુ તરીકે ૧-૫ **અભય, ચક્ષુ, માર્ગ, શરણ,** અને **બોધિ** આપનાર, આ માટે જાણે સામે જંગલમાં ભયભીત અને આંખે પાટાવાળા કોઈ ભૂલા પડેલા, નિરાધાર દરિદ્રને કોઈ દયાળુ બંદુકના અવાજે વનચરનો ભય મિટાવીને, આંખ ખુલ્લી કરી, માર્ગે ચઢાવી, ઓથ, ખાનપાન અને માલ આપે, તેમ પ્રભુને દયા કરતા જોવાના ॥ આવા ગુણી પ્રભુનો વિશેષ ઉપયોગ ૧-૫. ધર્મના **દાતા, દેશક,**



(ઉત્સર્ગ, અપવાદ, કે વિશેષ વિધિના કે તત્ત્વના ઉપદેશક), સ્વયં આચરીને **નાયક.** પડતાને સ્થિર કરીને **સારથિ,** ધર્મસાપ્રાજયના સમ્રાટ રાજા. ॥ અપ્રતિહત ઉત્તમ (કેવળ) જ્ઞાન દર્શન રૂપ લોકાલોક-પ્રકાશી સૂર્ય જેવા, અને મોહ અજ્ઞાન આદિ છદ્મસ્થભાવથી મુકાયેલા ॥ હવે જાણે સામે કોઈ મહારથી જીવ મહાસાગરમાંથી મગરમચ્છની પકડમાંથી એને જીતી, છુટી, સમુદ્ર તરી, આશ્વાસન કિનારે પહોંચી, આગળ સર્વતઃસુખી, અને સ્વતંત્રતા મેળવે છે, એ દૃષ્ટાંતે આ પરમાત્મા (જિણાણં) દસ ગુણઠાણા સુધીમાં રાગદ્વેષમોહને જીતી (તિન્નાણં) બારમે અજ્ઞાન અને અંતરાયનો સમુદ્ર તરી, (બુદ્ધાણં) તેરમે ગુણઠાણે અનંત કેવળજ્ઞાનથી બુદ્ધ બની, **'મુત્તાણ'** ચૌદમા ગુણસ્થાનકના અંતે અનંતસુખી કર્મમુક્ત બન્યા એ નિહાળવાનું || 'સિવમયલ' ઈત્યાદિ પદોથી ઉપદ્રવ વિનાનું અચલ વગેરે **સિદ્ધિગતિ નામનું સ્થાન પામેલાને નિહાળતાં.** આપણા ઉપદ્રવવાળા ચલવિચલરોગી આદિ સ્થાન બદલ નિસાસો પડે 'અરે ! મારે આ ક્યાં સુધી !' અને પેલું સુંદર સ્થાન પામવા સર્વ **ભયને જીતેલા એ જિનનાથને નમીએ** ॥' 'જેઅ અઈઆ સિદ્ધા' એ ગાથાથી જાણે પાછળ ભૂતકાળમાં અનંત સમવસરણસ્થ અનંત જિનેશ્વરદેવો, આગળ ભવિષ્યમાં તે પ્રમાણે અનંત, અને વર્તમાનમાં વિચરતા વીસ જિનને ત્રિવિધે વાંદીએ છીએ એવો ચિતાર ધારવાનો.

**'જાવંતિ'**માં ઉપર અનુત્તરથી નીચે ઠેઠભવનપતિ સુધીના જિનબિંબોને તાદૃશ સામે કલ્પી નમીએ, 'જાવંત'માં આપણી આજુબાજુ ગોળાકારમાં ભરત, ઐરવત અને મહાવિદેહમાં ત્રિદંડરહિત સાધુમહર્ષિઓને જાણે વાંદીએ છીએ, **'નમોર્હત્'**માં પૂર્વે નવકારમાં કહ્યા મુજબ સમવસરણમાં પંચ પરમોષ્ઠિને નમીએ છીએ, એમ ધારવાનું. **'જયવિયરાય'**માં, ચક્રવર્તિની સ્તુતિ કર્યા પછી જેમ કોઈ મસ્તકે હાથ લગાડી નમ્રતાભાવે ગળગળો થઈ ઇચ્છિતની પ્રાર્થના કરે, એમ પ્રાર્થવાનું કે વીતરાગ જગતગુરુ આપણા હૃદયે વિજયી બને, અને આપણને સમગ્ર સંસારનો કંટાળો આપે. તેથી મોક્ષ માર્ગાનુસરણ, એ માટે ઈષ્ટફલ સિદ્ધિ, એમાં લોકવિરુદ્ધ ત્યાગ અને વડિલ સન્માન, ઉપરાંત વિશિષ્ટ પ્રવૃત્તિ તરીકે પરોપકાર, શુભગુરુયોગ અને એમની આજ્ઞાનું પાલન, આ બધું આ ભવ સુધી અને મોક્ષ સુધી પ્રભુચરણની સેવા એટલે કે જિનશાસનની આરાધના. ચોથી ગાથામાં દુઃખ અને કર્મનો ક્ષય (જીવન પર્યંત મનને લગાર પણ ઓછું આવવારૂપ દુઃખ નહિ, એ માટે અપૂર્વ કર્મનિર્જરા), મરણ માટે સમાધિમરણ, અને ભવાંતરે બોધિલાભ માગી લેવાનું. અંતે અજોડ અનુપમ અને સર્વધર્મશ્રેષ્ઠ જિનશાસનથી જ સર્વ કલ્યાણ છે એવી શ્રદ્ધા ઉદ્ઘોષિત કરવાની. **'અરિહંત ચેઈઆણં'**માંથી જગતમાં પ્રભુને કરાતાં વંદન, પૂજન, સન્માન,



E:/Divya-Darshan(part-11).pmd/prf.5

સત્કારથી થતો લાભ અને બોધિલાભ (સમ્યક્ત્વ) તથા નિરૂપસર્ગ (મોક્ષ) લાભના નિમિત્તે હું કાયોત્સર્ગ કરીશ, એ પુણ્યઉર્મિ થવી જોઈએ. અહો ! કેવા અલ્પ કાયોત્સર્ગના આયાસમાં અતિ મહાન લાભ !! એ ખ્યાલ સાથેની આ ક્રિયા જો ખૂબ જ દિલથી બને તો અપૂર્વ લાભ સાધી આપે છે.

''દિવ્ય-દર્શન''-''પ્રવચન મહોદધિ'' વર્ષ-૨,અંક-૨૭,તા.૨૭-૩-૧૯૫૪

## ૭૮ અમૃતક્રિયા અને મનની કેળવણી

**નવકારવાળી જાય :-** આમાં ચિત્ત આડું આવળું જવાની ઘણાની ફરીયાદ હોય છે. એ ટાળી ચિત્તને સ્થિર કરવા માટેના કેટલાક ઉપાયો છે; જેવા કે નવકારવાળી પાંચ પાંચ પારા ફરવા પૂરતી અખંડ એકાગ્રતાની મનમાં ટેક કરાય કે 'આટલામાં તો હું આ જપવા સિવાય બીજું કાંઈ મનમાં નહિ લાવું. જો કદાચ બીજું મનમાં આવશે તો આ પાંચ પારા ફરી ગણીશ' મંદિરમાં કે બીજી કોઈ ક્રિયામાં એકાગ્રતા માટે આવા ટૂંકા ટૂંકા પ્રસંગ પૂરતી, ને અલ્પ અલ્પ સમય પુરતી પ્રતિજ્ઞા ધારી શકાય. એમાં થતા પ્રમાદ માટે દંડ તરીકે પાંચ ખમાસમણ કે દસ નવકાર ગણવાનું વગેરે રાખી શકાય. એ રીતે અભ્યાસ કરતા એકાગ્રતા કેળવી શકશે. ૨. જે જાપ કે જે ક્રિયા ચાલતી હોય, તેનો ભાવ આંખ સામે આબેહુબ ખડો કરાય. ૩. 'દુષ્ટ સંગમદેવના ભયંકર ઉપસર્ગમાં પણ પ્રભુની એકાગ્રતા ખંડિત નહોતી થતી, તો મારે તો ઉપસર્ગ નહિ, અરે થોડીય તકલીફ નહિ, પણ અનુકૂળતા છે, તો કેમ એકાગ્ર શુભધ્યાન ન જમાવું ? બસ, બીજા ત્રીજા વિચારોને નોટીસ આપી દઉં, કે હમણાં અહીં નહિ જ અવાય; અને સાથે એ ન ઘુસે તેની સખત ચોકી રાખું.' ઈત્યાદિ નિર્ણય કરાય. ૪. શુભધ્યાન અને શુભભાવની એકાગ્રતાના કેવા અનુપમ લાભ છે, એ ચિંતવાય :- ૧. પાપકર્મની નિર્જરા. ૨. શુભ કર્મ બંધ, ૩. પૂર્વના કેટલાક અશુભ કર્મનું પણ આમાં સંક્રમણ થઈ ફરીને શુભ રૂપે થઈ જવું. ૪.નવા અશુભ બન્ધનો નિરોધ (અટકાવ). ૫. તેથી પૂર્વના કેટલાક શુભનું આમાં સંક્રમણ થઈ અશુભ રૂપે થઈ જતું અટકવું. ૬. શુભનો અનુબંધ, એટલે કે અત્યારે બાંધેલાના ઉદય વખતે પણ ફરીથી શુભભાવના અને શુભધ્યાનથી પુનઃ શુભ સ્થિતિ, ઈત્યાદિ અનેકાનેક એવા લાભો છે કે જે આત્માને પોતાના અનંત જ્ઞાન સુખમય સ્વભાવને જલદી પ્રગટ કરી આપે. એ વિચારીને



એકાગ્ર બનાય.

**સામાયિક પૌષધ પ્રતિક્રમણાદિ :-** આ ક્રિયાઓમાં એક મોટી ખામી એ જોવામાં આવે છે કે એની વિધિમાં પ્રમાદ અને બિનગરજ બહુ સેવાય છે. જેમકે ખમાસમણાં કે કાઉસ્સગ્ગ બેઠે બેઠે પતાવવામાં આવે છે. વાંદણા દેવામાં પણ એવા લોચા, કે સંડાસા, આવર્ત, ભક્તિ-મૃદુતાભર્યું હૃદય, ઈત્યાદિની કાંઈ જ ખબર નહિ ! સૂત્રોચ્ચારમાં ઢંગધડો નહિ ! ક્યાંક તો અર્થનો અનર્થ થઈ જાય. **'સવ્વન્નૂણં'** ને બદલે 'સવ્વનૂણ'નો ઉચ્ચાર થાય, એટલે 'સર્વથી ન્યૂન' એવો અનર્થ થાય !

આ ખામી ટાળવા માટે પહેલું વિચારવું એ જોઈએ છે, કે આ થોડી મહેનતવાળી ક્રિયાઓનાં ફળ શાસ્ત્ર અમાપ કહે છે. (જેમકે પ્રભુના દર્શન કરવા જવાનું મન કર્યું એટલામાં એક ઉપવાસ જેટલો લાભ. કાઉસ્સગ્ગ માત્ર એક નવકારનો કર્યો, એમાં પલ્યોપમોનું સ્વર્ગનું સુખ સંપજે.) તો પછી **મહાન ફળને આપનારી ક્રિયાઓ આરાધવા પુરુષાર્થ, પ્રયત્ન, ખંત અને સ્વેચ્છાત્યાગ કેવો અને કેટલો જોઈએ! મહીને પચીશ-પચાસ કે બસો-પાંચસો રૂપિયા શેઠ પાસેથી લેવા માટે પુરુષાર્થ વગેરે કેટલું બધું થાય છે ! તો એથી કેઈગુણા લાભ માટે આ ક્રિયામાં કાયાને કષ્ટ કેમ ન આપીએ ? જ્ઞાની વૈદે કહ્યા મુજબ બરાબર એને કેમ ન આરાધીએ ?** એટલે કે દા.ત.

'ખમાસમણું બરાબર ઊભા થઈ, હાથજોડી, વિનય, ભક્તિ, રોમાંચ, વગેરે સહિત ભૂમિ પર લલાટ અને અંજલિ અડાડીને દઈએ, તો ભારે ઈનામ મળવાનું છે' એ સાવધાનીથી ઊલટઉછરંગ સાથે વિધિસર ખમાસમણું કેમ ન દેવાય ? એવું બીજી ક્રિયાઓમાં પણ.

**બીજું** એ કે 'આ **નાની** ક્રિયાઓથી **મહાન** કાર્ય થાય છે' એ નિર્ણયથી ઉલ્લાસ વધે, જેમકે પ્રતિક્રમણમાં ચાર ખમાસણમાં પહેલું 'ભગવાનહં'નું ખમાસમણું. એ ક્રિયા નાની, પરંતુ એમાં ભગવાનથી ત્રણે કાળના અનંત અરિહંત અને સિદ્ધ ભગવંતોને ભાવવંદન કરવાનું મહાન કાર્ય નીપજે છે. તો પછી એવા અતિ મહાન કાર્ય બદલ જરાક ઊભા થઈ વિનય ભક્તિ સાથે હૃદય સામે અનંતા ભગવંતને કલ્પી ખમાસમણું દેવામાં શું જોર લાગે ? ત્યાં કેમ જ પ્રમાદ થાય ? એવું **ગુરુવંદન** વાંદણાં, જાવંત કેવિસાહુ, અડ્ઢાઈજ્જેસુ વગેરેમાં; **ક્ષમાપના** અબ્ભુટ્ઠિઓ, આયરિય ઉવજ્ઝાય, ખામેમિ સવ્વજીવેમાં, **શ્રુતની ઉપાસના** પુક્ખરવર, સુઅદેવયા, નિવ્વાણમગ્ગે, વગેરેમાં ખૂબ ઉલ્લાસથી, પ્રમાદ ટાળી, વિદ્યાસાધકની જેમ સાધવા જોઈએ.



E:/Divya-Darshan(part-11).pmd/prf.5

**ત્રીજું** એ કે જયારે આત્મા સંસારની તુચ્છ સુખ દેખાડનારી ક્રિયાઓ કરવામાં ભારે કુશળ હોય છે, ત્યારે મોક્ષના અનંતા સુખને પમાડનારી ધર્મક્રિયાઓમાં ગમારની જેમ વેઠ ઉતારે છે અને પ્રમાદ પોષે છે, એ કેટલું શરમ ભર્યું ! એવું વિચારવાથી શરમ ભર્યું ન દેખાય, એ માટે ખામી ટાળી શકાય.

**ચોથું**, બીજાઓ દ્વારા શાસનની આ દિવ્ય ક્રિયાવસ્તુની ભવિષ્યમાં સારી પરંપરા ઊભી રાખવા માટે પણ પોતે પ્રમાદ, ખામી, બેપરવાઈ ન સેવવી જોઈએ. નહિતર બીજાઓ એ જોઈ એવું જ શીખે, તેથી સારી પરંપરા લોપાઈ જાય. એથી શ્રી અરિહંત પ્રભુ વગેરે ઉપકારીઓ તો સારું સર્જન કરી જવાનો અનંત ઉપકાર કરી ગયા, પણ આપણી શાબાશી શી ? પરંપરા લોપવાના અપકારનીને !

ક્રિયાની વિધિ ઉપરાંત હૃદયના ભાવ અંગે પણ ખૂબ ચોકસાઈ અને હાર્દિક ઉમળકો જોઈએ. જેમકે, સામાયિકમાં કમમાં કમ બેઠા હોઈએ ત્યાં સુધી તો સમભાવ (સમતા)નો પ્રયોગ કરવો જ જોઈએ. સમભાવ એટલે ધૂળ કરતાં હીરામાણેકની કોઈ વિશેષતા નહિ; અર્થાત્ જેમ મનને ધૂળ ન આકર્ષે, તેમ ઝવેરાત પણ ન આકર્ષે. એનું નામ રાગની વિષમતા ટાળી, વિરાગની સમતા કેળવી. જેમ મિત્ર કે મામુલી નુકસાન કરનાર પ્રત્યે દ્વેષ નહિ, તેમ ભયંકર દુશ્મન ઉપર પણ દ્વેષ ન થવા દેવો. આનું નામ દ્વેષની વિષમતા ટાળી, ઉપશમની સમતા કેળવી. આ સમતા માટે અનિત્ય આદિ બાર ભાવના, મૈત્રી આદિ ચાર ભાવના, આર્ત-રૌદ્ર ટાળી, ઉપશમની સમતા કેળવી. આ સમતા માટે અનિત્ય આદિ બાર ભાવના, મૈત્રી આદિ ચાર ભાવના, આર્ત-રૌદ્ર ટાળી, ધર્મ ધ્યાનના ચાર પાયા, મહાપુરુષોના જીવનોમાં ઉઠેલી સુંદર વિચારણાઓ-ઇત્યાદિનો સતત દીર્ઘકાળ સુધી હૃદયસ્પર્શી અભ્યાસ અતિ આવશ્યક છે. પ્રતિક્રમણમાં સૂત્રના પદે પદે જુદા જુદા પાપોનો ભારે પ્રશ્ચાત્તાપ, આત્મનિંદાના, આત્મલઘુતા, ગુરુ સમક્ષ દીનતા-વગેરે ખૂબ જરૂરી છે.

મોહના ભયંકર ઝેરને ઉતારનારા સૂત્રના અક્ષરો ઉપર મંત્રની જેમ આદર અને એકાગ્રતા કેમ ન કરીએ ? શાસ્ત્ર તો પ્રતિક્રમણમાં 'તચ્ચિત્ત, તન્મન, તલ્લેશ્ય, તદધ્યવસાનાધ્યવસિત, તદર્થોપયુક્ત,' થવાનું કહે છે. પહેલા બેથી સામાન્ય અને વિશેષ વિચારવંતો સૂત્રાર્થનો ઉપયોગ (ખ્યાલ) રાખવાનો. તલ્લેશ્યથી જેવું સૂત્ર તેને અનુરૂપ પરિણામ મનમાં ઉલ્લસે. જેમકે 'ખામેમિ સવ્વજીવે' એ સૂત્ર ક્ષમા કાયા દેવા લેવા અંગે છે. તેથી તેને અનુરૂપ ભાવ ઉદારતા પ્રેમ, મૃદુતાદિ જાગવા જોઈએ. 'સિદ્ધાં બુદ્ધાણં' જેવા સિદ્ધ સ્તવ (સિદ્ધાદિવંદના).

સૂત્રને અનુરૂપ ભાવ અતિ નમ્ર નમસ્કાર સાથે પોતાની મહાન



ભાગ્યવંતાપણાની લાગણીનો જોઈએ. **તદધ્યવસાન** એટલે જે સૂત્ર ચાલે છે તેના અર્થનું ધ્યાન, તેમાં જ અધ્યવસિત એટલે હૃદયથી ઓતપ્રોત થયેલો બને. તેથી નાભિમાંથી ગંભીર અવાજ ઊઠે. તદર્થોપયુક્ત એટલે સૂત્રાર્થના એક ઉપયોગ માત્રમાં લીન. જેવું આ સૂત્ર અંગે તેવું જ પૂજા, ભાવના, સ્તવન, સજ્ઝાયાદિમાં પણ એ સાચવાનું. પછી પૂજા 'શીતલ નહિ છાયા રે' ચાલતી હોય, એને અનુરૂપ ભાવ તરીકે સંસારની તપાવનારી છાયાની અકળામણનો હૃદયમાં અનુભવ અને બહાર દુઃખમય સ્વરે એકરાર જોઈએ. એને બદલે ગાવાના આલાપ લેલાપથી આનંદનો કે ટાઢકનો ભાવ પ્રગટ કરાય એ કેવું બેહુદું ? મધુર અને ગંભીર ઉચ્ચારણને બદલે લુખ્ખો ઉપલકીયો અવાજ નીકળે એ કેટલો કુમેળ ! તે તે પ્રસંગને લાગુ થતા ભાવમાં આત્મા એકાકાર થઈ સંવેગ વિરાગ ભક્તિ આદિથી નાચી ઊઠવો જોઈએ.

પૌષધમાં આહાર, શરીરશોભા, વિષયસેવા અને સંસાર-વ્યાપાર એ ચારથી લીધેલી નિવૃત્તિ ખાસ લક્ષમાં ચાલુ રહેવી જોઈએ. થોડા વખત માટે પણ જગતના કેવા અનંત પાપમાંથી પૌષધ સામાયિકે મને બચાવી લીધો ! એનો અદ્ભુત આનંદ જાગ્રત જોઈએ. એ રહે તો એ સમય ઊંચા શુભ સ્વાધ્યાય ધ્યાનાદિમાં જ પસાર થાય. સાથે કષાયોને, તૃષ્ણાને, જડ અંગેના શોકસંતાપને કે હર્ષકલ્લોલને દાબવાનો અભ્યાસ કરાય.

**આવી રીતે સ્નાત્ર, તીર્થયાત્રા, રથયાત્રા, સંઘ, સાધર્મિક વાત્સલ્ય, સંયમના ભિન્ન ભિન્ન અનુષ્ઠાનો, ધ્યાન, ગુરુભક્તિ, દાન, વ્રત, જ્ઞાનભક્તિ, વ્યાખ્યાન-શ્રવણ, ચૌદ નિયમ, પર્યુષણાદિ પર્વઆરાધના, જિન કલ્યાણકો, મહાપુરુષના દિવસો વગેરેની ઉજવણી, ઉત્સવ મહોત્સવો, રાત્રિજાગરિકા વગેરે અનેક ધર્મ ક્રિયાઓ અંગે ખૂબ વિસ્તારથી વિચારવાની જરૂર છે.** પ્રસ્તુત લેખનો ટૂંકો પ્રયત્ન હોઈને એ અહીં ચર્ચી શકાય એમ નથી. પરંતુ એટલું ધ્યાનમાં રહે, કે દરેક દરેક ક્રિયામાં ખાસ ખાસ વિશેષતાઓ એવી રહેલી છે કે જે આપણને ખૂબ ઉત્સાહી બનાવે અને તેથી કોડીના લાભે એ ક્રિયાઓ વહી જવાને બદલે કરોડોના લાભ કરાવી જાય.

એટલું ચોકસ છે કે પવિત્ર ક્રિયાઓ ગુણ લાવી આપે છે, એનો પુનઃ પુનઃ ઉદ્યોગ એમાં **રસ** ઉત્પન્ન કરે છે, અને એને છાજતા શુભ આચારો શુભ **વિચારોને** જન્માવે છે. ભણવાની ક્રિયાથી જ્ઞાન **ગુણ,** નિશાળે જવાના સારા ઉદ્યોગથી ભણવાની ક્રિયામાં **રસ,** અને વિદ્યાર્થીને યોગ્ય સારા આચારોથી સારા **વિચારો**-આ ત્રણ સ્પષ્ટપણે વ્યવહારમાં અનુભવાય છે, એવું ધર્મની બાબતમાં સમજવું.

❖ ❖ ❖

(૭૯)

# આંતરદર્શન

**પ્રત્યક્ષ દુ:ખમાંથી નિવૃત્ત થાઓ :-**

પરમ ઉપકારી ત્રિલોકનાથ સર્વજ્ઞ વીતરાગ પરમાત્મા જે ઉપકાર આ જગત પર કરી ગયા, તેવો ઉપકાર જગતના બીજા જીવે કર્યો નથી; ને ક્યારે ય પણ શ્રી તીર્થંકર પરમાત્મા સિવાય બીજો કોઈ એવો ઉપકાર કરી શકનાર નથી. એ વાત જો આપણે બહુ ભાવપૂર્વક સ્વીકારતા હોઈએ તો એ વિચારવું જોઈએ કે તે ઉપકાર કેવો કર્યો છે ? ને તે ઉપકાર જો અમે ઝીલ્યો હોય તો આજે અમારી દુ:ખમય સ્થિતિ કેમ ઊભી રહે ? ઉપકાર તો અનુપમ કોટિનો છે. એથી સુખ પૂર્ણ મળે. પૂર્ણ ઉપકાર પણ એનું નામ કે જે મલ્યા પછી દુ:ખનું નામ-નિશાન ન રહે. અધુરો ઉપકાર હોય તો અધુરા સુખ મળે; પણ સાચા સુખનું નામ ન મળે ! જિનેશ્વર દેવોનો ઉપકાર સર્વ શ્રેષ્ઠ પૂર્ણ ઉપકાર છે. એ ઉપકારોમાં અનેક વિશેષતા છે કે જે સર્વ દુ:ખનો નાશ કરી શકે છે. એમાંની એક જ વિશેષતા લઈએ તો ય ઘણી ઘણી વિચારણાઓ એવી મલે એમ છે, કે તે સ્વીકાર્યા પછી અમલ કરતા ચાલીએ તો, ભવિષ્યકાળ તો પછી, પણ વર્તમાનમાં ય પ્રત્યક્ષ દુ:ખમાંથી રાહત મળવાનો અનુભવ કરી શકીએ.

પ્રશ્ન :- તેવી એ કઈ વિશેષતા છે ?

ઉત્તર :- વિશેષતા આંતરદર્શનની છે. આંતરદર્શન એ અનેક ઉપકારોમાંનો એક મહાન ઉપકાર છે.

**આંતરદર્શનની બક્ષીસ :**

આંતરદર્શનનું જે આ તત્ત્વ જગતગુરુએ આપ્યું છે, એ બહુ ઊંચી કોટિનો ઉપકાર છે. તે સ્વીકારીને પછી તેનો અમલ કરવા માંડીએ તો આ જગતગુરુની બક્ષીસમાં એવું ગજબનું સામર્થ્ય છે કે આજે જગત સામે છાતી કાઢીને કહી શકીએ કે- "મારે રડવા જેવું કાંઈ દુ:ખ નથી !" કદાચ, દુ:ખ નથી એમ બોલવા હિંમત નહિ કરીએ; તો પણ જે સામાન્ય દુ:ખોની પાછળ પણ જગતના જીવો મહારોદણાં કરે છે, તેનાથી કેઈ ગુણા મોટા દુ:ખો હોવા છતાં, 'અમારે રોદણું રોવા જેવું કાંઈ



નથી.' એમ મનને થાય. પણ તે ત્યારે જ બને કે જો એ બક્ષીસને સારી રીતે જીવનમાં અપનાવીએ તો.

'આંતરદર્શન કરો'નો ભાવ એ છે કે "અંદર જુઓ !" બહાર જોવાને ટેવાયેલા છીએ. એના બદલે અંદર જોવાનું છે. બહાર જોયે શું દી' વળવાનો ?

**બહિર્દર્શનના પાંચ મોટા નુકસાન :-**

(૧) આત્માને રાગદ્વેષની ઘણી બળતરાઓ થાય છે.

(૨) ચિત્તની ભારે વ્યાકુળતા જન્મે છે.

(૩) આત્માની સરાસર વિસ્મૃતિ રહે છે, એટલું જ નહિ પણ,

(૪) માનવજીવનની અમૂલ્ય તકની મહાન બરબાદી છે. ત્યારે

(૫) કુપ્રવૃત્તિઓનો હિસાબ નહિ !

પાંચેય વાતો ફરી જુઓ.

(૧) **રાગદ્વેષની આગ :-** બહાર જોઈએ એટલે ગમતું અણગમતું જોઈ રાગદ્વેષનો દાહજ્વર આત્માના પ્રદેશે પ્રદેશે વ્યાપી જાય છે. તમારી આગળ આવીને કોઈ હીરાના બટનવાળો ઊભો, તમે એને જોયો. એટલે પેલા હીરાના બટન પર રાગ થયો. અથવા તો 'આપણને તેવું ન મલ્યું...' એવી દરિદ્ર દશા પર દ્વેષ થયો. 'આ તે વળી ક્યાંથી માતબર બની બેઠો ?' ઈર્ષ્યા થઈ. બસ ! ચાલ્યું ધમધોકાર કામ ! આ ભારે બળતરા કરાવનાર સળગાવનાર જો કોઈ દિવાસળી હોય તો આ બહિર્દર્શન છે. અડતાંની સાથે જ બળતરા શરૂ થાય. બહાર નહોતું જોયું ત્યાં સુધી સ્વસ્થતા ને શાંતિ હતી. બહાર જોયું કે બળતરા ઊભી થઈ. એક ચીજ બજારમાંથી ખરીદીને સીધા ઘર ભેગા થયા તો તો હજી વાંધો નહિ. પણ જો બજારમાં બીજે જોયું કે એની એ ચીજ પોણા ભાવે વેચાય છે કે ખલાસ ! બળતરા હવે એમને એમ સમે નહિ. સીધો ઘેર ગયો હોત તો સારી રીતે ખાઈ-પી શકત; પણ આ હવે "પૈસા પડી ગયા. આનાની કમાણી નથી ને આ ઊંધો વેપલો કરી આવ્યો. વેપારી આવા લુચ્ચા !..." બહાર જોવામાં રાગદ્વેષની ભારે બળતરા છે.

**ચિત્તની વિહ્વલતા, આત્માની વિસ્મૃતિ ને કુપ્રવૃત્તિનું તાંડવ :-** બહિર્દર્શનમાં (૨) ચિત્તની વિહ્વલતા છે એટલે એ તરફડિઆં મારે છે. બાળક એમને એમ બેઠું છે તો સ્વસ્થ છે. પણ જો કોઈ રમકડું એને દેખાડો તો વ્યાકૂળતા વધી જાય. તમે પણ ઘરમાં એમ ને એમ બેઠા છો તો ત્યાં સુધી વાંધો નહિ; પણ કોઈએ આવીને ધમાલના શબ્દ સંભળાવ્યા. તમે એના પર લક્ષ આપ્યું. આ બહાર જોયું, એટલું જ નહિ પણ કાને સાંભળવું, જીભે ચાખવું, ચામડીએ સ્પર્શ કરવો - આ બધા પણ બાહ્યદર્શન છે. **ઇન્દ્રિયોથી થતું પ્રત્યક્ષ જ્ઞાન તેનું નામ દર્શન. બહારનું અર્થાત્**



E:/Divya-Darshan(part-11).pmd/prf.5

**ઉપરનું દર્શન તે બાહ્યદર્શન.** નિરાંતે બેઠા હતા ને પડોશી કાનમાં ઘાલી ગયો કાંઈ, કે તરત સળવળાટ ! હૈયાની હોળી ! હૃદયની હાયવોય દશા ! અને આત્માની સરાસર વિસ્મૃતિ થઈ તે બાહ્યદર્શનના પ્રતાપે. બહાર બહુ પડ્યું છે તે જોવું છે; ફક્ત આત્માને બાદ રાખવાનો ! કેવી મૂર્ખાઈ ! ને એનું પરિણામ શું એ જાણો જ છો ને ? દુઃખના ડુંગરા કે બીજું કાંઈ ? પણ કહેશો ત્યારે આત્માને યાદ કરવાનો સમય ક્યાં છે ? હા, બહાર જોઈને જ રાચવું છે તો સમય નથી તેમ જે મનને થાય છે કે 'આત્મામાં સૌન્દર્ય ક્યાં છે કે બહારનું મૂકી અંદર જોઈએ ? આત્મા તો અરૂપી છે, રૂપી નથી. બહારનામાં રસને મઝા છે. તેવું આત્મામાં રસમયપણું છે કે સાકર મોંમાં મૂકતાં મોં મીઠું થઈ જાય એમ મીઠાશ લાગે ?' પણ આનો ઉત્તર એ છે કે અનંત દુઃખ ભૂલીને જેને ક્ષણિક એવો **બહારમાં જ આનંદ લેવો છે, તેને આત્માની યાદગીરી શા માટે હોય ? જ્યાં સાચા કાયમી અને પોતાના સૌંદર્યની ગમ નથી ત્યાં જડ પદાર્થોના ક્ષણજીવી અને પારકા સૌંદર્ય ગમે છે. આત્મામાં દીર્ઘકાળ સુધી આંતરદર્શનથી ભાવિત કરેલા એવા તત્ત્વો છે કે એ અદ્‌ભુત મિઠાશ દેખાડે ! બહિર્દશન બેઠું છે, ને બહારના આનંદ લેવા છે; એને માટે આત્માના નિર્વિકાર આનંદ હોઈ શકે નહિ.** એનો અર્થ શું સમજ્યા ? એનો અર્થ એ કે **આત્માની યાદગીરીથી જો અવિકારી બનવું છે, તો વધુ પડતું બહિર્દર્શન નકામું, ને એમાં થતાં ખોટા સુખના અનુભવમાં રસ એ પણ નકામો.** બહારના રૂપરંગમાં આનંદનો રસ એ આત્માનું સ્મરણ કરવા આડે પ્રતિબંધરૂપ છે. આ આપણા અનુભવ બહારની વાત નથી. યાદ કરો,

**ન ગમતીની જેમ ગમતી વસ્તુમાં ભય :-**

દિવસથી રાત સુધીમાં આત્મા કેટલીવાર યાદ આવે છે ? ને આવી જાય તો યાદગીરીમાં ભિનાશ કેટલી હોય ? "અહો ! આવો અનંત ને અવ્યાબાધ રૂપવાળો મારો આત્મા આ કાયાની કેદમાં પૂરાયો છે ! એના પર અનંતા કર્મો સામ્રાજ્ય જમાવી ગયા છે !" એવા પ્રકારની ભીની સ્મૃતિ, સ્નિગ્ધસ્મૃતિ, કલેજું હલાવી નાખે તેવી સ્મૃતિ દિવસમાં નહિ, મહિનામાં કેટલીવાર આવે ? એક જો કોઈએ યાદ કરાવી દીધું હોય કે "ભાઈ ! ભૂલી ગયા ? તમારા બાપજીએ લાખ રૂપિયા મૂક્યા હતા, તે શું તમને જડતા નથી ? તે શું તમને ખબર નથી ?" આમ એક સ્મૃતિ આપે તે કેવી થાય ? સામાની વાત ભલેને પોકળ વાત હોય પણ લાખની વાત સાંભળી કાળજે શેરડો કેવો પડે ? હેં ? બાપાજીએ લાખ રૂપિયા મૂકેલા છે ? ને તેના પર મારો અધિકાર પહોંચે છે ? આ સ્મૃતિ જે સ્નિગ્ધ હૈયે થાય છે, તેવી અહીં આત્માની સ્મૃતિ થાય ? ના, શું કારણ ? બહિર્દર્શનની બહુલતા અને



તેના યોગે બહારના વિષયોમાં થતો રસમય આનંદનો અનુભવ ! એમાં જરાય ભય, આંચકો કે કંપ નહિ ! આખો કાંટો નહિ પણ કાંટાની માત્ર આગળની અણી પગમાં ભોંકાય કે ચમકારો થાય છે; ને પછી એ અણીને પગમાં વધુ પેસવા દેવા તૈયાર ખરા ? **આ ન ગમતા વિષયમાં જેવો કંપ છે, એ અનિષ્ટ વિષયના સંપર્કમાં જેવી કમકમી છે, તેવી જ્ઞાનીઓ ઈષ્ટ વિષયમાં ને તેના સંપર્કમાં કમકમી અનુભવવા કહે છે.** તેનો અનુભવ સો ટકા નહિ પણ પચીસ ટકા થાય ખરો ? નવી આવેલી આફુસની કેરીની ચીરીનો જીભ પર સંપર્ક થયો ત્યાં મિઠાશ જણાતાં એવો અનુભવ ખરો ? એક આછી કમકમી થાય ? કોઈ દિ' તેવો અનુભવ થયો છે ? અંધારામાં કોઈ થેલી પકડાવી દે. ને કહે, "લો ઈનામ !" ને ઘેર જઈ ખોલી જુઓ તો અંદર દેખાય વિંછી ! તો કેવી કમકમી ? અને રૂપિયા નીકળે તો એક ટકો ય કમકમી નથી ને ? એ સૂચવે છે કે - ઈષ્ટ વિષયોમાં સંપૂર્ણ આનંદ માણી લેવા જોઈએ છે તે આનંદનો તો પૂરેપૂરો - અનુભવ કરવા જોઈએ છે. પછી અહીં અંદરમાં આત્મા તરફ જોવાની ફુરસદ જ ક્યાંથી હોય ? **બહિર્દર્શનમાં બહુ પડેલો આત્મા બહારના આનંદનો ગુલામ બનીને આત્માની - સરાસર વિસ્મૃતિ કરે, એમાં નવાઈ શું ?** એટલે એ બહિર્દર્શન શું બક્ષીસ કરે છે ? પોતાના આત્માનું જ વિસ્મરણ. એમ કુપ્રવૃત્તિનું તાંડવ પણ બહિર્દર્શનથી ખૂબ વિકસે છે.

**માનવજીવનના મહાકિંમતી સમયની ખુવારી :-**

આજના જમાનામાં કુપ્રવૃત્તિઓ ઘણી વધી ગઈ. શાના કારણે ? બહારના જગતે ઘેલા જીવોને ઘણી ચીજો એવી બતાવી કે જેથી ઘેલા જીવોની દોડધામ વધી ગઈ ! તો શું તમે એમ સમજો છો કે પૂર્વેના કાળના લોકો ગાંડા ઘેલા હતા ? સગવડો અને ફેશનો નહિ હોય ? ચોપાટી જેવા દરીયાકાંઠા અને હેન્ગિંગ ગાર્ડન જેવા બગીચા નહિ હોય ? શું એ દરિદ્રનારાયણ કાળ હતો ? અથવા બધું ઊભું હતું તો શું જીવો અસંજ્ઞી હતા ? ને તમે આજે મહા સમજવાળા છો ? એ વખતે લોકો એદી હશે ને તમે આજે મહા ઉદ્યમી ? દુકાનેથી ઘેર વહેલા આવ્યા તો 'ચાલો ચોપાટી ફરી આવીએ પછી રાતના જમશું.' આ તમે ઉદ્યમી ? ને વહેલા જમી લઈ પ્રભુભક્તિમાં લાગ્યા તે એદી ? પૂર્વે તો ચાર વાગે ધંધો બંધ કરી ઘેર આવી જાય; અને સૂર્યાસ્ત પહેલાં જમવાનું પતાવી લે. કુટુંબને લઈને બેસે. દિલનાં સુખદુઃખની વાતો કરે; એકબીજાને જીવનના અનુભવો પરથી માર્ગદર્શન કરે, આત્માના ભિન્ન ભિન્ન ગુણો શીખવે. આત્માને સાત્ત્વિક અને ઓજસ્વી બનાવવાનું શિખવે; અને પરમાત્માનું સ્મરણ કરતાં કરતાં સુઈ જાય ! આ બધાં દુઃખી હશે ? અરે, મહા સુખી ! માત્ર દુઃખી જ નહિ પણ મહા દુઃખી તો તમે છો.



E:/Divya-Darshan(part-11).pmd/prf.5

સવારના જાગ્યો તે રાતના જંપો નહિ ત્યાં સુધી ભટક્યા કરો. અહીંથી ત્યાં, ને ત્યાંથી પણે ! અહીંથી ખાઈ લઉં, ને તહીંથી ખાઈ લઉં ! મુંબઈમાં તો બિચારા કૂતરાનો કચ્ચરઘાણ ચાલે છે. કેમ ? માણસો માટે જ મુંબઈ વસેલું ! તમારું સુખ ! ખેર, મુંબઈમાં તો કૂતરા રખડતા ન દેખાય પણ ગામડામાં છે, તેમની દશા કેવી ? આખો દિવસ ભટક્યા કરે. એક શેરીમાંથી બીજીમાં, ને બીજીમાંથી ત્રીજીમાં ! એને એવી ગાઢ ઉંઘ પણ નહિ. ચમકારો થાય ને જાગે. એવું આજના માનવના જીવનમાં દેખાય છે ને ? રાતના અગિયાર વાગે માંડ પથારી ભેગો થયો ત્યાં તો કલકત્તાનો કૉલ આવ્યો, "હલ્લો...!" અરે, તારા પર કર્મનો હલ્લો થઈ રહ્યો છે. એ જો. જેટલું બહિર્દર્શન વધ્યું તેટલા પ્રમાણમાં ખરાબ વિચારો અને વાણીનું જોર એટલું બધું વધી ગયું કે માણસ પહેલાં જે આધ્યાત્મિક જીવનથી દિવ્યતા તરફ પગલાં માંડતો હતો તે હવે વિકસિત આધિભૌતિક જીવનથી જડતા તરફ દોડે છે. આ ધાંધલ કોણ કરાવે છે ? બહિર્દર્શન. એટલે છાપામાં આવે કે "અમેરીકામાં નવી શોધ થઈ. આજે કેરી વાવો ને ત્રણ મહિને કેરી મલે ! ટેલીવિઝન ! ને પંચાવન મજલાનાં મકાન ! આ બધું સાંભળ્યું કે પછી જંપી શકે નહિ. પછી કાયિક પ્રવૃત્તિ નહિ તો વાચિક ! છેવટે માનસિક પ્રવૃત્તિ તો ઊભી કરી જ નાખે. દિવસમાં કેટલાયને કહી આવે કે "અહીંથી જ જર્મની લોકો શાસ્ત્રો લઈ ગયા ને સંશોધન કરી કરી વૈજ્ઞાનિક શોધોથી જગતને ચકિત કરી નાખે છે ! અને આપણે તો શાસ્ત્રો ભંડારમાં ઘાલી મૂક્યાં !" પણ એવું બોલનારને ક્યાં ખબર છે કે એ શાસ્ત્રો જ્યાં સુધી અંદર હતાં ત્યાં સુધી આશીર્વાદરૂપ હતાં. કેમકે ત્યારે આવાં રાક્ષસી સાધનો નહોતા પ્રગટ્યા. પહેલાં વેરવિરોધ હતા એટલે લડાઈઓ થતી. પણ પ્રજાને તો શાંતિ હતી લશ્કર લડતું. ત્યારે આજે અણુબોમ્બની શોધ કરી તેનાથી શું કલ્યાણ ? નિર્દોષ પ્રજાનો લાખોની સંખ્યામાં નાશ. કરોડોની સંખ્યામાં ક્ષુદ્રજંતુઓનો નાશ તેય કેટલી કરુણ રીતે ! શરીરની અંદર લા'ય સળગી રીબાઈ રીબાઈને ચીસો પાડીને મરે ! પંદર માઈલના ક્ષેત્રો, ને એના પર અણુબોમ્બના અખતરા કરે ! ઉપરથી શાબાશી કે 'અખતરો સફળ થયો !' ભયંકર રીતે માનવનો સંહાર ! ગજબનાક દેશની સમૃદ્ધિનો નાશ ! આ બધી શોધ કરી તે શાબાશીનું કામ ? તે વિજ્ઞાન કે મહા અજ્ઞાન ? આ આજની પ્રગતિ ? અને શાસ્ત્રો ભંડારમાં ઘાલી મૂક્યાં હતાં અને પ્રયોગો નહોતા બતાવતા તે જૂનવાણી ? વર્તમાન જગત ક્યાં જઈ રહ્યું છે, તેનો વિચાર કરશો ને ? આપણે શા માટે વિચાર કરવાનો ? એટલા જ માટે કે આજના ઘોડાપૂરમાં તણાઈ ન જઈએ. આજના વર્તમાનના વાદો ! સામ્યવાદ ને સમાજવાદ ! કોમીવાદ ને કોમ્યુનિષ્ટવાદ ! બધા રાક્ષસીવાદો



છે. ભલભલાને તાણી જાય. અવસરે ભૂલકણા સાધુ ય તણાઈ જાય છે ને ? આંતરદર્શનમાં શી મજા છે તેની ખબર નથી. એટલે બહિર્દર્શન શું કરાવે છે ? ખોટી વિચારણા, ખોટા ભાષણો, ને ખોટી કાયિક પ્રવૃત્તિઓ.

**૫. માનવજીવનના અમૂલ્ય અવસરની બરબાદી :-**

એ બધું આવ્યું કે માનવજીવનમાં મળેલી સોનેરી તકની ભારે ખુવારી. વેપાર ખુવાર થયા તે દુનિયા જુએ છે. "અરરર...એકસો પંદરના ખાલી પંદર... ભાવ પડી ગયા..." એ ખુવારી થઈ રહી છે તે નથી દેખાતું. "હાયહાય ! પહેલાં પાંચ હજારમાં ઘર મળતું હતું. ત્યારે વિચાર કરવા રહ્યા, લીધું નહિ ને આજે પચીસહજાર થઈ ગયા ! તક થઈ." એમ થાય છે, પણ 'અસંખ્ય વર્ષના દેવલોકના સુખ, પછી ઊંચો માનવભવ, પછી સ્વર્ગ, વળી વધુ સુંદર માનવજીવન, પછી મોક્ષ, આમ લૌકિક પરંપરા સર્જી આપે એવા આ વર્તમાન જીવનની સોનેરી તક ગઈ ! એવી હાય નથી થતી.

**કર્મસત્તાની ગુલામી :-**

જો આ બાહ્ય દર્શનનું પાપ ન હોય કે ઓછું હોય, તો માણસ પોતાના જીવનનો ઘણો સદુપયોગ કરી શકે ! આ એક ભવમાંથી અનંત સંસારનો ઉચ્છેદ કરી શકે ! અનંતકાળથી ભવોનું લંઘર ચાલી આવ્યું છે ને ? ભવ પર ભવ ! ભવ પર ભવ ! ત્યારે આ એક જીવનમાં એ સામર્થ્ય છે કે અનંત કર્મનો ભાર નીચે ઉતારી શકાય. જીવને જગતની અંદર એક હલકા નાટકિયાની જેમ નવા નવા વેશ કરી મોહના હુકમ મુજબ નાચ કરવા પડે છે, એ બધી સ્થિતિ અનંત કાળથી ચાલી આવતી છતાં ઓછી થઈ નથી ! તેનો સંપૂર્ણ અંત લાવવાનો અવસર માનવજીવનમાં છે. આપણને જોવા ફુરસદ ન હોય તો જુદી વાત છે; બાકી દશા તદ્દન ગુલામ નાટકિયા જેવી છે. બેઠા છીએ નિરાંતે. છતાં કેડ થાકે છે, એટલે ટેકો લેવાનું મન થયું; ને એમાં થાક્યા એટલે ઊભવાનું મન થયું...શા માટે આ કાયાનું નાટક ? તારે શા માટે વેઠ કરવી જોઈએ કાયાની ? પણ જાય ક્યાં ? એ તો ગુલામ નટ છે ! નાટક બજાવ્યે જ છૂટકો. સવારે ઉઠીને વીરવાણી ભૂલીને ચા-પાણી શા માટે યાદ કરવા પડે ? સાંજ પડે સવાશેર નાખવાનું લેવા જવું છે માટે. શા માટે અહીંથી તહીં ને તહીંથી અહીં કરવું પડે ? શા માટે આ વેઠ ? રાત્રે છાતી ઉઘાડી રહી ગઈ, અને પવન લાગી ગયો, તો ગળું બળે છે. વૈદ્ય પાસે ગયા. "શરદી લાગી ગઈ છે. હવે આજે પ્રવાહી પર રહેવું પડશે મગનું પ્રવાહી." ગઈ કાલ સુધી અમન ચમન કરનારો હું, તે આ પ્રવાહી પર રહેવાનું ? હા ! કર્મનટના ભિન્ન ભિન્ન સમયના જુદા જુદા હુકમો ન બજાવો તો સંસારી શાના ? એ હક મોક્ષમાં



E:/Divya-Darshan(part-11).pmd/prf.5

રાખજો કે "હું નહિ ભજવું !" કર્મના બંધન નીચે છો પછી ભગવાન મહાવીર દેવ કેમ નથી ? ૬-૬ મહિના સુધી ગોચરી નહિ મળે. અરે કેવળજ્ઞાની થાઓ પછી પણ ભોજન લેવું પડશે !" અનંતવીર્ય છે. છતાં "અમે અઘાતિયાં કર્મ અને શરીર છીએ ત્યાં સુધી વેશ ભજવો !" કહો તો ખરા કે આત્માનું કામ છે દાળભાતના ડફાકા લેવાનું ? પણ જાય ક્યાં ? કર્મ કરાવે છે ! આત્મા કર્મની પરાધીનતામાં જકડાયેલો એણે આજ સુધી અનંત પ્રકારના વેશ ભજવ્યા. પણ એ બધાનો સરાસર અંત લાવવો હોય તો એ અવસર માનવજીવનના સમયમાં છે. સમયનો સદુપયોગ કરતાં આવડવો જોઈએ. એ કરીએ પછી કોઈ ગુલામી કરાવનાર નથી. જે આ વર્તમાન સમયે અસંખ્ય જીવો સાત નરકમાં ક્રૂર રીતે પીસાઈ પીડાઈ રહ્યા છે, તે જ આ સમયે અનંતાસિદ્ધ પરમાત્માઓ અનંતસુખમાં મહાલે છે. કેમકે એમને કર્મની ગુલામી નથી. ને નરકના જીવને કર્મની ગુલામી છે; એવી કે બિચારાને પરમાધામી આગળ ક્રૂર હાસ્ય મજાકના પાત્ર તરીકે નાટક ભજવવા પડે. આજની ડાક્ટરી વિદ્યા ભણતાં વાંદા કે દેડકાનાં અંગોમાં તીક્ષ્ણ સોયાથી કોચવાની ક્રિયા તો વિસાતમાં નથી એવી કોચામણ-પીસામણ, ભયંકર છોલવાનું, બળવાનું વગેરે પીડાઓમાં રીબાવાનું. ત્યારે આજે સારા કુળના ઊચ્ચ ધર્મના ગણાતાના હાથે પંચેન્દ્રિય જીવો પર કાપાકાપી ચાલે એ શું ? તો પહેલાંનો કાળ ગયો કે હિંસાના કામ ક્રૂર માણસો કરે, તે કામ આજે સારા માણસો કરે ? શા માટે ? લાખોની કમાણી થવાની છે; પૈસાની નદી વહેવાની છે ! એ તો સંસારમાં એમ જ ચાલે છે, એ માટે ?

**પેથડશાહની સુવર્ણસિદ્ધિ :-**

શ્રાવક જેનું નામ કહેવાય તેને કર્માદાનનું નામ આવતાં ભડક હોય. પેથડશાહે વનસ્પતિનો ધંધો નહિ પણ સુવર્ણસિદ્ધિ કરવા વનસ્પતિ ભેગી કરી. પ્રયોગો કરવા માંડ્યા. સિદ્ધિ તો કરી પણ પછી ઘોર પશ્ચાત્તાપ થયો ! પ્રભુના મંદિરમાં જઈને જે કરૂણ આક્રંદ કર્યું છે કે - "પ્રભુ, મારું શું થશે ? તારું શાસન પામ્યા પછી આ ? તેં તો બતાવેલું છે કે એક ઝાડના પાંદડે પાંદડે અને ફળના બીએ બીએ જીવ જુદા જુદા ! તેવા વનસ્પતિના હિસાબ વિનાના જીવોને મેં સંહાર કરી નાખ્યો ? ફક્ત એક તુચ્છ સુવર્ણ સિદ્ધિની ખાતર ? કપાળ તો મારી પાસે જ હતું. ને કપાળ ના પાડત કે 'આ નહિ મલે' તો પછી આખા જગતની વનસ્પતિનો ખોડો કાઢું છતાં ક્યાં મળવાનું હતું ?.... આ મેં શું કરી નાખ્યું ?" ચોધાર આંસુએ રડ્યા. આ કંઈ મહા કર્માદાનના ધંધા નહોતા. કર્માદાન એટલે જેમાં થોકબંધ કર્મનું આદાન થાય, તેવો જીવહિંસાવાળો વ્યાપાર. ચાહે સીધી રીતે કે આડકતરી



રીતે ! પેથડશાહને એવો કોઈ વેપાર નહોતો, ફક્ત સુવર્ણસિદ્ધિ કરવી હતી. મંદિરમાં તેમણે પ્રતિજ્ઞા કરી કે જિંદગીમાં આવું કોઈ કાર્ય ન કરવું. ત્યારે આજે ? વેપાર જ કર્માદાનના થઈ ગયા. વનમાં વન બાળીને કોલસા બનાવો ! હોટેલો ને રેસ્ટોરાં ! ઘી અને તેલના ભારે વેપાર. પૂર્વે એવા માનવો હતા કે આવા ધંધાઓનો પડછાયો આવતાં ગભરાય !

**મહેસાણાના વેણીચંદભાઈ** એમને દિલાવર માણસ મલી ગયા. કહે છે, "શેઠ, તમે તમારે ધર્મ કાર્યો કરો, મારા વેપારમાં તમારો ભાગ."

વેણીચંદભાઈ કહે છે; "ભાઈ ! ના, મારે એનો ખપ નથી. તમારે ત્યાં નીતિની શી ખાતરી ? ભાગ ન રખાય. મારે તો આજીવિકા માટે સામાયિક મૂકીને પણ નિષ્પાપ ધંધો કરવો પડે તો તે પણ ધર્મ; અને જો બીજી બાજુ સામાયિક કરીને અનીતિ-કર્માદાનના ધંધાના ભાગ લેવા પડે તો તે મહાપાપ." કેવી પાપ ભીરુતા ! ત્યારે પાપના ધંધા કરી લક્ષ્મી વધારતા માણસ એ નથી વિચારતો કે લાખના કરોડ થાય તો મારે એમાં શું ! એકની દસ મોટરો થાય તો પણ મારાથી એમાંથી બે મોટરોને પણ સાથે નહિ ચલાવી શકાય. બધા સો બંગલા ઊભા કરું છતાં પૂરી બે બંગલાની જગ્યા નહિ રોકી શકું ! **મારા એકલા જીવને કેટલું જોઈએ અને મેં ધાંધલ કેટલી ઊભી કરી ? કે એ ધાંધલ-પાછળનો માલ બીજા ખાશે ને માર મારે ખાવો પડશે !'** છે આ વિચાર ?

**પાપાનુબંધી પુણ્ય :-**

કોઈ મિલમાલિક હોય. કેટલાંય કર્માદાન કરીને ધનનો ઢેર ઊભો કર્યો; તે ઘેર દિકરો આવ્યો. પુણ્યાનુબંધી પુણ્ય લઈને આવ્યો એટલે બાપે તો હરાયા ઢોરની જેમ પૈસા ભેગા કર્યા હતા. ત્યારે આ દિકરો, જન્મતાં જ કરોડપતિ ! ને એ વિચાર કરે કે- "મારા પિતાજી લક્ષ્મી તો અહીં મૂકી ગયા પણ પાપની કમાઈ સાથે લઈને ગયા. માટે આપણે હવે ચેતવાનું." ઘોર હિંસા કરીને ભેગો કરેલો માલ, તેને ખાનારો જુદો ! આ કેવું આશ્ચર્ય ! કરોડપતિ થતાં બાપે જે આબરૂ ભેગી ન કરી હોય, તે આ જ્યારે સાતે ક્ષેત્રોની ભક્તિનાં કાર્ય ઉપાડે ત્યારે આબરૂ જમાવે ! જગત એના બાપને ભૂલી જાય, અને આને અમર કરી દે ! **જે પુણ્યને ઉદયમાં આવવા માટે બહુ પાપ ન કરવા પડે કે એને ભોગવતાં કાળી કારવાઈ ન કરવી પડે તેને પુણ્યાનુબંધી પુણ્ય કહેવાય.** જ્યારે ભારે કર્માદાન, દુર્ધ્યાન, અસત્ય ને અનીતિનો વેપાર, લોકોનાં ગળાં ઉડાવવાં, સીસામાં ઉતારવા આ બધું કરીને પૈસા આવે તે પાપાનુબંધી પુણ્ય. પણ જન્મતા લાખ મલી ગયા, તે મેળવવા પાપ નથી કરવું પડ્યું, પણ હવે હાથમાં પૈસા આવ્યા પછી એનો વ્યય ખોટો કરે તો

તેય પાપાનુબંધી થાય. "બસ એનાથી મજા માણી લો ! સત્તા બજાવી લો ! એના પર ભારે કર્માદાનના ધંધા કરી લો. અમન ચમન ને દુરાચારના અખાડા ખુલ્લા કરી દો !" આ બધી પાપાનુબંધી લીલા છે. **પાપાનુબંધી પુણ્ય એટલે કસાઈના ઘરના મેવાફળ !** કસાઈ પોતાના બોકડાને મેવાફળ પણ ખવરાવે. ઘરમાં બોકડો શા માટે પાળી રાખ્યો છે ? મહેમાન આવે તો મિજબાનીમાં કામ લાગે. એટલે બોકડાને માલમેવા ખવરાવી તગડંબાજ કરે. એ માલમેવાના ભોગવટા જેવા આ પાપાનુબંધી પુણ્યના ભોગવટા છે ! પછી ચાહે એ ભોગવટો પાંચસોનો હોય કે પાંચ કરોડનો હોય ! એમાંથી દુર્ગતિના કરપીણ ત્રાસની પરંપરા ચાલવાની ! કોઈ બચાવનાર ન મલે. કહે છે ને માલ મેળવવો સહેલો છે, પચાવવો કઠીન છે ! મહાયંત્રવાદ અને બીજા ત્રીજા ઘોર આરંભ પરિગ્રહના આજે તાંડવ મચ્યા છે. લક્ષ્મીનો ભોગવટો પાંચેય ઇન્દ્રિયોના દુરાચારનાય માર્ગે ચાલ્યો છે. પૂર્વે જ્યાં કર્માદાનના પડછાયાની ભડક હતી, ત્યાં જાતે હિંસાનાં કામ કરે ? આજે તો કુલિન અને ખાનદાન ગણાવાને પણ ઘોર આરંભ-સમારંભ થાય, ત્યાં આંચકો કે ધ્રાસકો નહિ ! સિનેમા કે જ્યાં બિભત્સરૂપ દર્શન થાય. રેડિયો કે જેમાં ગાયિકાઓ વિલાસી અને નાગાં ગાયન ગાય, છાપાં અને નોવેલો વગેરે તો આજે રોજીંદા થઈ ગયાં ! પૂર્વે બાંધી લાવેલા કર્મ, અને અહીં વધારેલા કુસંસ્કારના આ નાટક છે. આ નાટકની પાછળ ભવાંતરે નરક ગતિમાં અશાતા કર્મનું નાટક કેવું ભજવવાનું કે એને પરમાધામીના હાથમાં પકડાઈ જ જવાનું ! ને પછી પરમાધામી ઊંચકીને અગ્નિમાં ઝીંકે. હજુ બરાબર નથી શેકાતો તો જુવારના ડોડાની જેમ સાણસાથી ઊંચો નીચો કરે. **આ બધી ખરાબખસ્ત દશા અનંતકાળથી ચાલી આવેલી છે; જેનો અંત આ જીવનના સોનેરી સમયના સદુપયોગથી કરી શકાય.** સવારે ઊઠીને શું યાદ કરો છો ? નવકાર ? તે ભીની યાદ કે કોરી ? લુકખી કે ચોપડેલી ? "અરિહંત !" આ કર્મના વેશ આપને નથી ભજવવા પડતા. કર્મ નામના અરિનો આપે નાશ કરી નાખ્યો;  અને હું રાંકડો !! મારે કર્મની કરપીણ નિર્દય બેશરમ દશાનો ખ્યાલ પણ નહિ કરવાનો; અને એવી કુમતિમાં પડી એવા ધંધા કરવાના ! કેવું મારું અધમ જીવન ! સવારના પહોરમાં એ યાદ કરાય કે "હું કોના હુકમ બજાવી રહ્યો છું ? અને એના પર કેવી શાબાશી મલે એમ છે ?" આ વિચારણા હોય તો મનને થાય કે "મને સોનેરી સમય મળ્યો છે તેનો સદુપયોગ કરું." એટલે બહિર્દર્શન શું કરાવે છે ? (૧) રાગદ્વેષની હોળી, (૨) ચિત્તની ભારે આકુળતા વ્યાકુળતા (૩) આત્માનું સરાસર વિસ્મરણ, અને (૪) કુપ્રવૃત્તિઓનો પાર નહિ.



**તૃષ્ણાનો પારો :-**

બહાર જોવાથી આત્માને ભય વધે છે, શોક વધે છે. કામ ને કષાય વધે છે ! ફિલ્મનું ચિત્ર નહોતું જોયું ત્યાં સુધી તો ઠીક; પણ જો જોયું તો મરવા પડ્યો સમજ ! તરત વાસના ઊભી કરે. કેઈક વિકલ્પો ઊભા કરાવે ! જ્યાં સુધી એવા સ્થાનમાં ગયો નહોતો ત્યાં સુધી શાણો ને ડાહ્યો થઈને બેઠો હતો. પણ ગયો અને જોયું એટલે બસ ! આપણે જ ઉજળા છીએ ને બીજા બધા જ મેલા ને નીચા છે. આ ખુમારીનો તાનો ચઢતાં વાર નથી થતી. એ નહિ તો ભારે દીનતા ને તૃષ્ણાનો પારો ચઢે છે. બીજાના તરફ હલકાઈની દૃષ્ટિ અજાણ્યે કેવા જોખમમાં ઉતારે છે, તેમજ બહિર્દર્શન એ પરંપરાએ ક્યાં જઈ પટકે છે, એનું એક દૃષ્ટાન્ત જુઓ.

**શેઠ શ્રીમંત છતાં સુશીલ :-**

એક નગરમાં ધનદ નામે એક શેઠ વસતો હતો. એટલો બધો એ ધનવાન હતો કે નગરમાં કહેવાતું કે - 'ખુદ કુબેર દેવતા આની આગળ ઝાંખો લાગે.' પણ ધનવાન છતાં એ સુશીલ હતો. જો જો રંગરાગની સામગ્રી ભરપૂર મળ્યા પછી રંગરાગની સીમા બાંધી અન્યાયી રંગરાગ, કે જેને દુરાચાર કહેવાય, એનાથી બચવું કઠિન છે. ત્યારે એ પણ સમજો કે રંગરાગમાં મર્યાદારહિત યથેચ્છપણે વિહરનાર શું સુખી હોય છે ? ના રે ના, એનું હૃદય તપાસો તો માલુમ પડે ત્યાં તો ધીખતી વાસનાની આતશ એને સંતાપી રહી હોય છે. એને ચેન નથી. નવા નવા ભોગપાત્ર તરફ લંપટ બની ચિંતામસ્ત રહે છે. પછી તો જાણો જ છો ને કે **'ચિંતા ચિતા સમાન.'** ત્યાં સુખાનુભવ શો ? મળેલા ભોગમાં તૃપ્તિ નહિ; ના મળે એવાની બેપરવાઈ નહિ. એટલે દુઃખનો શેક. છતે પૈસે પણ કેટલીયવાર આ પીડાઓ હોય છે.

**૧. પૈસાથી કૃપણ સંગ્રહખોરી :-**

પૈસા તો જગતમાં એવી ગજબનાક ચીજ છે કે કાં તો એ જીવનું એટલું બધું આકર્ષણ કરી લે છે કે પછી જીવને બીજું કાંઈ સૂઝતું જ નથી; એક જ સૂઝે છે, "બસ, ગમે ત્યાંથી પૈસા ભેગા કરું ! ખૂબ ભેગા કરું ! એમાંથી જરાય ઓછા ન થવા દઉં !" પછી વેપારે ય એવા કરશે કે જેમાં કદાચ નાના વેપારીઓના કચ્ચરઘાણ સુધી પહોંચી જશે. ત્યારે પરલોક, પુણ્ય વગેરેનો તો વિચાર જ ક્યાં ? એ બધું તો નજીવું ને સામાન્ય લાગે. બહુ જરૂરી ન લાગે. વર્તે ય એવી રીતે.

**૨. પૈસાથી રંગરાગ :-**

ત્યારે પૈસાની બીજી ગજબનાકતા એવી છે કે એના ઉપર પૂર્વે કહ્યું તેમ ખૂબ રંગરાગ અને ભોગમસ્તી સૂઝે છે. પૈસા છે માટે કેમ ? તો કે બસ લહેર કરો. પછી ન જુઓ સદાચાર-દુરાચાર, કે ન જુઓ ભક્ષ્યાભક્ષ્ય; એવાને ભોગની ભૂખ વધી જાય છે. કદાચ બાહ્ય સમાજ-વ્યવહારથી સદાચારના નિયમ જાળવી બતાવે; પણ પ્રચ્છન્નપણે-ગુપ્તપણે તો હૃદયની દુ:શીલતા અને અન્યાયી ભોગવૃત્તિ- આ પૈસાના જોર ઉપર કામ બજાવ્યે જાય છે.

**૩. પૈસાથી માન, સત્તા :-**

ત્રીજી વિટંબણા એવી કે લક્ષ્મીના જોરે દુનિયા ઉપર પોતાની શ્રેષ્ઠતા મનાવવાનું, માનાર્હ ગણાવવાનું અને સત્તા અજમાવવાનું સૂઝ્યા કરે છે ! પૈસાના જોર ઉપર સત્તા અને માનની આકાંક્ષા બહુ ખીલે છે. બીજા કરતાં પોતાની પાસે વધુ લક્ષ્મી છે, એના ઉપર સહેજે આગેવાન થવાનું, સલાહકારક બનવાનું, વધારે સારો-શાણો મનાવવાનું, વગેરે મન થઈ જ જાય છે. પૈસાના જોર પર બીજાને દબડાવવાનું, હલકા ગણાવાનું, પોતે યોગ્ય અને બીજાને અયોગ્ય માનવાનું તિરસ્કારવાનું-ઇત્યાદિ નાટક બહુ થતું, આજે દુનિયામાં દેખાય છે. 'સર્વે ગુણા : કાંચનમાશ્રયન્તે' એ વસ્તુસ્થિતિનું કથન નહિ પણ ઉત્પ્રેક્ષા છે. જાણે બધા ગુણો લક્ષ્મીવાનમાં આવી ગયા.

**વાઘ : કૂતરો : હાથી : ગદ્ધો :-**

પૈસાના બળ ઉપર આપ વડાઈ, સત્તા, રંગરાગ, અને કૃપણતા સંગ્રહખોરી- બધું શું છે ? આત્માના અંદરમાં જોવાનું મૂકી કેવળ બહારમાં ફાંફા મારવાના. **બધું સમાલવાનું, માત્ર પોતાની જાતનું જ નહિ ! - કેવું ઘોર અજ્ઞાન !** પશુ સુલભ ચેષ્ટાઓ આદરવાની ! માત્ર માનવતાને છાજતી વૃત્તિ - પ્રવૃત્તિની વાત નહિ ! હું પાપથી ભારે થઈશ મારો પરલોક બગડશે, એય વિચાર નહિ. જગતમાં જુઓ શું વાઘ સિંહને બળ અજમાવવાનું નથી આવડતું ? શેરીના ડાઘીઆ કૂતરાને શું સત્તા અજમાવતા નથી આવડતી ? હાથીને શું માન પ્રિય નથી ? ગદ્ધા-ગદ્ધી કે કૂતરા- કૂતરી સદાચાર દુરાચારનો ભેદ રાખ્યા વિના શું ભોગમસ્તી નથી કરતા ? ગંજીના કૂતરામાં કૃપણતા અને દરમાં પાંચશેર દાણો ભરી બેઠેલી કીડીને હજી સંગ્રહખોરી નથી આવડતી ? પૈસાના જોર ઉપર જો આ આજ આવડતું હોય તો ત્યાં વિકસિત માનવતા ગણાય કે અજ્ઞાન જન્તુતા ગણાય ?

**ધનદની વિશેષતા :-**

જેમ ધનદ શેઠ લક્ષ્મીવાન છતાં સદાચારી હતો, તેમ સ્વભાવે નમ્ર હતો



અને પરોપકારી હતો એ એની વિશેષતા હતી. કેઈ જનમની તપસ્યા પછી આ સિદ્ધિ થાય છે. આપણામાં આ દેખાતું હોય તો આશ્વાસન લેવાનું કે **આપણે જગતના અનંતા જીવો કરતાં, અને અનંતકાળ પૂર્વની આપણી જ સ્થિતિ કરતાં આપણે ઘણા ઊંચા ચઢ્યા છીએ.** આ સહેલું નથી કે અયોગ્ય ઇન્દ્રિય સુખ ચેષ્ટા ઉપર અભાવ હોય; સદ્‌ભાવ નહિ. વળી બીજા જીવો પર તિરસ્કાર કરવો ન રુચે; છતી લક્ષ્મીએ ઘમંડ ન હોય. પોતાના પૈસા ઉપર પારકાને ન્યાલ કરવાનું ગમે - આ બધું કઠીન છે. ધનદ શેઠ સારા કુળમાં જન્મેલો, એટલે એને કઠન પણ સહેલું થઈ ગયું છે.

એની પત્ની પણ એવી છે. એ કંઈક અહંત્વવાળી ખરી; છતાં સુશીલ અને પરોપકારી છે. પરંતુ અહીં આપણે એ જોવાનું છે કે છતાં બહિર્દર્શન જીવને અવસરે કેવુંક ભૂલાવે છે !

**થોડો પણ દોષ મારક :-**

પત્ની જરા અભિમાની, તેમ ધનદ શેઠ જરા લોભી છે. **ભલે લોકો લોભને મહત્ત્વાકાંક્ષા નામના ગુણ તરીકે ગણે છે. એના વિના માણસમાં માલ શું ? એમ કહે છે. પણ લોભ એ દુર્ગુણ છે.** લોભ પાછળ કેટલાય આત્મઘાતક દુર્ગુણો ઊભા થાય છે; લોભની પાછળ વણનોતરી આફતોય ઉતરી પડવાનું બને છે. બંનેમાં થોડો થોડો પણ દોષ જુઓ કે, કેવી ભયાનકતા સર્જે છે ! મારક બને છે !



E:/Divya-Darshan(part-11).pmd/prf.5

(૮૦)

# રસાસ્વાદનો અનુસ્વાદ

- પૂ.પં. શ્રી પ્રદ્યુમ્નવિજય ગણિ મ.

વર્ધમાન તપોનિધિ આચાર્ય મહારાજશ્રી ભુવનભાનુસૂરિજી મહારાજનો વ્યક્તિગત ધોરણે સામાન્ય પરિચય થયો હતો અને અવારનવાર ત્રણ ચાર વાર સંપર્કમાં આવવાનું થયું હતું. તેમાં છેલ્લે તપોવન(નવસારી)ના જિનમંદિરના પ્રભુજીના અંજન-પ્રતિષ્ઠા મહોત્સવ નિમિત્તે તપોવન જવાનું અને રહેવાનું બન્યું ત્યારે તેઓનું યશોવાણી ઉપરનું ભાષ્ય સાંભળવાનું સૌભાગ્ય સાંપડ્યું. ગમે તેવી પ્રવૃત્તિની ભીડ વચ્ચે પણ સવાર સાંજની તેઓની અલ્પાહાર-મુખવાસ જેવી વાચના થતી જ. અને હું એ વાચનાનો સમય સાધી લેતો, અચૂક પહોંચી જતો. મોટા સાધુવૃન્દમાં ક્યાંક પાછળ બેસી જતો અને એકતાન થઈ તેઓના મુખમાંથી પ્રકટતી વાણીને ગટગટાવી જતો. પછી નિરાંતની વેળાએ તેના ઉપર વિચારતો.

એક તો તેઓને આમે પૂજ્યપાદ ઉપાધ્યાયજી મહારાજ અને તેઓના સાહિત્ય ઉપર પ્રગાઢ પ્રીતિ હતી જ અને મને પણ એ વાણીનું આકર્ષણ અને અહોભાવ. વળી, એ દિવસોમાં તેઓશ્રી પણ પૂજ્યપાદ ઉપાધ્યાયજી મહારાજ રચિત પ્રભુજીનાં સ્તવનોની પંક્તિને કેન્દ્રમાં રાખીને સરવાણી વહાવતાં, સાંભળતા મજા આવતી, ચિંતનનું દોહન નવનીત સ્વરૂપે મળતું. કોઈ નક્કર અનુભૂતિથી રસાયેલી વાણી વહે છે એવું લાગતું. તે દિવસોમાં એક વાર શ્રી પદ્મપ્રભસ્વામીજીના સ્તવનની એક કડી વિષે બોલ્યા -

"સાચી ભક્તિ રે ભાવન રસ કહ્યો રસ હોય તિહાં દોય રીઝેરે...

હોડા હોડેરે બિહું રસ રીઝથી મનનાં મનોરથ સીઝેરે...સુગુણ સનેહા રે કદીય ન વિસરે"

આ કડીમાંથી માત્ર બે જ પદ 'સાચી ભક્તિ રે ભાવન રસ કહ્યો' આને ઘૂંટીને-એ સાદા જણાતા શબ્દોની ભીતરમાં છૂપાયેલા ભાવને સ્પષ્ટ રીતે પ્રકટ કર્યા, ઊંડાણ અને ઊંચાઈ બંનેનાં દર્શન કરાવ્યા તેઓએ પોતાની ચિંતનની ચાંદનીમાં ભાવુકોને નવરાવ્યા.



સાચી ભક્તિ એટલે ભાવન રસ. તો આ ભાવન રસ શું છે ? તે તેઓએ ઘૂંટી ઘૂંટીને સમજાવ્યું. જાણે કોઈ રાજવૈદ્ય ઉત્તમ રસાયણ બનાવવા ખરલમાં ઘૂંટીને તેને રસની ભાવના ન આપતાં હોય ! પ્રભુજીથી આત્માને ભાવિત કરવો તો કેવી રીતે ? તેમાં તેઓએ કસ્તૂરીનું ઉદાહરણ ટાંક્યું હતું. જે ડબ્બીમાં કપડે વીંટીને કસ્તૂરી રાખી હોય તે કપડાને અને ડબ્બીને કસ્તૂરી સુરભિત કરે છે - સુગંધિત કરે છે - તેને ભાવિત કરે છે તેમ કહેવાય. એ રીતે પ્રભુજીથી ભાવિત થવું - પરિણત થવું તે ભક્તિ છે. આવા મતલબનું તેઓએ કહ્યું. પદાર્થને જોવાની એક દૃષ્ટિ મળી. આમે તેઓશ્રીને વિષયપ્રતિભાસને બદલે તત્ત્વસંવેદન અને તત્ત્વપરિણતિ વધુ પસંદ હતા. પૂજ્યપાદ ઉપાધ્યાય મહારાજના વિશાળ શ્રુતરાશિનું તેમણે વ્યાપક અને ઊંડું પરિશીલન કર્યું હતું - કરતા હતા. ખાસ કરીને છેલ્લાં વર્ષોમાં ભક્તિના ક્ષેત્રમાં, સ્તવનોની પંક્તિને ખૂબ મમળાવતા-રમાડતા અને દર વખતે નિતનવા અર્થ-રહસ્યનું ઉદ્ઘાટન કરતા.

જગ જીવન જગ વાલહો... એ સ્તવન એ તેઓના પ્રિય સ્તવન પૈકીનું એક...એની એક એક પંક્તિ, તેના શબ્દ બધાને તેઓ ખોલતા. કહો કે તેમની પાસે એ શબ્દો ખુલી જતા અને એવો અર્થ તેઓનાં મુખે સાંભળનારના નેત્ર વિસ્ફારિત બની જતાં.

એથી એ નક્કી થાય છે કે એ બધા પદાર્થ તેઓએ કેટલા બધા આત્મસાત્ કર્યા હશે. તેઓની મતિ નિત્ય-નિરન્તર દીર્ઘકાળ અને સત્કારપૂર્વક પૂજ્યપાદ ઉપાધ્યાયજી મહારાજની વાણીમાં રમમાણ રહેતી હતી તેની આ ગવાહી છે. અને તે જ તેમના પ્રત્યેના મારા આકર્ષણ અને અહોભાવનું બીજ હતું. તેઓશ્રી પૂજ્યપાદ ઉપાધ્યાયજી મહારાજના ગ્રંથોના મર્મને સારી રીતે જાણતાં હતા-કહો કે તેઓના ગ્રંથો ઉપર ભાષ્ય રચવું હોય તો તેઓ તે કાર્ય કુશળતાપૂર્વક સફળતા મળે તે રીતે પાર પાડી શકે તેવા હતા.

વન્દના હો એ શ્રુતોપાસક મહાપુરુષને.

❖ ❖ ❖



E:/Divya-Darshan(part-11).pmd/prf.5